


મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી

# નવરત્ન



ગોસ્વામી શ્રી શ્યામમનોહર

# નવરત્ન

( મલાડમાં યોજાયેલ વ્યાખ્યાનમાળા )



ગોસ્વામી શ્યામમનોહર

**પ્રકાશક :**

**શ્રી વિઠ્ઠલેશ પાઠશાળા**
**દેવગઢ બારીઆ,**
**જિ. પંચમહાલ, ગુજરાત.**

**પ્રાપ્તિસ્થળ :**

- **શ્રી વિઠ્ઠલેશ પાઠશાળા**
  **દેવગઢ બારીઆ,**
  **જિ. પંચમહાલ, ગુજરાત.**
- **ગોસ્વામી શ્યામમનોહર**
  **૬૩, સ્વસ્તિક સોસાયટી, ચોથો રસ્તો,**
  **જુહુસ્કીમ, મુંબઈ - ૪૦૦૦૫૬.**
- **વિનોદ ભોગીલાલ અમલાણી (ઠક્કર)**
  **એ/૮, દીપજ્યોતિ એવન્યુ ફ્લેટ,**
  **સરકિટ હાઉસ, શાહીબાગ, અમદાવાદ-૪.**
  **ફોન નં. : ૨૮૬૯૫૧૮**

**નિશૂલ્ક વિતરણાર્થે**
પ્રથમ આવૃત્તિ : ૨૦૪૫
બીજી આવૃત્તિ : ૨૦૪૭
ત્રીજી આવૃત્તિ : ૨૦૫૬
ચોથી આવૃત્તિ : ૨૦૫૭ (નકલ : ૧૦૦૦)

| **મુદ્રક** | **લેસર ટાઈપ સેટિંગ** |
|---|---|
| જ્યોતિબેન એમ. ઠક્કર<br>૧૪૯૪/૨, સેક્ટર ૩-ડી, ગાંધીનગર.<br>ફોન : (૦૭૯) ૩૨૩૪૩૭૯ | રામ કોમ્પ્યુટર<br>૭, નંદનવન ચેમ્બર્સ, ટાઉન હૉલ,<br>અમદાવાદ. ફોન : ૬૫૮૪૮૦૪ |


॥ શ્રીહરિ: ॥

સંચાલન સમિતિ - શ્રી વિઠ્ઠલેશ પાઠશાળા,
દેવગઢ બારિયા, જિ. પંચમહાલ, ગુજરાત.

મહોદય,

તમોએ મોકલાવેલ પત્ર મળ્યો. વિગત જાણીને હાર્દિક સંતોષ અને ગૌરવની ભાવનાનો હૃદયમાં સંચાર થયો છે.

સો-દોઢસો વર્ષના અન્તરાલ પછી ફરીથી, પુષ્ટિસૃષ્ટિ, વિશેષતઃ ચતુર્થપીઠની સૃષ્ટિમાં સૈદ્ધાંતિક નિષ્ઠાના પુનર્જાગરણનો અણસારો અનુભવાઈ રહ્યો છે. માલાતિલકની રક્ષા શ્રીગોકુલેશે તે વખતે કરીને સમગ્ર પુષ્ટિસૃષ્ટિને આત્મગૌરવની સાથે સ્વધર્મનિષ્ઠા જાળવવાનો દિવ્ય સંદેશ આપ્યો હતો. તે વખતે આપણો વિરોધી જોકે ચિદ્રૂપ હતો છતાંય તે માર્ગબાહ્ય હતો. વર્તમાનમાં પ્રચલિત સિદ્ધાંતવિરુદ્ધ જડરૂપ અન્ધરૂઢિ (વિશેષતઃ તનુવિત્તજા સેવાના ભાગલા, ધંધાકીય જાહેર મંદિર પ્રણાલી અને સમર્પણ-વિનિયોગ વિહીન આત્મનિવેદનં દીક્ષા આપવાની પ્રણાલી વિગેરે) આપણા માર્ગમાં ઉધઈની માફક ભીતર ઘુસીને સ્વમાર્ગને કકડભૂસ કરવા જઈ રહી છે.

આવા કપરા સંજોગોમાં ચતુર્થપીઠાધીશ્વર ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્ય (શ્રી સુરેશબાવા) જે નિષ્ઠા અને પરિશ્રમ સાથે પુષ્ટિ જીવોને સાચા પુષ્ટિમાર્ગ ઉપર ચાલવા પ્રેરિત કરી રહ્યા છે, તે તો પુષ્ટિસંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણાક્ષરોથી લખાયેલો ઉલ્લેખ હશે. એમાં સ્વમાર્ગીય સિદ્ધાંતને જાણનારી અને માણનારી વ્યક્તિને શંકા ઉદ્ભવી શકતી નથી. સિદ્ધાંત દ્વેષીઓની ચર્ચામાં .....

આ સ્વમાર્ગનિષ્ઠાના પુનર્જાગરણના કાર્યક્રમના અન્તર્ગત શ્રી વિઠ્ઠલેશપાઠશાળાને સ્વસિદ્ધાંતો મુજબ પુનર્ગઠિત કરવામાં આવી રહી છે, તથા નવરત્નગ્રન્થનું પુનઃપ્રકાશન પણ જે કરવામાં આવી રહ્યું છે, તેને શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ તેમજ ગાદીપતિ શ્રીગોકુલનાથજીના એવા શુભાશીર્વાદ સાંપડો કે બધી અન્ધરૂઢિથી ચાલી રહેલા પુષ્ટિભક્તિના પ્રતિબન્ધો નિવૃત્ત થઈ જાય; અને પુષ્ટિ જીવ પુષ્ટિ પ્રભુની પુષ્ટિભક્તિમાં એકાંતનિષ્ઠા કેળવવા સફલ થાય એવી શુભકામના સાથે .....

**– ગોસ્વામી શ્યામમનોહર**

# આશીર્વચન

**નત્વા નવરત્નકર્તૄન્ તત્પ્રકાશકર્તૄન્ સદા ।**

**તત્પ્રભયા તમોહર્તૄન્ પથદાતૄન્ ગુરુન્ ભજે ॥**

नत्वा नवरत्नकर्तॄन् तत्प्रकाशकर्तॄन् सदा ।

तत्प्रभया तमोहर्तॄन् पथदातॄन् गुरून् भजे ॥

પુષ્ટિભક્તિના પથ ઉપર ચાલવાવાળા એક નિષ્ઠાવાન ભક્તને, સેવકની રીતે જીવનપ્રણાલીનો નિર્વાહ કરતાં કેવી ચિંતાઓનો સામનો કરવો પડે અને તે ચિંતાઓનો નિકાલ કેવી રીતે શક્ય બને, એ બંને વાતનું સ્પષ્ટતમ નિર્દેશાત્મક ચિત્રણ શ્રીમહાપ્રભુએ 'નવરત્ન' થી બતાવ્યું છે. આ વચગાળાના સોએક વર્ષના ગાળામાં કાંઈક એવું બન્યું કે જેથી પુષ્ટિભક્તિમાર્ગ કે શરણમાર્ગની સાચી જીવનપદ્ધતિ આપણા પગ નીચેથી સરકી ગઈ. પરિણામ સ્વરૂપે આ ગ્રંથમાંના પ્રત્યેક રત્નથી આપણા મન, વાણી અને દેહને અર્થાત્ જીવનને પ્રકાશિત કરવાના સ્થાને આપણે એનો પ્રકાશ આપણા સુધી આવવા દીધો જ નહિ. જ્યારે જીવનપ્રણાલી જ પગ નીચેથી સરકી જાય તો ચિંતનનો દોર આપણા હાથમાંથી છૂટી જાય તેમાં શું નવાઈ ?...

સૂર્યવંશી રાજા તેમ જ હરિશ્ચંદ્રના પિતા ત્રિશંકુની વાર્તા એવી છે કે તે ધર્માત્મા અને ન્યાયપરાયણ રાજા પોતાની જાતને ખૂબ પ્રેમ કરતો હતો તેથી તેને આ દેહથી જ સ્વર્ગમાં જવાની ઈચ્છા હતી. તે માટે યજ્ઞ કરવાની તેણે પોતાના કુલગુરુ શ્રી વશિષ્ઠને પ્રાર્થના કરી પણ તેઓએ એનો સ્વીકાર કર્યો નહિ. પછી શ્રી વસિષ્ઠના સો પુત્રોને તે જ પ્રાર્થના કરી. તે બધાએ પણ ના પાડતાં, રાજાએ તેઓનું અપમાન કર્યું. બદલામાં ઋષિપુત્રોએ રાજાને ચાંડાલ બનવાનો શાપ આપ્યો. ત્રિશંકુની આ દુર્દશા સાંભળીને ઋષિ વિશ્વામિત્રે રાજાની કામનાપૂર્તિ માટે યજ્ઞ કરાવવાની હા પાડી. યજ્ઞમાં જ્યારે દેવોનું આહવાહન કરવામાં આવ્યું ત્યારે તે બધા યજ્ઞ સ્વીકારવા ના આવ્યા. તેથી ક્રોધિત થઈ વિશ્વામિત્રે પોતાના તપોબળથી રાજાને સ્વર્ગ તરફ મોકલ્યો. ત્યાં આકાશમાં ઉપર ઊડતાં રાજાને ઇન્દ્ર તેમજ અન્ય દેવોએ તેને ઊંધો કરીને પૃથ્વી તરફ મોકલ્યો પણ ઋષિ વિશ્વામિત્રે એને પોતાના તેજથી – ''ત્રિશંકુ ! જ્યાં છે ત્યાં જ રોકાઈ જા.'' આમ કહીને ઊંધો ને ઊંધો, ત્યાં ને ત્યાં જ સ્થિર કરી દીધો જે એમને એમ જ લટકતો રહ્યો....

આ તથ્યો ઉપર દૃષ્ટિ કરીએ તો લાગે છે કે આપણા સંપ્રદાયમાં પણ છેલ્લા સો-દોઢસો વર્ષથી કંઈક આવું જ બની રહ્યું છે. શ્રી પ્રહ્લાદ ભગવાનને કહે છે :

'' नैवात्मनः प्रभुरयं निजलाभपूर्णो, मानं जनादविदुषः करुणो वृणीते ।

यद् यज्जनो भगवते विदधीत मानं तच्चात्मने प्रतिमुखस्य यथा मुखश्रीः ॥''

[૭-૯-૧૧]

''પ્રભુ પોતાના સ્વરૂપ લાભ વડે પૂર્ણ છે. એ અજ્ઞાન લોક તરફથી સત્કારની ઇચ્છા કરતા નથી, છતાં દયાળુ છે. એથી એના ઉપચારને સ્વીકારે છે. જેમ દર્પણમાં દેખાતા મુખને સુંદર બનાવવું એ પોતાના મુખની સુંદરતા માટે છે તેમ માણસ ભગવાનને જે જે ઉપચારોથી સેવે છે તે બધા એને પોતાને માટે જ ફલિત થાય છે.''

ત્રિશંકુને પોતાના દેહ, ઇન્દ્રિય, પ્રાણ વગેરેથી પ્રેમ કે મોહ હતો તે સમજાય છે પણ ''कृष्ण एव गतिर्मम''ને સ્વીકારનારાઓને પણ પોતાના પૈસા-પદ-પ્રતિષ્ઠા અને દેહ-ગેહ, અહં-મમ ની રમતો જ અતિપ્રિય લાગતી હોય ત્યારે લાગે છે કે આ મનુષ્ય કેવો સ્વાર્થી છે કે તેને પોતાનો સાચો ''સ્વ-અર્થ'' પણ નથી સમજાતો !!! પ્રહ્લાદજીએ કહ્યું કે હે સ્વામિ, ખરેખર તો ભક્ત ભગવાન માટે જે જે સન્માન પ્રકટ કરે છે, જે કાંઈ કરે છે તે તેને પોતાને પ્રાપ્ત થાય છે કેમ કે પરમાત્મા તેના પોતાના પણ આત્મા છે. તેથી બધું જ તેને પોતાને જ મળી રહ્યું છે — આમ વિડમ્બના એવી છે કે નથી સમજાતો 'તદીય' બુદ્ધિથી આશ્રય અને સમર્પણ, અને નથી સમજાતો 'અસ્મદીય' બુદ્ધિથી સાચો સ્વ-અર્થ.

ન ખુદા હી મીલે ન વિસાલે સનમ
ન ઈધર કે રહે ન ઉધર કે રહે

આપણી બુદ્ધિ અને વિવેકનો વૈભવ એવો છે કે શ્રી મહાપ્રભુજીએ, જગતમાં સદેહે રહેતા આપણને ગૃહસેવાથી જ આધિદૈવિક શ્રેય સિદ્ધ કરવા સાક્ષાત્ પરમાત્મા સોંપ્યા. પણ આપણે પૈસા, દેહ, ગેહ, અહંમમના પરાર્થમાં ત્રિશંકુ જેવી આપણી ઊંધી દૃષ્ટિના પરિણામે એ સાક્ષાત્ સ્વરૂપને ભાડૂતી દેવાલયોમાં વેચાતા કરી દીધા !! અને વળી જે નવરત્નોના પ્રકાશમાં ભક્તિમાર્ગીય રીતે પોતાના જીવનમાં વિચાર કરવાનો હતો તે નવરત્નોનો ઉપયોગ નોકરી-ધંધા, લાભ-ગેરલાભ, માંદગી અને ગ્રહદશા વગેરે પ્રકારની ચિંતાઓ દૂર કરવા માટે કરવા માંડ્યો.

શ્રી મહાપ્રભુ, શ્રી પ્રભુચરણ અને આચાર્યસ્વરૂપ સાતે બાળકો પરમાત્માનાં સાક્ષાત્ સ્વરૂપો હોવા છતાં પણ મંગળ, બુધ, ગુરુ અને શનિના 'પથ્થરો'ના સ્થાને કામમાં લેવાવા લાગ્યાં !! શ્રી પરમાનંદદાસજીના શબ્દો ''નીકે રાખ યશોદા મૈયા નારાયણ ઘર આયો'' થી ''નારાયણ ઘર તો આયો પણ આપણે નીકે રાખી શક્યા નહિ.'' ત્રિશંકુને તો દેવતાઓની અરુચિથી ઊંધા લટકવું પડ્યું પણ આપણે તો આપણી કરણીથી જ જીવનપદ્ધતિને પગ નીચેથી અને ચિંતનના દોરને હાથથી સરકી જવા દીધો ! આધાર જ સરકી જાય તો ભલભલા રૂસ્તમનેય ઊંધા લટકવું પડે !!!

વ્યાખ્યાનકાર શ્રી પુરુષોત્તમજી મહારાજ આજ્ઞા કરે છે કે, ''જે વ્યક્તિએ પ્રભુને આત્મનિવેદન કર્યું છે એણે ચિંતા ના કરવી જોઈએ એવો સિદ્ધાંત છે તેમજ બ્રહ્મસંબંધરૂપ આત્મનિવેદનથી જ ભગવદ્ધર્માચરણનો અર્થાત્ સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તેથી



બ્રહ્મસંબંધથી સાક્ષાત્ સેવાનો અધિકાર પ્રાપ્ત કરી શ્રી કૃષ્ણની ગૃહસેવામય જીવનપદ્ધતિથી જીવતાં જે પ્રકારની ચિંતાઓ ભગવદીઓને થાય છે તે પ્રકાર શ્રીપ્રભુચરણ હવે પોતાના નવરત્નગ્રંથના વ્યાખ્યાનમાં દર્શાવે છે.

હે પુષ્ટિમાર્ગના પથિકો ! જરાક પોતાના સાચા અસ્તિત્વ અને સ્વરૂપને વિચારો અને આપણા માર્ગદર્શક શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ તથા સિદ્ધાંતનિષ્ઠાપૂર્વક આચાર્યોની વાણીથી, પોતાના છૂટેલા ચિંતાના દોરને ફરીથી વ્યવસ્થિત સંભાળો કે જેથી ત્રિશંકુ જેવી કફોડી સ્થિતિમાંથી આપણે સીધા થઈ, સત્ય અને તથ્યને, સત્ય અને તથ્યની દૃષ્ટિએ જોતાં થઈએ— નહિ કે પૈસા-પ્રતિષ્ઠા, દેહ-ગેહ ને અહં-મમના ગુરુત્વાકર્ષણથી તણાઈ સાંસારિક અવકાશ-શૂન્યમાં ઊંધા થઈને !!

'રંગીકો નારંગી કહે, તત્ત્વમાલકો ખોયા'ની માફક બધું ઊંધી રીતે જ જોતાં થઈ ગયા છીએ. (જેમ લોકો રંગવાળી વસ્તુને 'નારંગી' રંગ વગરની અને તત્ત્વમાલ એટલે કે દૂધના માવારૂપે મળે તેને 'ખોયા' એટલે ખોઈ નાખેલું કહે છે તેમ !)

લોક વ્યવહારમાં તો કદાચ આવું નભી જાય પરંતુ પરમાત્મા સાથેના વ્યવહારમાં નભે ખરું ??

નવરત્ન ગ્રંથમાં, પ્રસ્તુત વ્યાખ્યાનાત્મક વિવેચન ખરેખર આ નવરત્નોનો ''પ્રકાશ'' (શ્રીપ્રભુચરણે કરેલી નવરત્ન ગ્રંથની વ્યાખ્યાનું નામ) આપણા સામે પ્રકાશિત કરી આપણને સૌને દૃષ્ટિ આપે છે. ખરેખર તો દૃષ્ટિશૂન્યોને ચક્ષુદાન કરે છે. નવરત્ન ગ્રંથના નૂતન સંસ્કરણની ભૂમિકામાં શ્રી મહાપ્રભુના નવરત્નમાંના છઠ્ઠા શ્લોકનો અનુવાદાત્મક તાત્પર્ય બતાવતાં પૂજ્યશ્રી ગુરુચરણ શ્રી શ્યામમનોહરજી દર્શાવે છે કે -

''આઓ ! સારે પુષ્ટિજીવ આઓ ! ઔર ઐસી વિષમ સ્થિતિમેં ભી અપની પુષ્ટિભક્તિકો નિભાનેકા યત્ન કરો. લૌકિક યા વૈદિક વ્યવહારોંમેં સ્વાસ્થ્યકા ક્યા મૂલ્ય યદિ પુષ્ટિભક્તિકા સ્વાસ્થ્ય ન હો ? ભગવાન યદિ લૌકિક દૃષ્ટિસે યા વૈદિક દૃષ્ટિસે કુછ વિષમ સ્થિતિ હમારે સમ્મુખ ઉપસ્થિત કરતે હોં તો નિશ્ચિન્ત હોકર ઉન્હેં સહન કર લેના ચાહિયે. ક્યોંકિ સંભવતઃ ઈસી તરહ ભગવાન હમેં પુષ્ટિમાર્ગ પર અગ્રસર કરના ચાહતે હો !''

ભક્તિ અથવા શરણાગતિના જીવનનો સ્વીકાર કરો. શ્રી મહાપ્રભુ અને શ્રી પ્રભુચરણની વાણીમાં નિષ્ઠાથી જ બધું સિદ્ધ અને નિર્ણીત થાય. આપણી વામન બુદ્ધિ-વિચાર તથા શેખચલ્લી જેવા તુક્કાઓ કે જેમાં આપણને તર્કસંગતપણાનો ભ્રમ કે આભાસ થઈ રહ્યો છે તેના વડે નહિ ! નહિ !! નહિ !!!

પુષ્ટિમાર્ગ ઉપર ચાલતાં કરવામાં આવતું ચિંતન પણ પુષ્ટિમાર્ગીય જ હોવું જોઈએ અન્યથા સત્ય કે તથ્યનો નિર્ણય અપુષ્ટિમાર્ગીય ચિંતન પ્રણાલીથી કરતાં હાથમાં ઊંધા લટકાવાનું અને શૂન્ય જ આવે છે, બીજું કાંઈ નહિ. આ નવરત્ન પ્રકાશથી આપણાં મન,

વાણી અને દેહને આલોકિત કરી, પુનઃ આપણી પુષ્ટિનિષ્ઠાને જાગૃત કરી શ્રી મહાપ્રભુના માર્ગમાં શ્રી મહાપ્રભુને અર્પિત જીવન જીવતાં શ્રી મહાપ્રભુની બતાવેલી વિચારપદ્ધતિથી નિર્ણયો લેવા માટે દઢ પ્રતિજ્ઞ થઈએ તો નિશ્ચિત શ્રી સુરદાસજીના આશીર્વાદ પ્રત્યક્ષ સિદ્ધ થઈ જશે ''તબ તા દિનતે વે લોગ સુખ સંપત્તિ ન તજે.''

પ્રસ્તુત નવરત્ન વ્યાખ્યાન ગ્રંથનું પુનઃપ્રકાશન 'શ્રી વિઠ્ઠલેશ પાઠશાળા, દેવગઢબારીઆ' તરફથી કરવામાં આવી રહ્યું છે. આ અવસરે મને અત્યંત પ્રસન્નતા છે. શ્રી ચતુર્થપીઠ શ્રીમદ્ ગોકુલ અન્તર્ગત દેવગઢબારીઆના વૈષ્ણવોએ એક લાંબા સમય પછી પુષ્ટિમાર્ગીય જીવનક્રમ બાબત અહં-મમની ખોખલી વિચારપ્રણાલીનો ત્યાગ કરી શ્રી મહાપ્રભુજીની વાણી અનુસાર વિચાર કરી વ્યક્તિગત તેમજ સાર્વજનિક નિર્ણય લેવાનો જે સાચો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે, તેથી તેઓ યથાર્થ રીતે શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં પોતાની શરણાગતિ વ્યક્ત કરી ને સૌભાગ્યશાળી બન્યા છે. મારી દૃષ્ટિએ શ્રી મહાપ્રભુજીના ચરણ-શરણથી પોતાની આસ્થાને જાળવી રાખવી, હકીકતમાં તેથી મોટું જીવનું સૌભાગ્ય શું હોઈ શકે ? પૂજ્યચરણ શ્રી દાદાજી ચતુર્થકુમાર શ્રી ગોકુલપતિ આજ્ઞા કરે છે કે –

**યદ્ વાંચ્છયા એવ મોક્ષાન્તાઃ પુમર્થા અધરીકૃતાઃ ।**
**સ કોપિ પિતૃપાદબ્જરેણુર્મહ્યં પ્રસીદતુ ॥**

જેના ચરણારવિંદના રેણુઓમાંના એક પણ રેણુ કણની કામનાથી મોક્ષ સુધીના પુરુષાર્થો પણ ફિક્કા પડી જાય છે...

જ્યાં શ્રી મહાપ્રભુ અને શ્રી પ્રભુચરણના ચરણારવિંદની ચરણરજના એક અણુની કામનાથી પણ આ સિદ્ધિ - તો તે ચરણોમાં નિષ્ઠા સિદ્ધિ થવાથી મોટું સૌભાગ્ય શું હોઈ શકે ? શ્રી મહાપ્રભુ, શ્રી પ્રભુચરણ અને ગાદીપતિ શ્રીગોકુલેશના ચરણમાં બારિયાના વૈષ્ણવોની આ નિષ્ઠા સતત બની રહે તેવી તે આચાર્યત્રયના ચરણમાં સતત પ્રાર્થના કરું છું અને તે પુષ્ટિમાર્ગીય ચિંતનથી જ પોતાની દરેક ચિંતાઓનું સમાધાન શોધવાનું વધુમાં વધુ સાહસ કેળવી શકે કે જેથી સમાજ અને સમાજમાં પ્રવર્તિત ગેરપુષ્ટિમાર્ગીય વિચારપદ્ધતિના નામે ભીરુતાનો ત્યાગ કરી ડગલે અને પગલે શ્રી મહાપ્રભુએ બતાવેલી દિશામાં આગળ વધી શકે.

**એ જ શુભકામનાઓ સહિત.**
વિજયાદશમી
શ્રી વલ્લભાબ્દ ૫૧૩
અમદાવાદ.



ગોસ્વામી દેવકીનન્દાચાર્ય



॥ श्रीकृष्णः ॥

# आशीर्वचन

## गो. श्री रघुनाथलालजी महाराज

षोडशग्रंथके उपक्रमोपसंहार, अभ्यास, अर्थवाद, अपूर्वता और उपपत्तिरूप तात्पर्यनर्धारक लिंगोंके द्वारा यह निःसंदिग्धतया सिद्ध होता है कि पुष्टिजीवोंका स्वगृहमें श्रीकृष्णके पुष्टिस्वरूपकी सेवा, व्रजभक्तों के भावों का भावनात्मक अनुसरण करते हुए निज तनमनधनका भगवानमें विनियोग तथा अनवसरमें एतद्भाववर्धिका भगवत्कथाका श्रवण-स्मरण-कीर्तन करना प्रथम एवं चरम कर्तव्य है। चित्तकी सभी वृत्तियोंका निरोध भगवत्सेवा और भगवत्कथामें होना चाहिए क्योंकि –ये निरुद्धां त एवात्र मोदमायान्त्यहर्निशम् (नि. ल. ११)

इस प्रकार षोडशग्रन्थमें प्रथम एवं चरमोपदेश है सेवाका, और उक्त सेवा करते समय जीवन में अनेक बाधाएँ जैसे कि भोग, उद्वेग, प्रतिबन्ध का आना भी सहज संभव है। ऐसे समयमें सेवामें चित्त कैसे स्वस्थ रहे इसका मार्गदर्शन देता है 'नवरत्न' ग्रन्थ। उक्त नवरत्नजटित हारको धारण कर लेने पर सेवा सुखपूर्वक हो सकेगी।

कभी यह भी संभव है कि किसीसे सेवा न बन सके, उस समय सेवाका अनुकल्प निवेदन-स्मरण बताया है : 'निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैः जनैः।'अर्थात् सेवा कभी न भी बन पाये उस समय आत्मनिवेदी भगवदीयोंके सत्संग द्वारा आत्मनिवेदनकी स्मृतिको बनाये रखना नितान्त आवश्यक है। जिस प्रकार प्रोषितपतिका अपने स्मृतिमानसपटल पर अपने प्रियतमकी स्मृति सर्वदा बनाये रखती है उसी प्रकार आत्मनवेदीको अपने स्वामी के प्रति जो निवेदन किया है उसका स्मरण दृढ विश्वास के साथ करते रहना चाहिये। 'भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकी च गतिम्।'

इस प्रकार 'नवरत्न' में जीवकी स्थिति एवं भगवत्सेवा संबंधी उसकी चिंताकी निवृत्तिके उपाय बताकर उसे आश्वस्त कर दिया है। परंतु इस बातकी सावधानी हमेशा रखनी चाहिये कि उक्त उपायों को सिद्धान्त नहीं समझ लेना चाहिये, क्योंकि यदि निवेदनस्मरणको, जो कि सेवाका अनुकल्प है, उसे सिद्धान्त समझकर सेवा छोड दें तो अर्थका अनर्थ हो सकता है।

आजकल महाप्रभुजीके सिद्धान्तों को न समझकर 'संप्रदायकी परंपरा' कहकर

अनेक कौभाण्ड किये जा रहे हैं, जो सर्वथा अनुचित हैं। ऐसे लोगोंके प्रति आचार्यचरण आज्ञा करते हैं - 'योन्यथा सन्तमात्मानं अन्यथा प्रतिपद्यते । किं तेन न कृतं पापं चौरेणात्मापहारिणा ।' उक्त पापाचरणसे लोग बचें तदर्थ मलाडमें श्रीश्याममनोहरजीने 'नवरत्न' ग्रंथ पर प्रवचन किये थे जिससे कि पुष्टिसिद्धान्तोंका प्रचार एवं प्रसार हो सके।

आज हमारे लिये यह हर्षका विषय है कि उक्त प्रवचन, जो कि पुष्टिसिद्धान्तोंके निचोडरूप हैं, हमारे सन्मुख पुस्तिकाके रूपमें शीघ्र ही प्रकट हो रहे हैं, जिनसे पुष्टिजगतको आचार्यचरणके सिद्धान्तोंका यथार्थ ज्ञान हो सकेगा। सभी तरह की चिंताओंसे मुक्त होकर भगवत्सेवामें प्रवृत्त होकर हम अपने को कृतकृत्य कर सकें।

अतः इस प्रवचनको लिपिबद्ध करनेवाले प्रिय आसित ज. शाहको हमारे भूरिशः आशीर्वाद।



गो. रघुनाथ



॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

# તમે પણ પુષ્ટિમાર્ગીય છો !

**અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેદ્ ।**
**નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ ॥**

બ્રહ્મસંબંધ વિના બધા દોષોની નિવૃત્તિ સંભવ નથી તેથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. તેથી પરિવારજનોને સેવામાં ઉપયોગી બનાવવા જોઈએ તેમજ અચેતન ગૃહ, વિત્ત, અન્ન, વસ્ત્ર, આભૂષણ વગેરેને પણ યોગ્ય રીતે ભગવત્સેવામાં વાપરીને પોતાના કામમાં લાવવા જોઈએ. આ આપણા ભક્તિમાર્ગની નિર્દિષ્ટ મર્યાદા છે. (પુરુષોત્તમજીની વ્યાખ્યા : શ્લોક ૪-૫)

**બીજદાર્ઢ્ય પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા....ભજેત્ કૃષ્ણં**

આપણા માર્ગમાં ભગવદ્ભજન ઘરમાં રહ્યા વિના સંભવતું નથી. ઘરમાં કરવામાં આવતા ભગવદ્ભજનના પ્રકાર સિવાય બીજો કોઈ પણ ભગવદ્ભજનનો પ્રકાર છે જ નહિ, તેથી ભગવદ્ભજન માટે અનુકૂળ એવા ઘરમાં રહીને સ્વધર્મતઃ શ્રીકૃષ્ણની સેવા કરવી. (શ્રીગોકુલેશની વ્યાખ્યા શ્લોક ૨)

**કૃષ્ણસેવા સદા કાર્યા.....તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા**

ભગવત્સેવા માટે બીજાનું ધન લેવું કે બીજાને ધન આપવું તે ભગવત્સેવા કરવાની ઉચિત રીતિ નથી. તેથી શ્રીમહાપ્રભુજી તનુજાસેવા અને વિત્તજાસેવા એમ બે નોખી નોખી સેવા કરવાનો ઉપદેશ આપતા નથી, પણ તનુવિત્તજા એમ એકજ સેવા કરવાનો ઉપદેશ આપે છે. (પ્રભુચરણ શ્રીગુસાંઈજીની વ્યાખ્યા)

સેવા માટે બીજાને ધન આપવાથી અહંકાર વધે છે. સેવા માટે બીજાનું ધન લેવાથી સેવા નિષ્ફળ બની જાય છે. (શ્રીપુરુષોત્તમની વ્યાખ્યા).

**દાને હિ ન સ્વવિનિયોગાન તુ નિવેદને**

પ્રભુને જે કંઈ ભેટરૂપે ધરવામાં આવે તે પ્રભુને દાનરૂપે અપાયું હોવાથી દેવદ્રવ્ય બની જાય છે. તેનો પ્રસાદ તરીકે પાછો ઉપભોગ આપણે કરી શકતા નથી. પ્રભુને નિવેદન ફક્ત કર્યું હોય તો લઈ શકાય છે. (પ્રભુચરણની નવરત્નની વ્યાખ્યા)

તબ એક વૈષ્ણવને કિંની જો મહારાજ વા દિન આપુને રાજભોગ તાંઈકો પ્રસાદ ગૌઆનકો ખોવાયો ઔર શ્રીયમુનાજીમેં પધરાયો તાકો કારણ કહા ? તબ આપ કહે જો કટોરી (ગિરવી) ધરિ કે સામગ્રી આઈ સો તો ભોગ શ્રીઠાકોરજી આપહીકે દ્રવ્યકો આરોગે સો તો આપ હી કો ભયો. જો શ્રીઠાકોરજીકો દ્રવ્ય ખાયગો સો મેરો નાહિ ઔર મેરો સેવક

ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહુ ન ખાયગો, જો ખાયગો સો મહાપતિત હોયગો. તાવે વા પ્રસાદમેં તે ભોજન કરવેકો અપનો અધિકાર ન હતો, વાકે લિયે ગૌઆનકો ખવાયો ઔર શ્રીયમુનાજીમેં પધરાયો. (નિજવાર્તાઘરુવાર્તા)

**કૌણ્ડિન્યો ગોપિકા પ્રોક્તા : ગુરવઃ સાધનં ચ તદ્**
**ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે**

(શ્રીમહાપ્રભુજીકૃત સંન્યાસનિર્ણય)

**ગુપ્તસ્યૈવ અભિવૃદ્ધિસ્વભાવકત્વાદ્ આશ્રમધર્મૈરેવ**
**લોકે સ્વં ભગવદ્ભાવમ્ અનાવિષ્કુર્વન્ ભજેત્...**
**એતેન યાવદ અન્તઃકરણે સાક્ષાત્ પ્રભોઃ પ્રાકટ્યં નાસ્તિ**
**તાવદેવ બહિરાવિષ્કરણં ભવતિ પ્રાકટ્યે તુ તથા ન સંભવતિ**

(અણુભાષ્ય ૩/૪/૪૯)

પુષ્ટિભક્તિ વ્રજભક્તોના ભાવોની ભાવના સાથે કરવી જોઈએ. બીજા કોઈ સાધનની અપેક્ષા નથી છતાંય ભાવ જો ગુપ્ત રહે તો જ વધે છે, તેથી પોતાના આશ્રમધર્મોની આડમાં પોતાના ભગવદ્ભાવને ગુપ્ત રાખીને ભગવદ્ભજન કરવું જોઈએ. જેના હૃદયમાં પ્રભુ નથી બિરાજતા તે જ પોતાના ભાવોને જાહેરમાં પ્રદર્શન કરતો હોય છે. જો પ્રભુ હૃદયમાં બિરાજતા હોય તો તે સંભવ નથી.

**કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્**
**શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેદ જિજ્ઞાસુરાદરાત્**
**તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્**
**પરિચર્યાં સદા કુર્યાદ્**

જે ગુરુસેવાને ઉત્તમ માનીને સેવાનો ઉપદેશ આપતો હોય તો તે પોતે કેમ સેવા-પરાયણ ન રહે ? તેથી જે સેવાપરાયણ હોય તેને જ ગુરુ બનાવવા. તે ભગવત્સેવા દંભ (ધનસંગ્રહ, શિષ્યસંગ્રહ, સંગઠનસંગ્રહ કે યશસંગ્રહ) વગેરે હેતુથી પ્રેરિત ન હોવી જોઈએ. કેમકે સિદ્ધાન્ત મુજબ કરવામાં આવતી સેવા જ પુરુષાર્થ રૂપા હોય છે. મનમાં બીજા હેતુઓ હોય અને બહારથી સેવાપરાયણતા દેખાડીએ તો તેવી સેવા સફલ થઈ શકતી નથી. ગુરુ શ્રીમદ્ભાગવતના મુખ્ય સિદ્ધાંત કે તત્ત્વનો જાણકાર પણ હોવો જોઈએ. જો એવો ગુરુ ન મળે તો જાતે જ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ જવું જોઈએ.

(શ્રીમહાપ્રભુજીકૃત સર્વનિર્ણયની વ્યાખ્યા)

**તેન ગુરુત્વમેવ વૃત્તિત્વેન ફલતિ યુક્તં ચ એતદ**
**અનુપકૃત્ય પરસ્વગ્રહણે ઋણિત્વેન બંધસ્ય પ્રસંજનાત્**



**કિંચ ઋતોત્તરમ્ અમૃતાખ્યાયાઃ અયાચિતવૃત્તેં ઉક્તત્વાત્**
**તસ્યામપિ શિષ્યસ્યૈવ ગ્રાહ્યં ન ઈતરસ્યતુ એવં સંકોચે**
**તસ્યામપિ પ્રશસ્તત્વસિદ્ધિ :**

તેથી ગુરુ તરીકે આવતી ચરણભેટથી ગોસ્વામિમહારાજશ્રીનો નિર્વાહ થવો જોઈએ, આ રીતે ઉચિત છે, નહિ તો કોઈ પણ રીતે ઉપકાર કર્યા વિના બીજાનું ધન લેતા તેનો ઋણી થવું પડે છે જે બંધનકારક હોય છે. વળી વિના માંગે જે મળતું હોય તેમાં પણ ગુરુભાવે જે કાંઈ શિષ્ય આપણને આપે તેથી નિર્વાહ કરવાનું વ્રત લઈએ તો એ વધારે પ્રશંસનીય છે.

(પુરુષોત્તમજીકૃત સ્વવૃત્તિવાદનો અનુવાદ)

**ચિતિંચ ચિતિકાષ્ઠં ચ પૂયં ચંડાલમેવ ચ ।**
**સ્પૃષ્ટવા દેવલકં ચૈવ સવાસા જલમાવિશેદ ॥**
**દેવાર્ચનપરો યસ્તુ વિત્તાર્થી વત્સરત્રયમ્ ।**
**સવૈ દેવલકો નામ હવ્યકવ્યેષુ ગર્હિતઃ ॥**

મડદા, તેના દાહ માટે વપરાયેલા લાકડા, રુધિર-માંસ, મરેલા જાનવરની ખાલ કાઢીને વેચનાર, તેમજ ધન કમાવા માટે દેવપૂજા કરનાર, આટલી વસ્તુ કે વ્યક્તિનો સ્પર્શ થતાં પહેરે કપડે સ્નાન કર્યા પછી જ ઘરમાં પ્રવેશ કરવો જોઈએ. (પુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિ)

**તતો ભાગવતં કૃતમ્ એતદ્ભ્યસનાલ્લોકો**
**મુચ્યતેનુપજીવનાત્....પઠનીયં પ્રયત્નેન સર્વ**
**હેતુર્વિવર્જિતં, વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ**
**કંઠગતૈરપિ, તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચરેદ**

શ્રીમદ્ ભાગવતના અભ્યાસથી જ બધું સિદ્ધ થાય છે પણ શરત એક જ તેનું પ્રવચન શ્રવણ આજીવિકા માટે થતું ન હોય તો, કેમકે તે મહાન દોષ છે. તેથી ભાગવતપાઠ કોઈ પણ જાતના (ભંડોલ ભેગું કરવા વગેરે) હેતુથી રહિત હોવો જોઈએ. આજીવિકા માટે તો પ્રાણ ગળામાં અટક્યા હોય તો પણ ભાગવતનો ઉપયોગ કરવો જોઈએ નહિ.

આમ ઉપર જણાવેલ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તથી સર્વથા વિપરીત હોવા છતાંય જાહેર ટ્રસ્ટ મંદિરો/જાહેર ખાનગી મંદિરોમાં થતાં ભગવત્સેવાના ભવાડામાં ભેગા થઈને, ત્યાં નિત્યનિયમે દર્શન કરવા જવાના દુરાગ્રહથી, ધનોપાર્જન માટે કરવામાં આવતા મનોરથોની ઝાંખીના ધતિંગને આર્થિક કે બીજી રીતે સક્રિય પ્રોત્સાહન આપી, દેવદ્રવ્યથી ધરવામાં આવેલ ભોગસામગ્રીને કે જેનો પ્રસાદ લેતાં, શ્રીમહાપ્રભુજી આપણને 'મહાપતિત' ગણે, તેને પણ મોહવશ લઈને તેમજ ભંડોળી ભાગવતકથાઓને આર્થિક કે બીજી રીતે

પ્રોત્સાહન આપી આપણે આપણા શ્રીમદાચાર્યચરણ સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે.

તેના પરિણામરૂપે આજે આપણા દેશની સર્વોચ્ચ અદાલતે આપણા સિદ્ધાંતોની અવગણના કરીને ત્રણ-ત્રણ ચુકાદાઓ આપણી વિરુદ્ધ આપ્યા છે.

વલ્લભસંપ્રદાયદ્વેષી લોકોની હલકી વાતો ન્યાયાધીશોને ગળે ઊતરી જાય છે પણ આપણા દિવ્ય સિદ્ધાંતો તેઓને ગળે ઊતરતા નથી. પારિવારિક ભાવનાથી પૂર્વમાં ફક્ત દર્શન માટે આપવામાં આવેલી છૂટના દુષ્પરિણામ રૂપે આજે સંપ્રદાયના ધર્મગુરુઓને પૂજારીપણાની હલકી પાયરી ઉપર બધી રીતે પટકી દેવા માટે સંપ્રદાયવિરોધી કુનેહ સફલ થવા જાય છે. જતે દહાડે હતાશ ગોસ્વામીવર્ગ પાતોને દેવલક પૂજારી માન બેસવાની માનસિકતાથી ઘેરાઈ જશે. આપણા દિવ્ય સંપ્રદાયની આવી દુર્ગતિ કરવાની જિમ્મેદારી વૈષ્ણવો ઉપર છે કે મહારાજશ્રીઓ ઉપર એ વિવાદનો સમય હવે વીતી ગયો છે.

આવો ! આપણે શ્રીમહાપ્રભુજીથી આપણા દુષ્કૃત્યની ક્ષમા-યાચના માંગીએ-સોગંદ લઈએ કે

(૧) પોતાને માથે ન બિરાજતા હોય તેવા કોઈ પણ શ્રીઠાકોરજીના દર્શન કરવાનો નિત્યનિયમ નહિ લઈએ કે જેથી કોઈપણ પુષ્ટિપ્રભુને નંદાલય છોડી જાહેર અનાથાલયમાં બિરાજવાનો પરિશ્રમ થાય. કેમ કે આપણા આવા દુષ્કૃત્યથી જાહેર જનતાનો કાનૂની અધિકાર ઊભો થતો હોય છે.

(૨) જે મનોરથો મનોરથીના પોતાના ધનથી પોતાને માથે અને પોતાને ઘરે બિરાજતા સ્વરૂપોના પોતાના અંગત ભગવદીઓ સાથે ઊજવવા માટે નથી તેવા મનોરથોમાં ભેટસામગ્રી આપી કે દર્શન કરવા જઈને શ્રીમહાપ્રભુજીના શ્રીનિધિ સ્વરૂપ, સંપ્રદાય કે સિદ્ધાંતને હવે આપણે કદી પણ દગો નહિ આપીએ.

(૩) જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિપરીત, દેવદ્રવ્યથી અથવા ગૈરબ્રહ્મસંબંધી દર્શનાર્થીઓના દ્રવ્યથી ધરવામાં આવતી ભોગ-સામગ્રી શ્રીપુષ્ટિપ્રભુ આરોગતા જ નથી. તેથી તે પ્રસાદ છે જ નહિ. બલ્કે કોઈ પણ સંજોગમાં પ્રાતિત્યકારક જ છે. તેથી હવે આપણે તે કદી પણ લઈશું નહિ.

(૪) ભંડોળ ભેગું કરવા માટે જાહેરમાં કરવામાં આવતા ભગવન્મનોરથ કે ભાગવતકથામાં દર્શન-શ્રવણ માટે હવે કદિ પણ ભેગા થઈશું નહિ કે જેથી તેવી દુષ્પ્રવૃત્તિને પ્રોત્સાહન (આર્થિક કે સક્રિય સહયોગના રૂપે) મળી રહે.

આજ દિવસ સુધી આમ જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન અજ્ઞાનવશ કે મોહવશ થઈ ગયું તે અમારા અપરાધને શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણ ક્ષમા કરે ! તેઓ પોતાન પુષ્ટિસૃષ્ટિના જીવોને પુષ્ટિપથની યાત્રામાં અગ્રસર થવા મતિ રતિ અને ક્રિયાશક્તિ પ્રદાન કરે ! બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ !"



# અનુક્રમણિકા


| | પૃષ્ઠ |
|---|---|
| પ્રવચન તા. ૨૩-૮-૮૪ | ૧ |
| પ્રવચન તા. ૨૪-૮-૮૪ | ૧૬ |
| પ્રવચન તા. ૨૫-૮-૮૪ | ૩૧ |
| પ્રવચન તા. ૨૭-૮-૮૪ | ૫૪ |
| પ્રચવન તા. ૨૮-૮-૮૪ | ૭૭ |
| પ્રવચન તા. ૨૯-૮-૮૪ | ૧૦૬ |
| પ્રવચન તા. ૩૦-૮-૮૪ | ૧૩૫ |
| પ્રવચન તા. ૩૧-૮-૮૪ | ૧૬૩ |
| સમાપન આશીર્વચન | ૨૦૦ |

# પ્રવચન તા. ૨૩-૮-૮૪

શ્રીકૃષ્ણાય નમઃ

શ્રીગોપીજનવલ્લભાય નમઃ

શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ

ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ॥
નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્જનૈઃ ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥
સર્વેષાં પ્રભુસંબંધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।
અતોઽન્યવિનિયોગેઽપિ ચિંતા કા સ્વસ્ય સોઽપિ ચેત્ ॥
અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્ ।
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ તેષાં કા પરિદેવના ॥
તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ।
વિનયોગેઽપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ॥
લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલાઃ ॥
સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા ।
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ॥
ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્ કરિષ્યતિ ।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્ ॥
તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥

આ નવરત્ન ગ્રંથ જ નહિ, ષોડશ ગ્રંથમાંના દરેક ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ પોતાના અનન્ય સેવકોને પુષ્ટિમાર્ગ ઉપર ચાલવું કેમ સરળ થઈ જાય તેવા હેતુથી ખૂબ જ વ્યક્તિગત રીતે આપેલા ઉપદેશો છે. પણ મહાપુરુષોની વાણીમાં, મહાનુભાવોની વાણીમાં એ ગુણ હોય છે કે ક્યારે પણ કોઈપણ વાત કરે કે સમજાવે, તે ભલે એક વ્યક્તિને ઉદ્દેશીને હોય, તેનો લાભ બધાને મળતો હોય છે. જુદા જુદા અધિકારો મુજબ જુદી જુદી વ્યક્તિઓ તેનો લાભ લઈ શકે છે. જેમ દરિયાકાંઠે - કોઈ સાંજના ફરવા જાય, કોઈ બાળક રમવા જાય, ત્યાં ઘર બનાવે, કિલ્લો બનાવે, પુલ બનાવે, કોઈ તાજી હવા ખાવા જાય, કોઈ કસરત કરવા જાય, કોઈ પોતાના ફુગ્ગા કે ભેલપૂરી વેચવા જાય કોઈ નિત્ય ઘોડાની સવારી કરવા જાય, કોઈ પાકીટ મારવા જાય. દરિયાકાંઠો બહુ વિશાળ છે. દરેક વ્યક્તિ દરિયાકાંઠે ફરી શકે છે. જે ફરે છે તેને કાંઈક ને કાંઈક તો લાભ મળે જ છે, પણ કોને શું લાભ મળે છે તે વ્યક્તિનો પોતાનો અધિકાર અને ભાવનાનો વિષય છે. એટલે આપણે એ વિવેચનમાં નહિ પડીએ; પણ દરિયા જેવી જ વિશાળતા મહાપુરુષોની વાણીમાં પણ હોય છે.

ગીતા ભગવાને અર્જુનને તેની જે તત્કાળ પૂરતી સમસ્યા હતી તેના સમાધાનરૂપે કહેલી, અને તે સમસ્યા પણ એ જ વખતે ઊભી થયેલી સમસ્યા હતી. એકંદરે જોઈએ તો અર્જુનને યુદ્ધ કરવાનો પ્રસંગ પહેલાં ય આવ્યો હતો અને પછી પણ આવ્યો હશે અને દરેક યુદ્ધના પ્રસંગમાં કાંઈ ગીતાનો ઉપદેશ થયો નહિ અને આવશ્યકતા ય નહોતી. પણ જે ઉપદેશ અર્જુનને મળ્યો તે આપણે જોઈ શકીએ છીએ કે કેટલો ગંભીર છે. હજારો વર્ષો વીતી ગયા, પ્રત્યેક આચાર્યે તેના ઉપર ભાષ્ય લખ્યું, પણ આજ દિ' સુધી તેના પર ભાષ્યો, ટીકાઓ, વ્યાખ્યાનો, પ્રવચનો થતા જ રહે છે. કોઈ પણ માર્ગ, કોઈ પણ કાળ, કોઈ પણ સમસ્યા એવી ન હોઈ શકે કે જે સમસ્યાનું સમાધાન આપણે ગીતામાંથી શોધી ન શકતા હોઈએ. જ્ઞાનમાર્ગીય આચાર્યોને ગીતામાં જ્ઞાન દેખાય, કર્મમાર્ગીય આચાર્યોને ગીતામાં કર્મ દેખાય, ભક્તિમાર્ગીય આચાર્યોને ભક્તિ દેખાય, પ્રપત્તિમાર્ગીય આચાર્યોને પ્રપત્તિ દેખાય; જેને જે જોઈએ તે બધું મળી શકે, સાગર છે. વાત મુદ્દાની અર્જુન માટે કેટલી હતી કે મારે મહાભારતનું યુદ્ધ કરવું કે ન કરવું? ખાલી એટલું જ કહી દીધું હોત કે લે ત્યારે, યુદ્ધ કર, તો? બહુ મોટા ઉપદેશની, અઢાર અધ્યાયની અપેક્ષા નહોતી એમાં; પણ મહાપુરુષોની વાણીમાં ગાંભીર્ય હોય છે. એક વાત કહે, પણ તે એક વાત એવી હોય કે બધાને લાગુ થતી હોય. કહી એકને માટે હોય પણ લાગુ બધાને થાય. કહી તો એક દેશ, કાળ માટે હોય અને કહી પણ એક દેશ, કાળમાં હોય, પણ સર્વદેશ સર્વ કાળમાં એનો લાભ મળી શકે.

તેવી જ રીતે શ્રીમહાપ્રભુજીના અનન્ય સેવકોને કોઈ કોઈ સમસ્યાઓ હતી અને તેનું



સમાધાન કરવા આપશ્રીએ ષોડશગ્રંથમાંના એક એક ગ્રંથ રચ્યા. તે સંદર્ભ જોવા જઈએ તો વ્યક્તિગત દેખાશે. પણ જ્યારે આપણે ઉપદેશ જોશું તો બહુ જ વ્યાપક સંદર્ભ છે.

મારા આ કથનનો એવો આશય નહિ લઈ લેતા તમે કે નવરત્ન ગ્રંથ, કે જેનો આપણે વિચાર કરવાના છીએ, તેમાં દરેક ચિંતાનું નિવારણ કરવાના કોઈ કીમિયા બતાવવામાં આવ્યા છે. આ નવરત્ન ગ્રંથનો ઉપદેશ કોઈ કીમિયાગીરીનો ઉપદેશ નથી. ધંધો ન ચાલતો હોય, આપણી છોકરીને મુરતિયો ન મળતો હોય અને ચિંતા થતી હોય અને આપણે નવરત્નનો પાઠ કરવા જઈએ તો પંચાત ઊભી થશે. એ ચિંતા નિવૃત્ત નહિ થાય, વધી જશે. એટલે કઈ જાતની ચિંતાનું સમાધાન છે આ ગ્રંથમાં તે આપણે વિચારી લેવું જોઈએ. એટલું ચોક્કસ છે કે શરૂઆતનું વચન મહાપ્રભુજી કહે છે. ''ચિંતા કાપિ ન કાર્યા.'' કોઈ પણ ચિંતા ન કરવી; પણ ''કોઈપણ ચિંતા''મા આવી બધી ચિંતા નથી આવી જતી. કોઈ કહે કે મેં મટકાનો નંબર લગાવ્યો છે તે આવશે કે નહિ આવે તેની ચિંતા કરવી કે નહિ ? આપણે કહીએ 'લ્યો ત્યારે, નવરત્નનો પાઠ કરો. ત્યાં પણ નવ આંકડા છે અને આમાં પણ નવ શ્લોક છે; નવમા આંકડા પર પૈસા લગાડી દો !'

આવી બધી ચિંતાની નિવૃત્તિના કંઈ નવરત્નમાં ઉપાય નથી. શ્રી મહાપ્રભુજીના ધ્યાનમાં નવરત્નનો ઉપદેશ આપતી વખતે આવી ચિંતાઓ હોય પણ નહિ. જેને આપ કહી રહ્યા છે કે કોઈ ચિંતા ન કરવી તે કોઈક અધિકારી છે; અને તેના અધિકારને અનુલક્ષીને આપ આ ઉપદેશ આપી રહ્યા છે. દરેક જાતની ચિંતાનું નિવારણ નવરત્નના પાઠથી થઈ શકે નહિ.

નવરત્ન ગ્રંથ શ્રી મહાપ્રભુજીએ ગોવિંદ દૂબે માટે રચ્યો. ગોવિંદ દૂબેએ શ્રી મહાપ્રભુજીને પત્ર લખ્યો : ''આપે મને સેવા પધરાવી દીધી પણ મારા મનમાં ચિંતા, વ્યગ્રતા બહુ રહે છે, તો હું શું કરું ?'' શ્રીમહાપ્રભુજીએ જવાબમાં નવરત્ન ગ્રંથ લખી મોકલાવ્યો અને કહ્યું કે આનો તું પાઠ કરજે, તારી ચિંતા નિવૃત્ત થઈ જશે. ગોવિંદ દૂબેની ચિંતા દૂર થઈ ગઈ. આજે આપણને લાગે છે કે દરેક જાતની ચિંતાનું નિવારણ આમાં છે. ખરેખર એવું નથી. મને લાગે છે કે જે ચિંતાઓના નિવારણ માટે આજે આપણે નવરત્નનો પાઠ કરતા હોઈએ છીએ તે ચિંતાઓ શ્રીમહાપ્રભુજીના ખ્યાલમાં આવે તો ખરેખર આપશ્રીને ચિંતા થઈ જાય કે આ શું થઈ ગયું નવરત્ન ગ્રંથ સાથે ? 'ચિંતા કાપિ ન કાર્યા' એ પંક્તિમાં સુધારો કરવાની આપને ઇચ્છા થઈ આવે ! કેવી ચિંતાની નિવૃત્તિના ઉપાયનો કેવી ચિંતાની નિવૃત્તિ માટે આપણે ઉપયોગ કરી રહ્યા છીએ !

હું ઘણી વખત એક વાત કહેતો હોઉં છું કે મચ્છર મારવા માટે ફલીટ છાંટવામાં આવે; મચ્છર મારવા કાંઈ મશીનગન ન વપરાય. મશીનગન ચલાવવી હોય તો સામે એવી કોઈ વસ્તુ જોઈએ કે જેના ઉપર મશીનગન ચાલી શકે. મચ્છરને જોઈજોઈને આપણે ધાંય

ધાંય કરીએ તો કાંઈ અર્થ જ નહિ. ગોળીઓ બાતલ જાય અને મચ્છર એનાથી પાછા મરે ય નહિ. મચ્છર પણ સમજી જાય અને પાછળથી આવીને કરડે આપણને. એટલે મચ્છર, જે ફ્લીટથી મારી શકાતા હોય તેને માટે કાંઈ મશીનગન ન વપરાય. તેવી જ રીતે જે જાતની ચિંતાને નિવૃત્ત કરવા માટે આજે આપણે નવરત્નનો પાઠ કરતા હોઈએ છીએ એ શ્રીમહાપ્રભુજીના હિસાબે મચ્છર જેવી ચિંતાઓ છે, અને નવરત્નમાં વર્ણવેલા ઉપાયો મશીનગન જેવા છે; તે કાંઈ આવી ચિંતાઓના નિવારણ માટે નથી.

એક વખત મેં નવરત્ન પર પ્રવચન કર્યું. પૂરું થયા પછી એક બહેને આવીને મને કહ્યું ''મહારાજ, આટલા દિવસ તમે પ્રવચન કર્યું તેમાં અમને થઈ રહી છે તેમાંની એકેય ચિંતાની નિવૃત્તિનો ઉપાય આવ્યો નહિ.'' મેં કહ્યું, ''મેં તો ગ્રંથમાં જે જે ચિંતાની નિવૃત્તિના ઉપાય હતા તે બતાવ્યા. તમને કદાચ તેવી ચિંતાઓ નહિ થતી હોય અને કોઈક બીજા પ્રકારની ચિંતાઓ થતી હશે.'' તો કહે, ''આજે આ નવરત્ન ગ્રંથની ઉપયોગિતા કેટલી ?'' મેં કહ્યું, 'જરાય નહિ', તદ્દન નિરુપયોગી ગ્રંથ છે આજે. જે ચિંતા તમને સતાવી રહી છે તે ચિંતાનું નિવારણ કરવા નવરત્ન નિરુપયોગી ગ્રંથ છે એવું કહેવામાં મને જરાય લજ્જા નથી આવતી. બલકે મને તો ગૌરવ લાગે છે કે તમારી ક્ષુદ્ર ચિંતાઓના નિવારણ માટે નવરત્ન ગ્રંથ નથી. આ કોઈ મોટું હથિયાર છે; કાંઈ ફ્લીટનો પમ્પ નથી કે જેનાથી આપણે મચ્છર મારી શકીએ.

આજે તો એવી સ્થિતિ થઈ ગઈ છે કે કોઈ જ્યોતિષી આપણને કહી દે કે તમને સૂર્યની બાધા છે, તમારે સૂર્યનું અનુષ્ઠાન કરાવવું પડશે. પછી આપણે ત્યાંના કોઈ કહી દે કે સૂર્યનું અનુષ્ઠાન નહિ કરાવતા, રોજ નવરત્નના પહેલા શ્લોકનો પાઠ કરજો, સૂર્યની બાધા નિવૃત્ત થઈ જશે ! કેમ ? તો કે નવગ્રહ અને નવરત્ન, એક એક ગ્રહની બાધાની નિવૃત્તિ એક એક શ્લોકથી થઈ જાય ! પણ બંધબેસતી પાઘડી માંથે પહેરી લેવી ન જોઈએ. આ નવરત્નો કોઈ બીજા રત્નો છે, કોઈ બીજી 'ગ્રહબાધાઓ' આનાથી નિવૃત્ત થાય છે. જે ગ્રહબાધા, જે ચિંતા આપણે સમજી રહ્યા છીએ તેમાં નવરત્ન ગ્રંથનો કોઈ પણ જાતનો ઉપયોગ નથી એ સ્પષ્ટ કોતરી લો હૃદયમાં તમે. પછી તમને નવરત્ન સાંભળવાની ઇચ્છા હોય તો જરૂર સાંભળો.

તમને એવી ચિંતા હોય કે પેલા ભાઈ સાથે પાર્ટનરશીપમાં આટલા પૈસા રોક્યા છે અને છ મહિના થઈ ગયા પણ નફો થતો નથી અને પેલા ભાઈ સરખો જવાબ નથી આપતા અને અમે છૂટા કરી દેવાનું કહીએ છીએ તો છૂટાય નથી કરતો, પૈસા ફસાઈ ગયા છે એટલે 'ચિંતા કાપિ ન કાર્યા', નવરત્નનો પાઠ કરીએ છીએ. અરે પણ પેલા ભાઈ પૈસા આપશે તો તમારી લૌકિકી ગતિ થશે, એટલે મહાપ્રભુજી કહેશે, ''ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ !'' તમારી લૌકિકી ગતિ ન થાય, તે ભાઈ તમને કોઈ દિવસ પૈસા ન આપે



તો તમે શું કરશો ? પાઠ કરવાથી તો વધુ નુકસાન થયું. હિન્દીમાં કહેવત છે કે, ''લેને ગઈ પૂત ખો આઈ ખસમ.'' આવી ગતિ ન થાય તેની આપણે કાળજી રાખવી પડશે. નવરત્નનો આવી બાબતોમાં ઉપયોગ નથી, નવરત્નમાં બહુ ગંભીર બાબતો છે, જેને આપણે સમજવાનો પ્રયાસ કરીશું. આપણને જે ચિંતાઓ થઈ રહી છે તેનું નિવારણ થવું જોઈએ, ચોક્કસ થવું જોઈએ; ન થાય એમ તો આપણે કેમ કહી શકીએ; તેના નિવારણના પુરુષાર્થો આપણે ચોક્કસ આદરવા જોઈએ, પણ મુદ્દાની વાત એ છે કે નવરત્નનો પાઠ કે નવરત્નમાં વર્ણિત સિદ્ધાંત તે ચિંતાના નિવારણનો ઉપાય નથી.

હું એક ગામમાં એક વખત ગયો હતો. જ્યાં મુકામ રાખ્યો હતો ત્યાં અમારી સાથે મુંબઈના પણ એક ભાઈ હતા. હવે ગામના બિચારા સીધાસાદા લોકો સાંજના ભેગા થાય, પછી મને પૂછે 'મહારાજ, યમુનાષ્ટકનો પાઠ સ્નાન કર્યા વગર થાય કે નહિ ? અને સર્વોત્તમનો પાઠ થાય કે નહિ ? ને ઠાકોરજીની સેવા કરીએ તો આ ભોગ ધરાય કે નહિ ? આ સામગ્રી ક્યારે ધરાય ને ક્યારે ન ધરાય ?' મને ખરેખર બહુ જ આનંદ આવતો એમના બધા પ્રશ્નો સાંભળીને. પ્રશ્નોનું સમાધાન આપવાની મને પુષ્કળ ઉત્કંઠા રહેતી. પેલા ભાઈ જે મુંબઈથી આવેલા તે પહેલાં બે દિવસ તો કહે કે આ ગામનું વાતાવરણ બહુ જ સારું, સુંદર છે; પણ ત્રીજે દિવસે મને કહેવા લાગ્યા 'બધી નકામી ચિંતા આ લોકો કરે છે. નહાઓ કે ન નહાઓ, પાઠ કરવો હોય તો કરો ને ન કરવો હોય તો ન કરો, એમાં ચિંતાની વાત શું છે ? આ લોકો બહુ અભણ છે, બહુ નકામી નિષ્પ્રયોજન ચિંતા કરતા રહે છે.' મારાથી કાંઈ કહી શકાય તેવું ન હતું. ઠીક છે, તમને નકામી ચિંતા લાગતી હશે. પછી તે મને કહે ''આપ પણ તે લોકો માટે નકામો સમય વેડફો છો.'' મેં કીધું ''ભાઈ એવું છે કે મને તો સમય વેડફી રહ્યો છું એમ નથી લાગતું, કેમ કે શરદી થઈ હોય તો દવા ન આપવી અને કેન્સર થયું હોય તો જ દવા આપવી એવો તો કાંઈ સિદ્ધાંત ન હોય ને ? જે બીમારી થઈ હોય તેની દવા આપવી જોઈએ. જેની જેવી ચિંતા, તેના નિવારણનો ઉપાય આપણે વિચારવો જોઈએ, જો આપણી પાસે હોય તો.'' મને કહેવા લાગ્યા ''હવે મને તો અહીંયાં કંટાળો આવે છે. આમની વાતો સાંભળીને.'' મને થયું આ બહુ નિશ્ચિત માણસ હશે. તેઓ પછી અહીંયાં મુંબઈ આવી ગયા.

મહિના પછી હું મુંબઈ આવ્યો ત્યારે મને ખબર પડી કે આવતા જ તેમને ધંધામાં કાંઈક એવું નુકસાન ગયું કે ઘર છોડીને જ ભાગી ગયા. મેં વિચાર્યું કે ધંધામાં નુકસાન થતાં આટલી ચિંતા કે ઘર છોડીને ભાગી ગયા ? શૂરવીરને શરીર ઉપર કોઈ ઘા વાગે તો તે કાંઈ ભાગી ન જાય, એ સામો લડે. સારા યુદ્ધનાં વર્ણનો વાંચો તો તમને જાણવા મળશે કે સોળ સોળ ઘા, છપ્પન છપ્પન ઘા થયા હોય તલવારના, તીરના; અને તો ય લડતા રહે. ક્ષત્રિય

શત્રુનો ઘા વાગ્યા છતાં હિંમત હાર્યા વિના લડતો રહે; તેમ વેપારીનો મતલબ શું ? કે જેટલી ખોટ આવે, જેટલી તકલીફ થાય તે બધાને ઝીલીને ધંધામાં બેઠો રહે તેનું નામ વેપારી. ભાગી જાય તે કાંઈ વેપારી કહેવાય ?

મને થયું કે ખરેખર પેલા ગામડાના લોકોને જે ચિંતાઓ થતી હતી તે પોતે જે સેવા કરી રહ્યા છે, પોતે જે પાઠ કરી રહ્યા છે તેને છાજે તેવી ચિંતાઓ હતી; ભલે અહીંયાં મુંબઈમાં ભણેલાગણેલા માણસને લાગે કે તે નકામી ચિંતા છે. મને તો એ ચિંતા નકામી લાગી કે વેપારી માણસને ધંધામાં ખોટ આવે તો ઘર છોડીને ભાગી જાય. એમના કુટુંબીઓ મારી પાસે આવ્યા કે આ ઘર છોડીને ભાગી ગયા તે ક્યાં ગયા એની આપને કાંઈ ખબર છે ? મેં કીધું ''એ તો કહેતા હતા કે બધા નકામી ચિંતા કરે છે; એમણે આવી નકામી ચિંતા કેમ કરી હશે ?'' આવું થઈ જાય ઊલટું હોં.

મૂળ થાય શું કે આપણને જે ચિંતા થતી હોય તે આપણને મોટી લાગે છે અને બીજાને કોઈ ચિંતા થતી હોય તે આપણને નગણ્ય લાગે. ''આમાં કાંઈ ચિંતા કરવાની હોય ?'' હું એક વખતે પ્રશ્નોત્તરી કરતો હતો ત્યારે એક ભાઈએ મને આવીને કહ્યું ''મહારાજ, આટલા મોટા કેમ જવાબ આપો છો પ્રશ્નોના, એક બે ટૂંકી લીટીમાં પતાવી દોને આ લોકોને ! હું તમારી પાસે પ્રશ્નો લઈને આવીશ તેનો તમે વિસ્તારથી જવાબ આપજો !'' મેં કીધું આ તો માથા ચઢેલા છે. બીજાના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપું તો સમય વેડફાય અને એના પ્રશ્નોના જવાબ વિસ્તારથી આપું ? એમ આપણને લાગે કે આપણે કરીએ તે મોટી ચિંતા, બીજા કરે તે નકામી ચિંતા. એવી જ રીતે જે ચિંતા અહીંયાં વર્ણિત થઈ છે તેને માટે સહજ સંભવ છે કે આજે કદાચ આપણને એવું લાગે કે આવી બધી નકામી ચિંતા કરવાની હોય ? આવી નકામી ચિંતાઓમાં આટલો બધો સમય વેડફવાનો હોય ખરો ?

વાત સાચી છે, કેમ કે જો આપણને એ ચિંતા નહિ સતાવતી હોય તો આપણને તે નકામી જ લાગશે, પણ જેને સતાવતી હોય તેને ? એક સામાન્ય વાત કહું, થોડીક સહાનુભૂતિથી વિચારો કે પેલા વેપારી ભાઈ ભાગી ગયા. તેમને બિચારાને નુકસાન જવાથી કેવો ત્રાસ થયો હશે ! ત્યારે જ તો ભાગી ગયા હશેને, નહિ તો શા માટે ભાગી જાય માણસ ? પણ માણસનો સહજ સ્વભાવ છે કે પોતાને થતી ચિંતા જ તેને મોટી લાગે. પોતાને દુઃખે તો આપણને દુઃખ થાય, બાકી દુઃખ ન થાય. જેમ કોઈકના પરિવારમાંનો એક માણસ ચાલ્યો જાય અને તે ગમગીન હોય તો બધા જ જ્ઞાની થઈ જાય ! જો રડે તો કહે ''અરે આ જ તો જીવન છે, જે આવે છે તે જાય છે, તેમાં શું રડવાનું ?'' અરે પણ તમારા ઘરમાંથી ગયા ત્યારે તમે રડ્યા હતા કે નહિ ? પોતે એવું જ રડ્યા હશે, પણ બીજાને ઘેર કોઈ ચાલ્યું જાય તો જ્ઞાન આપવા જાય બધા કે આ જીવન તો ક્ષણભંગુર છે. પરોપદેશે પાંડિત્ય બહુ વધુ થઈ જાય આપણામાં. તેથી આપણને લાગે કે આ બધી ચિંતા નકામી છે; ખરેખર એવું નથી. જે લોકો



ભક્તિને અપનાવવા માંગે છે, જે લોકોને ભક્તિમાર્ગ ઉપર ચાલવું છે એ લોકોને માટે એ માર્ગ ઉપર ચાલવામાં આવતી ચિંતાઓ બહુ મોટી ચિંતાઓ છે. આજે આપણને ભક્તિ કરવી જ ન હોય, ભક્તિમાર્ગ ઉપર સરખી રીતે ચાલવું જ ન હોય તો એ લોકોને થતી ચિંતા આપણને નકામી ચિંતા લાગે એ સહજ સંભવ છે.

આવો ખુલાસો એટલા માટે કરી રહ્યો છું કે આપણને આ નવરત્નમાંની કોઈ ચિંતા નકામી લાગે તો એ વિચારવાનું રહ્યું કે ભક્તિમાર્ગ પર ચાલવાની તત્પરતા આપણામાં છે કે નહિ ? તત્પરતા ન હોવાને લીધે તો આપણને એમ નથી લાગી રહ્યું કે આ ચિંતા નકામી છે ? જે ચિંતાના નિવારણના ઉપાય મહાપ્રભુજીએ આમાં બતાવ્યા છે એ ચિંતાઓ કોઈ પણ ભક્તિમાર્ગ ઉપર ચાલનારને બહુ જ સહજ રીતે થઈ શકે છે અને તેથી કોઈપણ ચિંતા નકામી નથી.

આપણે એમ પણ ન કહી શકીએ કે લૌકિક ચિંતાઓ નકામી છે. કેમ કે તે પણ થાય જ છે, તેનો ઇન્કાર ન કરી શકીએ. પણ વિવેચન કરીને એટલું તો ચોક્કસ સમજવું જ પડશે કે લૌકિક ચિંતાઓ છે તે આધિભૌતિક ચિંતાઓ છે અને તેમાં અને અધિદૈવિક ચિંતાઓમાં કાંઈક ભેદ છે.

એક ભાઈ એક વખત મને કહેતા હતા કે રામાયણમાં વનમાંથી રાવણ સીતાજીને હરી ગયો હતો. એટલે કહીએ છીએ કે કળિયુગમાં જ બધા ગોટાળા થાય છે પણ રામાયણ વાંચીએ તો ખબર પડે કે ત્રેતાયુગમાં પણ એવા ગોટાળા થતા જ હતા, સીતાજીને રાવણ હરી ગયો હતો, તો પછી ત્રેતાયુગ અને કળિયુગમાં ભેદ શું ? મેં કહ્યું કે ભેદ એ કે રામચંદ્રજીની સીતાને તે વખતે રાવણ હરી ગયો તેમાં આખી રામાયણ થઈ ગઈ અને તે આજ સુધી ગવાય છે. જ્યારે આજકાલનાં છાપાં વાંચો તો અનેક સીતા દરરોજ હરાતી હોય છે અને એની રામાયણ થતી જ નથી કેમ કે બધાને લાગે છે કે સીતાઓ હરાવા માટે જ છે; તો ત્રેતાયુગ અને કળિયુગમાં એટલો ભેદ ખરો કે નહિ ? એક જ સીતાજી હરાઈ ગયા તેમની આટલી મોટી રામાયણ કે આજ દિ' સુધી ચાલે છે પણ પૂરી નથી થતી અને દરરોજ છાપામાં વાંચીએ છીએ કે રોજ એકાદ સીતા તો ક્યાંક ને ક્યાંક હરાય જ છે અને કોઈ રામાયણ થતી નથી, કેમ કે બધાય સીતાહરણથી ટેવાઈ ગયા છે અને બધા રાવણથી પણ ટેવાઈ ગયા છે; એટલો તો ફરક આપણે ત્રેતાયુગમાં અને કળિયુગમાં માનવો જ પડશે ને ?

એવી રીતે જે ચિંતાઓ ભક્તિમાર્ગમાં થાય છે તે અને જે લૌકિક ચિંતાઓ આપણને થાય છે તે બેમાં પણ આટલો ભેદ તો માનવો જ પડશે, ભક્તિમાર્ગમાં થતી ચિંતાને મોટી માનવી જ પડશે. ભક્તિમાર્ગ પર ચાલતા હોઈએ, પ્રપત્તિમાર્ગ પર ચાલતા હોઈ, પ્રભુને બધું સમર્પિત કરી દીધું હોય 'અહં મદ્રક્ષણભરો મદ્રક્ષણફલં તથા ન મમ શ્રીપતેરેવેત્યાત્માનં નિક્ષિપેદ્ બુધઃ ।। ન્યસ્યામ્યકિંચન શ્રીમન્નનુકુલોન્યવર્જિતઃ । વિશ્વાસઃ પ્રાર્થનાપૂર્વં આત્મરક્ષાભરં ત્વયિ ।।'

મારું રક્ષણ અને મને થતાં લાભ કે અલાભ મારો વિષય નથી. ભક્ત કહે છે, તારો વિષય છે. તારે જેમ કરવું હોય તેમ કર, એમાં મારે વિચારવાનું કે ચિંતા કરવાનું હોય જ શું ? એવો ભક્ત, જેણે આત્મસમર્પણ કર્યું હોય, જેણે આત્મનિવેદન કર્યું હોય, જેણે કોઈ પણ જાતની ચિંતા કરવાની હોય જ નહિ, તેને ભક્તિમાર્ગ ઉપર ચાલતાં ચિંતા થતી હોય તો એ કેટલો મોટો વિષય કહેવાય ! ખરેખર રામચંદ્રજીની સીતાને રાવણ હરી ગયો એટલો ગંભીર વિષય કહેવાય.

પણ આજે આપણને ભક્તિમાર્ગ ઉપર ચાલવું જ નથી, આપણને પ્રભુના વિશ્વાસનો ય બહુ મોટો પ્રશ્ન નથી. વિશ્વાસ હોય તો ઠીક અને ન હોય તો ય ઠીક, ધંધો બરાબર ચાલે છે કે નહિ ? રહેવાનું બરાબર છે કે નહિ ? અમારે ત્યાં એક ભાઈ આવ્યા હતા તે કહેતા હતા કે મહારાજ ઘરમાં ભાડૂત બહુ ઘૂસી ગયા છે તેમને ભગાડવાનો કોઈ મંત્ર છે કે નહિ તે બતાવો ! હવે ભાડૂત ભગાડવાનો મંત્ર ક્યાંથી હોય ? એટલે આવી ચિંતાઓ થતી હોય કે મકાનમાલિક ભાડૂત ભગાડવાનો મંત્ર માગતો હોય અને ભાડૂતો મકાનમાલિકને ભગાડવાનો મંત્ર માંગતા હોય અને તેવા મંત્રો ન મળે તેની ચિંતા થતી હોય તો નવરત્ન બહુ લાભપ્રદ ન થાય, આપણને નવરત્નમાંની ચિંતાઓનું ગાંભીર્ય સમજમાં ન આવે તે દેખીતી વાત છે.

જે ચિંતાઓ જેણે આત્મસમર્પણ કર્યું છે તેવા ભક્તને થાય છે; જેણે ભક્તિમાર્ગ પર ચાલવાનો, શરણાગતિના માર્ગ પર ચાલવાનો નિર્ધાર કર્યો છે તેવા ભક્તને ભક્તિમાર્ગ પર ચાલતા થાય છે, તે લૌકિક ચિંતા નથી, અધિભૌતિક ચિંતા નથી. મોટે ભાગે તે આધ્યાત્મિક ચિંતા પણ હોતી નથી, તે બધી આધિદૈવિક ચિંતાઓ છે. ભગવત્સેવામાં કનડગત ઊભી કરે તો તેનું નિવારણ મહાપ્રભુજી ન કરે તો બીજું કોણ કરે ? ભક્તિમાર્ગાબ્જમાર્તંડ એવા શ્રીમહાપ્રભુજી ન કરે તો કોણ કરે ? એટલે એવા સંદર્ભમાં આ ચિંતાઓના નિવારણ માટે નવરત્ન ગ્રંથ રચ્યો છે. આપણે થોડી ધીરજથી એ ભાવ સમજવાની જરૂર છે.

તમે કહેશો "મહારાજ અમને ભક્તિમાર્ગ ઉપર ચાલવાની ચિંતા જ નથી; ભક્તિમાર્ગ પર ચલાશે તો ચલાશે ને નહિ ચલાય તો નહિ ચલાય. આપણે શું કરીએ ? આખરે તો જીવ રહ્યા, સામર્થ્ય જ ક્યાં છે ચાલવાનું. આ તો ભગવદ્કૃપાનો માર્ગ છે, તેને ચલાવવું હશે તો ચલાવશે, નહિતર બિરાજે વૈકુંઠમાં, આપણે તો અહીં જ છીએ. તેમાં નવરત્ન પ્રાપ્ત કેવી રીતે થાય ?" પણ વાત એમ નથી, થોડી સાવધાનીથી સમજો.

આપણે એમ સમજીએ કે રામાયણમાં રામનું ચરિત્ર વાંચવાથી જ આપણો ઉદ્ધાર થાય છે, પણ એવું નથી. પ્રાચીન રામાયણ તમે વાંચશો તો દરેક ચરિત્ર, તે પછી રામનું હોય, રાવણનું હોય, લક્ષ્મણનું હોય કે કુંભકર્ણનું હોય, જે જે ચરિત્ર રામાયણમાં વર્ણિત થયા છે તે તમને કોઈક ને કોઈક રીતે લાભ આપનારા ચરિત્ર જ છે. તે કેવી રીતે ? તો આજની ભાષામાં કહીએ તો કોઈક ચરિત્રથી તમારી ભીતર Positive ideal વિધાનાત્મક આદર્શ



પ્રગટ થાય છે. તો કોઈક ચરિત્ર તમારા હૃદયમાં નિષેધાત્મક આદર્શને સ્થિર કરવાનો પ્રયાસ કરે છે. જેમ રામચંદ્રજીનું ચરિત્ર આપણે સાંભળીએ તો આપણા મનમાં અહોભાવ જાગે કે રામ પિતાના કેટલા આજ્ઞાકારી હતા, ઈશ્વર હોવા છતાં ઋષિઓ પ્રત્યે કેટલો આદર ધરાવતા હતા, વચનમાં કેવા પાકા હતા, કેવા એકપત્નીવ્રત હતા ! આવા બધા આદર્શો આપણા હૃદયને સ્પર્શ કરે. ત્યારે રાવણ શા માટે ? રાવણ કાંઈ સાધારણ વ્યક્તિ ન હતો, જ્ઞાની હતો. એટલું જ નહિ બળવાન હતો, સમૃદ્ધિશાળી હતો, ઐશ્વર્યશાળી હતો. આટલા સદ્‌ગુણ હોવા છતાં એકાદ ગુણનો અભાવ, એકાદ અવગુણ આપણને કેટલું નુકસાન પહોંચાડી શકે છે ! એટલે આપણા જ્ઞાન પર, બળ પર, ઐશ્વર્ય પર બહુ ભરોસો ન રાખવો જોઈએ, સદ્‌વૃત્તિઓને કેળવવામાં પણ એટલી જ કાળજી રાખવી જોઈએ. આ નિષેધાત્મક આદર્શો રાવણનું ચરિત્ર સાંભળવાથી સ્ફુરે છે. તે પાઠ આપણને રામચંદ્રજી નહિ સમજાવે, તે પાઠ આપણને રાવણ જ સમજાવી શકે છે. એટલે રાવણનો પણ આપણને કાંઈક શિક્ષણ આપવામાં બહુ મોટો ફાળો છે, જેવો રામનો ફાળો છે. તેમ રામાયણનું દરેક પાત્ર તમને કોઈક ને કોઈક આદર્શો શીખવે છે, કોઈક વિધાનાત્મક રીતે તો કોઈક નિષેધાત્મક રીતે.

તેવી જ રીતે ષોડશ ગ્રંથમાં પણ બંને પ્રકારના ઉપદેશો છે. સિદ્ધાંત-મુક્તાવલી, ભક્તિવર્ધિની વગેરે ગ્રંથોમાં શ્રીમહાપ્રભુજીએ આપણને વિધાનાત્મક ઉપદેશ આપ્યો છે કે તમારે સેવા કરવી જોઈએ, ભક્તિને દૃઢ કરવા ઘરમાં સેવા કરવી જોઈએ અને પ્રભુના ચરિત્રનું શ્રવણ, કીર્તન, સ્મરણ કરવું જોઈએ, વગેરે. સાથે સાથે જ નવરત્ન જેવા ગ્રંથોમાં નિષેધાત્મક ઉપદેશો પણ છે કે ચિંતાઓ ન કરવી. આ સમજણ પણ ભક્તિને જ સમજવામાં સહાયક છે. ભક્તિની બાબતમાં કે ભક્તિમાર્ગની બાબતમાં આવી ચિંતા ન થાય એમ જો આપણે સમજીએ તો ભક્તિનું જ સ્વરૂપ સમજ્યું કહેવાય. જેમ પેઈન્ટિંગમાં એવો એક નિયમ હોય છે કે રેખા દોરીને આકૃતિને સ્પષ્ટ કરવી અને પછી એમાં રંગ ભરી દેવો. તો એક નિયમ એવો પણ હોય છે કે આકૃતિને ઉભારવા રેખાઓ ખેંચવાની જરૂર નથી, થોડાક લાઈટ અને ડાર્ક કલરના શેડ્સ એવી રીતે ગોઠવી દો કે પોતાની મેળે રેખા બની જાય. તમે ફોટોગ્રાફ જુઓ તો તેમાં રેખા દોરીને ફોટો નથી લેવામાં આવતો, લાઈટ અને ડાર્ક, બ્લેક અને વાઈડ શેડની ગોઠવણથી જ આકૃતિ પોતાની મેળે ઉભરતી હોય છે. એવી જ રીતે આપણે ભક્તિમાર્ગમાં શું કરવું અને શું ન કરવું એના બ્લેક અને વાઈટ શેડને આપણે ગોઠવી દઈએ તો ભક્તિની આકૃતિ બરાબર સમજમાં આવી જશે.

આકૃતિને ઉભારવા બંને રંગની જરૂર છે. આપણે કહીએ કે ફોટોગ્રાફમાંથી કાળો રંગ બધો કાઢી નાખો, ધોળું છે તેટલું જ રાખો, તો ફોટો ફોટો જ નહિ રહી જાય, બ્લેન્ક પેપર થઈ જશે. ફોટામાં જેટલી ધોળા રંગની મહત્તા છે તેટલી જ કાળા રંગની પણ મહત્તા છે, બંને રહેશે તો જ ફોટો ફોટો કહેવાશે. તેવી જ રીતે શું કરવું અને કઈ ચિંતા કે કૃતિ ન કરવી એ

આપણે સમજીએ તો હૃદયમાં ભક્તિની આકૃતિ સ્પષ્ટ થશે. શું કરવું તે ભક્તિના ફોટામાંનો ધોળો રંગ છે તો શું ન કરવું તે કાળો રંગ છે, ભક્તિનું ચિત્ર બનાવવામાં બંનેનું સરખું યોગદાન છે, તેને માટે મનમાં દ્વૈતભાવ ના લાવવો જોઈએ.

ઘણા લોકો કહે છે કે બધું પોઝીટીવ જ સમજાવો. પણ બધું પોઝીટીવ જ સમજવા જઈશું તો વાત સમજમાં જ નહિ આવે, બધું બ્લેન્ક થઈ જાય. કાળા અને ધોળા રંગનો જે કોન્ટ્રાસ્ટ છે તેનું બહુ મહત્ત્વ છે. પણ આજે આપણને બધાને લોકોએ અદ્વૈતવાદનું એવું ભૂત ભરાવી દીધું છે કે આપણને લાગે છે કે એ બે એટલું બધું ખોટું. અરે પણ તો ભગવાન પણ ખોટા થઈ જશે, કેમકે ભગવાન પણ કોઈક ને કોઈક ભક્ત હોય તેના સંદર્ભમાં ભગવાન હોય છે, પોતાની મેળે કોઈ ભગવાન હોય નહિ, ભગવાનને પણ કોઈ ભક્ત જોઈએ છે. કોઈ ઈશિતવ્ય હોય તો કોઈ ઈશ્વર હોઈ શકે, ઈશ્વર કોનો ? પ્રજા હોય તો રાજા હોય, શિષ્ય હોય તો ગુરુ હોય. આપણે કહીએ કે ના, બે જોઈએ જ નહિ, દ્વૈત જોઈએ જ નહિ, દ્વૈતને હટાવી દો. તો ભગવાન ભગવાન નહીં રહી જાય, ગુરુ ગુરુ નહિ રહી જાય, ઉપદેશક ઉપદેશક નહિ રહી જાય. કેમકે ઉપદેશક પણ અંતે કોઈ સાંભળનારા છે તેથી ઉપદેશ આપે છે, નહિ તો હિમાલયના શિખર પર બેસીને કેમ ઉપદેશ નથી આપી શકતા ? એટલે પ્રવચન માટે પણ શ્રોતા વક્તાનો દ્વૈત જરૂરી છે. એટલે બ્રહ્માંડમાં કેવળ અદ્વૈતના કોઈ અત્યાગ્રહ કે દુરાગ્રહ કાંઈ દેખાતા નથી, અહીંયાં તો બધું સરખું જ છે. જેટલો કાળાનો રોલ છે તેટલો ધોળાનો છે, જેટલો દ્વૈતનો છે તેટલો અદ્વૈતનો રોલ છે. બ્રહ્મમાં દ્વૈત-અદ્વૈત બધું સમાન થઈ જાય છે. ''સર્વ હોતારો યત્રૈકનીડં ભવન્તિ સમાનસીનો આત્મા જનાનામ્ ।'' જેમ પંખીઓ સાંજ સુધી પોતાના ચણની શોધમાં ઊડતા હોય છે પણ સાંજ પડતાં જ પોતાના માળામાં આવીને બેસી જાય તેમ બ્રહ્મ એક એવો માળો છે જેમાં બધી જાતના દ્વૈતના પંખી છે; જ્ઞાનના, કર્મના, ભક્તિના, પુષ્ટિના, પ્રવાહના, મર્યાદાના, સત્‌ના, અસત્‌ના, દૈવીના, આસુરીના, ચિંતાના, નિશ્ચિંતતાના, વિરક્તિ—અનુરક્તિના, સંસારના, મુક્તિના—બધા પક્ષીઓ આરામથી બ્રહ્મમાં રહે છે; ત્યાં કોઈ જાતનો ખટરાગ નથી. બ્રહ્મ બધાને સમાવી શકે છે.

કોઈ એકને ન સમાવે તેનો અર્થ એ કે એટલા અંશમાં એ બ્રહ્મ નથી અને એ સંભવ નથી. એટલે આવા અતિઅદ્વૈતવાદને લીધે ઘણી બધી વસ્તુ સમજમાં આવતી બંધ થઈ જાય છે. બ્રહ્મનું સાચું સ્વરૂપ સમજશું તો બ્રહ્મમાં બધું સંભવે છે કેમકે જો બ્રહ્મમાં ન સંભવે તો આ સૃષ્ટિ ઉત્પન્ન ક્યાંથી થઈ હોત ? સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે વિભિન્ન દ્વૈતને લઈને-સત્ અસત્‌ના, સુંદર—અસુંદરના, ચિંતા—નિશ્ચિંતતાના, વિરક્તિ. અનુરક્તિના સંસારમુક્તિના દ્વૈતને લઈને જે સૃષ્ટિ પ્રકટ થઈ છે તે કાંઈ બ્રહ્મની બહાર તો પ્રકટ નથી થઈને. સૃષ્ટિનો એવો કોઈ ખૂણો તો ન હોઈ શકે ને કે જ્યાં બ્રહ્મ ન હોય. એવો કોઈ પણ ન હોઈ શકે કે જેમાં કૃષ્ણ ન હોય, કણકણમાં કૃષ્ણ છે, તે પછી સંસારનો કણ હોય કે મુક્તિનો, સુંદર સુરૂપ કણ હોય કે



કુરૂપ કણ હોય, બધા જ કણ અંતે તો બ્રહ્મરૂપ જ છે; અને બધા જ કણ બ્રહ્મરૂપ છે ત્યારે આવા અતિશય દ્વૈત કે અતિશય અદ્વૈતના સિદ્ધાંતો ટકી શકે નહિ.

એટલે નેગેટીવ અને પોઝીટીવ બંને એક જ વસ્તુનાં બે પાસાં છે. ઉપનિષદમાં કહ્યું છે ''દ્વે વાવ બ્રાહ્મણોરૂપે મૂર્તં ચૈવ મૂર્તં ચ મર્ત્યં ચૈવ અમૃતં ચ સ્થિતંચ યચ્ચ સચ્ચ ત્યચ્ચ ।'' જે કાંઈ સાકાર છે અને જે કાંઈ નિરાકાર છે, જે કાંઈ શાશ્વત્ છે અને જે કાંઈ ક્ષણભંગુર છે એ બંને બ્રહ્મના જ રૂપ છે.

એક કથામાં આવે છે કે એક ગુરુના બે ચેલા હતા. બંને ગુરુજીની સેવાના અતિઆગ્રહી. હવે પંચાત એ થાય કે રાત્રે ગુરુજી સૂવા જાય ત્યારે એક ચેલો કહે કે હું ચરણસેવા કરું જ્યારે બીજો કહે હું ચરણસેવા કરું. ગુરુજીને કહ્યું લડો મા બંને એક એક ચરણની સેવા કરો. આમ ઝઘડો નીપટી ગયો અને ગુરુજીને સરખી ઊંઘ આવી ગઈ. હવે થયું એવું કે ઊંઘમાં ગુરુજીનો એક પગ બીજા પગ પર આવી ગયો ! એટલે જે ચેલાવાળો પગ નીચે આવી ગયો તે બીજાને કહે ''તારાવાળો પગ નીચે હટાવ.'' તે કહે ''પગ મારો ક્યાં છે, ગુરુજીનો પગ છે.'' પેલો કહે ''પગ કોઈનો પણ હોય, હું જે પગની સેવા કરું છું તેના પર પગ ન જોઈએ મને.'' પેલો કહે ''હું કેવી રીતે હઠાવું, ગુરુજીનો પગ છે.'' એમાં બંને બાઝ્યા તે પહેલા ચેલાએ દંડો લઈને ઉપરવાળા પગ પર મારી દીધો ! ગુરુજીની બિચારાની ઊંઘ ઊડી ગઈ કે શું ગોટાળો થયો ? ચેલાએ જવાબ આપ્યો ''જે ચરણની હું સેવા કરી રહ્યો હતો તેના પર બીજો ચરણ આવી ગયો આપનો.'' ''અરે પણ તે ચરણ કોનો ? તમારા ચેલાઓનો કે મારો ?''

આપણે પણ આવા ઝઘડીએ છીએ. સાકારવાદી બ્રહ્મના નિરાકાર પાસાં પર દંડો મારે અને નિરાકારવાદી બ્રહ્મના સાકાર પાસાં પર દંડો મારે, પણ બંને પાસાં કોના ?'' દ્વે વાવ બ્રહ્મણો રૂપે'' તે બંને બ્રહ્મના રૂપ છે, બધા બ્રહ્મના જ રૂપ છે. માયા પણ અંતે તો બ્રહ્મનું જ રૂપ છે, બ્રહ્મ સિવાય બીજું હોઈ શકે જ નહિ અને હોય તો પછી બ્રહ્મને બ્રહ્મ જ ન કહેવાય. જેમાં બધું સમાઈ જાય તેનું નામ બ્રહ્મ. જે અચલ છે, જે ચલાયમાન છે. જે પ્રકટ છે, જે અપ્રકટ છે, તે બધું બ્રહ્મ છે.

હવે જો બધું બ્રહ્મ જહોય તો જે ભક્તિ છે તે ય અને જે ચિંતા છે તે ય બ્રહ્મ છે. એટલે આપણે ચિંતાનો ઉપદેશ આપીએ કે ભક્તિનો ઉપદેશ આપીએ, અંતે તો આપણે એ જ ઉપદેશ આપી રહ્યા છીએ કે બ્રહ્મને સ્વીકારવો કેમ, બ્રહ્મને જાણવો કેમ, બ્રહ્મને માણવો કેમ. અહીંયાં બ્રહ્મ સિવાય બીજો કોઈ ઉપદેશ આપવામાં નથી આવી રહ્યો, એ સ્પષ્ટ સમજો. ચિંતા કરવાનો ય મહાપ્રભુજી ઉપદેશ આપે છે, નથી આપતા તેવું નથી. જે લોકોએ બ્રહ્મસંબંધ લીધું છે તે લોકો સરખી રીતે જાણતા હશે કે તાપકલેશનો ઉપદેશ છે. હવે તાપકલેશ થાય તો ચિંતા થાય કે નહિ ? સોએ સો ટકા થાય. એટલે ચિંતા કરવાનો ય ઉપદેશ

બ્રહ્મ માટે છે અને ચિંતા ન કરવાનો ય ઉપદેશ બ્રહ્મ માટે છે, કેમ કે બધું જ બ્રહ્મ છે. ષોડશગ્રંથમાં બ્રહ્મોપદેશ સિવાય બીજું કશું કહેવામાં આવ્યું નથી પણ ષોડશગ્રંથમાં બ્રહ્મને જાણવાનો ઉપદેશ નથી, બ્રહ્મને માણવાનો ઉપદેશ છે, એ સમજો. બ્રહ્મને જાણવાનો ઉપદેશ ઉપનિષદોમાં છે. શ્રીમહાપ્રભુજીએ પણ તત્વાર્થદીપનિબંધ, અનુભાષ્ય, વગેરે ગ્રંથોમાં બ્રહ્મને જાણવું કેમ તેનો ઉપદેશ આપ્યો છે. પણ ષોડશગ્રંથનો મુખ્ય સૂર બ્રહ્મને માણવાનો છે, જાણવાનો નહિ.

વળી બ્રહ્મને માનવા માટે આપણે બ્રહ્મને માણવું નથી હોં. એવું નહિ સમજી લેતા, માનવાની વાત નથી, માણવાની વાત છે. માણવું એટલે એની મઝા કેમ લેવી અને માનવું એટલે એને સ્વીકારવું કેમ ? તો અહીં સ્વીકારવાની વાત નથી, મઝા લેવાની વાત છે. બ્રહ્મની મઝા લેવા તમે બેઠા હો તો તમારે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેનો આ ઉપદેશ છે. દા.ત., આપણે સંગીતના કાર્યક્રમમાં ગયા હોઈએ અને કલાકાર ગાતો હોય ત્યારે આપણે વાતો કરવા મંડીએ તો સંગીતની મઝા માણી શકીએ ? ન માણી શકીએ. એટલે તમને કહેવું પડશે કે સંગીત સાંભળવું છે તો ચૂપ બેસો, વાણીનો નિગ્રહ કરો, તો તમે મઝા લઈ શકશો, વાત જ કરવી હોય તો ઘર શું ખોટું હતું ? ઘરમાં બેસીને પુષ્કળ વાત થઈ શકે છે. પણ જાણીજોઈને સંગીતના કાર્યક્રમમાં વાતો કરવી અથવા નસકોરાં બોલાવવા તેનાથી તો બધી મઝા મરી જશે.

એક હોલની બહાર મને એક ભાઈ મળી ગયા. તે કહે ચાલો મહારાજ બિસ્મિલ્લાની શહનાઈ સાંભળવા. મારી પાસે ટિકિટ ન હતી, તે તેમની બીજી ટિકિટ પર મને લઈ ગયા અંદર. બેઠા પછી એમણે ચાલુ પ્રોગ્રામમાં નસકોરાં ચાલુ કર્યા. બધા મારી તરફ જુએ, એ તો સૂતા હતા એટલે એમને કોઈ જુએ નહિ. મને બહુ શરમ આવે. એટલે મેં એક ઉપાય વિચાર્યો કે વારેઘડીએ, સારું હોય કે ન હોય, જોરજોરથી વાહ વાહ કરવા મંડ્યો કે જેથી તે ભાઈની ઊંઘ ઊડી જાય. પછી જાગે એટલે કહે ''ઓ હો, શું ગજબનો કાબૂ છે ફૂંક ઉપર.'' હું કહું ''ના, ના, શ્વાસ ઉપર તેથી ય વધારે કાબૂ છે !'' 'હા એમ જ'ને પાછા ઊંઘમાં નસકોરાં બોલાવવા મંડી જાય ! છેવટે મારે ત્યાંથી ઊઠીને બીજે ઠેકાણે જવું પડ્યું. સંગીતની મઝા આવી રીતે ન માણી શકાય. તેવી જ રીતે બ્રહ્મની મઝા માણવા આપણે બેઠા હોઈએ તો કઈ બાબતની કાળજી રાખવી જોઈએ તેનો મહાપ્રભુજીએ ષોડશગ્રંથમાં ઉપદેશ આપ્યો છે. ભક્તિમાર્ગીય રીતે બ્રહ્મની મઝા માણવા તત્પર થયા છો તો કઈ કાળજી રાખવી, કઈ જાતની ચિંતા કરવી, કઈ જાતની ચિંતા ન કરવી, કેવી ભક્તિ કરવી, કેવી ભક્તિ ન કરવી એ બધાનો વિવેક મહાપ્રભુજી આપણને ષોડશગ્રંથમાં સમજાવવા માંગે છે.

તે પૈકી નવરત્નમાં વિશેષતઃ ભક્તિ કરતાં અથવા ભક્તિ કરવાના લીધે જે કાંઈ



ચિંતાઓ આપણને થાય છે અથવા જે કાંઈ ચિંતાઓ આપણે કરીએ છીએ તેને નિવૃત્ત કરવાના ઉપાયોનો ઉપદેશ છે. ચિંતા થવી અને ચિંતા કરવી એમાં થોડુક અંતર છે હોં. અમુક ચિંતાઓ આપણે કરતા હોઈએ છીએ અને અમુક ચિંતા આપણને થાય છે. થાય છે એટલે શું કે તે આપણા વશમાં ન હોય, સ્વતઃ થવા મંડે, અને ચિંતા કરવાનો મતલબ શું કે ચિંતા થતી ન હોય, રડવું આવતું ન હોય પણ પેલા ભાઈને આપણે જોઈએ કે ચિંતા કરતાં રડે છે એટલે આપણે ય પછી ખોટા ખોટા રડવા માંડીએ સેવામાં. તો તેવા રડવાથી કાંઈ ભક્તિ સિદ્ધ નહિ થાય. તમને સહજ રડવું આવતું હોય તો રડો, ખોટું ખોટું રડવાથી શું ફાયદો ? અમુક ભાઈએ પ્રવચનમાં કહી દીધું કે ભક્તિનો મતલબ એ કે હૃદય ગદગદ હોવું જોઈએ, આંખ અશ્રુપૂરિત હોવી જોઈએ, તો આપણે જોર લગાવીને આંસુ કાઢીએ; પણ તેવા આંસુ કાંઈ ભક્તિ હોવાના પ્રમાણ નથી હોં, ભગતિના પ્રમાણ છે. એટલે કઈ સીમામાં રહીને ભક્તિ કરવી જોઈએ, કેવી કાળજી આપણે રાખવી જોઈએ કે જેથી ભક્તિ ભગતિ ન થઈ જાય એ બધું શ્રીમહાપ્રભુજી ષોડશગ્રંથમાં આપણને સમજાવવા માંગે છે, કેમ કે આપણે બ્રહ્મને માણવા બેઠા છીએ પુષ્ટિભક્તિમાર્ગમાં, અને જ્યારે માણવા બેઠા છીએ ત્યારે વાતચીત કરવા મંડીએ કે નસકોરાં બોલાવીએ તો માણી નહિ શકીએ.

અને મહાપ્રભુજી એમ નથી કહેતા કે આ એક જ ઉપાય છે. મહાપ્રભુજીનો તો સ્પષ્ટ સિદ્ધાંત છે કે ભક્તિના ઉપાયો તમારાથી ન થઈ શકે તો વાંધો નહિ, તમે પ્રપત્તિ કરજો. પ્રપત્તિના ઉપાય નથી થતા તો મહાપ્રભુજી કહે છે : જાઓ, તમે મર્યાદાભક્તિ કરો. મર્યાદાભક્તિના ઉપાય ન થતા હોય તો જ્ઞાનમાર્ગ ઉપર જાઓ. જ્ઞાનમાર્ગ ન પાળી શકાતો હોય તો કર્મમાર્ગ ઉપર જાઓ. બધા જ માર્ગો બ્રહ્મ તરફ લઈ જનારા છે અને બધા જ માર્ગો શાસ્ત્રપ્રતિપાદિત છે. અહીંયાં નવરત્નના ઉપક્રમમાં ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજીએ આ જ વાત બતાવી છે. ''તાતેં જૈસે મનુષ્ય ગેલ ચલિવેવારેંકો દસ ગામકે માર્ગ બતાવે પરંતુ જાકોં જા ગામ જાનોં હોઈ સોઈ ગામ જાત હૈ. તૈસેહી કોઈ ભગવદીય દ્વારા, કોઈ ગુરુ દ્વારા, કોઈ ઈશ્વર દ્વારા જૈસો અધિકારી તૈસો સંગ પાય ઉહી માર્ગમેં ભાવ વાકો દૃઢ હોત હૈ. સો ગોવિંદ દૂબેકો શ્રીરણછોડજીમેં દૃઢ ભાવ ભયો.'' કહેવાનો મુદ્દો શું, કે માણસ ચાલવા મંડે એટલે બધાને પોતપોતાનો માર્ગ બતાવવાની ઇચ્છા થઈ જાય કે તમે આમ આવો. વળી કોઈ માર્ગ બંધ નથી, બધા જ માર્ગ ખુલ્લા છે. પણ વ્યક્તિ ક્યા માર્ગ પર ચાલી શકે છે ? તો આપણે ત્યાં એના સ્પષ્ટ ખુલાસો એ છે કે તમે તે માર્ગ ઉપર ચાલી શકતા નથી. જ્યાં સુધી તમને એ માર્ગ પર મળવા બ્રહ્મ ન આવતો હોય. જો બ્રહ્મ તમને મળવા ભક્તિમાર્ગ ઉપર આવવાનો હશે તો જ તમે ભક્તિમાર્ગ ઉપર ચાલી શકશો. જો તે તમને ભક્તિમાર્ગ પર નહિ મળવા માંગતો હોય તો તમે ભક્તિમાર્ગ પર નહિ ચાલી શકો, તમને કાંઈક ને કાંઈક એવી કનડગત

ઊભી થઈ જશે, કોઈક એવો સંગ મળી જશે કે તમને ભક્તિમાર્ગથી જુદા જ કોઈ માર્ગ પર દોરી જશે, ભલેને તમે કંઠી બંધાવી હોય.

આજે આપણે ત્યાં એક મહાન કૌભાંડ થઈ ગયું છે. આપણે બ્રહ્મસંબંધ લઈ કંઠી પહેરી લઈએ છીએ, શા માટે? ''કેમકે અમારા વડીલોએ મહારાજ પાસેથી બ્રહ્મસંબંધ લીધું હતું.'' ''અમારાં માબાપે કંઠી ન લીધી હોય તેના હાથનું પાણી જ નથી પીતા, એટલે માબાપ અમારા હાથનું પાણી પી શકે તે માટે બ્રહ્મસંબંધ લઈએ છીએ.'' પણ સિદ્ધાંત એ છે કે બ્રહ્મસંબંધ માબાપને પાણી પીવડાવવા માટે નહિ, ઠાકોરજીની ઝારી ભરવા માટે, ઠાકોરજીની સેવા માટે લેવાનું અને આપવાનું હોય છે. માબાપનું વ્રત તેમણે નિભાવવું જોઈએ, તમારે તેના માટે શું કરવા બ્રહ્મસંબંધ લેવું જોઈએ? બ્રહ્મસંબંધની ગરિમા શું રહી ગઈ પછી? બ્રહ્મસંબંધ ભગવત્સેવા માટે ન લઈને આવા હેતુઓથી લઈએ તો એ તો બ્રહ્મસંબંધની આપણે અવનતિ કરી કહેવાય. બ્રહ્મસંબંધ લેવું જોઈએ ભગવત્સેવાધિકારની સિદ્ધિ માટે, ભગવત્સેવાના માર્ગ ઉપર પ્રવૃત્ત થવા માટે. આપણે આજે ચિત્રવિચિત્ર હેતુઓથી બ્રહ્મસંબંધ લઈએ છીએ; ''ચાલીસ દિવસ વ્રજયાત્રા ચાલશે તેમાં ચોવીસ બેઠકોમાં ઝારી ભરવા માટે બ્રહ્મસંબંધ લઈએ છીએ.'' શું જીવનમાં ફક્ત ૪૦ દિવસ ઝારી ભરવા માટે બ્રહ્મસંબંધ લેવું જોઈએ? આ બધો પાખંડ છે. આવા હેતુઓથી બ્રહ્મસંબંધ અપાય નહિ અને લેવાય નહિ. પણ આજે આપનારા અને લેનારા બંનેમાં સિદ્ધાંત પ્રત્યેની બેજવાબદારી, બેદરકારી ઘર કરી ગઈ છે. બ્રહ્મસંબંધ લેવાનો હેતુ એક જ, ભગવત્સેવાધિકાર. ભગવત્સેવા તમને કરવી હોય તો બ્રહ્મસંબંધ લેવું જોઈએ. મહાપ્રભુજી પોતે આવા હેતુઓથી લેનારાને બ્રહ્મસંબંધ નહોતા આપતા. તો આજે આપણે આમ ચાલુ ખાતામાં કેવી રીતે બ્રહ્મસંબંધ આપી કે લઈ શકીએ? એવું બ્રહ્મસંબંધ બ્રહ્મસંબંધ નથી, ભ્રમસંબંધ છે. આપણને ભ્રમ થઈ ગયો છે ખોટો કે આપણે પુષ્ટિમાર્ગમાં છીએ એટલે બ્રહ્મસંબંધ લઈ લેવું જોઈએ; સેવા કરવી નથી. જો સેવા કરવી નથી તો પછી બ્રહ્મસંબંધ થતો જ નથી, જે કાંઈ તમને થઈ રહ્યો છે તે ભ્રમસંબંધ છે. તમે મહાપ્રભુજીના અનુયાયી થયા પછી ભ્રમસંબંધ કેમ લો છો તે સમજાતું નથી.

મહાપ્રભુજી કહે છે ''ચિંતા કાપિ ન કાર્યા'' પણ બ્રહ્મસંબંધને બદલે ભ્રમસંબંધ આપણે લેવા ન લાગી જઈએ તે માટે થોડી થોડી ચિંતાઓ તો કરવી પડશે. તે ચિંતાઓ તો કરવાનો વિષય છે, ''ચિંતા કાપિ ન કાર્યા''નો વિષય નથી. તેવી ચિંતા નહિ કરીએ તો રવાડે ચઢી જઈશું, માર્ગ આખો રવાડે ચઢી જશે. તેવી ચિંતાને આપણે ચિંતા ન કહેતાં ચિંતન કહીશું. ચિંતન એટલે શું સારું છે, શું ખોટું છે. શ્રીમહાપ્રભુજીને શું અભિપ્રેત છે, શું અભિપ્રેત નથી તેને સમજવાનો પ્રયાસ કરવો, વિચાર કરવો. એ નિશ્ચિત સમજો કે



ભ્રમસંબંધ લઈને આપણે પુષ્ટિમાર્ગ પર નહિ ચાલી શકીએ, પ્રવાહમાર્ગ પર જ દોડશું. પુષ્ટિમાર્ગ પર ચાલવા તો બ્રહ્મસંબંધ જ લેવું પડશે અને બ્રહ્મસંબંધ ત્યારે જ બ્રહ્મસંબંધ છે કે જ્યારે આપણે સેવા કરવા માટે લઈએ. આજકાલ ઘરમાં બધા સુવાક્યો ટાંગે છે તેમ તમારી ય ઈચ્છા હોય તો ટાંગી લેજો કે સેવા કરવા માટે લેવાય તે બ્રહ્મસંબંધ અને બીજા હેતુઓથી લેવાય તે ભ્રમસંબંધ. દર વર્ષે એવી શુભેચ્છા વ્યક્ત કરતા ગ્રીટિંગ કાર્ડ મોકલાવવા જોઈએ કે ''ભગવાન કરે કે તમારું આ વર્ષ ભ્રમસંબંધમાં ન જાય, બ્રહ્મસંબંધમાં જાય.'' એટલે બધું ભગવદિચ્છાનુસાર થાય છે, પણ આપણે ચિંતન તો કરવું જ પડશે કે સિદ્ધાંતની દૃષ્ટિથી શું સારું છે અને શું ખોટું છે; ચિંતા ભલે ન કરીએ પણ ચિંતન તો જરૂર કરીએ.

# પ્રવચન તા. ૨૪-૮-૮૪

કાલે નવરત્ન ગ્રંથની પૃષ્ઠભૂમિકારૂપે થોડીક વાત મેં આપને સમજાવી હતી કે આ કોઈ અધિભૌતિકી ચિંતાને નિવૃત્ત કરવાનો મંત્ર કે ગ્રંથ નથી. ભક્તિમાર્ગ ઉપર આપણે સરખી રીતે કેમ ચાલી શકીએ તેના ઉપાયો સમજાવવાનો અને ભક્તિમાર્ગ ઉપર ચાલતા જો કોઈ જાતની ચિંતા ભક્તના હૃદયમાં ઉદ્ભવતી હોય તો તેને નિવૃત્ત કરવા માટેનો આ ગ્રંથ છે. ભક્તિમાર્ગીય ચિંતાઓનો વિચાર આપણે એટલી જ કાળજીથી કરવો જોઈએ કે જેટલી કાળજીથી ભક્તિના વિધાનાત્મક સાધનોનો આપણે વિચારકરીએ. જેટલી કાળજીથી આ સાધનોને અપનાવીએ તેટલી જ કાળજીથી માર્ગમાં આવતા વિઘ્નોનું નિવારણ કરવું જોઈએ. માર્ગ ઉપર ચાલવાનો સ્પષ્ટ મતલબ એ છે કે બધી કાળજી સાથે ચાલવું. કોઈ આપણાથી ભટકાઈ ન જાય, આપણે કોઈથી ભટકાઈ ન જઈએ તે સાવધાની રાખીએ. યોગ્ય દિશામાં યોગ્ય સ્પીડથી ચાલીએ તો માર્ગ પર ચાલી શકીએ. આ કાંઈ ટહેલવાની કે લટાર મારવાની વાત નથી, માર્ગ પર ચાલવાની વાત છે. તેથી જ અનેક સાવધાનીઓ આપણને ષોડશગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ સમજાવી છે. કાલે મેં તમને એ પણ સમજાવ્યું હતું કે ષોડશગ્રંથમાંનો પ્રત્યેક ગ્રંથ મહાપ્રભુજીએ ભક્તિમાર્ગ પર ચાલતા થતી કોઈ ને કોઈ તકલીફના નિરાકરણ માટે તે તે ભક્તોને ઉપદેશરૂપે કહ્યો છે.

આજે કેટલાક લોકો એમ કહેતા હોય છે કે જે જ્ઞાનીઓ છે તેમના માટે જ્ઞાનમાર્ગ અને જે જ્ઞાની નથી તેમના માટે ભક્તિમાર્ગ, એવો શ્રી મહાપ્રભુજીનો મત નથી. શ્રીમહાપ્રભુજીના મતે જ્ઞાનમાર્ગ કદાચ જ્ઞાનીઓ માટે હશે, કર્મમાર્ગ કદાચ કોઈ કર્મ પરાયણ માટે હશે પણ ભક્તિમાર્ગ તો બધાને માટે છે. તેથી જ એમ કહેવામાં આવ્યું છે કે 'અજ્ઞે જ્ઞાનાય શાસ્ત્રજ્ઞે દંભદર્પનિવૃત્તયે બ્રહ્મજ્ઞેમુક્તયે મુક્તે ભક્ત્યર્થં ભક્તિરિષ્યતે।'' જે વસ્તુનું જ્ઞાન મેળવવું છે તે વસ્તુમાં, તે-તે શાસ્ત્રમાં; અને ઉપદેશકમાં ભક્તિ ન હોય તો જ્ઞાન ન મળે, આપણું અજ્ઞાન નિવૃત્ત ન થાય, માટે ભક્તિની જરૂર છે, અજ્ઞે જ્ઞાનાય।

પણ આપણે બધું શાસ્ત્ર જાણી લીધું, ભણી લીધું પછી ભક્તિની જરૂર છે કે નહિ ? છે જ, કેમ કે શાસ્ત્ર જાણ્યા પછી જો હૃદયમાં ભક્તિ પ્રકટ ન થઈ તો શાસ્ત્રનું જ્ઞાન આપણા



દંભમાં અથવા દર્પમાં પર્યવસિત થઈ જશે. એટલે જે જ્ઞાનનું આપણે શાસ્ત્રના અધ્યયન વડે ઉપાર્જન કર્યું છે તે જ્ઞાન દંભ અને દર્પમાં પર્યવસિત ન થઈ જાય તેના માટે ભક્તિની જરૂર છે. ભક્તિ હશે તો આપણને બચાવશે, આપણા જ્ઞાનને દંભ કે દર્પમાં પર્યવસિત નહિ થવા દે.

શાસ્ત્રજ્ઞથી આગળની કક્ષા બ્રહ્મજ્ઞની છે, એનેય ભક્તિની જરૂર છે. ભાગવત્માં ચોખ્ખું એમ કહ્યું છે કે બહુ ઉપાયોથી-જ્ઞાન, વૈરાગ્ય, તપથી જે બ્રહ્મને જાણી લે છે, પણ જાણ્યા પછી બ્રહ્મ સાથે જ જો એને સ્પર્ધા થઈ જાય તો એને મુક્તિ મળતી નથી. એટલે બ્રહ્મજ્ઞને પણ મુક્ત થવું હોય તો પાછી ભક્તિની જરૂર છે.

આપણે ત્યાં એક ઋષિની વાર્તામાં આવે છે કે તેમણે પાણીમાં ડૂબી રહેલી એક ઉંદરડીને બચાવી લીધી. બચાવ્યા પછી તેમને થયું કે પાછળ બિલાડી પડી તેના લીધે બિચારીને પાણીમાં પડવું પડ્યું અને મરવાની અણી પર આવી ગઈ, એના કરતાં હું એને બિલાડી બનાવી દઉં કે જેથી બીજી વાર આવું ન થાય. તો ઋષિએ ઉંદરડીને બિલાડીનું રૂપ આપ્યું. પણ બિલાડીને પાછો કૂતરાનો ભય હોય છે, તો બિલાડીમાંથી કૂતરો બનાવી દીધો. પણ કૂતરોય બીજાથી બીતો હોય છે. અંતે એને વાઘ બનાવી, તો વાઘ બનતાની સાથે જ ઋષિને જ ખાવા ધસી આવી ! ઋષિએ કહ્યું 'પુનર્મૂષિકા ભવ' પાછી ઉંદરડી થઈ જા.

તેમ 'અહં બ્રહ્માસ્મિ'ની ઉપાસના કરતાં કરતાં ઉપાસનાના બલથી શાસ્ત્રમાં કહ્યું છે તેમ 'બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ'-બ્રહ્મજ્ઞાન મેળવનાર પોતે જ બ્રહ્મ થઈ જાય છે. ખરેખર તો બ્રહ્મ બનવાનું નથી કેમ કે બ્રહ્મ જ બધું બન્યો છે. જે આપણે ન હોઈએ તે બની શકીએ, જે છીએ તે બનવાનું હોય ! તેને તો ખાલી જાણવાનું જ હોય. તો આપણે બ્રહ્મ છીએ જ, જગતનો કણકણ બ્રહ્મના નામરૂપનો વિસ્તાર છે. એટલે આપણે બ્રહ્મની હકીકતને જાણી શકીએ, બ્રહ્મ બનવા જેવું કશું છે જ નહિ. હું 'અહં બ્રહ્માસ્મિ'ની ઉપાસના કરું તેના લીધે જો મને એમ થાય કે ''લો ત્યારે હવે હું બ્રહ્મ બની ગયો'' તો તેમાં કોઈ વાંધો નથી કેમકે ખરેખર બ્રહ્મ જ છીએ.

''નાનું બાળક બાપુજી કે દાદાની ટોપી, લાકડી ને જૂતા પહેરીને ચાલે, કોઈ વખત એમની ખુરશી પર જઈને બેસી જાય અને કહે કે હું બાપુજી બની ગયો'' તો વહાલ આવે, ક્રોધ ન આવે. તેમ આપણે કહીએ કે 'હું બ્રહ્મ છું' તો બ્રહ્મને પણ આપણા પર વહાલ આવે કે મારી સાથે પોતાનો કેવો અભેદ માને છે ! ''જ્ઞાની તું આત્મૈવ મે મતમ્ !'' પણ એની સીમા હોય હોં. બાળક કહે કે હું બાપુજી બની ગયો તો વહાલ આવે, પણ એમ કહે કે ''ચાલો, તમે બધા ઘરમાંથી નીકળો, આજથી હું સર્વેસર્વા છું'' તો બે લાફા લગાવવા પડે, પછી વહાલ ન આવે. તેવી રીતે 'અહં બ્રહ્માસ્મિ'ની ઉપાસના કરતાં કરતાં આપણને એમ થઈ જાય કે ત્યારે બ્રહ્મ છે જ નહિ, હું જ બ્રહ્મ છું, તો બ્રહ્મને કહેવું પડે કે 'પુનર્મૂષિકા ભવ

!' ''પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનમ્ !'' તેથી શ્રી શંકરાચાર્ય કહે છે કે 'ગોવિંદ ભજ મૂઢમતે !' જો બ્રહ્મ સાથે તું સ્પર્ધામાં પડી ગયો તો બ્રહ્મજ્ઞાનથી Solution નહિ આવે, પાછું જન્મમરણનું ચક્કર શરૂ થઈ જશે, કેમ કે અંતે તું બ્રહ્મ નથી બની શકતો, બ્રહ્મ તારા રૂપે બન્યો છે, એ રૂપને મુક્ત રાખવું સંસારમાં રાખવું કે નર્કમાં નાખવું કે સ્વર્ગમાં રાખવું એ બધી બ્રહ્મની ઈચ્છાની વાત છે. તો આપણે બ્રહ્મ સાથે સ્પર્ધા કરવા માંડીએ ''મારા સિવાય કોઈ બ્રહ્મ નહિ, હું જ બ્રહ્મ'', તો પછી કહેવું પડશે કે હજી ગોવિંદને સરખી રીતે ભજ કે જેથી તારા 'અહં બ્રહ્માસ્મિ'ના સાચા ભાવનો તું ખોટો અર્થ ન સમજી બેસે. 'અહં બ્રહ્માસ્મિ' વાત સાચી છે, ઉપદેશ સાચો છે પણ ભાર બ્રહ્મ પર ન આવતા અહં પર આવવા લાગે તો પાછી ઉંદરડી થઈ જઈશ ! એટલે બ્રહ્મજ્ઞને પણ ભક્તિ ન હોય તો જન્મમરણનું ચક્કર નહિ છૂટે. ગાડી તો દોડે, પણ તેમાં ક્લચ, બ્રેક કે ગીયરની કન્ટ્રોલ સીસ્ટમ તો હોવી જોઈએને; એટલે જે વખતે આપણી અભેદાનુભૂતિની ગાડી બહુ જોરશોરથી દોડતી હોય કે હું બ્રહ્મ છું, હું બ્રહ્મ છું, તે વખતે તેના પર બ્રેક ને ક્લચની કન્ટ્રોલ સીસ્ટમ હોવી જોઈએ, અને તે System આપણને ભક્તિ Provide કરે છે. બ્રહ્મ પ્રત્યે જો ભક્તિનો ભાવ હશે તો 'અહં બ્રહ્માસ્મિ' બોલતાં આપણો ભાર અહં પર નહિ આવે, બ્રહ્મ પર રહેશે. એટલે કહ્યું છે કે બ્રહ્મજ્ઞે મુક્તયે ! જે બ્રહ્મજ્ઞ છે તેને મુક્ત થવા ભક્તિની જરૂર છે.

પણ ધારોકે મુક્ત જ થઈ ગયો કોઈ, તો પછી ? તો ત્યારે પણ જરૂર છે ભક્તિની, મુક્તને ભક્તિની જરૂર કોઈ બીજા હેતુથી નથી. મુક્ત માણસને ખરેખર સમાજમાં આવી શકે કે ભક્તિ ભક્તિ માટે જ છે, ભક્તિ કોઈ બીજા હેતુઓ માટે હોઈ શકે જ નહિ.

આજે તો શ્રીનાથજીનું માહાત્મ્ય એટલું વધી ગયું કે બધા લોકો શ્રીનાથજીની માનતા માને, વૈષ્ણવ તો જાય તે જાય, જૈન પણ જાય ! એક જૈન ભાઈ મારે ત્યાં આવ્યા, તો મને કહેતા હતા કે તમે કોના ભગત ? મેં કહ્યું 'અમે તો કૃષ્ણના ભગત.' એ કહે ''આ જે શ્રીનાથજી નાથદ્વારામાં છે એ કોણ ?'' મેં કહ્યું ''એ તો કૃષ્ણ જ કહેવાય.'' તે કહે ''હા, હું પણ શ્રીનાથજી જઈ આવ્યો.'' મેં કહ્યું ''બહુ સારી વાત'' પછી કહે ''પણ એક વાત મહારાજ પૂછું ?'' મેં કહ્યું 'પૂછો ત્યારે.'' તે કહે ''આ કૃષ્ણને તમે માનો છો પણ તેમણે મહાભારતની હિંસા કરાવી તો નરકમાં ન જાય ?'' મેં કીધું ''કદાચ હોય નરકમાં કૃષ્ણ, એમાં કશો વાંધો નથી, પણ તમે નાથદ્વારા જઈ પ્રસાદ લઈ આવ્યા તે નરકમાંથી પ્રસાદ લઈ આવ્યા કે સ્વર્ગમાંથી ? એક તો પ્રસાદ લઈ આવ્યા, જઈને દર્શન કરી આવ્યા, અને હવે તમને ચિંતા થાય છે કે આ કોના દર્શન કરી આવ્યા, કોનો પ્રસાદ લીધો ! અરે ભાઈ તમારા મહાવીરસ્વામીના દર્શન કેમ નથી કરતા, વ્યર્થમાં ત્યાં કેમ જાઓ છો ?'' પણ આજકાલ પેલું આંધળે બહેરું કૂટાઈ ગયું કે બધા લોકો બધે ઠેકાણે જાય, એ ખબર જ ન હોય કે આપણે



સ્વર્ગમાં જઈ રહ્યા છીએ કે નરકમાં, બારણાં ઉઘાડા મળ્યા એટલે બસ ઘૂસી જાય અંદર, પછી મંદિર હોય કે મસ્જિદ હોય, ''ઈશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન !'' આવું થઈ ગયું છે. જતાં પહેલાં થોડીક કાળજી રાખવી જોઈએ.

મેં કહ્યું ''અમને કૃષ્ણ નરકમાં હોય તો ય વાંધો નથી, તોય અમે કૃષ્ણને ભજીશું, અમે કાંઈ કૃષ્ણને છોડવાના નથી. એણે મહાભારત કરાવ્યું હશે તોય ભજીશું અને કુલેહસંપ કરાવ્યા હશે તોય કૃષ્ણને ભજીશું, કેમકે અમે કૃષ્ણના ભક્ત છીએ, કશું મેળવવા માટે ભજન નથી કરતા. અમારે ત્યાંનો સિદ્ધાંત છે કે ભક્તિ ભક્તિ માટે છે, ભક્તિથી કશું જ મેળવવું નથી.'' જે દિવસે ભક્તિથી કશું મેળવવાની ઈચ્છા થાય તે દિવસે સમજી લેવું કે ભક્તિ ભક્તિ ન રહી, ભગતિ થઈ ગઈ. એ કોઈ ભાગતી મનોવૃત્તિ છે આપણી, પછી ભક્તિ નથી, જ્યારે આપણે ભક્તિથી કાંઈક મેળવવા માંગીએ છીએ. એટલે મુક્તિ પણ આપણે ભક્તિથી મેળવવા નથી માંગતા, ભક્તિથી આપણે ભક્તિ જ મેળવવા માંગીએ છીએ. તેથી કહ્યું કે મુક્તે ભક્ત્યર્થં ભક્તિરિષ્યતે । જે મુક્ત જીવાત્મા છે તેણે શા માટે ભક્તિ કરવી ? કેમ કે મુક્ત જીવાત્માને સમજમાં આવશે કે ભક્તિ એટલી સુંદર છે કે ભક્તિથી કશું મેળવવાની જરૂર છે જ નહિ. બહુ ઊંચી કક્ષાની વાત છે આ, મુક્ત માણસો જ સમજી શકે, તેથી ભાગવત્ કહે છે : ''આત્મારામશ્ચ મુનયઃ નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે । કુર્વન્ત્યહૈતુકીં ભક્તિં ઈત્થંભૂત ગુણો હરિઃ ॥'' જે આત્મારામ મુનિ છે, જે નિર્ગ્રન્થ મુનિ છે - જેમની સંસારની વાસનાની, અહંતાની, મમતાની - દરેક ગાંઠો છૂટી ગઈ ગઈ છે, એ લોકો ભગવાનની અહૈતુકી ભક્તિ કરે છે. અહૈતુકી એટલે ? કોઈ હેતુ નહિ, કોઈ સોદાબાજી નહિ કે મારો ધંધો ચાલે તેથી હું ભક્તિ કરું, એક રાજભોગ આરોગાવી દઉં, એક પલનાનો મનોરથ કરાવી દઉં,મારાને મારી બાયડીના ઝઘડા બંધ થઈજાયતો ઠાકોરજીના વિવાહોત્સવનો મનોરથકરાવી દઉં. એ બધી ભક્તિ નથી, પણ ભવાડા છે, એને ભક્તિ ન સમજતા, ભક્તિ બહુ ઉત્કૃષ્ટ વસ્તુ છે, અને એવી ભક્તિ કરતાં થતી ચિંતા પણ કોઈ ઉત્કૃષ્ટ કક્ષાની ચિંતા છે, એ કોઈ આવી હલકી કક્ષાની ચિંતા નથી.

આજે આપણે ત્યાં જે જાતનું જીવન ઘડાઈ રહ્યું છે, વિશેષ કરીને શહેરોમાં અને શહેરોની આસપાસના ગામડામાં પણ; તેના લીધે ખરેખર ભક્તિની મનોવૃત્તિ પર બહુ દબાણ આવી રહ્યું છે. એક બહેનને મેં બ્રહ્મસંબંધ આપ્યું અને ઠાકોરજી પણ પુષ્ટ કરીને પધરાવી આપ્યા. પછી મેં એમને કહ્યું કે તમારે આનંદથી સેવા કરવાની. એ કહે ''એમ તો હું સેવા કરીશ, પણ બહારગામ જાઉં ત્યારે શું કરવાનું ?'' મને થયું કે આમને એવો જવાબ આપું કે બરાબર ચોટ લાગી જાય. મેં કહ્યું ''તમારા છોકરાઓનું શું કરો તમે બહારગામ જાઓ તો ?'' એ કહે ''એમને તો અમે આયા પાસ છોડી જઈએ, કાં સાથે લઈ જઈએ.'' મેં કહ્યું ''બસ એમ જ ઠાકોરજીનું, એમને ય સાથે પધરાવી જાઓ.'' એ કહે ''પણ આટલી

ઝાંપી શી રીતે પ્લેનમાં પધરાવી જાઉં ?" મેં કહ્યું "તમારા બાળકને કેવી રીતે તમે ઉપાડતા હતાં નાના હતા ત્યારે ?" એ કહે "સાચું કહું મહારાજ, આજ સુધી મારા બાળકને ગોદમાં ઉપાડી હું ઘરની બહાર નીકળી જ નથી, જ્યારે બહાર જવાનું થાય ત્યારે આયા પાસે ઉપડાવીને લઈ જાઉં." મેં કીધું પછી ભક્તિનો ઉપદેશ તમને કેવી રીતે અપાય ? જો પોતાના બાળકને જ સાચવતા ન આવડે તો કેવી રીતે સમજાવાય કે બાળભાવથી સેવા કરો. એટલે કાંઈ આવડતું હોય, હૃદયમાં પ્રેમનો સંચાર હોય તો ભક્તિનો ઉપદેશ થઈ શકે, સ્નેહનો સંચાર જ ન હોય તો સ્નેહનો ઉપદેશ કેવી રીતે આપી શકાય ? ભાગવતમાં એમ કહ્યું છે કે "યા પ્રીતિરવિવેકાનાં વિષયેષ્વનપાયિની ત્વાં અનુસ્મરતઃ સા મે હૃદયાન્માપસર્પતુ" જે એમ કહે કે "મને ક્યાંય સ્નેહ જ નથી કેમકે દરેક વસ્તુમાં મને દોષ જ દેખાય છે" તો દલપતરામભાઈ કહે છે તેમ "અન્યનું તો એક વાંકું આપના અઢાર છે." તમારામાં પછી ભક્તિ માટે અવકાશ રહ્યો જ નથી. એવી વ્યક્તિ ભક્તિ ન કરી શકે, કેમકે ભક્તિની પહેલી શરત છે કે આપણે દોષ ન જોઈએ, ગુણ જોઈએ.

જ્ઞાનની પહેલી શરત છે કે દોષ જેવા, તેથી સંસ્કૃતમાં જ્ઞાનીને દોષજ્ઞ કહેવાય છે. આપણા સંપ્રદાયમાં પણ કેટલાક દોષજ્ઞો ઘૂસી જાય છે, બસ દોષ જ જોતા રહે; આ ઝારી આમ કેમ પધરાવી, આ નેવરો આમ કેમ ઓઢાડ્યો, ગેંદ આમની બદલે આમ કેમ મૂકી, મુકુટ સીધો કેમ ધર્યો, ટેઢો ધરવો જોઈતો હતો-કેમકે જ્ઞાની થઈ ગયા. જ્ઞાનીની મોટી પંચાત એ કે આવતાંની સાથે એને ઠાકોરજીના દર્શન થાય જ નહિ, દોષના જ દર્શન થાય. તેથી જેટલા જ્ઞાનીઓ હોય તેમને જગતમાં દોષ જ દેખાય કે આ જગત માયાએ બનાવેલું છે, માયાજાળ છે, દુઃખરૂપ છે, ભ્રમણા છે. અને ભક્તને ગુણ જ દેખાય કે આ ભગવાનની લીલા છે, ભગવદાનંદની અભિવ્યક્તિ છે.

અરવિંદ મહર્ષિ બહુ સુંદર વાત કહે છે : "What is world ? An eternal child playing an eternal game in an eternal garden. એક શાશ્વત બાળક એક શાશ્વત ઉદ્યાનમાં જે શાશ્વત ક્રીડા કરી રહ્યો છે તે આ જગત છે. જગત ભક્તને ભગવાનની ક્રીડા જ દેખાય છે, બીજું કશું નહિ. એનું કારણ જ્ઞાન નથી, એનું કારણ ભક્તિ છે. ભક્તિ હોવાને લીધે એને સર્વત્ર ગુણ દેખાય છે. જ્ઞાનભક્તિ મિશ્રિત હશે તો ગુણદોષ બંને દેખાશે ને કેવળ જ્ઞાન હશે તો કેવળ દોષ જ દેખાશે. એટલે સેવામાં દર્શન કરતાં કોઈને દોષ જ દેખાતા હોય તો સમજી જવું કે સેવાની ચોપડી એટલી બધી ગોખી કાઢી છે. ગોખવામાં એટલી શક્તિ અને સામર્થ્ય વેડફી દીધા છે કે સેવામાં હવે દોષ જ દોષ દેખાય છે, ગુણ દેખાતા જ નથી. અને જેમને આવતાની સાથે જ ઠાકોરજી દેખાય, દોષ ન દેખાય, જેમને કશું સમજ જ ન પડે કે દોષ ક્યાં છે તેના માટે સમજવું કે સેવાની કોઈ ચોપડી વાંચી



નથી, હૃદયમાં શુદ્ધ ભક્તિ જ ભક્તિ ભરાયેલી છે. જેને ગુણદોષ બંને દેખાય તેનું સમજવું કે થોડીક ચોપડીય વાંચી છે ને થોડોક સ્નેહ પણ છે. સીધી Mathematical વાત છે આ.

તો આપણા ઠાકોરજીના દર્શન કરાવવામાં પણ સાવધાની રાખવી જોઈએ. આજે તો આપણે પુષ્ટિમાર્ગીઓ મેળાવડો કરીને ઠાકોરજીનું પ્રદર્શન કરવાના શોખીન થઈ ગયા પણ ખરેખર સિદ્ધાંત પ્રમાણે આવો ઠાકોરજીનો મેળાવડો થાય નહિ. આપણે ઠાકોરજીની સેવા આપણા ઘરમાં ગુપ્તતાથી કરવી જોઈએ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે "ગુપ્તો હિ રસઃ રસત્વં આપદ્યતે, પ્રકટસ્તુ રસાભાસ એવ।" આપણા પ્રભુનું સ્વરૂપ રસાત્મક સ્વરૂપ છે, આપણ પ્રભુની સેવા રસાત્મિકા સેવા છે, આપણો પ્રભુ સાથેનો સંબંધ ભક્તિરસાત્મક સંબંધ છે, અને એ સંબંધ ગુપ્ત રાખવાથી જ જળવાય છે, રસ ગુપ્ત છે ત્યારે જ રસ છે, જ્યારે પ્રકટ થયો ત્યારે રસાભાસ થઈ ગયો. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે જ્યાં સુધી હૃદય ભક્તિરસથી રિક્ત ન થઈ જાય ત્યાં સુધી આપણે આપણા ઠાકોરજીનું એક્ઝીબીશન કરી શકીએ નહિ. ઠાકોરજીનું પ્રદર્શન કરવાની વૃત્તિ જ આપણને ત્યારે પ્રકટ થાય કે જ્યારે હૃદય ખાલી થઈ ગયું હોય. મહાપ્રભુજી બહું સુંદર ઉદાહરણ આપે છે કે પાત્રમાં જે પાણી ભરાયેલું છે તે કદી પાત્રની બહાર આવે નહિ એવી પાત્રની મર્યાદા છે. પણ જો એમાં કાંઈ છિદ્ર થાય, કે એને આપણે ઊંધું વાળીએ તો પાણી બહાર આવવા મંડે, અને પાત્રની ગતિ સમજી જાઓ, કે પાત્ર ખાલી થઈ ગયું ! એમ હૃદયમાં જે ભક્તિરસ છે તે ત્યાં સુધી ભરાયેલો રહેશે કે જ્યાં સુધી એને ઊંધું નથી વાળતા પબ્લિકની સામે આપણે. જાહેરમાં ઊંધું વાળ્યું તો જોનારને તો આનંદ આવશે કે "ઓહો ખૂબ પાણી નીકળ્યું પાત્રમાંથી." પણ પાત્રની ગતિ વિચારી લેવાની કે પ્રદર્શન કરવામાં હૃદય ભક્તિથી રિક્ત થઈ ગયું. "પ્રકટસ્તુ રસાભાસ એવ" એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, એટલે જ્યાં સુધી તમારા હૃદયમાં ભક્તિ હશે ત્યાં સુધી તમારાથી એવું કુકૃત્ય ન થાય ક્યારે પણ.

ભક્તિરસ ન હોય તો આનાથી ય વધારે કુકૃત્ય થઈ શકે, આપણે ઠાકોરજીનેય વેચી શકીએ. મારી સાથે એક વિદ્યાર્થી ભણતો હતો. તે જે મંદિરમાં નોકરી કરતો હતો તે મંદિરમાં એક હજાર શાલિગ્રામજી બિરાજે ! હું ત્યારે નાનો હતો ૧૦-૧૧ વર્ષનો. મેં તેને પૂછ્યું "તું એક હજાર શાલિગ્રામજીને કેવી રીતે સ્નાન કરાવે, ચંદન ચડાવે છે ?" તેણે કહ્યું "તારે જોવું હોય તો એક દિવસ સવારે આવજે." મેં કહ્યું 'વારુ, આવીશ.' એક દિવસ હું જોવા ગયો. એ શું કરે કે એક તપેલું ભરે. એક કપડામાં બધા શાલિગ્રામજીને પધરાવે અને પછી કપડાને તપેલામાં ઝબોળે, બસ સ્નાન થઈ ગયું ! પછી બધા શાલિગ્રામજીને લાઈનસર બેસાડી ચંદન છિરકી દે ! મેં કહ્યું "આ પૂજા ગજબ છે તારી." એ કહે "આમાં પૂજા કરવાની છે જ શું, મારે તો નોકરી કરવાની છે. મંદિરવાળા મહંતજીએ કીધું કે બધા શાલિગ્રામજી પર ચંદન

ચઢવું જોઈએ તે ચઢાવું છું.'' એને અભ્યાસ એવો કે બધા શાલિગ્રામજી પર એકાદ છાંટો તો પડે જ ચંદનનો, એટલે મહંત તપાસ કરવા આવે તો ફરિયાદ ન કરી શકે કે કોઈ શાલિગ્રામજીનું પૂજન કર્યું નથી. પણ મોટા થઈ એણે શું કર્યું કે બધા શાલિગ્રામજીને વેચી ખાધા. ભક્તિ ન હોય તો આવું થઈ શકે હોં. આવા દુર્ગતિ કરાવનાર ભાવ પણ જાગી શકે કે ભાવ બહુ વધી ગયા તો વેચી ખાઓ બધાને.

એટલે આપણે આવા પ્રદર્શનોને ભક્તિ સમજીએ છીએ પણ તે ભક્તિ નથી. ભક્તિનો માર્ગ બહુ ધીરજનો અને શૌર્યનો માર્ગ છે, એ છલકવાનો માર્ગ નથી. હૈદરાબાદના રાજવી લખે છે.

**''હમ તો શજિ યે સમજે હૈં દામન જો ભીગો દે પાની હૈ**
**આંસૂ તો વહી હૈ એક કતરા પલકોંમેં જો તડપે બહ ન સકે.''**

એટલે કે આંખમાંથી છલકે તેને તો હું પાણી ગણું છું, આંસુ નહિ. વહે તે તો પાણી છે, કોઈક શારીરિક કે માનસિક રોગને લીધે પણ વહી શકે પલકની-પાંપણની ભીતર તડપતું રહે પણ ન આવે તે અશ્રુનું બિંદુ. બહાર આવે એટલે પછી પાણી છે, અશ્રુ નથી, એમ એ કહે છે. બસ આનાથી આપણે ભક્તિનું સ્વરૂપ થોડું સમજી શકીએ કે જો આંખની પાંપણના ટેરાની બહાર ભક્તિ છલકી તો પછી ભક્તિ નથી, કાંઈક ભ-ગતિ છે. એ ભ-ગતિને આપણે ભક્તિ ન સમજી લઈએ, ભક્તિની ગરિમાને આપણે સરખી રીતે પિછાણીએ કે કેટલી મોટી સાધનાપ્રણાલી શ્રીમહાપ્રભુજીએ આપણને આપી છે, અને તેને સરખી રીતે જીવનમાં અમલમાં લાવવાનો પ્રયાસ કરીએ તો આપણને ખબર પડશે કે ભક્તને કેવી ચિંતા થાય છે. પણ જો એ ભક્તિ જ આપણા હૃદયમાં ન હોય તો ખરેખર આપણને સમજમાં નહિ આવે કે ભક્તને કેવી ચિંતા થાય અને શ્રીમહાપ્રભુજીને તેનું નિવારણ કરવાની ઉતાવળ શા માટે છે. મહાપ્રભુજી કહે છે ''તમે ભક્ત છો, ભક્તની લૌકિક ગતિ કેવી રીતે થઈ શકે?'' કેટલો બધો આત્મવિશ્વાસ છે મહાપ્રભુજીના હૃદયમાં, કે જેણે પ્રભુને આત્મનિવદેન કર્યું છે તેની લૌકિક ગતિ થઈ જ કેમ શકે ! પણ જો આપણે ઠાકોરજીનું પ્રદર્શન કરી રહ્યા છીએ તો આપણી લૌકિક ગતિ થઈ રહી છે. જો આપણે ઠાકોરજીનો મેળાવડો કરતા હોઈએ તો લૌકિક ગતિ થઈ રહી છે આપણી.

ભક્તિ એકાંતનિષ્ઠા છે. જો તમે મને પૂછો તો ચોખ્ખી ગુજરાતીમાં હું તમને એમ જણાવીશ કે આપણે પરણીએ તો વરણાગી ગામમાંથી નીકળે પણ સુહાગરાત કે હનીમૂન ગામમાં ન મનાવાય, એના માટે તો બધા ક્યાંક ક્યાંક એવા સ્થળોમાં જતા હોય છે કે જ્યાં એકાંત મળે.

આજે તો કેટલાક લોકો લગ્ન પછી તરત નાથદ્વારા જાય છે ! નાથદ્વારામાં જો એક



ફાઈવ સ્ટાર હોટલ બનાવી હોય તો મુંબઈના ઘણા બધા નવા પરણેલા તેમાં ઊતરે ! આપણે શ્રીનાથજીનો એક બીજો ઉપયોગ શોધી કાઢ્યો !

એટલે ભક્તિના આવા વિકૃત રૂપ આપણી ભીતર પનપી રહ્યા છે તેને આપણે ચકાસવા પડશે. નિંદાના રૂપે આ વાત નથી કહેતો. આપણે બધા વૈષ્ણવ છીએ અને મહાપ્રભુજીના પુત્રો છીએ, મહારાજો વંશસંતતિ છે તો વૈષ્ણવો જ્ઞાનસંતતિ છે. એટલે આપણે બધાએ વિચારવું પડશે કે આવા ગોટાળા મહાપ્રભુજીએ ઉપદેશેલ ભક્તિને નામે શા માટે થાય છે? જેણે આવા ભવાડાની છૂટ આપી હોય તેને નામે શા માટે થાય છે? જેણે આવા ભવાડાની છૂટ આપી હોય તેને નામે કરીએ તો કશો વાંધો નહિ, પણ મહાપ્રભુજીના નામે તો આવા ભવાડા ન જ થવા જોઈએ. ભક્તિની જે ગરિમા શ્રીમહાપ્રભુજીએ માની છે તે ગરિમાને જાળવતા અને માણતા આવડવી જોઈએ. આપને ભક્તિમાં એકાગ્રતા અને એકાંતતાનો કેવો આગ્રહ છે કે પ્રભુની કોઈ સેવા આપણે ત્યાં ટેરા વિના ન થાય, અને દર્શન કરવા વધારે ભીડ ભેગી થઈ જાય તો સેવાની પ્રણાલીમાં ચોખ્ખું લખ્યું છે કે ઠાકોરજીના રાઈલુણ ઉતારવા જોઈએ. શા માટે ? કે ઠાકોરજીને નજર ન લાગી જાય. એવો આપણો ભાવ હોવો જોઈએ. ઠાકોરજી એકાંતમાં રાખવાના છે, જરાક જો ભીડ વધી ગઈ અને તે તમને ગમ્યું તો તમે ભક્તિના અધિકારી નથી. પત્ની કે પતિ સાથે આપણે પ્રેમાલાપ કરીએ તે ગામને જોવા દેવાની જો આપણે છૂટ આપતા હોઈએ તો પછી ચોક્કસ તમે તમારા ઠાકોરજીના ભવાડા કરો જાહેરમાં, નહિ તો આપણે કાંઈ ભવૈયા નથી કે ઠાકોરજી ઝૂલા કેમ ઝૂલે છે અને કેવા ભોગ આરોગે છે તે ગામને દેખાડીએ. ઠાકોરજી સાથે આપણો ભક્તિમય સંબંધ છે તે બહુ નાજુક સંબંધ છે. આવા બધા ભારને એ ઝીલી નહિ શકે, તૂટી જશે, ભક્તિ રસ ન રહી જતાં રસાભાસ થઈ જશે, ભક્તિનો સંબંધ વેરવિખેર થઈ જશે; એટલે અતિશય સાવધાની રાખવાની જરૂર છે એ બાબતમાં. ઉપનિષદ કહે છે કે તમે બધા અમૃતના પુત્રો છો, તમે એ અમૃતત્વની કાળજી રાખો. એવી જ રીતે હું પણ કહેવા માંગીશ કે આપણે બધા એ મહાપ્રભુજીના, ભક્તિના પુત્ર છીએ, ભક્તિ આપણી માતા જેવી છે, માતાની ગરિમા ખંડિત થવા દે એ પુત્ર નહિ. તો મહાપ્રભુજીએ ભક્તિને આપેલી ગરિમાને આપણે ખંડિત કરીએ તો આપણે કુપુત્ર છીએ.

નવરત્નનું ઈન્ટ્રોડકશન મારે આટલું બધું લંબાવવાનું ન હોય, પણ જો નવરત્ન પહેલાં આપણે સિદ્ધાંત - મુક્તાવલી સમજ્યા કે સેવા પોતાના તનમનધનથી કરવાની છે, પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદ સમજ્યા કે પુષ્ટિસૃષ્ટિ પ્રભુના સ્વરૂપને માણવા પ્રકટ થયેલ છે, આત્મોદ્ધાર માટે કે સંસારના બંધનમાં બંધાઈ રહેવા માટે પ્રકટ નથી થઈ; સિદ્ધાંતરહસ્ય સમજ્યા કે ''સેવકાનાં યથા લોકો વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ'' - તો સમજાશે કે પુષ્ટિ જીવ ભગવત્સેવાનો ક્યારે પણ ભવાડો ન કરી શકે. જે પ્રભુને સર્વસ્વનું નિવેદન કરી દીધું તેમનું

કાંઈ પ્રદર્શન કરવાનું હોય ? જીવ અને પ્રભુની વચ્ચે એકાંતમાં જળવાતો સંબંધ ભક્તિનો સંબંધ છે.

કિશનગઢમાં એક ભાઈએ મને કહ્યું, ''હિપ્પીઓ તો જાહેરમાં જ પ્રેમાલાપ, ચેષ્ટાઓ વગેરે બધું કરે છે.'' મેં કહ્યું, ''તમે અને તમારા સાથીદારો હિપ્પી થઈ શકતા હશો કદાચ, પણ હું તો હિપ્પી નથી થઈ શકતો, મારે તો મારા પ્રભુને માણવા ટેરો જોઈએ, જોઈએ ને જોઈએ. ટેરા વગર હિપ્પી જ કરી શકે. તમે હિપ્પી હો તો હિપ્પી માર્ગ ચલાવો, થાય તેવા ભવાડા કરો, મને કોઈ વાંધો નથી. ''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ !'' જે બધાને બુદ્ધિ આપે છે તે જ તમને બુદ્ધિ આપશે, એ જે રમત રમશે તેને અમે વધાવી લેશું, પણ સિદ્ધાંતનું તો સિદ્ધાંત તરીકે જ વિવેચન કરીશું અને સમજશું. અહીં પ્રશ્ન કોઈ વ્યક્તિ કે સમુદાયની નિંદાનો નથી, પ્રશ્ન સિદ્ધાંતનો છે, બાકી તો જેને પ્રભુ જે બુદ્ધિ આપે તે મુજબ તે કરે.

આપણું કર્તવ્ય છે કે મરવા જનારાને કહેવું કે મરીશ મા. જીવતો નર ભદ્રા પામે. પણ કોઈ કહે ના, મારે મરવું જ છે. તો આપણે શું કરીએ ? કેટલી માથાફોડી કરીએ ? પણ તે મરતો હોય ત્યારે આપણે બાજુમાં ઊભા હોઈએ તો પોલીસ આપણી ઊલટતપાસ લેશે કે તે મરતો હતો ત્યાં તમે શું કરતા હતા ત્યારે ? તો મહાપ્રભુજીના પંચનામામાં વ્યર્થમાં આપણું નામ ન નોંધાય તે માટે જ્યારે આવા ભગવાનના ભવાડા થતા હોય ત્યારે આપણે ખસી જવું, પછી જેને મરવાનું હશે તે મરશે. જેને ભક્તિમાર્ગમાં જીવવું હોય તેને આપણે બધો સહકાર આપીએ, તેના માટે આપણે મરી જઈએ તોય ઓછું છે, કેમકે ભક્તિમાર્ગ એટલો ઉત્કૃષ્ટ માર્ગ છે. પણ જેને ભક્ત તરીકે જીવવું ન હોય, જેને ભક્તિ પોતાના જીવનમાં જીવવી ન હોય અને મરવું હોય તેને આપણે સહયોગ ન આપી શકીએ. આપણે ત્યાંથી ખસી જવું જોઈએ, જેથી મહાપ્રભુજીની સામે પંચનામું થાય તે વખતે આપણું નામ ન આવે કે જે વખતે ભગવાનનો ભવાડો થઈ રહ્યો હતો તે વખતે આ પણ ત્યાં ઊભા હતા.

એટલે ચૂપચાપ આપણે ત્યાંથી ખસી જવું. એક વખત કહેવું કે આવો ભગવાનનો ભવાડો કરશો મા, પછી તમારી ઇચ્છાની વાત છે. પ્રભુ બધાનો બુદ્ધિપ્રેરક છે, આપણે કોઈની બુદ્ધિ કે કૃતિનો ઠેકો લઈ શકીએ નહિ. આપણે એવો અહંભાવ મનમાં રાખવો ય ન જોઈએ કે ગામને આપણે સુધારી લઈશું. પણ આપણે એટલો મમભાવ તો મહાપ્રભુજીના સિદ્ધાંતોમાં રાખવો પડશે, રાખવો પડશે ને રાખવો પડશે - જો આપણે આ કંઠી લીધી હોય તો. આપણે મહાપ્રભુજીનો સિદ્ધાંત સરખી રીતે સમજવાનો પ્રયાસ કરીએ અને એટલું જ નહિ, એને સરખી રીતે જીવવાનો ય આપણે પ્રયાસ કરીએ. પ્રભુ કૃપા કરી આપણને જેટલું સામર્થ્ય આપશે તેટલું સિદ્ધાંતાનુસાર જીવી શકશું; નહિ જીવી શકીએ તો આપણા દુર્ભાગ્ય હશે, પણ આપણો પ્રયાસ, આપણો ભાવ, આપણી ભાવના તેવી હોવી જોઈએ. મહાપ્રભુજી



કહે છે કે આવો ભક્તિનો ભાવ તમારા હૃદયમાં હોય તો પછી તમને ચિંતા કરવાની કોઈ જરૂર નથી, પછી કોઈ તમારા ભાવનું ખંડન કરી શકતું નથી.

મહાપ્રભુજીએ સુબોધિનીજીમાં વ્રજમાં જેટલા અસુરો આવ્યા તેઓનું એક આખું વિલક્ષણ સ્વરૂપ બતાવ્યું છે, અને તે એવી રીતે કે બીજા માર્ગોમાં, દા.ત., જ્ઞાનમાર્ગમાં આપણામાં રહેલી જે અવિદ્યા છે તેને મારવાનો પ્રયાસ આપણે કરવો પડે, શાસ્ત્રનો અભ્યાસ કરીને ગુરુ પાસે જઈને. પણ આ માર્ગમાં આવું નથી, પ્રભુ પોતે અવિદ્યા દૂર કરી દે છે. રાજા આશકરણદાસ જ્યારે માનવી સેવા કરતા હતા અને કઢી ભોગ ધરતા હતા અને ઠેલો લાગી ગયો તો કઢી ઢોળાઈ તે બહાર ઢોળાઈ, માનસીમાં ન ઢોળાઈ. તો જીવના અલ્પશક્તિવાળા મનથી કરેલી માનસીસેવામાં જો આટલું સામર્થ્ય હોય તો પ્રભુ જે વખતે માનસીસેવા કરે કે વ્રજભક્તોની અવિદ્યાને હું હરી રહ્યો છું તે વખતે અવિદ્યા હરાય કે ન હરાય ? વિચારી લો. જેમ કાલિય નાગ છે તે ઇન્દ્રિયાભિમાન છે, કોઈક અહંકાર છે, કોઈક રાજસાભિમાન છે, કોઈક તામસાભિમાન છે, કોઈક ગૃહાધ્યાસ છે, કોઈક પ્રાણાધ્યાસ છે, કોઈક અંતઃકરણાધ્યાસ છે - આમ એક એક અસુરના સ્વરૂપ મહાપ્રભુજીએ સુબોધિનીજીમાં સમજાવ્યા છે કે ક્યા અસુરને મારતી વખતે પ્રભુએ કઈ જાતની માનસીસેવા કરી; અને એ માનસી સેવાનો પ્રભાવ વ્રજભક્તોમાં કેટલો સુદૃઢ થયો કે ''તન્મનસ્કા તદાલાપા તદ્વિચેષ્ટા તદાત્મિકા તદ્ગુણાનેવ ગાયન્ત્યો: નાત્માગારાત્રિ સસ્મરુઃ'' ભાગવત કહે છે કે એમની પ્રપંચાસક્તિ એવી નિવૃત્ત થઈ ગઈ કે એમના મન, વાણી, ઇન્દ્રિયો, પ્રાણ, આત્મા, ઘર, પરિવાર બધું જ ભગવન્મય થઈ ગયું; એટલે કે કોઈપણ પ્રાપંચિક વિષય એમને ભક્તિમાં કનડગત ઊભી કરી ન શકે એ સ્થિતિ એમની થઈ ગઈ.

વ્રજભક્તોએ શું ત્યાગ કર્યો હતો, કે તપસ્યા કરી હતી ? ભાગવતકાર ચોખ્ખી ના પાડે છે કે ''ન સ્વાધ્યાયતપસ્ત્યાગઃ નેષ્ટાપૂર્તં ન દક્ષિણા.'' એમણે કાંઈ શાસ્ત્રનું અધ્યયન નહોતું કર્યું, કોઈ વ્રત નહોતું કર્યું, કોઈ તપ નહોતું કર્યું. ભાગવતકાર સ્પષ્ટ સમજાવે છે કે વ્રજભક્તોની દિનચર્યા એવી હતી કે 'અહન્યાપૂતં નિશિશયાનમ્.' એ લોકો દિવસે ગોવાળિયાનું કામ કરતા હતા અને રાતના થાકીને સૂઈ જતા હતા. દિવસના કામ કરે અને રાતના સૂઈ જાય તેવા સંસારી લોકોને ભગવદાસક્તિની સિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થઈ ? એ ચિત્તની એકાગ્રતા કૃષ્ણમાં કેવી રીતે થઈ કે જે હજારહજાર વર્ષ તપ કર્યા પછી પણ ઋષિમુનિઓને પ્રાપ્ત નથી થતી !

તેનું કારણ એક જ હતું કે એમણે નિશ્ચલ જીવન કૃષ્ણ સાથે જીવ્યું હતું. સવારે જાગ્યા તો કૃષ્ણ સાથે જાગ્યા હતા, નાહ્યા તો કૃષ્ણ સાથે નાહ્યા હતા, જમ્યા હતા તો કૃષ્ણ સાથે જમ્યા હતા, કૃષ્ણને જમાડીને જમ્યા હતા અને સૂતા હતા તો કૃષ્ણને ખોળામાં લઈને સૂતા હતા. તેથી એમનો સંસાર જ ભક્તિ થઈ ગયો, એમને બીજી કોઈ સાધનાની જરૂર પડી નહિ.

રવીન્દ્રનાથ ટાગોર કહે છે :

વૈરાગ્ય સાધનેર મુક્તિ સે અમાર નય
અસંખ્ય બંધન માંઝ મહાનંદ મય.
લભિબં મુક્તિર સ્વાદ, એ ઈ વસુધાર
પાત્ર ખાનિ ભરિ બારંબાર.
તોમાર અમૃત ડાલ દિબે અવિરત
નાના વર્ણ ગંધ મય પ્રદીપેર મતો.
સમસ્ત સંસાર મોર વૃક્ષ વર્તિકાય
જ્વાલાય તુલિબે આલો તોમાર શિખાય
તોમાર મંદિર માંઝ ઈન્દ્રિયેર દ્વાર
રુદ્ધ કરિ યોગાસન સે નહે અમાર,
જે કિછૂ આનંદ આછે દૃશ્યે ગંધે ગાને
તોમાર આનંદ રવે તાર માંઝ ખાને
મોહ મોર મુક્તિરૂપે ઉઠિવે જ્વલિયા
પ્રેમ મોર ભક્તિરૂપે રહિબે ફલિયા

વૈરાગ્ય સાધનથી જે કાંઈ મુક્તિ મળતી હશે તે મને નથી જોઈતી પ્રભુ ! અસંખ્ય મારાં જે બંધનો છે એ બંધનોમાં હું બંધાયેલો રહું, પણ શરત એટલી કે તે બંધનોમાં તું પણ મારી સાથે બંધાયેલ હોય. મારા બાહુડોરથી હું તને પણ સાથે બાંધું, આપણે બંને આ સંસારમાં બંધાઈને રહીએ. તું વૈકુંઠને થોડી વાર છોડીને અહીં આવી જા, મારા સાંસારિક બંધનમાં તું પણ બંધાઈ જા. જે હું જમું તે તું આરોગતો થઈ જા અને હું સૂઈ જાઉં ત્યારે પોઢતો થઈ જા, હું જાગું ત્યારે જાગતો થઈ જા; પછી વૈરાગ્ય સાધનથી મળતી મુક્તિ મારે નથી જોઈતી. હું શા માટે વિરક્ત થાઉં એ સંસારથી કે જે સંસારમાં મારી સાથે તું બંધાયેલો હોય ? કોઈ જ્ઞાનીને મુક્ત થવું હોય તો થઈ જાય, મારે મુક્ત નથી થવું, હું તો મુક્તિનો સ્વાદ આ વસુધા પર માણવા માંગું છું. – ''વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું, ત્યાં નંદનો કુંવર ક્યાંથી લાવું.'' હું ભૂતલ પર ભગવદ્‌ભક્તિનો સ્વાદ માણી શકતો હોઉં તો મારે શેની મુક્તિ જોઈએ, શા માટે મુક્તિ જોઈએ ? મને કેવી ચિંતા સંસારની, મારા સંસારમાં મારી સાથે તું બંધાયેલો છે.

''અહ્નન્યાપૂતં નિશિશયાનમતિશ્રમેણ લોકં વિકુંઠમુપનેષ્યતિ ગોકુલમ્ સ્વમ્''



સંસારમાં બંધાયેલા ભક્તોને પ્રભુએ વૈકુંઠનો અનુભવ કરાવ્યો તે સાધનબલથી નહોતો કરાવ્યો, પ્રભુએ માનસીસેવા કરી હતી. આપણા માર્ગમાં જે રાગ, દ્વેષ, સંસારાસક્તિ, અજ્ઞાન, દંભદર્પ વગેરે અસુરો છે તેને મારવાની જવાબદારી આપણા પર ન છોડી પ્રભુએ લઈ લીધી છે. પણ શરત એ કે વ્રજભક્તોએ જેવા નિશ્ચલ ભાવથી પ્રભુને પોતાના સંસારમાં પધરાવ્યા તેવા નિશ્ચલ ભાવથી તમે પ્રભુને પોતાના સંસારમાં પધરાવો તો. તમે એનું પ્રદર્શન કરશો, એનો ધંધો કરશો તો કામ નહિ ચાલે ભક્તિમાં, કેમકે એ પછી કાંઈક જુદી જ રામાયણ થઈ ગઈ, એ કથા અને કથામાં બહુ અંતર છે.

મહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે 'કૌણ્ડિન્યો ગોપિકા પ્રોક્તા ગુરુવઃ સાધનં ચ તત્'' કૌણ્ડિન્ય અને ગોપિકા આપણા ગુરુ છે. એમણે ભગવાનને જેવી રીતે માણ્યા, જેવી રીતે ઉછેર્યા તેવી રીતે આપણે ઉછેરશું તો આપણો આ સંસાર મુક્તિ કરતાં ય દુર્લભ થઈ જશે. આ આપણા ગુરુઓએ કોઈ ભક્તિનો ધંધો કર્યો નહોતો, ભક્તિનો ભવાડો કર્યો નહોતો, ભક્તિનું પ્રદર્શન નહોતું કર્યું, પોતાના સ્વરૂપનો મેળાવડો નહોતો કર્યો; દરેક ભક્ત એમ જ આગ્રહ રાખતો હતો કે ''રહિયે મેરેહી મહલ પિય અનત ન જઈએ.'' મારા ઘરને છોડીને તું બીજે કશે જતો નહિ, વાડીમાં પોતાનું પ્રદર્શન કરવા નહિ જતો, મારા ઘરમાં જ રહે, ''શય્યા સામગ્રી વસન આભૂષણ સબવિધ રાખોંગી ટહલ પિય અનત ન જઈએ'' એ ભાવ વ્રજભક્તોનો ભાવ છે; તે ભાવથી આપણા હૃદયને પૂરિત કરશું તો પછી સંસાર આપણને કોઈ દિવસ ચિંતા નહિ કરાવે. મહાપ્રભુજી સ્પષ્ટ કહે છે ''ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ।''

ભગવાન પુષ્ટિસ્થ છે તેનો મતલબ શું ? મહાપ્રભુજી સુબોધિનીજીમાં સમજાવે છે કે કોઈ માણસ કૂવામાં ડૂબતો હોય અને આપણને જો એના પ્રત્યે સ્નેહ ન હોય તો એને બચાવવા માટે આપણે દોરડું ફેંકીએ, રબરના ટાયર ફેંકીએ કે આને પકડીને બચી જા. પણ આપણી કોઈ અતિશય વહાલી વ્યક્તિ ડૂબતી હોય તો આપણે દોરડું કે ટાયર શોધવા નથી બેસતા, એને બચાવવા માટે આપણે આપણી જાતને ઝંપલાવી દઈએ છીએ. એમ આ સંસાર કૂપ હોય અને એ સંસારકૂપમાં જો આપણે ડૂબતા હોઈએ તો પ્રભુ એવી પુષ્ટિ કરે છે આપણા પર, એવા પુષ્ટ થઈને આપણા સંસારમાં પધારે છે કે જે સંસારમાં તમે બંધાયેલા છો, જે દિનચર્યા તમારી છે, એમાં એ પાર્ટનર થઈ જાય છે. એક વખતે પ્રભુ સંસારમાં, જીવનમાં પાર્ટનર થઈ જાય પછી વાંધો નથી આવતો. પણ જો આપણે એને પાર્ટનર ન બનાવી શક્યા તો આ સંસાર ખરેખર અવિદ્યા છે. પછી જ્ઞાનીઓને જોવાની ઈચ્છા થશે કે આમાં દોષ છે. આની ક્ષણભંગુરતા, તુચ્છતા, માયામમતા એ બધું જોવું પડશે.

પણ એક વખત ભક્તહૃદયથી ભગવાનને અહીંયાં બોલાવો, અને આવકારો અને

એ રસાત્મક પ્રભુને રસભાવથી પધરાવો પોતાના ઘરમાં, પછી જુઓ કે તમને કોઈ દિવસ લૌકિક ગતિની ચિંતા નહિ થાય, કેમકે ''બ્રહ્માનંદે પ્રવિષ્ટાનાં આત્મનૈવ મુખપ્રમા સંઘાતસ્ય વિલીનત્વાત્ ભક્તાનાં તુ વિશેષતઃ સર્વેન્દ્રિયૈ તથા ચાન્તઃકરણૈઃ આત્મનાપિ હિ બ્રહ્મભાવા-તુ ભક્તાનાં ગૃહ એવ વિશિષ્યતે.'' મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જે જ્ઞાનીઓ મુક્ત થતા હશે તેમને પોતાના આત્માથી જ કેવળ બ્રહ્મની અનુભૂતિ થાય છે. પણ ભક્તની એક વિશિષ્ટતા છે કે એ પોતાના ઘરમાં બ્રહ્મને પધરાવી લે છે અને પોતાની દરેક ઇન્દ્રિયથી તેને બ્રહ્મનો સ્વાદ માણવા મળે છે. આંખી એ બ્રહ્મના દર્શન કરી શકે છે, જિહ્વાથી એ બ્રહ્મના પ્રસાદને ગ્રહણ કરી શકે છે, વાણી - કર્ણથી એ ભગવદ્ગુણના કીર્તનશ્રવણ કરી શકે છે, હાથથી એ ભગવાનની સેવા કરી શકે છે, પગથી એ ભગવદ્સેવા માટે જઈ શકે છે.

એટલે એક વખત આત્મનિવેદનપૂર્વક તમે ઘરમાં પ્રભુને પધરાવો; તમારું આખું ઘર, આખો સંસાર બ્રહ્માત્મક થઈ જશે. તેથી કહે છે કે ''સર્વં ખલુ ઈદં બ્રહ્મ.'' આ જે કાંઈ છે તે બ્રહ્મ છે. તમે જે જોઈ રહ્યા છો તે ય બ્રહ્મ છે અને તમે જે સાંભળી રહ્યા છો તે ય બ્રહ્મ છે. તેથી જ તમને ખ્યાલ હશે કે આપણે સેવામાં કોઈ વસ્તુને લાવતા નથી, લઈ જતા નથી, પધરાવીએ છીએ. પધરાવીએ છીએ એનો સીધેસીધો મતલબ એ કે તે બ્રહ્માત્મક થઈ ગઈ ''ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષદિવર્ણના ગંગાત્વેન નિરુપ્યા સ્યાત્ તદ્વદત્રાપિચૈવહિ'' શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે કોઈ નાળું કે કોઈક નાની નદી, જે પોતાની ક્ષુદ્રતા લઈને વહેતા હશે, તે એક વખત ગંગામાં ભળી જાય પછી તેમનું વિવેચન નથી કરવામાં આવતું, કેમકે ગંગામાં ભળ્યા પછી નદીનાળાં નદીનાળાં નથી રહી જતા, ગંગા જ થઈ જાય છે. તેવી રીતે ભક્તિમાં ભળ્યા પછી આપણી સંસારની દરેક વૃત્તિ ભક્તિ છે, એટલે સૂવું ય ભક્તિ છે, જાગવું ય ભક્તિ છે, જમવું ય ભક્તિ છે, બધું જ ભક્તિ છે.

જ્યારે બધું ભક્તિ છે ત્યારે લૌકિક ગતિ થવાની ચિંતા તમને શેની ? સંસારમાં જે લૌકિક ગતિને જ્ઞાનીઓ વખોડતા હશે તેની તમને કોઈ દિવસે ચિંતા સતાવશે નહિ, કેમકે તમારો આખો સંસાર ભક્તિમય થઈ ગયો, બ્રહ્મમય થઈ ગયો. તમે આત્મનિવેદન કર્યું છે, એક એવી ગંગામાં તમારી જાતને ઝંપલાવી દીધી છે પ્રભુભક્તિની, કે તમારી દરેક સાંસારિક વૃત્તિઓમાં એવી પાવનતા, એવી શુચિતા આવી ગઈ છે કે જે પાવનતા-શુચિતા મુક્તિની હોઈ શકે.

અને સાચું કહીએ તો મુક્તિ કરતાં ય વધારે છે, કેમકે મુક્તિ કેવળ આત્માથી અનુભૂત થતી હોય છે પણ ભક્તિો સર્વેન્દ્રિયથી અનુભૂત થાય છે, દેહથી અનુભૂત થાય છે, આત્માથી અનુભૂત થાય છે, અને એટલું જ નહિ, પણ આચાર્યચરણ આજ્ઞા કરે છે કે ''પરિજનોપિ કૃતાર્થો ભવતિ ।'' પરિવારજન પણ ભગવત્સેવામાં વિનિયોગ પામીને



કૃતકૃત્ય થઈ જાય છે, કૃતાર્થ થઈ જાય છે. એટલે ત્યાં સુધી આપ આજ્ઞા કરે છે કે તમારાથી કદાચ સાક્ષાત્ પ્રભુની સેવા ન થતી હોય તો કાંઈ વાંધો નહિ, ઘરમાં જે વ્યક્તિ સેવા કરતો હશે તે સેવા કરશે, તેને ફૂલમાળા ધરાવવા જોઈતા ફૂલ તમે બજારમાંથી લાવી શકો છો ? તો તમારી સેવા થઈ ગઈ. તમે કહો કે તેય હું નથી કરતો, તો ય વાંધો નહિ, સેવામય સંસાર ચલાવવા જે દ્રવ્યની જરૂર હોય તે દ્રવ્યનું અર્જન તો તમે કરી રહ્યા છો ને ? બસ તો તમારી સેવા થઈ ગઈ. એ સેવા નહિ ને પરિચર્યા છે, સેવકની સેવા છે. એટલે એક સાક્ષાત્ પ્રભુની સેવા કરે, તે સેવ્યની સેવા, અને એક જે ઠાકોરજીની સેવા કરી રહ્યો હોય તેની સેવા કરે, તે સેવકની સેવા, તેને પરિચર્યા કહેવાય. એટલે સાક્ષાત્ નહિ તો પરંપરાથી. જે વ્યક્તિ કમાઈ રહ્યો છે તે પણ ઠાકોરજીની સેવા જ કરી રહ્યો છે.

મરાઠીમાં એક કહેવત છે કે ''બાપને બતાવો નહિ તો શ્રાદ્ધ કરો.'' તેમ દેખાડો કે ઘરમાં સેવા ચાલી રહી છે કે નહિ ? સેવા ચાલી રહી હોય તો પછી ઘરના બધા લોકો સેવક જ છે, સાક્ષાત્ પ્રભુની સેવા કરતો હોય તો ય સેવક છે અને ન કરતો હોય તો ય સેવક છે, કેમકે એ સંસારમાં એ પાર્ટનર છે કે નહિ જેમાં પ્રભુ બિરાજે છે ? બસ તો પછી એ પણ સેવા કરી રહ્યો છે, કેમકે સંસાર તો એમ જ ચાલે. ગાડીમાં બધા સીટ જ બનવા જાય તો ન ચાલે. કોઈકને ટાયર પણ બનવું પડશે, કોઈને ચેસીસ પણ બનવું પડશે, કોઈકને સ્ટીયરિંગ પણ બનવું પડશે, કોઈકને પેટ્રોલ બનીને પોતાની જાતને ફૂંકવી પણ પડશે; કેમકે ગાડી તો ત્યારે જ ચાલે, બધા સીટ બને તો ગાડી ન ચાલે.

કાંકરોલીવાળા મહારાજશ્રીએ મને એક વાત બતાવી, કે એક વખત તેઓ સુરત પધાર્યા ત્યારે એક નાવમાં ઠાકોરજીનો વૈષ્ણવોએ મનોરથ કર્યો, મોટો મેળાવડો થયો. આ બધા વૈષ્ણવોનો એવો આગ્રહ કે જે નાવમાં મહારાજશ્રી બિરાજે તે નાવમાં જ અમારા ઠાકોરજી બિરાજવા જોઈએ. તો ઝાંપીજી પર ઝાંપીજી, વધતા જ ગયા, ને છેવટે મહારાજશ્રી અને ઝાંપીજી બધા તાપી નદીમાં ! મહારાજશ્રી મને કહે ''હું તો માંડમાંડ તરીને બહાર આવ્યો, પણ જે જગતના તારણહાર છે તેમાંથી કેટલા બહાર આવ્યા તે ખબર પડી નહિ.

એટલે આવા મેળાવડા કરવામાં જે તારણહાર હોય તેને આપણે ડુબાડી દેતા હોઈએ છીએ. તારણહારનો મેળાવડો ન કરો, તારણહારને તમે ઘરમાં પધરાવો, આનંદથી સેવા કરો, પછી જુઓ કે મહાપ્રભુજીનું નવરત્ન તમને કેટલું સમજમાં આવે છે ! મહાપ્રભુજી એક શબ્દ ઉચ્ચારતા હશે તો તમને બે ભાવ સમજમાં આવશે. પણ જો આ રીતે માણવાની તમારી તૈયારી નહિ હોય તો મહાપ્રભુજી નવ શ્લોક ઉચ્ચારશે ને તમને એકે ભાવ સમજમાં નહિ આવે. તમારે કહેવું પડશે કે મહારાજ સુન્યો પર સમજ્યો નહિ. કદાચ એવું ય થાય કે તમને

નવરત્ન સાંભળતા સાંભળતા ઊંઘ જ આવી જાય. ''મંડલીમેં અદ્ભુત નિદ્રા આઈ.'' તમને કદાચ એમ થાય કે આ ચિંતાની પંચાત ક્યાંથી ઊભી થઈ ગઈ? અમને તો મનોરથના દર્શન જોઈતા હતા, કાંઈક પ્રસાદના લાડવા વહેંચવા જોઈતા હતા, આ ક્યાંથી આવી ગયું ?

અમારા કાકાજી કહે છે કે જ્યાં પબ્લિક આપણા વશમાં ન આવતી હોય ત્યાં લાડવારૂપી એક એક હેન્ડગ્રેનેડ ફેંકો, બધા વશમાં આવી જશે ! પણ આવા હેન્ડગ્રેનેડથી વશમાં આવતા લોકો બધા વૈષ્ણવ હશે કે નહિ તેની મને ચિંતા થાય છે. મોદકભટ્ટ હશે આવા બધા, પુષ્ટિભક્તો હશે કે નહિ તે શંકાસ્પદ છે. આવા પ્રસાદિયા ભગત ભક્ત નહિ હોય. એટલે પ્રસાદ અને સ્વાદ એ બંનેનો વિવેક થોડોક સમજતા આપણને આવડવું જોઈએ. પ્રસાદ તેને કહેવાય જે આપણે નિશ્ચલ ભાવથી ઠાકોરજીને ભોગ ધરીએ; અને મેળાવડો કરીએ તો પછી પ્રસાદ નથી, સ્વાદ છે. પ્રસાદથી આપણો ઉદ્ધાર થઈ શકે છે, પ્રસાદથી આપણી અંદર ભક્તિનો ભાવ વૃદ્ધિંગત થઈ શકે છે, પણ સ્વાદથી તો સંસાર જ વૃદ્ધિંગત થવાનો છે - એ વાતને ભૂલતા નહિ. પ્રસાદ અને સ્વાદનો વિવેક સમજીએ તો આપણે નવરત્ન સમજવાના અધિકારી થઈએ.

# પ્રવચન તા. ૨૫-૮-૮૪

જૂના જમાનામાં લોકો એક ગામથી બીજે ગામ ચાલીને જતા, તે ૨૦-૨૫ દિવસે પહોંચે. જેને ત્યાં મહેમાન થઈને ગયા હોય તે ૧૦-૧૫ દિવસ રોકી લે તો ય કાંઈ ગભરાટ ન થતો, કેમકે ચાલવામાં જ મહિના વીત્યા હોય તો પાંચ - દશ દિવસ રોકાતા શું ખાટુંમોળું થઈ જાય ? પણ આજે જે લોકો યાત્રા કરે છે તે લોકોને ખ્યાલ હશે કે કોઈ સ્ટેશન પર એક કલાક ટ્રેન રોકાય તો આપણને થાય કે રેલવેનું આખું તંત્ર કથળી ગયું છે, આ તે કાંઈ વ્યવસ્થા છે ? આપણને ગભરામણ થાય, ચિંતા થાય કે ક્યારે પહોચશું ? પગપાળા જતા ત્યારે આવું નહોતું, એક કલાક તો જનાર જ મોડો પહોંચતો.

અમે દાદાજીના મોંઢેથી વાત સાંભળી છે કે અમારા દાદીજી જ્યારે વ્રજયાત્રા કરવા પધાર્યા તો ૧૮ દિવસ સુધી પાછા ટ્રેનમાં બિરાજવાનો અવસર જ ન આવે, રોજ ટ્રેન છૂટી જાય મથુરાથી સવાઈ માધોપુર સુધીની. તે અંતે ભરતપુર મહારાજાને સૈનિકોને બોલાવવા પડ્યા કે બધા સ્ટાફને, તેઓ જે અવસ્થામાં હોય, ન્હાતા હોય કે જમતા હોય, તે અવસ્થામાં ઉપાડી ઉપાડીને ટ્રેનમાં મૂકો. ત્યારે પેલો સંઘ સવાઈ માધોપુર અને ત્યાંથી પગપાળા ચાંપાસેની પહોંચ્યો.

એટલે એક-દોઢ કલાક મોડા પડવાને મોડું ગણવાની પદ્ધતિ જ નહોતી તે વખતે. પણ હવે જે લોકો વિમાનમાં યાત્રા કરતા હશે તેમને ખબર હશે કે વીસ મિનિટ જો વિમાન મોડું ઊપડે તો બધા ઊંચાનીચા થઈ જાય. કોઈ ઘડિયાળ જુએ,કોઈ પંખો કરે, કોઈ એરહોસ્ટેસને બોલાવીને પૂછે છે કે શું વાત છે, કેમ મોડું થઈ રહ્યું છે, શું ગડબડ છે ? કેટલી બધી ચિંતા, કેટલો બધો ઉદ્વેગ - એક વીસ મિનિટ મોડું ઊપડે તેમાં થઈ જાય હોં. કેમ એવું થતું હશે ? આપણે કોઈ દિવસે વિચાર્યું ? એનું કારણ એ કે આપણું મન અતિશય વેગવાળું છે, અને એટલું અતિશય વેગવાળું કે શરીરને વેગ આપીએ તેના કરતાં બમણો વેગ મનનો થઈ જાય. હવે શરીર જો પગપાળે ચાલીને જતું હોય તો મન એટલું બધું વેગવાન ન થાય. પંદર દિવસ રોકાવું હોય તો આપણને એમ ન લાગે કે વિલંબ થઈ ગયો. પણ ટ્રેનમાં બે દિવસમાં પહોંચવાનું હોય એટલે શરીરમાં વેગ વધ્યો એટલે મનનો પણ વેગ વધતાં એક

કલાક મોડું થતાં ચિંતા થઈ જાય. હવે ઘંટાભરમાં મુંબઈથી દિલ્હી પહોંચવાનું હોય તો શરીરનો વેગ ઓર વધી ગયો એટલે મનનો વેગ એનાથી ચારગણો વધી જાય અને પછી થાય કે વીસ મિનિટ પ્લેન મોડું ઊપડ્યું ? વ્યવસ્થા સાવ ખરાબ થઈ ગઈ છે. તો મનનો વેગ હંમેશાં શરીરના વેગ કરતાં વધુ હોય છે. એટલે જ્યારે મનનો વેગ વધે અને શરીર ય સાથ ન આપે ત્યારે આપણને ચિંતા થાય, ઉદ્વેગ થાય, અકળામણ થાય કે શું થઈ રહ્યું છે ?

કોઈક દિવસ દરિયાકાંઠે ચાલવાજાઓ, એક-બે માઈલ જેટલું ચાલશો તો ય કંટાળો નહિ આવે, કેમકે મન ફુરસદમાં હશે, ક્યાંય પહોંચવું નથી, ખાલી ફરવું છે. પણ ટ્રેન પકડવાની હોય તો ખાલી પંદર મિનિટ ચાલવાનું હોય તો ય ટેન્શન થાય અને વચ્ચમાં કોઈ પૂછે ''કેમ ભાઈ, કેમ છો, મજામાં ?'' તો આપણને થાય ''હમણાં મૂકોને વાત, કાલે પૂછજો, હમણાં ટ્રેન પકડવાની છે.'' એટલે મન વેગમાં આવી ગયું હોવાથી કોઈ આપણા ખબરઅંતર પૂછે તોય ચિંતા, ઉદ્વેગ થાય આપણને. મોટા ભાગની આપણી ચિંતાઓ લૌકિક વ્યવહારમાં કે શાસ્ત્રીય વ્યવહારમાં કે ભક્તિમાં આવા જ ગડબડાધ્યાયોને લીધે થતી હોય છે. શરીરનો વેગ વધારતી વખતે આપણને ખ્યાલ નથી આવતો કે શું ગોટાળો કરી રહ્યા છીએ આપણે, પણ તેની અસર મન પર તો પડતી જ હોય છે, મનનો વેગ ચારગણો થઈ જાય છે, અને પછી શરીર જો એના વેગે ન ચાલે તો ઘર્ષણ થયા વિના રહે નહિ શરીર અને મન વચ્ચે; અને પછી ચિંતા, ઉદ્વેગ વગેરે બધી તકલીફ થવા માંડે આપણને.

તમે જંગલના જાનવરોને જોશો તો સવાર થાય ત્યારથી તે પોતાના ખોરાકની શોધમાં નીકળે તે સાંજ થાય ત્યારે કોઈક વખત ખોરાક મળે, કોઈક વખત ન મળે, પણ એને કાંઈ ચિંતા ન થાય, ઘણી ધીરજ હોય છે. પણ આજે પ્રેશર કૂકર આવી ગયું છે તેથી સિસોટી વાગે ત્યાં તો આપણી અંદરથી ભૂખની સિસોટી વાગવા મંડે કે ખાવામાં કેમ મોડું થઈ રહ્યું છે ? તો શરીરનો વેગ વધાર્યો તેથી મનનો વેગ બમણો વધી ગયો અને ચિંતા, ઉદ્વેગ, હાયપર ટેન્શન, હાર્ટ એટેક બધું થવા લાગ્યું એક પછી એક. એટલે મોટા ભાગની ચિંતાઓ અને ઉદ્વેગોનું મુખ્ય કારણ આ છે કે મનની ગતિ અને શરીરની ગતિનું જે સંતુલન જાળવવું જોઈએ તે સંતુલન આપણે જાળવી શકતા નથી. આજે આપણે જોઈએ છીએ કે જેટલો ઉદ્વેગ શહેરમાં રહેનાર માણસને હશે, જેટલા બ્લડપ્રેશરના દર્દી શહેરના માણસો હશે તેટલા ગામમાં રહેનાર માણસો નહિ હોય. કારણ શું ? કે ગામમાં રહેનારાના શરીરમાં એટલો વેગ નથી આવ્યો એટલે મનનો વેગ પણ તેટલો જ ઓછો હશે, અને શહેરમાં રહેનારાના શરીરમાં વેગ આવી ગયો છે કે બસ પકડવી છે, ટ્રેન પકડવી છે, આ કરવું છે, તે કરવું છે – તો મનમાં તેનાથી ચારગણો વેગ આવી ગયો છે. બોલબેરિંગને સહેજ ધક્કો મારીએ તો ચાર ચક્કર ફરી જાય. તેમ મનમાં પણ એવું કોઈ બોલબેરિંગ છે કે થોડો ધક્કો મારીએ તો ધાર્યા કરતાં ચાર ગણા વેગથી ચાલે, અને પછી શરીર સાથ ન આપે તો ચિંતા થાય.



કોલમેન કરીને એક મોટો મનોવિજ્ઞાની થયો. તેણે Abnormal Psychology નું શરૂઆતનું પહેલું વાક્ય આવું લખ્યું છે કે યુરોપમાં સત્તરમી શતાબ્દી જ્ઞાનની શતાબ્દી હતી, અઢારમી શતાબ્દી તર્ક અને શંકાની શતાબ્દી હતી, ઓગણીસમી શતાબ્દી વિકાસની કહેવાઈ અને વીસમી શતાબ્દી એ કહે છે કે ટેન્શન અને હાયપર ટેન્શનની શતાબ્દી છે. આ સૈકો ટેન્શન અને હાયપર ટેન્શનનો સૈકો છે. દરેક માણસ ટેન્શનમાં છે. મુંબઈમાં તો મને લાગે છે કે ભિખારીઓ પણ ટેન્શનમાં છે. બે-ચાર વાર તમારી પાસે માંગે અને ન આપો તો ગાળો આપીને બીજી ટેક્સીમાં બેઠેલાને પકડશે. એનેય ફુરસદ નથી બે ચારથી વધારે વાર તમારી પાસે માંગવાની, કેમકે બીજી ગાડીઓમાં બેઠેલા છૂટી જાય ગ્રીન સિગ્નલ થતાં. પહેલાના જમાનામાં ભિખારીઓ પણ એક એક દિવસ બેઠા રહેતા એક ઘર પાસે, માંગવું હોય તો. આજે બેથી ત્રણ મિનિટથી વધારે ટાઈમ માંગવામાં એ નહિ બગાડે. એક ગાડી દીઠ, સિગ્નલ ઉપર ક્યારે પણ જઈને જોઈ લેજો. આપણું બધાનું આખું જીવન એકદમ ટેન્શનનું છે. એટલે જેટલા પાગલખાના અને પાગલોના ડોક્ટરો આ સૈકામાં વધ્યા છે એટલા પહેલાં ક્યારેય નહોતા અને એટલા પાગલો ય પહેલાં હશે કે નહિ તે એક વિચારવાનો વિષય રહ્યો.

પહેલાના જમાનામાં ખબર જ નહોતી પડતી કે કઈ વસ્તુ ક્યાં પેદા થઈ. એની જાણકારી મેળવતા આપણને ૨૫-૩૦ વર્ષ લાગી જતા. આજે એક દિવસે કોઈ વસ્તુ પેદા થાય તો બીજે દિવસે ટી.વી.માં આપણે જોઈ લઈએ અને તરત આપણને તે મેળવવાની ઈચ્છા થાય. યાતાયાત પણ વધી ગઈ છે, વસ્તુ બળદગાડામાં નહિ પણ પ્લેનથી કે ટ્રેનથી તરત આવી જાય છે, ઘેર બેઠા મળે છે. એટલે શું થાય ? મેં એક ઘરમાં જોયું તો ખરેખર મને આશ્ચર્ય થયું. મંજન કરવાનો બ્રશ હોય તેમાંય મશીન લગાડ્યું હતું, એટલે આપણે બ્રશ નહિ કરવાનો, હાથમાં મશીન પકડી રાખવાનું, એ પોતાની મેળે દાંત ઉપર ફરતું રહે ! મને થયું આટલી નજીવી કસરત કરવામાં જો આપણને કંટાળો આવે તો પછી આ શરીર કરશે શું ? શરીરને કશું કામ જ નહિ રહી જાય. પંખો હાથથી કરતા હતા તે સિલિંગ ફેન આવી ગયો. જલ ભરવા જતા હતા તો હવે નળ આવી ગયા. આપણે કશું કરવાનું રહ્યું જ નહિ. નિત્ય નવી નવી વસ્તુઓ શોધાતી રહે છે. અમારા કિશનગઢ જિલ્લામાં જ્યાં વીજળી નથી પણ ત્યાંય હું ગયો તો જોયું કે બળદના શિંગડા પર ટ્રાન્ઝીસ્ટર વાગતો હતો ! એટલે દરેક ઠેકાણે દરેક વસ્તુ જ્યારે જોઈએ ત્યારે મળવા માંડી છે.

ગીતામાં એક બહુ સુંદર વાત સમજાવી છે કે ''સંગાત્ સંજાયતે કામઃ'' જે વસ્તુનો સંગ થાય તે વસ્તુની આપણને કામના પેદા થાય. હવે ટી.વી., રેડિયો ને છાપામાં આવતી જાહેર ખબરોથી આપણને દરેક વસ્તુનો સંગ થતો રહે છે. એ સંગને આપણે ટાળી શકતા નથી. એક યોગીની આત્મકથામાં મેં હમણાં વાંચ્યું તો ખરેખર મને બહુ આશ્ચર્ય થયું. અહીં

મુંબઈમાં જ કોઈક આશ્રમમાં તે રહે છે. તેને ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે તમારી ચિત્તની એકાગ્રતા કેવી છે ? તેણે કહ્યું ''ચિત્તની એકાગ્રતાનો પ્રશ્ન જ ક્યાં ઊભો થાય છે ? હું સવારના ધ્યાન લગાડી ગાયત્રી જપવા બેસું ત્યાં તો પેલો રેડિયો વાગવા માંડે ! હવે જો પહેલાં જ 'દિલકા ખિલૌના ટૂટ ગયા'' થઈ જાય તો દિલ સંધાય ક્યાંથી ભગવાનમાં ? ને સંગ તો નિરંતર થતો જ રહે છે તો ચિત્ત એકાગ્ર થાય ક્યાંથી ભગવાનમાં ?'' સંગ થાય તે તો સમજ્યા, સંગથી કામ થાય તે ય સમજ્યા, કામને આપણે વશમાં લાવી શકીએ, પણ તરત જ તે વસ્તુ આપણને મળી જાય થોડાક જ પ્રયાસથી. દુકાનમાં ઓર્ડર લખાવી દઈએ તો ઘેર બધો માલ આપી જાય, લેવા જવાની ય તસ્દી આપણને લેવી પડે નહિ. તે સ્થિતિમાં જ્યારે આટલી વધારે સપ્લાય હોય ત્યારે સંતોષની સ્થિતિ આવે નહિ, કેમકે મનમાં જેવી રીતે સંતોષની ભૂખ રહેલી છે તેવી રીતે વસ્તુની ભૂખ પણ રહેલી છે અને એ જો એટલી જલદી સંતોષવા મંડે તો મન પછી બીજી વસ્તુઓને શોધવાનો પ્રયાસ કરે છે.

તમે જાણો છો કે આજે કેવું થઈ ગયું છે વ્રજયાત્રામાં. યાત્રાની જાહેરખબરમાં આવે કે તમને ઢોકળા મળશે, ફાફડા મળશે, તો આપણને થાય કે આ યાત્રામાં વ્યવસ્થા સારી છે, આમાં જ નામ નોંધાવો, બધું જ મળશે. હું એક વખત યાત્રામાં ગયો તો તંબૂની બહાર કોકાકોલાની બાટલી વેચાતી મેં જોઈ હતી. આજકાલ લોકો ફોલ્ડિંગ પલંગ ને રેડિયો પણ લઈ જાય છે યાત્રામાં ! એટલે યાત્રામાં જઈએ ત્યાં એ બધું મેળવીએ, અને દરિયાકાંઠે જઈને ત્યાં મગફળી ખાતા હોઈએ, ચણા ખાતા હોઈએ, રેતીમાં આળોટતા હોઈએ ! અરે ભાઈ મગફળી, ચણાખાઈને યાત્રા કરો ને, આ બધું દરિયાકાંઠે ખાઓને ! પણ ઊલટું થઈ ગયું બધું, અહીંયાંનું ત્યાં કરીએ અને ત્યાં કરવાનું અહીંયાં કરીએ; કેમકે વસ્તુની સપ્લાય એટલી બધી વધી ગઈ છે કે મુંબઈમાં આપણને એની ઈચ્છા ન થાય, અહીંયાં આપણે વેરાયટી કે ચેન્જ માટે ચણા ફાકી લઈએ. યાત્રામાં જઈએ ત્યારે આપણને થાય કે અહીંયાં કોણ ખવડાવશે ઘરનો ખોરાક ? એટલે યાત્રાની એજન્ટ કંપનીને આપણે કહીએ કે તમારે બધી વ્યવસ્થા કરવી પડશે ! એ બધી વસ્તુ સપ્લાય કરે ત્યારે આપણને યાત્રા કરવાનું ફાવે, આવું ઉટપટાંગ થઈ ગયું.

જે મોટામોટા વૈરાગીઓ છે તે લોકોમાં ય એવું થઈ ગયું કે હિમાલયમાં જઈને રહેવાનું ન ફાવે, વૈરાગ કેળવે એટલે મુંબઈમાં રહેવા આવી જાય. અને મુંબઈના સંસારી હોય તેમને પૂછો તો કહે ''હિમાલયમાં ફરવા જઈએ, ત્યાં બહુ શાંતિ થાય છે ચિત્તમાં.'' આવું બધું ઊલટું જ ચાલે છે કામકાજ આજકાલ. હિમાલયમાં જેણે રહેવું જોઈએ તે મુંબઈમાં આવી જાય અને મુંબઈમાં જેણે રહેવું જોઈએ તે હિમાલયમા જાય. તમે અવારનવાર છાપામાં વાંચતા હશો કે જેટલી ફાઈવસ્ટાર હોટેલો છે તેમાં શરીરસૌષ્ઠવ માટે યોગના વ્યાયામ કરાવે છે, અને એમ પણ વાંચતા હશો કે યોગીઓ ગનફેક્ટરી ચલાવતા હોય છે



પાછા ! બધું ઊલટસૂલટ થઈ ગયું. બધી વસ્તુ બધાને પ્રાપ્ત છે એટલે કોઈને ખબર જ નથી પડતી કે શું કરવું અને શું ન કરવું. ફાઈવસ્ટાર હોટલમાં જઈને માણસ યોગના આસન કરવા મંડી જાય અને યોગ કરનારને ગનફેક્ટરીનું લાયસન્સ મળી જાય ! કાળની આ ગતિને પાછી વાળી શકાય નહિ, પણ વિચારવાનું એ રહ્યું કે આપણે શું કરવું જોઈએ કે જેથી ચિંતા, ઉદ્વેગ, Frustration ના ચક્કરમાં ન ફસાઈએ ? કેમકે ભગવાને ગીતામાં કહ્યું છે ''ન જાતુ કામ કામાનાં ઉપભોગેન શામ્યતિ હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવ અભિવર્ધતે.'' જેટલો તમે કામને ઉપભોગથી શાંત કરવાનો પ્રયાસ કરશો તેટલો તે વધશે, શાંત નહિ થાય. જેમ આગમાં ઘી ઝોંકીએ તો આગ બુઝાતી નથી, વધારે ભડકે છે.

આપણે પતંજલિને પૂછીએ તો તે કહે છે ''યોગઃ ચિત્તવૃત્તિનિરોધઃ'' પણ ફ્રોઈડને પૂછીએ તો કહે છે 'રોગઃ ચિત્તવૃત્ત નિરોધઃ।' ચિત્તવૃત્તિનો નિરોધ કરવો તેનું નામ જ રોગ, બીજો કશો રોગ હોય જ નહિ ! કેમ આટલો ફરક પડી ગયો ? કેમ કે બધી વસ્તુઓ પતંજલિના સમયમાં સહેલાઈથી ઉપલબ્ધ નહોતી એટલે તે સ્થિતિમાં ચિત્તવૃત્તિનો નિરોધ આપણે કરી શકીએ. જેમ હું ચાલતો હોઉં અને મારે અટકવું હોય તો એક નહિ ને બીજે પગલે હું મારી જાતને ચાલતી રોકી શકું. પણ કોઈ ગાડી ફાસ્ટ જતી હોય અને તેને એક ફૂટના અંતરમાં રોકવાનો પ્રયાસ કરીએ તો તે ઉથલી જશે. વિમાન તેથી વધારે ગતિમાં હોય છે. એટલે એક માઈલ લાંબો રનવે જોઈએ. એટલે જેમ વેગ વધારે તેમ નિરોધ કરવા, રોકાવા માટે વધારે અંતર જોઈએ. વાહનને તે માટે એટલો સમય અને અંતર ન આપવામાં આવે તો કહેતાની સાથે જ કાંઈ એ રોકાઈ ન જાય. આપણે શું કરીએ કે ઊલટા ઉપાય કરીએ. મુંબઈમાં રહીએ, આખો દિવય ટી.વી. જોઈએ, રેડિયો સાંભળીએ, અને પછી કહીએ થોડી વાર ધ્યાન ધરીએ, યોગ કરીએ તો જ્યારે તમે આંખ મીંચશો ત્યારે ટી.વી.ની કોઈ જાહેરખબર તમારા કાનમાં ગૂંજશે અને આંખમાં દેખાશે. જ્યારે કામનાની વૃત્તિ આપણે આટલી બધી વધારી દીધી છે ત્યારે એક ક્ષણમાં નિરોધ થવો શક્ય નથી, એટલો સમય અને અંતર આપો મનને રોકાવા, નહિ તો યોગ થવાને બદલે રોગ થઈ જશે.

બહુ પોતાની વૃત્તિઓનું દમન કરે તેમને શા માટે રોગ થઈ જાય છે, હિસ્ટીરિયા થઈ જાય છે, Sadistic tendency થઈ જાય છે ? તેનું કારણ એ જ કે આપણી ચિત્તવૃત્તિઓ એટલી ફાસ્ટ થઈ દઈ છે કે તેમને સહસા રોકવી શક્ય નથી. જે જે ચિત્તની માંગણીઓ છે તે તરત પૂરી થઈ જાય છે, કોઈ પ્રયાસ કરવો પડતો નથી. તે સ્થિતિમાં સપ્લાયમાં જરા પણ તકલીફ થાય કોઈ વસ્તુની, તો આપણને તરત ટેન્શન થઈ જાય છે. તે સ્થિતિમાં આપણી ભક્તિ સાથે તેને કેવી રીતે એડજસ્ટ કરવું તે ખરેખર વિચારવાની વાત છે, હસવાની વાત નથી. આ શતાબ્દી આખી ટેન્શનની છે એમ કહેવાથી વાતનો નિવેડો નહિ આવી જાય, તેનો ઉકેલ લાવવો પડશે, શાસ્ત્ર પાસે તેનો ઉકેલ છે કે નહિ તે આપણે વિચારવું પડશે.

જેમ જેમ જનતા વધે તેમ તેમ વસ્તુઓને પ્રાપ્ત કરવાની સ્પર્ધા વધે છે. સ્પર્ધા વધે તેમ તેમ વૈમનસ્ય વધે, ચિત્તની અશાંતિ વધે, ચિંતા, ઉદ્વેગ, કલહ બધું વધે. ઓર તો ઓર, ધર્મોપદેશકો પોતે આ સ્પર્ધાની વૃત્તિનો શિકાર થઈ ગયા છે. ધંધામાં Competition તો જાણે કે સમજ્યા, પણ આ તો ભક્તિમાં Competition ને જ્ઞાનમાં ય Competition ! જ્ઞાનીને થાય કે હું બધાને જ્ઞાની બનાવી દઉં, ભગતને થાય કે હું બધાને ભગત બનાવી દઉં, વૈરાગીને થાય કે હું બધાને માથું મૂંડાવીને વૈરાગી બનાવી દઉં ! આજની સંસ્કૃતિમાં, આજની નવી સભ્યતામાં, આપણી ઈચ્છાઓમાં અને ઈચ્છાઓના વિષયો અને તેને સંતોષવાની રીતિમાં એટલો વેગ વધી ગયો છે કે વૈરાગી ખરેખર વૈરાગી નહિ હોય, આશ્રમમાં ટી.વી., વિડિયો રાખતા હશો; અને સંસારી કેટલાક એવા ય હશે જે કંટાળીને વિડિયો નહિ પણ જોતા હોય. આવા ઊલટા ક્રમમાં કેવળ વૈરાગ્ય, જ્ઞાન કે ભક્તિથી વાતનો નિવેડો નહિ આવે, કેમકે ઉપદેશકો પણ એ જ સ્પર્ધાના શિકાર થઈ ગયા છે કે જેની સામાન્ય જનતા શિકાર છે. ડોક્ટરોમાં દર્દીઓની ઝૂંટાઝૂંટ હોય, દુકાનોમાં ઘરાકોની ઝૂંટાઝૂંટ હોય તેમ ધર્મોપદેશકોમાં શ્રોતાઓની છીનાઝપટી છે. તે સ્થિતિમાં ચિંતાથી છૂટકારો થવો સરળ નથી.

કદાચ કોઈકને મારી વાત કડવી લાગતી હશે, પણ ઉપાય શું ? કારેલાં તો કડવા જ હોય, તેના પર હું સાકર લગાવીને પીરસું તોય ભીતરથી તો કડવા જ હશે. એટલે ચિંતાનું કારણ, સ્વરૂપ અને તેના ઉપાયો - એ વાતો મીઠી નહિ હોય, કડવી જ હશે, પણ વિચારશું તો સમજમાં આવશે કે આ નિંદાસ્તુતિનો પ્રશ્ન નથી, આપણા સમાજના માળખાનો પ્રશ્ન છે.

કેવી રીતે આપણે ભક્તિ કરીએ તો આ ચિંતા અને સ્પર્ધાના વિષચક્રમાંથી આપણે બહાર આવી શકીએ ? તેનો એક જ ઉપાય મહાપ્રભુજી બતાવે છે કે ''બ્રહ્મભાવાત્ તુ ભક્તાનાં ગૃહ એવ વિશિષ્યતે।'' તમે ઘરમાં થોડુંક કરતા જશો તો તમે સ્પર્ધાના શિકાર નહિ થાઓ, અને જ્યારે તમે બહાર ભક્તિ કરશો, જ્યારે તમે બહાર જ્ઞાન કરશો, તો તમે સ્પર્ધાના શિકાર થયા વિના રહેશો નહિ. ઘરમાં સ્પર્ધા નથી હોતી, બહાર સ્પર્ધા હોય છે. આપણી પ્રાચીન પ્રણાલી કેવી સરસ હતી, કે દરેક વૈષ્ણવ રાત્રે વાર્તાનું, શિક્ષાપત્રનું, ષોડશગ્રંથનું પોતે જાતે વાંચન-મનન કરતા; એમાં કોઈ સ્પર્ધા નહોતી, કોઈ કોઈને છેતરી શકે નહિ, કોઈ કોઈને ડગમગાવી શકે નહિ. પણ આજે તો એવું છે કે કોઈ પ્રવચનકારે કાળા ચશ્માં પહેરવા માંડ્યા અને કાળી શાલ પહેરવા માંડી એટલે બીજાએ પણ તેનું અનુકરણ કરવા માંડ્યું. એ કહે છે, ''તમે મોટા તો અમે છોટા, પણ છીએ તો અમે પણ એ જ. મારા બાપે મારું એવું નામ રાખ્યું તો હું શું કરું !'' લો, ભગવત્કથા કહેવામાં સ્પર્ધ થઈ ગઈ.

એક ભાઈ મને કહેતા હતા કે આપણા પાર્લામાં કથા ચાલે છે, તમે ય મહારાજ કથા કરો. મેં કહ્યું, ''ભલે, પણ હમણાં નહિ, થોડા દિવસ પછી.'' તો બોલ્યા '' એમના



પંડાલમાંથી બધા માણસો ચાલ્યા જાય પછી કથા કરવામાં મજાશું ? સાંજે એમની કથા ચાલવા દો, સવારે આપણે એમના શ્રોતાગણનો લાભ લઈ લઈએ.'' મેં કહ્યું ''આવી કથાથી શું ફાયદો ? એણે આપણું શું બગાડ્યું કે આપણે એની સાથે સ્પર્ધા કરીએ ? એને એની કથા કરવા દો. આપણે આપણી કથા કરશું ફુરસદથી.'' પણ દરેક વાતની સ્પર્ધા છે. પેલા ધર્મ કે સંપ્રદાયની Movement માં ૧૦૦૦ માણસ ભેગા થયા તેમ સાંભળી માણસની પોતાના ધર્મમાં નિષ્ઠા ડગી જાય. આટલી હલકી બાબતો પર જો આપણી ધર્મની નિષ્ઠા આધાર રાખતી હોય તો ધર્મ આપણને કેવી રીતે ઉગારી શકે ? ધર્મનો મતલબ એ છે કે ૯૯ માણસ એક તરફ હોય પણ તમારામાં નિષ્ઠા હોય કે મારે મારો ધર્મ જીવવો છે. પછી આનંદ છે, પછી જુઓ કે ધર્મ તમને કેવી શાંતિ આપે છે ! પણ જ્યારે તમે એમ કહેશો કે ફલાણાના ભાષણમાં એક લાખ ભેગા થયા ને આપણે ત્યાં પાંચ હજાર જ, તો તમારે પેમ્ફલેટ છપાવવા પડશે, પ્રચાર કરવો પડશે, ને ટેન્શન થશે.

મને એક જણ કહે કે મહારાજ પ્રચાર કરો. મેં કહ્યું ''કેવી રીતે પ્રચાર કરું ?'' બોલ્યા ''દરેક હોટલના ખાનામાં જઈને તમારું વિઝીટીંગ કાર્ડ મૂકી દો કે ભારતીય દર્શનની કોઈ પણ જાણકારી મેળવવી હોય તો મળો યા લખો શ્યામુબાવાને ટે.નં. .... '' મેં કહ્યું ''કોઈ દારૂ પીને મારે ઘેર આવી જાય કે 'પઢાવો ભારતીય દર્શન' તો મારે શું કરવું ? હું ય ગાંડો થઈ જાઉં જતે દહાડે, આવા બધા જો આવી જાય તો.''

એટલે આવી સ્પર્ધા જ્ઞાનોપદેશ, ભક્ત્યુપદેશ, મનોરથોમાં થઈ ગઈ કે બાજુના ગામમાં મનોરથ થયો તો આપણે તેનાથી મોટો મનોરથ કરો, તેમણે ચાર મણ લાડવા કર્યા તો આપણે છ મણ લાડવા કરો ! અંતે જે ધર્મ તમને આ ચિંતા, ઉદ્વેગ, ટેન્શનથી છોડાવવા સહાયક થઈ શકતો હતો તે ધર્મને જ તમે ચિંતા, ઉદ્વેગ, ટેન્શનનો હેતુ બનાવી દીધો. જેમ ઉંદરડો પોતાની મુર્ખાઈથી પિંજરામાં સપડાઈ જાય તેમ આપણે સ્પર્ધામાં સપડાઈ ગયા.

અમારે રાજસ્થાનમાં કહેવત છે ''હાડા લે ડૂબી ગણગોર.'' અહીં મહારાષ્ટ્રમાં ગણપતિનું વિસર્જન કરવામાં આવે તેમ ત્યાં ગણગોર હોય છે. તો એક વખત જે હાડા રાજપૂતો ગણગોરનું વિસર્જન કરવા ગયા તે પોતે પાણીમાં વિસર્જિત થઈ ગયા અને ગણગોર કિનારા પર રહી ગઈ. બસ એવું જ થઈ ગયું, કે આપણે ધર્મથી બધાનું નિરાકરણ કરવા જઈએ અને ધર્મ કરવામાં જ આપણને એટલું ટેન્શન થઈ જાય, એટલી સ્પર્ધા ઊભી થઈ જાય. ચિંતાનું વિસર્જન કરવા જતા ધર્મ પોતે વિસર્જિત થઈ ગયો ને ચિંતા કિનારા પર રહી ગઈ, કે પેલાને ત્યાં એક લાખ માણસ અને આપણે ત્યાં હજાર જ ? અરે પણ હજાર ભેગા થાય કે લાખ, તમને તમારા ધર્મમાં નિષ્ઠા છે કે નહિ ? તમને નિષ્ઠા હોય તો વાત પૂરી થઈ ગઈ; પછી બીજા કોણ ? કોણ એને પાળે છે તેની તમને શું ચિંતા ? જે ધર્મને પાળવામાં મને બીજાના માથા ગણવા પડતા હોય તે ધર્મ મારો ધર્મ નથી.

મહાપ્રભુજી કહે છે ''બીજદાઢર્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ'' તમારા હૃદયમાં રહેલો ભક્તિનો બીજભાવ ક્યારે દઢ થાય ? એક જ શરત છે કે તમારા ઘરનાં બારણાં બંધ કરીને સેવા કરો, કરી શકો છો કે નહિ ? કરી શકતા હો, તમારું મન લાગતું હોય તો સમજો કે તમે પુષ્ટિમાર્ગીય છો. પણ જો તમને થાય કે બીજાને નાચતો જોઉં તો મને નાચવાની ઇચ્છા થાય. મતલબ તમને વાંદરાની જેમ નકલ કરવાની વૃત્તિ છે, તમારી અંદર હજી ભક્તિનો બીજભાવ રોપિત થયો નથી. બારણું બંધ કરીને જુઓ કે તમારા પ્રભુની સામે તમને નાચવાની ઇચ્છા થાય છે કે નહિ ? પ્રભુને રીઝાવવાની ઇચ્છા થાય છે કે નહિ ? પ્રભુને રીઝવવાની ઇચ્છા થતી હોય તો ભક્તિ છે, નહિ તો નહિ. તો તમે સ્પર્ધામાં નહિ આવો, નહિતર સ્પર્ધામાં આવી જશો. કોઈ ઝાંઝ વગાડશે તો તમને તેના કરતાં મોટા અવાજે ઝાંઝ વગાડવાની ઇચ્છા થશે. એક કથાકાર કથામાં રડતા હતા. તો શ્રોતાએ સામે રડવા માંડ્યું. તો કથાકાર રડીને થાકીને કહે ''ભાઈ શાંત રહો, તમે નહિ રડો, મને રડવા દો'' એટલે રડવામાં ય સ્પર્ધા.

આવી સ્પર્ધાના ચક્કરમાં આપણે ફસાઈ જઈએ તો ભક્તિ ન થાય. તેથી ભગવાન ગીતામાં કહે છે ''વિવિક્તસેવી.' ખરેખર તમારે કોઈક સાધના કરવી હોય – પછી કર્મની હોય, જ્ઞાનની હોય, ભક્તિની હોય, યોગની હોય, તપની હોય કે વૈરાગ્યની હોય – એ કસોટીના પથ્થર પર એને ચકાસીને જોઈ લો, કે તમને એકાંતમાં તે સાધનાને કરવાની ઇચ્છા થાય છે કે નહિ ? જો એકાંતમાં કરવાની ઇચ્છા થતી હોય તો એ તમારો ભાવ છો, તો એ ધર્મને કરવાનો તમારો અધિકાર છે, એ ધર્મને સ્વીકારવાનો બીજભાવ તમારી અંદર પ્રભુએ સ્થાપિત કર્યો છે. પણ એ સાધનાને જો એકાંતમાં કરવાની ઇચ્છા ન થતી હોય તો સમજી લો કે તમે કોઈકના અનુકરણથી, કોઈકની સ્પર્ધા કરવાના ભાવથી આ સાધના કરી રહ્યા છો. એકાંતમાં કરતાં તમારું મન નથી લાગતું તો એ ધર્મને કરવાનો તમારો અધિકાર નથી. હું એકાંતમાં ભક્તિ કરતો હોઉં ''એકાંતભક્તિ ર્ગોવિંદે યત્સર્વત્ર તદક્ષિણં'' તો હું ભક્તિનો અધિકારી. એકાંતમાં મને જ્ઞાનની સાધના કરવી ગમતી હોય તો હું જ્ઞાનનો અધિકારી. પણ થોડું જ્ઞાન પ્રાપ્ત કરી ભીડ સામે તેના પર પ્રવચન કરવાની ઇચ્છા થતી હોય કે ''બાવા બના તો હિંદી તો બોલેગા'' તો પછી જ્ઞાનનો અધિકારી હું નથી. બડબડાધ્યાયનો અધિકારી એક વખત નહિ, ચોવીસ વખત, પણ જ્ઞાનનો અધિકારી નહિ, કેમકે મને જ્ઞાનના ઓડકાર આવી રહ્યા છે, જ્ઞાન મને નથી પચ્યું. તમને પીરસું અને તમને કદાચ પચી જાય. પણ મને નથી પચ્યું કેમકે મને જ્ઞાનની સાધના એકાંતમાં કરવી ગમતી નથી. તેમજ મને ભક્તિની સાધના એકાંતમાં કરવી ન ગમતી હોય તો હું ભક્તિનો અધિકારી નથી.

આ કસોટીનો પથ્થર છે શાસ્ત્રે આપણને આપેલો, કે જે સાધના તમારે કરવી છે તે સાધનાને તમે એકાંતમાં કરી શકો છો કે નહિ ? એકાંતમાં કરી શકો છો તો પછી તમારે કોઈને



પૂછવાની, કોઈનું સર્ટિફિકેટ લેવાની જરૂર નથી કે તમે એ સાધનાના અધિકારી છો કે નહિ; ચોક્કસ તમે અધિકારી છો. પણ આજકાલ કેટલાક યોગીઓ ભૂગર્ભ સમાધિ લે છે તેની જાહેરખબર છાપામાં આપે છે કે કાલે સમાધિ લેવાના છીએ, આવી જજો તમે. આ યોગ નથી, યોગસાધના નથી, યોગપ્રદર્શન છે. સાધના અને પ્રદર્શનમાં એક મૌલિક તફાવત રહેલો છે, અને તે એ કે સાધના એકાંતમાં થાય છે. એકાંતમાં સાધના કરીને જુઓ, ચિત્તવૃત્તિ જરૂર શાંત થશે. કોઈક વખત અપનાવીને જુઓ, આ તો નગદ સોદાની વાત છે, કાંઈ ઉધાર ઉપદેશની વાત નથી કરી રહ્યો.

એક સામાન્ય વાત કહું. આપણે પૈસા ગણતા હોઈએ તે વખતે મહેમાન આવે તો ગમે ? બારણાં, પડદા બધું લગાવીને નોટો ગણીએ ! તે વખતે કોઈ ઘરની ઘંટી વગાડે તો ય ત્રાસ થાય કે હમણાં ક્યાં આવી ગયા ? છોકરાઓને કહીએ કે જઈને કહી દો કે હમણાં બહાર ગયા છે. એટલે કેવું એકાંત જોઈએ છે જ્યારે નોટો ગણવાની હોય ત્યારે ! તેવા એકાંતમાં યોગસાધના, જ્ઞાનસાધના કે ભક્તિસાધના આપણે કરીએ તો આત્મવિકાસના એક પછી એક સોપાનોને આપણે સર કરી શકીએ. પણ આપણે પડદા ન લગાવીએ, બારણાં ખુલ્લા રાખીએ, જ્યારે આપણે કહીએ કે 'આવો ભાઈ, અમે યોગ કરી રહ્યા છીએ, અમે સેવા કરી રહ્યા છીએ, જોઈ લો, દર્શન કરી લો' – તો તમે નોટો નથી ગણી રહ્યા, કાંઈ બીજો ગોટાળો છે – નોટો સાચી નથી, ખોટી હશે. સાચી નોટો હોય તો આવી રીતે ન ગણાય, બંધ બારણામાં જ ગણાય. એટલે આ એક ચકાસણીનો પથ્થર છે કે તમે કઈ સાધના માટે છો અને કઈ સાધના તમારા માટે છે. આ ચકાસણી દર વખતે કરીને જોઈ લો, પછી સાધના કરો. કોઈ ઉતાવળ નથી. કોઈ સાધના, કોઈ સંપ્રદાય નરકમાં લઈ જનારો નથી, કોઈ સંપ્રદાય આપણને ચોરી કરવાનું શીખવાડતો નથી, આત્મોદ્ધારના જ દરેક માર્ગો છે, આત્મોદ્ધાર માટે જ ભગવાને જુદા જુદા દેવતાના રૂપો ધારણ કર્યા છે, પણ પ્રશ્ન એનો નથી, પ્રશ્ન એનો છે કે તમે શેના માટે છો ? તમે શેને માણી શકો છો ?

ઉતાવળ મોટે ભાગે નુકશાન કરે છે. કેમકે ડોક્ટરો કહી દે કે શરીર વધી ગયું છે, વજન ઉતારો એટલે ભૂખ્યા રહે, ડાયેટ કરે, કસરત કરે અને એટલા બધા ગભરાઈ જાય કે કેટલાક લોકો શરીર ઘટાડવામાં જ મરી ગયા એમ મેં સાંભળ્યું છે. એટલે પંચાત એ છે કે આપણે વધુ પડતા ઉત્તેજિત થઈ જઈએ છીએ, મનની ગતિથી શરીરને લઈ જવાનો પ્રયાસ કરીએ છીએ અને શરીર ન પહોંચી શકે તો આવા ગોટાળાઓ થાય છે. આટલા વેગને આવેગોને લઈને સાધાનામાં પ્રવૃત્ત ન થવું જોઈએ.

એક સામાન્ય દાખલો આપું. શરીરશાસ્ત્રમાં કહેવાય છે કે આપણા મગજની ભીતરની રચના એટલી કોમળ છે કે એને જરા પણ વાગે તો માણસ ગાંડો થઈ જાય, વિચિત્ર વિચિત્ર પરિણામો તેના સંભવે. એટલે મગજને આવરી લેતું ખોપડીનું ખૂબ મજબૂત હાડકું

પ્રકૃતિથી આપણને મળ્યું છે, કે જેથી એકાદ દંડો વાગે તો ય મગજ પર તેની અસર ન થાય, ખોપડીનું હાડકું તેને ઝીલી લે. આમ જ્યાં જ્યાં સંરક્ષણની જરૂર છે ત્યાં ત્યાં તેવું હાડકાનું આવરણ આપેલ છે પ્રકૃતિએ. તો એવી રીતે ધર્મ, જે આપણું મર્મસ્થળ છે; આપણા ચિત્તને શાંત કરવાનો, આત્માને સંતુષ્ટ કરવાનો, આપણી ભીતર રહેલા બીજભાવને પ્રસ્ફૂટિત કરવાનો જે ઉપાય છે, તે પછી યોગ હોય, જ્ઞાન હોય કે ભક્તિ હોય, તેને માટે સંરક્ષણની જરૂર છે, આવરણની - ટેરાની જરૂર છે, તે સંરક્ષણ આપી તે સાધનાને કરો, પછી જુઓ કે ચિત્ત શાંત થાય છે કે નહિ, આત્મા સંતુષ્ટ થાય છે કે નહિ, બીજભાવ વૃદ્ધિંગત થાય છે કે નહિ, જરૂર થશે.

પણ આપણે અવનવા પ્રયોગો કરીએ છીએ. કાપ્લાન કરીને એક વિચારક થયો. તેણે બહુ સુંદર વાત કહી છે. એને એ Law of instrument કહે છે, કે કોઈપણ બાળકને જો તમે એક instrument આપો તો બાળક તેને બધા પર વાપરશે. બાળકનો બાળસ્વભાવ એવો છે કે તેને હથોડી આપીએ તો બધા પર મારી જુએ. પેન્સિલ આપીએ તો ભીંત પર, સોફા પર, તકિયા પર, ગાદી પર—બધે લીટા કરી દેશે, વિવેક નહિ રાખે. એટલે આપણે હાથમાં instrument લેતી વખતે જ વિચાર કરી લેવો જોઈએ કે ક્યું instrument મારે હાથમાં લેવું જોઈએ. બજારમાં આપણે અનુકરણનું, સ્પર્ધાનું insrument હાથમાં લઈએ છીએ; બાજુવાળો જે વસ્તુ રૂપિયામાં વેચે તે આપણે આઠ આનામાં વેચીએ છીએ; પણ ભક્તિમાં એ instrument કામમાં નહિ આવે. સ્પર્ધા અને અનુકરણની વૃત્તિઓને હૃદયમાંથી ફેંકી દો; ભક્તિને એકાંત સાથે અપનાવો, તો તમને ખબર પડશે કે ભક્તિ કેટલી આહ્લાદકારિણી છે, ચિત્તને શાંતિ આપનારી છે. પણ આ રીતે અપનાવો જ નહિ તો પછી ભક્તિનું માહાત્મ્ય કેમ સમજમાં આવે ?

લોકો કહે છે આજે નાસ્તિકતા વધી ગઈ છે; પણ ખરેખર નાસ્તિકતા નથી વધી, પુષ્કળ આસ્તિકતા વધી ગઈ છે લોકોમાં, કેમકે લોકો પુષ્કળ ટેન્શનમાં છે. પ્રાચીન લોકોને આટલું ટેન્શન નહોતું. પ્રાચીન લોકોને ધર્મની જેટલી ભૂખ નહોતી તેટલી આજે લોકોને છે. તેનું કારણ એ કે એ લોકોનું જીવન ધર્મમય હતું એટલે પછી વધારાનો ધર્મ કરવાની એમની ગરજ ઓછી હતી. આજે જીવનમાંથી ધર્મ વિદાય લઈ રહ્યો છે અને વિદાય લઈ રહ્યો છે તેથી ધર્મની ભૂખ વધી રહી છે. જેમ આપણે આખો દિવસ ખાતા હોઈએ તો ભૂખ ઓછી લાગે, પણ દિવસમાં એક વખત જ ખાતા હોઈએ તો ભૂખ વધુ લાગે. આખો દિવસ તમે આરામ કરતા હો તો ઊંઘ એટલી સરસ ન આવે, પણ આખો દિવસ જાગીને તમે પરિશ્રમ કર્યો હોય તો પલંગ પર પડતાની સાથે જ ઊંઘ આવી જશે. એવી રીતે આજે લૌકિક વ્યવહારોનો પરિશ્રમ વધારે થઈ રહ્યો છે. એટલે ધાર્મિક શાંતિની જરૂર લોકોને વધારે છે આજે, ઓછી નથી.



એટલે પુષ્કળ આસ્તિકતા વધી છે; પણ ક્યાંક ગડબડ થઈ ગઈ છે આપણી પસંદગીમાં, આપણા માળખામાં; અને તે ગડબડ એ થઈ ગઈ છે કે જે રીતે આપણે લૌકિક વ્યવહારને કરી રહ્યા છીએ તે રીતે આપણે ધાર્મિક વ્યવહારને કરવા માંગીએ છીએ. ધાર્મિક વ્યવહારને તેવી રીતે નહોતો કરવો જોઈતો. ધાર્મિક વ્યવહારની ગરિમા કાંઈક જુદી જાતની હતી, પ્રભુ સાથેના આપણા સંબંધની ગરિમા કાંઈક જુદી જાતની હતી. એ સંબંધોને એ ગરિમાથી જાળવશો તો ભાવ નિશ્ચિત વધશે, ચિંતા, ઉદ્વેગ નિશ્ચિત ઘટશે.

આપણે તે ગરિમા ન જાળવી અને લૌકિક વ્યવહારની જેમ પ્રભુ સાથે વ્યવહાર કર્યો અને તેથી ઉદ્વેગ ઊલટાનો વધ્યો. આપણને મહાપ્રભુજીએ એક વખત નહિ અનેક વખત બહુ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી. ''યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથંચન તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુતઃ સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્ ઈતિ મતિર્મમ ન લૌકિક પ્રભુ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્.'' તમે ઠાકોરજીની સેવા, ઠાકોરજીના મનોરથ જે વખતે ઠાકોરજીને રીઝાવવા માટે નહીંને ગામને રીઝાવવા માટે કર્યા તે વખતે તમારામાં બહિર્મુખતા આવી ગઈ, ભગવદ્અભિમુખતા ન રહી, એટલે ભક્તિની બેટરી ડિસ્ચાર્જ થઈ ગઈ. પછી તમે કેટલી પણ ભક્તિ કરો - સાત દિવસ સુધી અખંડ કીર્તન કરો, ચોવીસ કલાક સેવામાં જ તત્પર રહો - ''તદા કાલપ્રવાહસ્થા દેહ ચિત્તાદયોપ્યુતઃ સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્ ઈતિ મતિર્મમ.'' કાલના પ્રવાહમાં વહેતા તમારા દેહ, ઈન્દ્રિયો જ તમને અજગર જેમ દેડકાને ખાઈ જાય તેમ કાચા ચાવી જશે. કેમકે તમે કૃષ્ણની સાથે લૌકિકવત્ વ્યવહાર કર્યો. ''ન લૌકિક પ્રભુ કૃષ્ણઃ મનુતે નૈવ લૌકિકમ્.'' કૃષ્ણ લૌકિક નથી, એટલે તમારી ભક્તિની કોઈપણ લૌકિક પ્રણાલીને એ નહિ સ્વીકારે. તમે પૈસા ભેગા કરવા માટે કૃષ્ણને વાપર્યો; કોઈ પેઈન્ટિંગના એક્ઝીબીશન કરે, કોઈ સાડીના એક્ઝીબીશન કરે શોરૂમમાં, તેમ તમે મંદિરમાં કે જાહેરમાં કૃષ્ણનું, ભક્તિનું એક્ઝીબીશન કર્યું, કૃષ્ણને A piece of exhibition બનાવી દીધો. આવો વેચાતો કૃષ્ણ કે વેચાતી ભક્તિ અલૌકિક થઈ શકતા નથી, તમને ભક્તિનો લહાવો આપી શકતા નથી. એની પછી તમે કેટલી ય ભક્તિ કરો, કાંઈ ફાયદો નહિ થાય. મહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે ''લોકાર્થી ચેત્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા.'' લોકાર્થિતાથી જો તમે કૃષ્ણભજન કર્યું તો તમારું કૃષ્ણભજન ક્લેશયુક્ત જ થશે. જેટલું વધારે કૃષ્ણભજન કરશો તેટલો પરિવારમાં કંકાસ વધશે, સમાજમાં કંકાસ વધશે, ઈન્કમટેક્સના દરોડાઓ વધશે, કેમ કે તમે કૃષ્ણભજન લોકાર્થિતાથી કર્યું.

કૃષ્ણને અલૌકિક રીતે Treat કરો. કૃષ્ણભજન કૃષ્ણાર્થે કરો. ''ભાવસ્તત્રાપિ અસ્મદીય સર્વસ્વશ્ચૈહિકશ્ચ સ પરલોકશ્ચ તેનાયં સર્વભાવેન સર્વથા સેવ્ય સ એવ ગોપીશઃ'' કૃષ્ણને મારે ભજવા છે કૃષ્ણને માટે. મારી પાસે પાણીનો પ્યાલો હોય તો પાણીનો પ્યાલો ભોગ ધરીને ભજું અને રસગુલ્લા હોય તો રસગુલ્લા ભોગ ધરીને ભજું, પણ કૃષ્ણને મારે

એટલા માટે નથી ભજવા કે કૃષ્ણને ભજવાથી મારે ઘેર રસગુલ્લા બને. રસગુલ્લા હોય તો કૃષ્ણને ધરવા જોઈએ. કૃષ્ણને ધરવા માટે હું કૃષ્ણને નામે રસગુલ્લા ક્યાંકથી ભેગા કરું તો પછી લૌકિકતા આવી ગઈ, લોકાર્થિતા આવી ગઈ. વાર્તામાં આવે છે કે જયારે સાત સ્વરૂપના મનોરથની ગિરિધરજીએ આજ્ઞા માંગી ત્યારે ગુંસાઈજીએ આજ્ઞા ન આપી. બીજી વખત માગી ત્યારે ય ન આપી. ત્રીજી વખત માંગી ત્યારે શ્રીગુસાઈજીએ કહ્યું કે લૌકિકતા વધી જશે, કરવો હોય તો કરો.

ભારતને સ્વતંત્ર કરવા બાબત ચર્ચા ચાલતી હતી તેમાં દેશના ભાગલાનો પ્રસ્તાવ આવ્યો, તો જેમને નેતાગીરી જોઈતી હતી તે બધા સંમત થઈ ગયા કે હા, હા, ભાગલા કરી દો. તે વખતે ગાંધીજી એક ખૂણામાં જઈને બેઠા હતા. પછી બધાને ખ્યાલ આવ્યો કે આપણે હા તો પાડી દીધી પણ બાપુ કેમ કશું ન બોલ્યા? એટલે બધાએ જઈને બાપુને પૂછ્યું, ત્યારે ગાંધીજીએ કહ્યું ''ઝેરનો પ્યાલો છે, તમારે મરવુ હોય તો પી નાખો તેને.'' એમ લોકાર્થિતાથી કૃષ્ણનું ભજન કરવું ઝેરનો પ્યાલો છે, પીવો હોય તો પીવો.

જીવી ન શકાતું હોય તો મરી જવું જોઈએ, પણ જીવવું હોય તો એ ઝેરનો પ્યાલો આપણાથી ક્યારેય ન પીવાય. કૃષ્ણ કદી લૌકિક નથી અને તેથી આપણી લૌકિક વૃત્તિઓને તે કદી પ્રતિભાવ આપતો નથી, તમારી ભક્તિમાં નિરંતર કલેશ જ વધશે. જેમ જીવનમાં સંસારની સહજતા છે તેમ સહજતાથી, અકૃત્રિમ, નિશ્ચલ ભાવથી કૃષ્ણને સ્વીકારો, પછી કૃષ્ણ તમારો સંસારકૂપમાંથી ઉદ્ધાર કરશે. વીજળીનો ઝટકો એકને લાગે અને તેને બીજો અડે તો બીજાનેય લાગે, તેમ કૃષ્ણભક્તિનો સહજ ભાવ એવો છે કે એક કરે તો બીજાને ય તેનો ચેપ લાગ્યા વિના ન રહે. તેથી જ દયારામભાઈ કહે છે કે 'તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો. તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તું કાચો.'' એ સંગ ત્યારે લાગે કે જ્યારે નિશ્ચલતાથી આપણે ભક્તિને અપનાવીએ.

પણ જ્યારે આપણે જ આવું બધું કૌભાંડ કરતા હોઈએ તો પછી આપણા સંગનો રંગ ન લાગી શકે, કેમકે મન પર કાંઈક એવા આવરણ ચઢી જાય છે કે એનું Justification ખરેખર આપણા મનમાં જ નથી હોતું કે આપણે ભક્તિ શા માટે કરી રહ્યા છીએ. સેવા કરતા હોઈએ ને આપણે દુર્વાસાના અવતાર થઈ જઈએ, ક્રોધ આવે, ત્રાસ થાય. જે સેવા ન કરતા હોય તે પ્રસન્ન દેખાય અને સેવા કરનારા ક્રોધી દેખાય, શા માટે ? કેમકે આપણે નિશ્ચલતાથી, સહજતાથી સેવાને નથી સ્વીકારી. જીવન જીવવાની ઢબ તરીકે સેવા કરવી જોઈએ, પણ જો આપણે અને કૃત્રિમ કર્મકાંડ તરીકે જીવશું તો એને અપનાવતા ક્રોધ આવશે, આવશે ને આવશે; કેમકે જીવન પર સેવાનો ભાર લાદશું તો પરસેવો તો છૂટશે. 'સહજ પ્રીતિ ગોપાલ હિ ભાવે.'' તમે સહજ રીતે જીવનપ્રણાલી તરીકે સેવા કરો, પછી તમને કદી ક્યારેય વાંધો નહિ આવે, એ મહાપ્રભુજીએ આપેલ બાંહેધરી છે.



આપણે સેવાને સહજ રીતે ન સ્વીકારીએ તેથી આપણા ચિંતા, ઉદ્વેગ વધે છે. જો એક વખતે સહજ રીતે સ્વીકારી લઈએ તો તે કદી વધે નહિ. પણ આપણે અનુકરણ કરીએ, સ્પર્ધા કરીએ, અને પછી દોષ શોધવા જઈએ કે આના લીધે એમ થઈગયું, તેના લીધે તેમ થઈ ગયું. ચિકિત્સાને ચિકિત્સાની રીતે કરીએ તો એનો લાભ થાય. પેનિસિલિન જૂથની દવાઓ માટે એમ કહેવાય છે કે શરૂઆતમાં એક લો પછી બે લો, પછી ત્રણ લો - જેમ જેમ દવાની ગોળીઓ લેતા જાઓ તેમ તેમ શરીરને તે માફક આવતી જાય અને રોગ મટવો તેનાથી બંધ થતો જાય. જતે દહાડે પંદર ગોળી લો તો ય કાંઈ ફાયદો થાય નહિ અને જે દિવસે રોગનો હુમલો થાય તે દિવસે આ દવાથી તમે ઈમ્યુન થઈ જતા હોવ છો. તેમ ભક્તિ, જે દરેક રોગની દવા છે, તેને જો આપણે આવી રીતે ઈમ્યુન કરીને લઈએ – જીવનમાં લૌકિક વૃત્તિ સાથે, તો પછી એ નિરાકરણ કરે કેવી રીતે તમારા રોગનું ? એને ઈમ્યુન નહિ કરો, એને એ પ્રમાણમાં લો કે જેથી તમારા રોગ પર તમે કાબૂ મેળવી શકો; પણ એને જ લૌકિકતા સાથે ઈમ્યુન કરી દેશો તો પછી ભક્તિ શું કરે ગરીબ? તમે એને જે રીતે લેવી જોઈએ તે રીતે ન લીધી, પછી ભક્તિ ઈમ્યુન થઈ ગઈ લૌકિક સાથે.

તમાર મનમાં પછી એક એવું Adjustment થઈ જાય કે એક વખત જઈને દર્શન કરી લેવા. 'પેલા બહુ ભક્ત છે હોં.' 'કેમ?' ''મંદિરમાં દર્શન કર્યા વિના જમતા જ નથી.'' એમ તો કેટલાક એવાય છે જે કલબમાં રમ્યા સિવાય પણ જમતા નથી. ફક્ત એનાથી કાંઈ ભક્ત કહેવાય ? તેનાથી કાંઈ ભક્ત ન કહેવાય. અમારા મોટા મંદિરમાં હું જોઉં છું કે ઘણા લોકો ગિરિરાજજીની પરિક્રમા કરવા આવે, તો ફટાફટ પરિક્રમા પર પરિક્રમા કરે. હેતુ શું કે રાતના જમ્યા પછી મરીન ડ્રાઈવ સુધી ફરવા જઈએ તો દૂર પડી જાય, ગિરિરાજજી પાસે જ મળી ગયા ભૂલેશ્વરમાં ! પરિક્રમા ધડાધડ કરે, ને બધું પચી જાય ! ગિરિરાજજી તમારાથી પરેશાન કે આ ભોજન પચાવનારા ભગતડા ક્યાં આવી ગયા ? કોઈ વખતે મંદિરમાં જઈને ખરેખર જોવા જેવું છે ! આવી પરિક્રમાથી કશો દહાડો વળવાનો નથી. એના કરતાં મરીન ડ્રાઈવ પર તમે જાઓ તો શુદ્ધ હવા તો મળે ઓછામાં ઓછી ! આવી પરિક્રમા સમયનો વેડફાટ છે, ''વૈષ્ણવ નથી થયો તું રે.'' આવા બધા ઉપદ્રવ આપણે ભક્તિના નામે કરીએ તેનાથી વૈષ્ણવતા ન મળે. વૈષ્ણવતા એકાંત ભક્તિથી જાગે. ભક્તિ એ એકાંતમાં પ્રભુ સાથેનો સંવાદ છે આપણો, તેમાં કોઈ અંતરાય ઊભો ન કરો, પછી જુઓ કે પ્રભુ તમારી સાથે બોલે છે કે નહિ.

કાલે એક ભાઈ પૂછતા હતા કે પ્રભુ બોલતા કેમ નથી ? બોલે ક્યાંથી, એને એકાંત તો આપો તમે ! માનસિક એકાંત આપો, હાર્દિક એકાંત આપો, બાહ્ય એકાંત આપો; પછી પ્રભુ બોલે. પણ આપણે એમને ભીડમાં જ ફસાવીને રાખીએ તો પછી બોલે જ કેવી રીતે ? અને કોની સાથે ? આપણે દવાખાને જઈએ અને કંપાઉન્ડર વ્યસ્ત હોય તેને પૂછીએ કે ડોક્ટર

સાહેબ કયાં છે ? તો કહેશે ''લાઈનમાં બેસી જાઓ !'' તેને બોલવાની કેમકે ફુરસદ જ હોતી નથી. અને ડોક્ટરને કહીએ કે અહીં નહીં, અહીં દુઃખે છે તો કહેશે ''ચૂપ રહો, ડોક્ટર તમે છો કે હું ?'' ત્યાં સુધી સાંભળ્યું છે કે ટી.બી.નો દર્દી હલ્લા મચાવતો રહ્યો અને ડોક્ટરે તેના ટોન્સિલ કાપી નાખ્યા ! એકાંત નથી ને ! એકાંત નથી તેથી માણસને વિચારવાની ફુરસદ જ નથી, ધડાધડ કામ, બીજી વાત જ નહિ. એટલે બહુ વ્યસ્ત થવામાં હાનિ છે, થોડીક શાંતિથી ભક્તિ કરો, નહિં તો આવા ગોટાળા થશે જ.

અમારા એક અધિકારીએ અધિક માસમાં નિયમ લીધો કે અમુક માળાઓ ફેરવવી. હવે મંદિરમાં વૈષ્ણવો વારેઘડીએ મનોરથો લખાવવા આવતા હોય તે માળા પૂરી થાય નહિ, અને નિયમ લીધો તેટલી માળા ન ફેરવે ને જમવાનો ટાઈમ થઈ જાય તો શું કરે ? એટલે પછી મુઠ્ઠી ભરીભરીને બધી માળા ફેરવી નાખે ! નિયમ પૂરો થાય, પણ આવી માળા ફેરવવાથી ચિત્તને કશું શાંતિ થાય નહિ, ભગવાનમાં ચિત્ત ચોંટે નહિ. તો ચિત્ત ચોંટાડવું હોય તો ખાલી દસ વખત નામ લો, પણ એકાંતમાં લો, કે જેથી ચિત્ત ન ચોંટે તો તમને ઓછામાં ઓછું સમજ તો પડે કે ચિત્ત ચોંટી નથી રહ્યું. વાત કરતા જઈએ ને માળા ફરતી જાય તો તે ય ખબર ન પડે. આજે વ્યસ્ત એટલું થઈ ગયું છે જીવન કે કેટલીક વખત લોકો કહેતા હોય છે કે ખબર નથી કે આજે જમીને નીકળ્યા છીએ કે નહિ. કેમકે એટલી ઉતાવળ હોય છે કે જમ્યા કે નહિ તે યાદ જ ન રહે ! આટલી ઉતાવળ દુનિયામાં તો કરવી પડશે, પણ ''એક ઘર તો ડાકણ પણ છોડે.'' ભક્તિના ઘરને છોડી દો. થોડીક ફુરસદ, થોડોક સમય, થોડીક શાંતિ ભક્તિ માટે કાઢો, પછી જુઓ કે ભક્તિ તમારી બધી ચિંતાનું નિવારણ કેવી રીતે કરે છે. તો તમે ભક્તિની મઝા માણી શકશો, નહિ તો નહિ માણી શકો.

આ હું એટલા માટે કહી રહ્યો છું કે આપણે ભક્તિમાર્ગ ઉપર ચાલવું છે અને તે ચાલવામાં આટલી સાવધાની આવશ્યક છે કે ભક્તિ ફુરસદમાં કરવી જોઈએ, એકાંતમાં કરવી જોઈએ, ધાંધલમાં ન કરવી જોઈએ, અનુકરણમાં ન કરવી જોઈએ, ચિત્તની આંતર-પ્રેરણાથી અને સહજતાથી કરવી જોઈએ.''સહજ પ્રીત ગોપાલ હિ ભાવે.'' સહજતામાં તમને અને પ્રભુને બંનેને ભક્તિનો આનંદ આવશે. અનુકરણથી કરશો તો ટેન્શન વધવાનું જ છે અને વધતાં વધતાં એક વખત ભક્તિ ઈમ્યુન થઈ ગઈ ચિંતા સાથે તો પછી તમે જેટલી વધારે ભક્તિ કરશો તેટલી ચિંતા વધતી જ જશે. એ એન્ટીબાયોટિક્સની માફક તમને ફાયદો નહિ પહોંચાડે, કેમકે તમે ચિંતા અને ભક્તિને સાધી લીધા. જેમ આપણે બધા તીર્થમાં જઈએ તો મનમાં અતિશુદ્ધ ભાવો આવે, આધ્યાત્મિક્તાનો સંચાર થાય; પણ તીર્થમાં વસતા ગોર, મહારાજ, પંડાઓ ત્યાં રહી બધા પાપ કરતા હોય એટલે તીર્થ સાથે ઈમ્યુન થઈ જાય. જેમ દેડકાં, માછલાં ગંગામાં રહેતા હોય પણ એમને ગંગાની કશી અસર થાય નહિ તેમ આમને તીર્થની અસર જ ન થાય. આપણને એમ લાગે કે આપણે યમુનાકાંઠે ગયા, બહુ



ભક્તિનો ઉમળકો આવે; પણ તેઓ યમુનાજીમાં કપડા જ ધોતા હોય, કેમકે ઈમ્યુન થઈ ગયા હોય. એક વખતે એક મંદિરમાં હું દર્શન કરવા ગયો તો મેં જોયું કે ભગવાન તરફ પગ કરીને જ સૂતા હતા ! આપણે પણ તેમ ભક્તિથી ઈમ્યુન ન થઈ જઈએ,કેમકે આ છેલ્લું શસ્ત્ર છે જે બચાવી શકે છે.

ભાગવત્ કહે છે ''નિર્વિણ્ણાનાં જ્ઞાનયોગઃ કર્મયોગસ્તુ કામિનામ્ ન નિર્વિણ્ણોં નાતિસક્તો ભક્તિયોગોડસ્ય સિદ્ધિદઃ'' જે વિરક્ત છે તેના માટે જ્ઞાનયોગ છે, જે અનુરક્ત છે સંસારમાં તેના માટે કર્મયોગ છે, પણ જે નથી બહુ અનુરક્ત કે નથી બહુ વિરક્ત તેના માટે ભક્તિયોગ છે. શ્રી મહાપ્રભુજી તેથી જ કહે છે કે સામાન્ય જન નિઃસાધન છે. આપણે એમ સમજી ગયા કે નિઃસાધન એટલે કશું કરવુંધરવું નહિ; પણ નિઃસાધનનો ખરો અર્થ એ કે આપણને કોઈ એવું અભિમાન નથી કે આપણે સાધનાથી આત્મોદ્ધાર કરી લઈશું, અને આપણા ભીતર કોઈ એવી દુર્વૃત્તિ નથી કે શાસ્ત્રે કહ્યું છે તેનાથી વિપરીત આપણે કરતાં જ રહેવું. તેમ કરનારો દુઃસાધન કહેવાય અને શાસ્ત્રે કહ્યું છે તેમ જ કરનાર સુસાધન કહેવાય. પણ નિઃસાધન એટલે જેને આપણે એવરેજ - સરેરાશ કહીએ તે. દા.ત., ક્રોધી કોને કહેવાય ? એને કહેવાય કે જેને ક્યારેક ક્યારેક ક્રોધ આવતો હોય ? ના, કેમકે ક્યારેક ક્યારેક તો બધાને ક્રોધ આવતો હોય છે. જેને ક્રોધ આવતો જ ન હોય એ કાં તો નબળો છે કાં તો સ્થિતપ્રજ્ઞ છે, ક્રોધ તો આવવો જ જોઈએ ક્યારેક ક્યારેક તો. ક્રોધ કરવાના પ્રસંગે ક્રોધ નથી આવતો મતલબ તે માણસમાં કોઈક જાતની ખામી છે. પણ ક્રોધીનો મતલબ એ કે જેને વારેઘડીએ ન કરવાની વાત પર પણ ક્રોધ આવી જતો હોય. શાંતનો મતલબ શું ? સૂતી વખતે તો આપણે બધા જ શાંત હોઈએ છીએ, પણ તેનો મતલબ શાંત નહિ. શાંતનો મતલબ એ કે વ્યક્તિનો સામાન્ય સ્વભાવ જ શાંતિનો હોય, જેને ઉશ્કેરાટ ન થતો હોય તે.

તેવી જ રીતે આપણે ક્યારેક ભક્તિ કરતા હોઈએ તો ભક્ત ન કહેવાઈએ, સ્વભાવિકી ભક્તિ હોવી જોઈએ, ''અનિમિત્તા ભાગવતી ભક્તિઃ સિદ્ધેઃ ગરીયસી'' તે ન્યાયથી સ્વભાવથી ભક્તિ કરીએ તો ભક્તિ કહેવાય, અને તેવી ભક્તિ જ ચિંતાની નિવારક છે. હવે ઘણા લોકો એમ કહે છે, જેમ કાલે ભાઈએ પૂછ્યું, કે, ભગવાન કેમ બોલતા નથી ? તો હું એ મતનો છું કે આપણે એવો હેતુ પણ ભક્તિની આગળ રાખવો ન જોઈએ. ભક્તિ કરતી વખતે આપણે એ હેતુ રાખીએ કે ભગવાન મારી સાથે બોલે તો હું ભક્તિ કરું - તો એ Agreement થયું, તેના પર Countersign જોઈએ ભગવાનની, તેના વગર Valid ન ગણાય. એટલે Agreement કરવું હોય કે ''મહારાજ છ મહિના સેવા કરીશ, બોલશે તો ઠીક, નહિ તો આપણો સોદો ફોક'' તો તો ચાલે, પણ આપણે ભક્તિ કરતા કહીએ કે 'કેમ નથી બોલતા ?' તો તેવા હેતુઓ ન હોવા જોઈએ, ભક્તિ સ્વભાવથી થવી જોઈએ. આપણે છોકરાને Agreement કર્યા પછી ઉછેરીએ છીએ કે ''મોટો થઈને

તારે મને ખવડાવવું પડશે ?'' કોઈ Agreement કરતા નથી, સહજ સ્નેહથી ઉછેરીએ છીએ. ખવડાવે તો તે તેને છાજશે, નહિ ખવડાવે તો આપણે આપણું માથું ફોડશું. તો જેમ સંતાનને સહજ મમતાથી ઉછેરીએ છીએ તેમ ભક્તિ સહજ વૃત્તિથી કરવાની છે. એવા કોઈ હેતુથી નહિ કે ભગવાન મને સાનુભાવ જતાવે. જેવી આશકરણદાસજીને માનસી સિદ્ધ થઈ ગઈ તેવી મને સિદ્ધ થાય, તો હું ભક્તિ કરું. એવા સહજ ભાવથી ભક્તિ કરતાં ક્યારેય ઉદ્વેગ નહિ થાય કેમકે તમે એને સહજ રીતે સ્વીકારી લીધી.

તો મૂળ વાત પર આવીએ કે આપણે નથી દુષ્ટસાધન અને નથી સુસાધન, અને આવા જ જીવોની બહુમતી હોય છે, અતિદુષ્ટ કે સજ્જન માણસ બહુ ઓછા હોય છે. તો ભાગવત્ કહે છે કે જે એવરેજ માણસ હોય તેણે ભક્તિ કરવાની હોય, એને ભક્તિ ઉપયોગી છે. જે અતિશય વિરક્ત છે તેને ભક્તિ કરવાનું કહીશું તો તેને કદાચ ભગવાનમાં ય વિરક્તિ આવી જશે, કેમકે સ્વભાવ વિરક્તિનો, તેથી ભગવાનમાં ય અનુરાગ નહિ કરી શકે. પોતે લંગોટી પહેરતા હોય તો ઠાકોરજીને વસ્ત્ર ધરાવવાનું નહિ સૂઝે. એટલે તેને જ્ઞાનયોગ છે; જ્યારે આપણે ઘરમાં અતિશય વિલાસિતાથી પણ નથી રહેતા અને અતિશય વિરક્તતાથી પણ નથી રહેતા; એટલે આપણે ઘરના, વ્રજના ભાવથી પ્રભુની સેવા કરવાની છે. આપણે દ્વારકાના ભાવથી સેવા નથી કરતા, કેમકે દ્વારકાનો પ્રભુનો વૈભવ આપણે ક્યાંથી લાવીએ ? ઘણા લોકો એમ સમજે છે કે દ્વારકાના કૃષ્ણ એ કોઈ બીજા કૃષ્ણ અને ગોકુલના કૃષ્ણ અલગ, પણ તેવું નથી. કૃષ્ણ એક જ છે, પણ દ્વારકાનો કૃષ્ણ વૈભવમાં બિરાજતો કૃષ્ણ છે, એને આપણે કેવી રીતે સેવી શકીએ ? ઘરમાં દ્વારકાધીશને છાજે તેવો વૈભવ આર્થિક દૃષ્ટિએ સુસાધન જીવ વસાવી શકે, આપણે નિઃસાધન જીવ ક્યાંથી વસાવીએ ?

વ્રજમાં પ્રભુ એવા ભાવથી બિરાજ્યા કે ગોપીના, ગોવાળોના ઘરમાં જે વસ્તુ પ્રાપ્ત હતી તે આરોગતા, કોઈ જાતનો ઝઘડો નથી કર્યો. ઘરમાં પુષ્કળ માખણ હતું તેથી પ્રભુ માખણ ચોરતા હતા, એમ નહોતા કહેતા કે મારે માટે રસગુલ્લા લાઓ. આ નેગભોગ જે આપણે બાંધ્યા તે કાંઈ ઠાકોરજીને ભૂખ લાગે છે તેટલા માટે નથી બાંધ્યા, એટલા માટે બાંધ્યા કે આપણે એ સામગ્રીઓ જમીએ છીએ તો પ્રભુને ધર્યા વગર ન જમીએ. જો આપણે ન જમતા હોઈએ તો પ્રભુ કાંઈ રસગુલ્લાના ભૂખ્યા નથી. ઘણાં લોકો કહે છે ''સખડીના ઠાકોરજી પાસે અનસખડીના ઠાકોરજી ન બિરાજી શકે. અનસખડીના ઠાકોરજી પાસે દૂધગરના ઠાકોરજી ન બિરાજી શકે.'' ખરેખર જો મિશ્રી આરોગતા ઠાકોરજીથી અનસખડી આરોગતા ઠાકોરજીની મહત્તા વધી જાય કે તેમની સાથે મિશ્રી આરોગતા ઠાકોરજી ન બિરાજી શકે, તો પછી હું તમને એમ કહું છું કે આ ઠાકોરજીની સેવા બંધ કરો અને આનંદથી પછી સખડીની જ સેવા કરો, કેમકે ઠાકોરજીના લીધે સખડીની તમને મહત્તા નથી લાગતી,



સખડીના લીધે ઠાકોરજીની મહત્તા લાગે છે. પછી સખડીને જ સેવો, અને ન મળે તો તેની માનસી કરો ! ચિત્ત સખડીમાં જ ચોંટાડી દો, તેનું નામ સેવા !

અરે તમને એક સામાન્ય વાત કહું. અમારા ઘરમાં અમે સખડી ખાઈએ, વૈષ્ણવને ત્યાં અમે દૂધગર લઈએ, તો વૈષ્ણવને ત્યાં અમારી મહત્તા ઓછી થઈ ગઈ કે નહિ ? વોલ્ટેજ ઘટી ગયા ! પછી અમને નીચે જમીન પર જ બેસાડો, કેમકે 'તમે દૂધગરના મહારાજ છો, સખડીના મહારાજ નથી !' કેમ, તો કે ''ગુરૂર્દેવો મહેશ્વરઃ ગુરુર્સાક્ષાત્ પરબ્રહ્મ'' એટલે સખડી આરોગવાથી ઠાકોરજીના વોલ્ટેજ વધે અને ન આરોગવાથી ઘટે તો ગુરુના વોલ્ટેજમાં પણ તે પ્રમાણે વધઘટ થાય કે નહિ ? એટલે જે વૈષ્ણવને ઘેર સખડી આરોગે તે મહારાજને બધી ભેટ કરવાની અને દૂધગર આરોગે તેને રૂપિયો જ ભેટ ધરવાનો ! મહાપંચાત થઈ જાય, માહાત્મ્ય પ્રભુ કે ગુરુનું ન રહીને સખડી અનસખડી સામગ્રીનું થઈ જાય. આપણે શું કરી રહ્યા છીએ ? એક જગ્યાએ મેં જોયું કે મનોરથમાં બધા મરજાદીના ઠાકોરજી બિરાજતા હતા તેમાં એક બિનમરજાદીના ઠાકોરજી આવી ગયા, તો ઊહાપોહ થઈ ગયો અને મરજાદીના ઠાકોરજીઓથી છેટે તે ઠાકોરજીને પધરાવ્યા ! એણે મરજાદ ન લીધી તેનો દંડ ઠાકોરજીને આપવાનો હોય ? શું ખિલવાડ કરી રહ્યા છીએ આપણે સંપ્રદાયના નામે ઠાકોરજી સાથે આવી ખોટી ઘર કરી ગયેલી માન્યતાઓના લીધે, કેવી મજાક ઉડાવી રહ્યા છીએ મહાપ્રભુજીની ?

એ પણ આપણે સમજવું જોઈએ કે કેવળ મિસરી જ ન ધરાય. આપણે મિસરી ખાઈને રહી શકતા હોઈએ તો પછી ઠાકોરજીને કેવળ મિસરી ધરાય, પણ આપણે ઢોકળા, ફાફડા ખાઈએ અને ઠાકોરજીને કહીએ ''આપ મિસરી આરોગો, આપ મિસરીના ઠાકોરજી છો !'' પછી આપણે શેના ભગત છીએ, મિસરીના, ઢોકળાના કે ઠાકોરજીના ? આપણે બધું ખાઈએ અને ઠાકોરજીને કાંઈ નહિ ? વિચિત્ર વાત છે. એવી સ્થિતિમાં સેવા ન પધરાવવી જોઈએ, બ્રહ્મસંબંધ ન લેવું જોઈએ. મહાપ્રભુજીનો સ્પષ્ટ આદેશ છે કે ''સેવાયાં વા કથાયાં વા.'' આપણે કથામાં પ્રવૃત્ત થવું જોઈએ. પ્રપત્તિ, એટલે કે શરણભાવના કરવી જોઈએ. પણ આજે મોટી પંચાત એ થઈ ગઈ કે બ્રહ્મસંબંધને આપણે આપણા સંપ્રદાયનો Trademark સમજી બેઠા છીએ કે છાપી દો બ્રહ્મસંબંધનો સિક્કો બધા પર, બધાનો ઉદ્ધાર થઈ જશે. એક ભાઈએ મને કહ્યું ''મહારાજ તમારું કામ છે બ્રહ્મસંબંધ આપવાનું. પછી ભગવાનથી અમે સમજી લઈશું.'' મેં કહ્યું ''વાત સાચી છે તમારી, પણ આવી રીતે બ્રહ્મસંબંધ આપી દઉં તો મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે સમજ્યા-વિચાર્યા વગર બ્રહ્મસંબંધ આપતાં બીજા જન્મમાં ગુરુ અજગર થઈ જાય અને શિષ્યો કીડીઓ થઈ તેને ચટકા ભરે, તો પછી તમે મને ચટકા ભરો તો મારે ક્યાં જવું ?''

અમારા દાદાજીને હાર્ટ એટેક આવ્યો એક વખત પ્રવચન કરતા કરતા... વૈષ્ણવો

ભાવથી, શ્રદ્ધાથી ધીરજ ધરીને બેઠા રહ્યા. ડૉક્ટરે આવીને કહ્યું ''બધી ભીડને ખસેડો, આવી રીતે ભીડ ન થાય.'' મેં કહ્યું 'સારું'. મેં બધાને વિનંતી કરી કે ભાઈ ખસી જાઓ અહીંયાંથી. ઘેરીને નહિ બેસો. પછી થોડી વારે દાદાજીને હોશ આવ્યા, તો પાછા બધા આવી ગયા. ડૉક્ટર મને ખૂણામાં લઈ ગયા અને કહ્યું ''મહારાજ હાર્ટ એટેકથી બચી જશે પણ શિષ્ય એટેકથી નહિ બચે, તમે કાળજી રાખો, બહુ મોટો એટેક છે શિષ્યોનો.''બીમાર હતા ત્યારે ય બધા આગ્રહ રાખતા કે હવે જયાંથી અધૂરું રહ્યું ત્યાંથી પાછું પ્રવચન શરૂ કરો ! તો આવો શિષ્ય એટેક ન કરવો જોઈએ. તેમ ઠાકોરજી પર પણ આવો ભગત એટેક ન કરવો જોઈએ. આપણે થોડી કાળજી, થોડી ગરિમા, થોડો પ્રભુના સુખનો વિચાર રાખવો જોઈએ, થોડોક પ્રભુના માહાત્મ્યનો વિચાર રાખવો જોઈએ; તો સરખી રીતે સેવા થાય, નહિ તો સેવા ન થાય. ચિંતા આપણને એટલા માટે થાય છે કે ભક્તિના ભાવને આપણે સમજી શકતા નથી.

ભાગવત્‌માં કહેવામાં આવ્યું છે ''પ્રાપ્તં સેવેત નિર્મમ.'' બીજો એક શ્લોક કહ્યો છે ''યત્પૃથિવ્યાં વ્રીહિયવં હિરણ્યં પશવઃસ્ત્રિયઃ ન દુહ્યન્તિ મનઃ પ્રીતિ પુંસઃ કામહતસ્ય તે.'' તેના પરથી જ કોઈકે સુભાષિત રચ્યું છે ''યત્પૃથિવ્યાં બલં જ્ઞાનં ગુણાશ્ચ સુયશો ધન યતો નૈકસ્ય પર્યાપ્તં સ્વાર્જિતં નિરહં ભજેત્.'' પૃથ્વી પર જે કાંઈ જ્ઞાન, બલ, ગુણ, યશ, ભક્તિ વગેરે સિદ્ધિઓ છે તે કોઈપણ એક વ્યક્તિને ક્યારેય મળી શકતી નથી. જો આપણે વધારે મેળવવાનો પ્રયાસ કરશું તો ચિંતા, ઉદ્વેગ ચોક્કસ વધશે જ આપણા. એટલે આપણને ઉપાય બતાવવામાં આવ્યો છે કે ''સ્વાર્જિતં નિરહં ભજેત્'' જે મેં અર્જિત કર્યું છે તેનો મારે અહંકારરહિત થઈને ઉપભોગ કરવો જોઈએ. જે મારી પાસે જ્ઞાન છે તે કોઈકથી વધારે હશે, કોઈકથી ઓછું હશે. જે મારી પાસે ભાવ છે તે કોઈકથી વધારે હશે, કોઈકથી ઓછો હશે. જે મને સુવિધા સેવાની છે, ભક્તિની છે તે કોઈકથી વધારે હશે, કોઈકથી ઓછી હશે. તેથી જે મારી પાસે સહજસુલભ જ્ઞાન, ભાવ, સુવિધાની સંપત્તિ છે, તેનો મારે અહંકાર ન કરવો જોઈએ. જે મારાથી ઓછા છે તેમને જોઈને હું અહંકાર કરું તો ભક્તિનો ભાવ મારો કરમાઈ જશે. અને જે મારાથી વધુ છે તેને જોઈને હું મનમાં ઓછું લાવું તો પણ ભક્તિનો ભાવ કરમાઈ જશે. એ સમજવું પડશે કે જ્ઞાન, બલ, ગુણ, યશ, ધન – એ બધું પૃથ્વી પર કોઈ એક વ્યક્તિને ક્યારેય મળી શકતા નથી.

સામાન્યતયા આપણને બે અતિવાદી વૃત્તિ થાય કે કાં તો આપણે નિરાશ થઈ જઈએ મને બધું નથી મળતું, અથવા એવી એકલવાયી વૃત્તિ રાખીએ કે સૌથી મોટો જ્ઞાની હું થાઉં કે સૌથી મોટો ભક્ત હું થાઉં કે સૌથી સારી સેવા હું જ કરું કે સૌથી વૈભવશાળી સેવા હું જ કરું – એવો અહંકાર કરીએ. પણ ચિંતાનિવૃત્તિનો સાચો ઉપાય સુભાષિતકાર આપણને બતાવે છે ''યતે નૈકસ્ય પર્યાપ્તં સ્વાર્જિતં નિરહં ભજેત્.'' કેમકે એક વ્યક્તિને બધું મળી શકતું



નથી, માટે જે તમને મળ્યું છે તેનો અહંકાર વિના ઉપભોગ કરો. મળ્યું તેને ફગાવી નહિ દો અને એવી રીતે ઉપભોગ પણ ન કરો કે તમારો અહંકાર વધી જાય. ''યસ્ય નાહંકૃતો ભાવો બુદ્ધિઃ યસ્ય ન લિપ્યતે.'' ભગવાન કહે છે કે જેનો અહંકારપૂર્ણ ભાવ નથી તેની બુદ્ધિ લિપ્ત નથી થતી ઉપભોગમાં, તેને સુખદુઃખ કદી બાધક થતા નથી, ચિંતા કોઈ દિવસ થતી નથી. તેથી ભાગવત્ આપણને સમજાવે છે કે ''પ્રાપ્તં સેવેત નિર્મમ'' જે પ્રાપ્ત છે તેનું નિર્મમ થઈને સેવન કરો.

એક સામાન્ય દાખલો આપું. આપણા વડીલ, આપણાં માતાપિતા સંતાનોને કાંઈ કાંઈ લાવી આપે. હવે મને જે આપે તેની હું બીજા સાથે તુલના કરું અને તુચ્છ લાગતા ગુસ્સામાં ફેંકી દઉં તો મારા વડીલનું મેં અપમાન કર્યું કહેવાય. અને આપી તે વસ્તુને હું વાપરું નહિ તો ય અપમાન કર્યું કહેવાય. હું વાપરું નહિ અને તે વસ્તુ બીજાને બતાવી તેમને નીચા પાડું કે ''તમને તો તુચ્છ વસ્તુ મળી છે'' તો એ ખોટી ચડસાચડસી થઈ કહેવાય. ઉત્તમ પ્રકાર એ છે કે મારા વડીલે જે મને આપ્યું તેનો મારે વડીલ પ્રતિ અહોભાવ સાથે નિરહંકાર થઈને ઉપભોગ કરવો જોઈએ, કેમકે મારા વડીલે મને આપ્યું છે. તેમ આપણને જ્ઞાન, ભક્તિ, કર્મ, યશ, ધન – જે કાંઈ પ્રભુ આપે છે તેનો અહંકાર નહિ કરો. તેમજ તેને ફગાવી નહિ દો કે આ તો તુચ્છ છે, મિથ્યા છે, ક્ષણભંગુર છે. અરે આપ્યું કોણે છે તે ક્ષણભંગુર ? પુષ્પ તો એક ક્ષણ માટે ખીલે છે, પણ ખીલે છે કેટલું સુંદર ! બધી ક્ષણભંગુર વસ્તુ શું ખરાબ જ છે ? તમે ય કયા શાશ્વત્ છો, તમે ય ક્ષણભંગુર છો. ક્ષમભંગુર છીએ એટલે કાંઈ આજે તો નથી મરી જતા, જેટલું જીવવાનું છે તેટલું તો જીવીએ જ છીએ; તો પછી દરેક વસ્તુની ક્ષણભંગુર છે એમ કહીને નિંદા કેમ કરવી ? નિંદા કોઈપણ વસ્તુની ન કરવી, કેમકે આ સૃષ્ટિ પ્રભુની છે, જે કાંઈ આપણને મળ્યું છે તે પ્રભુ તરફથી મળ્યું છે, એને ફગાવી ન દેવાય, તેનો અહંકાર ન કરાય, તેની નિંદા ન કરાય.

ભાગવત્ કહે છે ''સ્વાર્જિતં નિરહં ભજેત્'' એ ઉપભોગનો સાચો પ્રકાર છે. જયારે તમે સ્વાર્જિતનો નિરહંકાર ઉપભોગ કરવા લાગ્યા ત્યારે તમારી ભક્તિને ખીલવાનો પૂરો અવકાશ છે. જયારે અહંકારપૂર્વક કોઈ વસ્તુનો ઉપભોગ કરો છો ત્યારે તમારું હૃદય ભક્તિ માટે ફળદ્રુપ નથી રહી જતું. હૃદયમાં કાં તો અહંકાર રહી શકે કાં તો ભક્તિ રહી શકે. જેને અહંકાર રહે છે તેના હૃદયમાં ભક્તિનો છોડ નથી ખીલતો, અને જેના હૃદયમાં ભક્તિનો છોડ ખીલે છે તેને અહંકાર નથી રહેતો.

તેવી જ રીતે વિરક્તિ પણ એક જાતનો નેગેટીવ અહંકાર જ છે. હું મારી જાતને જ શ્રેષ્ઠ ગણું અને બાકી બધું ખોટું છે તેમ માનું તો જ હું દરેક વસ્તુથી વિરક્ત થઈ શકું, નહિ તો કેવી રીતે વિરક્ત થઈ શકું ? એટલે વૈદિક પ્રણાલી મુજબ સહસા ત્યાગ ન થાય, વૈરાગ્ય હોય તો જ ત્યાગ કરાય, સંન્યાસ લેવાય, ત્યાગ કરવો એ વસ્તુની નિંદા છે, કોઈ વસ્તુને

હું હેય કેવી રીતે કહું ? જ્યારે કણ કણ પ્રભુ છે ત્યારે હેય કશું નથી. મહાભારતની કથામાં આવે છે કે ભગવાને દુર્યોધનને કહ્યું કે જે શ્રેષ્ઠ બ્રાહ્મણ હોય તેને દક્ષિણા આપી આવ. દુર્યોધન બધે ફરીને પાછો આવ્યો અને કહ્યું, ''મહારાજ, કોઈ બ્રાહ્મણ શ્રેષ્ઠ દેખાતો નથી, કોઈકમાં આ દોષ છે તો કોઈકમાં તે દોષ છે.'' ભગવાને કહ્યું ''ભલે, યુધિષ્ઠિર હવે તું જઈને દક્ષિણા આપી આવ.'' યુધિષ્ઠિર પણ બધે ફરીને પાછા આવ્યા. ભગવાને કહ્યું ''તમે કેમ પાછા આવ્યા ?'' તેમણે કહ્યું ''કોને દક્ષિણા આપું ? બધા જ શ્રેષ્ઠ છે.'' એટલે બધાના દોષ જોવા, બધી વસ્તુને હેય - ત્યાજ્ય ગણવી એ પણ એક જાતનો અહંકાર જ છે. તમે તમારી જાતને મહાન ન ગણો છતાં દરેક વસ્તુને ત્યાજ્ય ગણો તો દરેક વસ્તુ તમારા કરતાં નીચી તો થઈ જ ગઈને. એટલે તમે કહો કે નહિ, તમારાથી અહંકાર થઈ જ ગયો. એવો અહંકાર ભક્તિમાર્ગમાં બાધક છે. જ્ઞાનમાર્ગમાં તેવો અહંકાર બાધક નથી, કેમકે ત્યાં તે અહંકારને પગથિયું બનાવી બ્રહ્મમાં કૂદકો લગાવવાનો હોય છે, તે અહંકાર સહાયક હોય છે, પણ ભક્તિમાર્ગમાં તે બાધક જ છે, કેમકે ભક્તિનો સ્વભાવ અતિશય કોમળ છે અને આવો વૈરાગ્યપ્રધાન અહંકાર ભક્તિ સાથે મેળ ખાતો નથી. આપણને ભગવદ્ અનુરાગપ્રધાન અહંકાર હોવો જોઈએ કે હું પ્રભુનો, પ્રભુ મારા. તેવો અહંકાર ભક્તિમાં સહાયક છે.

આમ આપણે અહંકારને છોડતા નથી, સરસ રીતે શણગારીએ છીએ. જેમ નખ કેટલી ખરાબ વસ્તુ છે, ચીરવામાં અને નહોર ભરવામાં તે વપરાય. પણ આપણે વાઘ, બિલાડીની જેમ તેને વધવા નથી દેતા, તેને કાપીને સુરેખ, શોભાયમાન બનાવી દઈએ છીએ. એટલે અતિશય હિંસાપ્રધાન જે વસ્તુ હતી તેનો આપણે અતિશય સૌંદર્યમાં ઉપયોગ કર્યો. આજે તો નેલપોલિશ લગાવી નખને વધારે શોભાયમાન કરે છે સ્ત્રીઓ. તો નખની જેમ અહંકારનો પણ સંસ્કાર કરવો જોઈએ, કેમકે અહંકાર પણ હિંસાપ્રધાન છે. બીજાનો અહંકારને તોડવા જ વ્યક્તિ પોતાનો અહંકાર વધારતી હોય છે. ઘણા લોકો કહે છે ''પેલો માણસ બહુ અહંકારી છે.'' હવે એકાદ સુધી તો વાંધો નહિ, પણ અમુક માણસોને બધા જ અહંકારી લાગતા હોય છે ! કારણ મૂળમાં વ્યક્તિ પોતે જ અહંકારી હોય છે, એટલે બીજાનો અહંકાર થોડો ય સાંખી નથી શકતો, બધાની જ નિંદા કરવા મંડે છે. એટલે એવા હિંસા-પ્રધાન અહંકારને થોડો શણગારો. કેવી રીતે ? મહાપ્રભુજી કહે છે 'દાસોહમ્' કહીને. તેવો શણગારેલો અહંકાર ભક્તિનું સૌંદર્ય નિખારવામાં તમને સહાયક થઈ જશે અને એક વખત અહંકાર ભક્તિમાં સહાયક થઈ ગયો પછી કોઈ વસ્તુને ફગાવવાની તમને ઈચ્છા નહિ થાય, તમને ભક્તિમાં ઉપયોગી દરેક વસ્તુને વાપરવાની ઇચ્છા થશે, જે કાંઈ તમારી પાસે છે તે પ્રભુ માટે વાપરવાની ઇચ્છા થશે. અહંકારનો આમ પ્રભુભક્તિમાં વિનિયોગ કરતાં તે શોભશે, ભક્તિમાં કદી ચિંતા ઉત્પન્ન નહિ કરે.

પણ વૈરાગ્યપ્રધાન અહંકારથી યુક્ત ભક્તિ કોઈ દિવસ સ્વસ્થ નથી રહી શકતી.



તેથી શાસ્ત્રમાં કહ્યું છે ''આયાતમાયાન્તમપેક્ષણીયં ગતં ચ ગચ્છન્તમુપેક્ષણીયમ્ અલં વૃથા ખેદનમોદનાભ્યાં યદસ્મદીયં ન હિ તત્પરેષામ્.'' જે આવી રહ્યું છે તે જ્ઞાન હોય, બલ હોય, ધન હોય, યશ હોય - તેની અપેક્ષા રાખો, તેને આવકાર આપો. અને જે જઈ રહ્યું છે તેને વિદાય આપો. શા માટે ખેદ કે મોદ કરો છો ? જે ભગવાન તમને આપવા માંગે છે તે મળી જ રહેવાનું છે. આવો જો ચિત્તમાં સાત્ત્વિક અહંકાર જાગે, આવી જો સાત્ત્વિ મમતા જાગે તો પછી ચિંતા નહિ થાય.

આ વાત જેવી રીતે સામાન્ય વ્યવહારની બાબતમાં લાગુ પડે છે તેવી રીતે ભક્તિની બાબતમાં પણ લાગુ પડે છે. તે એવી રીતે કે ભક્તિ કરવાના જે ભાવ, જે સુવિધા, જે અપરસ, જે ધન, જે રીતરિવાજનું જ્ઞાન, જે પરિવારનો સહકાર, જે સૌકર્ય મને મળી રહ્યું છે એના મુજબ હું પ્રભુની સેવા કરીશ. જે નથી મળી રહ્યું તે મારાથી પ્રભુ લેવા નથી માંગતો. જે પ્રભુ મારાથી લેવા માંગે છે તે મને આપી જ રહ્યો છે, તેને મારી પાસેથી કોઈ ઝૂંટવી નથી શકતું. જે સેવા પ્રભુ મારાથી નથી લેવા માંગતા તે સેવા હું નિશ્ચિત થઈને કદી કરી શકવાનો નથી. દેખાદેખીમાં કોઈની હોડ કરવા જઈએ તો આપણા ઢીંચણ જ તૂટવાના; હોડાહોડ ઘોડાતોડ ! દરેકના પગની જુદી જુદી શક્તિ છે, દરેકના હૃદયમાં જુદા જુદા ભાવ છે. જે જેવું મારી પાસે છે તેનું મારે નિવેદન કરવાનું છે, સમર્પણ કરવાનું છે. જે મારી પાસે શરીરનું સામર્થ્ય છે, જે મારી પાસે ધન, વગેરે સુવિધા છે તે મુજબ મારે ભક્તિ કરવાની છે - તેવો સહજ સમર્પણનો ભાવ ભક્તિનો ભાવ છે.

તેથી જ આપણે ત્યાં સમર્પણ વિના ભક્તિ નથી થઈ શકતી. આપણે સમજીએ કે હાથમાં તુલસી લઈને ઠાકોરજીના ચરણાવિંદમાં સમર્પવી તેનું નામ સમર્પણ. પણ એ તો સમર્પણની અભિવ્યક્તિ છે, ભાષા છે, ભાવ નથી. સમર્પણનો ભાવ એ છે કે ''જાહિ વિધ રાખે રામ તાહિ વિધ રહીએ,'' જેવી રીતે તું મને રાખવા માંગે છે તેવી રીતે રાખ. જે તું મને આપશે તેનાથી હું સેવા કરીશ, મારે બીજું કશું જોઈતું નથી. અને પ્રભુને પણ જે તમારું છે તેનાથી જ સંતોષ છે. તેથી જ વાર્તામાં આવે છે કે રામદાસજીએ તાંતીથી મળતા વ્યાજ ઉપર સેવાનો પ્રકાર ચલાવવાનો વિચાર કર્યો તો ઠાકોરજીને ટોકવું પડ્યું કે તું મહેનત નથી કરતો અને વ્યાજ ઉપર સેવા કરવા માંગે છે. તો તું સેવા કરવા માંગે છે કે વ્યાજ ઉપર મને પાળવા માંગે છે ? જો ખરેખર સેવા કરવા માંગતો હોય તો મૂડીને પાછી લઈ લે, કાંઈક મહેનત કર અને કમાય તેનાથી સેવા કર. જે તારું છે તે મને આપ.

એક સામાન્ય દાખલો આપું. આજકાલ બધા લોકો ટ્રસ્ટ બનાવતા હોય છે. મને વિચાર આવે છે કે ઘેર આવતા મહેમાનની આગતાસ્વાગતા માટે શું ટ્રસ્ટ હોય કે ઘરે મહેમાન આવે એટલે ટ્રસ્ટને અરજી કરવાની કે મહેમાન ૧૫ દિવસ રહેવાના છે ! ટ્રસ્ટની મીટિંગ થાય અને પ્રસ્તાવ આવે કે ૫૦૦ રૂ. ખર્ચ પેટે આપવા તો બીજો ટ્રસ્ટી વાંધો ઉઠાવે

કે ૪૫૦ રૂા. ખર્ચે પેટે પૂરતા છે, મહેમાન કાંઈ બહુ મોટા નથી. આ શું ડ્રામા છે ! આવી રીતે ટ્રસ્ટ બનાવીને પ્રભુની સેવા થાય ? એ વૈકુંઠ છોડીને આપણે ઘેર પધારે અને આપણે ટ્રસ્ટ બનાવીએ, ખર્ચ માટે અરજી કરીએ, મીટિંગ થાય અને તેમાં એક ટ્રસ્ટી વાંધો ઉઠાવે કે કેસર મોંઘું ખરીદ્યું, આટલા ને બદલ આટલા ખર્ચી નાખ્યા. પછી ચેરિટી કમિશ્નર પાસે એકાઉન્ટ ઓડીટ કરાય કે આટલો લોસ થયો ! શું કૌભાંડ છે આ ! પછી તો પત્નીના નામે ય ટ્રસ્ટ બનાવો, છોકરાના નામનું ય ટ્રસ્ટ બનાવો, મહેમાનના નામનું ય ટ્રસ્ટ બનાવો. પછી પરિવાર ન રહી ગયો, દુકાનદારી થઈ ગઈ વ્યવહારની. એ કાંઈ ભક્તિ ન કહેવાય, સ્નેહ ન કહેવાય.

તમારા ખિસ્સામાંથી જ્યારે તમે તમારા અતિથિ માટે કાંઈ ખર્ચી નથી શકતા, ટ્રસ્ટને અરજી કરીને તમે એનો ખાવાનો ખર્ચો લેવા જાઓ, તો પછી તમે મહેમાનનવાજી નથી કરી રહ્યા, દુકાનદારી કરી રહ્યા છો. વ્યાપારિક સંબંધમાં એવું હોઈ શકે કે પરદેશથી કોઈ એજન્ટ આવે તો તેને આપણે કંપનીને ખર્ચે ફાઈવસ્ટાર હોટલમાં ઉતારીએ અને તે મુંબઈમાં ફેરવવા, ખવડાવવા, પીવડાવવાનો ખર્ચો કંપનીથી માંગીએ, અને કંપની ધંધો વધારવાની પ્રવૃત્તિના ખાતામાંથી તે ખર્ચ આપે. તેવી રીતે પણ ભગવાનનો બધો ખર્ચો ખાતામાં ઉમેરી નાખો, તમારે માથે કાંઈ ખટપટ કે ભાંજગડ ન રાખો ને સેવા કંપની કે ટ્રસ્ટના ખર્ચે કરો તો ભગવાન તમારે ઘેર નહિ પધારે હોં. ગાંઠના નાણાં નથી ખર્ચી શકતા તો ભગવાનને નોતરતા નહિ, ભગવાનને તમારા ભોગની ય જરૂર નથી અને શૃંગારની ય જરૂર નથી; ભગવાનને તમારા ઘરમાં બિરાજવાની ય જરૂર નથી. જો ગાંઠના નાણાં ખર્ચી શકતા હો તો સેવા કરો, ઘરમાં પધરાવવા હોય તો સેવા કરો, કંપનીના ખર્ચે હોટલમાં ઉતારવા તેનું નામ મહેમનનવાજી નથી.

મારા ગુરુજી પોતાના એકના એક અમેરિકામાં રહેતા છોકરાને મળવા અમેરિકા ગયા. તે છોકરો એવો કે એરપોર્ટ ઉપર રિસીવ કરવા ગયો અને સીધો હોટલમાં લઈ ગયો, ઘરે નહિ. પછી પોતે ઘરે જઈ ઘરેથી ફોન કર્યો કે કોઈ પણ તકલીફ હોય તો મને જણાવજો, ચિંતા કે સંકોચ નહિ કરતા ! પછી ત્રણ દિવસ હોટલમાં આવ્યો જ નહિ. ચોથે દિવસે ગુરુજી પાછા હિંદુસ્તાન આવી ગયા. મેં પૂછ્યું, ''કેમ આટલા જલદી પાછા આવી ગયા ?'' તે કહે ''મને ત્રણ દિવસ હોટલમાં ઉતારીને મળવા આવ્યો જ નહિ, ઘરેથી ફોન કર્યો કે તકલીફ હોય તો જણાવજો. તો હું કાંઈ હોટલમાં રહેવા ગયો હતો ત્યાં ? પોતે ઘરે ગયો મને હોટલમાં ઉતારીને.'' તેમ તમે ટ્રસ્ટ બનાવીદો અને હોટલના સ્ટાફ જેવા ટ્રસ્ટીઓને, સમાધાનીને ફોન કરતા રહો કે ધ્યાન રાખજો, મારા ઠાકોરજીને પરિશ્રમ ન થાય, કોઈ તકલીફ હોય તો જણાવજો, પૈસાની જરૂર હોય તો મોકલાવી દઈશ - તો સેવા કાંઈ ખરીદવાની વસ્તુ છે ? શું સમજી રાખ્યા છે તમે પ્રભુને ? આવી રીતે પ્રભુની સેવા ન હોય. ઘરમાં પધરાવો, ઘરમાં



સેવા કરો, ગાંઠના નાણાં ખર્ચો, પોતાનો દેહ ખર્ચો, 'તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા.' તમારા તનમનધનથી સેવા કરો તો પ્રભુમાં ચિત્ત ચોંટશે અને તો પ્રભુ પણ તમારા ભાવને માણી શકશે. પ્રભુ કાંઈ એવા મફતિયા કે ઉધારિયા નથી કે તમે એને ત્રણ દિવસ હોટલમાં ઉતારી દો અને પછી એ પાછા વૈકુંઠમાં પધારી જાય. એ આવશે જ નહિ તમારા અતિથિ બનીને જ્યારે તમને આવી ભ્રમણા ઊભી થઈ ગઈ છે; એ વાત સ્પષ્ટતાથી સમજી લો.

એટલે ભક્તિનું જે ગરિમામય રૂપ મહાપ્રભુજીને અભિપ્રેત છે તે આપણે અનુયાયીઓએ સમજવું પડશે. જો આપણે પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષ પૂરા ન કરવા માંગતા હોઈએ, જો આપણે પુષ્ટિમાર્ગીય તરીકે જીવવા મંગતા હોઈએ, જો મહાપ્રભુજીનો વારસો આપણે જીવવા અને જાળવવા મંગતા હોઈએ તો. આ વાત તમારા હૃદયમાં નિશ્ચિત સમજો કે તમારા ઘરમાં તમારા ઠાકોરજીની તમારે સેવા કરવી જોઈએ; અને એવી સહજતાથી કે જે ધન, ભક્તિભાવ, વૈભવ, સુવિધા પ્રભુએ તમને આપ્યા છે એ બધા પ્રભુના વિનિયોગ માટે છે, તમારે કોઈથી ઉધાર કે ઉછીનું નથી લેવું, જે પ્રભુ તમારાથી લેવા માંગે છે તે તમને પ્રભુએ આપ્યું છે, તેનાથી જ તમે સેવા કરો. એના માટે હું કોઈ દુકાનદારી નહિ કરું, કોઈ ટ્રસ્ટ નહિ બનાવું, હું ટ્રસ્ટ બનાવીને પ્રભુ સાથે 'બ્રીચ ઓફ ટ્રસ્ટ' નહિ કરું. એ ભાવ જ્યાં સુધી તમારા હૃદયમાં ન જાગે ત્યાં સુધી એક સૂફી સંત કહે છે તે મુજબ 'મુદઈ તું ઈશ્કરા નાલાયકી'' તમે ભક્તિ કરવાને લાયક નથી, નાલાયક છો. આપણા ઘરમાં જે આપણી પાસે છે તેનો જ્યાં સુધી પ્રભુની સેવામાં વિનિયોગ કરી શકતા નથી ત્યાં સુધી આપણે ભક્તિ કરવા માટે લાયક નથી.

એટલે એ રીતે સેવા કરતા થાઓ. જે સહજ ભાવ છે, જે સહજ સામર્થ્ય છે, જે સહજ ઉત્સ્ફૂર્ત થતા હૃદયના આવેગો છે તે આવેગોને તમે પ્રભુ તરફ વાળો, પછી ચિંતા નહિ થાય ભક્તિ કરતાં. આત્મનિવેદનનો ભાવ જ એ છે કે જે મારું છે તે બધું તારું આપેલું છે અને જે તારું આપેલું છે તેનાથી હું તારી સેવા કરીશ, હું ઉછીના માંગીને સેવા નહિ કરું, હું તારા નામે ભીખ નહિ માંગું, હું સેવાનો ધંધો નહિ કરું. જેણે આત્મનિવેદન કર્યું છે તે સેવાનો અધિકારી છે, અને જેણે આત્મનિવેદન કર્યું છે તેની કદી લૌકિક ગતિ નહિ થાય.

# પ્રવચન તા. ૨૭-૮-૮૪

કાલે ભક્તિમાં, ભક્તિની સાધનામાં આપણી સહજ વૃત્તિઓની મહત્તાની બાબતમાં થોડીક ચર્ચા આપણે કરી હતી. તેનો મુખ્ય હેતુ એ સમજાવવાનો હતો કે ભક્તિને જ્યારે આપણે સહજતાથી અપનાવી નથી શકતા ત્યારે ભક્તિ જ ચિંતાનો હેતુ બની જાય છે, નિવારણનો ઉપાય બનવાને બદલે. અને ભક્તિમાર્ગીય સહજતા એટલે સમર્પણ. આપણે એ પણ જોયું કે હાથમાં તુલસી લઈને ઠાકોરજીના ચરણારવિંદમાં સમર્પવી એ તો સમર્પણની ભાષા છે, ભાવ તેની પાછળ જે રહેલો છે તે આ કે જે તું મને સામર્થ્ય આપે, જે તું મને સુવિધા આપે, જેવું તને ગમે તેટલી સેવા તું મારાથી લે અને હું કરું. ''રુચે આપને કરું તેવી ટહેલ રે.'' પ્રભુને રુચે તેવી આપણે સેવા કરીએ, કોઈકના અનુકરણથી કે સિદ્ધાંત ગોખીને જડતાપૂર્વક સેવા ન કરીએ.

શું કરવું તેનો ઉપદેશ આપવામાં શાસ્ત્ર તો કોઈ લોભ કરતા નથી. શાસ્ત્ર તો નિર્લોભ ભાવે ઉપદેશનું દાન આપે છે; એટલે તમે એક ઉપદેશ માંગવા જાઓ અને શાસ્ત્ર તમને દસ ઉપદેશ આપે. હવે શાસ્ત્ર તો દાન આપે છે, પણ એમાંથી આપણે કેટલું લેવું તે આપણે વિચારવું જોઈએ, આપણી ઝોળીમાં કેટલું માશે તે આપણે વિચારવું જોઈએ. એટલું દાન લઈએ કે ઝોળીમાં મૂકવા જતા ઝોળી જ ફાટી જાય તો શું ફાયદો ? એટલે આપણી ઝોળી પસારીને ઝીલી શકીએ અને ઘેર લઈ જઈ શકીએ તેટલું દાન કામનું. ભરતપુરના રાજાનો મેં એક પ્રસંગ સાંભળ્યો છે કે જાગીને મહેલની અટારીએ આવ્યા તો નીચે એક પ્રજાજન આવીને ફરિયાદ કરવા લાગ્યો કે તમારા રાજમાં અમે ભૂખે મરીએ છીએ. એમને ગુસ્સો આવ્યો, તો હુકમ કર્યો કે એક ગૂણી ભરીને સોનામહોર લાવો. તે ગૂણી મહેલની ઉપરથી તેના માથા પર ફેંકાવી, તો માથું જ ફૂટી ગયું ! તો આખી ગૂણી ભરીને સોનામહોર મળી પણ કામની શું ? એટલે દાન તો શાસ્ત્ર ઘણા બધા ઉપદેશોનું આપશે, પણ થોડીક તેમાં કાળજી રાખવાની છે. જેમ ડોક્ટરના દવાખાનામાં દવાઓ તો ઘણીબધી હશે, પણ તમારે એ જોવાનું છે કે તમને કઈ દવા માફક આવશે. બધી દવા ખાશો તો પેટ તો કાંઈ દવાની દુકાન નથી ને, કે જેમ ત્યાં બધી દવા જમાવેલી રહે તેમ પેટમાં રહે ! એટલી બધી દવા ખવાય નહિ; એ આપણે જોવું જોઈએ કે કઈ દવા માફક આવશે, અને તે લેવાની હોય.



તેથી અહીંયાં સહજતાનો પ્રશ્ન આવીને ઊભો રહે છે. મને શાસ્ત્રે જે ઉપદેશ આપ્યો તેમાંથી કોઈના અનુકરણ વિના, કોઈની સાથે ખોટી ચડસાચડસી વિના હું જેટલું મારા સહજ સામર્થ્યથી કરી શકું તે મારે ચોક્કસ કરવું જોઈએ. એ જો હું ન કરું તો શાસ્ત્રનો ઉપદેશ વેડફાઈ જાય, આપણામાં કૃતઘ્નતા આવી કહેવાય. બીજી રીતે જોઈએ તો એમ કહી શકાય કે જો સહજતાનો પ્રશ્ન હોય તો સહજ તો આપણામાં ખાવું, પીવું અને સૂવું જ છે; તો શાસ્ત્રની ભાંજગડમાં પડવું જ શા માટે ? ''આહાર નિદ્રા ભય મૈથુનં ચ સામાન્યમેતદ્ પશુભિર્નરાણામ્'' એટલે સહજતાની જ વાત હોય તો ''અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ. દાસ મલૂકા કહ ગયે સબકે દાતા રામ.'' કોઈ જાતનો પ્રયાસ કે કોઈ સાધના કરવાનો પછી પ્રશ્ન ઊભો થતો જ નથી. એટલે પછી શાસ્ત્રના ઉપદેશની મહત્તા કેટલી ? આપણે ત્યાં એમે ય પાછો પુષ્ટિમાર્ગ, એટલે પ્રભુ કૃપા કરે તો ભક્તિ પ્રકટ થાય. બસ સૌથી સારું બહાનું છે. ''ભક્તિ કેમ નથી કરતા ?'' ''કૃપા નથી થઈ હજી, કૃપા થશે ત્યારે ભક્તિ કરશું ? એ કૃપા કરતા નથી અને અમે ભક્તિ કરતા નથી ! કેમકે પુષ્ટિમાર્ગ છે !'' એવો ય અર્થ નીકળે સહજતાનો.

અથવા બીજી રીતે આપણે જોઈએ તો વ્યવહારમાં મોટે ભાગે ઝઘડા થતા હોય છે - ભાગ્ય કે પુરુષાર્થ ? કોઈ કહે ''ભાગ્યમાં હશે તો થશે, ભાગ્યમાં જ નહિ હોય તો ક્યાંથી કરશું ?'' કોઈક લોકો એવા પુરુષાર્થવાદી હોય કે હારતો જુગારી બમણું રમે તેમ કશું લાભ થાય નહિ તો ય પુરુષાર્થ કરતા જ રહે ઘાંચીના બેલની માફક. હવે એમાં સાચું કોણ અને ખોટું કોણ તેનો નિર્ણય કેવી રીતે થાય આપણાથી ? એટલે શું કરવું અને શું ન કરવું ? કઈ વસ્તુ સહજ અને કઈ અસહજ ? એક સામાન્ય દાખલો હું તમને આપું. આપણે શ્વાસ લઈએ છીએ, ઊંઘીએ છીએ - તે સહજ ક્રિયાઓ છે. ઊંઘ આવવી એ સહજ પ્રક્રિયા છે, પણ સહજ પ્રક્રિયા કેટલા વખત સુધી ? સાત વાગે, આઠ વાગે, નવ વાગે, દસ વાગે પણ કોઈ એક વાગ્યા સુધી ઊંઘતો જ રહે તો ? આપણને ચિંતા થાય કે 'કાંઈ બીજું' તો સહજ નથી થઈ ગયું ને ? એટલે એક વાગ્યા સુધી ઊંઘવું અસહજ છે. એટલે સહજતાની પણ એક સહજતા હોય છે પાછી. એકદમ ભેંસ જેવા સહજ થઈ જઈએ તે પણ અસહજ છે, કેમકે માણસનું ઘડતર એટલું સહજ નથી પાછું, વિધિની પણ તેમાં કાંઈક ભૂમિકા છે. તમારે વિધિ પ્રમાણે પણ કાંઈક કરવું પડશે. તમે શાસ્ત્રની વિધિ ન માનો પણ સરકારની વિધિ માનતા હશો; તમે તે ય ન માનો તો પરિવારના વડીલની આજ્ઞા તમારે માનવી પડશે. એવું થઈ શકે નહિ કે આપણું બધું કામ કેવળ સહજ રીતે જ થાય. એટલે માનવીય જીવનની સહજતા આપણી ભીતર રહેલી સહજ વૃત્તિઓ અને વિધિના સંતુલનમાં રહેલી છે.

કોઈ એક તરફ અતિશય ઝોક આપીએ; એટલા બધા પંડિત થઈ જઈએ કે આપણી સહજ વૃત્તિઓની કોઈ દરકાર ન કરીએ, અથવા એટલી બધી સહજ વૃત્તિ કેળવી લઈએ કે ભેંસ જેવા જ થઈ જઈએ, હોર્ન મારતા ય ખસીએ નહિ, તે બન્ને અસહજ છે. સહજતા એટલે

એ બન્નેની સમતુલા જાળવતા આવડવી જોઈએ આપણને, દોરડા પર ચાલતા નટની જેમ. ભીતર રહેલી સહજ વૃત્તિઓને બહાર જે સમાજ, જે સંજોગો, જે પર્યાવરણમાં આપણે રહેતા હોઈએ તેના જે વિધિનિષેધ છે તેની સાથે એડજસ્ટ કરતાં આવડવી જોઈએ આપણને, દોરડા પર ચાલતા નટની જેમ. કેમકે આપણે એકલા નથી રહેતા. જંગલમાંય હવે તો વનવિભાગ આવી ગયો છે, એટલે તપસ્યા કરવી હોય તો ય ફોરેસ્ટ ઓફિસરની આજ્ઞા પાળવી પડે તમારે, નહિ તો એને ય શક જાય કે તમે લાકડા કાપવા તો નથી આવી ચઢ્યા !

તો જેવી રીતે દેહની સહજતા છે તેવી રીતે જીવનની સહજતા છે, સમાજની સહજતા છે, વિશ્વની સહજતા છે. આ સહજતાઓ સાથે પણ આપણને એડજસ્ટમેન્ટ કરતાં આવડવું જોઈએ. કોઈ એમ જિદ્દ પકડીને બેસી જાય કે મારા દેહની સહજતા મુજબ જ વર્તીશ, તો તેને સમજાવવું પડશે કે ભાઈ તારા પરિવારની પણ કોઈ સહજતા છે, અને તારો પરિવાર જે સમાજમાં છે, જે શહેરમાં છે તે સમાજ, તે શહેરના કાયદાની પણ કોઈ સહજતા હશે. જરા અસહજ થશું તો વ્યવસ્થા ખોરવાઈ જશે. આપણે વૃક્ષોની કાપાકાપ કરી દીધી તો સમગ્ર વિશ્વનું સંતુલન ખોરવાઈ ગયું છે, લોકો કહે છે ચોખ્ખી હવા પણ નહિ મળે. એટલે કેવળ આપણી જ નહિ, દરેક વસ્તુની સહજતા હોય છે, એટલે જ્યારે હું સહજતા કહી રહ્યો છું ત્યારે બીજી બધી વસ્તુઓની દરકાર ન રાખવી એવું નથી કહેતો. બધામાં એડજસ્ટ થઈને જીવવું તેનું નામ સહજતા છે.

જે બધાને અનુરૂપ થઈને જીવવામાં કચાશ છે તે આપણા ઉશ્કેરાટને કારણે હોય છે. જેમ માણસના જમવાનું પ્રમાણ હોય છે કે મહેનત કરનાર માણસ આટલું જમે અને મહેનત ન કરનાર માણસ આટલું જમે. ધારો કે કોઈ માણસ ૫૦ રોટલી ખાઈ જાય અને કહે કે મને સહજ જ આટલી ભૂખ લાગે છે, તો વિચારવાનું એ રહ્યું કે પરિવારમાં કમાનારો માણસ એટલું કમાઈ શકશે ? તો આટલી બધી ભૂખ લાગે તો ચિકિત્સા કરાવવી પડે, તેને સહજતા કહી ટાળી ન શકાય. તેવી જ રીતે ભક્તિમાં પણ જ્યારે આપણે સહજતાની વાત કરશું ત્યારે કેવળ આપણી સહજતાની વાત નથી. આપણી સહજતા, માર્ગની સહજતા, જે પરિવારમાં રહી રહ્યા છીએ તે પરિવારની સહજતા -- બધાની વાત છે.

મારા હુંની ખૂંટી પર કેટલી બધી વસ્તુઓ ટંગાયેલી છે તે મારે જોવું જોઈએ. આ દેહ ટંગાયેલો છે, મારો પિતા હોવાનો ગુણધર્મ ટંગાયેલો છે, કોઈકના પતિ હોવાનો ગુણધર્મ ટંગાયેલો છે, કોઈકના પાડોશી હોવાનો ગુણધર્મ પણ આ અહંની ખૂંટી પર ટંગાયેલો છે. તો કાં તો આ ટાંગેલા બધા ધર્મોને હું ફગાવી દઉં. પણ ફગાવી ન શકું તો ટાંગીને રાખું અને તેની જાળવણી ન કરું તો સહજ ન કહેવાય, અસહજ કહેવાય. જો આપણે પ્રામાણિક માણસ હોઈએ તો આપણું કર્તવ્ય છે કે કોઈ આપણને જે કાંઈ સોંપે તે તેને વધઘટ કર્યા વિના જાળવી રાખી પાછું સોંપીએ. જેમ કબીર કહે છે કે ''જસ કી તસ રખ દીની ચદરિયા.'' તેનો મતલબ



શું, કે આ અહંની ખૂંટી પર પ્રભુએ જે જે વસ્તુઓ ટાંગી છે એ બધી વસ્તુને જાળવતા મને આવડવું જોઈએ. કેવળ મારા દેહને જ સહજ ગણું તો મારામાં અને ભેંસમાં ફરક શું ? જો ફરક હોય તો મારા અહં પર બીજી પણ જે વસ્તુઓ ટાંગવામાં આવી છે તેની ય મારે જાળવણી કરવી જોઈએ. જો હું પિતા હોઉં તો પિતા તરીકેની મારી ફરજ મારે બજાવવી જોઈએ. જો હું પતિ હોઉં તો પતિ તરીકેની મારી ફરજ મારે બજાવવી જોઈએ. તે બધા ધર્મો નભાવતા જો હું ભક્તિ કરી શકું તો તે સહજતા છે ભક્તિની.

ભક્તિનો પ્રકાર અસહજ થઈ જાય એટલો બધો વધારી ન દેવો જોઈએ. જેમ શ્વાસ ચાલવો સહજ છે, પણ એ જ શ્વાસ જો અસ્થમામાં ચાલે તો ? માણસ કંટાળી જાય, મૃત્યુની કામના કરે હોં. લ્યો ત્યારે, શ્વાસ ચાલે એના માટે તો માણસ બધા પ્રયત્નો કરે છે, ઓક્સિજનના બાટલા લાવે, દોડાદોડ કરે; અને એ જ શ્વાસ જો વધારે ચાલવા માંડે તો માણસ ત્રાહિત્રાહિ થઈ જાય. એટલે સહજતાનો વિવેક હોવો જોઈએ. જે અડફેટમાં આવી જાય તે સહજ અને બાકી બધું અસહજ, તેવું નથી. સહજતાનો સીધેસીધો મતલબ એ છે કે આ અહંતાની ખૂંટી પર જે જે વસ્તુઓ ટાંગવામાં આવી છે તેની મારે સહજ રીતે જાળવણી કરવી જોઈએ. જીવન એ બધાને અનુરૂપ હોય તેનું નામ સહજતા. એમાં તડાફડી થાય, એક વસ્તુને જાળવતા બીજી તૂટે અને બીજી વસ્તુને જાળવતા ત્રીજી તૂટે તેનું નામ સહજતા નહિ. મારે મારાથી બનતા બધા જાળવવાના પ્રયાસ કરવા જોઈએ. હવે કોઈ ચીજ જ કાચી હોય અને તૂટી જાય તો મારો શું દોષ ? પણ મારે કોઈને તોડવાના પ્રયાસ ન કરવા જોઈએ. જ્યારે મારા અહંની ખૂંટી પર કોઈ ચીજ ટાંગવામાં આવી છે ત્યારે એને જાળવવાનો પ્રયાસ કરવો જોઈએ. તેનું નામ સહજતા.

તેથી જ ભગવાન એમ આજ્ઞા કરી છે કે ''સહજ કર્મ કૌન્તેય સદોષમપિ ન ત્યજેત્'' હે કૌન્તેય, જે સહજ કર્મ છે તેને તું છોડી નહિ દેતો. વૈરાગ્યની ઝોંક આવી ગઈ કે બસ નથી લડવું, સંન્યાસી થઈ જઈશું ! અરે પણ સંન્યાસી થઈ ગયા પછી પણ કાંઈક તો કર્મ કરવા જ પડશે, આશ્રમ તો બાંધવા જ પડશે, ટ્રસ્ટ તો બનાવવું પડશે, ભંડોળ તો ભેગું કરવું જ પડશે, ઈન્કમટેક્ષ ઓફિસરથી Exemption પણ લેવું પડશે, આપવામાં આનાકાની કરે તો થોડું ખવડાવવું ય પડશે, એ ક્યાંથી આવશે બધું ? મફતમાં આવી જશે વૈરાગ્યથી ? એ વૈરાગ્યથી નહિ આવે, એ તો અનુરાગથી જ આવશે. કોઈક ને કોઈક શેઠિયાને તો કહેવું પડશે, કોઈક પ્રયાસો તો કરવા જ પડશે. જ્યારે એ પ્રયાસો કરવા જ છે તો પછી સરખી રીતે કેમ નથી કરતા, ખોટી રીતે કેમ કરો છો ?

એટલે આપણે એમ કહીએ કે બધું સહજ થઈ જશે પણ સહજ એમ નહિ થાય. સહજતાનો અર્થ શાસ્ત્ર તદ્અતદ્અવસ્થા અનુસાર સમજાવે છ. જેમ બ્રહ્મચર્યમાં સ્વાધ્યાય જ સહજ છે. તે વખતે એમ કહો કે અમે સંન્યાસ લઈશું તો સંન્યાસ પણ સહજ નથી, અસહજ

છે. ગાર્હસ્થ્યમાં ગાર્હસ્થ્ય જ સહજ છે. તે વખતે તમે એમ કહો કે અમો તો ભણતાં જ રહેશું, કમાવા નહિ જઈએ, તો તે અધ્યયન અસહજ છે, ગૃહસ્થી ચલાવવા કમાવું પડશે, તે ક્રમમાં સંન્યાસ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે જ સંન્યાસના કર્મ સહજ છે. જે ત્રણ ઋણનું અપાકરણ કર્યા વિના અસહજ સંન્યાસ લેવા જાય છે તેનો અધઃપાત જ થાય છે એમ શાસ્ત્ર કહે છે. એવા અસહજ ત્યાગથી વૈરાગ્ય કેળવાતો નથી. એમ ભક્તિ પણ સહજ હોવી જોઈએ.

આજે બધાને ચિંતા થાય છે કે સેવા કરીએ છીએ પણ ઠાકોરજી બોલતા કેમ નથી ? ચિત્ત કેમ ચોંટતું નથી ? મન બીજે ઠેકાણે કેમ ભટકે છે ? અરે પણ તમે સેવા કરી કેટલી ? વળી કેટલાક લોકો કહે છે ''સેવા કરતાં ચિત્ત ચોંટતું નથી તો સેવા કરીને ફાયદો શો ?'' તો ચિત્ત તમારું જમવામાં નથી ચોંટતું તો જમવાથી શો ફાયદો ? જમવાનું ય છોડી દો ! ચિત્ત તો છોકરામાં ય પૂરું નથી ચોંટતું. ઓફિસ જવાની ધાંધલ હોય ત્યારે છોકરો રમકડા માટે કજીયો કરે તો લાફો મારવાની ઇચ્છા થાય. ચિત્ત તો તમારું ધંધામાં ય નથી ચોંટતું, ત્યાં ય તમને છાપા વાંચવાની ને સિનેમા જોવાની ઇચ્છા થતી હશે. ચિત્ત તો ક્યાંય નથી ચોંટતું, રવાડે ચઢી ગયું છે, ક્યાંય ચોંટ્યા વિના દોડતું જ રહે છે. ચોંટે તેનું નામ ચિત્ત નહિ, એ ક્યાંય ચોંટવાનું નથી; તો કઈ કઈ વસ્તુ તમે છોડી દેશો ચિત્ત નથી ચોંટતું કરીને ? આ અસહજ વૃત્તિ છે. પહેલે તબક્કે ચિત્ત ચોંટવાનો આટલો બધો આગ્રહ રાખવો અસહજ આગ્રહ છે. ચિત્તની સહજતા એટલે ? તમને તે કાર્યમાં રુચિ આવવી. રુચિ આવી રહી છે તો તે કાર્ય સહજ છે, રુચિ નથી આવી રહી તો એ તમારા ચિત્તનો વિષય નથી, કોઈનું ખોટું અનુકરણ નહિ કરતા. ચિત્ત ચોંટતું તો જીવનમાં ય નથી તો શું મરી જવું ? એટલે આવા ખોટા અસહજ આગ્રહને લીધે આપણને ઘણીબધી ચિંતાઓ થતી હોય છે — જીવનમાં પણ અને ભક્તિમાર્ગમાં પણ.

એ અસહજતાથી આપણે દૂર ન થઈએ, તેનાથી સાવધાન ન રહીએ, તો પછી ભક્તિ શું કરે ? આપણે ખોટા પાયા પર જ ભક્તિને પધરાવી દીધી છે, તે સ્થિતિમાં ભક્તિ તમને ફલ નહિ આપે. હું અવારનવાર એક દાખલો આપતો હોઉં છું કે આજે લગ્નમાં લોકો ખુરશી પર બેસે, પોતે બૂટ પહેર્યા હોય તે ઠેકાણે ગણપતિને પધરાવે, અને પછી વિઘ્ન હરવાનું કહે ! પણ પેલા જૂતાની પાસે બેઠેલા ગણપતિ તમારું વિઘ્ન હરશે જ નહિ, નહિ ઝઘડો થતો હોય તો કરાવી દેશે પતિપત્નીમાં ! જે દેવ પાસેથી વિઘ્ન હરવાની અપેક્ષા રાખો છો તેને ઓછામાં ઓછું તમારાથી ઊંચે તો બેસાડો ! પોતે ખુરશી પર બેસી તેમને જૂતા પાસે બેસાડી અપમાન કરો તો બીજું શું થાય ? આના કરતાં ગણપતિને ન પૂજવા સારા. આ તે પૂજા છે કે અપમાન ? એવી રીતે ભક્તિને પણ તમે બેસાડો તો એવા પાટિયા પર બેસાડો કે જે પાટિયા પર બેસીને ભક્તિ તમારા ચિત્તને ખરેખર શાંત કરી શકે, બધા ઉદ્વેગોને નિવૃત્ત કરી શકે. પણ જિદ્દના પાટિયા પર, અહંકારના પાટિયા પર કે અનુકરણના પાટિયા પર



ભક્તિને તમે બેસાડો પછી ભક્તિથી તમે અપેક્ષા કરો કે હવે આ ભક્તિ મારા ચિત્તના ઉદ્વેગ શાંત કરે. પ્રભુમાં પ્રેમ, આસક્તિ, વ્યસન સિદ્ધ કરાવે ! પણ તમે તેને કયે પાટિયે બેસાડી ? અનુકરણ કે અહંકારના પાટિયા ઉપર બેસાડેલી ભક્તિ તમારા ચિત્તને ભગવાનમાં નહિ ચોંટાડે, એને કોઈ ઊંચા પાટિયા પર બેસાડો જે એને છાજે. ગણપતિનું તમે યોગ્ય સન્માન સાથે પૂજન કરશો તો એ તમને વિઘ્ન નહિ આવવા દે, પણ જૂતાની પાસે બેસાડી પૂજા કરશો તો ગણપતિ વિઘ્ન નહિ કરતા હોય તો ય કરશે. આપણે સમજીએ છીએ કે ગણપતિ વિઘ્નહર્તા છે, પણ વિઘ્નકર્તા ય નામ છે ગણપતિનું હોં ! તમે સરખી રીતે પૂજ્યા તો વિઘ્નહર્તા છે અને નહિ તો વિઘ્નકર્તા છે, એમાં બંને ગુણ છે. તેવું જ ભક્તિનું છે.

ભાગ્ય-પુરુષાર્થ, કૃપા-ભક્તિ, ચિંતન-ચિંતા-એ બધાના સંબંધ એવા છે. એક સામાન્ય દાખલો તમને આપું. આપણો શ્વાસ ચાલે છે તે માટે કોઈ પ્રયાસ કરવો પડે છે ? ના. શ્વાસ જન્મ્યા ત્યારથી છેક મરણ લગી ચાલતો રહેશે, નિરંતર. તેનો કોઈ દિવસ થાક લાગે ખરો ? ન લાગે. પણ હમણાં એક પ્રયોગ કરો, દસ મિનિટ શ્વાસ લો અને છોડો, થાકી જશો. કૃપા અને ભક્તિમાં બસ એટલું અંતર છે. કૃપા છે ચાલતો શ્વાસ, ભક્તિ છે લેવાતો શ્વાસ કૃપાથી ચાલતા શ્વાસનો તમને થાક નહિ લાગે. ભક્તિના શ્વાસ માટે તમારે અભ્યાસ કરવો જોઈએ. અભ્યાસ કર્યા વગર જો તમે પ્રાણાયામ કરો તો દમ ઘૂંટી જાય, ગૂંગળાઈને મરી જવાય, પણ અભ્યાસ કરો તો કાંઈ મોટી વાત નથી. આજે ય તમે સાંભળતા હશો કે ઘણા બધા યોગીઓ અગિયાર અગિયાર દિવસની ભૂગર્ભ સમાધિ લે છે પ્રાણાયામ સિદ્ધ કરીને. કેવી રીતે ? જે ચાલતો શ્વાસ હતો તેના પર કન્ટ્રોલ મેળવીને. તો અભ્યાસથી શ્વાસ ન રોકી શકાય તેવું નથી. ૧૧ દિવસ સુધી જે શ્વાસ રોકી શકે છે એને કયારેક કહેવામાં આવે કે તું ૧૧ દિવસ સતત ઇચ્છાથી શ્વાસ લેતો રહે તો એ લઈ પણ શકે એની ઇચ્છાથી. પણ આપણે ૧૧ મિનિટ પણ ઈચ્છાથી શ્વાસ લઈએ છીએ અને છોડીએ છીએ તેમાં થાક લાગે છે. તેમાં અભ્યાસની અપેક્ષા છે. ''અભ્યાસેન ચ કૌન્તેય વૈરાગ્યેન ચ ગૃહ્યતે'' તો કૃપા ચાલતો શ્વાસ છે, ભક્તિ ઇચ્છાથી લેવાતો અને છોડાતો શ્વાસ છે. ભાગ્ય ચાલતો શ્વાસ છે. પુરુષાર્થ ઇચ્છાથી લેવાતો અને છોડાતો શ્વાસ છે. તેવી રીતે ચિંતન ચાલતો શ્વાસ છે, માણસ કોઈ દિવસ ચિંતન કર્યા વિના રહી શકતો નથી; પણ ચિંતા એ એવો શ્વાસ છે જે આપણે લઈ અને છોડી રહ્યા છીએ.

માણસ ડાહ્યો હોય તો સારું, પણ દોઢડાહ્યો થાય તો બધાને ખૂંચે. શ્વાસ સામાન્ય ચાલે તો સારું પણ વધી જાય તો 'અસ્થમા' કહેવાય. તો અમુક વસ્તુઓ હદ બહાર થાય આપણને ખૂંચવા મંડે છે, તકલીફ આપવા મંડે છે. તેમ ચિંતન જ્યાં સુધી યોગ્ય પ્રમાણમાં ચાલે છે ત્યાં સુધી તે આપણા માનસનો એક વિશિષ્ટ ગુણ છે જે બીજી યોનિઓમાં પ્રભુએ આપ્યો નથી. પણ જયારે આપણે એને વધારે કરવા માંડીએ, પાઈ લેવા નહિ દેવા નહિ ને ચિંતન જ કરવા

મંડીએ કે શું થશે, કેમ થશે, આમ નહિ કરીએ તો આમ થશે, એમ નહિ કરીએ તો તેમ થશે તો ચિંતન ચિંતામાં ફેરવાઈ ગયું. હવે તમને થાક લાગશે. ચિંતન કરતાં તમને ક્યારેય થાક નહિ લાગે પણ ચિંતા કરશો તો ઉદ્વેગ થશે, હાયપર ટેન્શન થશે, હાર્ટ એટેક આવશે. આ બધું અસ્વાભાવિક રીતે કરવાથી થાય છે, જો સ્વાભાવિક રીતે કરતા રહીએ તો કશું થતું નથી. ચાલતા શ્વાસનું મિકેનિઝમ એવું સરસ છે કે ૭૦-૮૦ વર્ષ સુધી માણસ જીવે તો ય થાકતું નથી, અને લેવા છોડવા માંડીએ તો ઘડીકમાં થાકી જાય. તેવી રીતે ચિંતા અને ચિંતનનું અંતર આપણે સમજી લઈએં પછી આપણને તકલીફ નહિ થાય. ચિંતન સહજ છે માનવજીવનમાં, પણ એને વધારે કરવા માંડશો તો ચિંતા થઈ જશે.

ચિંતા જેમ લોકવ્યવહારમાં કનડગત ઊભી કરે છે તેમ ભક્તિમાં ય કનડગત ઊભી કરશે. તેથી જ્યારે મહાપ્રભુજી કહે છે કે ''ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ'' ત્યારે એમ નથી કહેતા કે તમે ભક્તિનું ચિંતન નહિ કરતા, ભક્તિમાર્ગ પર કેવી રીતે ચાલવું તેનું ચિંતન નહિ કરતા, ભક્તિમાર્ગ પર આવતાં વિઘ્નોનું કેવી રીતે નિવારણ કરવું તેનું ચિંતન નહિ કરતા. ચિંતનનો મહાપ્રભુજી નિષેધ નથી કરતા, મહાપ્રભુજી ચિંતાનો નિષેધ કરે છે. તમે આત્મનિવેદન કર્યું છે, પ્રભુને તમે તમારું સર્વસ્વ સમર્પિત કરી દીધું છે, હવે તેનું ચિંતન કરો - ''નિવેદનં તુ સ્મર્તવ્યમ્'' પણ ચિંતા નહિ કરતા. નિવેદનની પણ જો ચિંતા કરવા માંડશો તો મહાપ્રભુજી ના પાડશે કે ''તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે.'' ચિંતા નહિ કરો ભાઈસા'બ, ચિંતન કરો. ચિંતન કરવાનું કહે તો આપણે ચિંતા કરવા મંડીએ અને ચિંતા ન કરવાની કહે તો ચિંતન પણ છોડી દઈએ, ભેંસના અવતાર થઈ જઈએ ! તે બંને અતિરેક છે. એ અતિરેકોથી બચવું તેનું નામ સહજતા. કોઈ એક ચીજને પકડીને બેસી જવું તેનું નામ સહજતા નથી.

ભગવાન આજ્ઞા કરે છે ''શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ સ્વધર્મે નિધનં શ્રેયં પરધર્મો ભયાવહઃ.'' સ્વધર્મ તમે સરખો ન કરી શક્યા તો કાંઈ વાંધો નથી, વિગુણ હશે સ્વધર્મ તો પણ તે પરધર્મ કરતાં શ્રેષ્ઠ છે. એનું કારણ એ કે સ્વધર્મ તમારી સહજતાને અનુલક્ષીને શાસ્ત્ર દ્વારા અપાયેલ ઉપદેશ છે. તમને અનુલક્ષીને આપવામાં આવેલો શાસ્ત્રોપદેશ તમારો સ્વધર્મ છે, તેને તમારે છોડવો ન જોઈએ. તેને છોડીને તમે પરધર્મ કરવા જશો તો તે ખરેખર ભયાવહ છે. મને મારો સ્વધર્મ ખબર ન હોય અને પારકાના ધર્મનું હું અનુસરણ કરવા મંડું તો ચિંતા ઉપસ્થિત થયા વિના રહે નહિ. સ્વધર્મની તેથી મહત્તા છે. આપણે ત્યાં એટલે જ જીવનું સ્વરૂપ અને બ્રહ્મનું સ્વરૂપ સમજાવતાં ભાગવતમાં એક વાત ભારપૂર્વક સમજાવાઈ છે કે જીવનું બંધન એટલે શું ? જીવનું જે સાચું સ્વરૂપ છે તે પ્રમાણે જીવ ન રહે તો તે તેનું બંધન. અને જીવ પોતાના સાચા સ્વરૂપ અનુસાર જીવે તો તે તેની મુક્તિ. જીવના બંધન અને મુક્તિની બીજી કોઈ પરિભાષા આપણે ત્યાં



નથી. 'સ્વરૂપાવસ્થાનં મુકિતઃ' જે મારું સ્વરૂપ છે, જે મારો સ્વભાવ છે તેમાં હું અવસ્થિત થાઉં તે મારી મુક્તિ અને મારું સ્વરૂપ, મારા સ્વભાવને છોડીને હું બીજા સ્વરૂપમાં ફસાઈ ગયો તો એ મારું બંધન. તે સંસાર. આ એક દિવ્ય રહસ્ય છે શાસ્ત્રોપદેશ પાછળનું.

જે જડ વસ્તુઓ છે તે પૈકી કેટલીકમાં ક્રિયા હશે, પણ કોઈ જડ વસ્તુ કર્તા નથી. જેમ હવા ચાલે છે પણ આપણે એમ નહિ કહીએ કે હવા કર્તા છે. પાણી વહે છે તો વ્યાકરણની રીતે પાણી વહેવાની ક્રિયાનું કર્તા હશે પણ ખરેખર આપણે એને કર્તા નથી કહેતા. તેનું કારણ એ કે જે વહે છે તે પોતાના સામર્થ્યથી નથી વહેતું, સ્વભાવથી વહે છે. આપણામાં પણ એવું સામર્થ્ય મૂકવામાં આવ્યું છે, કે જે સામર્થ્યથી આપણે કાર્ય કરી રહ્યા છીએ. દા.ત., શ્વાસ આપણે સ્વભાવથી પણ લઈએ છીએ અને સામર્થ્યથી પણ લઈ શકીએ છીએ. જે સ્વભાવથી શ્વાસ લઈ રહ્યા છીએ તે તો જડની માફક જ લઈ રહ્યા છીએ; એટલે ઊંઘતા હશું ત્યારે ય શ્વાસ ચાલતો હશે, બેહોશ થઈ જઈએ ત્યારે ય શ્વાસ ચાલતો રહે, માણસ કોમામાં જાય તો કોઈપણ અનુભૂતિ તેને ન રહી જાય પણ તેનો શ્વાસ ચાલતો રહે. આ સ્વભાવથી લેવાતો શ્વાસ છે, અને જે શ્વાસ આપણે લઈએ છીએ અને છોડીએ છીએ તે સામર્થ્યથી છે. આમ આપણે શ્વાસ લેવાની ક્રિયાના કર્તા પણ છીએ અને આશ્રય પણ છીએ. દરિયાકાંઠે હવાનું ઝોકું જતું આવતું રહે છે તેમ નાકમાંથી ઝોકું જતું આવતું રહે અને આપણને ખબર પણ ન હોય કે કેમ આવે છે ને કેમ જાય છે તેવો એક સ્વભાવથી આવતો જતો શ્વાસ છે અને એક સામર્થ્યથી આવતો જતો શ્વાસ છે. બંને પાસાંનું આપણી ભીતર પ્રભુએ મિશ્રણ ગોઠવ્યું છે.

તેવું જ ભોક્તાપણાનું છે. અમુક ભોગ આપણે સ્વભાવથી કરતાં હોઈએ છીએ. અમુક ભોગ આપણે સામર્થ્યથી કરતા હોઈએ છીએ. તેવી જ રીતે આપણી ભીતર દ્રષ્ટાપણું પણ રહેલું છે. અમુક વસ્તુ આપણને સ્વભાવથી દેખાતી જ હોય છે, આપણે જોવા માંગીએ કે ન જોવા માંગીએ. પણ અમુક વસ્તુ આપણને સામર્થ્યથી દેખાય છે. દા.ત., આપણે પંખા નીચે બેઠા છીએ, પણ હું ધ્યાન દોરું તો તમને એનો ખ્યાલ આવે, નહિ તો પ્રવચન સાંભળતા સાંભળતા એ ખ્યાલ ન રહે. પણ કદાચ ગરમી લાગે તો પાછું ધ્યાન જાય. તો પંખાના પવનનો તમે ચામડીને થતાં સ્પર્શથી અનુભવ કરી રહ્યા છો તે સ્વભાવથી છે અને હું ધ્યાન દોરવું કે તમને ગરમી લાગે ત્યારે પંખાના પવનનો તમે અનુભવ કરો તે સામર્થ્યથી છે. જેમ ટાઈપિસ્ટ સ્વભાવથી લાઈન ટાઈપ કરતો રહે પણ કોઈક વખતે સમાજમાં ન આવે તો સામર્થ્યથી વાંચીને ટાઈપ કરે છે. આમ આપણે અમુક કાર્ય સામર્થ્યથી કરીએ છીએ અને અમુક કાર્ય સ્વભાવથી.

જે સ્વભાવતઃ ભક્તિ થાય છે તેને મહાપ્રભુજી કૃપા કહે છે, પુષ્ટિભક્તિ કહે છે, અને જે સામર્થ્યથી ભક્તિ આપણે કરી રહ્યા છીએ તેને મહાપ્રભુજી ભક્તિમાર્ગ કહે છે, ભક્તિની સાધના કહે છે. તેવી રીતે સામાન્યતઃ ભૂખ લાગે તે સ્વભાવથી છે અને સૂંઠ ખાઈને ભૂખ

લગાડીએ તે સામર્થ્યથી છે. સ્વભાવથી ચાલે તે ચિંતન છે અને સામર્થ્યથી ચાલે તે ચિંતા છે. આમ જીવને પ્રભુએ કર્તા, ભોક્તા, દૃષ્ટા ત્રણે બનાવ્યો છે અને જીવનનું કર્તાપણું, ભોક્તાપણું અને દૃષ્ટાપણું સ્વભાવથી પણ છે અને સામર્થ્યથી પણ છે. એ સ્વભાવ અને સામર્થ્યનું સંતુલન જો આપણે જાળવી શકીએ, એકબીજાને એકબીજાના પૂરક બનાવી દઈએ તો સહજતા છે, અને એકબીજા જો એકબીજામાં બાધક થવા માંડે તો અસહજતા છે. આ સમજશો તો નવરત્ન સમજાશે.

કર્તાપણામાં અહંકાર હોવો આવશ્યક છે. જ્યારે હું કોઈ કાર્ય કરું ત્યારે મારામાં જો અહંકાર ન હોય તો કાર્ય કરવાની મને પૂરેપૂરી મજા આવે નહિ. સ્વભાવથી જે કાર્ય કરતો હોઉં તેમાં મને અહંકાર ન જાગે, પણ સામર્થ્યથી હું કોઈ કાર્ય કરું તો મને અહંકાર જાગે, જાગે ને જાગે. 'મેં કર્યું.' હમણાં હું સામર્થ્યથી પ્રવચન કરું છું તો મને કર્તાપણાનો અહંકાર આવ્યા વિના રહે જ નહિ. હવે તેને છુપાવીને ખોટી ખોટી દીનતા પ્રકટ કરું તે ભલે, પણ મનમાં અહંકાર આવશે તો ચોક્કસ કે મેં પ્રવચન કર્યું. મારી પ્રવચન કરવાની વાસના પૂરી ન થાય ને કદાચ ઊંઘમાં બડબડ શરૂ થઈ જાય તો તે સ્વભાવથી છે, તેમાં અહંકાર કામમાં ન આવે, એ પોતાની મેળે ચાલતું રહે; પણ આમ સામર્થ્યથી કરું તો અહંકાર જાગ્યા વિના રહે નહિ. એવું ઘડતર આપણું છે હોં, એ સમજવાનો પ્રયાસ કરો. સામર્થ્યથી કાંઈ કરીએ તો અહંકાર આવીને રહે જ. હવે ચતુર માણસ તેને દાબી દે. જેમ કોઈ સભ્ય માણસ હોય તો મોં આડો હાથ રાખીને છીંક ખાય અને કોઈ અસભ્ય માણસ હોય તો બધાની સામે છીંક ખાય, ફરક એટલો જ, પણ છીંક આવે છે ચોક્કસ અને આવતી છીંક ક્યારેય રોકાતી નથી. તેમ સામર્થ્યથી કોઈ કામ કરવાથી અહં તો જાગે જ છે, કોઈક એને છુપાવી લે છે. ''ના, ના, મેં શું કર્યું? એ તો ભગવદિચ્છાથી થયું.'' પણ અંદરખાને અહંકાર હોય છે જ. દરેક માણસ હૃદય પર હાથ મૂકીને જોઈ લે.

ભોક્તાપણામાં શું હોય છે કે માણસ જેમ જેમ સામર્થ્યથી ભોગ કરે તેમ તેમ તેનો અહંકાર ઘવાતો જ જાય. જેટલી ભોગવવાની વૃત્તિ પ્રબળ તેટલો અહંકાર નિર્બળ થાય. એટલે જ ગાયની સામે ઘાસ મૂકો તો દંડા ખાવા તૈયાર થઈ જાય, ઘોડાની સામે ઘાસ મૂકો તો દોડવા તૈયાર થઈ જાય, ઓફિસરને ખવડાવો તો બધું કાનૂની ને ગેરકાનૂની કામ કરી આપે. ભોક્તાપણામાં અહંકાર ટકે જ નહિ, ખતમ થતો જાય. માણસ ભોક્તા થયો અને અહંકાર ઓગળ્યો. ભોગનો સ્વભાવ જ એવો છે કે મમતા વધે પણ અહંકાર ઘટી જાય.

દૃષ્ટાનો સ્વભાવ પાછો ત્રીજો છે. તેમાં ન તો અહંકાર રહે, ન તો મમતા રહે. જેમ પાડોશીને ત્યાં ઝઘડો થતો હોય ને આપણે બારીમાંથી જોતા હોઈએ તો આપણને અહંકારેય ન જાગે અને આપણને મમતાય ન હોય કે કેમ ઝઘડે છે; પણ મજા આવે જોવાની ખાલી !



એ ઝઘડો બંધ થાય તો કંટાળો આવે, ને પાછો થાય તો પાછા જોવા દોડી જઈએ કે વળી પાછું શું થયું ? અરે પણ જોઈ રહ્યા છો તેના કરતાં ઝઘડો પતાવી દોને યાર તમે જઈને ? એ ન થાય, કેમકે આપણને અહંતાય નથી ને મમતા ય નથી. છો એ ઝઘડો કરતા, આપણે તો દૃષ્ટા છીએ, જોશું. જેટલું વધારે ઝઘડે તેટલું વધારે જોશું. દૃષ્ટામાં અહંતાય ન હોય ને મમતા ય ન હોય, કાંઈ કરવાનું તેને સૂઝે નહિ.

તો ભગવાને જીવને કર્તા ય બનાવ્યો છે, ભોક્તા ય બનાવ્યો છે, ને દૃષ્ટા ય બનાવ્યો છે. આ ત્રણના સ્વભાવ અને સામર્થ્યથી મંડિત પ્રકટ કર્યો છે. જીવને આ કેવું જટિલ ઘડતર છે, કેવું Complex Mechanism છે ! એ ઘડતરને આપણે સમજીએ નહિ તો પછી ચિંતા કેવી રીતે નિવૃત્ત થાય ? આપણે સ્વભાવને સામર્થ્યમાં અને સામર્થ્યને સ્વભાવમાં ભેળવી દેતા હોઈએ છીએ. પણ થોડો વિચાર કરી ક્યાંથી શું થઈ રહ્યું છે તે સમજી જઈએ તો આપણે મશીનને સરખી રીતે ઓપરેટ કરી શકીએ. ક્યાં સ્ટીયરીંગ છે, ક્યાં કલચ છે, ક્યાં બ્રેક છે, ક્યાં એક્સલરેટર છે અને તેઓનું કાર્ય શું છે એ સરખી રીતે સમજો તો તમે બરાબર ડ્રાઈવિંગ કરી શકો. તે સમજ્યા વિના ડ્રાઈવિંગ કરીએ તો ગાડી ભટકાય ક્યાંક ને ક્યાંક, પછી ચિંતા થવી સહજ છે. એટલે જીવન મોટા ભાગની ચિંતાઓ આ કર્તાપણા, ભોક્તાપણા અને દૃષ્ટાપણાનું આપસમાં સંતુલન ન હોવાને લીધે થાય છે, સ્વભાવ અને સામર્થ્યનો સુમેળ ન હોવાના લીધે થાય છે.

હું એક વખત નિશ્ચય કરું કે મારે કેટલા અંશમાં કર્તાપણું સામર્થ્યથી ચલાવવું અને કેટલા અંશમાં સ્વભાવથી ચાલવા દેવું, કેટલા અંશમાં અન્ન, ધન, યશ, ઘર વગેરે વસ્તુનો સ્વભાવથી ઉપયોગ કરવો છે અને કેટલા અંશમાં સામર્થ્યથી કરવો છે, અને પછી સતત એ વિવેચક જાળવું અને તેઓનો સુમેળ સાધું તો ચિંતા ન થાય. પણ જો મારું જે સ્વાભાવિક વ્યક્તિત્વ છે તેને હું મારા અસ્વાભાવિક વ્યક્તિત્વને લીધે જબરદસ્તી રોંધવા જાઉં તો વિકૃતિ આવ્યા વિના રહે નહિ. જેમ આપણે બાળકને નાનપણથી ટી.વી. દેખાડવાનું શરૂ કરી દઈએ તો ટી.વી.ના સ્વાભાવિક દૃષ્ટા થઈને એ ઘણી બધી એવી બાબતો જાણી જાય છે કે આપણા ઘરમાં પંચાયત થઈ જાય. તે ગોળીથી ઉડાવી દેવાની ચેષ્ટાઓ કરે, ન અપાય તેવી ગાળો આપવા લાગી જાય અને આપણે તેને થપ્પડ મારવી પડે. પણ જે તેણે સ્વાભાવિક બાલ્યાવસ્થામાં ન જોવું જોઈએ તે તે આપણી સાથે બેસીને જુએ, દરેક વસ્તુને રિસીવ કરે તો પછી જે જોયું તેના સંસ્કાર તેની પર પડ્યા વિના ન રહે. અમેરિકામાં તો બાળકોને મારધાડની હિંસાપ્રધાન ફિલ્મોના એવા સંસ્કાર પડી ગયા હોય છે કે માબાપ ક્યારેય થપ્પડ મારી દે તો રાતના બાળકોને એવા સ્વપ્ન આવે કે માબાપને જુડોની લાત મારી દીધી, બોક્સિંગનો પંચ મારી દીધો. વૃત્તિ જ ખરાબ થઈ જાય. અસ્વાભાવિક દૃષ્ટા થવાને લીધે આવા બધા નુકસાન

થતા હોય છે. એટલે આપણને એ સમતુલા જાળવતા આવડવી જોઈએ કે કેટલું જોવું અને કેટલું ન જોવું. સ્વભાવથી દેખાય તેનું દમન ન કરવું જોઈએ એ સામર્થ્યથી જોવામાં થોડો વિવેક જાળવવો જોઈએ. તે ન જાળવીએ તો ચિંતાનો પ્રસંગ ઉપસ્થિત થયા વિના રહે નહિ.

કર્મમાર્ગ આપણા કર્તાપણાની સુધારણા માટે છે, ભક્તિમાર્ગ આપણા ભોક્તાપણાની સુધારણા માટે છે અને જ્ઞાનમાર્ગ આપણા દ્રષ્ટાપણાની સુધારણા માટે છે. તમારે એ જોવાનું કે તમને શેની તકલીફ છે; કર્તાપણાની ગ્રંથિમાં રોગ થયો છે, ભોક્તાપણાની ગ્રંથિમાં રોગ થયો છે કે દ્રષ્ટાપણાની ગ્રંથિમાં રોગ થયો છે ? જે ગ્રંથિમાં રોગ ઉત્પન્ન થયો હોય તે ગ્રંથિનો ઇલાજ તે માર્ગથી થાય. આપણે એમ ન કહી શકીએ કે પેલા બધા જ્ઞાનનો ઉપદેશ સાંભળવા જાય છે તો હું ય જઈશ. એક ભાઈ મને કહે "હું બહુ Mature જ્ઞાની છું !" મેં કહ્યું "તમારું જ્ઞાન તમને મુબારક." એમ કઈ જ્ઞાનોપદેશ સાંભળવાથી જ્ઞાની થઈ જવાતું હશે ? જ્ઞાનમાર્ગ કોના માટે છે તે આપણે સમજવું પડશે. જો મારી દ્રષ્ટાપણાની ગ્રંથિમાં ગડબડ ન હોય તો જ્ઞાનમાર્ગ મને બહુ સહાયક નહિ થાય. મારી ભોક્તાપણાની ગ્રંથિમાં ગડબડ ન હોય તો ભક્તિમાર્ગ મને સહાયક નહિ થાય એટલે મારામાં ભોક્તાપણાની ગ્રંથિ કેવી છે તેનું વિવેચન કર્યા પછી જો હું ભક્તિમાર્ગ પર પ્રવૃત્ત થાઉં તો પછી ભક્તિ મને ફાયદો આપે.

હવે આપણામાં કર્તાપણાનું જોર હોય ને ભક્તિ કરવા માંડીએ એટલે સવારથી સાંજ પેલા ઢોરની માફક સેવા કરતા રહીએ પણ એની મજા આપણને ન આવે. કારણ શું કે ભીતર રહેલો કર્તા તમને ઉશ્કેરી રહ્યો છે કે કાંઈક કરવું છે. હવે તમારા હાથમાં સેવા ચઢી ગઈ એટલે મરજાદ લઈને સવારમાં રીતિ વાંચીને નિયમો ગોખીને સેવા શરૂ કરી દો, એટલે કર્તાનો ભાવ વધતો જશે, પણ ભોક્તાનો ભાવ વધશે નહિ, ઘટી જશે. તમને સેવામાં મજા આવતી બંધ થઈ જશે. જેમ જેમ કર્તાનો ભાવ વધતો જશે, અસ્થમામાં શ્વાસ વધે તેમ તેમ તમને સેવા કરતાં જ ચિંતા, ઉદ્વેગ, ટેન્શન વધતા જશે.

કદાચ એવું સંભવે કે તમારામાં દ્રષ્ટાએ જોર પકડેલ છે અને તમે ભક્તિમાર્ગમાં આવી ગયા છો. તો ય તમે સ્વસ્થતયા ભક્તિ નહિ કરી શકો. આજે ખરેખર એવું જ થઈ ગયું છે; કેમકે ટી.વી. જોઈજોઈને આપણા બધાના દ્રષ્ટાના ભાવ બહુ જોર પકડી ગયા, એટલે મનોરથોના દર્શન કરવાનું જ આપણને ગમે, આપણા પોતાના ઠાકોરજીનો મનોરથ કરવાનું ન ગમે. બધું જોવાનું જ ગમે, કરવાનું કશું ન ગમે. ઝઘડો ય જોવાનો ગમે, કરવાનો ન ગમે તેવી સ્થિતિ થઈ ગઈ છે. હવે આપણે સમજીએ કે મનોરથના દર્શન અમે કર્યા તો બહુ મોટી ભક્તિ કરી લીધી; પણ એ તો તમે દ્રષ્ટા થયા, કર્તા ક્યાં થયા ? ભોક્તા ક્યાં થયા ? પ્રભુના આનંદને શું ભોગવ્યો ? તમારી ભીતર દ્રષ્ટાના ભાવે જો એટલું જોર પકડી લીધું હોય તો પછી એ બહેતર છે કે તમે જ્ઞાનમાર્ગી થઈ જાઓ, તમારો ખરેખર કાંઈક દહાડો



વળશે. તમે ભક્તિમાર્ગમાં આવી ચઢો ને કરો ધરો કશું નહિ ને મનોરથના દર્શન કરો તો કાંઈ દહાડો નહિ વળે. મહાપ્રભુજીએ સુબોધિનીજીમાં બહુ સુંદર સમજાવ્યું છે કે ભગવાન શા માટે કૌસ્તુભ મણિ ધારણ કરે છે ? તો આપ સમજાવે છે કે એટલા માટે કે આવા દ્રષ્ટાઓ જે આવી ચઢે ભગવાનના દર્શન કરવા, તેમને ભગવાન દેખાય નહિ ને એમની દૃષ્ટિ પેલા કૌસ્તુભ મણિમાં જ અટવાઈ જાય; "આ-હા, શું આભરણ હીરામોતીનાં, શું હિંડોળા કેસરના, આવડા મોટા લાડવા હતા છપ્પનભોગમાં !" બસ ઠાકોરજી ગાયબ, દેખાય જ નહિ. થોડુંક જોવા જાઓ તો ઝાપટિયો ઝાપટ એવી મારે કે અક્કલ ઠેકાણે આવી જાય પાછી ! એટલે આપણે ભક્તિમાર્ગમાં આવી ખોટી પદ્ધતિઓ વિકસાવી લઈએ અને પછી અપેક્ષા રાખીએ કે ચિંતા નિવૃત્ત થાય પણ ભક્તિ કેવી રીતે તમારી ચિંતા નિવૃત્ત કરે જ્યારે તમને રોગ દ્રષ્ટાની ગ્રંથિનો છે તો ? મૂળમાં તમે દ્રષ્ટા છો અને દ્રષ્ટા જ રહેવા માંગતા હો તો પછી ભક્તિ ન કરો, પછી તમે જ્ઞાનમાર્ગ ઉપર જાઓ, ખરેખર જ્ઞાનોપદેશ તમને સહાયક થશે અને તમારા રોગનું નિવારણ કરશે યોગ્ય સારવારથી.

પણ જો તમે ભોક્તા હો, પ્રભુની મજા લેવાની તમને ઇચ્છા હોય તો ભક્તિમાર્ગમાં જ આવો. ઢોકળા ખાવાની મજા આવે, સંગીત સાંભળવાની મજા આવે, ફરવાની મજા આવે-આ બધા ભોક્તાના ભાવ છે. તેવો ભાવ તમારામાં હોય તો પછી તમે ભક્તિ કરો. ભોક્તૃત્વના ભાવમાં એક ખૂબી છે પાછી, કે જે કરતો નથી તે ય ભોક્તા થઈ શકતો નથી ને જે જોતો નથી તે ય ભોક્તા થઈ શકતો નથી. એટલે જે ભોક્તા હશે તેણે કાંઈક તો કરવું જ પડશે અને કાંઈક તો જોવું જ પડશે, આંધળો કાંઈ ભોગ કરી શકે ? તો પ્રયાગમાં ગંગા-યમુનાનો સંગમ થાય છે તેમ ભોક્તામાં કર્તા અને દ્રષ્ટાપણાનો સંગમ છે, થોડુંક થોડુંક બંને છે. "ન નિર્વિણ્ણો નાતિસક્તઃ ભક્તિયોગસ્તુ સિદ્ધિદઃ" એમ ભાગવત એટલા માટે જ કહે છે કે કેવળ કર્તાપણાના કે કેવળ દ્રષ્ટાપણાના ભાવથી તમને ભક્તિનો આનંદ નહિ મળે.

કર્તાપણાનો ભાવ તમારો પ્રબળ હોય તો નિશ્ચિત ભક્તિ નહિ કરતા, શાસ્ત્રથી જે કર્મ તમને પ્રાપ્ત હોય તે કર્મ કરો, ખરેખર તમારા કર્તાપણાના ભાવના સોનામાં સુગંધ ભળી જશે. "તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મકર્તુમિહાર્હસિ" "સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ" ભગવાન કહે છે કે તારાથી શાસ્ત્ર જેની અપેક્ષા રાખે છે તે કર્તવ્ય તારો સ્વધર્મ છે, તેને જાણીને તું તેનું આચરણ કરીશ તો તમને સિદ્ધિ મળી જશે, પણ જો તારામાં કર્તાપણાનો ભાવ પ્રબળ હોય તો. જો તમે દ્રષ્ટા હશો તો કર્મ કરતાં તમને નહિ ફાવે કાંઈક ને કાંઈક ગોટાળો કરીને રહેશો તમે. એટલે તમારી જાતને પહેલા પિછાણો કે તમારી સહજતા શેમાં રહેલી છે.

દરેક વ્યક્તિ થોડો કર્તા છે, થોડો ભોક્તા છે, અને થોડો દ્રષ્ટા પણ છે; પણ તેમનું પ્રમાણ દરેક વ્યક્તિમાં અલગ અલગ હોય છે. જેમ દરેક વ્યક્તિને નાક તો છે જ ન, પણ

કોઈકનું લાંબું નાક છે, કોઈકનું ચપટું નાક છે. જેનામાં જે ભાવ પ્રબળ તેણે તે પ્રમાણેનો માર્ગ પસંદ કરવો જોઈએ. ઘણા લોકો કહે છે ''કર્મ, જ્ઞાન, ભક્તિ ત્રણેયની ખીચડી પકાવો.'' ખીચડી પકાવવાથી કામ નહિ ચાલે, માણસનો જેવો રોગ છે તે મુજબ તેનો ઉપાય થશે. દરેકને એકસરખો રોગ હોતો નથી. પોતાના ભાવને અનુરૂપ માર્ગ ઉપર વ્યક્તિ ચાલે તો તે માર્ગની મજા પણ લઈ શકે અને ચિંતા પણ ન થાય. શાસ્ત્રોના બહુ સુવિચારિત માર્ગ છે, આંધળે બહેરું કૂટાય તેમ મન ફાવે તેમ ઉપદેશ નથી આપી દીધા. આપણે તેથી કોઈપણ ઉપદેશના ગાંભીર્યને સમજવું જોઈએ કે ક્યું વિધાન કોના માટે છે ? જે જેના માટે છે તે તે કરે તો તેનું પરિણામ આવે. પણ તમે ટી.બી.ના રોગી હો અને કેન્સરના દર્દી માટેની દવાને ખાઈ જાઓ તો રીએક્શન આવ્યા વગર રહે જ નહિ. જે રોગી માટે જે ઔષધિ હોય તે લેવાની હોય, અગડંબગડં નહિ. તેવી રીતે જે ભાવ તમારામાં પ્રબળ છે તે પ્રમાણેના માર્ગમાં તમે પ્રવૃત્ત થાઓ તો પછી તમને ચિંતા નહિ થાય.

ભક્તિમાર્ગ સારો છે તેથી ભક્તિમાર્ગ પર પ્રવૃત્ત થઈ જવું એમ જો કોઈ કહે તો તેના જેવો છેતરપિંડી કરનાર કોઈ નહિ. કોઈ માર્ગ સારો નથી અને કોઈ માર્ગ ખરાબ નથી. તમે ક્યા માર્ગના અધિકારી છો ? બસ એ વાત કરો. તમારામાં ક્યો ભાવ પ્રબળ છે તેની વાત કરો, એનાથી નિર્ધારણ થશે, એમ તમને ખબર નહિ પડે કે ક્યો માર્ગ સારો ને ક્યો માર્ગ ખોટો. તેથી જ્યાં સુધી તમે તમારા બીજભાવનું વિવેચન નથી કરતા ત્યાં સુધી ભક્તિમાર્ગ કે કોઈપણ માર્ગ ઉપર પ્રવૃત્ત ન થવું જોઈએ. આટલા દિવસથી હું તમને સમજાવું છું કે સેવા આપણે ત્યાંનું મુખ્ય કર્તવ્ય છે, પણ સેવાના આટલા બધા વખાણ કરું છું તેથી દરેકે સેવા કરવી તેવું નથી. જેમની ભીતર કર્તાપણાનો કે દષ્ટાપણાનો ભાવ પ્રબળ હશે તેઓ સ્વસ્થતયા સેવા નહિ કરી શકે.

એક ભાઈએ મને પૂછ્યું છે કે અમે તો પહેલાંથી જ એવા મનોરથો કરતા આવ્યા છીએ અને અમને આનંદ આવે છે તેનું શું ! હવે આનંદ આવે છે તે વાત સાચી, પણ તમે એ તો ભૂલી ગયા ને કે તમને જોવાનો આનંદ આવે છે કે ભગવાનની મજા માણવાનો ભજનાનંદ આવે છે ? જેમ આ ભાઈ પ્રવચનના આયોજક છે; તેમને મેં કહ્યું છે કે તમે સાંભળતા નહિ, વ્યવસ્થા સંભાળજો અને મારે માટે સમયસર ટેક્સી લઈ આવજો. તો જે આયોજક છે તેમને કર્તાપણાનો આનંદ આવવો જોઈએ, ભોક્તાપણાનો નહિ. આયોજક જો સાંભળવા બેસી જાય તો પછી વ્યવસ્થા કોણ કરે ? ઘરમાં રસોઈ બનાવનાર બનાવતાં બનાવતા જ ખાવા મંડે તો ? પંચાત થઈ જાય ! એણે જીભ પર થોડોક કાબૂ રાખીને રસોઈ બનાવી લેવી જોઈએ અને જે ભોક્તા હોય તેમને જમાડવા જોઈએ. જે ખરેખરા રસોઈ બનાવવાના શોખીન હોય તેમને બનાવીને જમાડવામાં જેટલો આનંદ આવતો હોય છે તેટલો જમવામાં નથી આવતો હોતો, આ તો અનુભવની વાત છે. અને જમનારને રસોઈ



બનાવવાનું કહીએ તો જમવાની ઈચ્છા જ નષ્ટ થઈ જાય. એને થાય કે ચણા ફાફડા સારા, પણ રસોઈ બનાવવાની ભાંજગડમાં ભગવાન ન નાખે તો સારું ! કેમ કે એનામાં ભોક્તાપણાનો ભાવ છે, કર્તાપણાનો ભાવ જ નથી. એટલે જે ભાવ હશે તે ભાવથી આનંદ આવશે.

હું નાનો હતો ત્યારે ગાદલા પર સૂતો. ખવાસ દરરોજ ગાદલા પથારી દે અને હું સૂઈ જાઉં. એક વખતે ખવાસ ગામ ચાલ્યો ગયો, તો એટલી મોટી ગાદી મારાથી ઊંચકાઈ જ નહિ. હવે પાથરવી કેમ ? મેં કીધું, આવી ગાદી પર સૂવાથી ફાયદો શું જેને આપણે પાથરી પણ ન શકતા હોઈએ ? એટલે પછી મેં ગાદી પાથરવાનું છોડી દીધું. મેં નક્કી કર્યું કે નાનું પાથરી શકાય તેવું આસન પાથરવું ને સૂઈ જવું. ઘણાં વર્ષો સુધી તેના પર સૂવાની એવી ટેવ પડી ગઈ કે હવે તો હું પાછો ગાદી પર સૂઈ જાઉં છું પણ ક્યારેક રાતના ઊંઘ ઊડી જાય તો આસનની યાદ આવે. આસન પર જેવી સરસ ઊંઘ આવે તેવી ઊંઘ ગાદી પર આવતી નથી. હવે વિચારીએ, તો શું કમી હતી ? કર્તાપણાની મારી ભીતર કમી હતી, ભોક્તાપણાની કમી નહોતી. જ્યાં સુધી ખવાસ પાથરનારો હતો ત્યાં સુધી એ ગાદી પર મને બહુ સારી ઊંઘ આવતી હતી, પણ જ્યારે મારે માથે વાત આવી ત્યારે પંચાત થઈ ગઈ, ને છોડી દીધી ગાદી. જો મારી ભીતર કર્તાપણું પ્રબલ હોત તો જાતે ગાદી પાથરીને સૂતો હોત. એવા ય ઘણા રસોઈયા હોય છે જે પોતે દસ વાનગી બનાવીને પોતે જ ખાઈ જાય ! પરિવારમાં કોઈ ન હોય તો ય સવાર-સાંજ દુકાને બેસી પૈસા કમાયા કરે. અરે પણ કોના માટે ? ન આગળ કોઈ છે ન પાછળ કોઈ છે, પણ કર્તાપણાનો ભાવ પ્રબળ એટલે ધંધો કર્યા કરે. પાછું બ્લેકમાંય કમાઈ લે ! આપણે કહીએ ''આગળપાછળ કોઈ નથી તો ઓછામાં ઓછું કાળાધોળા તો ન કર !'' પણ એ ભાઈ ન છોડે, કેમકે કર્તા હોવાનો ભાવ પ્રબળ છે. એટલે પોતપોતાના ભાવાનુસાર કૃતિ હોય છે, બધાંની કૃતિ સરખી નથી હોતી. આપણી ભીતર રહેલા ભાવને જ્યાં સુધી ન પિછાણીએ ત્યાં સુધી કોઈ માર્ગ પર પ્રવૃત્ત ન થવું જોઈએ.

પ્રભુ આજ્ઞા કરે છે ''યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતંદ્રિત મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યા પાર્થ સર્વશઃ' તેથી ''ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ'' મારે કશું પ્રાપ્ત કરવાનું નથી, મને ન મળ્યું હોય તેવું કશું છે નહિ, શા માટે ? કેમકે પ્રભુ સત્યસંકલ્પ છે. સત્યસંકલ્પનો મતલબ શું કે એમના સંકલ્પથી વસ્તુ પ્રકટ થઈ શકે છે, ક્રિયા કરવાની જરૂર નથી પડતી પ્રભુને. આ કંઈ આપણા હિંદુધર્મનો જ મત છે તેવું નથી, ખ્રિસ્તીઓ પણ તેમ જ માને છે, મુસલમાનો પણ તેમ જ માને છે કે કડિયો ઈંટો ચણીચણીને મકાન બનાવે તેમ ભગવાને સૃષ્ટિ નથી બનાવી, સંકલ્પ કર્યો કે સૃષ્ટિ પ્રકટ થાઓ ને સૃષ્ટિ પ્રકટ થઈ. "Let there be Light & there was Light, Let there be Man & there was Man." પ્રભુના સંકલ્પમાં એ શક્તિ રહેલી છે. હવે જેને

સંકલ્પથી વસ્તુ પ્રકટ થતી હોય તેને કાર્ય કરવાની જરૂર શી ? કાંઈ નહિ. છતાંય ભગવાન કહે છે કે હું કાંઈક કાર્યો કરું છું, શા માટે ? એટલા માટે કે હું કર્મ નથી કરતો એવું કોઈ જો જાણી જાય તો કેટલાક દષ્ટાંઓ એવા છે પઠ્ઠા, કે પછી કર્મ કરે જ નહિ ! 'અહં બ્રહ્માસ્મિ !' ભગવાન જ જ્યારે કર્મ નથી કરતા ત્યારે આપણે શા માટે કરવા ? પણ ભગવાન કહે છે કે મેં તને એવો બનાવ્યો નથી કે તું કર્મ કર્યા વગર રહી શકે. થોડું અંતર તું પાડી શકે; ઘર ન ચલાવીને આશ્રમ ચલાવે, છોકરાછૈયાને ન પાળી ચેલાઓને પાળે, પણ કાંઈક તો તારે કરવું જ પડશે. જ્યારે કાંઈક તો કરશો જ તો પછી જે કરવું જોઈએ તે કરો, જે જોવું જોઈએ તે જુઓ અને જેનો ભોગ કરવો જોઈએ તેનો કરો.

બિહારમાં અમારા દાદાજીના એક ઓળખીતા રહે, તો દાદાજીએ મને કહ્યું ''કલકતા જાય છે તો એમને મળતો આવજે.'' હવે હું અચાનક મળવા જઈ ચઢ્યો, ને તેમને ય જોઈને આનંદ આવી ગયો કે ઓહો,ક દીક્ષિતજી મહારાજના લાલજી આવ્યા; તો દૂધ લઈ આવ્યા મારે માટે. હવે આપણે મુંબઈનું પાણી ભેળવેલું દૂધ પીનારા માણસો ત્યાંનું દૂધ પી શકીએ ? તેમણે તો મોટો લોટો ભરીને દૂધ આપ્યું. મેં કહ્યું ''હું તો ન પી શકું.'' તે કહે ''જવાન છો કે ઘરડા.'' મેં કહ્યું 'જવાન' તો કહે 'પી જાઓ.' પી ગયો. તો એને જોશ આવી ગયો. કહે ''એક ઔર ગ્લાસ લો.'' મેં કહ્યું મરી ગયા ! મેં કહ્યું ''હવે મારાથી નહિ પીવાય.'' 'પીઓ' મેં કહ્યું પી નાખો ત્યારે ! અસલમાં ત્યાં ટાઈગર સેન્ક્ચુરી છે તેમાં વાઘ જોવા હું ત્યાં ગયો હતો પણ આખી રાત એકે વાઘ ન દેખાયા ને પેટમાં જ વાઘ પ્રકટ થઈ ગયો ! એટલે ભોક્તાના ભાવનું, કર્તાના ભાવનું અને દષ્ટાના ભાવનું આપણામાં કેટલું પ્રમાણ છે તે સમજવું જોઈએ, તો ચિંતા ન થાય. મને આખી રાત એ ચિંતા થતી રહી કે જો બહાર જાઉં તો પેલો વાઘ પકડી લેશે ને ભીતર આટલા જબરદસ્ત 'વાઘ' હતા. આખી રાત મને સમજ જ ન પડી કે કરવું શું ? ઊંઘ આવે નહિ કોઈ રીતે. એટલે ખોટા ભોક્તા, કર્તા કે દષ્ટા થવું નહિ. શાસ્ત્રથી સમજો કે તમારે શું કરવું - જોવું જોઈએ, તે કરો-જુઓ. પ્રભુની ખોટી નકલ કરવા નહિ જતાં કે ભગવાન તો અકર્તા છે, અભોક્તા છે, શુદ્ધ ચિન્માત્ર દષ્ટા છે. અરે પણ શુદ્ધ ચિન્માત્ર દષ્ટા તમે કેવી રીતે થઈ શકશો ? તેવા દષ્ટા થવાના પ્રયાસમાં કાંઈક આડાતેડા કામ કરશો તેના કરતાં જે કરવાનું છે તે કરોને ? તેથી ભગવાન શાસ્ત્રને વચ્ચે લાવે છે, કે તમારી સહજતાને પિછાણી તેને અનુલક્ષીને શાસ્ત્રે આપેલા ઉપદેશને આચરણમાં લાવો, તો પરિણામ આવશે.

નવરત્નની રચનાના મૂળમાં ગોવિંદ દૂબેની આવી જ કાંઈક સમસ્યા હતી. તેમને મહાપ્રભુજીનો બહુ પરિચય નહોતો પણ એટલું લાગ્યું કે તેઓ મોટા વિદ્વાન છે, તેમનાથી કાંઈક ભણવું જોઈએ, એટલે તે ભાવથી મહાપ્રભુજીની પાસે આવ્યા ને કહ્યું કે મારે આપની પાસે સંસ્કૃત ભણવું છે. મહાપ્રભુજી તો દયાળુ છે, આપે કહ્યું ''સારું, હું તને સંસ્કૃત



ભણાવીશ.'' ભણવાની તે વખતની પ્રચલિત પદ્ધતિ પ્રમાણે ગોવિંદ દૂબે વ્યાકરણની ચોપડી લઈને આવી ગયા. ભાષા જાણે નહિ ને વ્યાકરણ શીખવા આવ્યા ! આપણે સ્કૂલમાં અંગ્રેજીનું વ્યાકરણ શીખી લઈએ, ને તો ય બોલતાં તો ન જ ફાવે, એટલે માણસ જ ન હોય ને આપણે ટાઉન પ્લાનિંગ કરીએ તેવું થઈ જાય ! મહાપ્રભુજીએ કહ્યું ''ના, હું વ્યાકરણથી તને સંસ્કૃત નહિ ભણાવું. હું તને ગીતા શીખવાડીશ, અને તે એવી શિખવાડીશ કે તને સંસ્કૃત તો આવડે, સાથે સાથે સિદ્ધાંત પણ આવડી જાય.'' અને ખરેખર એવું જ શીખવાડ્યું કે સંસ્કૃત આવડી ગયું, ગીતાના સિદ્ધાંત જાણ્યા ને સારા પંડિત થયા. પછી એમણે કહ્યું કે આટલી કૃપા કરી છે તો શિષ્ય બનાવી બ્રહ્મસંબંધ આપી દો, સેવા પધરાવી દો. મહાપ્રભુજીએ એમને બ્રહ્મસંબંધ આપ્યું અને સેવા પધરાવી દીધી. પછી તેઓ પોતાને ગામ જઈ સેવા કરવા માંડ્યા. વાર્તાકાર બહુ સુંદર વાત કહે છે કે ''ગોવિંદ દૂબે ઘરમેં સેવા કરેં, પરંતુ મનમેં બહોત વિગ્રહ રહે. સો સેવામેં ચિત્ત લાગે નાહીં. તબ ગોવિંદ દૂબે એક પત્ર શ્રી આચાર્યજીકોં લિખે, મહારાજ, મેરે મનમેં બહોત વિગ્રહ રહત હૈ. ભગવત્સેવામેં ચિત્ત લાગત નાહીં, સો મૈં કયા કરું ? એટલે સેવા કરે ત્યારે ચિત્ત લાગે નહિ પ્રભુમાં, બહુ પ્રયાસ કરવા છતાં. એટલે ચિઠ્ઠી લખી શ્રીમહાપ્રભુજીને, કે હું શું કરું ? ''સો પત્ર શ્રીઆચાર્યજી પાસ આયો, સો આપુ બાંચિકે, 'નવરત્ન' ગ્રંથ કરિ લિખિ પઠાયે. ઔર લિખેં, યહ 'નવરત્ન' ગ્રંથકે પાઠ કિયેતેં તેરે મનકી વિગ્રહતા મિટિ જાયગી. સો પત્ર શ્રીઆચાર્યજીકો ગોવિંદ દૂબેકે પાસ આયો. તબ ગોવિંદ દૂબે પ્રસન્ન હોઈકેં 'નવરત્ન' ગ્રંથકો પાઠ કરન લાગે. સો પાઠ કરત શ્રી આચાર્યજીકી કૃપાતેં મનકી વ્યગ્રતા ચિંતા સબ મિટિ ગઈ. મન ભગવત્સેવા કરનમેં લાગે.''

પ્રાચીન મહાનુભાવોની વાણી બહુ ગંભીર વાણી છે. આ વાર્તા વાંચતાની સાથે જ બધાને લાગ્યું કે આ નવરત્ન કોઈ એવો મંત્ર હશે કે જેનો પાઠ કરવાથી ચિંતા દૂર થઈ જાય. તેનું દુષ્પરિણામ એ આવ્યું કે ધંધામાં નુકાસન થાય તો નવરત્નનો પાઠ કરો, છોકરી કે મુરતિયો ન મળતો હોય તો નવરત્નનો પાઠ કરો, મકાનમાં ભાડુત ઘૂસી ગયા હોય તો નવરત્નનો પાઠ કરો, મકાનમાલિક આપણને નોટિસ આપતો હોય તો નવરત્નનો પાઠ કરો. ક્યાં ક્યાં નવરત્નનો પાઠ કરશો ? આનું મૂળ કારણ આવી ભાષા ન સમજ્યા તે. વાર્તાકાર એટલું જ કહે છે કે નવરત્નનો પાઠ કરવાથી એમની ચિંતા નિવૃત્ત થઈ ગઈ; પણ તેનો અર્થ એમ નહિ કે ગુડગુડગુડગુડ પાઠ કરવાથી ચિંતા નિવૃત્ત થઈ. શ્રીહરિરાયજીએ તેથી જ ભાવપ્રકાશ લખ્યો છે આ વાર્તા ઉપર, અને તે વાંચશો તો તમને અંદરનું રહસ્ય સમજમાં આવશે, કે પાઠ કરવાથી ચિંતા નિવૃત્ત નથી થઈ, એને જીવનમાં ઉતારવાથી ચિંતા નિવૃત્ત થઈ છે.

શ્રી હરિરાયજી સુંદર સમજાવે છે કે ''સો ગોવિંદ દૂબેકે મનમેં વિગ્રહતા ભઈ, તાકો અભિપ્રાય યહ, જો-ગોવિંદ દૂબે જીવ તો દ્વારિકાલીલા સંબંધી, ઔર સેવાભાવના વ્રજકી

કરે.'' શા માટે ચિંતા થઈ, કે એમના હૃદયમાં જે ભગવાનના ભોક્તાપણાનો ભાવ હતો તે દ્વારિકાલીલાની મજા માણવાનો હતો. વાત્સલ્યભાવ નહોતો પ્રભુ પ્રતિ, પ્રભુને બાળક તરીકે માણવાનો, બાળલીલાની મજા માણવાનો ભાવ નહોતો. વાત્સલ્યભાવ હોય તો હું પ્રભુની સેવા કરી શકું, મારી ભીતર વાત્સલ્યભાવ હોય જ નહિ અને હું જબરદસ્તી સેવા કરું તો કંટાળો આવ્યા વિના રહે કે નહિ ? જુઓ સેવાની આપણી બાબતો કેવી નાજુક, કોમળ લજ્જાવંતી જેવી છે કે અંદર ભાવ છે દ્વારકાધીશના સ્વરૂપનો-જે રાજલીલાનું સ્વરૂપ છે-તો સેવા સ્વસ્થતયા નથી કરી શકતા. કદાચ સ્વામીનો ભાવ હશે ગોવિંદ દૂબેને, એ દ્વારકાધીશ અને હું એમનો સેવક. હવે સેવકના ભાવથી સ્વામી માનીને સેવા કરે તો તો તેમનું મન લાગે સેવામાં, પણ જબરદસ્તી કરીએ કે એ તો બાલક છે, પાલનું ઝુલાવો; તો મન ન જ લાગે. તેથી જ વચનામૃતો વાંચીએ તો આવે છે કે કેટલાક બાળકો એવા થયા કે જોકે તેઓ પુરુષ હતા, પણ તેમના હૃદયમાં માતૃત્વભાવ એટલો પ્રબળ હતો કે ઠાકોરજીને પાલને ઝુલાવવાની તેઓ યશોદાજીની જેમ મજા માણી શકતા. આપણને ભાવ હોય નહિ ને ઝુલાવીએ તો શું મજા આવવાની ? મેં જોયું છે એટલે કહું છું, જોયા વિના નથી કહેતો, કે ઝુલાવતાં ય હોય પલના, ને બગાસાં ય ખાતા હોય પાછા ! અંદર માતૃત્વભાવ હોય નહિ એટલે પલના ઝુલાવતા મજા જ ન આવતી હોય, નિયમ છે પલના ઝુલાવવાનો એટલે ઝુલાવતા રહે - ''ભગવાન તમે તો ઝુલો છો ને, અમારું શું ગયું ?''

મા પોતાનો દીકરો રાતના જાગી જાય તો થપથપાવીને સૂવડાવે, એને ખરેખર વાત્સલ્યભાવ હોય છે. પણ કોઈ આયા કે બાઈ પાસે બાળકને સોંપી દો તો રાતના બાળક રડે તો થોડીકવાર ધીરેધીરે થપથપાવે, ને પછી ધડાધડ થપથપાવે, તે બાળક ચોટ વાગતા વધારે રડે ! તો ભાવના ભેદને લીધે આવા ગોટાળા થઈ જાય છે. બાળક આને ન સમજી શકે કે મેં શું ગડબડ કરી કે મને માર પડી રહ્યો છે ? અને આયા ય ન સમજી શકે કે રાતના કેમ રડે છે ? મા શેઠાણી હોવાના તોરમાં આયાને સાચવવા સોંપી દે તો બાળકને તો આ જ ગતિ થાય ને ? આળા ગોટાળાઓને કારણે મોટે ભાગે ચિંતા થતી હોય છે.

તેનો ઉપાય એક જ કે એવી નોકરી કરવી જ નહિ કે જે આપણને માફક ન આવતી હોય. સરકાર વોકેશનલ ગાઈડન્સની સંસ્થાઓ ખોલે છે, જે તમારી ટેસ્ટ લઈ તમને સલાહ આપે છે કે તમને કઈ લાઈન માફક આવશે. ગામ સાયન્સ લે છે તે જોઈને આપણે ય લઈ લઈએ; પણ Maths માં અક્કલ જ ન ચાલતી હોય તો સાયન્સ કેવી રીતે ભણવાના ? એટલે આપણા માજના સમજવા હોઈએ કે મારી ભીતર કઈ જાતનો ભાવ છે. એ સ્વભાવ અને સામર્થ્ય મુજબ જો હું સેવાનો ક્રમ ગોઠવું તો પછી કોઈ દિવસે સેવામાં ચિંતા થાય નહિ. પણ ફલાણા ભાઈ આમ કરતા હતા તેથી આપણે કરવા માંડીએ તો ચિંતા થાય જ, કેમકે આપણને મુદ્દલેય ભાવ ન હોય તો ઠાકોરજી સાથે વ્યવહાર નહિ કરી શકીએ તે ભાવથી.



તેથી વાર્તામાં આવે છે કે ઠાકોરજીની બાલભાવથી સેવા કરતા હતા તો ઠાકોરજીએ કહ્યું કે બિલાડીની બીક લાગે છે, તો કહે રાક્ષસો માર્યા ત્યારે બીક નહોતી લાગી !

આજે એટલે ભાવનો આખો ભવાડો થઈ ગયો. એક બાજુ તમે બાળક માનીને સેવા કરો, બીજી બાજુ તમે એનું પ્રદર્શન કરો, ભવાડો કરો. તમારા બાળકનું તમે પ્રદર્શન કરો છો ગામમાં ? તમે કહો કે અમારા બાળકને બધા બાળકો સાથે રમવામાં મજા આવે છે તેથી અમે ભેગા કર્યા. તો કાંઈ વાધો નહિ, પણ પછી ગામ ન હોવું જોઈએ, સરખેસરખા હોવા જોઈએ. પછી એમ ન કરાય કે સખડીના ઠાકોરજીનું એક ગ્રુપ અલગ કરી દો, અનસખડી આરોગનારા પેલા ગ્રુપમાં રમશે, મિસરી આરોગનારા બહાર ચપરાસીની માફક એક ગ્રુપમાં રમશે-એવો ભેદ ન કરી શકો તમે. બાલક એવા ભેદ માને છે ? એક ભાઈએ પ્રશ્ન કર્યો છે કે અમે શા માટે બધા ઠાકોરજીને ભેગા કરીને ન રમાડી શકીએ ? ચોક્કસ રમાડી શકો, પણ એટલો જો બાલભાવ તમારો સુદૃઢ હોય, તમારા હૃદયમાં એ ભાવ સ્પષ્ટ હોય, તો પછી તમે ભેદ નથી કરી શકતા બાળક બાળક વચ્ચે કે તું આની સાથે રમજે અને તેની સાથે નહિ રમતો. બાળક કોઈ દિવસ એ નથી જોતો કે કોણ પોતાના ઘરેથી કેસરના માલપૂઆ લાવ્યો છે ને કોણ ઘરેથી ખાલી ફાફડા જ લાવ્યો છે. બાળક કાંઈ ફાફડાના આધારે રમવાના ગ્રુપ નહિ પાડે; બાળક તો જેની સાથે એને રમવું હશે તેની સાથે રમશે, જેની સાથે ફાવી જશે તે બધા સાથે રમશે. બાળકનો ભાવ એટલો નિશ્ચલ ભાવ છે કે એ ભેદ નથી કરતો. ભેદ આપણે કરીએ છીએ કે આ સખડી આરોગે છે ને આ અનસખડીના ઠાકોરજી છે, આ તપેલીના ઠાકોરજી છે, આ નિધિના ઠાકોરજી છે અને આ અનિધિના ઠાકોરજી છે. બાળક કોઈ દિવસે એવો ભેદ કરે ખરો ? જો તમારા હૃદયમાં સ્પષ્ટ બાળભાવ હોય તો એવો ભેદ તમે પાડી શકતા નથી. કોણે પાડ્યો એ ભેદ ? તમે જો પાડી રહ્યા છો તો વાત સાફ થઈ ગઈ કે તમારા હૃદયમાં હજી સુદૃઢ બાળભાવ નથી. જ્યારે તે ભાવ જ નથી તો પછી તેમને ઠાકોરજીનો મેળવાડો કરીને ભવાડા કરવાનો અધિકાર નથી.

જેના હૃદયમાં એટલો સ્પષ્ટ બાલભાવ હોય તેને અધિકાર છે, તેને વાંધો નહિ આવે. પણ સખડી આરોગવાના લીધે ઠાકોરજીના વોલ્ટેજ જેને વધારે લાગતા હોય તે પછી આવા ભવાડા નથી કરી શકતો. કોઈ દિવસે તમારા બાળકને રોકી શકો છો રમતા ? એ સ્કૂલમાં જશે તો ગમે તેની સાથે રમશે; એ પછી એ નહિ જુએ કે તે હિંદુ છે કે મુસલમાન છે કે ભંગી છે કે બ્રાહ્મણ છે. બાળકને એ ભેદ સમજમાં નથી આવતો. તેથી જ તો મોહના ભંગી સાથે શ્રીનાથજી રમે છે. એમને જો ભેદ સમજમાં આવતા હોત તો એ બાલસ્વરૂપ જ ન કહેવાયા હોત. એટલે જો ખરેખર તમારો બાલભાવ એટલો સ્પષ્ટ છે તો તમે આવા ભેદ નહિ કરી શકો. અને જ્યાં સુધી તમે આવા ભેદ કરી રહ્યા છો ત્યાં સુધી સમજી લો કે ''મુદઈ તૂ ઈશ્કરા

નાલાયકી.'' તમે બાલભાવ કરવા માટે લાયક નથી. જ્યારે તમે લાયક નથી તો ઘરમાં બેસો, શાંતિથી એકાંતમાં સેવા કરો, તમારા ખોટા કૃત્રિમ ભોક્તાપણાને ઉપસાવો નહિ, જે પ્રભુના બાલભાવનો આનંદ માણવા તમે પૂરેપૂરા તૈયાર નથી તેનું તમે પ્રદર્શન ન કરો. જો આવો ભવાડો કરશો તો જે થોડીઘણી સંભાવના હશે તમારી ભીતર બાળભાવ વિકસિત થવાની તે પણ રુંધાઈ જશે, કરમાઈ જશે. આવા કઠોર ભેદોને બાળભાવ કદી સહન નહિ કરી શકે; પછી મર્યાદામાં રહો.

જો મારે ઓફિસ એટેન્ડ કરવી હોય તો ઓફિસની જે કાંઈ મર્યાદા છે તે મારે જાળવવી જ પડશે. જો મારે સ્કૂલમાં ભણવું હોય તો સ્કૂલનો યુનિફોર્મ મારે પહેરવો જ પડશે, ધોતી ઉપરણાથી નહિ ચાલે. આપણે કહીએ કે યુનિફોર્મ પહેરવાથી શું વિદ્યા આવી જવાની છે ? તો યુનિફોર્મ પહેરવાથી વિદ્યા નથી આવવાની તો સ્કૂલમાં જવાથી ય વિદ્યા નથી આવવાની, વિદ્યા તો ભેજું હશે તો આવશે, ઘરમાં જ કેમ નથી રહેતા ? પણ સ્કૂલમાં આવ્યા છો તો સ્કૂલની શિસ્ત જાળવવી પડશે. સાક્ષાત્ પરમાત્મા પણ સાંદીપનિના આશ્રમમાં જાય તો લાકડાં કાપવા જવું પડે; કેમકે વિદ્યાર્થી બન્યો છે, સાંદીપનિના આશ્રમમાં એનું ઐશ્વર્ય નહિ ચાલે. હશે પરમાત્મા વૈકુંઠમાં, આશ્રમમાં તો ગુરુના ચરણ ચાંપવા પડશે, કેમકે આશ્રમમાં વિદ્યાર્થી જ હોય છે, તે પરમાત્મા હોય કે જીવાત્મા. આ મર્યાદા ન સમજીએ તો ભવાડો થયા વિના રહેશે નહિ. તમે આશ્રમમાં આવી જાઓ ને ગુરુ તમને લાકડા કાપવાનું કહે ને તમે કહો ''અમે પરમાત્મા છીએ, સાધારણ માણસ નથી'' તો ગુરુ શું કહે ? એ એમ જ કહે કે ''પરમાત્મા છો તો ભણવા કેમ આવ્યા ભાઈ ? વૈકુંઠમાં જ બિરાજવું હતું ને. પણ અહીં આવ્યા છો તો વિદ્યાર્થીની મર્યાદા તમારે જાળવવી પડશે.'' તેથી જ ભલે જગત્પિતા હોય, આપણે તો તેમને નંદગૃહમાં પાલનું જ ઝુલાવીએ છીએ- ''ઐસો પલના ઝુલત લલના, હુલસી માત ઝુલાવે હો.'' શા માટે ઝુલાવે ? કેમકે આપણે જગત્પિતાને નથી ઝુલાવતા, આપણા બાળકને ઝુલાવીએ છીએ. બાળક થઈને આવ્યો તો પાલનું ઝૂલવું પડશે, એ કેવી રીતે ના પાડી શકશે ? એટલે આ બધી મર્યાદાઓ જો આપણને નભાવતા ન આવડે તો આપણે માર્ગને અનુસરી શકતા નથી.

એ નિશ્ચય કરો કે તમે માર્ગ પર સ્વભાવથી ચાલી રહ્યા છો કે સામર્થ્યથી ? એક વાત કરો પછી વાંધો નહિ આવે - ગુજરાતીમાં વાત કરવી હોય તો ગુજરાતીમાં કરો, હિંદીમાં કરવી હોય તો હિંદીમાં કરો; પણ એક વાક્ય ગુજરાતીમાં, બીજું હિંદીમાં અને ત્રીજું સંસ્કૃતમાં તેમ નહિ કરો. બોલવાની એક મર્યાદા છે; તે મર્યાદામાં બોલાય તો માણસને વાત સમજમાં આવે, નહિ તો બધું ઊંધુંચત્તું થઈ જાય. તેવી જ રીતે નક્કી કરો કે તમારે ભાવની ભાષા અપનાવવી છે કે મર્યાદાની ભાષા અપનાવવી છે; વિધિની ભાષા અપનાવવી છે કે



વિધિના ઉલ્લંઘનની ભાષા અપનાવવી છે. ''નિસ્ત્રૈગુણ્યે પથિ વિચરતાં કો વિધિ કો નિષેધઃ'' શાસ્ત્ર કહે છે; પણ નિસ્ત્રૈગુણ્ય તો થાઓ ! તમે નિસ્ત્રૈગુણ્ય નથી થયા અને કહો કે અમે વિધિનિષેધનું બંધન ન પાળીએ તો નહિ ચાલે. તમે આત્મવચના કરી રહ્યા છો, છેતરપીંડી કરી રહ્યા છો. જો તમે સાચે જ સાધનાના પથ પર હો તો તમારે વિધિનિષેધના બંધન પાળવા પડશે. વિધિનિષેધનું ઉલ્લંઘન ત્યારે જ થઈ શકે કે જ્યારે તમે નિસ્ત્રૈગુણ્ય થઈ જાઓ.

તેવી જ રીતે આ બધા ભક્તિમાર્ગનાં જે બંધનો છે કે આપણે ઘરમાં જ ગુપ્ત રીતે સેવા કરવી, વગેરે; તે એને માટે છે કે જેની ભક્તિ પ્રેમ, આસક્તિ, વ્યસનરૂપે ખીલી નથી ગઈ. તમને વ્યસનદશા સિદ્ધ થઈ જાય, દૈહિક ધર્મોની સ્ફૂર્તિ ન રહે, માનસી સિદ્ધ થઈ જાય, લૌકિક વિષયોમાં મમતા ન રહી જાય, સર્વાત્મભાવ સિદ્ધ થઈ જાય; આશાકરણ રાજાની માફક તમને ભીતર અને બહારના જગતનો ભેદ અનુભૂત ન થાય-તો પછી તમે ભક્તિ ગામમાં કરો તો ય વાંધો નથી આવતો. ભગવાન પણ એનું ખોટું નથી માનતો. બાળક નાગો હોય તો સુંદર લાગે હોં. પણ મોટા નાગા ફરે તો ? ભૂંડું દેખાય. ''દેખ્યો રી હરિ નંગમનંગા'' ગાતાં મજા આવે, પણ ''દેખ્યો રી વિષ્ણુ નંગમનંગા'' ગાતાં ય શરમ આવે. શુકદેવજી નિસ્ત્રૈગુણ્ય થઈ ગયા તો અવધૂત દશામાં રહે તો ય વાંધો ન આવ્યો, પણ તેવા તમે ન થાઓ ત્યાં સુધી મર્યાદાઓ પાળવી પડશે. એટલે ત્યાં સુધી ભક્તિમાર્ગના વિધિનિષેધો તમારે પાળવા પડશે. જો ખોટી રીતે તમે ભગવાનનો ભવાડો કરો તો તમે ચિંતા વધારી રહ્યા છો. ભક્તિ જેવી સરસ સાધનાનો તમે ભવાડો કરી દીધો તો બીજી કઈ સાધના તમારે કામ આવશે ? સરલમાં સરલ, સહજમાં સહજ, સીધેસીધી જે સાધના છે તેને ય ન સાધી શકો તો પછી તમારાથી જ્ઞાનેય સધાવાનું નથી ને કર્મે ય સધાવાનું નથી; તમારાથી કશું સધાવાનું નથી, નકામા માણસ થઈ જશો સાવ. જે આટલો સરલ સીધો માર્ગ આપ્યો શ્રીમહાપ્રભુજીએ તેની ગરિમા જાળવો, Dignity જાળવો. ગુલાબના ફૂલની પાંખડીઓની કાંઈ ખેંચતાણ થતી હશે ? તમારા હાથમાં ડાળખું જ આવશે, પાંખડી નહિ આવે.

આ જ વાત સમજાવવા બાઈબલમાં સોલોમન રાજાની કથા છે, કે એક બાળકને માટે બે માએ દાવો કર્યો કે આ મારું બાળક. હવે નિર્ણય કેવી રીતે કરવો ? સોલોમન ન્યાયપ્રિય હતો. તેણે કહ્યું તલવાર લાવો ને બાળકના બે ભાગ કરી દો, બેઉ માને અડધો અડધો ભાગ આપી દો. તો સાચી માએ તરત કહ્યું કે એવું નહિ કરતા, બાળક એને આપી દો, કેમકે મારા અધિકારને લીધે મારો બાળક કપાઈ જાય એ મને ન ગમે. જે ખોટી દાવેદાર હતી તે કહે ''અડધો તો અડધો, મને મારો બાળક જોઈએ.'' માતા કોઈ દિવસ આવું કહી ન શકે. તેથી સોલોમને તરત નિર્ણય કર્યો કે આ સાચી મા નથી. એટલે ભક્તિના ભાવને આપણે કાપી નથી શકતા. ભક્તિનો ભાવ કપાતો હોય ત્યારે આપણે કહીએ કે અડધો ભાગ અમે લઈશું;

તો નિશ્ચિત સમજો કે તમે ભક્તિની મા નથી, ભક્તિ તમારા હૃદયમાં ઉછેરી શકાતી નથી. ભક્તિ જે કરી શકતું હોય તેને સોંપી દો; એ ભક્તિ કરશે તો પ્રભુ પ્રસન્ન થશે; પણ તમે આવા ભવાડા કરશો તો પ્રભુને પરિશ્રમ જ થશે. એટલે સિદ્ધાંતને સમજો, હું ગરજીને બોલું તેથી પ્રશ્નો પૂછતાં બંધ નહિ થઈ જાઓ.

એક ભાઈએ લખ્યું છે કે અમે બાળકોની આજ્ઞાથી કરીએ છીએ. બાળકોની આજ્ઞા પ્રમાણે કરવું તમને પ્રાપ્ત છે; તેનો હું કદાપિ નિષેધ ન કરી શકું; પણ એક વાત ચોક્કસ સમજો કે દરેક બાળકની આજ્ઞા લેવાય નહિ, પોતાના ગુરુની જ આજ્ઞા લેવાય. મહાપ્રભુજીની સ્પષ્ટ આજ્ઞા છે કે ''સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા'' સેવા ગુરુઆજ્ઞા પ્રમાણે કરવી જોઈએ અને સેવાના નિયમ તોડવા જોઈએ હરિની ઈચ્છા પ્રમાણે. હરિ સાક્ષાત્ તમને આજ્ઞા ન કરે ત્યાં સુધી સેવાના નિયમ ન તોડાય. એટલે તમારા ગુરુ, જેમણે તમને બ્રહ્મસંબંધ આપ્યું છે અને તમારે માથે પુષ્ટ કરીને ઠાકોરજી પધરાવી આપ્યા છે, તે આજ્ઞા કરતા હોય તો પછી તમે કરો, એમાં હું ના નથી પાડતો, કેમ કે પછી જવાબદારી તમારી નથી, જવાબદારી તે ગુરુની છે. પણ તમારા ગુરુની આજ્ઞા નથી ને અન્ય કોઈ બાળક આજ્ઞા કરે રે તો તે આજ્ઞા તમને પ્રાપ્ત જ નથી. ગુરુ જો તેવી આજ્ઞા આપતા હોય તો ગુરુથી હું ચર્ચા કરી લઈશ, મારે તમારી જોડે ચર્ચા કરવાની આવશ્યકતા જ નથી. એમની સાથે ચર્ચા કરવા હું તૈયાર જ છું. તમને તો હું એમ જ કહીશ કે તમારા ગુરુ જેમ તમને સેવા કરવાની આજ્ઞા આપે તેમ કરો. પણ દરેક બાળકને ગુરુ ન માની શકાય. જેમણે બ્રહ્મસંબંધ કરાવ્યો અને ઠાકોરજી પુષ્ટાવી આપ્યા તે બાલક જ ગુરુ છે.

આજે એવું થઈ ગયું છે કે એક બાલકથી બ્રહ્મસંબંધ લે, બીજા બાલકથી પુષ્ટ કરાવે, ત્રીજા બાલકથી સેવાની આજ્ઞા લે, અને તે બાલક જો ચુસ્ત હોય અને આજ્ઞા ન આપતા હોય તો ચોથા બાલકને વિનંતી કરે કે આમાં થોડી છૂટછાટ આપી દો ને ! એટલે બધા છૂટછાટની જ આજ્ઞા લેવા આવે છે, કરવાની આજ્ઞા લેવા કોઈ આવતું જ નથી. જે બાલક સૌથી વધુ છૂટછાટ આપે તે સૌથી સારા ! ઠાકોરજીના ભવાડા કરવાની છૂટ, હોટલનું લઈને ભોગ ધરવાની છૂટ ! અમે તો બધા જ બાલક છીએ ! જો છૂટ ન આપીએ તો બાલક કેમ કહેવાઈએ ! ન આપીએ તો અમને થોડા દબડાવો કે તમારા વિચારો અમને થોડા જૂનવાણી લાગે છે; એટલે બિચારો ન આપતો હોય તો ય ગભરાઈને આજ્ઞા આપી દે ! એટલે દરેક બાલકથી આજ્ઞા ન લેવાય, પોતાના ગુરુથી આજ્ઞા લેવાની શિસ્ત રાખો મનમાં, ગુરુ આજ્ઞા આપે તેમ કરો, ગુરુઆજ્ઞાનું ઉલ્લંઘન ન થાય આપણાથી. શ્રીમહાપ્રભુજીએ સંવિધાન આપ્યું છે કે 'સેવાકૃતિર્ગુરોરાજ્ઞા,' એટલે તમે એમ નહિ સમજતા કે તમારા ગુરુથી તમને છૂટા પાડવા માટે હું આ ભવાડા ન કરવાની વાત કહી રહ્યો છું. હું તમને મહાપ્રભુજીના સિદ્ધાંતની વાત



કહી રહ્યો છું. તમે તમારા ગુરુ જે આજ્ઞા આપતા હોય તે મુજબ કરો, બીજાનું અનુકરણ ન કરો. હરિ સાક્ષાત્ આજ્ઞા કરે કે આમ નહિ ને આમ કરો તો પછી આપણે ગુરુની આજ્ઞા પણ તોડી શકીએ એમ મહાપ્રભુજી કહે છે.

સંપ્રદાયનો કોઈપણ બાલક મહાપ્રભુજીની આજ્ઞાથી વધારે આજ્ઞા આપી શકતો નથી કે મહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત આજ્ઞા આપી શકતો નથી; કેમકે બાલક હરિ નથી, મહાપ્રભુજીના બાલક જ છે, અને મહાપ્રભુજીના બાલકરૂપે આજ્ઞા આપે તો જ તેનું ગુરુત્વ છે. કોઈ બાલક તમને ક્રાઈસ્ટને ભજવાની કે બુદ્ધને ભજવાની કે એવી કોઈ અગડંબગડં આજ્ઞા આપી દે તો એ બાલલીલા છે, ગુરુઆજ્ઞા નથી. પણ તેવી બાલલીલા ન કરતા હોય તો તમારા ગુરુ જેમ આજ્ઞા આપે તેમ જ કરો, તે માટે જવાબદાર તે છે, તમે નથી. પણ મનફાવે તે બાલકથી આજ્ઞા લઈ સેવા કરી શકાય નહિ. ભાષ્યમાં શ્રીપુરુષોત્તમજીએ આજ્ઞા લેવાનો સ્પષ્ટ ક્રમ સમજાવ્યો છે કે ''ગુર્વભાવે તત્પુત્રઃ, તદભાવે તત્પત્ની, તદભાવે તત્કુલમ્.'' જે આપણા ગુરુ છે તે ન હોય તો તેમના પુત્રથી આજ્ઞા મેળવવી, તે ન હોય તો ગુરુપત્નીની આજ્ઞા મેળવવી, અને તે ય ન હોય તો પછી તેના કુલના કોઈ બાલકથી આજ્ઞા લેવાય. એક બાલકથી બ્રહ્મસંબંધ લો અને બીજા પાસેથી છૂટ મેળવો તેમાં ઘોર અવ્યવસ્થા થઈ જાય છે; પછી આપણે સંપ્રદાય તરીકે જીવવા માટે લાયક નથી રહી જતા.

સંપ્રદાયનો મતલબ સમાજ છે; સંપ્રદાયનો મતલબ વાડો નથી. આ તો આધુનિક વાડાવાદીઓએ સંપ્રદાયનો મતલબ વાડો કર્યો છે. સંપ્રદાય એક વારસો છે; એક એવો વારસો જે જીવિત વારસો છે, અને જીવિત વ્યક્તિઓને મળે છે અને આવતી પેઢીઓને આપવા માટે મળે છે; ખતમ કરવા કે વેડફી દેવા માટે નહિ. તે જીવિત વ્યક્તિથી જીવિત વ્યક્તિઓને આગળ આવનારી જીવિત વ્યક્તિઓ માટે મળે છે. તેનું નામ સંપ્રદાય. તેને મ્યુઝિયમમાં ભવાડા કરવા મૂકી ન શકાય. મહાપ્રભુજીના સિદ્ધાંત અને આજની દેશકાળની પરિસ્થિતિ બંનેનો વિચાર કરી અનુસરીએ નહિ તો કેવી રીતે ખબર પડે કે સંપ્રદાય છે? પછી તો કોઈના મનની તૂત થઇ ગઈ, સંપ્રદાય ન રહ્યો. તો મહાપ્રભુજીના સિદ્ધાંતથી સંગત હોય તો ગુરુઆજ્ઞા અને અસંગત હોય તો બાલકઆજ્ઞા. બાલકઆજ્ઞા એટલે બાલકની બાલલીલા અને ગુરુઆજ્ઞા એટલે મહાપ્રભુજીના સિદ્ધાંતથી સંગત આજ્ઞા. પણ તમે કે હું કેવી રીતે સમજી શકીએ કે કઈ બાલઆજ્ઞા અને કઈ ગુરુઆજ્ઞા ? એટલે સંપ્રદાયની દૃષ્ટિથી વિચાર કરીને, સમગ્રતામાં વિચાર કરીને આપણે એ શિસ્ત રાખવી જોઈએ કે જેમ તમારા ગુરુ તમને આજ્ઞા આપે તે મુજબ તમે કરો.

મિલિટરીનો મતલબ છે કમાન્ડરના આદેશ મુજબ ચાલવું તેનાથી જય થાય કે

પરાજય. કમાન્ડરના આદેશથી વેગળા ચાલીએ તો પછી મિલિટરી ન રહી જાય. તેવી રીતે અનુયાયીનો મતલબ એ છે કે ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તે; અને ગુરુનું કર્તવ્ય એ છે કે જે એના ય ગુરુ છે, પરમગુરુ શ્રીમહાપ્રભુજી, તેમની આજ્ઞા પ્રમાણે વર્તે. એવો એક સુમેળ સધાય તો સંપ્રદાય કહેવાય, નહિ તો તે મનની તૂત છે, તેને વારસો ન કહેવાય, તે તો સટ્ટાથી મળેલી આવક કહેવાય કે જે તમે એકના દસ કરવાની લાલચમાં ફૂંકી દો. તમે કદાચ કાયદો જાણતા હો તો તમને ખબર હશે કે દાદાથી વારસામાં મળેલી મિલકતને પિતા વેડફતો હોય તો પુત્ર દાવો કરી એને વેડફતો અટકાવી શકે છે, કેમકે દાદાની મિલકત પર પૌત્રનો જન્મથી અધિકાર હોય છે કાનૂન મુજબ. તેવી રીતે મહાપ્રભુજી બધા બાળકોના દાદા; તેમનાથી મળેલ જ્ઞાનના, ઉપદેશના વારસને અમે કોઈ વેડફી શકતા નથી; અમારે તેને જાળવી રાખી આગળ આવતી પેઢીઓને આપવો પડશે. માટે વારસો વેડફાઈ જાય, સંપ્રદાય છિન્ન-ભિન્ન થઈ જાય, સિદ્ધાંતો ભાંગી જાય તે રીતે અમે આદેશ આપી નથી શકતા; અમે ય સ્વતંત્ર નથી. એટલે એ કાળજી બાલકોએ પણ લેવી પડશે. પણ એ વિષય તમારો નથી તેથી તમને કહેવાનો ન હોય; તે વિષય બાલકોનો આપસનો છે; તમારો વિષય તો એટલો જ છે કે 'સેવાકૃતિઃ ગુરોરાજ્ઞા.'

# પ્રવચન તા. ૨૮-૮-૮૪

કાલે ગોવિંદ દૂબેનો પ્રસંગ વિચારતા વાર્તામાંથી મેં થોડોક અંશ આપને સંભળાવ્યો હતો, અને તેમાં આપણે જોયું કે ''ગોવિંદ દૂબેકે મનમેં વિગ્રહતા ભઈ, તાકો અભિપ્રાય યહ, જો-ગોવિંદ દૂબે જીવ તો દ્વારિકા લીલાસંબંધી, ઔર સેવા ભાવના વ્રજકી કરે. સો મન લાગે નાહીં. ન રાજલીલામેં દઢતા હોઈ, ન વ્રજલીલામેં'' એટલે ગોવિંદ દૂબેનો બીજભાવ રાજલીલાનો હતો, અને ભાવના કરે વ્રજલીલાની. બીજને પોષણ મળે તેવી ભાવના કરે તો તો બીજભાવ પ્રસ્ફુટિત થાય; જે સહજ છે તે બહાર આવે સ્વાભાવિક રીતે; પણ તેમ ન કરે તે વિપરીત ભાવના કરે તો બીજભાવને પ્રસ્ફુટિત થવાનો અવકાશ મળે નહિ. તેથી ક્યાંય ચિત્ત ચોંટે નહિ. હવે ચિત્ત ચોંટે નહિ ને આપણે પ્રયાસ કરીએ તો ચિંતા, ઉદ્વેગ થયા વિના રહે નહિ. કોઈપણ પ્રયાસ-સેવાનો કે અન્ય-આપણે કરીએ અને તેમાં ચિત્ત ચોંટે તો ત્રાસ કે ઉદ્વેગ કે ચિંતા ન થાય, પણ આપણે પ્રયાસ કરીએ અને તેમાં ચિત્ત ચોંટતું ન હોય તો વ્યગ્રતા આવે અને ઉદ્વેગ થયા વિના રહે નહિ. તેથી કહે છે કે ''ન રાજલીલામેં દઢતા હોઈ, ન વ્રજલીલામેં. સો અનેક સાધનમેં મન દૌરે.''

જેમ કહેવાય છે દામોદરદાસજી માટે, કે 'દમલા યહ મારગ તેરે લિયે પ્રકટ કિયો હૈ.'' એટલે જેટલા પુષ્ટિમાર્ગીય જીવો કે જેમનું આત્મનિવેદન થયું છે તેમના પ્રતિનિધિ છે દામોદરદાસજી. દામોદરદાસજી પછી બધાનો બ્રહ્મસંબંધ થયો. જેમ ભોગ ધરતી વખતે આપણે કાનિથી ધરીએ કે નંદ યશોદાજીની વ્રજભક્તોની કાનિથી પ્રભુ આરોગો, શ્રીમહાપ્રભુજીની કાનિથી આરોગો, તેવી રીતે બ્રહ્મસંબંધ કોઈનો થાય તો દામોદરદાસજીની કાનિથી થાય છે તેમ આપણે કહી શકીએ. પણ કોઈને ચિંતા થતી હોય, મન ચોંટતું ન હોય, તો ગોવિંદદુબેની કાનિથી મહાપ્રભુજીએ નવરત્નનો ઉપદેશ આપ્યો છે. અને આ ભાવપ્રકાશ વાંચો કે આજની આપણી જે ચિત્ત ન ચોંટવાની મનસ્થિતિ છે તે અને ગોવિંદ દૂબેની જે મનસ્થિતિ છે તેમાં કેટલું સામ્ય છે ! તેઓ આપણા પ્રતિનિધિ થઈ શકે છે કે નહિ ! જેમ હોમિયોપેથીમાં કોઈપણ દવા આપતાં પહેલાં ડૉક્ટર આપણને Syptoms પૂછે છે : ''માથું દુઃખે છે ? દરદ થાય છે ?'' બધું પૂછીને જે રોગના Syptoms સાથે મેળ ખાય તે રોગની

દવા આપે. તો આપણા Syptoms અને ગોવિંદ દૂબેના Syptoms મેળવીને જોશો તો ઘણું બધું ખબર પડી જશે કે સ્થિતિ શું છે. એ Syptoms છે : ''ન રાજલીલામેં દઢતા હોઈ, ન વ્રજલીલામેં. સો અનેક સાધનમેં મન દૌરે.'' કોઈ સાધનમાં મન લાગે નહિ એટલે બધા જ સાધનમાં મન દોડે.

''તીર્થ કરું કે વ્રત કોઈ કરું, કોઈ જપ કરું ? ઇત્યાદિ મન ભટકે. સો શ્રી આચાર્યજી મહાપ્રભુ 'નવરત્ન' ગ્રંથ લિખિ પઠાયે, તું ચિંતા મતિ કરે. ચિત્તકી ઉદ્વેગતા હૈ યહ પ્રભુકી લીલા જાનિ, શ્રીઠાકુરજીમેં તે મન ઔર ઠૌર જાય સોઉ ભગવદ્દઇચ્છા માની, ચિંતા મતિ કરિયો'' મન આપણું ભટકે, તો મન તો ભટકવા માટે જ બનાવવામાં આવ્યું છે. હવે મન ભટકે ને પાછી આપણે ચિંતા કરીએ, તો એક તો મન ભટકી રહ્યું છે તે ખોટ ગઈ અને પછી ચિંતા કરી તે બમણી ખોટ ગઈ. ચિંતા કરવાથી જો મન ઠેકાણે આવી જતું હોત તો ભટકત જ શા માટે ? એટલે ચિંતન કરવાથી કદાચ ઠેકાણે આવે; પણ ચિંતા કરવાથી તો ઠેકાણે નહિ જ આવે. તેથી જ કહે છે કે ''શ્રીઠાકુરમેંતે મન ઔર ઠૌર જાય સોઉ ભગવદ્દઇચ્છા માનિ ચિંતા મતિ કરિયો. જિતની બને તિતની સેવા કરિયો.'' જુઓ સેવાની પ્રધાનતા કેટલી છે તે તમને ખ્યાલ આવશે આ ભાવપ્રકાશથી. એવું ક્યાં નથી કહ્યું કે મન બીજે ભટકતું હોય તો સેવા ન કરવી. અને એવું ય નથી કહ્યું કે ગમે તેમ મારીમચડીને પણ બધી જ સેવા કરવી. પ્રાચીન બાળકોની વાણીમાં આપણી પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાનું ખરેખર કેવું સામર્થ્ય હતું તે આનાથી આપણને ખબર પડે છે કે ''જિતની બને તિતની સેવા કરિયો.'' જબરદસ્તી ''લે મહારાજ'' કરીને વધારે સેવા કરીએ તો એનાથી કાંઈ ચિત્ત ચોંટે નહિ, વધારે વ્યગ્ર થઈ જાય.

પણ આપણે એમ કહીએ કે ચિત્ત ચોંટતું નથી તો સેવા છોડી દઈએ તો તમને કાલે મેં વાત સમજાવી હતી કે ચિત્ત તો તમારું જમવામાં ય નથી ચોંટતું ને જીવવામાં ય નથી ચોંટતું ને છોકરાછોકરીમાં ય નથી ચોંટતું, ક્યાંય નથી ચોંટતું. ધંધામાં ય નથી ચોટતું પાછું. ત્યાં જઈએ તો ક્લબ યાદ આવે, ક્લબમાં સપ્તાહ યાદ આવી જાય, સપ્તાહમાં જીઈએ તો ફરવાનું યાદ આવી જાય-ચિત્ત તો ક્યાંય ચોંટતું નથી. તે સ્થિતિમાં દેહની ગતિ વધારી તો ચિત્ત તેથી વધારે વેગવાન થશે, વધારે ચોંટતું બંધ થઈ જશે; એટલે ક્યાંક સ્થિરતા જાળવો, તો ચિત્ત પણ સ્થિર થશે. તે ન્યાયથી શ્રીહરિરાયજી વિવેચન કરે છે કે 'જિતની બને તિતની સેવા કરિયો. તબ ગોવિંદ દૂબેકો મન સ્થિર વ્હે ગયો.'' કેવી સુંદર વાત છે ! આ નવરત્નનો પાઠ કરવાથી ન થયું; નવરત્નનું જે રહસ્ય છે તે સમજીને જેટલી થાય તેટલી, પોતાના સામર્થ્યને અનુરૂપ સેવા કરવાથી ચિત્ત સ્થિર થયું. આપણે સમજીએ કે નવરત્નનો પાઠ કરવાથી ચિત્ત સ્થિર થાય; પણ વધારે નવરત્નના પાઠ કરો તો વધારે ચિત્ત અસ્થિર થાય. કોઈક લોકો ૩૧ પાઠનો નિયમ લઈ લે, કોઈક લોકો ૨૭ પાઠનો નિયમ લઈ લે પણ ૨૭ કરો કે ૧૦૮ પાઠ



કરો; જેટલા વધારે પાઠ કરશો તેટલું વધારે મન ભટકશે. પાઠ કરવાથી નિવેડો નહિ આવે; એને સમજો, એને અમલમાં લાવવાનો પ્રયાસ કરો, પછી જુઓ કે ચિત્ત સ્થિર થાય છે કે નહિ. જે વાત કહેવામાં આવી રહી છે તેને સમજ્યા વગર પાઠ કરશો તો વધારે ચિત્ત વ્યગ્ર થઈ જશે.

'તબ ગોવિંદ દૂબેકો મન સ્થિર વ્હે ગયો. જહાં મન લૌકિક વૈદિકમેં જાઇ તો ભગવદ્દઇચ્છા માને,' સેવા કરતા કરતા લૌકિક વિષયોમાં મન ચાલ્યું જાય, કોઈક વખતે વૈદિક વિષયોમાં મન જાય. તો લૌકિક કે વૈદિક વિષયોમાં મન જાય તો એમ માનવું કે ભગવાન કેવી રમત રમી રહ્યા છે ! ભગવાનને મારું મન દડાની માફક ગમી ગયું લાગે છે ! એનાથી એવી સરસ રમત રમે છે કે કોઇક વખત લૌકિકમાં મનને ગબડાવે છે તો કોઈ વખત ત્યાંથી ડંડો મારી વૈદિકમાં ગબડાવે છે ! આવા રમતિયાળ ભગવાનની રમતની ભાવના કરીએ તો મન ભગવાનમાં ચોંટી જશે. અને જો ચિંતા કરવા બેસશો કે ૨૭ પાઠ કરતાંય મન પાછું લૌકિકમાં ભટકી ગયું, તો વધારે ચિંતા ઊભી થશે. ચિંતા ચિંતાને જ પેદા કરશે, ચિંતા કાંઈ ચિંતાનું નિવારણ નહિ કરી શકે.

મને એક વખતે ઊંઘ આવતી બંધ થઈ ગઈ; તો ડૉક્ટરે મને ઊંઘ આવવાની ગોળીઓ આપી. પણ મને ગોળી અસર કરશે કે નહિ તેની એવી ચિંતા થઈ ગઈ કે ગોળીની અસર જ થવી બંધ થઈ ગઈ ! ગોળી ખાઈને બેસીને ચિંતા કરું કે હવે ઊંઘ આવશે કે નહિ આવે ? તો એક ગોળીની અસર જ ન થાય ! ડૉક્ટર કહે ''તમારો વીલપાવર વધારે હશે કે બીમારી વધારે હશે. એક કામ કરો, બે ગોળી ખાધા કરો. ત્યારે મને લાગ્યું કે એક ગોળીથી ઊંઘ આવી નહિ અને હવે બે ગોળીથી ઊંઘ નહિ આવે તો શું થશે આપણું ? એવી ચિંતામાં ખરેખર બે ગોળીથી ઊંઘ ન આવી ! છેલ્લે પાંચ ખાઉં તોય માથામાં ચક્કર આવે પણ ઊંઘ ન આવે ! ડૉક્ટર કહે ''એવું થઈ શકે નહિ, પાંચ ગોળી ખાય તો માણસ બેહોશ થઈને પડી જાય ! 'પણ હું કરું શું ?' ચક્કર આવે છે પણ ઊંઘ નથી આવતી.'' મને થયું ડૉક્ટર પણ મારી વાત સમજી નથી શકતો. ડૉક્ટરને મારામાં અશ્રદ્ધા અને મને ડૉક્ટરમાં અશ્રદ્ધા આવે ! પછી એક ભાઈએ કહ્યું ''બધા અંગ ઉપર દૂધી મૂકીને સૂઈ જાઓ. ઊંઘ આવશે તો આવશે, નહિ આવે તો નહિ આવે.'' હું નિરાશ થઈને પડ્યો, તો પડતાંની સાથે જ ઊંઘ આવી ગઈ.

ખરેખર આવું જ થાય છે, ગોળી લઈએ અને ચિંતા કરીએ તો ગોળીની અસરને ચિંતા મારી નાખે છે પાછી. એમ પાઠને લીધે જે થોડું મન ચોટતું હોય તે ય 'પાઠ કરું છું છતાં મન કેમ નથી ચોંટતું ? એ ચિંતાનું માર્યું ઉખડી જાય. એમ કહેવાય છે કે 'અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ. તીર્થક્ષેત્રે કૃતં પાપં વજલેપાયિતં ભવેત્'' બીજા ક્ષેત્રમાં કરેલા પાપ તીર્થમાં જઈને ધોવાઈ જાય પણ તીર્થમાં જ પાપ કરીએ તો વજ્રલેપાયિત થઈ જાય તેમ ભક્તિ કરતાં કરતાં ચિંતા કરીએ તો તે વજ્રલેપાયિત થઈ જાય છે. ભક્તિ આનંદથી કરો તો ભક્તિ

સર્વ ચિંતાનું નિવારણ કરી દે, ને ચિંતા થાય નહિ. તેના માટે કહે છે કે ''જહાં મન લૌકિક વૈદિકમેં જાય તો ભગવદ્ઈચ્છા માને. શ્રીરનછોડજીમેં મન બહોત જાઈ સો ભગવદ્ઈચ્છા માને.'' ઠાકોરજીની સેવા કરે પલના ઝુલાવવાની, કીર્તન ગાય પાલને ઝુલવાના, અને મન પાછું એમનું રણછોડજીમાં જતું હોય. તેને ભગવદિચ્છા માને કે પ્રભુએ મન રાજલીલામાં ગબડાવી દીધું. આ દડાથી રમવામાં તેને કેવો આનંદ આવે છે !

''ઉહાંકી લીલામેં મગ્ન રહૈ. કાહેતેં ? શાસ્ત્રપુરાણ અનેક ઉપાઈ પ્રભુ મિલનકે કહે હૈં. જીવકોં મિસ માત્ર માર્ગ દિખાયે.'' શાસ્ત્રમાં, પુરાણમાં પ્રભુને મળવાના ઘણા બધા ઉપાયો વર્ણવ્યા છે એ ખાલી દિશા બતાવી છે. ખરેખર શાસ્ત્રના બતાવવાથી જો આપણને માર્ગ સમજમાં આવતો હોય તો જેટલા શાસ્ત્ર ભણેલા પંડિત હોય તે મુક્ત જ થઈ જાય. પણ તેવું તો થતું નથી. શાસ્ત્ર ભણીને ય તેઓ આપણા જેવા જ હોય છે, પોથીમાંના રીંગણા. હું તમને ચિંતા ન કરવાનો ઉપદેશ આપું ને ઘરે જઈને મને જ ચિંતા થતી હોય કે મેં કીધું પણ તમે સમજ્યા કે ન સમજ્યા ? વાત તો ત્યાંની ત્યાં રહીને ! એટલે શાસ્ત્ર સમજવાથી મુક્તિ થઈ જતી હોય કે શાસ્ત્ર સમજવાથી ભક્તિ થઈ જતી હોય તો તો વાત બહુ સરળ થઈ જાત હોં. પોપટને શાસ્ત્ર ભણાવતા પોપટની ય મુક્તિ થઈ ગઈ હોત. શાસ્ત્ર તો તમને દિશા બતાવે છે કે આ તરફ માર્ગ દેખાડે. જેમ રસ્તા પર પાટિયા લાગેલા હોય છે કે આ ગામ આ તરફ છે ને પેલું ગામ તે તરફ. તમે પાટિયા જ જોતા રહો કે આ તરફ મુંબઈ છે ને આ તરફ બોરીવલી છે-પણ ચાલો જ નહિ તો કેવી રીતે પહોંચશો ? તેમ શાસ્ત્ર તો પાટિયા જેવા છે, ચાલવું તો તમારે પડશે. ચાલો નહિ ને શાસ્ત્રનો પાઠ કરો કે મલાડથી ઉત્તર દિશામાં જતા બોરીવલી આવે ને દક્ષિણ દિશામાં મુંબઈ આવે - તો હજારવાર પાઠ કરશો તો ય બેઠા જ રહી જશો; અને થોડું ચાલીને બસમાં કે ટ્રેનમાં બેસી જશો તો પહોંચી જશો. શાસ્ત્રને સમજવાનો પ્રયાસ કરો. તેની માળા ફેરવીએ પણ તેણે દર્શાવ્યું તે દિશામાં ચાલવાનો, જીવવાનો પ્રયાસ ન કર્યો તો પહોંચાય ક્યાંથી ?

એટલે શાસ્ત્ર નહિ જાણીએ તો આડેઅવળે રસ્તે ચઢી જઈશું, શાસ્ત્રથી જ્ઞાન મેળવવું ઉત્તમ છે; પણ જ્ઞાન મેળવ્યા પછી જે થોભી જાય છે, જે ચાલતો નથી તે ક્યાંય પહોંચી શકતો નથી. તેથી વેદમાં કહ્યું છે ''ચરન્વૈ મધુ વિન્દતે.'' જે ચાલે છે તેને મધ મળે છે; બેઠા માણસને મધ ન મળે. તેથી જ શાસ્ત્રને જાણી ચાલવા માંડો તમારા માર્ગ ઉપર; સાચી દિશામાં ચાલતા રહેશો તો ક્યારેક તો પહોંચી જશો. સાચી દિશામાં આપણે ચાલ્યા એ પણ કાંઈ નાનીસૂની વાત છે ? બેઠા રહેવા કરતાં સાચી દિશામાં એક કે બે ડગલાં ચાલવું ઉત્તમ છે. તો પાઠ કરવા સારી વસ્તુ છે, પણ પાઠનો આવો દુરુપયોગ ન થાય. તો નવરત્નના ૨૭ નહિ ને ૧૨૭ પાઠ કરો, તેમાં કોઈ વાંધો નથી; પણ એ દિશામાં એકાદ ડગલું પણ ભરો. ભરશો તો ચિંતા



નિવૃત્ત થશે ને આનંદ આવશે. તમે એ દિશામાં એક ડગલું પણ ન ભરો ને પાઠ કરતા રહો તો તેનાથી કાંઈ દહાડો વળવાનો નથી.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે ''જીવકોં મિસ માત્ર માર્ગ દિખાયે, જો-જહાંકો અધિકારી હૈ વામેં વાકો મન સ્વતઃ સિદ્ધ લાગત હૈ.'' જે જીવ જયાંનો અધિકારી છે તે ઠેકાણે તેનું મન સ્વતઃ લાગે છે. મહાપ્રભુજીના કીર્તનમાં આવે છે : ''શ્રીવલ્લભ રોમરોમ રસ ઝલકે જો જો જા રસકે અધિકારી ભરત સંભારે ન છલકે.'' આટલા દિવસથી હું તમને આ જ વાત સમજાવી રહ્યો છું કે જો તમે છલકો છો તો તમે આ રસના અધિકારી નથી; તમારું પાત્ર આ રસ માટે નથી ઘડવામાં આવ્યું. જો તમે તે રસના અધિકારી હશો તો રસ તમારી બહાર નહિ છલકાય.

આ હું એટલા માટે કહી રહ્યો છું કે એક ભાઈએ પ્રશ્ન પૂછ્યો છે કે આપ બધા ઠાકોરજીને જાહેરમાં પધરાવી કરવામાં આવતા મનોરથોને ભવાડો કે પ્રદર્શન કહો છો; પણ અગાઉ પણ ઘણા પ્રસંગોમાં આવા મનોરથો થયા છે. તેવા મનોરથો કાંદીવલીમાં અમરેલીવાળા દાદાશ્રીએ કર્યા હતા અને અમદાવાદમાં પણ શ્રીનટવરગોપાલજીએ કર્યા હતા. તે પ્રસંગ 'વૈષ્ણવપરિવાર' તથા 'સત્સંગ'માં આવેલ છે, વગેરે વગેરે. તો મુખ્ય વાત એમાં સમજવાની એ જ છે કે વાર્તા પ્રસંગોમાં એના કરતાં ય એક બહુ સારો પ્રસંગ આવે છે : ચાચા હરિવંશજીને યમુનાપાર જવું હતું. સાથેના ભગવદીયને એમણે કહ્યું કે હું પગ મૂકું ત્યાં જ પગ મૂકીને તું મારી પાછળ પાછળ આવ. એમને એમ યમુનાજી પાર ઊતરી ગયા. પેલા ભગવદીયે પૂછ્યું કે આ રીતે કર્યું ? ચાચાજી કહે 'અષ્ટાક્ષર બોલીને.' ભગવદીયે કહ્યું કે અષ્ટાક્ષર તો મને ય બોલતા આવડે છે, હું ય પાર ઊતરું. તો એ ડૂબવા માંડ્યા, એટલે હલ્લો મચાવ્યો. પણ ભાઈ તમને કોણે કહ્યું હતું આવું ડહાપણ કરવાનું ?

તો ભગવદીય કોઈ કામ કરે તો કાંઈ સમજી વિચારીને કરતા હશે. શ્રીપુરુષોત્તમલાલજી દાદાશ્રી ખરેખર એવા એક સેવાભાવી બાળક થયા છે કે જેમને આપણે આદર્શ કહી શકીએ. પણ એમણે ક્યા વિચારથી આમાં સંમતિ કે સહમતિ આપી હશે એ એમના હૃદયનું ગાંભીર્ય સમજ્યા વિના આપણે તેમની નકલ કરવા માંડીએ તો ચાચાજી તો પાર ઊતરી જશે પણ તમે ડૂબી જશો. દરેક બાબતનું અનુકરણ ન થાય. તેથી જ ભાગવતમાં કહ્યું છે કે ''ઈશ્વરાણાં વચઃ સત્યં ક્વચિદ્ આચરિતં તથા.'' ઈશ્વર જે ઉપદેશ આપે તે સાચો કહેવાય. ઈશ્વર જે આચરણ કરે તે ક્યારેક સાચું હોય; બાકી તો લીલા હોય ભગવાનની. એની આપણે નકલ કરવા જઈએ તો ફના થઈ જઈએ. ભગવાને રાસલીલા કરી, આપણાથી કાંઈ થાય ? આપણાથી ચીરહરણ કેવી રીતે થાય આજે ? કોઈના ઘરમાં માખણ ચોરવા ઘુસાય ? ન ઘુસાય. તમે કંઈ મહાભારત કરાવી શકવાના ? મહાપંચાત ઊભી થઈ જશે. અને

ભગવાનમાં તેને સમેટવાની ય શક્તિ છે, તમારામાં છે શક્તિ ? એટલે ભગવાન જે જે કાર્ય કરે તે દરેક કાર્યની આપણાથી નકલ ન થાય.

પોતાની લીલાની ગણતરી, લાભ, ગેરલાભ પ્રભુને ખબર હોય, આપણને ખબર ન હોય ને આપણે આંધળું અનુકરણ કરીએ ! વાર્તામાં આવે છે કે રજસ્વલા હતા તો ય ઠાકોરજીએ સેવા કરવાનું કહ્યું; તો તમે ય કરો સેવા ! જે જે ભગવદીઓએ કર્યું તે તે તમે કરવા જાઓ તો ભારે મુસીબત થઈ જશે; બધું કાંઈ કરાય નહિ આપણાથી. એટલે ''ઈશ્વરાણાં વચઃ સત્યમ્' મહાપ્રભુજીએ આપણને જે ઉપદેશ આપ્યો છે તે સમજવાનો છે. આપણે ત્યાં તેથી જે સ્પષ્ટ વિવેક સમજાવવામાં આવ્યો છે પ્રમાણબલ અને પ્રમેયબલનો. પ્રમાણબલ એટલે જે ઉપદેશ તમને કરવામાં આવ્યો હોય તે. અને પ્રમેયબલ એટલે ભગવાન પોતે જે કાંઈ કરે, પોતાના યોગ્ય-અયોગ્યના વિચારથી તે. તેની પાછળનો હેતુ કાંઈ આપણને જીવબુદ્ધિથી સમજમાં આવે નહિ, અને તેથી જ આપણે તેની નકલ ન કરી શકીએ. આપણે શું કરવું તે તો આપણને શું કરવાનું કહેવાયું છે તેના આધારે જ નક્કી થઈ શકે. એમણે શું કર્યું, કઈ પરિસ્થિતિમાં કર્યું, શા માટે કર્યું તેની ગણતરી આપણે કરી શકીએ ?

એક સામાન્ય દાખલો તમને આપું. જ્યારે સાત સ્વરૂપનો ઉત્સવ કરવો હતો ત્યારે ગિરિધરજીએ આજ્ઞા માંગી ગુસાંઈજી પાસેથી. ત્યારે બે વખત પૂછવા છતાં ગુંસાઈજીએ આજ્ઞા ન આપી. ત્રીજી વખત અનુમતિ આપી કે અચ્છા, કરવું હોય તો કરો, પણ લૌકિક વધી જશે. અને પાછળથી ખરેખર એવું થયું કે જ્યારે સાત સ્વરૂપનો ઉત્સવ થયો ત્યારે શ્રી ગુસાંઈજીના બેટીજી પોતાના ઠાકોરજીની સેવા છોડીને આ મનોરથના દર્શન કરવા આવ્યા. ત્યારે ગુસાંઈજીએ પૂછ્યું ''તમે તમારે માથે બિરાજતા ઠાકોરજીની સેવા કરી લીધી ?'' તો બેટીજીએ કહ્યું ''ના, એ તો ઘરના ઠાકોરજી છે, ક્યારેય સેવા કરી લઈશ, આ દર્શનનો લાભ મને ક્યારે મળશે ? તેથી અહીંયાં આવી.'' તો 'ઘરના છોકરા ઘંટી ચાટે ને પાડોશીને આટો' જેવું થયું. તે રીતે પોતાને માથે બિરાજતા ઠાકોરજીને આપણે સમજીએ કે એ તો ઘરમાં બિરાજે છે, ક્યારે પણ દર્શન કરી લઈશું, આ મનોરથનો મેળવાડો ક્યારે જોવા મળશે ? તો તેનું જ નામ તો લૌકિકતા છે. તો જ્યારે ગુસાંઈજી વિદ્યમાન છે, સાત બાળકો અને તેમના ય શ્રીકલ્યાણરાયજી જેવાં ધૂરંધર ભક્તિવાળા સેવાપ્રકારના નિષ્ણાત ભાવનાશીલ બાળકો વિદ્યમાન છે તે વખતે ય ગુંસાઈજીને કહેવું પડ્યું કે લૌકિકતા વધી જશે, તો આજે આપણે એની નકલ કરવા જઈએ તો લૌકિકતા નહિ વધે, આજે તો પ્રવાહીતા વધશે હોં. હવે આપણે કહીએ કે ગુંસાઈજીના વખતમાં સાત સ્વરૂપનો મેળાવડો થયો હતો તેને ક્યાં ટોકવામાં આવ્યો ? પણ ગુંસાઈજીએ બે વખત આજ્ઞા ન આપી તેમાં જ ટોકી દીધો આવા મનોરથને. એ વખતે બાળકોએ સમજવું જોઈતું હતું કે આવો મનોરથ આપણાથી ન થાય. પણ કર્યો,



તે વખતે ગુસાંઇજીએ શું કહ્યું ? કરવું હોય તો કરો, લૌકિકતા વધશે. અને એ જ વધી છે, બીજું શું થયું ? આપણે ક્યારના એ જ તો વિચારી રહ્યા છીએ.

હવે કરવું હોય તો કરો, કોણ ના પાડે ? બીજું શું કરી શકાય, કોઈ કોઈને દંડા તો ન મારી શકાય ને ? સિદ્ધાંતની વાત સિદ્ધાંતની રીતે સમજાવી શકાય. તમે મને એમ કહો કે કોઈ બાળકની હું નિંદા કરું, તો તેમ તો હું કેવી રીતે કરી શકું, જ્યારે હું જાણું છું કે તે બાળક કેટલા સેવાપરાયણ કેટલા ભગવત્સ્વરૂપમાં નિષ્ઠા રાખનારા હતા. એમણે એ વાતનું અનુમોદન કર્યું હશે તો કોઈક ને કોઈક દૂરદષ્ટિથી વિચારીને કર્યું હશે, જેમ ગુસાંઈજીએ કર્યું. કદાચ એમ ય સંભવે કે દાદાશ્રીએ પણ ગુસાંઈજીની જેમ કહ્યું હોય કે કરવું હોય તો કરો, લૌકિકતા વધી જશે. હવે તમારા મનમાં જ જો લૌકિકતાનું ભૂત ભરાઈને બેઠું હોય તો એક દિવસ બધો કચરો ભેગો કરીને કાઢી નાખો તેવા આશયથી તો નહિં કહ્યું હોય ? કોઈક વખતે એવું થાય હોં.

જો કે ખોટી ગપ્પ જ છે, પણ બહુ પ્રસિદ્ધ વાત છે કે ગણપતિજીએ મહાભારત લખ્યું ને વ્યાસજીએ લખાવ્યું. લખીને જ્યારે છૂટા પડી રહ્યા હતા ત્યારે વ્યાસજીએ કહ્યું કે આ સ્થળ પર બેસીને આપણે મહાભારત રચ્યું, મેં લખાવ્યું ને તમે લખ્યું, તો આ સ્થળનું પણ કાંઈક માહાત્મ્ય એવું વધારી દો ગણપતિજી, કે જે અહીંયાં મરે તેને મુક્તિ મળે. ગણપતિજીને થયું કે એ માહાત્મ્ય તો કાશીનું છે, જે પિતા મહાદેવનું સ્થળ છે; તેના જેટલું માહાત્મ્ય બીજા કોઈ સ્થળનું કેવી રીતે સ્થાપી શકાય ? હવે વ્યાસજીને ના ય કેવી રીતે પાડી શકાય ? એટલે ગણપતિજીએ કહ્યું કે શું કહ્યું ? એટલે વ્યાસજીએ કહ્યું કે આપણે આ સ્થળે મહાભારતની રચના કરી તે સ્થળનું મહાત્મ્ય એવું વધવું જોઈએ કે જે અહીં મરે તેની મુક્તિ થાય. ગણપતિજીએ પાછું કહ્યું 'શું ?' તો વ્યાસજીને ગુસ્સો આવ્યો કહે ''અહીંયાં જે મરે તે ગધેડો થાય.'' ગણપતિ કહે 'તથાસ્તુ !'

કહી દે તથાસ્તુ. એમ તમે બાળકને ચોંટી જાઓ કે એમ કરવું છે, એમ કરવું છે, એમ કરવું છે તો કહે 'તથાસ્તુ, જાઓ.' અમે કહીએ 'ન થાઓ ગધેડા.' તમે કહો 'થવું જ છે' ભલે ત્યારે, તથાસ્તુ. એમાં કાંઈ બાળકની આજ્ઞા આપેલી થોડી કહેવાય ? અમારે નવરત્નનું સત્ર ચાલતું હતું. તે વખતે એક ભાઈ આવ્યા. હવે તેમાં પંક્તિ એવી આવી કે ભગવાન તો ક્ષમાશીલ છે, આપણાથી કાંઈક ભૂલ થઈ ગઈ હોય તો ય ક્ષમા કરે. તે પેલા ભાઈને અધીરતા આવી ગઈ. ''ન કરે, આપણે અપરાધ કરીએ તો નરકમાં જવું પડે.'' હવે આટલું જોરથી બોલ્યા તો મેં કહ્યું આપણે શા માટે માથાફોડી કરવી ? તમારો ભાવ એવો હશે તો તમે રાખો. માને જ નહિ. બાજુમાં બેસેલાને કહે ''આ બાવા કહે છે પણ એવું થાય નહિ હોં. જો અપરાધ કરીએ તો નરકમાં પડીએ, પડીએ ને પડીએ.'' એય મને સંભળાયું પણ હું બોલ્યો નહિ. એટલે એમની ધીરજ ખૂટી ગઈ. તે સત્ર પૂરું થયું એટલે મારી પાસે આવ્યા.

''આપ કહેતા હતા કે ભગવાન ક્ષમા કરે પણ અપરાધ કરીએ તો કેવી રીતે ક્ષમા કરે ? નરકમાં જવું જ પડે.'' હું ય કંટાળી ગયો, તો મેં કીધું ''હા, તમે અપરાધ કરો તો તમને નરકમાં તો ચોક્કસ જવું પડે.'' કહે 'જવું પડે ને ?' મેં કીધું ''હા, તમને ચોક્કસ જવું પડે.'' ''બસ એ જ તો કહેતો હતો વાત, હું બીજી વાત ક્યાં કહેતો હતો !''

હવે શું થાય ! આપણે કહીએ કે ભગવાન દયાળુ છે, નરકમાં ન મોકલે, પણ તમારો ભાવ જ એવો હોય કે નરકમાં તો જવું જ પડશે તો ભલે ત્યારે, તથાસ્તુ ! જેની જે ભાવના ત્યાં મોકલાવી દેવાનો. આપણે ટોકીએ પણ ન સમજે તો ઉપાય શું ? મને ય લાગતું હતું કે ન કહેવું જોઈએ; પણ પેલા છોડે જ નહિ એ વાતને તો ઉપાય શું ? તેમ દાદાશ્રીએ 'તથાસ્તુ' કહી દીધું હશે કે નહિ તેનું ગૂઢ ગંભીર તાત્પર્ય મને કેમ સમજમાં આવે ? હું જે વાત સમજી શકું અથવા તમે જે વાત સમજી શકો તે એ કે મહાપ્રભુજીએ શું આદેશ આપ્યો છે. જો મારા વતી હું કોઈ વાત કહેતો હોઉં તો તમે મને ચોક્કસ પ્રશ્ન પૂછો, હું બંધાયેલો છું. પણ કોઈ બાલકે શા માટે શું કર્યું - અમદાવાદવાળા મહારાજશ્રીએ શું કર્યું ને પોરબંદરવાળા મહારાજશ્રીએ શું કર્યું ? હવે બધા મહારાજશ્રીઓએ જે કર્યું તે કાંઈક ને કાંઈક વિચારીને કર્યું હશે, કે કોઈકે 'તથાસ્તુ' કહીને કર્યું હશે. હવે આપણને કેમ ખબર પડે કે કઈ વખતે ક્યો મહારાજ કઈ પરિસ્થિતિમાં સપડાઈ જાય અને એને શું કહેવું પડે ? પણ આપણે એનો વિચાર ન કરી શકીએ; મહાપ્રભુજીએ શું કરવાનું આપણને કહ્યું છે તેનો જ આપણે શુદ્ધ શુદ્ધ વિચાર કરી શકીએ.

કોઈક બાળકોએ કર્યું હશે તો ચોક્કસ કાંઈક વિચારીને જ કર્યું હશે, આવા બાળકો અવિચારિત કોઈ કૃત્ય ન કરે. પણ હવે એ શું વિચારીને કર્યું એ તો આપ એમને પૂછો. હવે ભૂતલ ઉપર બિરાજતા હોત તો હું ચોક્કસ આપને કહું કે જઈને પૂછો, પણ ભૂતલ પર ન બિરાજતા હોય તો તો હું આપને એમ પણ ન કહી શકું એમનાથી પૂછો, પછી તો એ શક્યતા પણ ન રહી. પણ આપની પાસે જે વાત કાયમ છે તે છે શ્રીમહાપ્રભુજીના ગ્રંથો. શું કરવું અને શું ન કરવું એ મહાપ્રભુજીના ગ્રંથોથી આપણે ક્યારે પણ પૂછી શકીએ છીએ; જયારથી મહાપ્રભુજીએ પ્રકટ કર્યા ત્યારથી આજ દિ' સુધી; ને આવતા ૫૦૦ વર્ષ સુધી ય આપણે મહાપ્રભુજીથી દરેક વખતે પૂછી શકીએ છીએ, અને પૂછવું જોઈએ, કે આપ આજ્ઞા આપો કે અમારે શું કરવું અને શું ન કરવું. અને મહાપ્રભુજી આપણને ચોખ્ખી આજ્ઞા આપે છે કે ''ગુપ્તો હિ રસઃ રસત્વં આપદ્યતે, પ્રકટસ્તુ રસાભાસ એવ'' જ્યારે તમે મહાપ્રભુજીથી આજ્ઞા લેવા જશો કે અમારે મેળાવડો કરવો કે ન કરવો, અમારે ઠાકોરજીનો ભવાડો કરવો કે ન કરવો, ત્યારે મહાપ્રભુજી ચોખ્ખી આજ્ઞા આપશે કે જેટલી ગુપ્ત રીતે સેવા કરશો તેટલી સેવાની રસાત્મકતા પ્રકટ થશે અને જેટલી પ્રકટ સેવા કરશો તેટલો સેવામાં રસાભાસ થશે, પ્રભુને પરિશ્રમ થશે, માર્ગની ને સિદ્ધાંતની મર્યાદા ખોરવાઈ જશે.



બાળકોએ તે તે સમય ઉપર પોતાના પ્રમેયબળથી દેશકાલની પરિસ્થિતિ બધાનો વિચાર કરીને શું કર્યું, શું ન કર્યું એનો આપણે વિચાર ન કરી શકીએ. આપણે એક જ વિચાર કરી શકીએ કે મહાપ્રભુજી શું આજ્ઞા કરે છે, કેમકે મહાપ્રભુજી બધા બાળકો માટે પણ શિરોધાર્ય છે અને વૈષ્ણવો માટે પણ શિરોધાર્ય છે. આ જ બાળકો નહિ, આવતી કાલના બાળકો, ગઈકાલના બાળકો અને વર્તમાન કાલના બાળકોને પણ મહાપ્રભુજીના આદેશ શિરોધાર્ય છે; તેથી મહાપ્રભુજી શું આદેશ આપે છે બસ તેટલું જ આપણે વિચારવાનું રહ્યું. તમે કહો કે હું કોઈ બાળકની નિંદા કરું, તો આ વાણી કોઈ દિવસ એવું કાર્ય નહિ કરે. મારા પ્રવચનનો હેતુ કોઈ બાળકની નિંદા કરવાનો નથી, મારા પ્રવચનનો હેતુ તમારી પણ નિંદા કરવાનો નથી; મારા પ્રવચનનો હેતુ શુદ્ધ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો સમજાવવાનો છે.

મહાપ્રભુજીના ગ્રંથોને આધારે જે મને સમજાય છે તે હું તમને સમજાવવાનો પ્રયત્ન કરું છું. કદાચ હું કાંઈ ગોથું ખાતો હોઈશ તેમાં, મહાપ્રભુજી મને ક્ષમા કરે. ગ્રંથોના અધ્યયનથી મને જેવું સમજાયું તે જ હું બોલું છું. સંભવ છે કે માણસ માત્ર ભૂલને પાત્ર. કોઈ મારા ધ્યાનમાં એ વાત લાવે કે ''તમારા બોલવામાં આ ગડબડ થઈ'' તો હું દર વખતે તે સુધારવા તૈયાર છું, કેમકે હું મારો મત કહેતો હોઉં તો મારા ગમાઅણગમાનો પ્રશ્ન આવે. આ પ્રશ્ન મારી રુચિનો કે મારા ઉચિત-અનુચિતના નિર્ણયનો નથી, આ પ્રશ્ન છે મહાપ્રભુજીના સિદ્ધાંતનો. મને શું ગમે છે તે સમજાવવા હું નથી બેઠો. કદાચ મારા બોલવામાં કે વિચારવામાં કોઈ ક્ષતિ થતી હોય, પણ તમે ક્ષતિ બતાવો નહિ ત્યાં સુધી મને કેવી રીતે ખબર પડે ? હું તો એ જ કહીશ કે જે મેં તૈયાર કર્યું હોય. ક્યાંય જમવા જઈએ તો જે રાંધ્યું હોય તે પીરસે ને ? તો આ ભેજામાં જે રંધાયું હોય તે જ તમને પીરસું છું. પીરસીને મારું કામ પૂરું થયું. હવે તેમાં મીઠું મરચું ઓછું વધારે હોય તો જમવું કે નહિ તે તમો જાણો. ગમતું હોય તો જમો, ન ગમતું હોય તો ન જમો. હું કહી રહ્યો છું તેથી સાચું છે એવું નથી માની લેવાનું; તમારે પોતે વિચારવાનું રહ્યું કે જે કહું છું તે તમને પુષ્ટિ કરશે કે નહિ, તુષ્ટિ કરશે કે નહિ અને તમારી ભૂખ મટાડશે કે નહિ. જે જમીએ તેનાથી પોષણ મળવું જોઈએ, જીભને તોષણ મળવું જોઈએ અને પેટની ભૂખ મટવી જોઈએ. તમે ચકાસો કે મેં પીરસેલી વાતો આમાં સક્ષમ છે કે નહિ. હું પરાણે ખવડાવવામાં માનતો નથી. જઈને તમારા ગુરુને પૂછી જુઓ કે શ્યામુબાવાએ આમ આમ કહ્યું તે જમાય કે નહિ ? તેઓ ના પાડે તો ન જમતા. તમે ય છૂટા છો ને હું ય છૂટો છું, કોઈ બંધન નથી.

મનમાં એમ ન લાવતા કે કોઈ બાળકની કે તમારી કે કોઈ પ્રવૃત્તિની હું નિંદા કરી રહ્યો છું. હું તો કેવળ મહાપ્રભુજીનો સિદ્ધાંત તમને સમજાવી રહ્યો છું. તે ય તમે પ્રવચન કરવા બોલાવ્યો છે તેથી કહું છું, મને આદત જ નથી પેમ્ફલેટ છાપીને પ્રવચન કરવાની. એટલે તમે પ્રશ્ન પૂછતી વખતે એ કાળજી રાખો કે સિદ્ધાંતનો પ્રશ્ન મને પૂછો, વ્યક્તિનો

પ્રશ્ન ન પૂછો. હું મહાપ્રભુજીના ગ્રંથોના આધારે એનો જવાબ આપું. હું તેથી જ કાળજી લઈને મહાપ્રભુજીના વચનો ટાંકતો જાઉં છું કે જેથી તમને મારો જવાબ મારા મનની ફિતુર ન લાગે; અને ક્યારેક ન ટાંકું તો તમને પૂરો અધિકાર છે કે મને પૂછો કે આપે આ વાત કહી તે મહાપ્રભુજીના અને બીજા પૂર્વજ આચાર્યોના ક્યા વચનોને આધારે કહી ? જો યાદ નહિ હોય તો હું ગ્રંથમાંથી શોધી લાવી બીજે દિવસે તમને બતાવીશ, અને ન મળ્યું તો કાન પકડી ભૂલ કબૂલ કરવાની ય મારી તૈયારી છે. પણ તમે મને કોઈ બાળકનું પૂછો તો તે પ્રમેયલીલા છે, તેનું અનુકરણ ન થાય. તે ક્યા હેતુથી કરી તેની ગતાગમ પડે નહિ અને તેથી અજાણતાં કોઈ બાળકની નિંદા કરવાનું દુઃસાહસ હું કરી શકું નહિ. પ્રશ્ન તેથી મહાપ્રભુજીના સિદ્ધાંતોની બાબતમાં પૂછો.

તમને એક વાત બતાવું. એક વખત હું બસમાં બેઠો. તેનો કંડક્ટર આપણા નાથદ્વારાનો હતો. એણે કહ્યું - ''ઓ હો, શ્યામુબાવા આપ ! બિરાજો.'' હવે બેઠા પછી મેં કહ્યું ''ટિકિટ આપ.'' બે-ચાર વખત કહ્યું. એ કહે - ''કાંઈ જરૂર નથી.'' હવે હું ય શું જબરદસ્તી કરી શકું ? મને બીક લાગતી હતી કે ટી.સી. આવ્યો તો ? એ કહે ''ટી.સી. આવશે તો દંડ હું ભરીશ.'' ખરેખર ટી.સી. આવી ગયો ! હવે મારું તો માથું નીચું થઈ ગયું. મેં કહ્યું ''હું નથી જાણતો, આમણે મને ટિકીટ ન આપી.'' પછી તેમણે આપસમાં કંઈ વાત કરી લીધી, ખબર નહિ શું વાત કરી. પણ કોઈક વખતે એવું થઈ જાય કે કંડક્ટર પોતે બાંહેધરી લેતો હોય તો તમે વગર ટિકિટે બેસી જાઓ. બેસી ગયા તે કંડક્ટર જાણે ને તમે જાણો. તેનો કંઈ સિદ્ધાંત સ્થાપિત ન થાય કે બસમાં જ્યારે બેસીએ ત્યારે વગર ટિકિટ બેસી જઈએ. હવે હું બીજી વાર કોઈ બસમાં જાઉં તો એમ ન કહી શકું કે ફલાણી બસમાં ફલાણા કંડક્ટરે મને ટિકિટ વગર મુસાફરી કરવા દીધી તેથી તમે પણ કરવા દો. એનું અનુકરણ ન થાય. તેમ ઠાકોરજી બાળકને પૂછે કે કેમ આને મારો ભવાડો કરવા દીધો અને બાળક ઠાકોરજી સાથે આપસમાં સમજી લે તો તેની ચિંતા તમારે નહિ કરવાની. તમારે તો જ્યારે બસમાં બેસવાનું ત્યારે ટિકિટ લઈને જ બેસવાનું, અને તે ટિકિટ છે ગૃહસેવાની, ભવાડાની નહિ.

આ વાત મેં એના ઉપર કહી કે ''શ્રીવલ્લભ રોમ રોમ રસ ઝલકે જે જે જા રસકે અધિકારી ભરત સંભારે ન છલકે'' જે હૃદયનું પાત્ર જે રસને ભરવા માટે બન્યું છે તે પાત્રમાંથી તે રસ કદી છલકશે નહિ. અને છલકી રહ્યો છે તો સમજો કે આજે નહિ તો કાલે ખાલી થઈ જશે, અને પછી મજા નહિ રહે. જેમ અંગ્રેજીમાં કહ્યું છે કે "Empty mind is house of devil." તેમ Empty heart એ પણ house of devil જ હોય છે, તેમાં ભક્તિ રહી શકતી નથી. એટલે જે રસ હોય-કર્મનિષ્ઠા હોય, જ્ઞાનનિષ્ઠા હોય, મર્યાદા-ભક્તિનિષ્ઠા હોય કે પુષ્ટિભક્તિનિષ્ઠા હોય, તે પૈકી સેવાનિષ્ઠા હોય કે કથાનિષ્ઠા પ્રપત્તિનિષ્ઠા



હોય કે તીર્થનિષ્ઠા હોય, જે કોઈ નિષ્ઠા હોય-તેને એવી રીતે સાચવીને રાખો કે ''ભરત સંભારે ન છલકે.'' જો ન છલકે તો તમે તેના અધિકારી નહિ તો અનધિકારી. તેથી ભાવપ્રકાશમાં કહે છે ''જો-જહાંકો અધિકારી હૈ વામેં વાકો મન સ્વતઃસિદ્ધ લાગત હૈ. તાતેં જૈસે મનુષ્ય ગેલ ચરિવેવારેકોં દસ ગામ કે માર્ગ બતાવે, પરંતુ જાકોં જા ગામ જાનોં હોઈ સોઈ ગામ જાત હૈ તૈસે હી કોઈ ભગવદીય દ્વારા, કોઈ ગુરુ દ્વારા. કોઈ ઈશ્વર દ્વારા, જૈસો અધિકારી તૈસો સંગ પાયે, ઉહી માર્ગમેં ભાવ વાકો દૃઢ હોત હૈ. સો ગોવિંદ દુબેકો શ્રી રનછોડજીમેં દૃઢ ભાવ ભયો.'' આજે આપણે બધી વાત ઉધાર કહીએ છીએ, પ્રાચીન બાલકોમાં એ સ્પષ્ટતા હતી કે કશી વાત ઉધાર નહોતા રાખતા. આ નવરત્નના ઉપદેશનો અમલ કરતાં ફલ તેમને શું મળ્યું કે ઘરમાં સેવામાં જે ઠાકોરજી બિરાજતા હતા તેમાં તેમનું મન દૃઢ ન થયું પણ જે એમના હૃદયમાં બીજભાવ હતો શ્રીરણછોડજી પ્રત્યેનો, તે દૃઢ થઈ ગયો. એટલે સહજભાવની કેટલી મહત્તા છે તે સમજો, કે તેમના સહજભાવને શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગનો દંડો લઈને તોડવા નથી માંગતા, તેથી નવરત્ન ગ્રંથ કહ્યો. નવરત્ન એટલા માટે નથી કહ્યો કે મારી પીટીને બધાને મુસલમાન બનાવી દેવા છે. મહાપ્રભુજીએ નવરત્ન એટલા માટે કર્યો કે તમારી ભીતર રહેલા સહજ ભાવને પિછાણો, એની તરફ થોડું ધ્યાન આપો કે તમે શું કરવા માંગો છો.

તેથી જ શ્રીમહાપ્રભુજી કહે છે ''સેવાકૃતિઃ સુરોરાજ્ઞા' તમારા ગુરુ તમને જે ઉપદેશ આપે તે પ્રમાણે આચરણ કરો. આપણે બીમાર પડીએ તો પહેલા ફેમિલી ડોક્ટર પાસે જઈએ છીએ. પછી તે કહે ''આ ટ્રીટમેન્ટ કરો કે આ ડોક્ટરને મળો,'' તે પ્રમાણે કરવું જોઈએ. હરતાફરતા તમને ભટકાઈ જતા ડોક્ટરોથી ઈલાજ કરાવશો તો નહિ મરતા હો તો મરી જશો દસ જણાની સલાહ લેવામાં. તો જેમ શરીરના સ્વાસ્થ્યની બાબતમાં ફેમીલી ડોક્ટરની સલાહનો આગ્રહ રાખીએ છીએ તેમ સાધનાની બાબતમાં ગુરુના ઉપદેશનો આગ્રહ રાખવો જોઈએ, કેમ કે એને તમારી કેસ હિસ્ટરી ખબર છે કે તમે શું છો અને તમારે શું કરવું જોઈએ. એણે જવાબદારી લીધી છે. કદાચ એનું નિદાન ખોટું હશે તો ભગવાનની કોર્ટમાં કેસ ચાલશે તો એ જવાબ આપશે, તમારે નહિ આપવો પડે. પણ દસ ડોક્ટરની દવા લો અને તમને કંઈ ગડબડ થાય તો પછી તમે કેસ નથી કરી શકતા, કેમકે ફેમિલી ડોક્ટર કહી દેશે કે મેં શું કર્યું ? મેં તો આ દવા લેવાનું નહોતું કહ્યું. તમને આ દવા માફક આવે તેમ નથી, તમે કેમ લીધી ? એટલે કરવાનું એ જ કે જે તમારા ગુરુ તમને કરવાનું કહે. આ તો સિદ્ધાંતની કથા હું તમને સમજાવી રહ્યો છું. આપણા પરમગુરુ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોમાંથી તારવીને, એમાંથી તમારે શું અનુસરવું એ તમારે તમારા ગુરુદેવને પૂછવું. પણ સિદ્ધાંતની કથા તો સમજવી પડશે, કેમકે શ્રીમહાપ્રભુજી બધાના જ ગુરુ છે; મારા ય ગુરુ છે, જે બાળકોએ 'તેવી' આજ્ઞાઓ આપી હશે તેમના ય ગુરુ છે અને જેમણે 'તેવી' આજ્ઞા નથી આપી તેમના

ય ગુરુ છે. કરવા બાબત હું તમને એક નહિ, એકસોઆઠ વખત કહું છું કે હું કહું તેમ નહિ પણ તમારા ગુરુ તમને જેમ આજ્ઞા આપે તેમ કરો, નહિ તો પછી મહાન અનર્થ થઈ જાય. ગુરુઆજ્ઞાનું બાધન હરીચ્છાથી જ થઈ શકે, બીજા કોઈ પ્રવચન કે પ્રવંચનથી નહિ.

એક જણે પૂછ્યું છે કે માંદગી રહે છે તો નળની ઝારી ભરવાની આજ્ઞા આપો. તો તે આજ્ઞા હું ન આપી શકું, જે બાળકથી તમે બ્રહ્મસંબંધ લીધું હોય તેમનાથી આજ્ઞા લેવી જોઈએ, જે બાળકે તમને ઠાકોરજી પુષ્ટ કરાવી માથે પધરાવી આપ્યા હોય તેમનાથી આજ્ઞા લેવી જોઈએ. બ્રહ્મસંબંધ એક બાળકથી લેવું, ઠાકોરજી પુષ્ટ બીજા બાળકથી કરાવવા, સેવાની આજ્ઞા ત્રીજા બાળકથી લેવી—આ સૌથી મોટો મોહ છે, સૌથી મોટી છેતરપિંડી છે. તમારા ગુરુદેવથી જ આજ્ઞા લેવાનો આગ્રહ રાખો. મેં પહેલાં તમને સમજાવ્યું હતું કે તે બાળક ન હોય તો તે બાળકના પુત્રથી, પુત્ર ન હોય તો તે બાળકના વહુજીથી અને વહુજી પણ ન હોય તો એ કુલના કોઈપણ બાલકથી તમે આજ્ઞા લઈ શકો છો એવા નિયમનું ભાષ્યમાં સ્પષ્ટતયા વિધાન કરવામાં આવ્યું છે.

આજે બધા કહે છે કે આવું તમે કેમ કહો છો, કોઈ પણ ક્યાંયથી પણ આજ્ઞા લઈ શકે. તો પછી પાદરી પાસેથી બ્રહ્મસંબંધ લઈ શકાય કે નહિ ? પાદરી શું ચોર છે, પાદરી શું ડાકુ છે ? પાદરીઓ તો જનતાની એટલી સેવા કરતા હોય છે કે જેટલી આપણા કોઈ સાધુઓ પણ નથી કરતા. અને જો તમે એમ કહો કે વલ્લભાચાર્યના કુલ પાસેથી જ લેવાય, તો લાલાજીઓમાં શું વલ્લભાચાર્યજીનું ખૂન નથી વહી રહ્યું ? અને તમે કહો કે ગોસ્વામી બાળકો પાસેથી જ લેવું જોઈએ તો આટલો વાડો તો તમે સ્વયં બાંધ્યો છે, પછી મહાપ્રભુજીના બાંધેલા વાડામાં બંધાઈને ચાલો સરખી રીતે. ''ગુર્વભાવે તત્પુત્રઃ તદ્ભાવે તત્પત્ની તદ્ભાવે તત્કુલમ્''એ હિસાબે જ ઠાકોરજી પુષ્ટ કરાવવા જોઈએ અને સેવાનો પ્રકાર વધારવા ઘટાડવા કે છૂટછાટની આજ્ઞા લેવી જોઈએ. કોઈ માણસ પરભારો આવી ચઢશે તો તમને કેમ ખબર પડશે કે તે પ્રવચન કરે છે કે પ્રવંચન કરે છે ? હું જ તમારું પ્રવંચન કરી રહ્યો છું કે પ્રવચન કરી રહ્યો છું તે તમને કેવી રીતે ખબર પડે ? તમે વાંચ્યા છે ગ્રંથ ? વાંચ્યા હોય તો તમને સાંભળવાની જરૂર શું પડે ? એટલે ગુરુઆજ્ઞાનો આગ્રહ રાખો. મહાપ્રભુજીના બંધારણના હિસાબે હું તેને જ આજ્ઞા આપી શકું કે જેણે મારાથી અથવા દાદાજીથી બ્રહ્મસંબંધ લીધું હોય, દરેકને હું આજ્ઞા ન આપી શકું. આ કંઈ શ્યામ ગોસ્વામીનો માર્ગ નથી, મહાપ્રભુજીનો પુષ્ટિસંપ્રદાય છે; અને તેનું બંધારણ જેમ વલ્લભાચાર્યજીના કુલના દરેક બાલકને લાગુ પડે છે તેમ મને પણ લાગુ પડે છે. મને પ્રવચન આવડે છે પણ કોઈ બાળકને સમજો ન આવડતું હોય તો એનાથી શું આપણે સંપ્રદાયનું બંધારણ તોડી દેવું ? એવી વ્યક્તિવાદી પ્રવૃત્તિનો હું પોષક નથી, નથી ને નથી. હું એવા પ્રવચન કરવા આવ્યો નથી. હજી ન સમજ પડી હોય તો પૂછો, આ કંઈ જાહેર વ્યાખ્યાન નથી. હું જાહેર વ્યાખ્યાન તરીકે આ પ્રવૃત્તિને લેતો નથી.



આ તો ચર્ચા છે પરિવારના માણસોની. આપણે બેસીને આપસમાં ઘરની સમસ્યાની ચર્ચા કરીએ, ઘરના નિયમો અને રીતરિવાજને સમજવાનો પ્રયાસ કરીએ તેવા નિખાલસ હૃદયથી હું તમારી સાથે ચર્ચા કરવા બેઠો છું.

ગોવિંદ દૂબે આપણા પ્રતિનિધિ વૈષ્ણવ છે. તેમણે નવરત્નનો પાઠ કર્યો અને નવરત્નનો ઉપદિષ્ટ સિદ્ધાંત તેમના હૃદયમાં સ્થિર થયો. તે મુજબ એ દરેક વસ્તુને ભગવલ્લીલારૂપે લેવા માંડ્યા અને બસ, બધી ચિંતા નિવૃત્ત થઈ ગઈ. શ્રીઆચાર્યચરણે ઉપદેશ આપ્યો 'ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્'' આત્મનિવદેન કરનારને ચિંતા કેવી રીતે હોઈ શકે ? લૌકિક વૈદિકની ચિંતા તો હોઈ શકે જ નહિ, પણ ભક્તિની પણ ચિંતા આત્મનિવેદન કરનારને ન હોઈ શકે એ હદ ઉપર જઈને મહાપ્રભુજી આ વાત કરી રહ્યા છે હોં. આગળ એક એક દિવસ એક એક શ્લોકનો અર્થ તમને બતાવવાનો પ્રયાસ કરીશ તો તમને ખ્યાલ આવશે કે કઈ કઈ સ્થિતિમાં કઈ કઈ ચિંતાઓને કેવા કેવા ચિંતનથી દૂર કરવી તે જેવું મહાપ્રભુજીએ સમજાવ્યું છે તેવું બીજા કોઈ આચાર્ય સમજાવી ન શકે.

સૌથી મોટો ભાર શ્રીમહાપ્રભુજીએ આત્મનિવેદન ઉપર મૂક્યો છે કે આત્મનિવેદન જેણે કર્યું છે તેણે કોઈપણ જાતની ચિંતા ન કરવી. મેં તમને સમજાવ્યું હતું કે આત્મનિવેદન એટલે તુલસી હાથમાં લઈને ઠાકોરજીના ચરણારવિંદમાં સમર્પી દેવી માત્ર નથી, તુલસીના વ્યાજથી આપણે આપણું સર્વસ્વ ઠાકોરજીને સમર્પીએ છીએ.

વૃંદા સતી હતી, અને એટલી પતિપરાયણ હતી કે પોતાની પતિભક્તિની સામે પ્રભુભક્તિનેય ગણકારતી નહોતી. પણ પ્રભુએ વિચાર્યું કે મને આની ભક્તિ સ્વીકારવી છે. ત્યારે પ્રભુ એના પતિનું રૂપ ધારણ કરી એની પાસે ગયા. એ વાત જ્યારે વૃંદાને ખ્યાલ આવી ત્યારે એણે પ્રભુને શ્રાપ આપ્યો કે તમે આવું પથ્થરના હૃદયવાળાનું કાર્ય કર્યું કે મારા પતિનું રૂપ ધારણ કરી મારી પતિભક્તિ છોડાવી દીધી ? જાઓ તમે શિલા થઈ જાઓ. ત્યારે ઠાકોરજી શાલિગ્રામ થયા.

ભગવાનને શાલિગ્રામ થવામાં વાંધો જ નથી, શા માટે ? કેમકે ભાગવત્માં બહુ સુંદર સમજાવ્યું છે ''ગોપીનાં તત્પતીનાં ચ સર્વેષામપિ દેહિનામ્ યોન્તઃ ચરતિ સોધ્યક્ષ ક્રીડનેનેહ દેહભાક્'' ગોપીઓનો જે દેહ છે તેને ધારણ કરનાર મૂલમાં કોણ ? કૃષ્ણ. અને ગોપીઓના જે પતિઓ હતા તેમના દેહ ધારણ કરનારં કોણ ? કૃષ્ણ. અરે ગોપીઓ અને તેમના પતિઓની વાત જવા દો, જગતમાં જેટલા દેહધારી છે તે બધા દેહધારીઓના દેહ ધારણ કરનાર આત્મા મૂલતઃ કોણ ? જેને આપણે પરમાત્મા કહીએ છીએ તે. જેમ ગુરુનો ગુરુ પરમગુરુ કહેવાય, મિત્રમાં મિત્ર પરમમિત્ર કહેવાય, તેમ આત્મામાં જે આત્મા હોય, આત્માની ભીતર જે છુપાઈને બેઠેલો આત્મા હોય તેને પરમાત્મા કહેવાય. તે જ તો બધી

ક્રીડા કરી રહ્યો છે. એટલે તમે એને શ્રાપ આપો તોય એને ઓછાપણું ન લાગે, કેમકે શિલારૂપે પણ એ જ પ્રકટ થયો છે.

ઉપનિષદમાં કહ્યું છે ''તસ્માત્ વા એતસ્માત્ આત્મનઃ આકાશ સમ્ભૂતઃ, આકાશાત્ વાયુઃ વાયોરગ્નિઃ અગ્નેરાપ અદભ્યઃ પૃથિવી પૃથિવ્યા ઔષધયઃ ઔષધિભ્યો અન્નં અન્નાત્ પુરુષઃ'' આ પરમાત્માથી આકાશ પ્રકટ થયું, આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જલ, જલથી પૃથ્વી, પૃથ્વીથી તત્ત્વો, તત્ત્વોથી અન્ન પ્રકટ થયું, વનસ્પતિ પ્રકટ થઈ, અને આમ તેને ખાઈને જે પ્રાણી અને મનુષ્યના દેહ પ્રકટ થાય છે તે પણ પરમાત્મામાંથી જ પ્રકટ થાય છે. તેથી જે કાંઈ પ્રકટ થયું છે તે જુદા જુદા રૂપો લઈને પરમાત્મા પોતે જ પ્રકટ થયા છે. એને આપણે કહીએ કે તું શિલા થઈ જા, તો શિલા કોણ છે મૂળમાં ? પરમાત્મા જ તો છે ! આપણે શિલા નથી તેથી શિલા થવામાં ભીતિ લાગે છે, જે શિલા છે તેને શિલા થવામાં શું ભીતિ લાગે ? તેથી ભગવાન કહે છે ''સમોહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ'' મારે માટે દરેક વસ્તુ સમાન છે, નથી મારે માટે કોઈ વસ્તુ દ્વેષ્ય કે નથી કોઈ પ્રિય. કેમકે મારી દૃષ્ટિથી જોઉં તો મારા સિવાય બીજી કોઈ વસ્તુ જ નથી, દરેક વસ્તુ હું જ છું. હું મારી જાતને ધિક્કારું તો મારી કોઈ દ્વેષ્ય વસ્તુ હોય. હું મારી જાતને પ્રેમ કરું તો મારી કોઈ વસ્તુ હોય. ''દ્યૂતં છલયતામસ્મિ, નીતિરસ્મિ જિગીષતામ્.''

ભગવાન કહે છે કે શું કરીશ મારી વિભૂતિઓ જાણીને, એટલું સમજી જા કે જે કાંઈ છું તે હું જ છું. ''બાહ્ય લટકા કરે બ્રહ્મ પાસે.'' બ્રહ્મને ક્યારેય ઓછાપણું આવતું નથી, તે વરાહઅવતાર પણ લઈ શકે છે ને કૃષ્ણાવતાર પણ લઈ શકે છે. રાજસૂયયજ્ઞ વખતે પાદપ્રક્ષાલન કરવા કૃષ્ણ ઊભા રહ્યા, કેમકે કોના પાદ ધોવા ? પોતે પોતાના પાદ ધોવા છે, પોતાના સિવાય કોના પાદ છે ? અને શિશુપાલનું મસ્તક પણ આપ ચક્રથી છેદી નાખે છે, કેમકે કોની ગરદન ઊડી ? ભગવાનના જ એક રૂપની ગરદન ઊડી. આપણે કહીએ છીએ કે શિશુપાલની ગરદન ઊડી કેમકે આપણને ભગવાનના નામરૂપનો વિસ્તાર પૂરેપૂરો સમજમાં આવતો નથી; પણ ભગવાન જાણે છે. તેથી મહાપ્રભુજી બ્રહ્મવાદનું સ્વરૂપ સમજાવતાં કહે છે : ''ત્રાયતે ત્રાતિ વિશ્વાત્મા હ્રિયતે હરતીશ્વરઃ અયમેવ બ્રહ્મવાદઃ શિષ્ટં મોહાય કલ્પિતમ્.'' કોણ જગત ઉત્પન્ન કરી રહ્યું છે ? ભગવાન. ઉત્પન્ન થનાર કોણ ? ભગવાન. પાલન કરનાર કોણ ? ભગવાન. પાલન કોનું થઈ રહ્યું છે ? ભગવાનનું. નષ્ટ કરનાર કોણ ? ભગવાન. નષ્ટ થનાર કોણ ? ભગવાન. આ બ્રહ્મવાદ છે, તે સિવાયનું મોહથી કલ્પિત છે. સર્વં ખલુ ઈદં બ્રહ્મ'' એટલે ભગવાન જે કાંઈ કરે છે તે લીલા કરે છે. એટલે પ્રભાસમાં તીર લાગવાથી દેહત્યાગ કર્યો તે લીલા છે, પ્રાણોત્સર્ગ નથી કર્યો. અને કર્યો પણ હોય તો કાંઈ ઓછાપણું નથી લાવવાનું, કેમકે બધું જ બ્રહ્મ છે તો ઉત્સર્ગ થશે ક્યાં



ને ક્યાંથી ને કોનામાં ? આ ગજવામાંથી આ ગજવામાં પૈસા મૂક્યા, તેમાં નફો શેનો ને નુકસાન શેનું ?

તેથી પ્રભુએ શિલા થવાનું આનંદથી સ્વીકારી લીધું, કે લો તમે શ્રાપ આપ્યો તો હું શાલિગ્રામ થઈ જાઉં. પણ ઠાકોરજી કાંઈ જેને પકડે તેને છોડી દે તેવો તો છે નહિ, એટલે એમણે સામે કહ્યું કે ત્યારે તમને ય તુલસી થવું પડશે અને હું પાછો પરણી જઈશ તમને, છોડીશ નહિ. તે પોતાના ધર્મની એવી જિદ્દ રાખનારને પ્રભુએ પણ એવી જિદ્દથી પકડ્યા. એ તુલસીને હાથમાં લઈને આપણે સમર્પણ કરીએ છીએ કે અમેય સંસારને એવી રીતે જ પરણેલા છીએ. જેમ પોતાની જિદ્દ કાયમ રાખી શિલા થઈ તેને વૃક્ષ બનાવી પરણી ગયા તેને, પણ છોડી નહિ, તેવી રીતે અમે આપને આત્મસમર્પણ કરીએ છીએ, અમે પરણેલા કયાંક છીએ ને સમર્પણ તમને કરીએ છીએ, અને જબરદસ્તી પકડી લો. ઇચ્છા હોય તો પકડજો, તમને અમારા પર જબરદસ્તી કરવી હોય તો અમને કોઈ જાતનો વાંધો નથી. તેનું નામ આત્મનિવેદન. ''રુચે આપને કરું તેવી ટહેલ રે અન્ય રખે ભાવો રે.'' જે આપને રુચે તે કરો, હું તો સમર્પિત થઈ ગયો.

ભગવાન ગીતામાં કહે છે ''અધિષ્ઠાનં તથા કરતાં કરણં ચ પૃથગ્વિધમ્ વિવિધાશ્ચ પૃથક્ ચેષ્ટા દૈવં ચૈવાત્ર પંચમમ્.'' મેં પાંચ રૂપ ધારણ કર્યા છેઃ અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા દૈવ. તે પૈકી તમારામાં કર્તૃત્વાહંકારરૂપે હું પ્રકટ થયો છું, તેથી તમને લાગે છે કે હું કરી રહ્યો છું. ''હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે.'' બળદગાડાના ચાલવાથી સાથે બાંધેલ કૂતરાને ચાલવું પડે; કૂતરાના ચાલવાથી બળદગાડું ચાલતું નથી; પણ કૂતરાને લાગે કે મારા ચાલવાથી બળદગાડું ચાલે છે. તેવી રીતે પ્રભુએ આપણી ભીતર એક અહંકારરૂપી કર્તા ભરી દીધો છે તેથી આપણને લાગે છે કે હું કરું છું, બાકી આ ગાડું તો પાંચ બળદથી ચાલી રહ્યું છે. કોઈપણ ક્રિયા આપણે કરતાં હોઈએ; જે કાંઈ ભોગ ધરતા હોઈએ, જે કાંઈ દર્શન કરતાં હોઈએ; તે અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા અને દૈવથી મળીને થાય છે, એકલા કર્તાથી નહિ.

મેં કાલે સમજાવ્યું હતું કે જીવમાં પ્રભુએ કર્તા, ભોક્તા અને દૃષ્ટા થવાનું સામર્થ્ય અને સ્વભાવ મૂક્યા છે તેથી આપણને લાગે છે કે હું કરી રહ્યો છું. ઘણા લોકો શું સમજી ગયા કે આ ગીતાના વાક્યમાં કહ્યું છે કે પોતાના આત્માને કર્તા ન માનવો, તેથી આત્મા કર્તા નથી, અકર્તા છે. એ ગીતાની સાચી સમજ નથી. ભગવાન એમ નથી કહેતા કે આત્મા કર્તા નથી. કર્તારૂપે આત્માને પ્રકટ કર્યો છે, એ કર્તા તો છે જ, પણ કેવલ કર્તાથી-આત્માથી બધું થઈ નથી જતું. પાંચ પૈડામાંથી એક પૈડું આત્મા છે, પણ કેવલ આત્માથી ગાડી નથી ચાલતી. કોઈપણ ક્રિયામાં કર્તાનો યોગ ૧/૫ છે. આ દેહ. દેહના લીધે ઘણી બધી વસ્તુ કરવી પડશે.

તમે કહેશો અમે વૈરાગ્ય લઈ લીધો; પણ તોય ધાબળો તો ઓઢવો જ પડશે, ભલે પાત્રમાં નહિ ને હાથમાં જમો.

મને એક ભાઈ કહે ''મહારાજ તમારા ધર્મમાં વૈરાગ્યને સ્થાન નથી.'' મેં કહ્યું 'એવું કેમ ?' તો કહે ''તમે બધા સંન્યાસ નથી લેતા ને ધર્મગુરુ થઈ ગયા છો. અમે તો એમ માનીએ છીએ કે ધર્મગુરુએ સંન્યાસી જ હોવું જોઈએ.'' મેં કહ્યું ''ફરક એટલો પડ્યો કે તમારા એક ધર્મગુરુના નિર્વાહ માટે દસને ગૃહસ્થી થવું પડે, અમારે ત્યાં અમે જ ગૃહસ્થીનું ગાડું ચલાવીએ છીએ, બીજા ગૃહસ્થીની અપેક્ષા નથી રાખતા. તમારા સંન્યાસી જમે ક્યાં ? સંન્યાસીને જમવાનું છે તે રંધાશે તો કોઈક ને કોઈક ગૃહસ્થના ઘરમાંને ? પછી વાત તો એની એ થઈ ગઈ. ગુરુના ઘરમાં નહિ ને બીજાના ઘરમાં, રંધાયું તો ગૃહસ્થના ઘરમાંને. એટલે ગાર્હસ્થ્ય વિના છૂટકો નથી. તમારા ગુરુ કોઈકના ગાર્હસ્થ્ય પર નભે છે, અમે અમારા, સરવાળે કોઈ બહુ ફરક નથી પડતો. તો ગૃહસ્થી હોય કે સંન્યાસી, બધા એક સમાજના પૈડા છે, તેમનાથી બધું ચાલે છે.

તેમ દરેક ક્રિયાના દેહ, ઇન્દ્રિય, આત્મા, વગેરે પૈડાં છે. કશુંક મારાથી નહિ પણ તમે કરી રહ્યા છો તેથી ચાલી રહ્યું છે. અનાજ ખેડૂત ઉગાડે છે ને હું ખાઉં છું. કપડાં બીજાએ વણ્યા તે હું પહેરી રહ્યો છું. મકાન બીજાએ ચણ્યું તેમાં હું રહી રહ્યો છું. લોકો એકબીજાના પૂરક થઈ રહ્યા છે તેથી આ ગાડું ચાલી રહ્યું છે. તેમાં બેઠાબેઠા કોઈ દિવસ મને થાય કે હું ચલાવી રહ્યો છું તેથી આ ગાડું ચાલી રહ્યું છે. તો અલ્યા તારી તાકાત ૧/૫ છે. કાર્યના શ્રેયનો પાંચમો ભાગ હું લઈ શકું, તેથી વધારે નહિ.

આપણને ચિંતા એટલા માટે થાય છે કે આપણો ઝોક કોઈ એક પાસા તરફ હોય છે. કોઈ અધિષ્ઠાનવાદી હોય છે. કોઈ કરણવાદી હોય છે, કોઈ કર્તાવાદી હોય છે, કોઈ ''વિવિધાશ્ચ પૃથક્ ચેષ્ટા''વાદી હોય છે, કોઈ દૈવવાદી હોય છે કે મારે તો કશું કરવાનું જ નથી, જે ભાગ્યમાં હશે તે થશે. પણ સમજી જાઓ તમે કે ભાગ્ય પણ પાંચમા ભાગનું જ કામ કરે છે, બાકીનું ૪/૫ કામ તમારે કરવાનું છે. તેવી જ રીતે પાંચમા ભાગનું કામ કર્તા કરે છે, પાંચમા ભાગનું કામ દેહ કરે છે. દેહ ન હોય તો કામ થાય જ નહિ. બહુ મોટા મોટા જ્ઞાનીઓ વાત કરે છે કે દેહ બંધન છે. અરે પણ દેહનું બંધન ન હોય તો તમે જ્ઞાનોપદેશ પણ ન કરી શકો. દેહનું બંધન તૂટ્યા પછી તમે જ્ઞાનોપદેશ કરવા આવો તો ભૂત સમજીને બધા ચેલા ભાગી જાય ! ચેલાઓ સાંભળવા જ એટલા માટે બેઠા છે કે તમે દેહધારી છો.

એક વખત ખરેખર એવું થયું. મારા પિતરાઈ ભાઈ શ્યામુબાવા લીલા પધારી ગયા. તો 'મુંબઈ સમાચાર'માં આવ્યું કે મોટા મંદિરવાળા શ્યામુબાવા લીલા પધારી ગયા. તે વખતે હું એમ. એ.માં ભણતો હતો. સાંજે હું કોલેજમાં ગયો. હવે પેલું બે-ચાર જણાએ વાંચી રાખ્યું હતું, તો મને જોઈને બોલ્યા ''અરે તમે ક્યાંથી ?'' મેં કહ્યું 'શું થયું ?' તે ''આજે 'મુંબઈ



સમાચાર'માં આવ્યું છે તે ?'' મેં કહ્યું ''તે શ્યામુબાવા હું નહિ, બીજા શ્યામુબાવા છે !'' એ લોકો ગભરાઈ ગયા કે ભણવાની વાસના છૂટી નહિ કે પાછા ભણવા આવી ગયા ક્લાસમાં ! કદાચ હું ખુલાસો કર્યા વિના ક્લાસમાં બેસત તો એ લોકો ક્લાસરૂમ છોડીને ભાગી જાત. તેમ તમે કહો કે મારે જ્ઞાનોપદેશ કરવો છે, ઊભા રહો; પણ ચેલા ભાગ્યા જાય કે અમારે જ્ઞાન નથી જોઈતું, મૂકો અમને. દેહધારી થઈને આવજો ! એટલે દેહની જ્ઞાનના આવેશમાં નિંદા કરાય, પણ તેની ય આવશ્યકતા છે.

એટલે દેહ, કર્તા, ઇન્દ્રિયો, બીજાના પ્રયાસો અને ભાગ્ય-એ મળીને કોઈ ક્રિયાને સંપન્ન કરે છે. તેમાંથી કોઈ એક વસ્તુ પર જો આપણે ટકવા જઈએ તો આપણને ચિંતા થયા વિના રહે નહિ. આપણે આ બધા પર ટકવું જોઈએ અને તેનું જે કાંઈ પરિણામ આવે તેને લીલાભાવથી જોવું જોઈએ. જેમ ભગવાન કહે છે કે ''ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન.'' આપણે એકલા કાંઈ કરતા નથી, તો એકલા કોઈ વસ્તુને કેવી રીતે મેળવી શકીએ ? મારે એકલા કરવા જેવું કશું છે નહિ, છતાં પણ જે મારાથી થાય તે મારે કરતા રહેવું જોઈએ. ભક્તિ થાય તો ભક્તિ કરવી છે, કર્મ થાય તો કર્મ કરવું છે, જ્ઞાન થાય તો જ્ઞાન કરવું છે. આપણે ય કહી શકીએ કે ''ન મે પાર્થાસ્તિ જ્ઞાતવ્યં ત્રિષુ લોકેષુ કિંચન.'' જાણવા જેવું અથવા કેવલ મારાથી જાણી શકાય તેવું કાંઈ છે નહિ, છતાંય હું જાણવાનો પ્રયાસ કરું છું, કરવા જેવું કાંઈ નથી છતાંય કરવાનો પ્રયાસ કરું છું, ભક્તિ કરવી શક્ય નથી છતાંય ભક્તિ કરવાનો પ્રયાસ કરું છું. એ લીલાભાવ, એ નિષ્પ્રયોજનતાનો ભાવ જો આપણા હૃદયમાં અવતરે તો ચિંતા કોઈ દિવસ પ્રકટ થાય નહિ. ભગવાનને ચોખ્ખો ખુલાસો આપી દે છે કે મારે કરવા જેવું કશું છે નહિ, લીલા માટે કરતો રહું છું. એમ તમે પણ ભક્તિ લીલાના રૂપે કરો.

મહાબળેશ્વર કે માથેરાનમાં Echo point છે. તમે ત્યાં હેલો પાડો તો તમારો પોતાનો અવાજ તમને પાછો સંભળાય પ્રતિસાદ થઈને. મોટા મોટા ય Echo point પર જાય તો હેલો પાડે, બાળકો તો ઠીક. હવે ફાયદો શું ? તમે તમારા અવાજને ઓળખતા નથી ? શું છે ? લીલા છે. મળવાનું કશું નથી, કેવળ લીલારૂપે હેલો પાડીએ છીએ. તેમ પ્રભુને કશું મળવાનું નથી, ન કરે તો કશી હાનિ થવાની નથી, છતાંય કરતા રહે છે ઉત્પત્તિ, સ્થિતિ, લય. તેવી જ રીતે આપણને ભક્તિથી કશું મેળવવું નથી, જ્ઞાનથી કશું મેળવવું નથી, કર્મથી કશું મેળવવું નથી; પણ જો મારામાં કર્મનો બીજભાવ છે તો હું કર્મ કરતો રહું, ભક્તિનો મારા હૃદયમાં બીજભાવ છે તો ભક્તિ કરતો રહું - એ લીલાભાવથી જ્યારે ભક્તિ કરું તો પછી ભક્તિમાં કોઈ દિવસે ચિંતા થાય નહિ. પ્રભુ જે લીલા કરી રહ્યા છે તેનો પડઘો આપણા હૃદયમાં પડવો જોઈએ કે બધું લીલારૂપે ચાલી રહ્યું છે. પ્રભુ આપણને પોકારી રહ્યા છે તેના પડઘાના રૂપે આપણે પ્રભુને પોકારતા થઈ જઈએ તેનું નામ ભક્તિ.

એણે જ્યારે આપણને પોકાર્યા તેને આપણે કૃપા કહીએ તો પ્રભુ જે કૃપા કરી રહ્યા છે તેનો આપણા હૃદયમાં પડઘો પડે ભક્તિરૂપે તેનું નામ પુષ્ટિભક્તિ. પ્રભુએ સાદ કર્યો તે પુષ્ટિ અને આપણા હૃદયમાં જે પડસાદ થયો તે પુષ્ટિભક્તિ. અંતર એટલું જ. પુષ્ટિ પ્રભુની એક લીલા છે. પુષ્ટિ કર્યા પછી પ્રભુ તમારી પાસેથી કાંઈ અપેક્ષા નથી રાખતા કે હું પુષ્ટિ કરું છું તેના વળતરરૂપે તારે આટલી આટલી વસ્તુઓ કરવી પડશે, કેમકે પ્રભુએ ચોખવટ કરી દીધી છે કે હું તમારા પર પુષ્ટિ ન કરું તો મને કાંઈ હાનિ નથી ને કરું તો મને કાંઈ લાભ નથી. તમે ભક્તિથી મને પત્ર, પુષ્પ, ફલ, જલ-જે આપો તેનો હું ઉપભોગ કરું છું; પણ ન આપીએ તો પ્રભુ કાંઈ ભૂખ્યા રહી જાય ? પ્રભુ ભૂખ્યા છે તેથી નથી આરોગતા. આપણે ત્યાં કહેવાય છે તેમ પ્રભુ ભાવના ભૂખ્યા છે તેથી આરોગે છે, વસ્તુના ભૂખ્યા નથી. ભાવના ભૂખ્યા એટલે ? તમારા હૃદયમાં પુષ્ટિનો પડઘો પડતો હોય તો એ સાંભળવાનું પ્રભુનેય ગમે. જેમ Echo point પર આપણને આપણા પ્રતિસાદ સંભળાય તો આનંદ આવે છે તેવો લીલાત્મક આનંદ જોઈએ છે પ્રભુને.

વેદાંતદેશિક બહુ સરસ કહે છે કે આપણા પોપટને આપણે શીખવાડીએ કે પોપટ બોલો, મીઠું બોલો; અને એ આપણે શીખવીએ તેટલું જ બોલે; પણ તે જ્યારે બોલવા મંડે ત્યારે આપણને આનંદ આવી જાય. હવે એનાથી શું લાભ થયો ? પોપટ મીઠું ન બોલ્યો હોત તો શું નુકસાન થવાનું હતું આપણને ? લીલા છે. આપણી વાણીનો પોપટની વાણીમાં પડઘો કેવો પડે છે એ લીલા જોવાનો આપણને આનંદ આવે. તેમ પ્રભુની પુષ્ટિનો પડઘો આપણા હૃદયમાં કેવો પડે છે તે જોવાનો એમને આનંદ આવે છે. તેથી પ્રભુ કહે છે ''સમોહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્'' મારા માટે બધા જ સરખા છે, પણ જે ભક્તિથી મારું ભજન કરે છે તે મારા માટે છે અને હું તેના માટે છું. એટલે Echo point પર ઊભા રહીને મારો અવાજ સાંભળવાનું મને ગમે તેવું છે. પથ્થરમાંથી કંઈ બીજો અવાજ નીકળતો નથી; તે જ અવાજ નીકળે છે જે મેં પાડ્યો. તેવી રીતે આપણા હૃદયમાંથી જે ભક્તિ પ્રકટ થઈ છે તે કાંઈ જુદી વસ્તુ નથી; પ્રભુએ જે કૃપા કરી તેનો જ પડઘો છે.

એ પડઘાના રૂપે આપણે ભક્તિને સ્વીકારીએ તો પોતાની મેળે આપણો અહં ઓગળી જશે. જ્યારે મારા હૃદયમાં એવો ભાવ પ્રકટ થાય કે મારે ભક્તિ કરવી છે, હું ભક્તિ કરીને પ્રભુને વશમાં કરી નાખીશ જેમ વ્રજભક્તોએ કર્યા તેમ, અને પછી ૫-૧૦ દિવસ હું રસગુલ્લા ધરાવું, ઢોકળા ધરાવું ને પછી જોઉં કે વશમાં કેમ થતા નથી ? અરે પણ ઠોકળા, રસગુલ્લાથી કાંઈ ભગવાન વશ ન થાય, એ તો એની પુષ્ટિનો તમારા હૃદયમાં પડઘો પડે તેનાથી વશ થાય. એવી પુષ્ટિનો તમે ભક્તિરૂપે પડઘો પાડશો ને એને આનંદ આવી જશે. એ તરત કબૂલ કરી લેશે કે બધા Point ઉપર હું ફર્યો પણ Echo point પર



બહુ આનંદ આવ્યો. મેં જ હેલો પાડ્યો ને મને જ સંભળાયો. બીજે બધે તો હું હેલો પાડું ને બીજા બધા સાંભળે, જ્યારે અહીં તો મારો હેલો મને જ સંભળાયો ! બસ મજા આવી ગઈ. એ નિશ્ચલ બાલલીલા છે.

જેમ આપણે આપણો ચહેરો કાચમાં જોઈએ ને બસ મજા આવી જાય. સાયકોલોજીસ્ટો કહે છે કે બધા બાથરૂમના કાચમાં વિવિધ મુદ્રામાં પોતાનો ચહેરો જોતા હોય છે. હવે એ જોવામાં શું મજા આવે ? જોવાથી ફાયદો શું ને ન જોવાથી નુકસાન શું ? પણ લીલા છે. મારું સૌંદર્ય હું જોઉં તેનો આનંદ છે. હવે જોવાથી કાંઈ ઉમેરાય છે સૌંદર્ય ? દર્પણમાં ન જોયું હોત તો સૌંદર્ય ઘટી જાત ? એવું કશું નથી; પણ મારું સૌંદર્ય હું દર્પણમાં જોઉં તેનો મને આનંદ આવે. મારો અવાજ હું સાંભળું ને મને આનંદ આવે. પડઘાનો તેવો આનંદ છે. તેમ પુષ્ટિનો પડઘો ભક્તિમાં પડે તેનો પ્રભુને આનંદ આવે છે. તેથી ભગવાન કહે છે ''તદહં ભક્ત્યુપહૃતં અશ્નામિ પ્રયતાત્મનઃ'' એ ભક્તિથી ઉપહૃત હોય તો પછી રસગુલ્લા હશે કે ઠોકળા હશે કે છોલા હશે કે મિસરી હશે. તદહં ભક્ત્યુપહૃતં અશ્નામિ પ્રયતાત્મનઃ. વાર્તા વાંચશો તો ખબર પડશે કે કોઈક વખત ભગવદીઓએ ખાલી જલની ઝારી જ ધરી છે પ્રભુને; બીજું કશું નહોતું ધરવામાં; અને પ્રભુએ આનંદથી જલ આરોગ્યું. કેમ ? એમાં નેગભોગનો પ્રશ્ન નહોતો કે નેગ આટલો માંડ્યો હતો તે હવે ઘટી ગયો; એ જલની લોટી ભક્ત્યુપહૃત હતી, ભક્તિના ભાવથી પ્રભુને ધરેલી હતી.

બધા જ મહાબળેશ્વર, માથેરાનના Point છે પણ છતાંય Echo point ની મજા એવી છે કે ભલભલા જ્ઞાનીઓ Echo point પર જાય તો થોડીક રમત રમવાની ઇચ્છા થઈ જાય, એક વખત સાદ પાડવાની ઇચ્છા થઈ જાય. તેમ પ્રભુને માટે બધા સરખા છે; જ્ઞાની પણ તેવો જ છે, કર્મી પણ તેવો જ છે, ભક્ત પણ તેવો જ છે અને સંસારી પણ તેવો જ છે. પણ જેનામાં પુષ્ટિનો પડઘો પડે છે તેનો બસ પ્રભુને આનંદ આવી જાય છે. તે આનંદ આપણે પ્રભુને આપતા થઈએ. મારે નથી કરવી, તને મારાથી જેટલી ભક્તિ જોઈતી હોય તેટલી ભક્તિ તું લે પ્રભુ. મેં મારું કર્તાપણું; મારા દેહનું સામર્થ્ય, મારી ઇન્દ્રિયોનું સામર્થ્ય, ચેષ્ટાનું સામર્થ્ય અને જે દૈવ છે તે બધું તને સમર્પિત કર્યું છે; હવે આમાંથી જેટલું તને ગમે તેટલું તું લે.

પીરસી દીધા પછી તેને ગમે તે જમવા દો. ફક્ત પૂછતા રહો કે ગળ્યું લાવું ? ફરસાણ લાવું ? પણ જો આપણે ચોકીદારી કરીએ કે આ કેમ આટલું જ ખાધું, પેલું કેમ આટલું જ ખાધું - તો કાંઈ હિસાબ રાખવાનો હોય ? બેઉને ટેન્શન થઈ જશે. તો આપણાથી સહજ રીતે થઈ શકે તેટલી ભક્તિ કરશું તો પ્રભુને જમવાનો સ્વાદ આપશે, પણ ભક્તિમાં ચોકીદારીની ભાંજગડ ઊભી કરીએ તો ટેન્શન થશે. હૃદયમાં એવી ઉન્મુક્તતા રાખવી જોઈએ કે મેં બધું સમર્પિત કર્યું છે, તેમાંથી જે રુચે તે તું સ્વીકાર. આત્મનિવેદનનો આવો ભાવ જો આપણા

હૃદયમાં સ્પષ્ટ થઈ જાય તો પછી તમને ચિંતા નહિ થાય. લૌકિકની ચિંતા નહિ થાય તેમ જ અલૌકિકની ચિંતા નહિ થાય. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે "ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ." કોઈ પણ ચિંતા ક્યારે પણ કરવી નહિ, કેમકે તમે આત્મનિવેદન કર્યું છે, તમારા પાંચેપાંચ અંગો તમે પ્રભુને સમર્પિત કરી દીધા છે. કર્તા, ભોક્તા અને દૃષ્ટાપણાના ભાવ તમે એને સમર્પિત કરી દીધા છે; એનાથી એને જે રુચશે તે એ જમશે. જે રુચે તે આનંદથી જમાડવાની તમારી વૃત્તિ હોવી જોઈએ, તેનો હિસાબ રાખશો તો ટેન્શન વધશે, તેને ય કદાચ શરમ આવશે કે હિસાબ રાખે છે તો ક્યાંક પાછળથી બિલ તો નહિ પ્રસ્તુત કરી દે ને.

આજ તો પેઈંગ ગેસ્ટનો જમાનો છે. તે બહુ વિચિત્ર પદ્ધતિ છે કે તમને અમારા ઘરમાં મહેમાન તરીકે રાખીએ છીએ, પણ તમારે મહેમાન થવાના પૈસા ચૂકવવા પડશે. એટલે આપણને અમારું ઘર હોટલ છે તેમ કહેવામાં શરમ આવે તેથી પેઈંગ ગેસ્ટ. અરે ભાઈ નાગા થઈ જાઓને એક વખત કે ઘર નથી, હોટલ છે; લાઈસન્સવાળું લોજિંગ બોર્ડિંગ નથી, પ્રાઈવેટ છે? પણ આપણે જુદા શબ્દો ઘડીને છેતરીએ છીએ કે અમારે ત્યાં પેઈંગ ગેસ્ટ રહે છે. એટલે રહેવાખાવાની બધી સગવડ, પણ પાછળથી તેનું બિલ આપી દઈએ પેઈંગ ગેસ્ટને! તો શું ભગવાનને તમે પેઈંગ ગેસ્ટ તરીકે બોલાવવા છે? કેટલી ભક્તિ કરી, કેટલા નામ જપ્યા, કેટલા નેગ-ભોગ-રાગ કર્યા તેની શું રસીદ ફાડવાની છે? આજે લોકો કહે છે "એક રૂપિયાની ભેટ લખાવી મંદિરમાં તો આટલો લાડવો ય ન આપ્યો." અરે તો કેમ ભેટ ધરી? ધરવી જ નહોતી જોઈતી. શું પેઈંગ ગેસ્ટ સમજી રાખ્યા છે પ્રભુને? એને ઘરનો સ્વામી માનીને ઘરમાં ભોગ ધરવો જોઈએ. પણ લોકો જાણીજોઈને મંદિરમાં જઈ ભેટ લખાવે, અને પછી લાડવાની માંગણી કરે, પ્રભુને પેઈંગ ગેસ્ટ તરીકે ટ્રીટ કરે; દાનત જ ખરાબ છે બધી. આપણા ભોક્તાપણામાં કાંઈક ગડબડ થઈ ગઈ છે, એને સુધારવી પડશે. નહિ સુધારીએ એને તો ભક્તિમાં મોટી ચિંતાઓ ઉપસ્થિત થઈ જશે. તેથી આત્મનિવેદનના ભાવને સરખી રીતે સમજી જાઓ, પછી તમને ભક્તિમાર્ગમાં અગ્રેસર થવામાં ક્યારેય ચિંતા નહિ થાય એવી શ્રીમહાપ્રભુજી બાંહેધરી આપે છે.

**હવે થોડા પ્રશ્નોત્તર કરી લઈએ :**

**પ્રશ્ન :** મલાડમાં કેટલાક વૈષ્ણવો એવા છે કે જેઓ પોતાના ઠાકોરજી સન્મુખ બીજા વૈષ્ણવોને બ્રહ્મસંબંધ કરાવે છે. આમ થઈ શકે કે નહિ તેનો ખુલાસો કરશો.

**ઉત્તર :** હિંદુસ્તાનની એ ખાસિયત છે કે આપણે કોઈ પણ વ્યવસ્થાને જાળવવા માંગતા નથી. તોડી દઈએ, અને પછી તકલીફ થાય ત્યારે રડીએ. એક કહેવત છે કે કૂવામાં ભાગ ઘોળાય તો ઘોટે તેને ય નશો ચઢે ને ન ઘોટે તેને ય નશો આવે; એવું થઈ ગયું છે. બસની લાઈનમાં ઊભા રહેવાનું ગમે નહિ આપણને, લાઈન તોડીએ નહિ તો ચાલે નહિ. પછી



બસમાં ચઢતા ભીડ થાય, કોઈ ધક્કો મારે, કોઈ મુક્કો મારે પછી આપણે ફરિયાદ કરીએ કે કેટલી ગિરદી વધી ગઈ છે! અરે પણ ગિરદી વધારી કોણે? તમે લાઈન ન તોડી હોત તો ગિરદી વધી હોત? પ્રવચન કરતાં હું ચરણસ્પર્શ નથી આપતો તેનું મુખ્ય કારણ આ. આપણે ત્યાં શિસ્તથી ચરણસ્પર્શ કરવાની પદ્ધતિ જ નથી; એક ચરણસ્પર્શ કરશે ત્યાં બીજો પડશે, બીજો કરશે ત્યાં ત્રીજો પડશે! અમારા દાદાજીને પગમાં ઘા થઈ ગયા. તો દાદાજીએ ચરણસ્પર્શ કરનારના વિભાગ પાડેલા; દૂરથી દેખાડે કે પેલો ચરણસ્પર્શ કરશે, પેલો ચરણપ્રહાર કરશે, પેલો ચરણદંશ કરશે, પેલો ચરણપેષણ કરશે. ફુરસદ જ નથી, દર્શન કરવા દોડવું છે, હવે દાદાજી બિરાજે છે તો આમ કરીને ચાલ્યા જાય, પણ એમને દુઃખે તેનું શું? એટલે દાદાજી બારીમાંથી જોતા કે ચરણપ્રહાર કરવાવાળો આવે છે તો ચરણને આમના તેમ કરી નાખે; પહેલેથી તૈયારી કરી લે કે જેથી ઘા દુખે નહિ. આપણે આવી ધાંધલ કરી દઈએ છીએ; ચરણસ્પર્શને ચરણસ્પર્શ તરીકે ન કરતાં પ્રહાર તરીકે, દંશ તરીકે, પેષણ તરીકે કરીએ છીએ. બેઠકજીમાં તો ઝારી ધરવામાં એવી ધાંધલ થાય કે અહીંથી ઝારી ધરે ને અહીંથી બીજા જલ ધરવા ઝારી પધરાવી લે! મહાપ્રભુજીને જલ આરોગવાની તક જ ન મળે.

આમ બધા બંધારણ આપણે તોડી દઈએ ને પછી ઘોંઘાટ કરીએ કે આમ થઈ ગયું. ટ્રેનમાં ટિકિટ ન મળે તો પાંચ-દસ-વીસ રૂપિયા ખવડાવીને બેસી જઈએ. નિયમ કોણે તોડ્યો? આપણે. આપણે નિયમ તોડ્યા પછી પેલો બીજાને ઘુસાડે તો આપણને ગુસ્સો આવે. "સરકારમાં ભ્રષ્ટાચાર બહુ વધી ગયો છે, સીટથી વધારે માણસો કાંઈ અંદર ઘુસાડવાના હોય?" અરે પણ તમે કેવી રીતે ઘુસ્યા? આપણે આપણી જાતને ગણીએ જ નહિ! ઘણી વખતે ટ્રાફિક જામ થઈ જાય તો કાર ચલાવનારા કહે "સાલી બહુ ટ્રાફિક વધી ગઈ છે હોં!" પણ તમે ગાડીમાં ન બેઠા હોત તો વધત? એટલે આપણે આપણી ગાડીને ગણીએ નહિ ને બીજી બધી ગાડીને ગણીને ફરિયાદ કરીએ કે ટ્રાફિક વધી ગયો! આવી સ્થિતિ થઈ ગઈ છે બંધારણ તોડવાની વૃત્તિના લીધે.

હવે એ વૃત્તિ બીજી વાતોની જેમ ધર્મ પર પણ લાગુ થાય છે. સંસ્કૃતમાં તો એવી કહેવત છે કે "તિષ્ઠન્મૂત્રસ્ય ઇહ ગુરોઃ ધાવન્મૂત્રાનુવર્તિનઃ." બંધારણ મુજબ બેસીને પેશાબ કરવો જોઈતો હતો પણ કદાચ ઘૂંટણ જકડાઈ ગયા હશે એટલે ગુરુજીએ ઊભા રહીને પેશાબ કર્યો. ચેલાએ જોયું કે અચ્છા, ઊભા રહીને પેશાબ કરી શકાય, એટલે એણે દોડતા દોડતા પેશાબ કર્યો! તેમ કોઈક બાળકોએ "ઠાકોરજી વગર બ્રહ્મસંબંધ લો, કાલે વ્રત કરી લેજો" તેમ કહેવા માંડ્યા, કોઈક બેટીજીએ બ્રહ્મસંબંધ આપ્યા, કોઈકે વ્રત કરાવ્યા વગર બ્રહ્મસંબંધ આપ્યા, કોઈકે માઈક અને લાઉડસ્પીકરની મદદથી એક સાથે બેહજાર વૈષ્ણવોને બ્રહ્મસંબંધ આપ્યા, કોઈક ઉતાવળમાં "આજે બ્રહ્મસંબંધ આપી શકે તે ય આપવા માંડ્યા, કોઈ

શાસ્ત્રીજીઓ બ્રહ્મસંબંધ આપવા માંડ્યા; તો પછી 'ધાવન્મૂત્રાનુવર્તિનઃ' વૈષ્ણવો કહે અમે કેમ. રખડી જઈએ ? બધા લઈ ગયા તો અમે કેમ રહી ગયા ? જેમને ઘેર ઠાકોરજી બિરાજતા હોય તે ય બ્રહ્મસંબંધ આપવા માંડ્યા.

હવે આપણે તેમાં શું નિર્ણય કરવાના કે શું કરવું ને શું ન કરવું જોઈએ ? આપણે તો એક વાત સમજવી કે ''ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્ કરિષ્યતિ તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્'' છોડી દો ચિંતા. જે આપી રહ્યો છે તે કોઈ એવો અનુયાયી છે કે દોડતા દોડતા કરી રહ્યો છે, ભગવાનની લીલાનું એ પણ કોઈક પાસું છે. આપણા ચિત્તમાં ઉદ્વેગ થતો હોય તો મહાપ્રભુજી નવરત્નના આઠમા શ્લોકમાં આજ્ઞા કરે છે કે વહેલી તકે એ ચિંતાને મનમાંથી કાઢી દો, કેમકે પ્રભુ બધી જાતની લીલા કરી શકે છે. બુદ્ધિપ્રેરક તો કૃષ્ણ જ છે ને. ભગવાન એમને સદ્બુદ્ધિ આપે, અથવા ભગવાનને જેવી લીલા કરવી હોય તેવી કરે, આપણે તેમાં શું ખટપટ કરી શકીએ ?

આપણે સિદ્ધાંત શું છે તે જરૂર સમજી શકીએ અને સ્વયં તે પ્રમાણે આચરણ યથાશક્તિ કરવાનો પ્રયાસ કરી શકીએ. મહાપ્રભુજી સર્વનિર્ણયમાં આજ્ઞા કરે છે. ''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્ શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુરાદરાત્.'' ગુરુ કૃષ્ણસેવાપરાયણ દંભાદિરહિત નર અને શ્રીભાગવત્ના તત્ત્વને જાણનાર છે તેની ખાતરી કર્યા પછી તેમનાથી બ્રહ્મસંબંધ લેવું જોઈએ. ગુરુ સેવા કરનાર હોવો જોઈએ. કેમ ? તો આચાર્યચરણ સમજાવે છે કે જે તમને કહી રહ્યો છે કે ''ચઢ જા બેટા શૂલી પર ખુદા ભલા કરેગા.'' તે પોતે ચઢવા તૈયાર છે કે નહિ ? જો એ તમને સેવા કરવાનો ઉપદેશ આપી રહ્યો છે, સેવા કરવાની દીક્ષા આપી રહ્યો છે, પોતે સેવાને ઉત્તમ ગણે છે તો પોતે કેમ સેવા નથી કરતો ? ''યો હિ ગુરુઃ સેવામુપદેક્ષ્યતિ સ સ્વયં ચેત્ તાં ઉત્તમાં જાનીયાત્ તદા કથં ન સ્વયં કુર્યાત્ ? ઇતિ સેવાપર એવ ગુરુઃ. તત્રાપિ નિમિત્તાનિ વારયન્તિ દંભાદિરહિતમ્ ઇતિ.'' એટલે કે સેવા તો કરતો હોય પણ ભંડોળ ભેગું કરવા, પ્રચાર કરવા, યશ માટે, આજીવિકા માટે, 'જાહેર જનતા'ના હિતાર્થે, ચેલા મૂંડવા, વગેરે હેતુથી સેવા કરતો હોય તો ય તે ગુરુ બનવાને લાયક નથી. આમ માર્ગના સિદ્ધાંત પ્રમાણે કૃષ્ણસેવા કરવામાં પરાયણ અને વળી શ્રીમદ્ભાગવત્ના તત્ત્વને જાણનારથી બ્રહ્મસંબંધ દીક્ષા લેવી જોઈએ. આ તો થઈ સિદ્ધાંતની વાત. માર્ગની પ્રણાલી મુજબ વલ્લભકુલના ગોસ્વામી બાલકો જ બ્રહ્મસંબંધ અને અષ્ટાક્ષરની દીક્ષા આપે છે. તમારા વડીલોએ જેમનાથી બ્રહ્મસંબંધ લીધું હોય તેમનાથી તમારે લેવું જોઈએ અને મેં તમને સમજાવ્યું હતું કે ''ગુર્વભાવે તત્પુત્રઃ તદભાવે તત્પત્ની તદભાવે તત્કુલમ્.''

બ્રહ્મસંબંધ એ સેવા કરવાની દીક્ષા છે. એક ભાઈએ પ્રશ્ન કર્યો છે કે પહેલાં પણ કેટલાક વૈષ્ણવો બ્રહ્મસંબંધ લઈને સેવા નહોતા કરતા અને આજે જો આપ સેવા માટે જ



બ્રહ્મસંબંધ આપવાનો આગ્રહ રાખશો તો અમે બધા રખડી જઈશું, સ્વરૂપસંબંધ જ નહિ થાય અમારો. મારે પ્રશ્નને બે ભાગમાં વહેંચવાનો રહ્યો. કેટલાકોએ પહેલાં સેવા ન કરવી હોય છતાંય બ્રહ્મસંબંધ લીધું હોય એ વ્યક્તિના ઉદાહરણની તમે વાત કરતા હો તો હું એક જ જવાબ આપીશ કે વ્યક્તિએ શું કર્યું તેનો કોઈ ખુલાસો હું ન આપી શકું. તે વ્યક્તિને અથવા તેમના ગુરુને તમારે પૂછવું જોઈએ, તેમનાથી સમજવું જોઈએ. સિદ્ધાંત તમે જાણવા માંગતા હો તો અહીં નવરત્નના પહેલા શ્લોકમાં શ્રીગુસાંઈજી સ્પષ્ટ ખુલાસો કરી રહ્યા છે : ''દારાન્ સુતાન્ ગૃહાન્ પ્રાણાન્ યત્પરસ્મૈ નિવેદનમ્ એવં ધર્મૈઃ મનુષ્યાણાં ઉદ્ધવાત્મનિવિદિનામ્ મયિ સંજાયતે ભક્તિઃ કોન્યોર્થોસ્યાવશિષ્યત'' ઇત્યાદિ વાક્યૈઃ તદાવશ્યકમ્, સાક્ષાત્ શ્રીગોકુલેશભજનાધિકારરૂપત્વાત્, દ્વિજસ્ય વૈદિકકર્મણિ ગાયત્ર્યુપદેશજસંસ્કારવત્'' એટલે આત્મનિવેદન કર્યા પછી ભક્તિ એવી ખીલે છે કે તેને કોઈ કર્તવ્ય નથી રહી જતું કે કોઈ પ્રાપ્તવ્ય. માટે ભજનેચ્છુએ આત્મનિવેદનની દીક્ષા અવશ્ય લેવી જોઈએ. આત્મનિવેદન એશ્રીગોકુલેશની સેવાનો સાક્ષાત્ અધિકાર છે. જેમ બ્રાહ્મણ જનોઈ ન લે ત્યાં સુધી તેને સંધ્યા કે યજ્ઞયાગાદિ કરવાનો અધિકાર ન મળે તેમ જ્યાં સુધી આપણે બ્રહ્મસંબંધ ન લઈએ ત્યાં સુધી સેવાનો અધિકાર ન મળે. નિવેદનસ્ય સાર્થકત્વાય ભજનસિદ્ધ્યર્થમાવશ્યક વ્યવહારાર્થ નિવેદિતસ્યૈવ સ્વાર્થે વિનિયોગઃ કાર્યઃ અન્યથા દારપરિગ્રહોત્તરક્ષણે એવ તન્નિવેદને કૃતે અગ્રે તદવિનિયોગે પ્રાપ્તે તત્પરિગ્રહવૈયર્થ્યાપત્તિઃ'' જો તમે નિવેદન કર્યા પછી સેવા નથી કરતા તો તમારું નિવેદન વ્યર્થ ગયું. નિવેદન કર્યા પછી અસમર્પિત વસ્તુનો તમે ઉપભોગ કરી રહ્યા છો તો તમારું નિવેદન વ્યર્થ ગયું. આ તો કાંઈ શ્યામુબાવાની આજ્ઞા નથી, શ્રીગુસાંઈજી કહી રહ્યા છે. કંઈ ગુનો હોય તો શ્રીગુસાંઈજીનો, મારો નહિ. એટલે એ પદ્ધતિ હતી.

આજે લોકો એવા ઉસ્તાદ છે કે પોતે કશું કરે ધરે નહિ અને નોકરોથી ઠાકોરજીની બધી પરિચર્યા કરાવે. હમણાં એવું જ થયું. એક વૈષ્ણવે જબરદસ્ત તોતિંગ શિલ્પની દૃષ્ટિએ જોવાજેવું મંદિર બનાવ્યું અને બહુ વૈભવથી સેવા પધરાવી દીધી. મુખિયા, ભીતરિયા, જલઘરિયા રાખી દીધા. જેમ ગ્રહણ ઉતરે તેમ ઠાકોરજીનું બધું ગ્રહણ ઉતારી દીધું ટ્રસ્ટ બનાવીને, વધારે ખટપટ જ નહિ. હવે શું થયું કે પેલા મુખિયાજીને હાર્ટ એટેક આવ્યો ને તેઓ શ્રીજીચરણ પામ્યા. બીજા એક માણસને સેવામાં નવડાવી મોકલાવ્યો. તે જ્યારે અંદર ગયો તો શય્યામંદિરમાં સિગારેટના ઠૂંઠા, કાંદાના ફોતરા વગેરે મળ્યું. હવે એ ઠાકોરજીની લીલા હતી કે મુખિયાજીની લીલા તે તો ઠાકોરજી જાણે ! એ વૈષ્ણવ ભગતે મને કાગળ લખ્યો કે મહારાજ ઠાકોરજીને મહાન પરિશ્રમ થઈ ગયો છે, તમે વહેલી તકે આવીને બધી શુદ્ધિ કરાવી જાઓ. મેં કહ્યું ''એક શરતે શુદ્ધ કરાવવા આવું કે જેના ઠાકોરજી છે તેના ઘરે તેના

માથે બિરાજતા થઈ જાય. નહિ તો ભૂત ગયું ને પ્રેત આવશે. એક મુખિયાને હાર્ટ એટેક આવ્યો તો બીજાને કદાચ બ્રેઇન એટેક આવશે. એટલે એમાં કાંઈ છૂટકારો થવાનો નથી.''

ઠાકોરજી આવા અનાથાલયમાં સપડાઈ ગયા છે ! જે બાળકને તેનાં માબાપ ઉછેરવા ન માંગતા હોય અને અનાથાલયમાં ભરતી કરાવી દે તેમની આવી ગતિ થાય ! જાતે સેવા કરો. શા માટે બીજાથી સેવા કરાવો છો ? શી ગરજ છે ઠાકોરજીને તમારા નોકરોથી સેવા લેવાની, જો તમને સેવા કરવાની ઇચ્છા જ નથી તો ? તમે બહુ મોટા શેઠિયા હશો તો ય તમારા ઠાકોરજીની સામે શું વિસાતમાં ? ''કિમાસનં તે ગરુડાસનાય કિં ભૂષણં કૌસ્તુભભૂષણાય લક્ષ્મીકલત્રાય કિમસ્તિ દેયં વાગીશ કિં તે વચનીયમસ્તિ'' એમ આચાર્યચરણ આજ્ઞા કરે છે. જે ગુરુડાસન પર બિરાજે છે તેને તેથી સારું ક્યું સિંઘાસન તમે આપી શકવાના છો ? જે કૌસ્તુભમણિને ધારણ કરે છે તેને તેથી ક્યો સારો સિંગાર તમે ધરાવી શકવાના છો ? લક્ષ્મી તો તેની પત્ની છે, તમે એને કઈ Capital કે કઈ Fixed deposit જમા કરાવી શકવાના છો કે જેનાથી સેવા ચાલે ? તમે કોઈ ભ્રમણામાં છો; આ કંઈ સેવામાર્ગ નથી. ''કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા.'' તમારા તનથી, તમારા ધનથી સેવા થતી હોય તો કરવી, નહિ તો ન કરવી જોઈએ. તે ભાડૂતી સેવાથી ઉત્તમ છે. સેવા ન થતી હોય તો બ્રહ્મસંબંધ ન લેવું જોઈએ.

પત્ની તરીકે સાથે ન રહેવું હોય તો પરણવું ન જોઈએ. પરણી જઈએ ને પછી કહીએ 'રાંધીશું નહિ !' કોઈ વાંધો નહિ, એક નોકર રાખી લઈશું, પણ સાથે તો રહેશો કે નહિ ? 'ના, અમે તો પિયર રહેશું.' અરે તો પરણવાની પંચાત શું કરવા કરી ? પરણ્યા પછી ય સાથે નથી રહેવું તો પછી પરણવાથી ફાયદો શું ? એકને બદલે બે ઘર બગાડ્યા. ન પરણ્યા હોત તો તમે જેવા હતા તેવા હતા; પણ પરણ્યા પછી એક માણસ ફસાઈ ગયો બિચારો. તેથી આચાર્યચરણ આજ્ઞા કરે છે ''પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાત્ ન પ્રેષ્યતે વરે તથા દેહે ન કર્તવ્યં વરસ્તુષ્યતિ નાન્યથા.'' તમે છોકરીને પરણાવી દો પણ સાસરે મોકલો નહિ તેવી રીતે જો દેહ સાથે વ્યવહાર કર્યો તો પછી નિશ્ચિત સમજો કે તે તમને તલ્લાક-છૂટાછેટા આપી દેશે. આવી બાયડીને રાખવામાં એને બહુ રુચિ નથી કે જે પરણીને પિયરિયે રહેતી હોય ને સાસરિયે આવતી જ ન હોય. એટલે તે સ્થિતિમાં બ્રહ્મસંબંધ ન લેવું બહેતર છે. તમે પરણ્યા ન હો તો કોણ તમને પૂછવાનું કે પિયરિયે રહો છો કે સાસરિયે ? પણ પરણી જાઓ તો બાપે ય દુઃખી થાય, કે પરણાવી ને પાછી આવી ગઈ ? ને વરે ય દુઃખી થાય, કે પરણ્યા તો ય રહેવા ન આવી ? એટલે ''ઇતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ'' ધોબીનો કૂતરો ન ઘરનો ન ઘાટનો એવી સ્થિતિ આપણી થઈ જાય છે, જ્યારે બ્રહ્મસંબંધ લઈને આપણે સેવા નથી કરતા. પરણ્યા પછી સાસરે ન જવાની ઈચ્છા હોય તો બ્રહ્મસંબંધ લઈને સેવા ન કરવી.

તમે લખી રહ્યા છો ''જીવના આત્માનો ઉદ્ધાર કેવી રીતે થશે ? સ્વરૂપ સાથે સંબંધ



કેવી રીતે થશે ?'' અરે પણ સ્વરૂપ સાથે રહેશો જ નહિ તો સ્વરૂપ સાથે સંબંધ કેવી રીતે થશે ? સંબંધનો મતલબ વચન આપી હસ્તમેળાપ કરી, આવજો કહી દેવું ? સ્વરૂપસંબંધનો મતલબ છે હસ્તમેળાપ કર્યા પછી હસ્તને સાથે જ રાખો, છૂટા ન પડવા દો. હાથ છોડાવીને આવજો કરી દેવું છેતરપિંડી છે, તમે તમારી જાતને છેતરી રહ્યા છો. જે બીજાને છેતરે છે તેમાં એક ગુણ છે કે તે બુદ્ધિમાન છે, તેથી છેતરી શકે છે; તમે તો તમારી જાતને છેતરો છો, બુદ્ધિમાન પણ નથી.

હવે આજે તો બધું એવું ચાલ્યું છે કે ''ધાવન્મૂત્રાનુવર્તિનઃ.' બાળકો કૃપા કરીને જેને સેવા ન કરવી હોય તેને ય બ્રહ્મસંબંધ આપી દે. તેઓ હિત વિચારીને કોઈ દૂરદષ્ટિથી આપતા હશે એવી મારી ચોક્કસ શ્રદ્ધા છે; પણ સિદ્ધાંતની વાત તમે જ્યારે મને પૂછશો ત્યારે; એક વખત નહિ પણ હજાર વખત એ જ વાત કહેવી પડશે કે સેવા ન કરવી હોય તો બ્રહ્મસંબંધ ન અપાય, ન લેવાય, કેમકે શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીની આજ્ઞા છે.

કોઈને ચિંતા થાય કે અમે બ્રહ્મસંબંધ લઈને સેવા ય કરતા હતા; પણ હવે ઉંમર થવાથી અશક્તિ કે એવા અન્ય કારણોસર સેવા નથી થઈ શકતી તો ? તો મહાપ્રભુજી કહે છે કે ચિંતા નહિ કરવાની, કેમકે ધારોકે પરણ્યા પછી આપણે સાસરિયે રહેતા હોઈએ પણ એવી માંદગી આવી જાય કે આપણે પતિનું કોઈપણ કાર્ય ન કરી શકીએ તો પતિ કાંઈ એટલો ક્રૂર નથી કે છૂટાછેડા આપી દે. આપણો પતિ તો બહુ દયાળુ પતિ છે. ખેર, એ તો નવરત્નમાં આવશે આગળ, મારે હમણાં કહેવાનું ન હોય, પણ એટલી વાત ચોક્કસ કે જે વ્યક્તિ સેવા કરવા તૈયાર ન હોય તેણે બ્રહ્મસંબંધ ન લેવું જોઈએ. શ્રીગુસાંઈજી સ્પષ્ટ આજ્ઞા કરે છે ''વિચાર્યૈવ સદા દેયં કૃષ્ણનામવિશેષતઃ અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ.'' જે વિના વિચારે ભગવન્માર્ગની દીક્ષાનું દાન કરે છે તે નષ્ટ થઈ જાય છે, તેનો સર્વનાશ થાય છે. દાન લેનારનું તો થશે તે થશે, આપનારો નષ્ટ થાય છે. એટલે ઓછામાં ઓછું જે બાળક તમને બ્રહ્મસંબંધ આપી રહ્યો છે એનો સર્વનાશ ન થઇ જાય, અહિત ન થાય તે વિચારીને તમારે બ્રહ્મસંબંધ ન લેવું જોઈએ, જો તમારી સેવા કરવાની તૈયારી ન હોય તો. મહાપ્રભુજીનો સિદ્ધાંત એ છે. પ્રમેયબલથી જે બાલક જે આજ્ઞા કરે તેનો ખુલાસો મારી પાસે ન હોઈ શકે. તમારે તમારા ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલવું તે પાછો ખુલાસો સાથેસાથે હું કરી દઉં છું.

તો જ્યારે બ્રહ્મસંબંધના નામે આટલા કૌભાંડો ચાલી રહ્યા છે ત્યારે આ એકનો ઉમેરો થયો. છો વૈષ્ણવ બ્રહ્મસંબંધ આપે, આપણે ચિંતા ન કરવી તેની. ''તથૈવ તસ્ય લીલા ઈતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્ !''

પ્રશ્ન : ઘરના નોકરો, મહારાજ કે રામો, જે ઘરનું પાણી ભરતા હોય, રસોઈ કરતા હોય, તેને પ્રભુ માટેનો ભાવ ન હોય પણ આપણી સુવિધા માટે તેને બ્રહ્મસંબંધ લેવડાવવું કે ન લેવડાવવું ?

**ઉત્તર :** મને ખૂબ પ્રસન્નતા થઈ કે તમે આ પ્રશ્ન પૂછ્યો. આજે ખરેખર સર્વત્ર આ સમસ્યા દેખાઈ રહી છે. એક બિચારો માણસ નોકરી કરવા આવ્યો તેની કોઈક ને કોઈક જાતની આર્થિક વિપન્નતા છે, એટલે સહજ સંભવે કે તમારા કૃષ્ણમાં એની નિષ્ઠા ન હોય ને રામ કે શિવ કે દેવી કે ગણપતિમાં નિષ્ઠા હોય તો ય બ્રહ્મસંબંધ લેવા તૈયાર થઈ જાય. પણ એ પેટ ભરવા માટે તમારે ત્યાં નોકરી કરવા આવે ને તમે એનો ધર્મ ખરીદો એટલા ક્રૂર રાક્ષસ તમે છો ? આવી ક્રૂરતા આપણાથી ન થાય. તમે તમને જે ગાય દૂધ આપી રહી છે તેને કેમ બ્રહ્મસંબંધ નથી અપાવ્યું ? અહીંની જોગેશ્વરીની કેટલી બધી ભેંસોનું તમે દૂધ પીતા હશો, કોઈને ય બ્રહ્મસંબંધ અપાવ્યું છે ? જો નથી અપાવ્યું તો એનું દૂધે ય નહિ પીતા તમે ! અને જો ગાયભેંસનું દૂધ તમે તેને બ્રહ્મસંબંધ અપાવ્યા વગર પી લેતા હો તો પછી જે નોકર તમારે ત્યાં આવ્યો છે તેનો તમે ધર્મ ખરીદો નહિ. એને ખરેખર તમારા ઠાકોરજીની સેવા કરવાની શ્રદ્ધા હોય તો જ તમારે તેને બ્રહ્મસંબંધ અપાવવું જોઈએ. તમે પૈસાવાળ છો તેથી બીજાનો ધર્મ ખરીદો છો તમે ? આ શુદ્ધ રાક્ષસી વૃત્તિ છે, આ દૈવી વૃત્તિ નથી. ધર્મ ખરીદવા અને વેચવા જેવી વસ્તુ નથી.

એ બિચારા તમારે ત્યાં ધર્મ વેચવા નથી આવ્યો, નોકરી કરીને પેટ પાળવા આવ્યો છે. "મહારાજ પેટ લગ્યો હૈ તાસોં વ્યાવૃત્તિ કરન જાત હૂં, ધર્મવિષયકે લિયે નાહિ જાત હૂં" એટલે કોઈનો ધર્મ કદી ખરીદી ન શકાય. એનાથી વધારે ક્રૂર પાપ બીજું કાંઈ હોઈ શકે નહિ. અને તે જ કારણથી જ્યારે તુલસીદાસજી ગોકુલ આવ્યા અને કૃષ્ણના પદ ગાતા હતા ત્યારે શ્રીગુસાંઈજીને ટકોર કરવી પડી કે તમે જેવા કૃષ્ણના પદ ગાઓ છો તેવા કૃષ્ણના પદ ગાનારા મારે ત્યાં આઠ આઠ છે, પણ તમે જેવા રામચંદ્રજીના પદ ગાઓ છો તેવો ગાનારો હિંદુસ્તાનમાં બીજો કોઈ નહિ હોય; એટલે તમે પોતાના રામના જ પદ કેમ નથી ગાતા ? તમે રામના ભક્ત છો તો રામના પદ ગાઓ, અમે કૃષ્ણના ભક્ત છીએ તો કૃષ્ણના પદ ગાશું. તેમાં કૃષ્ણ અને રામની શોભા છે અને તેમાં તમારી અને અમારી શોભા છે. અમને રીઝાવવા માટે તમે કૃષ્ણના પદ નહિ ગાઓ. તુલસીદાસજી જેવા પરમ ભગવદીયને જો શ્રીગુસાંઈજીને આવી ટકોર કરવી પડી તો મહારાજ કે રામા કે ધોડું કે પાંડુને જબરદસ્તી બ્રહ્મસંબંધ અપાવીએ તો ગુસાંઈજી શું વિચારતા હશે એ તો તમે કોઈક દિવસે વિચારો ! જો તુલસીદાસજીની કક્ષાના ભગવદીયને આવી ટકોર કરી દીધી શ્રીગુસાંઈજીએ તો શ્રીગુસાંઈજીને ગમતું હશે કોઈનો આવો ધર્મ ખરીદવો તે ?

તમે નિયમ લીધો હોય કે જેણે કંઠી નહિ લીધી હોય તેના હાથનું પાણી નહિ પીઉં તો તમે નભાવો, અથવા એવો કપરો નિયમ લો જ નહિ કે જે તમારાથી ન નભે. જે નભે તે જ નિયમ લેવો જોઈએ. ખોટો નિયમ તમે લઈ લો ને પછી જબરદસ્તી કોઈ ગરીબનો ધર્મ ખરીદો એનાથી વધુ ક્રૂરતા દુનિયામાં બીજી કોઈ હોઈ શકે નહિ. વ્રત આપણે જેટલા લઈએ



તે બહુ સારી વસ્તુ છે, એમાં કાંઈ હાનિ નથી, હું નિયમ લેવાની વૃત્તિને ખોટી નથી ગણતો. કોઈ વ્યક્તિ એવો નિયમ લઈ લે કે જેણે બ્રહ્મસંબંધ ન લીધું હોય તેના હાથનું હું પાણી નહિ પીઉં તો સારી વાત છે, જરૂર લો તેવો નિયમ. પણ એટલું ચોક્કસ રાખો કે બીજા પર તે માટે જબરદસ્તી ન કરો. જેવી રીતે તમારો ધર્મ તમારા આત્મામાંથી ઉત્સ્ફૂર્ત હોવો જોઈએ તેવી રીતે દરેક માણસનો ધર્મ તેના આત્મામાંથી ઉત્સ્ફૂર્ત હોવો જોઈએ. આ કાંઈ કૂતરાના ગળાની ચેન નથી કે આપણા ઘરે આવે એટલે તેને બાંધી દઈએ. કંઠીની મહત્તાને સમજો, એ કાંઈ કૂતરાની ચેન નથી, માણસના આત્માથી સંબંધ ધરાવનાર વસ્તુ છે, દેહથી સંબંધ ધરાવનારી વસ્તુ નથી. તેની આત્મિક અભિરુચિ ન હોય. તમારા ઇષ્ટદેવ કે માર્ગ પ્રત્યે તો તેને બ્રહ્મસંબંધ આપી તેનો ધર્મ ન ખરીદી શકાય, અને જો આપણે આપણા ધનબલથી ધનમદથી ધર્મ ખરીદતા હોઈએ તો આપણા જેવો ક્રૂર વ્યક્તિ કોઈ નહિ; એટલે એવું પાપ કદી કરવું નહિ.

**પ્રશ્ન :** આપણે સમૂહમાં બેઠક કરવા જઈએ ત્યારે મહાપ્રભુજીને સખડી આરોગાવવી હોય તો શું કરવું ? બાળક સાથે ન પધાર્યા હોય તો શું કરવું ?

**ઉત્તર :** બાળક ન પધારે તો સખડી ભોગ ક્યારે ય ન ધરી શકાય, કેમકે મહાપ્રભુજીનો એવો નિયમ હતો કે બીજી કોઈપણ વ્યક્તિના હાથની સખડી આપ આરોગતા ન હતા.

ઘણા લોકોને એવી ટેવ હોય છે કે માળખું બગાડે નહિ ત્યાં સુધી એમને ચેન ન પડે. એટલે મહાપ્રભુજીનું સ્વરૂપ પુરુષોત્તમનું સ્વરૂપ; એટલે પછી આપણે શું કરીએ કે પલનું ઝૂલાવીએ, પછી એમને કુલ્હે ધરાવી દઈએ, પછી સૂથન ધરાવી દઈએ, પછી છપ્પનભોગ કરીએ, કેમ ? અમારો પુરુષોત્તમનો ભાવ છે ! હવે મહાપ્રભુજીમાં તો સ્વામિનીજીનો ભાવ છે, તો પછી સાડી ધરાવો, ચોલી ધરાવો, એ કેમ નથી ધરાવતા ? સ્વામિનીજીનો ભાવ નથી મહાપ્રભુજીમાં ? મહાપ્રભુજીમાં તો એક નહિ સેંકડો ભાવ છે, એ બધા ભાવોની તમે સેવા કરવા જશો તો મહાપ્રભુજીનું સ્વરૂપ વિકૃત થઈ જશે ! કોઈ દિવસે શાંત ચિત્તથી આટલું તો વિચારો ભલા માણસો, કે જે પુરુષોત્તમ આચાર્યરૂપે પ્રકટ થયો તેને આચાર્યરૂપે જ સેવાય, પુરુષોત્તમરૂપે તેની સેવા ન થાય. તે સાક્ષાત્ પુરુષોત્તમ છે તેમાં બે મત ન હોઈ શકે, પણ સેવા એની પુરુષોત્તમરૂપે ન થાય; નહિ તો મહાપ્રભુજીએ રાસ કેમ ન રચ્યો ? ચીરહરણ કેમ ન કર્યું ? આમન્યા શા માટે જાળવી ? કેમ કે આપ આચાર્યરૂપે પ્રકટ થયા.

આજે આપણે મહાપ્રભુજીને સૂથન ધરાવીએ છીએ, કાલે એમની રાસલીલાના પદો ગાવા માંડશું. ચીરહરણલીલાના પદો ગાવા માંડશું; કોઈ દિવસ વિચાર્યું કે એમના રૂપને કેટલી હાનિ થશે ? એટલે ખોટો પુરુષોત્તમભાવ કરીને આપણે આવી છૂટછાટ લઈ લઈએ તે ઉચિત નથી. એનાથી આચાર્યચરણના સ્વરૂપને હાનિ થાય છે, રસાભાસ થાય છે.

આપણે તો ઠાકોરજીની પણ બાલભાવથી સેવા કરીએ છીએ, તે બાલકરૂપે પ્રકટ થયો તો પાલનામાં ઝુલાવીએ છીએ. નહિ તો ભગવાનને કંઈ પાલનામાં ઝુલાવવાના હોય ! તો પરમાત્મા જે રૂપે પ્રકટ થયો તે રૂપે તેને માણવાનો હોય કે બીજા રૂપે ? એક સામાન્ય વાત તમે જુઓ, આપણે કૃષ્ણને પાલનામાં ઝુલાવીએ છીએ, નરસિંહજીને નહિ. એવું વિકરાળ સ્વરૂપ પાલનામાં બેસે તો તમને ઝૂલાવવામાં જ વાંધો પડે ! કાંઈ decency સમજો, વાતની મજા સમજો; ખાવાના રસગુલ્લા ય હોય છે અને અથાણાં ય હોય છે ને બંને પેટમાં જાય છે, પણ રસગુલ્લાને કાંઈ અથાણાં સાથે ખાવાના ન હોય. તમને સ્વાદને માણતાં નથી આવડતું. જો તમને સ્વાદની decencyનો ખ્યાલ હોય તો તમે આવી કુભદ્રલીલા ન કરો. કાલે તો તમે મહાપ્રભુજીને સાડી ધરાવશો, નાગા રાખશો, કેમ કે પુરુષોત્તમની તો ''આજ દેખ્યો રી હરી નંગમનંગા' પણ લીલા છે ! એમ પુરુષોત્તમત્વ કામ ન લાગે, થોડું સમજો કે ક્યા સ્વરૂપે પુરુષોત્તમ પ્રકટ થયો છે. જે સ્વરૂપે તે પ્રકટ થયો છે તે સ્વરૂપે તેની સેવા થાય, બાકી બધો હૃદયમાં ભાવ રખાય. પુરુષોત્તમ નથી એવું નથી, 'ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ' પણ સેવા પુરુષોત્તમરૂપે ન થાય, સેવા જે રૂપે આપ પ્રકટ થયા છે તે રૂપે જ થાય. સ્વામિનીજી પણ ભગવદાત્મક જ છે, પણ સ્વામિનીજીને તનિયો ન ધરાવાય કોઈ દિવસે, સાડી, ચોળી જ ધરાવાય; અને ઠાકોરજીને પુરુષોચિત શૃંગાર જ ધરાવાય. એ Decency ન સમજવી અને બધું ચોપાટીની ભેલપૂરીની માફક કરતાં રહેવું તેમાં કદાચ જીભના ચટકારા હશે, પણ પેટનું સ્વાસ્થ્ય અને શરીરનો લાભ નથી હોતો.

એટલે બાલક ન પધાર્યા હોય અને તમે એમ કહો કે અમે પોતાની મેળે સખડી ધરાવી દેશું તો એ આચાર્યની મર્યાદાની વિરુદ્ધ છે. તેથી વૈષ્ણવ બેઠકજીમાં આચાર્યચરણને સખડી ન ધરી શકે.

**પ્રશ્ન :** આપ કહો છો કે પંચામૃત સ્નાન ચાર જયંતીએ જ થાય પણ શેઠ પુરુષોત્તમદાસને ત્યાં આચાર્યચરણ જ્યારે જ્યારે પધારતા ત્યારે ત્યારે પંચામૃત કરાવતા, એવું કેમ !

**ઉત્તર :** એવું છે કે કોઈ કોઈ ભગવદીઓ ઠાકોરજીમાં પુરુષોત્તમભાવની સાથે સાથે આચાર્યભાવ પણ કરતા હતા. વળી તે વખતે કોઈએ નોખો વલ્લભપંથ કાઢ્યો નહોતો એટલે પુષ્ટિપંથ જ હતો. આજે કેટલાક ધૂર્ત લોકોએ નોખો વલ્લભપંથ કાઢ્યો છે. એ લોકો શું કરે કે ઠાકોરજીની સેવા હટાવી દે અને મહાપ્રભુજીની સેવા પધરાવી દે અને પછી કહે કે મહાપ્રભુજી સાક્ષાત્ પુરુષોત્તમ છે એટલે ઠાકોરજીની સેવા ન કરવી ને મહાપ્રભુજીની સેવા કરવી ! બાકી અસલ પદ્ધતિ એવી છે કે જે વૈષ્ણવો પોતાને ત્યાં ઠાકોરજીની સેવા કરતા એ કૃષ્ણસ્વરૂપની જ સેવા કરતા અને કૃષ્ણને જ ગુરુ પણ માની લેતા. એવા વૈષ્ણવોને ત્યાં મહાપ્રભુજી પધારતા ત્યારે પંચામૃત કરાવીને સ્વરૂપને શુદ્ધ કરતા. શા માટે ? એ જ વાતમાં



પહેલાના પ્રશ્નનો ખુલાસો આવી જાય છે કે જો આચાર્યની પુરુષોત્તમ તરીકે સેવા થઈ શકતી હોય તો શુદ્ધ કરવાની જરૂર શી હતી ? પણ આચાર્યચરણ એ જાણતા હતા કે આનો ભાવ શુદ્ધ પુરુષોત્તમ ભાવ નથી, આચાર્યભાવમિશ્રિત પુરુષોત્તમનો ભાવ છે, એટલે કે સેવા પુરુષોત્તમની કરે છે પણ પુરુષોત્તમમાં એ આચાર્યભાવ સ્થાપિત કરે છે, એટલે એને ઘેર પધારી ભોગ ધરી પ્રસાદ લેવાનો હોય તો પંચામૃતથી શુદ્ધ કરીને પુરુષોત્તમભાવરૂપથી ભાવના કરીને પછી ભોગ ધરતા. એ જ આ વાતનું પ્રમાણ છે કે આચાર્યની પુરુષોત્તમ તરીકે સેવા ન થાય.

**પ્રશ્ન :** ''ચતુરાઈ તાકી સાચી જો વલ્લભનંદનજૂકો સ્મરણ કરે ! જો જન નિકટ રહે કે દૂર રસના શ્રીવિઠ્ઠલેશ ધરે સેવા કરે કે ન કરે મન ક્રમ વચન ઇનહી કે ચરણકો અનુસરે ! ચતુરવિહારી કહે ઐસો સેવક હૃદયકમલસોં કબહું ન ટરે'' તો ''સેવા કરે ન કરે'' થી શું સમજવું ?

**ઉત્તર :** અરે ભાઈ તમને ધન્યવાદ કે આવો જોરદાર સવાલ તમે કર્યો. મને પ્રસન્નતા થઈ. પણ સમજવાની વાત એમાં એટલી જ છે કે 'સેવા કરે ન કરે' એ સેવા કરવાનો નિષેધ નથી. હું એમ કહું કે ''મારા પાડોસી એટલા સારા છે કે હું સાજો હોઉં કે માંદો હોઉં, દર વખતે મારી કાળજી રાખે છે'' તો એનો મતલબ એમ નહિ કે મારે માંદા થઈ જવું. એમ સેવા કરતો હોય કે ન કરતો હોય પણ ગુંસાઈજીનું ધ્યાન ધરતો હોય તેની ગુસાંઈજી કાળજી રાખે છે. સેવા કરે છે તે સાજો છે અને નથી કરતો તે માંદો છે; તો માંદાની ય શ્રીગુસાંઈજી કાળજી રાખે છે, કેમ કે આપ દયાળુ છે. પણ એટલે શું જાણી જોઈને માંદા થવું ? ''તમે કાળજી રાખો છો તેથી માંદા પડી જશું.'' આ તો છેતરપિંડી કહેવાય હોં. નાના બાળકોમાં આવી કમજોરી આવી જતી હોય છે કે મા એને બહુ વહાલ કરતી હોય તો પછી રડારોળ કરતો રહે, કેમ કે એને કીમિયો હાથમાં આવી જાય કે રડશું તો બા ધ્યાન આપશે. પણ બાલિશતા છે. એવી રીતે 'સેવા કરે ન કરે'નો અર્થ એવો નથી કે સેવા ન કરવી. એનો અર્થ ગુસાંઈજીની મહિમા છે કે તમે કદાચ માંદા હશો, પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ લઈને આવ્યા પછી ય સેવા નથી કરી શકતા કોઈ કારણોસર, તો ગુસાંઈજી એવા દયાળુ છે કે તમને છોડતા નથી, પણ જાણીજોઈને માંદા પડવું એ તો મૂર્ખતા છે. સ્વસ્થ રહેવાનો પ્રયાસ કરો, માંદા થઈ જશો તો શ્રીગુસાંઈજી કાળજી લેશે.

# પ્રવચન તા. ૨૯-૮-૮૪

ગઈકાલના પ્રસંગમાં આપણે જોયું કે સમગ્ર જગત ભગવલ્લીલારૂપે પ્રકટ થયું છે. જગતની ઉત્પત્તિ, પાલન કે ઉપસંહરણની જે કાંઈ ક્રિયાઓ પ્રભુ કરે છે તે લીલાના રૂપે કરે છે. જો જગત ઉત્પન્ન ન થાય તો પ્રભુને કાંઈ ઊણપ રહે અને જગત ઉત્પન્ન થાય તો પ્રભુને કાંઈક વધારે મળે જતું હોય છે તેવું કશું નથી. લીલાની પરિભાષા સમજાવતાં તેથી જ શ્રીમહાપ્રભુજી કહે છે કે જે કૃતિ ફલ કે પ્રયોજનને લક્ષમાં રાખીને કરવામાં આવે, એટલે કે ફલકામનાથી કે પ્રયોજનપૂર્તિ માટે કરવામાં આવે તે કૃતિને લીલા ન કહેવાય. લીલાનો મતલબ કે ભીતરના આનંદને બહાર અભિવ્યક્ત કરતી કૃતિ. તે સ્વભાવથી જ થાય છે. એનાથી કશું થતું નથી, એ પોતે જ પોતાનું પ્રયોજન છે. જેમ હિંદુસ્તાન અને પાકિસ્તાનની ક્રિકેટમેચ ચાલતી હોય તો મેચ જીતવાની ચડસાચડસી હોય છે, અને તેમાં જે જીતે તેને પુષ્કળ માન મળે, રૂપિયા મળે, બધા લોકો તેનો ઓટોગ્રાફ લેવા લાલાયિત થઈ જાય - એવી ઘણીબધી વસ્તુઓ પ્રેરક થઈ જતી હોય છે. પણ આપણી ગલીમાં બાળકો ક્રિકેટ રમે તેમાં તેવું નથી. કોઈવાર ત્રણ સ્ટમ્પ ન હોય તો ભીંત પર ત્રણ લીટા કરે ને કામ શરૂ થઈ જાય. એમાં કોઈને સન્માન આપવાનું નથી હોતું, કોઈને જીતવાની એમની ભાવના નથી હોતી; બસ મનમાં ઉલ્લાસ છે બાલ્યાવસ્થાનો, અને તે ઉલ્લાસ પ્રકટ થવા માંગે છે. તો બાળક જ્યારે ક્રિકેટ રમે છે તેને આપણે લીલા કહીશું.

સ્ટેડિયમમાં રમાય તે પણ રમત છે અને બાળક જે રમે તે પણ રમત છે, છતાં બેમાં અંતર છે. એક સામર્થ્યથી રમવામાં આવે છે, તેથી તેમાં કોચ રાખીને ટ્રેનિંગ આપવી પડે, પછી ચડસાચડસી હોય, ખ્યાતિ ને ધન મળે-આમ રમતમાં પણ ગેરરમત જેવી વાતો ઉમેરાઈ જતી હોય છે. તેથી આવા ખેલમાં ખેલદિલી બહુ સરખી જળવાતી નથી. પણ બાળક જ્યારે રમે ત્યારે આવું કશું જ ન બને. રમત એટલે રમત માટે, કોઈ ચડસાચડસી ન હોય, કશું ખોવાનું કે મેળવવાનું ન હોય, અને રમનારા બે જ હોય તો પાંચ વખતે ય આઉટ થઈ જાય તો ય રમતો જ રહે. એનું નામ રમત. એનું નામ લીલા. તેમ જગત ભગવાનની ક્રીડા છે, પણ ધંધાદારી ખેલાડીની ક્રીડા જેવી નથી, ક્રીડા એ કાંઈ ભગવાનનો ધંધો નથી.



કોઈની સાથે ચડસાચડસીમાં ભગવાન ક્રીડા નથી કરી રહ્યા, કોઈ કપ જીતવાનો નથી ને કોઈ ઓટોગ્રાફ આપવાનો નથી, કશું જ કરવાનું નથી, ભગવાન સચ્ચિદાનંદ છે, આનંદ તેમનો સ્વભાવ છે. આનંદનો સ્વભાવ રમતિયાળ હોય છે, ચિંતા થાય તો આપણે બેસી જઈએ. તો આવા રમતિયાળ સ્વભાવવશ પ્રભુએ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. પ્રભુ આજ્ઞા કરે છે કે મારે કરવા જેવું કશું નથી છતાંય કરું છું, મારે મેળવવા જેવું કશું નથી છતાંય મેળવવામાં મને કાંઈ વાંધો નથી આવતો. એટલે ભૂખ નથી તો ય જમું છું, ઊંઘ નથી આવતી તો ય શયન કરી શકું છું; કોઈ આવનાર નથી તો ય પ્રતીક્ષા કરી શકું છું - તે લીલાના સ્વભાવથી.

તેવી સ્થિતિ જો સૃષ્ટિની હોય અને આપણને લીલાનો સાદ સંભળાતો હોય તો એની ગુંજ તો આપણા હૃદયમાં થવી જોઈએ ને ? જેમ એક ગાનારો ગાયન કરે તો સંગત કરનારો જો એ જ સૂરને પોતાની પેટીમાં જ વગાડે કે એ જ તાલ, લયમાં તબલા ન વગાડે તો ગડબડ થઈ જાય. તેવી ગડબડ ન થાય માટે પ્રભુની લીલાના સૂરની આપણે સંગતિ કરવી જોઈએ. તે સંગતિ કરવાના જુદા જુદા માર્ગો પ્રકટ થયા. આપણામાં કર્તાપણાનો ભાવ પ્રબલ હોય તો આપણે નિષ્કામ કર્મ કરી લીલાના સૂરને સરખો ઠેકો આપી શકીએ. સંગતિ ન કરવાના બે અતિરેક છે. એક તો કર્મ જ ન કરવાની જિદ્દ પકડી લઈએ. અને બીજો ગોલ્ડ કપ મળશે, ધન મળશે, ખ્યાતિ મળશે એવા બધા હેતુઓથી આપણે કર્મ કરીએ. તો એવા કર્મ પણ લીલાના સૂરની સંગતિ નથી કરતા. ભગવાન કહે છે કે સરખી સંગતિ કરવી હોય તો નિષ્કામ કર્મ કરો.

જો તમારામાં દૃષ્ટાપણાનો ભાવ પ્રબલ હોય તો તમે જ્ઞાનમાર્ગથી પ્રભુની સંગતિ કરી શકો છો. અર્થાત્ તમે બધું જાણી લો અને તમને ખબર છે કે કોઈક કામ કરવાથી કશો જ લાભ થવાનો નથી છતાંય તમે લીલારૂપે એ કામ કરો. ''લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્ કર્તુ મર્હસિ'' તમે વિદ્વાન થઈ ગયા તેથી કર્મનો ત્યાગ કરી દો એવું નહિ. જો જાણ્યા પછી ય તમે કર્મ કરી શકો તો જ્ઞાનમાર્ગથી સંગતિ કરી તેવું કહેવાય.

તેવી જ રીતે ભોક્તાપણાનો ભાવ તમારામાં પ્રબળ હોય તો તમે ભક્તિમાર્ગથી સંગતિ કરી શકો છો. મેં તમને સમજાવ્યું હતું કે જેનો ભોગ કરવો હોય તેની આગળ અહંતા ઓગળી જાય છે. બાકી રહી મમતા. જેને ભોગવવું હોય; તે પછી અન્ન હોય, ધન હોય કે યશ હોય; તેમાં મમતા પ્રબળ થઈ જતી હોય છે. તેવા સંજોગોમાં સંગતિ કરવાનો માર્ગ ભગવાને ગીતા, ઉપનિષદ અને શ્રીભાગવતમાં સમજાવ્યો છે અને મહાપ્રભુજીએ એ સ્થાપિત માર્ગને વ્યવસ્થિત સંપ્રદાયરૂપે પ્રવર્તિત કર્યો છે કે, ''દારાન્ સુતાન્ ગૃહાન્ પ્રાણાન્ યત્પરસ્મૈ નિવેદનં.'' ભક્તિમાર્ગ એમ નથી કહેતો કે તમે ભોક્તા છો તો ભોક્તાપણાને મારી દો, તમારી પ્રબળ થયેલી મમતાને છોડી નિર્મમ થઈ જાઓ. ના, એવી કઠોર વાત

ભક્તિમાર્ગ ન કહી શકે. ભક્તિમાર્ગ કહે છે કે મમતા ભલે રહે, પણ પ્રભુમાં દરેક વસ્તુનો વિનિયોગ કરતા જાઓ. જે જે તમને ભોગવવું છે તે પ્રભુને સમર્પિત કરો. સમર્પણ એટલે ? આપણે આત્મનિવદેન કરતી વખતે હાથમાં તુલસી લઈ પ્રભુને જણાવીએ છીએ કે, ''જે ભોક્તાપણાને લીધે દરેક વસ્તુને મેં મારી માની લીધી તે વસ્તુ હું તને સોંપું છું; તને જેવી રીતે તેનો ઉપયોગ કરવો હોય તેવી રીતે કર.''

આ નિવેદન કર્યા પછી સમર્પણ ન કરીએ તો સોગંદ લઈને તોડી દેવા જેવું થયું. તો બે અપરાધ લાગ્યા : ખોટું બોલવાનો અપરાધ અને ઠગવાનો અપરાધ. જેમ તમે મને ઘરે બોલાવો અને હું આવી જાઉં અને પછી તમે ઘરમાં મળો જ નહિ ને હું વાટ જોતો રહું. પછી તમે કહો ''હમણાં મને ફુરસદ નથી.'' તો એક તો તમે ખોટું બોલ્યા કે ઘરે આવી જજો, હું મળીશ અને પછી બીજા ધંધાના કામસર બહાર ચાલ્યા જાઓ. ધંધાની ના નહિ પણ તો પછી બોલાવવો જ નહોતો ને ઓછામાં ઓછું. તે દિવસે બોલાવવો જોઈતો હતો કે જે દિવસે ધંધા માટે ધાંધલ ન હોય તમને. તેવી રીતે જો મને મારા ધંધાની ધાંધલ હોય તો મારે આત્મનિવેદન કરવું જ ન જોઈએ પ્રભુને. અને જો કરું તો જે જે વસ્તુનું નિવેદન કર્યું છે તેનું સમર્પણ કરવું જોઈએ. મારી ભોગમયી વૃત્તિનો પ્રભુમાં વિનિયોગ કર્યા પછી હું લઉં. એક રદ કરવું હોય અને એક મોકૂફ રાખવું એટલે જે આજે થવાનું હોય તે કાલે થશે. રદ એટલે થશે જ નહિ. તો આપણી ભોગની વૃત્તિને આપણે રદ નથી કરતા, પ્રભુ ઉપભોગ કરી લે ત્યાં સુધી મોકૂફ રાખીએ છીએ. ભક્તિમાર્ગમાં રદ કરવાનું કોઈ નથી કહેતું. ''મારે જમવું છે, મારે ઘરમાં રહેવું છે.'' ''કાંઈ વાંધો નહિ, ચોક્કસ ઘરમાં રહો, પણ પ્રભુને પધરાવીને રહો, પ્રભુને ભોગ ધરીને જમો.'' એમાં કંઈ બહુ સમય તમારે થોભવું નહિ પડે, એક દિવસ કે એક કલાકનો ય પ્રશ્ન નથી; બસ એક સહજ વૃત્તિનો પ્રશ્ન છે કે પ્રભુની સેવામાં વિનિયોગ કરીને હું વસ્તુઓનો ઉપભોગ કરીશ.

''ઈશાવાસ્યમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્ તેન ત્યક્તેન ભૂંજીથા મા ગૃધ કસ્યચિત્ ધનમ્.'' ઉપનિષદ કહે છે કે આ આખું જગત ભગવાનના ઉપભોગ માટે છે. આ વાત ભક્તને જ સમજમાં આવે, જ્ઞાની કે કર્મીને નહિ. ઘરમાં જે તમે રાંધ્યું છે તે ભગવાનના ભોગ માટે છે એ વાત તમારા હૃદયમાં ભક્તિનો ભાવ હશે તો જ તમને સમજમાં આવશે. તમારા હૃદયમાં જ્ઞાનનો ભાવ હશે તો તમને લાગશે કે ભગવાનને ભોગની શી ગરજ ? જે ભગવાનને ભોગ ધરવાનો છે એના ઉપર પહેલાં તમે તરાપ નહિ મારો. પહેલા તરાપ મારી તો તમારો ભક્તિનો ભાવ ખોરવાઈ ગયો, કેવળ ભોગનો ભાવ રહ્યો. તો એ પાછી સંસારાત્મિકા વૃત્તિ થઈ ગઈ. તો જો તમારે ભોક્તાના ભાવનું ભક્તિભાવમાં ઉદાત્તીકરણ કરવું હોય, ભોક્તાને જો ભક્ત બનાવવો હોય તો તમને સમર્પણ અને વિનિયોગ કરવા પડશે.



પ્રભુને તમે ભોગ નહિ ધરાવો તો પ્રભુ ભૂખે મરી જશે ? એવું નથી. તમારી સેવાની પ્રભુને ગરજ છે ? એવું નથી. પણ પ્રશ્ન એ છે કે તમારામાં ભક્તિભાવ છે કે નહિ ? જે કોઈ મહેમાન ઘરમાં આવતા હોય છે તે બધા ભૂખ્યા જ આવતા હોય છે તેવું નથી. સંતુષ્ટ મહેમાન પણ આવતા હોય છે, પણ આપણામાં એટલી માણસાઈ છે કે નહિ કે ઘેર આવેલ અતિથિની આગતાસ્વાગતા કરીએ ? બસ વાત એટલી છે. મહેમાન આવ્યા તેના આનંદને માણવાનું તમારામાં સામર્થ્ય છે કે નહિ ? તેમ પ્રભુ આપણી સામે પોતાની લીલાને પ્રકટ કરે તેને માણવાની આપણી તૈયારી છે કે નહિ ? હું ઘણી વખત કહેતો હોઉં છું કે જે ભગવલ્લીલાને માણે તે માણસ. સાચી માણસાઈ ભગવાનને માણવામાં રહેલી છે. માને તો બધા જ છે ભગવાનને, એમાં શું ? ધંધામાં ખોટ આવે તો નાસ્તિક પણ આસ્તિક થઈ જાય. પહેલાં બણગાં ફૂંકતા હોય કે અમે તો પુરુષાર્થમાં જ માનીએ છીએ, કોઈ ભગવાનબગવાનમાં નથી માનતા, પણ કાળની બેચાર ધોલધપાટ પડી નહિ કે પછી સાઈબાબામાં જાય, સિદ્ધિવિનાયકમાં જાય, બધે જાય. તો માનતા તો બધા બે-ચાર ધોલધપાટમાં થઈ જાય; તકલીફ છે માણવાની. ''દુ:ખમેં સુમરન સબ કરે, સુખમેં કરે ન કોઈ.'' સુખમાં ભગવાનને માણતા આવડ્યું તો માણસ, નહિ તો 'માનસ' હશે કદાચ. જે માને તે 'માનસ' પણ જે માણે તે માણસ.

ભગવલ્લીલાના સૂરની ભક્તિથી સંગતિ કરીએ તો લીલાનો આનંદ આપણે લઈ શકીએ. ભક્તિમાર્ગીય સંગતિનો એ પ્રકાર છે કે જે આપણી ભીતર રહેલું ભોક્તાપણું છે તેને એકલવાયું ન રાખતાં પ્રભુ સાથે રાખીએ. ''જિન નહિ ચાખ્યો સુનો મેરે ભૈયા મેરી હથેરી ચાટ'' - તો ભગવાન પણ આપણી સાથે પોતાનો આનંદ વહેંચવા માંગે છે. તે વખતે આપણે કહીએ કે હમણાં અમારે ફુરસદ નથી, ધંધાની ધાંધલ છે, તો જાઓ ધંધામાં ફસાઓ-પુનઃ મૂષિકા ભવ પણ ખરેખર માણવાની ઈચ્છા હોય તો મોકૂફ રાખી વિનિયોગ કરી પ્રસાદના ભોક્તા થાઓ. ''ભોક્તા તો હું થઈશ પણ પ્રસાદનો ભોક્તા થઈશ, ભગવત્સ્વરૂપના આનંદનો હું ભોક્તા થઈશ, વિષયાનંદનો નહિ.'' બસ ભક્તિ થઈ ગઈ ! તો ભોક્તાપણાને રદ નથી કરવું, મોકૂફ રાખવું છે ભગવાન તરફથી ન આવે ત્યાં સુધી. ''એવં ધર્મૈઃ મનુષ્યાણાં ઉદ્ધવાત્મનિવેદિનામ્ મયિ સંજાયતે ભક્તિઃ કોન્યોર્થોસ્યાવશિષ્યતે'' તેવા ભક્તને કાંઈ કરવા જેવું રહી જતું નથી તેમ ભગવાન આજ્ઞા કરે છે. તમે પ્રભુના સહભોક્તા કે અનુભોક્તા હોવાનો ભાવ રાખો તો તમારા વ્યવહાર, વિચાર સર્વની ભગવલ્લીલા સાથે સંગતિ બેસાડી શકો છો.

અને આત્મનિવેદન-સમર્પણની પ્રક્રિયાથી જ્યારે આપણે ભક્તિ કરીએ ત્યારે ચિંતાનું કોઈ કારણ રહી નથી જતું. જેમ બે મિત્રોમાં આપસમાં ઝઘડો થાય તો ઘણું દુઃખ થાય પણ તેમની મિત્રતાની મસ્તીમાં તેઓ ઝઘડ્યા હોય તો ઝઘડવાનો ય આનંદ આવે. હું

બનારસ હતો ત્યાં યુનિવર્સિટીમાં લાઈનસર એક હરોળમાં ૧૦-૧૫ હોસ્ટેલ હતી. ગરમીના દિવસોમાં રાતના લૂ બહુ ચાલે એટલે છોકરાઓને ઊંઘ ન આવે. પછી શું કરે ? રાતના અગાસી પર બધા જાય અને બે હોસ્ટેલવાળા સામસામાં બેસી જાય. બેસીને કરવાનું શું કે પેલી હોસ્ટેલની અગાસી પરથી એક છોકરો ગાળો આપે. એના જવાબમાં આ હોસ્ટેલવાળાએ સામે બીજી ગાળો આપવાની. એવી રમત ચાલે. તેની શરત એ કે જે એક વાર અપાઈ ગયેલી ગાળો પાછી આપે તે હારી જાય. આવી ઉદ્દંડ રમતમાંય તેમને આનંદ જ આવે, ક્રોધ ન આવે. નવી નવી ગાળો શોધી લાવે ને કલાક-દોઢ કલાક રમત ચાલે. બીજો કોઈ માણસ સાંભળે તો એના કાનના કચરા સાફ થઈ જાય, એટલે ગાળો જેવી વસ્તુય આનંદ આપે, જો લીલારૂપે અપાતી હોય તો. એમાં કોઈ ધંધાદારી વૃત્તિવાળો આવી જાય તો પંચાત થઈ જાય.

બાળકોને ગાળોમાં ય આનંદ આવે પણ કરજદાર લેણદારની પ્રશંસા કરે તો ય તેને ગુસ્સો આવે કે કરજ ચૂકાવવું નથી તેથી પ્રશંસા કરે છે ! પ્રયોજન આવી ગયું, લીલા ન રહી, તેથી પ્રશંસામાં ય ગુસ્સો આવે કે ''જોયું કેવો બદમાશ છે !'' તો લીલાનો આનંદ કેવો છે ! ભગવાન જે લીલા કરી રહ્યા છે તેની સંગતિ આપણે કરી શકીએ તો પ્રભુને કેટલો આનંદ આવે ! આપણે મજાકમાં કોઈ વાત કહીએ અને સામેવાળો તેને ગંભીરતાથી લઈને બેસી જાય તો આપણે કહીએ ''મજાકને ય સમજતો નથી.'' તેમ ભગવાને આખી સૃષ્ટિ લીલારૂપે રચી ને આપણે બહુ ગંભીરતાથી લઈને બેસી જઈએ કે આનાથી મુક્તિ મેળવશું ને આનાથી સ્વર્ગ મેળવશું, આનાથી ધંધો ચલાવશું ! અરે ભાઈ લીલામાં ધંધો ચાલશે તે ય લીલાનો જ ચાલશે, કાંઈ ગેરલીલારૂપે ગંભીરતાથી ધંધો ચાલશે ? મારી સાથે જે કાંઈ ઘટિત થઈ રહ્યું છે તે ભગવલ્લીલા છે એ વાતને સ્વીકારવાના ભક્તિમાર્ગીય પ્રકારને આપણે આત્મનિવેદન કહીએ છીએ. અને તે કરીએ તો આપણે પણ ભગવાનની જેમ કહી શકીએ કે ''ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન.'' હું તારી ભક્તિ કરું છું પણ તેનાથી કશું મેળવવા નથી માંગતો, જે તું આપે છે તે લઈ રહ્યો છું, મને કાંઈ મેળવવાની ઈચ્છા નથી. જેમ ભગવાન કહે છે કે જો તું મને ભક્તિપૂર્વક આપીશ તો હું બહુ પ્રયાસપૂર્વક એનો ભોગ કરીશ તેમ આપણે પણ પ્રભુને કહી શકીએ કે તું જો પ્રસન્નતાથી તારો પ્રસાદ મને આપે તો જે કાંઈ આપે તેનો હું પ્રસન્નતાથી ભોગ કરીશ.

તેથી જ એક ઉર્દૂનો શાયર કહે છે કે આ જે દર્દ મારા હૃદયમાં પ્રકટ થયું છે તે જોકે મને તકલીફ આપે છે, પણ છતાંય આ દર્દને મટાડવાનો હું પ્રયાસ નહિ કરું. શા માટે ? કેમકે મારા પ્રિયતમે મને આપેલી આ ભેટ છે. મારો પ્રિયતમ મને જે ભેટ આપે તેને હું ફગાવી નહિ દઉં, સાચવીને રાખીશ, ભલે તે દર્દ કેમ ન હોય ! એ ભાવ લીલાનો ભાવ છે કે જે થઈ રહ્યું છે તેને સ્વીકારી લેવું.



એ ઉત્કૃષ્ટ કોટિના ભાવ જગતની દરેક વસ્તુમાં આપણે કહીએ કે આજે સધાઈ જાય, આજે આત્મનિવેદન કરીએ અને સેવા પધરાવીએ અને જગતની દરેક સારી કે નરસી ઘટનાને આપણે લીલારૂપે લેવા સમર્થ થઈ જઈએ-તેટલું સહેલું નથી હોં. આપણે પાખંડ કરશું તો તેનો કાંઈ અર્થ નથી. એટલે મહાપ્રભુજીનો કહેવાનો મુદ્દો એ છે કે તમે આત્મનિવેદન કર્યું છે તો આત્મનિવેદનના ભાવને તમે સ્વીકારો, અમલમાં લાવતા જાઓ. એટલે ? એક સામાન્ય દાખલો આપું. ઘરમાં સમજો કોઈનું મૃત્યુ થઈ જાય તો ગમગીની છવાઈ જાય, બધા માથું પકડીને બેસી જાય, અને તેથી જેટલું યાદ ન આવતું હોય એટલું વધારે યાદ આવે. ધીરેધીરે કાંઈક કાંઈક કામ કરવાનું શરૂ કરો, પછી જુઓ કે કેટલી વખત તે વાતને તમે યાદ રાખી શકો છો. બેઠા જ રહેશો તો વધારે યાદ આવશે. થોડાક પોતાને વ્યસ્ત બનાવો. પોતાનો પુત્ર હોય, પતિ હોય કે પિતા હોય, કોઈ કોઈને એટલા વહાલા નથી કે જિંદગીભર માથું પકડીને બેઠા રહે તેની યાદમાં. કોઈ બે મહિના બેસે, કોઈ ચાર મહિના બેસે, કોઈ વરસ બેસે, પણ અંતે કામમાં લાગવું પડે. માથું પકડીને તમે બેઠા નહિ રહી શકો, તમારે કાંઈક તો કરવું જ પડશે. ''ન હિ કશ્ચિત્ ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્'' કર્મ કર્યા વિના કોઈ રહી શકતું નથી. તે મુજબ કાર્ય કરવા લાગીશું તો શોક પોતાની મેળે નિવૃત્ત થઈ જશે.

એટલે તમે ભોક્તાપણાના ભાવને વધારીને જે તકલીફ પામી રહ્યા છો તેનાથી છુટકારો મેળવવા આત્મનિવેદનથી તે ભાવને થોડો કાબૂમાં લાવો અને કાબૂમાં લાવ્યા પછી થોડોક સેવાનો પ્રકાર તમે શરૂ કરો. ધીમે ધીમે તમને ખબર પડશે કે તમે ભોક્તા નથી રહી જતા, દરેક વાતમાં તમને પ્રભુ યાદ આવવા માંડશે. બજારમાં તમે ગયા ને કોઈ સુંદર ફલ તમને દેખાયું તો તમને ખાવાની ઈચ્છા નહિ થાય; તમને થશે કે ના, પ્રભુને ભોગ ધરું. એ આદત પાડશો તો દરેક વસ્તુના સૌંદર્યની પરખ તમને પ્રભુના ત્રાજવામાં થવા માંડશે કે પ્રભુના કામમાં આવે તેવી સુંદર છે કે નહિ ? ધીમેધીમે તમારા ભોક્તાપણાના કુસંસ્કાર સુધરતા જશે. એ તમને ખબર નહિ પડે કે કેવી રીતે સુધરે છે. જેમ શોક પામેલી વ્યક્તિને ખબર નથી પડતી કે ક્યા દિવસે કેટલા વાગે તેણે શોક છોડ્યો. ઘરના કામમાં વ્યસ્ત થવા માંડે તો ધીરેધીરે શોક ઓછો થતો જાય ને પછી કોઈ દિવસે ભૂલી ય જાય કે શું થયું ને શું ન થયું. તેવી રીતે આપણો ભોક્તાપણાનો જે સ્વાર્થમય ભાવ છે કે જે આપણી ભીતર ચિંતાને પ્રકટ કરે છે તે ભાવ ધીમેધીમે Mild થતો જશે, જ્યારે આપણે ભક્તિમયસંબંધ પ્રભુ સાથે સ્થાપી દઈશું અને નિભાવશું. તેમ તેમ લીલાના સૂરની સંગતિ કેળવવાની યોગ્યતા કેળવાતી જશે અને તમને થવું જશે કે હવે ચિંતા કરવા જેવું છે નહિ, જે કાંઈ થઈ રહ્યું છે તે ભગવલ્લીલા છે. બસ, બધી વાત ઠેકાણે આવી ગઈ !

## શ્રીગુસાંઇજીની ટીકાનો ભાવાર્થ

### ઉપક્રમ

જેઓના ચરણકમલના પરાગ તેઓના પોતાના જીવોને થતી ચિંતાની કડીઓને તોડનારા છે તેવા આપણા આચાર્યશ્રીને વારંવાર હું પ્રણામ કરું છું.

અહીંયાં એક પ્રશ્ન ઊભો થાય છે કે ભગવદીયોને ચિંતા શા માટે કે શેના લીધે થઈ શકે ? તેનો ખુલાસો આમ આપી શકાય કે - ભગવત્સેવાનો અધિકાર ફક્ત આત્મનિવેદનદીક્ષા લેનારાઓને હોય છે, બીજાને નહિ. હવે આત્મનિવેદનદીક્ષા લેતાં જ આપણી પાસે પ્રભુને સમર્પ્યું ન હોય એવી લૌકિક કે પારલૌકિક કોઈ પણ વસ્તુ રહી જતી નથી ત્યારે દેહ, પરિવાર, વગેરેનો નિર્વાહ કેવી રીતે કરવો ? શું જે પ્રભુને નિવેદિત કરી દીધું છે તેનાથી અથવા તો જે નિવેદિત નથી કર્યું તેનાથી ?

નિવેદિત કરી દીધું હોય તેનાથી નિર્વાહ કરવો એટલા માટે યોગ્ય નથી લાગતું કે પ્રભુને નિવેદિત વસ્તુઓ તો પ્રભુની થઈ ગઈ, તેથી પ્રભુની ઇચ્છાને જાણ્યા વિના ફરીથી પોતાના કામમાં લેવી યોગ્ય નથી અને ઇચ્છા જાણી શકાય તેમ નથી. અને નિવેદી જીવાત્મા તો સેવક હોવાથી સ્વામીની ઇચ્છાને જાણી જાય તોપણ સ્વામીની વસ્તુના ઉપભોગનો અધિકારી થઈ શકતો નથી.

હવે કોઈક એમ કહે કે નિવેદિતાત્માના દેહ, પરિવાર પણ નિવેદિત હોવાથી અંતે તો પ્રભુના જ છે, તેથી પ્રભુની વસ્તુઓથી પ્રભુના બની ગયેલ દેહ કે પરિવારનું પોષણ દોષાવહ હોવું જોઈએ નહિ-તો આમ કહેવું ઉચિત નથી, કેમકે પોતાની મેળે આમ નિવેદિત વસ્તુઓનો ઉપભોગ દોષરૂપ થતો હોય છે અને પ્રભુની ઇચ્છા આપણા ઉપભોગની બાબતમાં શી છે તે જાણી શકાય તેમ નથી.

આથી જો અનિવેદિત વસ્તુઓથી પોતાનું કામ ચલાવવામાં આવે તો તેને પણ પોતાના ધર્મ તરીકે સ્વીકારવામાં આવ્યું નથી.

પોતાના જીવનનિર્વાહ, વગેરે ક્ષુદ્ર હેતુઓ માટે પ્રભુને નિવેદિત કરેલી વસ્તુના ઉપભોગનો તો વિચાર પણ કરવો ઉચિત નથી, કેમકે દેહાભિમાન વિના જીવનનિર્વાહ, વગેરેની ચિંતા થઈ શકતી નથી, અને દેહાભિમાનને જ તો દૂર કરવા માટે આત્મનિવેદનદીક્ષા આપવામાં આવે છે. પણ આવી કપરી સ્થિતિમાં તો દેહ ટકાવવો કેમ, અને તેના વિના તો ભગવત્સેવા પણ સંભવે નહિ; એટલે આત્મનિવેદનની દીક્ષા જ વ્યર્થ બની જાય છે. આમ આત્મનિવેદનપૂર્વક ભગવત્સેવામય જીવન જીવવાનો આ માર્ગ જ ઉચ્છિન્ન થઈ જવાની સંભાવના લાગે છે, કેમકે જે આત્મનિવેદનદીક્ષા થકી ભગવત્સેવાનો અધિકાર મળે છે તે જ



આત્મનિવેદનના લીધે તે ભગવત્સેવાને નભાવવી શક્ય નથી. આમ બંને દિશાઓ અહીંયાં અવરુદ્ધ દેખાય છે. આવી જાતની ચિંતા ભગવદીયોને પણ થઈ શકે છે.

આવી ચિંતાનું નિરાકરણ કરવાનો પ્રકાર સમજાવીએ છીએ. ''પત્ની, સંતતિ, ઘર, પ્રાણ, વગેરેનું પરમાત્માને નિવેદન કરવું, આવી જાતના ધર્મોથી આત્મનિવદેન કરનારી વ્યક્તિને એવી ભગવદ્ભક્તિ સિદ્ધ થાય છે કે કશું બાકી રહી જતું નથી.'' આવા શાસ્ત્રવચનોના આધારે આત્મનિવદેન તો આવશ્યક છે જ, કેમકે શ્રીગોકુલેશકૃષ્ણના સાક્ષાત્ ભજનનો અધિકાર આત્મનિવેદન થકી જ મળતો હોય છે, જેમકે વૈદિક કર્મોને સંપન્ન કરવાનો અધિકાર ગાયત્રીમંત્રના ઉપદેશ થકી મળતો હોય છે. તેથી આત્મનિવેદનની સાર્થકતા માટે, ભગવત્સેવાની સિદ્ધિ માટે તેમ જ દેહાદિના આવશ્યક નિર્વાહ માટે પણ પ્રભુને નિવેદિત વસ્તુઓનો જ ઉપભોગ પોતાના માટે પણ કરવો જોઈએ. જો આમ ન કરી શકાતું હોય તો વિવાહ પછી પત્ની કે પતિનું પણ સમર્પણ પ્રભુને કરવું જોઈએ અને તેમ કરતાં પછી પોતાના પતિ અથવા તો પત્ની તરીકેનો સંબંધ તોડવો પડતો હોય તો વિવાહ કરવો જ વ્યર્થ ઠરશે.

વળી પ્રભુને કાંઈ દાન-ભેટરૂપે આપવામાં આવતું હોય તો આપનાર પોતે તે વસ્તુનો ઉપભોગ કરી શકતો નથી. આ વાત પણ નિવેદન ઉપર લાગુ થતી નથી. નહિ તો ભગવાનને નિવેદિત અન્નનો પણ પ્રસાદ ન લઈ શકાત. અહીંયાં ભૂલવું ન જોઈએ કે અનિવેદિતાન્નનું ભોજન તો નિષિદ્ધ જ છે. તેથી નિવેદિત વસ્તુઓનો ભગવત્સેવામાં વિનિયોગ થયા પછી ભગવદ્ પ્રસાદરૂપે ઉપભોગ તો ઉચિતતર જ કૃતિ ગણાય, દાસધર્મ હોવાથી. ભાગવતમાં પણ તેથી કહેવાયું છે કે ભગવાનના દાસરૂપ જીવો ભગવદુચ્છિષ્ટનું જ ભોજન કરતા હોય છે. ભગવત્પ્રસાદ ગ્રહણ કરવાથી આત્મા પણ શુદ્ધ થાય છે.

તેથી આવી ચિંતાઓ તો અવિચારણીય હોવા છતાંય, એક ચિંતા તો સ્વાભાવિક રીતે થઈ શકે જ છે કે જે વસ્તુ પ્રભુને નિવેદિત કરવામાં આવી હોય તેનો પ્રભુસેવામાં એક વખત વિનિયોગ થઈ ગયા પછી ફરીથી તેના ઉપાર્જન માટે પ્રયાસ કરવો જોઈએ કે નહિ ? કેમકે ઉપાર્જનના પ્રયાસમાં લાગવાથી કદાચ બહિર્મુખ થઈ જવાનું સંભવે અને ભગવત્સેવામાં પ્રતિબંધ આવી શકે. ધર્માર્થકામસંપાદનમાં ગુંચવાયેલા જીવોના ત્રૈવર્ગિક આયાસમાં ભગવાન પોતે વિઘ્ન ઊભા કરતા હોય છે, અર્થાત્ ભગવત્ પ્રતિબંધની પણ સંભાવના છે. પણ જો ત્રૈવર્ગિક આયાસ કરે જ નહિ તો પોતાના પ્રભુને નિવેદિત પણ શું કરે ? સેવાપયોગી સામગ્રીના ઉપાર્જનના પ્રયાસ જો ન કરે તો પ્રભુને નિવેદનીય વસ્તુના અભાવને લીધે પણ દુ:ખી થવું પડે એમ છે. આવી ચિંતા જે પોતાના માર્ગના અનુયાયી ભગવદીયોને થાય છે તેને દૂર કરવા શ્રીમહાપ્રભુજી ''ચિંતા કાપિ ન કાર્યા''.... ઉપદેશ આપે છે.

મૂલ : ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ॥ ૧ ॥

અન્વયાર્થ :

નિવેદિતાત્મભિઃ : જેઓએ આત્મનિવેદનની દીક્ષા લઈ લીધી હોય તેઓએ
કદાપિ : ક્યારે પણ
કાપિ ચિન્તા : કોઈ પણ ચિંતા
ન કાર્યેતિ : કરવી નહિ, કેમકે
પુષ્ટિસ્થો : પુષ્ટિમાર્ગીય સંબંધ રાખનારા
ભગવાનપિ : ભગવાન શ્રીકૃષ્ણ પણ
લૌકિકીં ચ ગતિમ્ : લૌકિક કુટુંબ, વગેરેમાં આસક્તિ વધી જાય એવી ગતિ
ન કરિષ્યતિ। : આપણી કરશે નહિ ॥ ૧ ॥

ભાવાર્થ : લૌકિક બાબતોની ચિંતાની માફક પોતાના પ્રભુની બાબતની પણ ચિંતા ન કરવી જોઈએ કેમકે પુષ્ટિપ્રભુજીએ જે આપણો અંગીકાર કર્યો છે તેનાથી જ બધું પોતે જ કરશે એવો વિશ્વાસ પુષ્ટિજીવે રાખવો જોઈએ. ભગવાનનો પણ તેવો નિયમ છે કે પુષ્ટિજીવ જે કાંઈ અંગીકાર કરાવશે તેને તે કૃપાસ્નેહસભર પ્રભુ રુચિથી સ્વીકારે છે. કોઈક વખત જો જીવની પરીક્ષા અથવા પ્રારબ્ધના ભોગ ભોગાવવા માટે પ્રભુ ભક્તમનોરથપૂર્તિમાં વિલંબ કરતા હોય તો પણ ચિંતા ન કરવી જોઈએ. વળી કોઈકને શંકા થતી હોય કે સામાન્યલોકમાં જેમ કુટુંબાસક્તિ પ્રબળ હોય છે તેમ જ પુષ્ટિમાર્ગી હોવા છતાંય મારામાં પણ કુટુંબાસક્તિ શિથિલ થતી નથી. તેથી પ્રભુ ક્યાંક મારી લૌકિકી ગતિ નહિ કરવા માંગતા હોય ને ? આવી ચિંતાને પણ દૂર કરવી જોઈએ, કેમકે પુષ્ટિમાર્ગમાં પ્રભુ અને પુષ્ટિજીવો કૃપામય સંબંધથી બંધાય છે તેથી મર્યાદામાર્ગીય વૈરાગ્ય વગેરે ગુણો આપણામાં ન હોય છતાંય મહાપુરુષ દ્વારા આ જીવ મને નિવેદિત થયેલ છે એવા વિચારે પ્રભુ પણ આત્મનિવેદી જીવને પોતાનો માને છે તેથી લૌકિક ગતિ નહિ જ કરે. ॥ ૧ ॥

વ્યાખ્યાન : ''ક્રીડાર્થમાત્મન ઇદ ત્રિજગત્કૃતં તે સ્વામ્યં તુ તત્ર કુધિયોપર ઈશ કુર્યુ :'' આખું જગત પ્રભુએ ક્રીડા માટે પ્રકટ કર્યું, પણ આપણે તે વાત ભૂલી ગયા અને સમજી બેઠા કે મારે માટે જગત પ્રકટ થયું, મારી ક્રીડા માટે પ્રકટ થયું. પછી આપણને સ્વામિતા આવી ગઈ પોતાની; ભોક્તાપણું, 'મારું' 'મને' આવી ગયું; સુખ, દુઃખ, રાગ, ઉદ્વેગ, દ્વેષ થવા માંડ્યા. પણ એક લીલાનો ભાવ હૃદયને સ્પર્શ્યો કે તરત બધા ભાવ પોતાની મેળે શાંત થઈ જશે. ''સ્વસ્થ શેતે મૃત્યુરસ્માદપેતિ'' એ માણસ પછી મરતો નથી, એ માણસ પછી સૂએ છે. મૃત્યુને પણ ભક્ત રોજ રાતે સૂઈએ તેટલી સરલતા, સહજતાથી લઈ શકે છે.



એને વિશ્વાસ છે કે આ તો ભગવલ્લીલા છે. પાછો જાગીશ, પાછી સેવા કરીશ કેમકે ભક્ત છે. એણે દરેક વસ્તુને ભગવલ્લીલારૂપે સ્વીકારી છે, તેને કદી ચિંતા કે ઉદ્વેગ થતો નથી. એટલે શ્રીગુસાંઈજી કહે છે ''નનુ ભગવદીયાનાં કથં ચિંતોદભવઃ'' ભગવદીયને ચિંતા થાય કેવી રીતે તે સમજાવો મને ! આગળ જવાબમાં કહે છે ''આત્મનિવેદિનો હિ ભગવદ્ભજનાર્હાઃ, નેતરે'' ભગવદ્ભજન કરવાનો સાચો અધિકારી તે છે કે જેણે આત્મનિવેદન કર્યું છે.

હવે તમે સમજી શકશો કે આત્મનિવેદનની મહત્તા ભગવદ્ભજનમાં કેટલી બધી છે, કે તે ન કર્યું તો સૂરની સંગતિ જ નહિ થાય. ભગવાન લીલાના સૂરમાં ગાય અને તમે બીજા કોઈ સૂરમાં તો તે દુર્ગીત થઈ જશે, સંગીત નહિ રહી જાય. એટલે વેદને સસ્વર ભણાવવાના ઘણા બધા Instructions છે તેમાં એક મજેદાર Instruction એ છે કે આપણે વેદપાઠ કરતા હોઈએ અને તે વખતે કૂતરા, શિયાળિયા, ઘોડા, ગધેડા, ભેંસ કે ઊંટ, વગેરે અવાજો કરવા માંડે તો અનધ્યાય કરી દેવો, કેમકે આપણો સૂર તેમના સૂરમાં મળી ગયો તો થોડો ઘણો જે સૂર આપણે સાધ્યો હોય તે ય બગડી જશે. માણસ આત્મનિવેદન કરશે તો એ આખા ભજનને લીલારૂપે લઈ શકશે, નહિ તો તો ભજનને પોતાના સામર્થ્ય રૂપે લેશે, થોડું ભજન કરશે ને લાગશે કે હું પ.ભ. થઈ ગયો ! હૃદયમાં એ ભાવ જાગવો જોઈએ કે હું ભક્તિ કરી રહ્યો છું તે ય ભગવાનની લીલા છે અને મારાથી ભક્તિ નથી થતી તે ય ભગવાનની લીલા છે. અંતે મારું મન ભગવાનને રમવાનો એક દડો છે; એને કોઈક વખત પ્રભુ આ તરફ ઉછાળે તો કોઈક વખત તે તરફ. મેં મારું મન પ્રભુને આપી દીધું, હવે તેનાથી કેવી રીતે રમવું તે એની ઈચ્છાની વાત છે. રમનારને કાંઈ હિસાબની ચિંતા ન હોય.

બાળકને કાંઈક રમવા આપીએ તો સાથે સાથે બધી જ સ્વતંત્રતા આપવી જોઈએ કે એનાથી ફાવે તેમ રમે, એને તોડી દે, ફેંકી દે, કોઈકને આપી દે, કોઈકને ન આપે. એટલે આપણે ત્યાં કહ્યું છે કે ભગવાન એટલે કર્તુંઅકર્તું અન્યથાકર્તું સમર્થ. એ એવો બાળક છે કે જે રમવાય સમર્થ છે, ન રમવાય સમર્થ છે અને કોઈક વખતે મેદાનમાં રમે તો કોઈક વખતે આંગણામાં રમે, કોઈક વખતે પાડોસીના છોકરા સાથે રમે તો કોઈક વખતે ઘરના ભાઈબહેન સાથે રમે. રમવાની સ્વતંત્રતા આપશો તો આનંદ આવશે, તેમાં વિધિનિષેધ લાગુ કર્યા તો રમવાની મજા, ઊર્મિ નહિ રહી જાય. એટલે પ્રભુને મન એવી ભાવનાથી આપો કે પ્રભુ એક રમતિયાળ બાળક છે અને મન એક ગોળમટોળ દડો છે. ચાહે તો લૌકિક વિષયો તરફ તેને ગબડાવે યા વૈદિક વિષયો તરફ ગબડાવે કે પોતાના કામમાં લે. એમાં કોઈ જાતની ધાંધલ કે જીદ્દ થાય નહિ, કોઈ હઠ કે દુરાગ્રહ રાખી શકાય નહિ.

તેથી શ્રીગુસાંઈજી કહે છે કે જેણે આત્મનિવેદન કર્યું છે તે ભગવદ્ભજન કરવા લાયક છે. ''તત્ર ચ ઐહિક પારલૌકિક્યોઃ અર્થયોઃ ન અવશિષ્ટં કિંચિદ્ અસમર્પિતમ્.''

જ્યારે આપણે આત્મનિવેદન કર્યું ત્યારે આલોક કે પરલોક સંબંધી કોઈ પણ વસ્તુ એવી રહી નથી જતી કે જે સમર્પિત ન કરી દીધી હોય. આત્મસમર્પણનો ભાવ છે કે હું અને મારું જે કાંઈ છે તે બધું તારું છે. તારું અને મારું એ ભેદ ખરેખર ભક્તિનો છે જ નહિ, ભક્તિનો અર્થ- બધું આપણું છે. મેં મારી મમતા સાથે તને જોડી દીધો, મારા ઘરમાં તને પધરાવી લીધો એટલે હવે તારામારાનો ભેદ તારી અને મારી વચ્ચે રહ્યો નથી; જે મારું છે તે તારું છે, જે તારું છે તે મારું છે એવો ભાવ રહે તો ભક્તિનો સાચો આનંદ આવે, નહિ તો નહિ.

આત્મનિવદેનમાં બીજું એ સમજવાનું છે કે આપણે પ્રભુને કશું આપતા નથી. જો આપીએ તો લઈ શકીએ નહિ. આત્મનિવેદનના સમર્પણના ભાવને દાનના ભાવથી નોખો સમજવો જોઈએ એમ શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે. જે વસ્તુનું આપણે દાન કરીએ તે વસ્તુને આપણે પાછી આપણા ઉપયોગમાં લાવી શકીએ નહિ; પણ નિવેદન અને સમર્પણ કરીએ તેનો મતલબ જ એવો છે કે તારા અને મારા વચ્ચે તારામારાનો ભેદ મેં લોપી દીધો છે. ધીરજથી સમજવાનો પ્રયાસ કરો કે દાન અને સમર્પણ વચ્ચે મોટો તફાવત છે. આજે આપણને આ તફાવત સમજમાં આવતો બંધ થઈ ગયો એ સંપ્રદાયની સૌથી મોટી પંચાત છે. આપણે ગ્રંથોનો સ્વાધ્યાય ન કર્યો તે આનું કારણ છે. જેમ બ્રાહ્મણને આપણે એક રૂપિયો દક્ષિણા આપીએ તે દાન કહેવાય; આપ્યા પછી તમે કહો કે ચાર આના પાછા લાવ તો તમે જે દાન આપ્યું હતું તે પાછું લીધું, આ દત્તાપહાર દોષ જેવું શાસ્ત્ર મુજબ બીજું કોઈ પાપ નહિ. દાન ન આપો એ પાપ નથી પણ દાન આપીને પાછું લો એ સૌથી મોટું પાપ છે શાસ્ત્ર મુજબ. જેમ લોકો ઠાકોરજીને ભેટ ધરે અને પછી કહે ''એક રૂપિયો ભેટ ધરી તો ઓછામાં ઓછો એક લાડવો તો પ્રસાદમાં મળવો જોઈતો હતો !'' તો તમે ભેટ ક્યાં ધરી ? તમે પેલા રૂપિયાને લાડવામાં Exchange કરાવી દીધો, Cash ને Kind માં Convert કર્યા. આ તો સમર્પણેય ન કહેવાય અને દાને પણ ન કહેવાય, આ તો કૌભાંડ કહેવાય.

આપણે ત્યાં તેથી જ ઠાકોરજીને ભેટ ધરવાની મનાઈ છે. આજકાલ તો બધા મંદિરોમાં ભેટ લેતા થઈ ગયા, એ કોઈ પ્રમેયલીલા છે માર્ગમાં ચાલતી, પણ મહાપ્રભુજીના સિદ્ધાંતના હિસાબે વૈષ્ણવોથી મંદિરોમાં ભેટ ધરી શકાય નહિ, અને જો વૈષ્ણવો મંદિરમાં ભેટ ધરે તો એ દેવદ્રવ્ય થયું. હવે તે દેવદ્રવ્યના સાટામાં જો એ પ્રસાદ માંગે અને લે તો દેવદ્રવ્ય ખાધું કહેવાય, અને મહાપ્રભુજી ચોખ્ખી આજ્ઞા કરે છે કે ''મેરો વ્હૈકે જો દેવદ્રવ્ય ખાયેગો સો મહાપતિત વ્હૈ જાયગો, મેરો નાહિ કહાવેગો.'' ''જે મારો થઈને, જે મારા માર્ગમાં આવીને દેવદ્રવ્ય ખાશે તે મહાપતિત થઈ જશે, તે કદી મારો નહિ કહેવાય.'' એટલે આપણે ત્યાં ભેટ ધરવાની ચોખ્ખી મનાઈ હતી. અમે પણ અમારા ઠાકોરજીને કદી ભેટ નથી ધરતા, તમારી તો વાત દૂર રહી. અમારા ઘરમાં બિરાજતા અમારા ઠાકોરજીને અમારો



જન્મદિવસ હોય તો ય અમે ભેટ ન ધરીએ, મહાપ્રભુજીને ભેટ ધરીએ. ઠાકોરજીને તો ભેટ ધરાવાય જ નહિ, ઠાકોરજીને કેવળ સમર્પણ થાય. જે કાંઈ મારું છે તે તારું.

એક સામાન્ય દાખલો આપું. આદર્શ વ્યવસ્થા મુજબ પતિપત્નીમાં એવો સુમેળ હોય કે જે કમાવીને લાવ્યા તેમાં પતિપત્ની વચ્ચે તારુંમારું રહી જ ન જાય. એને આપણે સમર્પણની વ્યવસ્થા કહીએ કે જે મૂડી ઘરમાં આવી તે નથી કેવળ પતિની, નથી કેવળ પત્નીની; એને દંપતિની મૂડી કહીએ આપણે. તે વ્યવસ્થા ન હોય અને કૂતરાની જેમ પાળવાની ભાવના પતિને હોય કે હું કમાવીને લાવ્યો છું, તારે ખર્ચા કરવા છે, તારે હિસાબ રાખવો પડશે-તો તમે પત્ની નથી રાખી, ઘરમાં એક મેનેજર રાખી છે જેની આગળ તમે રોજીના ટુકડા ફેંકી રહ્યા છો. પત્નીનું વધારે ચાલતું હોય તો તે મોટી થઈ જાય અને તમારી સાથે કૂતરાની માફક વ્યવહાર કરે. એ ય પાછો સમર્પણનો ભાવ નથી. સમર્પણનો ભાવ એ છે કે જે ઘરમાં આવ્યું તેની બાબતમાં તારામારાનો ભેદ ન રહી જાય. ઘરમાં આવ્યા પછી બધું આપણું. તેમાં કાંઈ ઝઘડાનો પ્રશ્ન જ રહી જતો નથી, જેને જેટલું વાપરવું હોય તેટલું વાપરે. તમારો ખર્ચો હું સાંખી શકું, મારો ખર્ચો તમે સાંખી શકો. એ 'તમારો' 'મારો' જોઈએ જ નહિ, આપણો ખર્ચો આપણે સાંખવાનો છે. આમ સમર્પણનો ભાવ પરિવારનો ભાવ છે.

ભગવાન આજ્ઞા કરે છે ''ગૃહશુશ્રૂષણં મહ્યં દાસવદ્ યદ્ અમાયયા'' મારી સેવા એવી રીતે કરવી કે જેમ ઘરમાં ઘરના માલિકની સેવા થાય. હવે નોકરમાલિકના સંબંધ આજે પગારદારના રહી ગયા એટલે આજે આપણને ખબર નથી પડતી, પણ પુરાણા જમાનામાં પ્રણાલી હતી દાસની. એટલે પૂર્વજપરંપરાથી કેટલાક લોકો કોઈકને ત્યાં દાસ તરીકે રહેતા. એ કુલદાસ કહેવાતા અને પેલા કુલસ્વામી કહેવાતા. એ તો હવે સંબંધ જ ખોરવાઈ ગયો એટલે આપણને એ ભાષા સમજમાં નહિ આવે, પણ એને ઠેકાણે આજે આપણે છોકરાછૈયા કે પતિ કે પત્નીના સંબંધ વિચારીએ તો આપણને આ વાત સરખી રીતે સમજમાં આવશે કે પતિપત્ની એકબીજાને સહાય કરે તેનો કાંઈ પગાર કે વળતર લેવાનું નથી હોતું.

પહેલા એક વાર્તા વાંચેલી કે છોકરાને માએ કામ સોંપ્યું કે આ નાના ભાઈને તારે સ્કૂલે છોડી આવવાનો અને પછી શાક લઈ આવવાનું. તેણે કોઈક વખતે કોમર્સ કે ઈકોનોમિક્સ શીખી લીધું હશે એટલે જેટલા જેટલા કામ કરતો ગયો તેનું એ બિલ બનાવતો ગયો કે સ્કૂલે છોડવા ગયો તેના ચાર આના, બજારમાંથી શાક ખરીદી લાવ્યો તેના પાંચ પૈસા, દૂધ લેવા ગયો તેના પાંચ પૈસા, વગેરે. પછી તે બિલ બનાવીને તેણે કબાટમાં બાના ખાનામાં મૂકી દીધું. બાને તે જોતાં બહુ ત્રાસ થયો કે આવો ધંધાદારી કુપુત્ર કેમ ઉત્પન્ન થયો ? બાએ સામે બિલ બનાવ્યું કે તને નવ મહિના પેટમાં ઉછેર્યો તેના પૈસા નહિ, જન્મ્યા પછી દૂધ પાયું તેના પૈસા નહિ. પછી તે બિલ તેણે છોકરાને આપ્યું. કહેવાનો મુદ્દો એ છે કે બા પોતાના બાળક પાસેથી કાંઈ અપેક્ષા નથી રાખતી. બાળકથી કાંઈક કમાવાના વિચાર

એને આવે તો એનું માતૃત્વ લજાય, અને આપણે બા પાસેથી કામના પગાર પેટે કાંઈ માંગીએ તો આપણું પુત્રત્વ લજાય. તેમ જ પતિ પત્નીને કહે કે કાલે ખાવાનું બનાવ્યું તેના દસ રૂપિયાથી વધારે નહિ આપું, તો પરણીને કેમ લાવ્યા ? કોઈ રસોઈયણ લાવવી હતી ને ? તેમ જ પત્ની કહે કે મેં ઝાડું કાઢ્યું તેના આટલા પૈસા જોઈએ ને કપડા સૂકવ્યા તેના આટલા પૈસા જોઈએ તો પછી ક્યાંક બીજે જવાની જરૂર છે. ખરેખર જો આવા વ્યવહાર પતિપત્ની વચ્ચે થઈ જાય તો છૂટાછેડા લેવાની ઈચ્છા થઈ જાય.

તો જો આવા વ્યવહાર આપણે પ્રભુ સાથે કરીએ તો પ્રભુને ભક્તિસંબંધ તોડવાની ઈચ્છા થાય કે ન થાય ? એટલે પ્રભુને આપણે દાન આપતા નથી. દાનમાં એક અહંકાર રહેલો છે કે હું તને આપી રહ્યો છું. ''તુભ્યં અહં સમ્પ્રદદે'', અને એ અહંકાર જો આપણો ઓગળ્યો નહિ તો ભક્તિ થઈ શકતી નથી. તેથી દાન આપણે ત્યાં કર્મના અંતર્ગત ગણાવવામાં આવે છે, ભક્તિના અંતર્ગત નહિ. ભક્તિના અંતર્ગત તો સમર્પણ જ થાય. દાન એક કર્મ છે અને શાસ્ત્ર જ્યારે જ્યારે વિધાન કરે ત્યારે ત્યારે આપણે એ કર્મ કરવાનું હોય. જેમ આપણે કન્યાદાન કરીએ, ગ્રહણમાં ધાનનું દાન કરીએ, ભિક્ષુકને દાન કરીએ તો એ બધાનું શાસ્ત્રમાં વિધાન છે. ભિક્ષુકને દાન અપાય પણ ઘેર આવેલ મહેમાનને દાન ન અપાય કે લો ત્યારે હું તમને ચાર રોટલી દાનમાં આપું છું. એ કહેશે ''હું કાંઈ ભિખારી નથી, ખવડાવવું હોય તો ખવડાવજો, નહિ તો નહિ ખવડાવતા.'' જ્યારે મહેમાનને દાન નથી આપી શકતા તો સ્વામીને કેવી રીતે આપી શકીએ ? ન આપી શકાય. આ શ્યામુબાવા કહે તો ગુનેગાર હોં, ગુસાંઈજી કહી રહ્યા છે કે ''દાને હિ ન સ્વવિનિયોગઃ'' જો કોઈ વસ્તુ પ્રભુને આપણે દાનરૂપે આપીએ તો એનાથી પાછું કશું પણ રીટર્ન આપણે મેળવી શકીએ નહિ. એ પ્રભુની વસ્તુ થઈ ગઈ.

પણ નિવેદન કરીએ તેમાં એવો ભાવ જ નથી કે આ હું તને આપી રહ્યો છું. નિવેદનનો સીધેસીધો ભાવ છે કે તારી અને મારી વચ્ચે તારું અને મારું કરવાનું મેં છોડી દીધું છે, જે કાંઈ છે તે આપણું છે, જે તને વાપરવું હોય તે તું વાપર અને જે મને વાપરવું હશે તે હું વાપરીશ. આપણાથી પ્રભુને સમર્પણ જ થાય, દાન થાય જ નહિ, ભેટ થાય જ નહિ. અને ભેટ ધરીએ તો એનો કોઈપણ સંજોગોમાં આપણા માટે ઉપયોગ થઈ શકે નહિ. કેટલીક નાતમાં તો હજી આ પ્રથા જીવિત છે કે જે ઘરમાં કન્યાદાન કર્યું હોય તે ઘરનું પાણી ય ન પીએ. આપણી સગી છોકરી ન હોય અને પારકાની અનાથ છોકરી હોય, પણ તેનું ય આપણે કન્યાદાન કર્યું હોય ને તો પાણી ય ન લેવાય એટલી આમન્યા રખાય છે. એટલે જે દાન આપ્યું તેનો પાછો સ્વવિનિયોગ ન થાય, ન થાય ને ન થાય એ આપણી અસલ સંસ્કૃતિ.

પણ આપણે તો રૂપિયો ધરતાની સાથે જ કહીએ કે રસીદ લાવો. અને રસીદમાત્ર આપે તો આપણને થાય ''વ્યવસ્થા ખરાબ છે. સાથે પ્રસાદનો પૂરો નહિ તો અડધો તો



લાડવો આપવો જોઈતો હતો !'' આ શું ગોટાળો થઈ ગયો ? આ ક્યો ભક્તિનો ભવાડો કરીએ છીએ મહાપ્રભુજીના નામે, કોઈક દિવસે તો વિચારો ! મૂલતઃ તો જે નિષિદ્ધ વસ્તુ છે તે કરવી જ ન જોઈએ, અને ભૂલથી થઈ જાય તો સાવચેતી રાખવી જોઈએ સ્વવિનિયોગ ન કરવાની; તેના બદલે ભેટ ધરી દાવો માંડી દઈએ કે ભેટ ધરી છે તો પ્રસાદ લાવો ! એટલે જે દાન ન કરવું જોઈએ તે કર્યું અને કર્યા પછી પાછું લેવું ન જોઈતું હતું તે લઈ યે લીધું. આવો બધો ગડબડાધ્યાય આપણે મહાપ્રભુજીના નામે કરીએ છીએ છીએ એટલે કહેવું પડે છે. નહિ તો તો કહેવાનીય ગરજ નથી, જેને જે કરવું હોય તે કરે; કેમકે લોકશાહી છે. પણ આપણે મહાપ્રભુજીને સંડોવીએ છીએ કે અમારા વલ્લભ સંપ્રદાયમાં આવું ચાલે છે ! ખરેખર આવું બધું આપશ્રીના અને સંપ્રદાયના નામે કરી આપણે મહાપ્રભુજીને કેટલું કષ્ટ આપી રહ્યા છીએ ! બીજા કોઈનું પણ નામ લો, પણ મહાપ્રભુજીનું નામ તમે લેશો મા, આવા કામ કરવા હોય તો. જો તમે ઠાકોરજીને ભેટ ધરતા હો તો તમે વલ્લભસંપ્રદાયના અનુયાયી નથી. અને જો તમે ઠાકોરજીને ભેટ ધરી એનું પ્રસાદરૂપે વળતર માંગતો હો તો તો નિશ્ચિત માનો કે તમે વલ્લભમાર્ગથી સો-સો માઈલ દૂર પણ ક્યાંય ભટકતા નથી. તમને બ્રહ્મસંબંધ નહિ પણ ભ્રમસંબંધ થઈ ગયો છે વલ્લભસંપ્રદાયમાં. ભેટ ધરાય નહિ અને ધરાય તેનું વળતર લેવાય નહિ, કેમકે 'મેરો વ્હૈકે દેવદ્રવ્ય ખાયગો સો મહાપતિત વ્હૈ જાયગો, મેરો નાહિ કહાવેગો.'' કેટલા આક્રોશભર્યા શબ્દો વાપર્યા છે શ્રીમહાપ્રભુજીએ ! શાસ્ત્રમાં પતિત એને કહેવાય કે જેણે બ્રહ્મહત્યા કરી હોય, ગોહત્યા કરી હોય, દારૂ પીધો હોય, ગુરુપત્ની સાથે સંભોગ કર્યો હોય, પુત્ર સાથે સંભોગ કર્યો હોય. મહાપ્રભુજી આપણને એ ગાળ આપી રહ્યા છે, એટલે શું કરી રહ્યા છો એ શાંતચિત્તથી વિચારો કોઈ દિવસ. આવું કૃત્ય કોઈ દિવસ કરાય નહિ.

તેથી શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે ''દાને હિ ન સ્વવિનિયોગઃ, ન તુ નિવેદને.'' દાન કરેલું પાછું ઉપયોગમાં ન લાવી શકીએ, પણ નિવેદન કર્યું તો તારામારાનો ભેદ રાખ્યો જ નથી, લોપી દીધો છે. તો પ્રભુને જે યોગ્ય છે તેનો પ્રભુની સેવામાં વિનિયોગ કરી પ્રસાદી તરીકે આપણે આપણા કામમાં લાવીએ તો એમાં કોઈ જાતનો વાંધો આવતો નથી. જો દાન કર્યું હોય તો આપણે પ્રસાદ ન લઈ શકીએ, પણ દાન આપણે ત્યાં નિષિદ્ધ હોવાથી આપણે કરતા નથી. આપણે તો નિવેદન કરીએ છીએ, તેથી નિવેદિત અન્નનું આપણે ભોજન કરીએ છીએ. જેનું તમે પ્રભુ સમક્ષ નિવદેન નથી કર્યું તેનું તમારે ગ્રહણ ન કરવું જોઈએ, આ વ્રત છે. વ્રત અને સિદ્ધાંતમાં થોડો ભેદ રહેલો છે. જેમ એકાદશીના દિવસે ઉપવાસનું વ્રત લઈએ અને પછી અન્ન લો તો વ્રતભંગ થયો કહેવાય. વ્રત તમે ન લીધું હોય ને જમો તો એટલું જ કહેવાય કે તમે વ્રત ન લીધું, પણ વ્રત લઈને તોડવું એ બહુ અપરાધ છે. જેમ માણસ ગૃહસ્થ રહે તો શાસ્ત્ર એને મોટો દોષ નથી માનતું પણ સંન્યાસ લીધા પછી પરણે તો શાસ્ત્ર એને આરૂઢપતિત કહે છે કે ઉપર ચઢ્યો અને પડી ગયો. સંન્યાસ વૈરાગ્યનું વ્રત છે, ત્યાગનું વ્રત

છે; તે લીધા પછી વ્રતભંગ કરે તે ન સાંખી શકાય. વ્રત ન લેવા કરતાં લઈને તોડવામાં મહાઅપરાધ છે. તેવી રીતે બ્રહ્મસંબંધ પછી આપણે વ્રત લઈએ છીએ કે "અસમર્પિતવસ્તુનાં તસ્માત્ વર્જનમાચરેત્" અને "તસ્માત્ આદૌ સર્વકાર્યે સર્વવસ્તુસમર્પણમ્" વ્રત લીધા પછી આપણે અનિવેદિતનો ઉપભોગ કરીએ તો આપણે વ્રતભંગ કર્યો કહેવાય.

તેથી શ્રીગુંસાઈજી કહે છે "નિવેદિતાનાં અર્થાનાં ભગવદ્‌ભોગાર્થં વિનિયોગે જાતે તદ્દત્તપ્રસાદત્વેન સ્વોપભોગકૃતિઃ ઉચિતતરા, દાસધર્મત્વાત્" જે નિવેદિત અર્થ છે તેનો જ્યારે ભગવાનની સેવામાં વિનિયોગ થઈ જાય ત્યાર પછી પ્રભુએ આપેલ પ્રસાદ તરીકે આપણા માટે તેનો ઉપયોગ કરવો જોઈએ. એટલે ભગવાનને જે ઘરમાં પધરાવો તે ઘરમાં તમારે રહેવું જોઈએ દાસ તરીકે, ઘરના, પરિવારના સભ્યો તરીકે. આપણે પ્રભુ સાથે એક પરિવારનો સંબંધ બાંધ્યો છે. એ પરિવારમાં તમારું ઘર તમારું ઘર નથી અને તમારું ઘર ભગવાનનું વૈકુંઠેય નથી; તમારું ઘર અને વૈકુંઠ બન્ને આપણા થઈ ગયા, તમારા અને ભગવાનની વચ્ચે. ભગવાનને તમારા ઘરમાં વૈકુંઠનો અને તમને વૈકુંઠમાં તમારા ઘરનો ભાવ જાગવો જોઈએ. આમ એકબીજાને એકબીજાનું એવું તાદાત્મ્ય અનુભવાય તેનું નામ આત્મનિવેદન. એવા આત્મનિવેદનપૂર્વક એક પરિવારની માફક આપણે પ્રભુની સાથે જીવવું જોઈએ "ગૃહસુશ્રૂષણં મહ્યં દાસવદ્, યદ્ અમાયયા" જેમ ઘરમાં એક પત્ની પતિની સેવા કરે તેનો ચાર્જ ન લે, તે ખાય તેના દર્શન કરાવવાનો ચાર્જ ન લે. "હિંચકા ઉપર અમે સજોડે ઝૂલી રહ્યા છીએ, આવો બધા દર્શન કરવા !" એમ ન કહે. તમે ઝૂલી રહ્યા છો એ તમારો વિષય છે, ગામને ભેગું કરીને તમારે શું લેવાદેવા ? જો તમે ગામના પૈસા લેવા માંડો તો પછી એ દામ્પ્ત્ય ન રહ્યું, Show થઈ ગયો. દામ્પત્યની ગરિમા જાળવતા આવડવી જોઈએ આપણને. તેમ જ પ્રભુને પણ આપણા તરીકે સ્વીકારવા જોઈએ, ભેદ ન રાખવો જોઈએ.

એટલે કહ્યું છે કે "ત્વયોપભુક્ત સ્રક્ ગન્ધવાસોલંકારચર્ચિતઃ ઉચ્છિષ્ટભોજનો દાસા તુવ માયાં જયેમહિ." તારી સેવામાં વપરાયેલા વસ્ત્ર, અન્ન, પુષ્પ, શૃંગાર, ઘર, ધન, પરિવાર-બધું જે તારી સેવામાં વપરાયેલું છે તેનો જે ઉપભોગ કરે છે એ તારી માયાને જીતી જાય છે. શા માટે ? કેમકે એમને સંસાર બાધક થતો નથી, કેમકે સંસારમાં સંસારથી તારનારાને પધરાવી લીધો છે, પછી ડૂબવાનો ડર ક્યાં આપણને ? જગતના સાગરમાં ત્યારે ડૂબતા હોઈશું જ્યારે જગન્નાથે આપણી બાંહ પકડી ન હોય. પણ જ્યારે જગન્નાથની બાંહ પકડીને આપણે જગતના સાગરમાં તરી રહ્યા હોઈએ તો એના જેવો તો જીવનનો કોઈ લહાવો નથી. જે મુક્ત આત્માઓને નથી મળ્યો તેવો અધિકાર મહાપ્રભુજીએ તમને આપ્યો છે કે તમે તમારા ઘરમાં પ્રભુને પધરાવીને સેવા કરી શકો છો, તમે જે જમવાના છો તે પ્રભુને ભોગ ધરીને લઈ શકો છો.



એ અધિકારને શું આપણે Commercial racket માં ફેરવી દઈશું દાન આપીને ? ના, જ્યાં સુધી મહાપ્રભુજીના ગ્રંથો ભૂતલ પર બિરાજમાન છે ત્યાં સુધી આ વાત સિદ્ધાંતરૂપે તો નહિ થઈ શકે; વ્યવહારૂપે તો લીલા છે તે બધી જ થાય, એમાં તો કાંઈ ચિંતાની વાત નથી, પણ સિદ્ધાંત બહુ સ્પષ્ટ છે. રાતના અંધારે વાંચો કે દિવસના અજવાળે, ગ્રંથ આ જ વાત કહી રહ્યા છે. ગ્રંથમાં કોઈ બે વાત કહેવામાં આવી નથી; એક જ વાત કહેવામાં આવી છે : "દાને હિ ન સ્વવિનિયોગઃ, ન તુ નિવેદને." જે પ્રભુનું દ્રવ્ય છે તે આપણે વાપરી શકીએ નહિ. પ્રભુની સેવા અમાયયા કરવાની છે, નિષ્કપટ કરવાની છે, છેતરપિંડીથી નહિ. એમ સેવા કરીએ તો શ્રીગુંસાઈજી કહે છે કે ચિંતા થઈ શકે જ નહિ. જગતમાં જગદીશ સાથે પરિવારની ભાવનાથી જીવી રહ્યા છો પછી કોઈ ચિંતા કરવાની હોય ?

કોયનામાં ભૂકંપ થયો ત્યારે અવારનવાર આંચકા લાગતા. એક રાત્રે એવો આંચકો લાગ્યો કે બધું હાલવા માંડ્યું. અમારી બધાની તો ઊંઘ ઊડી ગઈ. મારી મોટી બેબી જાગીને રડવા માંડી "કાકા ક્યાં છે ? કાકા ક્યાં છે ?" ત્યાં મને જોયો તો મારા ખોળામાં આવીને બેસી ગઈ અને તરત શાંત થઈ ગઈ, કેમ ? કારણ કે કાકાના ખોળામાં છું પછી શું ચિંતા, ભૂકંપના આંચકા લાગે કે દીવાલ પડી જાય. તેમ આપણે જગદીશના ખોળામાં બેસી જઈએ પછી જગતની શું ચિંતા રાખવી ?

તેથી જ પહેલા શ્લોકની ટીકામાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે : "લૌકિકતદભાવેપિ ભગવદર્થાપિ સા ન કાર્યા." ભગવદીયને લૌકિક વિષયની તો ચિંતા જ ન હોય, પણ ભગવદર્થ ચિંતા પણ ભક્તે ન કરવી જોઈએ. ભગવાન મારા પર પ્રસન્ન છે કે નહિ ? ભક્તિ મારામાં કેમ કેળવાતી નથી ? સેવા મારાથી કેમ થતી નથી ? ચિત્ત સેવામાં કેમ એકાગ્ર થતું નથી ? - આવી ચિંતાઓ ભક્તે ન કરવી જોઈએ, કેમકે "અંગીકારેણૈવ સર્વં સ્વત એવ કરિષ્યતિ ઈતિ વિશ્વાસો યતસ્તસ્યાવશ્યકઃ" ભગવાને મારો આત્મનિવેદનની પ્રણાલીથી અંગીકાર કર્યો છે એટલે જે કાંઈ કરવું હશે એ કરશે, મારે કાંઈ કરવાનું નથી. મેં જ્યારે મારું બધું સોંપી દીધું છે પછી મારે ચિંતા કરવાની હોય શેની ? ન ભક્તિની ચિંતા કરવાની હોય, ન સંસારમાં અનુરક્તિની ચિંતા કરવાની હોય. પ્રભુને જે કરવું હોય તે સ્વયં કરશે. "જાહિ વિધ રાખે રામ તાહિ વિધ રહીએ." એવો વિશ્વાસ આવશ્યક છે; તે ન હોય તો બ્રહ્મસંબંધ લેતા નહિ ને સેવા કરતા નહિ.

મોટે ભાગે શું થાય કે આપણને વિશ્વાસ જ ન હોય. "પરણાવી તો રહ્યા છીએ છોકરીને, પણ સુખી રહેશે કે નહિ ?" એટલે છોકરીને પરણાવી દે, સાસરે મોકલી દે ને કહે "હજી દાગીના નહિ મોકલાવતા હોં. ખાઈ જાયને જમાઈ !" એ દાગીના કામના શું ? પહેરવાવાળી છોકરી તો ત્યાં ગઈ છે. વિશ્વાસ ન હોય તો પહેલાં દાગીના મોકલવા જોઈએ

અને તે જમાઈ ખર્ચી ન નાખે તો છોકરી એકાદ વરસ પછી મોકલવી જોઈએ. આપણે શું કરીએ છીએ કે છોકરીને પહેલાં મોકલી દઈએ, ''ઘાસલેટથી બાળી નાખે તો બાળી નાખે, દાગીના તો બચી જશે ને !'' કેવી જાતની મમતા ક્યાં કેળવી લીધી આપણે ? હવે છોકરી માટે દાગીના કે દાગીના માટે છોકરી એજ સમજ ન પડે, આપણે વિવેચન કરતા રહીએ ને ગૂંચવાઈ જાય બધું. તેમ આત્મનિવેદન કરી દઈએ પછી ય વિશ્વાસ ન આવે કે ''ઉદ્ધાર થયો કે નહિ ? હવે સેવા તો કરી રહ્યા છીએ પણ જરા હાજીમલંગ જઈ આવીએ તો ધંધામાં તો ફાયદો થાય'' તો પરણાવી શા માટે, આવા દાગીના જો ઘરમાં રાખવા છે તો ? જ્યાં સુધી પૂરો વિશ્વાસ ન આવે ત્યાં સુધી પરણવું જ ન જોઈએ. થોડોક સમય લઈ લો પરણાવતાં પહેલાં, ચોખ્ખી રીતે એને જોઈ લો, સમજી લો, પૂરો વિશ્વાસ આવે પછી પરણાવો. પણ આવી ધાંધલમાં પરણાવો અને પછી તમે આવા દ્વૈતભરેલા વ્યવહાર કરો એ કાંઈ ઉચિત ન કહેવાય. તેથી કહે છે કે ''અંગીકારેણૈવ સર્વં સ્વત એવ કરિષ્યતિ ઇતિ વિશ્વાસો યતસ્તસ્યાવશ્યક:'' જો વિશ્વાસ ન હોય તો પરણાવવો જ ન જોઈએ આત્માને પ્રભુ સાથે. હવે આત્મનિવેદનની પ્રણાલીમાં આપણે પરણાવી દીધો તો પછી વિશ્વાસ રાખો કે તે જે કરશે તે મને સ્વીકાર્ય હશે. એ વિશ્વાસ હશે તો લીલાનો જે સૂર છે એની તમે સંગતિ કરી શકશો અને સંગતિ કરશો તો તમે ચિંતા પર કાબૂ મેળવી શકશો.

એ જો વિશ્વાસ તમને ન હોય તો સેવાની ભાંજગડમાં પડતા જ નહિ. સેવાની ભાંજગડમાં પડવાનું નહિ એનો સીધેસીધો મતલબ એ કે બ્રહ્મસંબંધ લેવું જ નહિ. પણ મહાપ્રભુજી એમ નથી કહેતા કે તમે બ્રહ્મસંબંધ ન લીધું હોય તો તમે પુષ્ટિમાર્ગમાં આવી શકતા નથી. તેથી જ આપણે ત્યાં બે કંઠી રાખવામાં આવે છે : એક અષ્ટાક્ષરની કંઠી અને એક બ્રહ્મસંબંધની કંઠી. અષ્ટાક્ષરની કંઠી એટલે શરણાગતિની કંઠી. શરણાગતિની કંઠીનો મતલબ એ કે આવો વિશ્વાસ હોય તો ય તારા શરણમાં છું અને વિશ્વાસ ન હોય તો ય પ્રભુ તારા શરણમાં છું. મારામાં વિશ્વાસ પેદા કરવો એ પ્રભુ તારો વિષય છે, મારો વિષય નથી. ''સર્વ ધર્માન્ પરિત્યજય મામેકં શરણં વ્રજ અહં ત્વા સર્વે પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ.'' ભગવાન કહે છે કે તું ચિંતા કરતો નહિ, તારા જે કાંઈ પાપ હશે - અવિશ્વાસના, વિશ્વાસના, સ્નેહના, અસ્નેહના, કર્મના, કુકર્મના, દુષ્કર્મના—તે બધાની કાળજી હું લઈશ. આ શરણાગતિનો ભાવ જોકે નીચેના તબક્કાનો ભાવ છે પણ છતાં પણ બહુ વ્યાપક ભાવ છે, અને એ વ્યાપક ભાવ પ્રભુના માહાત્મ્યને સમજીને સ્વીકારવાનો છે.

તો જ્યારે આપણે સંસારી છીએ, જ્યારે આપણે ભક્તિ માટે તૈયાર નથી, આપણી ભક્તિમાર્ગ ઉપર અગ્રેસર થવાની તૈયારી નથી, ત્યારે મહાપ્રભુજી કહે છે : કાંઈ વાધો નહિ, ઉતાવળ નહિ કરતા, અત્યારથી બ્રહ્મસંબંધ લેવાની જરૂર નથી, તમે પ્રભુના માહાત્મ્યને સ્વીકારો છો કે નહિ ? પ્રભુના માહાત્મ્યને સ્વીકારતા હો કે પ્રભુ મહાન છે, એ બધી રીતે



તમારો ઉદ્ધાર કરવા સમર્થ છે, તો તમે અષ્ટાક્ષરની દીક્ષા લઈને શ્રીકૃષ્ણઃ શરણં મમ એ ભાવને - ભગવદ્ શરણાગતિને સ્વીકારો. અને તે ભગવદ્ શરણાગતિના તબક્કા પર, સોપાન પર ઊભા રહી તમે તમારા હૃદયમાં પહેલા પ્રભુના પ્રતિ એવો વિશ્વાસ કેળવો; તમારા વિચારોમાં, તમારા વ્યવહારમાં, તમારી વાણીમાં પ્રભુની મહાનતા સ્વીકારીને એવો વિશ્વાસ કેળવો કે જે વિશ્વાસના લીધે તમે ભક્તિના માર્ગ તરફ વળી શકો. પહેલેથી ધાંધલ કરીને ભક્તિના માર્ગ ઉપર નહિ આવી જતા, નહિ તો ભક્તિના માર્ગમાં ગડબડ થઈ જશે.

જેમ આપણે ત્યાં પહેલા વિવિશાળ કરીએ, પછી વિવાહ કરીએ તે શા માટે ? કે પેલો જે પરણાવવાનો નિર્ણય લેવાનો છે તેના માટે પર્યાપ્ત સમય મળે, ધાંધલમાં નિર્ણય ન લઈ બેસીએ કે જેથી પાછળથી પસ્તાવાનો વારો આવે. આપણે વેવિશાળ કરીને થોડોક સંબંધ બાંધીને જોઈએ છીએ કે આપણને પોષાય છે કે નહિ ? જો ન પોષાય તો હજી આપણા હાથમાં બાજી છે કે આપણે એને તોડી શકીએ; પણ પરણ્યા પછી તમે કહો કે હવે અમને અવિશ્વાસ થાય છે તો તમારી બુદ્ધિમત્તામાં કાંઈક ઊણપ છે. તમને વિશ્વાસ કેળવવાનો, એને પરખવાનો, વિચારવાનો અવસર એટલા જ માટે વિવિશાળ કર્યા પછી આપવામાં આવ્યો છે. એ અવસરમાં તમારે બધી શોધખોળ કરવી જોઈએ, તમને બધી જાતની છૂટ હોય છે; એમાં સબંધ જોડી ય શકાય છે ને તોડી ય શકાય છે. તેવી જ રીતે એ જરૂરી નથી કે આપણે ભક્તિમાર્ગ ઉપર તરત જઈ ચઢીએ. પહેલા પ્રપત્તિના ભાવથી પ્રભુનું માહાત્મ્ય સ્વીકારીને પોતાના હૃદયમાં વિશ્વાસ કેળવવાનો પ્રયાસ કરો. જે દિવસે વિશ્વાસ કેળવાઈ જાય, તમે લીલાના ભાવને સ્વીકારવા અને માણવા લાયક થઈ જાઓ તે દિવસે બ્રહ્મસંબંધ લઈને તમે સેવા નહિ કરો તો તમે ય અપરાધી થયા, ગુરુ પણ અપરાધી થયા અને મહાપ્રભુજીનો માર્ગ વગોવાયો. એવું કાર્ય આપણાથી થાય નહિ.

આપણે જાણતાં હોઈએ કે છોકરી તોફાની છે તો પરણાવવામાં થોડો વિલંબ કરવો સારો, કેમકે તોફાન અહીંયાં કરે તો એક જ ઘરમાં તકલીફ થાય, પણ ત્યાં જઈને તોફાન કરે તો આપણા ઘરની તો બદનામી થાય પણ એ ગરીબ બિચારો નાહકમાં દુઃખી થાય. એણે તમારું શું બગાડ્યું ? એમ પ્રભુએ તમારું શું બગાડ્યું કે જબરદસ્તી તેને સેવામાં પધરાવી લો ? જબરદસ્તી એને આત્મનિવેદન કરો અને કહો કે હવે અમે સેવા કે સમર્ષણ કરશું નહિ, કેમકે અમારે ઘેર તો નલનું જલ આવે છે ને તમને કૂવા વિના ચાલશે નહિ. તો ભગવાનની સેવા શા માટે કરો છો, કૂવાની જ સેવા કરોને ભાઈસા'બ ! વળી ભગવાન માટે કાંઈ કૂવાનું જલ પવિત્ર કહેવાય ? મહાપ્રભુજીએ તો કૂવાના જલને પણ અપવિત્ર ગણ્યું છે. 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ'માં આવે છે કે ''ઉદ્ધૃતોદકવત્ સર્વે પતિતોદકવત્તથા'' તો કૂવાનું જલ અપવિત્ર હોય છે, પણ આપણી પાસે કૂવાનું જલ છે તો તે સમર્પિત કરીએ. જેવું આપણું સામર્થ્ય તેવું પ્રભુને સમર્પિત કરવું જોઈએ. તમે કોઈ ભગીરથની જેમ આકાશમાંથી ગંગા

ઉતારીને નીચે નહિ લાવી શકો. પવિત્ર જલ લાવવા તેવી તપસ્યા કરવા બેસશો તો આખું જીવન તપસ્યામાં જ વેડફાઈ જશે ને સેવા થશે જ નહિ. ગંગા ઊતરીને આવશે ત્યાં સુધીમાં તમે સ્વર્ગવાસી થઈ ગયા હશો.

એટલે જે મારી પાસે છે તે મારે સમર્પિત કરવાનું છે. ભગવાન પણ લીલાના સહજ ભાવથી એવી માંગણી કરી રહ્યા છે કે જે તારી પાસે છે તે તું સમર્પિત કર. જે તમારી પાસે નથી તેની પ્રભુ પણ માંગણી નથી કરતા. તમારી પાસે ચણા હોય તો ચણા ભોગ ધરો; મિસરી હોય તો મિસરી ભોગ ધરો; કૂવો હોય તો કૂવાનું જલ, નદી હોય તો નદીનું જલ, તળાવ હોય તો તળાવનું જલ; જે તમારી પાસે છે તે ભોગ ધરો. તમે બ્રાહ્મણ છો તો બ્રાહ્મણ શરીરથી સેવા કરો, વાણિયા હો તો વાણિયાના શરીરથી સેવા કરો, મ્લેચ્છ હો તો મલેચ્છ શરીરથી સેવા કરો. શું તાજબીબીએ સેવા ન કરી આપણે ત્યાં ? તાજબીબીએ સેવા કરી, મોહનાભંગીએ સેવા કરી, અલીખાને સેવા કરી, એમના શરીર ક્યાં શુદ્ધ હતા શાસ્ત્રના હિસાબે ? શાસ્ત્રના હિસાબે તેમની યોનિ,જાતિ, દેહ અપવિત્ર ગણાતા હતા, પણ ભાગવત્ ચોખ્ખું કહે છે ''કિરાતહૂણાન્ધ્ર પુલિન્દ પુલ્કસા આભીરકંકાયવનાખસાદયઃ યેન્યે ચ પાપા યદુપાશ્રયાશ્રયા શુધ્યન્તિ તસ્મૈ પ્રભવિષ્ણવેનમઃ'' કિરાત હોય, એટલે કે જંગલી ભીલની જાતિનો હોય, હુણ, એટલે કે ચીનની મોંગોલ જાતિનો હોય, યવન જાતિનો હોય - કોઈપણ પુણ્યશાળી કે પાપશાળી જાતિનો હોય; ભગવદ્‌ભક્તિ માટે જે પ્રવૃત્ત થયો છે તે ભગવદ્‌ભક્તિ માટે તો શુદ્ધ જ છે. ભગવદ્‌ભક્તિમાં કોઈ અશુદ્ધ છે જ નહિ, ભગવદ્‌ભક્તિ જ બધાને શુદ્ધ કરતી હોય છે, એવું ભગવદ્‌ભક્તિનું માહાત્મ્ય છે. તમારા ભોક્તાપણાને તમે ભક્તપણામાં ફેરવો, પછી જુઓ કે બધું શુદ્ધ જ છે, કેમકે જે થઈ રહ્યું છે તે ભગવાનની લીલા છે, તે લીલાને તમારે ભક્તિભાવથી માણવાની છે.

ભક્તિમાં કોઈ જાતની શુદ્ધિ અને અશુદ્ધિનો વિચાર નથી, તે વ્યવહાર આપણા જીવનમાં છે. આપણા શાસ્ત્ર મુજબ શુદ્ધિ-અશુદ્ધિના દરેક વિચારને આપણે જાળવવા જોઈએ, પણ જો આપણે એ ન જાળવી શકીએ તો ભક્તિમાં એ વિચાર પ્રાપ્ત નથી. ભક્તિમાં તો ભગવાન મોહનાભંગીના હાથની કઢી પણ આરોગી શકે અને ભક્તિ ન હોય તો મોટો પુણ્યશાળી બ્રાહ્મણ હોય, તપ, સ્વાધ્યાય, સંયમરત હોય, વિરક્ત હોય, શાસ્ત્રશુદ્ધ હોય પણ ભક્તિરહિત હોય તો તેનું આરોગતા નથી. તે જ વાત ભગવાન ગીતામાં કહે છે ''તદહં ભક્ત્યુપહૃતં અશ્નામિ.'' ભક્તિ વડે જો તમે મને સમર્પિત કર્યું હશે તો હું એનો ઉપભોગ કરું છું, નહિ તો હું એનો ઉપભોગ કરતો નથી. આ એ વાતનું પ્રમાણ છે કે પ્રભુ તમે જેવા છો તેવા તમને સ્વીકારવા તૈયાર છે. છતાંય તમને બીક લાગતી હોય તો મહાપ્રભુજી તમને એક જ વાત કહે છે ''સૂર વ્હૈકે કાહે ઘિઘિયાત હૈ, કછુ ભગવલ્લીલા ગા.'' તું શૂર છે, ભક્તિપથ ઉપર ચાલનારો શૂર છે, તારે આવી રીતે કરગરવાનું હોય કે હું આ સમર્પીશ તો



પ્રભુ નહિ લે અને તે સમર્પીશ તો અપરાધ થશે ? પ્રભુને ક્યાં કૂવાની મરજાદ છે ? પ્રભુ તો મોહનાભંગીને ત્યાં કઢી આરોગ્યા તો એમ પૂછીને આરોગ્યા કે આ કૂવાના જલની કઢી છે કે નહિ ? ભક્તિમાં આમ પૂછવા જાય પ્રભુ તો બહુ મોડું થઈ જાય. એટલે ભક્ત તો ભક્તિભાવથી જે સમર્પિત કરે ''પત્રં પુષ્પં ફલં તોયં'' એ બધાનો પ્રભુ અંગીકાર કરે છે; એમાં કાંઈ ભેદ રાખતા નથી.

એ ભેદ છે તે ખોટા છે એવો મારા કહેવાનો અર્થ લેતા નહિ. એ ભેદ સાચા છે, શાસ્ત્ર મુજબ આપણે એ ભેદ જાળવવાના છે. આપણે જાળવી શકતા હોઈએ તો બહુ ઉત્તમ વાત છે, પણ એ ભેદને ન જાળવી શકીએ તો એ ભક્તિમાં આપણી અને પ્રભુની વચ્ચે આડો આવતો નથી. કર્મમાર્ગમાં આડે આવે પણ ભક્તિમાર્ગમાં નથી આવતો. કારણ એ કે ભક્તિમાર્ગમાં ભગવાન પણ એવા મૂડમાં છે કે ભક્તનું ઉચ્છિષ્ટ પણ ખાઈ શકે. શબરી ક્યાં ઊંચી જાતની હતી ? એ તો ભીલ જાતિની, અધમ યોનિની માનવામાં આવતી હતી; ચતુર્વર્ણની બહાર એટલે કે પાંચમી અપશૂદ્ર જાતિની શબરીના એઠાં બોર જો પ્રભુ આરોગી શક્તા હોય ભક્તિના લીધે, તો તમારા ઘરમાં કૂવા નથી તે કેટલું અપવિત્ર હશે ? શબરીના એઠાં બોરથી વધુ અપવિત્ર તો નહિ જ હોય શાસ્ત્રની દૃષ્ટિએ. તમે તેવા જલનો ભોગ ધરશો પ્રભુને ભક્તિથી તો પ્રભુ કહેશે તમે શબરી જેવા છો; બીજું તો શું કહેશે ? ભક્તિથી ધરેલું હોવું જોઈએ, આત્મનિવેદનથી ધરેલું હોવું જોઈએ, પ્રભુ દાનથી ધરેલું નહિ આરોગે-એટલું ચોક્કસ સમજી લેજો. તમે કૂવાના જલની ઝારી પણ દાનરૂપે ધરશો તો પ્રભુ નહિ આરોગે.

શાસ્ત્ર મુજબ વહેતું ગંગા જેવી મહાનદીઓનું જલ સૌથી પવિત્ર છે, કૂવાનું જલ પણ તેનાથી અપવિત્ર છે. વળી કૂવામાં તો મોટે ભાગે ગટર જ ફૂટેલી હોય છે આજે મુંબઈમાં. પણ તમે ભક્તિભાવથી ધર્યું હશે તો તમે પીતા હશે તો પ્રભુ પણ આરોગશે, કેમકે પ્રભુ તમારી સાથે બંધાયેલા છે, જે તમે લો છો તે આરોગવા પ્રભુ તૈયાર છે. પણ આપણે શું કરીએ કે પોતાના પીવાનું જલ નળનું રાખીએ સાફસાફ અને ઠાકોરજીને સપડાવી દઈએ કે તમને કૂવા વગર ચાલતું નથી; એટલે કૂવાના જલમાં વાસ આવતી હય, મ્યુનિસિપાલિટીનો ઓફિસર એને પીવાલાયક નથી એમ ઘોષિત કરી દે તો ય આપણે કૂવાનું જલ જ ધરીએ અને પછી કહીએ કે અમારે ઠાકોરજીને તો કૂવાના જલની જ ઝારી છે ! એટલે સપડાય કોણ ? તો કે બિચારો મહારાજ. એ તમારે ત્યાં પધારે ને તમે કહો લો, આ કૂવાનું જલ પીઓ. તમે તો પાછા નળનું જ જલ પીતા હો આનંદથી. આ છેતરપિંડી છે. ''ગૃહસુશ્રુષણં મહ્યં દાસવદ્ યદ્ અમાયયા.'' ઘરમાં સેવા કરતા તમે છેતરપિંડી નહિ કરો કે સારું સારું લાગે તે બધું મારું અને બળતું ઘર કૃષ્ણાર્પણ; ભગવાન તમે કૂવાનું જલ આરોગી લેજો, અમે તો નળનું સાફ જળ જ લેશું. ભલે કૂવાનું જલ પીવાલાયક ન હોય, આપ કૂવાની મરજાદ પાળો, આપ સર્વસમર્થ છો ! અરે તો પછી નલનું જલ કેમ ન આરોગી શકે ? આ છેતરપિંડી છે. પરિવારના સભ્યની

ચેતનઅચેતન દરેક વસ્તુનું પ્રભુને નિવેદન કર્યું છે. હવે તમે બીજે ક્યાંય કામમાં આવતા હો તો તમારે ચિંતા ન કરવી જોઈએ અને કોઈ વસ્તુ બીજે કામમાં આવતી હોય તો ય તમારે ચિંતા ન કરવી જોઈએ. તમારે તો એ આનંદ લેવાનો છે કે મેં નિવેદન કર્યું છે અને હું પ્રભુની વસ્તુના કામમાં આવી રહ્યો છું.

કોઈને જમવા બોલાવો ને દસ વાનગી પીરસી પાછળ પડી જાઓ કે શું ખાધું, શું ન ખાધું તો ખાવામાં ય ટેન્શન થઈ જાય. તમારું કામ છે પીરસવાનું. પીરસી દીધી પછી મને જે ગમશે તે હું ખાઈશ. તેવી રીતે આત્મનિવેદનમાં દરેક વસ્તુનું નિવેદન કરી દેવું તે ભક્તનું કામ છે, અને સેવામાં કઈ વસ્તુ કે વ્યક્તિનો કેટલો ઉપયોગ લેવો તે પ્રભુની મરજીની વાત છે. તમે તેની ચિંતા નહિ કરો. તમે આત્મનિવેદન કર્યું છે કે નહિ ? જો કર્યું છે તો હજી તમે તમારો અહંકાર કેમ નથી છોડી રહ્યા કે મારો છોકરો સેવામાં નથી નહાતો ને મારી છોકરી નથી નહાતી. તમારું કાંઈ નથી, બધું એનું છે, એને જેને સેવામાં લેવા હશે તેને લેશે. આત્મનિવેદન મેં કર્યું છે તેવો અહંકાર નહિ રાખો, તમારી પ્રધાનતા ન માનો. ''હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે.'' આત્મનિવેદનનો ભાવ રાખશો તો તમારી સેવા નિશ્ચિત થશે.

આપણે ત્યાં તેથી જ એમ નથી કહેવાતું કે હું દર્શન કરું છું; પ્રભુ દર્શન આપે છે ! હું સેવા કરું છું એમ નથી કહેવાતું, પ્રભુ સેવા લે છે એમ કહેવાય છે. વાત બહુ નજીવી છે, અંતે સ્થિતિ એકની એક છે, પણ એક ભાષામાં અહંકારની દુર્ગંધ છે, તો બીજીમાં આત્મનિવેદનની સુગંધ છે. તો સમજવા પ્રયાસ કરશો તો ખ્યાલમાં આવશે કે કેવી ભાષા ભગવદીયોએ ઘડી હતી કે એ ભાષાને આપણે બોલવા માંડીએ તો આપણા સંસ્કાર સુધરવા માંડે. આપણે એ ભાષાને બોલીએ તો છીએ પણ સંસ્કારને ઘૂસવા જ નથી દેતા કેમકે જે બોલ્યા તેના અર્થનો વિચાર જ નથી કરતા. હૃદયનું દાબડું બંધ કરીને ભાષા બોલીએ છીએ. એને જરા ખોલો. આપણે એમ જ કહીએ કે આજે પ્રભુએ સુંદર શૃંગાર ધર્યા, આજે પ્રભુ રુચિથી આરોગ્યા. આવી જીવંત ભાષા બોલો તો હૃદયનાં જાળાં સાફ થઈ જાય, હૃદય નિર્મળ અને ભક્તિલાયક થઈ જાય. તમે આ ભાષા બોલો તો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ કોઈ ગ્રંથ ભણ્યા વગર સમજમાં આવી જાય પણ ''તીર્થક્ષેત્રેકૃતં પાપં વજ્રલેપાયિતં ભવેત્'', તેમ આવી ભાષા બોલતાં બોલતાં આપણે પાછા એવા જ ચિંતાના, ઉદ્વેગના, ત્રાસના દુર્ભાવ કેળવીએ તો પછી કેવી રીતે હૃદયમાં ભક્તિ આવે ?

આપણે એવા ઉત્પાતી જીવ કે ટોકતા રહીએ. ઘણી વખતે શું થાય કે નાના વૈષ્ણવ બાળકો અમને જયશ્રીકૃષ્ણ કહે. હવે ખરેખર મને ખૂબ ગમતું હોય છે કોઈ વૈષ્ણવ જયશ્રીકૃષ્ણ કહે તો, કેમકે કૃષ્ણના જયની કામના તો એમના હૃદયમાં છે ! વડીલ શું કરે કે ''એઈ, મહારાજને જયશ્રીકૃષ્ણ ન કહેવાય.'' તો મહારાજને શું કૃષ્ણનો પરાજય થાઓ



એમ કહેવાય ? કૃષ્ણનો પરાજય થશે તો મહારાજની મહારાજિયત જ ખતમ થઈ જશે, પછી શેનો મહારાજ ? એ તો વ્યવહારની વાત હતી કે આપણે એકબીજાને મળીએ તો કોણ કોને નમસ્કાર કરે અને કોણ કોને આશીર્વાદ આપે. વૈષ્ણવો બધા સરખા. જેમ તમને ખ્યાલ હોય તો મીરાંબાઈ જ્યારે વૃંદાવનમાં ગયા ત્યારે એમણે રૂપગોસ્વામીને કહેવરાવ્યું કે હું તમને મળવા માગું છું. ત્યારે રૂપગોસ્વામીએ કહેવડાવ્યું કે ના, હું સ્ત્રીનું મુખ જોતો નથી. ત્યારે મીરાંબાઈએ કહ્યું કે મને ખબર નહોતી કે વૃંદાવનમાં કૃષ્ણ સિવાય બીજો પણ કોઈ પુરુષ છે. ત્યારે રૂપગોસ્વામીને થયું કે મારી ભૂલ થઈ ગઈ. એટલે એ કૃષ્ણના પુરુષત્વની ભાવનાને અનુરૂપ આપણે આવો પ્રકાર રાખીએ છીએ. જયશ્રીકૃષ્ણની જે મૂલ ભાવના હતી તે આ જ કે નથી કોઈ મોટો, નથી કોઈ નાનો. નથી કોઈ પ.ભ. કે નથી કોઈ અ.ભ., બધા જ ભગવદીય છે. બધા ભગવાનના, એમાં કોઈ ભેદભાવ નથી. હવે જ્યારે તારતમ્ય નથી ત્યારે કોણ કોને આશીર્વાદ આપે ને કોણ કોને વંદન કરે ? એટલે આપણે કહેતા 'કૃષ્ણનો જય થાઓ.' જે વૈષ્ણવને આપણે મળ્યા તેના હૃદય પર અને જીવન પર કૃષ્ણનો જય થાઓ. એ શુભકામના જ આપણા માટે સૌથી મોટા વંદન અને સૌથી મોટા આશીર્વાદ.

હવે મહારાજમાં ગુરુભાવના રાખીને થોડા પોતાના કરતાં ઊંચા ગણતા હતા એટલે જયશ્રીકૃષ્ણ ન કહેતા, પણ કોઈપણ મહારાજ એટલો ઊંચો તો ન હોઈ શકે કે તેના હૃદય પર કૃષ્ણનો જય ન થાય. કૃષ્ણના જયની તો એને ય જરૂર છે. એટલે કહી દે તો સિદ્ધાંતની દૃષ્ટિથી કાંઈ વાંધો નથી આવતો, વ્યવહાર આપણે ઘડી દીધો એટલે વ્યવહાર પૂરતો જ વાંધો હોય છે. પણ એક બિચારો બાળક જયશ્રીકૃષ્ણ બોલતો હોય તેને તમે ટોકો તો બિચારાને સમજ જ નહિ પડે કે મહારાજને શું કહેવાય. આપણે લડીને વાત કહેવાની ટેવ પાડી હોય છે, સ્નેહથી સમજાવવાની નહિ. બાળકને સમજાવવું જોઈએ કે જયશ્રીકૃષ્ણનો અર્થ શું અને તે ક્યા ભાવથી કહેવામાં આવે છે અને મહારાજને કેમ કહેવામાં નથી આવતું. હવે તે છતાંય એ મહારાજને જયશ્રીકૃષ્ણ કહી દે તો મહારાજે ખોટું ન લગાડવું જોઈએ, કેમકે કૃષ્ણનો જ જય છે. તો લઢ્યા વિના આપણે સેવા, આદિની સૂચના ન આપી શકતા હોઈએ, લઢવાથી જ વડીલ થતા હોઈએ તો કાંઈ ગડબડ છે હોં. વડીલ શું વહાલથી ન સમજાવી શકે ? પણ આપણે આવી ધાંધલ કરી દીધી, તેના લીધે આજે આપણને ખબર પડતી નથી કે કેમ પરિવારના લોકો સેવામાં નાહતા નથી. પ્રસન્નતા જાળવી રાખો, લીલાનો ભાવ જાળવી રાખો, પછી તમને ક્યારેય ચિંતા નહિ થાય કે કેમ પરિવારજનો સેવામાં નથી નાહતા. બધા રુચિથી સેવા કરશે અને તમને પણ આનંદ જ આનંદ અનુભવાશે.

**પ્રશ્ન :** પ્રભુને દાન ન આપી શકાય તો શું સન્મુખ ભેટ ન ધરી શકાય ?

**ઉત્તર :** એવું છે કે અમે અમારા ઠાકોરજીને ક્યારે પણ સન્મુખ ભેટ નથી ધરતા, અને આજથી ૫૦-૭૦ વર્ષ પહેલાં ક્યાંય એ પદ્ધતિ જ નહોતી. મંદિરમાં, એટલે કે અમારા

જેમ પ્રભુને સ્વીકારો, માણો; નહિ તો પ્રભુની ને ભક્તિમાર્ગની મર્યાદાનું આપણે ઉલ્લંઘન કરી રહ્યા છીએ તે વાત સમજો.

તમે જો એમ કહો કે અમારી કુટુંબાસક્તિ છૂટતી નથી, અમારાથી વૈરાગ્ય કેળવાતો નથી, અમારાથી અપરસ પળાતી નથી અને ઘરમાં પ્રભુને પધરાવી લઈએ અને પ્રભુ અમારા કુકૃત્ય જોઈ જાય અને અમને નરકમાં નાખે તો ? તો મહાપ્રભુજી કહે છે કે તમે ઘરમાં પ્રભુને ન પધરાવ્યા હોય તો પ્રભુ જોતા નથી કે તમે શું કરી રહ્યા છો ? ન પધરાવ્યા હોય તો ય જોઈ શકે છે. ગાલિબ શાયર છે, એટલે કહે છે : જ્યારે નશો ચઢે ત્યારે એક દિવસ બધું કહી દો આવીને, નહિ તો મારે તમને છેડીને તમારા મનમાં ભરાયેલી બધી વાત તમારા મોઢે બહાર કઢાવવી પડશે. એટલે પ્રભુને ઘરમાં પધરાવીને ભક્તિના નશામાં એક દિવસે કબૂલ કરી લો કે મહારાજ આ થાય છે ને આ નથી થતું મારાથી. પછી પ્રભુ વાંધો નહિ લે, કેમકે દોસ્તની સામે વાત નિખાલસતાથી કબૂલ કરી લેવી ગુનો નથી, વાત દોસ્તથી છુપાવવામાં ગુનો છે. પ્રભુ કહેશે ''જા, કાંઈ વાંધો નહિ, 'અહં ત્વા સર્વ પાપેભ્યો : મોક્ષયિષ્યામિ મા શુચઃ' તું મારો જીગરજાન દોસ્ત છે, તારા ગુના મેં માફ કર્યા.'' પ્રભુ તો લીલા કરવા બિરાજેલા છે. પ્રભુ જો ન સાંખી લેતા હોત તો ક્યારના મારી દીધા હોત, એટલા બધા કાળાધોળા આપણે કરી ચૂક્યા છીએ. સેવા કરતા હોઈએ કે ન કરતા હોઈએ; આપણા સદાચારના, અસદાચારના, અપરસના, અપરસ છોડાવવાના સત્ય ભાષણના, મિથ્યા ભાષણના, શાંતિના, ક્રોધના, કામના, નિષ્કામના, બ્લેકના, વ્હાઈટના બધા ગુનાને પ્રભુ જુએ છે. જુએ છે એટલું જ નહિ, જાણે છે, અને માણતાં ય હશે કોઈ દિવસ ! નહિ તો કેવી રીતે કરી શકીએ ? એક પાંદડું ય ન હાલે હોં. પ્રભુ જાણે છે કે ''મિયાંકી દૌડ મસ્જિદ તક.'' અંતર એટલું જ કે તમે જેનો ઢાંકપિછેડો કરવા માંગો છો એ નિખાલસતાથી એક દિવસ પ્રભુને કહી દો, જેવો છું તેવો છું, પણ તારો છું કૃષ્ણ, ''જૈસો હું તૈસો કહાઉં તેરો'' ''યાદશોસ્મિ હરેઃ કૃષ્ણ તાદશં માં હિ પાલય'' પછી પ્રભુ ય કહેશે કે એ તો મને પહેલાથી જ ખબર હતી, તે ન કીધું હોત તો હું ક્યાં નહોતો જાણતો. ચાલ હવે એની ચિંતા છોડી દે, આપણે સાથે રહીશું. એ લીલાભાવથી પ્રભુને માણતા થાઓ, પરિવારના ભાવથી પ્રભુને માણતા થાઓ, પછી તમને અનુભવાશે કે ભક્તિનો લહાવો કેવો છે !

પણ જો તમે કરગરશો - એક ભાઈએ મને પત્ર લખ્યો છે તે વાંચી સંભળાવું છું : ''હું બ્રહ્મસંબંધ લેવા છતાં કેટલો જન્મ ભટક્યા કરીશ ? હું બહુ પાપી, દુષ્ટ જીવ છું. મારા પૂર્વના એવા ક્યા પાપ છે કે મનુષ્યદેહ હોવા છતાં મૂઢ અવસ્થામાં જીવી રહ્યો છું ? અભણ છું...'' પણ આજે કાંઈ હોય, જેવો હોઉં તેવો, પણ છું તો તારો ને ! આપણે બહાર જઈએ તો મોઢું ધોઈને જઈએ; પણ એવા કેટલા લોકો છે જે પગ ધોઈને બહાર જાય ? પણ તેથી કાંઈ પગ પર દ્વેષ કરાય, આપણા અંગથી દ્વેષ કરાય ? પગ ગંદા હોય તેથી તેના પર દ્વેષ ન કરાય અને



મોઢું સારું હોય તેથી તેનું અભિમાન ન કરાય, કેમકે પગ પણ મારા ને મોઢું ય મારું. જે મારું છે તેની સાથે દ્વેષ ન થાય, જે મારું ન હોય તેની સાથે રાગદ્વેષ થાય. પ્રભુને જો તમે તમારા ગણશો તો પ્રભુ તમને એમનો ગણશે. પછી તમે કદાચ સ્વચ્છ નહિ હો અપરસ નહિ પાળતા હો, તો પ્રભુ કહેશે 'આ મારું ચરણ છે' એ ય બહુ ઉત્તમ કક્ષાની વાત છે, પ્રભુના ચરણ કંઈ થવાય ? અને તમે સ્વચ્છ હશો તો પ્રભુ કહેશે ''આ મારું મોઢું છે, કેવો સ્વચ્છ છે !'' એટલે ''બ્રાહ્મણોસ્ય મુખમાસીત્ બાહુઃ રાજન્ય કૃતઃ ઉરુ તદસ્ય યદ્વૈશ્યઃ પદભ્યાં શૂદ્રો અજાયત.'' જે સ્વચ્છ નથી રહી શકતો તે પ્રભુના ચરણસ્થાનીય છે, જે શક્તિશાળી છે તે પ્રભુનાં બાહુસ્થાનીય છે, જે પેટને ભરવામાં લાગેલો છે વાણિયાવૃત્તિથી તે પ્રભુના ઉદરસ્થાનીય છે અને જે સ્વચ્છ, સુંદર, સત્કારશીલ છે તે પ્રભુના મુખસ્થાનીય છે; છે તો બધા જ પ્રભુનાં અંગ. હવે બધા જ અંગ જો પ્રભુના છે તો પ્રભુને જાળવવા જ પડશે. પગ મેલા—ગંદા થઈ ગયા હોય તો કંઈ કાપી ન નંખાય. તો પ્રભુએ આપણાથી આભડછેટ નથી રાખી, પ્રભુ આપણું બધું સાંખી લેવા તૈયાર છે; પણ આપણે આભડછેટ રાખી છે.

આપણે અજ્ઞાનથી પ્રભુને આપણા કહેવામાં હિચકીચાઈએ છીએ, કેમકે હમણાં પ્રકટ થઈ આપણને વૈકુંઠમાં લઈ જાય તો પંચાત થઈ જાય ! પ્રભુએ આપણાથી આભડછેટ રાખી નથી, એ તો તમે કહો તો હમણાં પ્રકટ થઈ જાય. પ્રકટની ય શું જરૂર, જેની સેવા કરી રહ્યા છો એ પ્રભુ નથી ? શું પથ્થરને પૂજી રહ્યા છો ? આપણે ત્યાં એવો ભાવ જ નથી, આપણે ત્યાં તો સાક્ષાત્ પ્રભુની જ સેવા આપણે કરતા હોઈએ છીએ. એ પ્રકટ જ સ્વરૂપ છે, એને શા માટે આપણે માણી શકતા નથી કે જેથી આપણને એવા ભાવ જાગે કે પ્રભુ હવે પ્રકટ થાય ? અને એ જો પથ્થર હોય, ધાતુ હોય, તો પછી ભક્તિ નહિ કરતા ભાઈસા'બ, પછી કોઈ જ્ઞાન કરજો, ઉપાસના કરજો. એ ભાવ ઉપાસનાનો છે કે આપણે ચિત્તને મૂર્તિમાં એકાગ્ર કરીને ભગવાન તરફ જઈશું. એ ભાવ ભક્તિનો ભાવ નથી. ભક્તિના ભાવમાં અને ઉપાસનાના ભાવમાં થોડું અંતર રહેલું છે. એ અંતર એટલું કે જેટલું તમે તમારી ગાડી અને ટેક્સીમાં સમજો છો. ટેક્સીનું તમે બિલ ચૂકવ્યું પછી એ ટેક્સી ભટકાય કે એને આર.ટી.ઓ.નો ઓફિસર પકડી જાય; તમને ચિંતા સતાવે નહિ. તમારો સ્વાર્થ ટેક્સી સાથે એટલો જ હોય છે કે જ્યાં તમારે પહોંચવું છે ત્યાં તમને ટેક્સીએ પહોંચાડ્યા કે નહિ ? પણ તમારી ગાડી સાથે તમારો એવો વ્યવહાર નથી હોતો. તમારી ગાડીને તમે પાર્ક કરો છો, એને લોક કરો છો, એને કોઈ ભટકાઈ જાય તો તમને ક્રોધ આવે છે - એટલું બધું તમને તમારી ગાડીમાં મમત્વ છે. તેવી જ રીતે જે સ્વરૂપની આપણે સેવા કરીએ છીએ તેને આપણે ટેક્સી નથી ગણતા કે મારે પ્રભુમાં ચિત્ત ચોંટાડવાનું છે તેની આ ટેક્ષી છે, ચિત્ત ચોંટી જશે પછી આનું વિસર્જન કરી દઈશ. એવું આપણે પૂજન નથી કરતા. આપણે તો પ્રભુની સેવા કરીએ છીએ, ભક્તિ કરીએ છીએ. જો આ પ્રભુમાં મારું ચિત્ત ચોંટી ગયું તો પછી મને બીજું

જોઈએ જ શું ? એ જ સાક્ષાત્ પ્રભુ છે, એના સિવાય બીજો ક્યો મારો પ્રભુ હોઈ શકે ? એટલે પ્રકટ પ્રભુની જ આપણે સેવા કરીએ છીએ.

તેથી આપણા સંપ્રદાયની શિસ્ત છે કે મૂર્તિ નથી કહેતા, મૂર્તિ નથી કહી શકાતું તેવું નથી; પણ મૂર્તિ કહેનારાના જો એવા ભાવ હોય કે મૂર્તિ પર ચિત્ત ચોંટાડીને પછી પરમાત્માને પ્રાપ્ત કરવા છે, તો પછી તમે આને ટેક્સી જેવું માન્યું અને આપણે ત્યાં તેવો વ્યવહાર નથી, માટે સ્વરૂપ જ છે. એક પાદરીએ મને લખ્યું કે અમે ક્રાઈસ્ટનું ધ્યાન ધરીને પરમાત્મા સુધી પહોંચવા માંગીએ છીએ. મેં જવાબમાં લખ્યું કે હું તો કૃષ્ણભક્ત છું એટલે કૃષ્ણ સાથે કોલગર્લ જેવો નહિ પણ પ્રિયતમા જેવો વ્યવહાર કરું છું. કૃષ્ણનું ધ્યાન ધરીને મારે ક્યાંય નથી જવું. તમારે બીજે જવું હોય તો તમે બિલ પેમેન્ટ કરીને છૂટા થઈ જજો. એટલે એણે કહ્યું - ના, ના, અમે ય ક્રાઈસ્ટના ભક્ત જ છીએ, અમે પરમાત્માને પામવા ક્રાઈસ્ટનું ધ્યાન નથી ધરવા માંગતા. મેં કીધું હવે ઠેકાણે આવ્યા તમે. આપણે કૃષ્ણને પ્રિયતમની માફક ચાહીએ છીએ, જો ત્યાં ચિત્ત ચોંટી ગયું તો આપણે બીજું કશું નથી જોઈતું, ''સ્વર્ગાપવર્ગનરકેષુ અપિ તુલ્યાર્થદર્શિનઃ'' — તારા સિવાય મારે બીજું કશું નથી જોઈતું એવા સુદૃઢ સ્નેહના ભાવથી આપણે પ્રભુની સેવા કરવી જોઈએ.

આજે કેટલાક લોકો આપણને રવાડે ચઢાવવા માંગે છે કે તમારે આંખ મીંચીને સેવા કરવી જોઈએ. અરે કોઈ મહેમાન ઘરમાં આવે ને તમે આંખ મીંચીને બેસી જાઓ, પછી ધ્યાન ધરો કે હવે ચા સમર્પી, હવે બિસ્કિટ સમર્પી, ને બોલો જ નહિ એની સાથે - તો કેટલી વાર મહેમાન બેસશે ? ભાગી જશે ગાંડા થઈ ગયા સમજીને. એટલે પ્રભુને સામે સેવામાં પધરાવ્યા પછી આંખ મીંચવાની નથી હોતી, આંખ ઉઘાડીને દર્શન કરો એનાં. પછી ધ્યાન ધરવાનું નથી, હાથથી સેવા કરો એની; ધ્યાન ધરવા માટે બીજા ઘણા અવસર છે. દુકાન પર બેઠા હો ત્યારે ધ્યાન ધરજોને ! પ્રભુને સામે પધરાવીને આંખ મીંચી તો પછી જીવનભર તમારી આંખ ખૂલવાની શક્યતા જ નથી ભક્તિમાર્ગમાં. પ્રભુની સામે આંખ ન મીંચાય; પ્રભુના દર્શન કરવા, કીર્તન કરવા, શૃંગાર કરવા એનું નામ ભક્તિ છે. ધ્યાન દુકાનમાં બેસીને ધરજો. જેની માએ સવાસેર સૂંઠ ખાધી હોય તે, પછી જોજો મજા આવશે. ખરેખર પ્રભુ ય પછી પ્રસન્ન થશે. પણ સેવા કરવા બેઠા ત્યારે ધ્યાન ધરી લીધું તો ''મુદઈ તુ ઇશ્કરા નાલાયકી.'' પછી તમે સ્નેહ કરવાને લાયક નથી જ્યારે તમે પ્રિયતમ સામે આંખ મીંચી લીધી. આંખ ખોલીને દર્શન કરો, ખૂબ દર્શન કરો. ''નૈનભર નીરખો નંદકુમાર'' એમ કીર્તનમાં કહે છે. નિહારતા રહીએ ને તૃપ્તિ ન થાય, પલક પડે તો અસંતોષ થઈ જાય તેટલી નિરખવાની વૃત્તિ તેનું નામ ભક્તિ છે. એવી વૃત્તિથી સેવા કરવી હોય તો કરવી, નહિ તો શરણાગતિની દીક્ષા લઈને, એટલે કે અષ્ટાક્ષરની દીક્ષા લઈને શ્રીકૃષ્ણ શરણં મમ જપતા રહેવું વધારે સારો ઉપાય છે એ મહાપ્રભુજીનો સિદ્ધાંત છે.



આગળ કહે છે કે ''નનુ લોકવત્ કુટુમ્બાદિ આસક્ત્યા સ્વસ્યાપિ લૌકિકીં ગતિ કદાચિત્ પ્રભુઃ કુર્યાત્, તત્રાહુઃ ભગવાનપિ ઇતિ'' ''હું સંસારમાં જીવું છું તેથી પ્રભુ મારી લૌકિક ગતિ તો નહિ કરી દે'' એવી ચિંતા રાખવાની જરૂર નથી. જ્યારે તમે તમારા કુટુંબમાં કુટુંબના સભ્ય તરીકે પ્રભુની સેવા શરૂ કરી દીધી ત્યારે પછી તમારે લૌકિક ગતિની ચિંતા ન કરવી જોઈએ; કેમકે પ્રભુ પુષ્ટિમાર્ગસ્થ છે, તેથી મર્યાદામાર્ગીય વૈરાગ્ય તમારામાં ન પણ હોય તો કંઈ વાંધો નહિ આવે; તમે ભક્ત છો. ભક્ત વિરક્ત હોય કે અનુરક્ત હોય, ભક્ત તો પ્રભુને ગમતો જ હોય છે. ''યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ'' ભગવાન કહે છે. વિરક્ત ભક્ત પણ મને ગમે ને અનુરક્ત ભક્ત પણ મને ગમે. જો તમારો દીકરો રૂપાળો હોય કે ન હોય; જો તમારો દીકરો છે તો તમને વહાલો લાગશે, લાગશે ને લાગશે. તેમ આત્મનિવેદન કરનાર પ્રભુનો છે, તે અનુરક્ત હશે તો ય પ્રભુને ગમશે અને વિરક્ત હોય તો ય પ્રભુને ગમશે. આપણે પ્રભુ સાથે ભક્તિનો નાતો જોડ્યો છે, કંઈ કર્મ, જ્ઞાન, તપ કે વૈરાગ્યનો સંબંધ નથી બાંધ્યો. ભક્તિનો સંબંધ સ્નેહનો સંબંધ છે; જો આપણને સ્નેહ નભાવતાં આવડતો હશે તો આપણા કરતાં બમણો નભાવતા પ્રભુને આવડે છે. એ વિશ્વાસ તમારામાં હોય તો ભક્તિપથ ઉપર આગળ આવવું જોઈએ, નહિ તો મહાપ્રભુજી કહેશે ''બરજે હતે જો યા મારગમેં મતિ માઓ પર આયે તાકો ફલ પાવત હૈં'' એવું હોય તો તમારે ભક્તિમાર્ગમાં ન આવવું જોઈએ. આવ્યા છો તો તમને એટલો વિશ્વાસ રાખતા આવડવો જોઈએ પ્રભુ પર કે પ્રભુ આપણને જેમ રાખે તેમ રહેવું.

તેથી મહાપ્રભુજી કહે છે ''ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્'' કોઈપણ ચિંતા-લૌકિક ચિંતા, વૈદિક ચિંતા, ભક્તિની ચિંતા કે ભગવાનની ચિંતા-હોય, તમારે ક્યારેય ન કરવી જોઈએ કેમકે 'ભગવાનપિ પુષ્ટિસ્થો' ભગવાન તમને મળવા પુષ્ટિસ્થ થઈને પધારી રહ્યા છે. તમે આત્મનિવેદન કરીને ભક્તિમાર્ગ ઉપર એક ડગલું ભર્યું એટલે પ્રભુ પુષ્ટિના દસ ડગલાં ભરીને તમારી તરફ દોડતા પધારી રહ્યા છે. હવે એ દોડીને પધારતા હોય ત્યારે તમે ચિંતા કરવા જશો ? લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે તમે મોઢું ધોવા જશો ? ન જવાય, ચિંતા ન કરાય. ત્યારે કરવું શું ? તો મહાપ્રભુજી કહે છે ''નિવદેનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈઃ જનૈઃ'' તમને ચિંતા થતી હોય તો ચિંતા કરવાનું છોડી તમારે તમારા આત્મનિવેદનનું સ્મરણ કરવું જોઈએ કે મેં પ્રભુને આત્મનિવેદન કર્યું છે પછી મારે શું ચિંતા કરવાની હોય ? આ વાત મહાપ્રભુજી લૌકિક-વૈદિક જ નહિ, પણ ભક્તિની ચિંતાની બાબતમાં પણ કહી રહ્યા છે.

એક ભાઈએ મને એક દિવસ આફ્રિકન ડ્રમ ભેટ કર્યું. મેં પહેલી વખત આફ્રિકન ડ્રમ જોયું તો બે-ચાર દિવસ જોશમાં ને જોશમાં વગાડ્યું; પણ કેટલા દિવસ વગાડું ? મારા ઘરમાં એ ડ્રમનો ઉપયોગ શું ? એટલે મેં શું કર્યું કે મારી ખુરશી સામે એને રાખી વાંચવાના ટેબલ

તરીકે વાપરવાનું શરૂ કરી દીધું. હવે એ જો એવી જીદ્ કરે કે મેં ડ્રમ ભેટ કર્યું. એટલે તમે વગાડતા જ રહો તો તો હું ય ત્રાસી જાઉં ને મારા પાડોસીઓની ય એ ગતિ થાય ! મારે ડ્રમ તરીકે વાપરવું કે ટેબલ તરીકે એ મારી પ્રસન્નતાનો પણ તમારે ખ્યાલ રાખવો જોઈએ ને. નહિ તો લઈ જાઓ તમારું ડ્રમ પાછું. એટલે આપીને તમે મુક્ત થયા, હવે શું કરવું એ મારી મુનસફીની વાત છે. આત્મનિવેદન કરવું એ આપણા સામર્થ્યની વાત હતી, હવે તેનો સેવામાં કેમ વિનિયોગ કરવો - આપણા દેહ સાથે, મન સાથે, ઈન્દ્રિય સાથે, આત્મા સાથે પ્રભુને કઈ જાતની રમત રમતા ફાવે છે — તે પ્રભુના ઉપર છોડી દો. એમાં એમનો આનંદ છે; અને જેમાં એમનો આનંદ છે, જેમાં તત્સુખનો વિચાર છે તેનું નામ સેવા છે, તેનું નામ આત્મનિવેદન છે, તેનું નામ લીલાના સૂરની સંગતિ કરવાનો ભાવ છે. એટલે મહાપ્રભુજી આજ્ઞા કરે છે ''સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ.'' તે સર્વેશ્વર છે, સર્વાત્મા છે, એને જે ઈચ્છા હોય તે કરવાની છૂટ આપો. એ છૂટ આપવાની તૈયારી ન હોય તો નિવેદન નહિ કરતા. પણ કર્યું હોય તો એને ડ્રમને ટેબલ તરીકે વાપરવું હોય તો ય વાપરવાની છૂટ આપો. એમાં તમારે ભાંજગડ ન કરવી.

**પ્રશ્ન :** ચોરાસી વૈષ્ણવની વાર્તામાં રામાનંદ પંડિતને શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ભાગવતને ભોગ ધરીને લેવાનું કહ્યું છે; તો શ્રીમદ્ભાગવતનો પ્રસાદ લેવાય કે ન લેવાય.

**ઉત્તર :** એવું છે કે શ્રીભાગવત શ્રીમહાપ્રભુજીના હિસાબે શ્રીનાથજીનું સાક્ષાત્ શબ્દાત્મક સ્વરૂપ છે; એટલે ભાગવતનો અર્થ શ્રીનાથજી અને શ્રીનાથજીનું નિરૂપણ ભાગવત્. તે સ્થિતિમાં શ્રીનાથજીમાં અને ભાગવતમાં આપણે ભેદ જોતા નથી. તેથી જેમ ઠાકોરજીનો પ્રસાદ લઈ શકાય તેમ ભાગવતનો પ્રસાદ પણ લઈ શકાય. પણ એમાં કાળજી એક જ રાખવાની છે કે આપણે ત્યાં નિત્યક્રમમાં ભાગવત પૂજનમાં બિરાજે છે, સેવામાં બિરાજતા નથી હોતા. હસ્તાક્ષરના સ્વરૂપે બિરાજે તો જુદી વાત છે, પણ ભાગવતરૂપે આપણે ત્યાં સેવામાં બિરાજતા હોય તેવી પ્રણાલી નથી. મને લાગે છે કોઈ નિષેધ પણ નથી. એટલે કોઈકને ઘેર બિરાજતા જ હોય ભાગવતજી સેવામાં તો પ્રસાદ લઈ શકાય. બાકી ભાગવતજીને સેવામાં પધરાવવાનો આપણે ત્યાં રિવાજ નથી. શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષરરૂપે ઘણે ઠેકાણે શ્રી ભાગવતજી સેવામાં બિરાજે છે તો આચાર્યભાવથી એમની સેવા થાય છે, પુરુષોત્તમભાવથી નહિ. પણ જેમ કે ભાગવતજીની સમાહ બેસે તેમાં પ્રતિદિવસ શાસ્ત્રીય પદ્ધતિથી ભાગવત્ પૂજન થાય તે વખતે ભોગે ય ધરાવાય અને તે પ્રસાદ લેવામાં આપણને ય કોઈ જાતનો વાંધો હોતો નથી.

**પ્રશ્ન :** આપે કહ્યું કે મોટાઓએ આપ્યું તેનો દુરુપયોગ કે અનુપયોગ ન કરવો જોઈએ, તો 'જસકી તસ રખ દીની ચદરિયા' એ અનુપયોગનો ભાવ પુષ્ટિભક્તિનો ભાવ છે ?



**ઉત્તર :** પ્રભુએ આપણને જે કાંઈ આપ્યું તેનો અનુપયોગ ન કરવો જોઈએ; જેમ આપણને પૈસા આપ્યા અને આપણે દાટીને રાખી દીધા ક્યાંક જમીનમાં તો ન આપણે ખાધા ન કોઈને ખાવા દીધા. ધનની ત્રણ ગતિ છે : દાન, ભોગ અને નાશ. ત્રણમાંથી પહેલી બે ગતિ ન થાય તો નાશ જ થાય. પ્રભુએ આપણને દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, અહંતા, મમતા; વગેરે જે કાંઈ સામર્થ્ય આપ્યું તેનો આપણે અનુપયોગ કે દુરુપયોગ ન કરવો જોઈએ એ સિદ્ધાંત મેં તમને બતાવ્યો હતો.

ચદરિયા એટલે દેહ. પ્રભુએ મને બાલ્યાવસ્થાનો દેહ આપ્યો. જેમાં કોઈ કામાદિના વિકાર નહિ તેવો શુદ્ધ દેહ પ્રભુએ મને આપ્યો. હવે કામાદિના ચક્કરમાં પડ્યા વિનો જો હું આને પ્રભુને સુપરત કરી શકું તો તેને કબીર કહે છે, 'જસકી તસ રખ દીની ચદરિયા.' તેનો અર્થ એ નથી કે મેં આનો ઉપયોગ ન કર્યો કે આનો દુરુપયોગ કર્યો; વાપર્યો પણ એવી સિફતથી વાપર્યો કે વાપરતાં આમાં કોઈ ડાઘ ન પડ્યો. મહાપ્રભુજી આજ્ઞા કરે છે ''ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત્ !'' જે પુષ્ટિ સૃષ્ટિ છે તે તો ભગવત્સેવાર્થ જ પ્રકટ થઈ છે અને ભગવત્સેવા કરે તો સમજવું કે આ પુષ્ટિ સૃષ્ટિ છે, નહિ તો સમજવું કે કાંઈક કડબડ છે, પુષ્ટિ જીવ દેહાદિનો બીજે ઉપયોગ ન કરે તો જસ કી તસ રખ દીની ચદરિયાંનો સીધો મતલબ છે કે જે સેવા માટે પ્રભુએ મને દેહ આપ્યો, સામર્થ્ય આપ્યું તેને મેં બીજામાં ન ખર્ચ્યું અને પ્રભુની સેવામાં ખર્ચ્યું; તેનો અન્યત્ર ઉપયોગ કરી તેના પર ડાઘ ન પડવા દીધો.

**પ્રશ્ન :** આપણે ત્યાં મંદિરોમાં ધ્વજા, કળશ નથી ચઢતા અને શ્રીનાથજીમાં તથા મર્યાદામાર્ગીય મંદિરોમાં ધ્વજા, કળશ ચઢે છે તેનું શું કારણ ?

**ઉત્તર :** આપણે ત્યાં પુષ્ટિમાર્ગમાં ઠાકોરજીની ગૃહસેવા છે; મંદિરસેવા છે જ નહિ; પણ શ્રીનાથજી આરંભથી જ મહાપ્રભુજીના ઘરમાં કદી બિરાજ્યા જ નહિ. વાર્તા વાંચશો તો ખ્યાલ આવશે કે બંગાળીઓએ સેવા કરી, જેમને બ્રહ્મસંબંધ પણ ન હતું અને જેઓ શાક્ત હતા, દેવીની ઉપાસના કરતા હતા. શ્રીનાથજીએ સ્વયં ઈચ્છા કરી કે હું ઘરમાં નથી બિરાજવા માંગતો, જગતમાં પૂજાવા માંગુ છું. મહાપ્રભુજી શું કરે પછી, માલિકનો તો કોઈ માલિક નહિ ને. વાર્તામાં આવે છે કે મહાપ્રભુજીએ પૂછ્યું 'બાબા, આપકી કહા ઈચ્છા હે ?'' ત્યારે શ્રીનાથજીએ કહ્યું 'જગતમેં પૂજાયવેકી.' શ્રીજીએ જાણે મહાપ્રભુજીના સિદ્ધાંતના ચીર હરી લીધા. તો શ્રીજીનું ઉદાહરણ આપણે ત્યાંના સિદ્ધાંતનું ઉદાહરણ નથી, ભગવદિચ્છાનું ઉદાહરણ છે. તેથી જ શ્રીજીના મંદિર પર ધ્વજા છે, કળશ છે, રાતના જાગરણ નથી થતું, ચાતુર્માસમાં પણ આપ બેંગન આરોગે છે, - કેમ ? કેમકે શ્રીજી કોઈના ઘરમાં બિરાજતા જ નથી, મંદિરમાં બિરાજે છે. આ વ્યવસ્થા મહાપ્રભુજીના વખતથી જ છે. તેથી જ શ્રીગુસાંઈજી વ્રજમાં પધાર્યા તો જતિપુરામાં ઘર ન માંડી ગોકુળમાં ઘર માંડ્યું અને

ઘરના ઠાકુર નવીનતપ્રિયાજીની સેવા કર્યા પછી શ્રીજીની સેવા કરવા પધારતા; શ્રીજી સાથે મંદિરનો જ વ્યવહાર રાખ્યો. શ્રીજી સ્વયં મંદિરમાં બિરાજવા ચાહે તો શ્રીગુસાંઈજી બીજું શું કરે ?

વ્રજલીલામાં પણ તમે જાણો જ છો કે પ્રભુ દ્વારકા પધાર્યા તો વ્રજભક્તો શું ચાહત તો દ્વારકા ન જઈ શકત ? અને જાત તો શું પ્રભુ તેમને નગરમાં આવવા ન દેત ? પણ વ્રજભક્તોનું ભક્તિમય સ્વાભિમાન એવું હતું કે વ્રજમાં રહી પ્રભુના વિરહમાં રોતા રહ્યા પણ દ્વારકા તો ન જ ગયા. તેમની એ જીદ્ હતી કે મારા ઘરમાં આવો, હું મારા ઘરમાં સેવા કરું. હું ત્યાં સેવા કરવા નહિ જાઉં. તેથી વ્રજમાં રહી ઉદ્ધવજીને પૂછ્યું કે અહીં ક્યારે પધારશે ? અમને યાદ કરે છે કે નહિ ? પણ તો ય દ્વારકા તો ન જ ગયા. તેમ જે પુષ્ટિભક્ત છે તે ઘરમાં સેવા કરે છે અને પૂછે છે કે શ્રીજી ક્યારેક યાદ કરે છે કે નહિ ? શ્રીજી તો શરૂઆતથી જ ઘરમાં નથી બિરાજ્યા. આખા ૫૦૦ વર્ષનો ઇતિહાસ જોઈ લો કે શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી તોય ન બિરાજ્યા, શ્રીગુસાંઈજીએ કહ્યું તો ય ન બિરાજ્યા, શ્રીગિરિધરજી તો ઘરમાં પધરાવી લાવ્યા તો ય ન બિરાજ્યા, અને સિંહાડ પધાર્યા પછી ય તિલકાયતનો ઇતિહાસ તમે વાંચો તો ખ્યાલ આવશે કે દરેક બીજી ત્રીજી પેઢીએ જે તિલકાયત થયા તેમણે એ સંઘર્ષ કર્યો છે કે કોઈ રીતે શ્રીજી ઘરમાં બિરાજી જાય, પણ નથી બિરાજ્યા. છેલ્લે વર્તમાન તિલકાયત સુપ્રીમ કોર્ટ સુધી લડીને હારી ગયા કે એ ઘરનો ઠાકુર નથી. હવે એ જગતમાં પૂજાવા ચાહે તો એમનું કોણ માલિક ? શ્રીજીનું કોઈ કામ સિદ્ધાંત નથી, શ્રીજીની ચર્ચા આપણાથી ન થઈ શકે. તેમની લીલાનું મહાપ્રભુજીના ગ્રંથોથી વિવેચન ન થઈ શકે. તેથી જ આપણે શ્રીજીની નકલ ન કરી શકીએ, તે સમજો.

સંપ્રદાયનું દુર્ભાગ્ય છે કે દરેક વ્યક્તિ આજે પોતાના મંદિરને શ્રીનાથજીની નકલ કરી ચલાવવા ચાહે છે. તેનો સીધેસીધો મતલબ મારા મતે એ છે કે તમારે ઘેર વ્રજના ઠાકુર બિરાજી રહ્યા છે અને તમે તેમને કહી રહ્યા છો કે પ્રભુ દ્વારકા પધારો. તેનું સીધું પરિણામ એ આવ્યું કે ગોસ્વામી મહારાજોના જેટલા ઘર હતા તે આજે પબ્લિક ટ્રસ્ટ મંદિર થઈ ગયા. ગોસ્વામી મહારાજો પૂજારી થઈ ગયા. અમે ક્યારેય પૂજાના અરિ નહોતા, અમારા ઘરનો ઠાકુર અમારા માથે બિરાજતો હતો, અમે કદી પ્રભુને માથે બિરાજતા નહોતા; પણ આવી દુર્ગતિ અમારી થઈ ગઈ કેમકે અમે શ્રીનાથજીની નકલ કરી અમારા મંદિરો ચલાવવા ચાલ્યા. અમારે ત્યાં અને વૈષ્ણવોને ત્યાં પણ ગૃહસેવા હતી. ''ઘરકે ઠાકુરકે સૂત જાયો, નંદદાસ તહાં સબ સુખ પાયો માઈ આજ બધાઈ.'' તો આપણે તેની વધાઈ લેતા હતા કે અમારા ઘરમાં ઠાકુર પાટ બિરાજે છે. ઘરનો ઠાકુર છે તેથી ઠાકુર કહેતા હતા, ઘરનો માલિક કહેતા હતા. આજે આપણે તેમને ઘરમાં રાખવા નથી માંગતા તેમનું ટ્રસ્ટ કરવા માંગીએ



છીએ, તેમને રજિસ્ટર કરીએ છીએ. આપણે ઇન્કારીએ છીએ કે તેઓ મારા નથી, પબ્લિકના છે. તમે પોતાના બેટાને ઇન્કાર્યો કે આ મારો બેટો નથી, પબ્લિકનો બેટો છે ? તમે પોતાની વહુજીને ઇન્કારી કે આ મારી વહુજી નથી, પબ્લિકની વહુજી છે ? તો પછી ઠાકુરને કેવી રીતે ઇન્કાર્યો કે આ મારો નથી, પબ્લિકનો ઠાકુર છે ? જો કોઈ મને પૂછે તો હું કહીશ કે ખરેખર પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષ આજે પૂરા થઈ ગયા કે વલ્લભાચાર્યના વંશમાં હોવા છતાં અને આ વાત કહેવી પડે કે ઠાકુર અમારો નથી, પબ્લિકનો છે. અને પબ્લિક પણ એવી દિઙ્મૂઢ થઈ ગઈ કે એમ સમજી બેઠી કે ગોસ્વામીઓનો ઠાકુર પબ્લિકનો ઠાકુર છે અને પોતે સેવા નથી કરતી. આ કેવી ઘેલછા આવી ગઈ સંપ્રદાયમાં ! આ અર્થમાં ૫૦૦ વર્ષ પૂરા થઈ ગયા !

વલ્લભાચાર્યની કીર્તિ એટલી બધી વિમલવિશદ કીર્તિ છે કે જે ૫૦૦ વર્ષમાં સીમિત રહી શકે તેવી નથી. આપનો સિદ્ધાંત એવા સુદૃઢ પાયા પર ઊભો છે કે ૫૦૦ વર્ષમાં તેને ડગાવી શકે તેવો કોઈ પેદા થયો નથી. કેટલાકો રડી રડી રહ્યા છે કે ૨૫-૨૫ વર્ષથી અમે પ્રયાસ કરી રહ્યા છીએ વલ્ભસંપ્રદાયને ખતમ કરવાનો. એક વ્યક્તિએ કહ્યું કે એક જાણીતા ઉપદેશકે સ્વયંએ મને આ વાત કહી કે મહાપ્રભુજીએ કેવા પાયા પર આ પુષ્ટિમાર્ગ ચલાવી દીધો છે કે ૨૫ વર્ષના પ્રયાસ પછી ય પુષ્ટિમાર્ગને કશું નથી થયું ! હજીય વૈષ્ણવો એવા ને એવા જ ફરી રહ્યા છે. આશું ચક્કર છે ? એ પાયા કોઈ મનની તૂત નથી, પ્રમાણચતુષ્ટયીના પાયા છે : ''વેદા શ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તત્ચ્ચતુષ્ટમ્.'' મહાપ્રભુજી ડંકાની ચોટ પર કહે છે : ''અર્થોયમેવ નિખિલૈરપિ વેદવાક્યૈઃ રામાયણૈઃ સહિતભારતપંચરાત્રૈઃ અન્યૈશ્ચ શાસ્ત્રવચનૈઃ સહ તત્વસૂત્રૈઃ નિર્ણીયતે સહૃદયં હરિણા સદૈવ.'' વેદનો, મહાભારતનો, રામાયણનો, ગીતાનો-બધા શાસ્ત્રોનો નિચોડ એ છે કે જે મેં કહ્યું છે. મેં મારી મનઘડંત કોઈ વાત કહી નથી.

આટલા સુદૃઢ પાયા પર ઊભેલા પુષ્ટિમાર્ગના ભવનની આપણે ભીંતો તોડી નાખી, કેમકે આપણે તેમાં ઊધઈની જેમ લાગી ગયા, આપણે તેમાં જીવવું ન ચાહ્યું, આપણે ભીંતો અને પાયાનો વિવેક ન રાખીને નુકસાન પહોંચાડ્યું. મહાપ્રભુજીએ આપણને એ વાત સમજાવેલી કે આપણા ઘરમાં સેવા કરવી જોઈએ. ''બ્રહ્માભાવાત્તુ ભક્તાનાં ગૃહ એવ વિશિષ્યતે'' ''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્ય અયમેવ ધર્મો હિ નાન્ય ક્વાપિ કદાચન.'' આપણો ધર્મ વ્રજાધિપની સેવા છે, બીજો કોઈ ધર્મ નથી પુષ્ટિમાર્ગીની હેસિયતમાં. આપણે તે સિદ્ધાંતને ભૂલી ગયા. આપણે તે સિદ્ધાંતને ભૂલી ગયા કે ''ગૃહસુશ્રૂષણં મહ્યં દાસવદ્ અમાયયા.'' આપણે આપણી ગૃહસેવાને ધંધામાં પરિવર્તિત કરી દીધી, ઠાકુરને શોપિંગ સેન્ટરમાં ઊભો કરી દીધો-એના ફલ આજે ભોગવી રહ્યા છીએ. આ 'ઝેર તો પીધા

જાણી જાણી' છે. આપણે મહાપ્રભુજી સાથે વિશ્વાસઘાત કર્યો છે મહાપ્રભુજીના સિદ્ધાંત ન પાળીને. બાકી મહાપ્રભુજીનો સિદ્ધાંત તેવો ન હતો. એ સનાતન સિદ્ધાંત છે. પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષ પૂરા નથી થઈ શકતા, આપણા હૃદયમાં પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષ પૂરા થઈ શકે છે. આપણે આ માર્ગ પર ચાલતા ચાલતા બીમાર પડી ગયા છીએ કેમકે મહાપ્રભુજીએ ચાલવાના જે નિર્દેશન આપ્યા તે આપણે ઠીક રીતે ન સ્વીકાર્યા. આ વાત સમજી લો કે શ્રીનાથજીની નકલ ન થાય, ન થાય ને ન થાય. જેમ જગદીશમાં કોઈના પણ હાથની સખડી લઈ શકાય તો તેથી બધી જગ્યાએ ન લેવાય. પ્રભુની લીલાનું આપણે અનુકરણ કરવા જઈએ તો તો જેલમાં જવાનો વારો આવે. પ્રભુની આજ્ઞાનું અનુસરણ કરવાનું હોય, લીલાનું અનુકરણ નહિ. આ વાત ધ્યાનમાં રાખો. તો પુષ્ટિમાર્ગ શાશ્વત સનાતમ માર્ગ છે.

**પ્રશ્ન :** આપશ્રીએ આજ્ઞા કરી કે ગુરુઆજ્ઞા શિરોમાન્ય કરવી; પણ કેટલીક વખત આજ્ઞા જીવની કસોટી કરવા માટે થતી હોય તો પછી કેવા પ્રકારનો વિવેક રાખવો ?

**ઉત્તર :** એક જ વિવેક અને કસોટી કે મહાપ્રભુજીએ ગ્રંથમાં જે વાત લખી છે તેના પર કસીને જોઈ લો. સાચી હોય તો ગુરુઆજ્ઞા છે અને સાચી ન હોય તો બાલકઆજ્ઞા છે.

**પ્રશ્ન :** હૃદયમાં પ્રભુના પરિશ્રમના વિચારથી તથા અલૌકિક ઉદ્વેગને કારણે ભગવન્નામમાં કે સેવામાં ચિત્તવૃત્તિ નથી લાગતી તો તેની નિવૃત્તિ માટે શું કરવું ?

**ઉત્તર :** આપણે ત્યાં તો બસ એક જ વાત શ્રીમહાપ્રભુજીએ બતાવી છે કે "સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિઃ દૃઢા ભવેત્ યાવજ્જીવં તસ્ય નાશો ન કવાપિ ઇતિ મતિર્મમ." જેટલી બને તેટલી સેવા અને કથામાં પોતાની જાતને તન્મય બનાવો, તમારો કદીય નાશ નહિ થાય.

પ્રથમ શ્લોકમાં કોઈપણ ચિંતા—લૌકિક કે અલૌકિક, પોતાના માટે કે ભગવાનના માટે, ભક્તિની સાધના કે ભક્તિના ફલ માટે – કરવી નહિ એવો શ્રીઆચાર્ય ચરણે જે ઉપદેશ આપ્યો તેનો આપણે વિચાર કર્યો.

# પ્રવચન તા. ૩૦-૮-૮૪

## બીજો શ્લોક

હવે આમ જો બધા વિચારવા મંડે તો પુષ્ટિમાર્ગમાં સ્વચ્છંદતયા લોકો વ્યવહાર કરતા થઈ જશે અને અંતે બહિર્મુખ થઈ જશે ! આનો ઉકેલ આપતા શ્રીમહાપ્રભુજી કહે છે 'નિવદેનં તુ સ્મર્તવ્યં.....'

**મૂલ :** નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈઃ જનૈઃ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥ ૨ ॥

**અન્વયાર્થ :**

| | |
|---|---|
| તાદશૈઃ જનૈઃ | : તેવા આત્મનિવેદી લોકોએ |
| નિવેદનં તુ | : પ્રભુ સમક્ષ કરેલા પોતાના આત્મનિવેદનનું તો |
| સર્વથા | : આવશ્યકતયા |
| સ્મર્તવ્યં | : સ્મરણ-ચિંતન કરવું જોઈએ. |
| સર્વેશ્વરશ્ચ સર્વાત્મા | : અને પ્રભુ કેવળ સર્વેશ્વર જ નથી પણ સર્વાત્મા પણ છે તેથી |
| નિજેચ્છાતઃ | : નિજેચ્છાથી |
| કરિષ્યતિ | : જે કરવું યોગ્ય હશે તે કરશે જ. ॥ ૨ ॥ |

**ભાવાર્થ :** હંમેશા બધી રીતે જો આપણા આત્મનિવેદનથી સિદ્ધ થયેલ ભગવદીયતાનું અનુસંધાન જાળવી રાખીશું તો પ્રભુ ક્યારેય આપણી લૌકિકી ગતિ નહિ જ કરે. કોઈક જાતની અશક્તિને કારણે જો ભગવત્સેવાસ્મરણ પુષ્ટિજીવથી ન નભતા હોય તો પણ આત્મનિવેદનનું અનુસંધાન તો કરતાં જ રહેવું જોઈએ. જેઓ ભગવત્સેવાસ્મરણ નભાવી શકતા હોય તેઓને પણ આત્મનિવેદનનું અનુસંધાન તો કરતાં જ રહેવું જોઈએ, કેમકે તે સ્વચ્છંદતા દોષને દૂર કરવા આવશ્યક છે. અથવા એમ પણ અર્થઘટન થઈ શકે કે જેઓ આત્મનિવેદનના લીધે સર્વથા-સંપૂર્ણપણે ભગવત્પરાયણ બની ગયા હોય તેઓની સાથે હળીમળીને આત્મનિવેદનનું અનુસંધાન કરવું જોઈએ. આથી સંગદોષનું પણ વારણ થઈ

જાય છે. તેમ જ જેઓ આત્મનિવેદી નથી તેઓની વચ્ચે આપણા આત્મનિવેદન જનિત ભાવોને ગુપ્ત રાખવા જોઈએ. ક્યાંક 'સર્વથા'ના ઠેકાણે 'સર્વદા' પાઠ પણ મળે છે. તે પાઠને સ્વીકારીએ તો આત્મનિવેદનનું અનુસંધાન નિરંતર કરતા રહેવું એવો અર્થ થાય છે, કેમકે આ અનુસંધાન છૂટતાં જ આસુરાવેશ થવાની ભીતિ છે.

''અલૌકિક અથવા તો લૌકિક વસ્તુ માટે પ્રભુને પ્રાર્થી શકાય કે નહિ ?'' નો જવાબ 'ના'જ છે. જેઓએ આત્મનિવેદન કર્યું છે તેઓ બધાના પ્રભુ ઈશ્વર છે. તેમજ આત્મનિવેદીઓના આત્મારૂપ પણ પોતે પ્રભુ જ બની જાય છે. તેથી સેવક જેમ જેમ વધારે પ્રપન્ન-શરણાગત થાય તેમ તેમ પ્રભુ પણ પોતાના અંગીકૃત જીવોનું સ્વામિત્વ વધારે વધારે પ્રકટ કરતા થતા જાય છે. તેથી તેવા જીવના હિતસંપાદનમાં પ્રભુને પ્રાર્થનાની અપેક્ષા રહી જતી નથી. અથવા એમ પણ અર્થઘટન થઈ શકે છે કે પ્રભુ તો કાલ-કર્મ-સ્વભાવ, વગેરે દરેકના સ્વામી છે, તેથી કાલાદિકૃત પ્રતિબંધ પ્રભુના સેવકો માટે સંભવતો જ નથી જો પ્રભુને ફલદાનની ઈચ્છા હોય તો. આથી પુષ્ટિજીવ પ્રાર્થના કરે તો પણ ફલદાન તો પ્રભુ પોતાની ઈચ્છાથી જ કરતા હોય છે; તેથી પ્રાર્થના કરવી નહિ. અથવા બીજી રીતે જોતાં એમ પણ કહી શકાય કે પ્રભુને આત્મનિવેદન કરનારા જીવો નિજસેવક બની જાય છે એટલે એવા નિજસેવકોની પ્રચુર ઈચ્છા તો પ્રભુપ્રાર્થનાની અપેક્ષા રાખ્યા વિના પૂરી કરતા હોય છે. તેથી પ્રાર્થના કરવી આવશ્યક નથી. આમાં કાળજી રાખવા જેટલું આ જ કે સેવકની ઈચ્છા વિકૃત=સોપાધિક ન હોવી જોઈએ. ॥ ૨ ॥

**વ્યાખ્યાન :** શ્રીગુસાંઈજી બીજા શ્લોકનો વિષય ઉઠાવતા એવો પ્રશ્ન પૂછે છે કે ''એવં ચેત્ સ્વાચ્છન્દ્યવ્યવહારાપત્યા બાહિર્મુખ્યં સ્યાત્.'' જો લૌકિક કે અલૌકિક કોઈપણ ચિંતા કરવી નહિ એવો ઉપદેશ કોઈકને ગળે ઊતરી ગયો તો પછી જીવનમાં સ્વચ્છંદતા આવી જશે, કેમકે મન ફાવે તેમ લોકો કરશે અને કોઈ વાતની ચિંતા જ નહિ કરે. 'સેવા નથી કરતા.' 'કેમ નથી કરતા ?' 'કેમકે ચિંતા કાપિ ન કાર્યા – સેવાની ચિંતા કરવાનું કહ્યું છે ક્યાં ?' આપણે ભેટ લેતા હોઈશું ને કોઈ કહે કે તે સિદ્ધાંતવિરુદ્ધ છે તો ય આપણે લેતા રહીશું, કેમ ? તો કે મહાપ્રભુજીએ કહ્યું છે ચિંતા કાપિ ન કાર્યા. આપણે ઘરને બદલે બજારમાં સેવા કરવા માંડશું ને કોઈ પૂછશે તો કહીશું 'ચિંતા કાપિ ન કાર્યા.' આમ કોઈપણ ચિંતા ન કરવાનો ઉપદેશ બહુ ગંભીર ઉપદેશ છે અને બધાની સામે જો આ રહસ્ય ખોલી દેવામાં આવે તો તેનો લોકો દુરુપયોગ કર્યા વિના રહે નહિ. બધાનો વ્યવહાર સ્વચ્છંદ થઈ જાય, કોઈ જાતનું નિયમન કોઈના પર રહી ન જાય. તે સ્થિતિમાં શું કરવું ? હવે જો આપણે સંપ્રદાયમાંથી, વિચારમાંથી, વ્યવહારમાંથી, વ્યક્તિમાંથી સ્વચ્છંદતા હટાવવી હોય તો ચિંતા પેદા કરવી જ પડશે. આ સિદ્ધાંતાનુસાર નથી થઈ રહ્યું તેવી બીક તો થોડી મનમાં પેદા કરવી જ પડશે. જે સિદ્ધાંતવિહોણી આપણી રીતભાતો છે તેનાં દુષ્પરિણામોની આપણને



ચિંતા કરવી પડશે; પણ જો ચિંતા કરીએ તો ''ચિંતા કાપિ ન કાર્યા.'' એ મહાપ્રભુજીના વચનનો બાધ થાય ! આમ ચિંતા કરતાં વચનનો બાધ થાય અને ન કરતાં વ્યવહાર, વિચાર, વ્યક્તિ અને સમાજમાં સ્વચ્છંદતા આવે એમ બંને બાજુથી ઘેરાવો છે. તેનું નિરાકરણ કેવી રીતે કરવું ? એનો પણ શ્રીમહાપ્રભુજીએ સરખો ઉપદેશ આપ્યો છે.

મનમાં વાત જચી ગઈ ને કહી દીધું કે ચિંતા નહિ કરો; પછી થવાનું હોય તે થાય-ચઢ જા બેટા શૂલીપે ખુદા ભલા કરેગા-એવી ઉપદેશપ્રણાલી આપણા શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજીની નથી. જ્યારે કોઈ એક ઉપદેશ કે આદેશ આપ આપે છે તો તેના દરેક પાસાંનો વિચાર કરીને આપે છે. જેમ રોટલીને આગળ-પાછળ બધેથી શેકીને આપણે ખાઈએ; કાચીય ન ખાઈએ અને એટલી બધી શેકીનેય નહિ કે બળી જ જાય આખી. તે રીતે આપ પરિપક્વ કરી આપણને ઉપદેશ આપે છે. આપણે ચિંતા ન કરીએ તો ય આપણા વ્યવહારમાં સ્વચ્છંદતા ન આવે તેવી પરિપક્વતા કેવી રીતે આવે ? તો તે માટે શ્રીમહાપ્રભુજીએ બીજો શ્લોક લખ્યો છે : 'નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈઃ જનૈઃ સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ.'' જ્યારે તમને કોઈપણ જાતની ચિંતા સતાવે-લૌકિક હેતુઓની પૂર્તિની કે અલૌકિક હેતુઓની પૂર્તિની, સ્વાર્થની કે ભગવદર્થની-ત્યારે ચિંતા ન કરવી પણ તમે જે આત્મનિવેદન કર્યું છે તેનું ચિંતન કરો, સ્મરણ કરો, એમ શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે. તે સાચો ઉપાય છે, ચિંતા સાચો ઉપાય નથી. 'સર્વથા' એટલે દરેક રીતે આત્મનિવેદનનું ચિંતન કરો.

સંસ્કૃતમાં એક દેહલીદીપન્યાય છે કે ઉંબરા પર દીવો મૂકો તેનો આ ઓરડામાં ય પ્રકાશ જાય અને પેલા ઓરડામાંય પ્રકાશ જાય. તો સર્વથા શબ્દ મહાપ્રભુજીએ દેહલીદીપન્યાયથી મૂક્યો છે. ''નિવદેનં તુ સ્મર્તવ્યં સર્વથા.'' આ બાજુ પણ જોડાય અને ''સર્વથા તાદશૈઃ જનૈઃ'' આ બાજુ પણ જોડાય. જેમણે પોતે આત્મનિવેદન કર્યું છે, જેઓ પોતે આત્મનિવેદનના ભાવને જાળવી શકે છે અને જીવનમાં અમલમાં લાવી શકે છે તેમનો સંગ સાધીને તેમના સહયોગથી તમે પોતાના આત્મનિવેદનના ભાવનું અને સિદ્ધાંતનું ચિંતન કરો, માર્ગનું ચિંતન કરો. તમે તેવા ભગવદીય સાથે સતત આત્મનિવદેનનું ચિંતન કર્યું તો બસ વાત બની ગઈ. પછી તમને પોતાની મેળે સમજમાં આવવા મંડશે કે મારે શું કરવું જોઈએ અને હું શું કરી રહ્યો છું. ''ભક્તિની સાધના કરવી છે તો શું કરવું ?'' ''ફળ મેળવવું છે તો શું કરવું ?'' ''સ્વાર્થને હાનિ થઈ રહી છે તો શું કરવું ?'' ''સેવ્ય સ્વરૂપની બાબતમાં કાંઈક અડચણ છે તો શું કરવું ?'' એ જ કરવું કે ''નિવદેનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈ જનૈઃ.'' નિવેદનનું સર્વથા સ્મરણ કરવું અને સર્વથા જેમણે આત્મનિવેદન જીવ્યું છે તેવા જનો સાથે સ્મરણ કરવું. તેના સંગમાં પોતાના આત્મનિવેદનના ભાવને હૃદયમાં સુદૃઢ બનાવવાનો પ્રયાસ કરો ચિંતન વડે. બસ, દરેક વાતનો ઉપાય તમને મળી રહેશે.

ચાર-પાંચ દિવસથી સતત હું તમને કડવી વાત કહી રહ્યો છું પણ હું તમને એટલી ચોક્કસ બાંહેધરી આપું છું કે જે કાંઈ કટુતા ઉત્પન્ન થઈ રહી છે તેમાં મારો વ્યક્તિગત કોઈ રાગદ્વેષ પણ નથી અને સ્વાર્થ પણ નથી. તમે માનો કે ન માનો, મારી સામે બસ આ એક જ વાત છે કે ''નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા.'' જે કપરી સ્થિતિ આવી છે સંપ્રદાયમાં એમાં આપણે શું કરી શકીએ ? નિવેદનનું સ્મરણ કરી શકીએ. આ નવરત્ન ગ્રંથના માધ્યમથી આપણે તે જ કરી રહ્યા છીએ. તમે મને પ્રચવન કરવા બોલાવ્યો. મને પ્રવચનની રુચિ કે ઉત્કંઠા નથી અને મને આ પદ્ધતિ બહુ ગમતી ય નથી. પણ કોઈ બોલાવે ત્યારે હઠ કે દુરાગ્રહપૂર્વક ન જઈને આપણા સંપ્રદાયના સિદ્ધાંતને ન કહેવો એવું મને મહાપ્રભુજીએ સમજાવ્યું નથી. એટલે કોઈ બોલાવે તો જે મહાપ્રભુજીનો સિદ્ધાંત છે તે મારે કહેવો તેવા હેતુથી હું કહું છું. હવે કોઈને પાઘડી પોતાના માથે બંધબેસતી લાગતી હોય તો મને નથી બીક કે નથી તેઓ ન પહેરે તેવો આશય. પણ હું કોઈકને પહેરાવવા માટે કોઈ પાઘડી લઈને અહીંયાં આવ્યો નથી એટલું હું ચોક્કસ કહું છું.

તો મહાપ્રભુજીનો સિદ્ધાંત તમને સમજાવી રહ્યો છું, અને તે એ કે 'નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા.'' ભગવાન ગીતામાં કહે છે : ''યથેચ્છસિ તથા કુરુ'' મારું કામ ગીતા સંભળાવવાનું, તે મેં સંભળાવી, હવે તારે જેમ કરવું હોય તેમ કર, લડવું હોય તો લડ, નહિ તો નહિ. એમ મારું કામ સમજાવવાનું. તમે આનો વિમર્શ કરો કે મહાપ્રભુજીએ તમને શું કીધુ છે, પછી જે મનમાં આવે તે કરો. તમારી અંદર બેઠેલો અંતર્યામી જેમ તમને પ્રેરણા આપે તેમ કરો. હું તો વારંવાર તમને કહી રહ્યો છું કે હું કહું તેથી કરવાનું નથી, તમારા ગુરુ જેમ આજ્ઞા આપે તેમ કરો. હું કંઈ તમને આજ્ઞા આપવા નથી આવ્યો. મારે ય એ તો કબૂલ કરવું પડશે કે હું 'સર્વથા તાદશીજન' નથી. નિવેદનના બધા સિદ્ધાંતો હું ય અમલમાં નથી લાવી શક્યો, પ્રયાસ કરું છું છતાં. હવે જો મારા જ અમલમાં ન આવે તો તે માટે હું તમને કેવી રીતે વઢી શકું ? અને એટલો હું બીકણ પણ નથી કે જે મહાપ્રભુજીની વાણી હું તમને સમજાવું તેને હું વ્યાસજીના પોથીમાંનાં રીંગણાં સમજું. મારું હૃદય સ્પષ્ટ છે કે તમે મહાપ્રભુજીનો સિદ્ધાંત જાણવા માંગો છો તેથી તમારી વચ્ચે હું આ સિદ્ધાંતોને વાગોળી રહ્યો છું. તમે ન જાણવા માંગતા હોત તો ઘરે બેસીને પણ હું આ જ સિદ્ધાંતોને વાગોળત. બીજા કોઈ સિદ્ધાંત મારે માટે વાગોળવાના નથી, કેમકે જેમ તમે કેટલાક સિદ્ધાંતોને જીવનમાં નથી ઉતારી શક્યા તેમ હું ય ઉતારી નથી શક્યો; છતાંય હું મારો એ અધિકાર તો માનું છું કે 'નિવદેનં' તું સ્મર્તવ્યં' એ આજ્ઞા જેમ તમારા માટે છે તેમ મારા માટે ય છે. મારે ય તે સિદ્ધાંત વાગોળવાના રહ્યા; તમારી સાથે કે એકાંતમાં.

મારો ધ્રુવપદ સિદ્ધાંત છે ''નિવેદનં તું સ્મર્તવ્યં.'' હું તાદશી છું કે નહિ, પણ મહાપ્રભુજીની વાણી તાદશ છે. હું મહાપ્રભુજીની વાણીનો સંગ કરું છું, વ્યક્તિનો સત્સંગ



નથી કરતો, અને હું તમને એ સ્પષ્ટીકરણ આપું છું કે તમે મહાપ્રભુજીની વાણીના સત્સંગના રૂપે આને સ્વીકારતા હો તો સ્વીકારો; બાકી શ્યામુબાવાની વાણી તરીકે આને સ્વીકારતા હો તો તમે ભ્રાંત છો હોં. તેથી હું હંમેશ 'સર્વથા'ને આ તરફ જ જોડવાનું પસંદ કરું છું કે ''નિવદનં તુ સર્વથા સ્મર્તવ્યમ્'' એકાંતમાં કે તમારી સાથે નિવેદનનું સ્મરણ કરું, પણ એવો જન આજે ક્યાંથી લાવીએ કે જે સર્વથા તાદશી હોય. હશે, નહિ હોય એવું હું નથી કહેતો. શ્રીમહાપ્રભુજીની એવી વિપુલ સૃષ્ટિ છે કે અનેક એવા હશે, પણ હું તમને મારું બતાવી શકું કે ઓછામાં ઓછું મેં એ મેળવ્યું નથી કે નિવેદનના દરેકેદરેક સિદ્ધાંત જીવનમાં અમલમાં લાવી શક્યો હોઉં. પણ અમલ થાય કે નહિ, કોઈપણ સંજોગોમાં આત્મનિવેદનનું ચિંતન કરતાં રહેવું જોઈએ. જે કલ્યાણના પથ તરફ પોતાનું મુખ રાખીને ચાલે છે એ કોઈ દિવસ દુર્ગતિને પ્રાપ્ત કરતો નથી તેમ આપણે આત્મનિવેદનનું ચિંતન કરતાં રહેવું જોઈએ. જે કલ્યાણના પથ તરફ પોતાનું મુખ રાખીને ચાલે છે એ કોઈ દિવસ દુર્ગતિને પ્રાપ્ત કરતો નથી તેમ આપણે આત્મનિવેદનનું ચિંતન કરતાં રહીશુ તો આપણી લૌકિક ગતિ નહિ થાય એ જે મહાપ્રભુજીએ આપણને આશ્વાસન આપ્યું છે તેના પર મને પૂરો વિશ્વાસ છે, અને એ વિશ્વાસથી હું તમને ચિંતન કરાવું છું. આત્મનિવેદનનું ચિંતન નહિ કરીએ તો જીવનમાં ખરેખર સ્વચ્છંદતા આવશે, અને જે સ્વચ્છંદતા આવી જ ગયેલી છે તેનો અંકુશ પણ આજે કોની પાસેથી લેવા જવો ? આત્મનિવેદનનું આપણે ચિંતન કરીએ તે જ અંકુશ છે.

સ્વચ્છંદતા એટલે શું ? એક ભાઈએ મને ચિઠ્ઠીમાં ભલામણ કરી છે કે 'તમે વાતોના વડા કરો નહિ, મહાપ્રભુજીની માફક ઘેરઘેર જઈને સંપ્રદાયનો પ્રચાર કરો.' ખરેખર તમને મારા હિતની કામના તો છે, અને તમારા એ અધિકારને હું હૃદયથી માન્ય કરું છું. મને ખરેખર ખોટું નથી લાગ્યું. જ્યારે આપણે એક પરિવારના ભાવથી બેસીને દોષચિંતનરૂપે નહિ પણ આત્મનિવેદનના ચિંતનરૂપે કશું કરવાનું હોય તો જેમ હું તમને કહું અને તમને કોઈ પાઘડી બંધબેસતી હોય તો પહેરવાની ઈચ્છા થાય તેમ તમે કંઈ કહો ને એ પાઘડી મારે માથે બંધબેસતી હોય તો મારે પણ તે વિચારવું જોઈએ ને. તમે સિદ્ધાંતયુક્ત વાત કહી છે તેમાં બેમત નહિ, પણ મારે એક સૂચન કરવાનું રહ્યું કે ખરેખર જો વાતોના વડા ન ગમતા હોય તો તમારે અહીંયાં બેસવું ય ન જોઈએ; મહેરબાની કરી ઘેર જાવ ! યથાશક્તિ સેવાકથા કરો ! તમે કાનના ભાણાં મારી સામે મૂકશો તો જે વાતોના વડા બધાને પીરસીશ તે જ તમને પીરસીશ. મહાપ્રભુજીની વાતોના વડા કરી રહ્યો છું, મારી વાતોના નહિ. હું તો નિવેદનના સિદ્ધાંતની વાત તમને કહી રહ્યો છું. ગમે તો જ બેસો, નહિ તો ઘેર જાઓ. આટલો ખુલાસો કરું છું, કેમ કે સમય પુષ્કળ વેડફાઈ ગયો છે, હજારો વરસ વેડફાઈ ગયા છે. તમને મારી વાત સાંભળવામાં સમયનો વેડફાટ લાગતો હોય તો ન સાંભળો. સ્વચ્છંદતા ખરેખર એ જ છે.

ભગવાને ગીતામાં એ જ સમજાવ્યું છે : ''યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ યુક્તસ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા.'' જેનો આહાર, વિહાર, વાત, કૃતિ, સ્વપ્ન, જાગરણ બધામાં યુક્તતા હોય, સંતુલિત હોય, Out of proportion ન હોય તેને યોગ દુઃખનું હરણ કરનારો થાય છે. આપણે હદબહાર ખાધા જ કરીએ અને શૌચ ન જઈએ તો હોસ્પિટલમાં જવું પડે. તો દરેક વાતમાં યુક્તતા હોવી જ જોઈએ. આહાર - જેમ લૌકિકમાં અન્ન આહાર છે અને તેનાથી શરીરનું પોષણ થાય-તેમાં યુક્તતા જાળવવાની છે તેમ માર્ગ કે સંપ્રદાયમાં શ્રદ્ધા એ આપણો આહાર છે. ભગવત્સ્મરણ કે ભગવચ્ચિંતનની પ્રણાલી દ્વારા આપણે શ્રદ્ધાને અંદર લાવવી છે. જેમ લોકમાં અન્ન આહાર છે તેમ ભક્તિમાર્ગમાં કે બીજા કોઈપણ માર્ગમાં શ્રદ્ધા આહાર છે. પછી વિહારની પણ જરૂર પડશે. તમે કેવળ શ્રદ્ધા કેળવી લો અને કશું કરો ધરો નહિ તો તમને કબજિયાત થઈ ગઈ શ્રદ્ધાની. વિહાર એટલે જે શ્રદ્ધાથી તમે સમજ્યું છે તેને બુદ્ધિપૂર્વક અમલમાં લાવવાનો પ્રયાસ. અને એમાં યુક્તતા જોઈએ, અયુક્તતા ન જોઈએ.

જાગૃતિ અને સુષુપ્તિમાં યુક્તતા જોઈએ. સિદ્ધાંતનો જે બોધ આપણને થાય છે તે આપણી જાગૃતિ છે, અને કદાચ સિદ્ધાંતના બોધ મુજબ જીવવાનો પ્રયાસ કરીએ તેમાં થાકી જતા હોઈશું અને ક્યાંક આપણું સ્ખલન થતું હશે તો તે આપણી સુષુપ્તિ છે. સુષુપ્તિની એટલી બધી ચિંતા ન કરવી, કેમકે હમણાં માણસ સુષુપ્ત છે તે પાછો જાગશે ને પાછી સવાર થશે ને પાછું બધું કાર્ય કરશે. જાગૃતાવસ્થાના ક્રિયાકલાપોનું માનસિક અને શારીરિક દબાણ આપણે ન નભાવી શક્યા એટલે સૂવું પડે. પણ માણસ સૂઈ જાય તો પરિવારના સભ્યો રડવા નથી માંડતા, એટલી નિષ્ઠા રાખે છે કે પાછો જાગશે. તેમ વલ્લભસંપ્રદાયના અનુયાયીઓએ એટલી નિષ્ઠા રાખવી પડશે કે કોઈનું સ્ખલન થઈ રહ્યું છે તો તે સુષુપ્ત છે, પણ વાંધો નહિ, જાગીને તે કામ પર ચઢી જશે અને જાગવાની એલાર્મની ઘંટી મહાપ્રભુજીના વચનો જ હશે, બીજું કાંઈ નહિ. જગાડનારો સૂર્યોદય મહાપ્રભુજીનાં સિદ્ધાંતોનો આપણા હૃદયમાં થતો પ્રકાશ જ હશે; બીજો કોઈ પ્રકાશ આપણને જગાડવા વલ્લભસંપ્રદાયમાં સમર્થ નથી.

હજારો વર્ષોથી આપણે પ્રભુથી વિખૂટા પડ્યા, ને જેનાથી વિખૂટા પડ્યા તેને ય ભૂલી ગયા; તો કંઠી લઈને સિદ્ધાંતને ભૂલી ગયે કંઈ બહુ સમય નથી થયો, ૨૫-૩૦ કે ૫૦ વર્ષ થયા હશે આત્મનિવેદનના સિદ્ધાંતને ભૂલે, તો કાંઈ વાંધો નહિ, જ્યારે સમજમાં આવશે, જે દિવસે સિદ્ધાંતાનુસાર ગૃહસેવા કરતા થઈ જશો તે દિવસે સંપ્રદાયમાં તમારો થયેલો યોગ તમારા બધા ક્લેશ, ચિંતા, ઉદ્વેગને દૂર કરી દેશે. ભગવાન આપણને એ વચન આપે છે. શ્રીમહાપ્રભુજી આપણને એ વચન આપે છે. એટલે મને વાતોના વડા કરવા કે સાંભળવામાં વાંધો નથી; શરત એ કે વાતો મહાપ્રભુજીની હોવી જોઈએ, સિદ્ધાંતની હોવી જોઈએ, સંપ્રદાયની હોવી જોઈએ, ચિંતાનિવૃત્તિની હોવી જોઈએ, આત્મનિવેદનની હોવી જોઈએ.



બધા એકબીજાની કાળજી લઈને ચાલે તો સંપ્રદાય છે. ''હવે મરી રહ્યો છે તો મરવા દો એને'' એ વ્યક્તિવાદ થઈ ગયો, સંપ્રદાયવાદ ન રહ્યો. સંપ્રદાયનો મતલબ એ કે હું તમારી કાળજી લઉં, તમે મારી કાળજી લો.

આ જ સંદર્ભમાં મારે એક વધુ પ્રશ્નનો ખુલાસો કરવાનો રહ્યો : ''ભગવદ્ભક્તોને શ્રીમુખ નિરખ્યા વગર શાંતિ નથી તેમ શ્રીને પણ સેવકોના મુખ ઝાઝા જોવા મળે તો જ શાંતિ થાય છે. આ તો કરોડોના સ્વામી છે તો શું ખૂણામાં બેસીને રહેવાના છે ?'' વાત સાચી છે; સ્વામી તો કરોડોના છે. હકીકતમાં કરોડ સંખ્યાય ઓછી છે, સ્વામી તો અનંત કોટિ પ્રાણીઓના છે. પછી જ્યારે તમે દર્શન કરો ત્યારે ગધેડાને ય બાંધો ત્યાં. એક ઉંદરડાનેય બાંધો, એક ભેંસને ય બાંધો, કેમકે એમના સ્વામી નથી ઠાકોરજી ? માણસોને જ કેમ ભેગા કરો છો, કેવળ માણસોના જ છે ? પ્રભુ તો જગન્નાથ છે, કરોડથી કામ પૂરું નહિ થાય. ખરી હિંમત હોય તો દર્શન ખૂલે ત્યારે વાઘને લાવો, તેના ય સ્વામી છે. વાઘનું મુખ જોઈને પ્રભુને શાંતિ થશે ! તમારા પ્રત્યે પણ અહોભાવ જાગશે કે આ મારો સાચો ભક્ત કે વાઘને મારા દર્શન કરવા લઈ આવ્યો. એ તો બાળક છે, આવી લીલા એમને ખૂબ ગમશે, ક્યારેક કરશો તો. અને વાઘ તમને કાંઈ કરે તો ય નિષ્ઠા રાખો કે તમારી લૌકિક ગતિ નહિ થાય !

**પ્રશ્ન :** આનંદપ્રમોદ માટે શ્રી બધા સ્વરૂપો પધારતા હોય છે તેને આડંબર કે ભવાડો કે પ્રદર્શન કહી અટકાવનારને એ યાદ અપવાવવામાં આવે છે કે દામોદરદાસજીએ શ્રીજીને મળવા આવતા રોક્યા તે શ્રીમહાપ્રભુજીને ઘણું લાગ્યું, માટે અપરાધ ગણીને ઠાકોરજીથી દૂર પાડ્યા, આસુરવ્યામોહ લીલા વખતે સાથે લઈ જવા કહ્યું તો આપે કહ્યું કે તમારો અપરાધ દસ જન્મ પછી દૂર થશે. સ્વરૂપ નિજેચ્છાએ જ વલ્લભીજન પાસે પધારે છે, અને જે કાંઈ ક્ષતિ હશે તે મહાપ્રભુજી દૂર કરે છે.

**ઉત્તર :** દામોદરદાસજીએ શ્રીનાથજીને મહાપ્રભુજી પાસે પધારતા અટકાવ્યા તેના લીધે મહાપ્રભુજીએ ઠપકો આપ્યો એ વાત બરાબર છે. પાછળની કથા જે તમે લખી તે પાછી વાંચીને તમને કહી જણાવીશ, મારી સ્મૃતિ જરા ઓછી છે, પણ એટલું મને ચોક્કસ ખ્યાલ આવે છે કે શ્રીજીએ પોતે આજ્ઞા કરી કે તમે એને ઠપકો આપતા નહિ. દામોદરદાસે જે કર્યું તે તેના અધિકાર મુજબ કર્યું અને દસ જન્મનો અંતરાય થયો તો હું તો પુષ્કળ આશાવાદી છું, અને તેમાં ય જ્યારે શ્રીમહાપ્રભુજી આપણને કહેતા હોય કે ચિંતા કાપિ ન કાર્યા ત્યારે આપણે નિરાશાવાદી શા માટે થવું ? હજાર જન્મ જ્યારે વીતી જ ગયા છે ત્યારે દસ જન્મનો અંતરાય કાંઈ બહુ મોટો અંતરાય નથી, બહુ સાધારણ અંતરાય છે.

બીજી રહી એ વાત કે સ્વરૂપ નિજેચ્છાએ પધારે છે અને વલ્લભીયન પાસે બંધાયેલ છે એ વલ્લભાષ્ટકનો ચોથો શ્લોક તમે ટાંક્યો એ બધું ઠીક જ છે, નિજેચ્છાએ જ પધારે છે. હવે નિજેચ્છાએ જ પધારતા હોય તો પછી આપણને કશું વિચારવાનું રહ્યું જ નહિ. પણ જ્યાં

નિજેચ્છા શબ્દ છે-''સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ'' ત્યાં શ્રીગુસાંઈજીએ અને વ્યાખ્યાનકારોએ બંને અર્થ કર્યા છે કે નિજેચ્છા એટલે પોતાની ઇચ્છા અને નિજેચ્છા એટલે નિજજનોની ઇચ્છા. તો પ્રભુ પોતાની ઇચ્છાથી પધારે તો માલિકનો કોઈ માલિક થઈ શકે નહિ. જે વાત મેં તમને શ્રીજીના પ્રસંગને ટાંકીને સમજાવી હતી કે સિદ્ધાંતવિરુદ્ધ મંદિરમાં આપ બિરાજ્યા તેનો આપણાથી વિચાર થઈ શકે નહિ. પણ નિજજનોની ઇચ્છા એવો અર્થ પણ શ્રીગુસાંઈજી પ્રભૃતિ વ્યાખ્યાકારોએ કર્યો છે, એ કાંઈ હું કરતો નથી. અને ઠાકોરજીને આપણે આપણી ઇચ્છાથી કોઈ એવે ઠેકાણે પધરાવીએ તો એનો અપરાધ તો આપણને લાગે જ છે; અને એ અપરાધ લાગતો હોય તો એ વ્યક્તિને ટોકવાનો મારો કોઈ અધિકાર નથી અને તેવી મારી ઇચ્છા ય નથી; પણ એના સિદ્ધાંતની સ્પષ્ટતા મારે કરવી જ જોઈએ અને કરી જ રહ્યો છું. બાકી તો જેને જે ગમે તે કરે.

જે કાંઈ ક્ષતિ હશે તે મહાપ્રભુજી દૂર કરશે, જીવના દોષનો વિચાર આપ કરતા હશો, આપણે કરવાનો નથી-એ જો તમારી નિષ્ઠા કે સિદ્ધાંત પાકા હોય તો પછી જે હું બોલી રહ્યો છું તેમાં ક્ષતિ આવતી હશે તેનો વિચાર મહાપ્રભુજીએ કરવાનો છે, તમારે નહિ. તમારા બોલવામાં ને કરવામાં થતી ક્ષતિનો વિચાર મહાપ્રભુજી કરશે અને હું સિદ્ધાંતસમજૂતી આપી રહ્યો છું તેમાં ક્ષતિનો વિચાર પણ મહાપ્રભુજી જ કરશે, તમે નહિ કરી શકો.

ખેર, ફરી બીજા શ્લોક પર આવીએ. શ્રીગુસાંઈજી આ દ્વિતીય શ્લોકને સમજાવતા આજ્ઞા કરે છે : ''સર્વદા સર્વાંશે તદીયત્વાનુસન્ધાનેન તથા ન ભવિષ્યતિ ઇતિ ભાવઃ અશક્ત્યા સેવાદ્યસંભવે અપિ ઇદં કાર્યમેવેતિ જ્ઞાપનાય તુ શબ્દઃ'' એટલે કે જો આપણે આત્મનિવેદનનું ચિંતન સરખી રીતે કરતા રહીશું તો જીવનમાં કદી સ્વચ્છંદતા નહિ આવે, કેમકે જે સિદ્ધાંત તમે વાગોળતા રહો છો તેના કાંઈક સંસ્કાર તો તમારા હૃદયમાં પડશે, પડશે ને પડશે. તમારાથી કોઈ ક્ષતિ કદાચ થતી હશે તો આત્મનિવેદનના સિદ્ધાંતની બેટરી એવી છે કે તમને ખાડા દેખાડશે બુદ્ધિની હેડલાઇટથી. એટલે તમે કદાચ એક વખતે પડતા હશો તો બીજી વખતે સંભાળી લેવાનો પ્રયાસ કરશો. માટે આત્મનિવેદનના ચિંતનની જે બેટરી છે તે જોડીને રાખો અને પુષ્ટિમાર્ગ પર ચાલો તો બહુ વધારે ઠોકર નહિ ખાઓ એવી બાંહેધરી શ્રીમહાપ્રભુજી આપે છે; અને એ ત્યાં સુધી કે જે આત્મનિવેદન ભગવત્સેવા માટે કર્યું છે, ભગવત્સેવાનો અધિકાર મેળવવા માટે કર્યું છે, અને જે આત્મનિવેદનની સાર્થકતા સેવા કર્યા વિના થતી નથી તે સેવા કોઈ જાતની માનસિક કે શારીરિક કે પારિવારિક કે સામાજિક અશક્તિ-જે મહાપ્રભુજીએ ગણાવી છે : ''વિક્ષેપાદ્ અથવા અશક્ત્યા પ્રતિબન્ધાદ્ અપિ ક્વચિદ્ અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિસંભવે''-માંની એકમાં તમે સપડાઈ ગયા હોવાથી છોડવી પડે તો વાંધો નહિ. પણ ત્યારે કરવું શું ? તો મહાપ્રભુજી તમને સાવધાન કરે છે ''નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈઃ જનૈઃ.' તમે આત્મનિવેદનના ચિંતનને જાળવી રાખો



તો તમને ખ્યાલ રહેશે કે મેં સર્વસ્વ પ્રભુને નિવેદિત કરી દીધું છે, હવે તેને જેમ કરવું હોય તેમ કરે. તમે જો આત્મનિવેદનના ભાવને ભૂલી જતા નથી તો પછી બહુ વાંધો નહિ આવે.

અને તે ભાવ ભૂલાઈ ગયો તો પછી સેવા કરતા ય વાંધો આવે છે હોં. આત્મનિવેદનના ભાવને ભૂલીને જેઓ સેવા કરે છે તેઓ મહાપ્રભુજીના તાત્પર્યને સમજી નથી શક્યા. મેં તમને બતાવ્યું તેમ આત્મનિવેદન એ ઠેકો છે જે ઠેકામાં પ્રભુ પોતાની આનંદમય લીલાનું ગાન ગાઈ રહ્યા છે, પોતે વાંસળી વગાડી રહ્યા છે. એટલે આત્મનિવેદનના ભાવને ભૂલીને તો સેવા ય કરણીય રહી જતી નથી, અને આત્મનિવેદનનો ભાવ કાયમ રહ્યો તો કદાચ સેવા છૂટી જાય તો પણ વાંધો આવતો નથી – એ મહાપ્રભુજીનો દઢતરભાવ છે.

હવે તમે આનો અર્થ એમ ઘટાવો કે બહુ સરલ ઉપાય સમજાવી દીધો, બ્રહ્મસંબંધ લઈ લઈશું અને આખો દિવસ ગદ્યમંત્ર જપતા રહીશું, સેવાની ભાંજગડમાંથી તો છૂટ્યા ! આવો અર્થ નહિ તારવતા હોં. મહાભારત આખું સંભળાવ્યું, ને કહ્યું 'શું તારવ્યું ?' તો કહે કે દ્રૌપદી જેવી મહાસતી પાંચ પતિને પરણી શકે તો આપણને પાંચ નહિ તો બે-ત્રણ તો ચાલે ને ! મહાભારતનો સાચો અર્થ એ તારવવો જોઈએ કે પાંચ હતા છતાં વસ્ત્રહરણ થયું ત્યારે કોઈ બચાવવા ન આવી શક્યું; એકને પરણી હોત તો તે તો બચાવવા ફના થયો હોત ઓછામાં ઓછો. પણ તમે એ બોધ કેમ ન લીધો ? કેમકે હૃદયમાં આપણને કુભાવ છે. પછી કથા સાંભળી જે ગમે તે બોધ આપણે લઈ લઈએ.' તેવી રીતે સેવા છોડી આત્મનિવેદનનું ચિંતન કરવા રહીશું એમ કહેવું આત્મનિવેદનના મુખ્ય ભાવનો ઘાત કરવા જેવું છે. સેવાને છોડવા માટે આત્મનિવેદનનું સ્મરણ નથી કરવું; સેવા છૂટી જાય તો અને સેવા કરતા હોઈએ ત્યારે આત્મનિવેદનનું સ્મરણ કરવું છે. બે વાતમાં બહુ મોટું અંતર રહેલું છે. છોડવા માટે જ્યારે આપણે આત્મનિવેદનનું સ્મરણ કરીએ અને પેલી પાંચ અશક્તિ મહાપ્રભુજીએ બતાવી એમાંથી એકાદના લીધે સેવા ન નભતી હોય ત્યારે આત્મનિવેદનનું સ્મરણ કરવું એ બે વાતનો વિવેક જાળવશો તો તમને મહાપ્રભુજીનો ભાવ સમજાશે.

હવે ''સર્વશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ''ની વ્યાખ્યા કરતા શ્રીગુસાંઈજી આપણને બહુ સુંદર વાત સમજાવે છે. તમે કહેતા હતા કે એ તો કરોડોના સ્વામી છે અને નિજેચ્છાથી વલ્લભીયો પાસે આવે છે, તો અહીં ધ્યાન આપો કે ''અત્ર 'સર્વ' શબ્દઃ નિવેદિતાત્મસર્વપરઃ.'' પ્રભુ તો કરોડોના સ્વામી છે એ ભાવ પુષ્ટિમાર્ગમાં કામ નથી આવતો ભાઈસા'બ. પુષ્ટિમાર્ગમાં તો એ ભાવ કામ આવે છે કે મારો સ્વામી છે. જ્યાં સુધી એ ભાવ ન જાગે ત્યાં સુધી તમે પુષ્ટિમાર્ગમાં આવી ચઢતા નહિ, કેમકે પુષ્ટિમાર્ગ તમારા માટે નથી. મહાપ્રભુજીએ સર્વેશ્વર સર્વાત્મા કહ્યું તેનો અર્થ સમજી જાઓ સરખી રીતે. શ્રીગુસાંઈજી કહે છે કે સર્વ શબ્દનો અર્થ 'બધા જ' નથી. જેમ શ્રાદ્ધમાં બ્રાહ્મણોને ભોજન કરવા બોલાવ્યા હોય અને આપણે કહીએ ''બધા બ્રાહ્મણોને ભોજન આપો'' તો બધા બ્રાહ્મણ એટલે આખી

દુનિયામાં રહેતા બધા કરોડો બ્રાહ્મણ નહિ, જે આમંત્રિત હોય તે; તેમને ભોજન આપો. દુનિયાના બ્રાહ્મણોને જમાડી શકો એટલું તમે રાંધ્યું છે ક્યાં ઘરમાં? એટલે કરોડોના સ્વામીને તમે આવકાર નહિ આપી શકો, તમે તો તમારા સ્વામીને કહી શકશો કે ''રહિયે મેરે હી મહલ પિય અનત ન જઈએ શય્યા સામગ્રી વસન આભૂષણ સબવિધ રાખોંગી ટહલ'' એ પુષ્ટિમાર્ગનો ભાવ છે. આવી રીતે પુષ્ટિમાર્ગમાં પ્રભુને આવકાર આપવામાં આવે. એ કરોડોનો સ્વામી છે તે વાત સાચી, પણ આપણે ત્યાં તેનું મહત્ત્વ નથી; આપણે ત્યાં મારા સ્વામીનું મહત્ત્વ છે. આપણે જગન્નાથની સેવા નથી કરતા, વ્રજાધિપની સેવા કરીએ છીએ. ''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્ય ક્વાપિ કદાચન.'' જ્યારે પ્રભુ જગતને ભૂલીને વ્રજ પૂરતું જ પોતાનું આધિપત્ય સીમિત કરી શકે, બ્રહ્માંડનાયક ચોરાસી કોસમાં પોતાનું રાજ સીમિત કરી શકે ત્યારે પુષ્ટિભક્ત કહે છે કે હવે તમે સેવાલાયક થયા. તેથી પદ્મનાભદાસજીની વાર્તામાં આવે છે કે મથુરેશજી મોટા સ્વરૂપે પ્રકટ થયા તો મહાપ્રભુજીએ કહ્યું. ''આવા સ્વરૂપની સેવા કોણ કરે? નાના થાઓ.'' નાના થયા પછી કહ્યું કે હવે આપ સેવા કરવા લાયક થયા. તો એવા સ્વરૂપની સેવા કરવી જે આપણા ખોળામાં બિરાજી શકે.

તે કરોડોનો સ્વામી છે પણ કરોડમાં તમારી ગણતરી જ નહિ રહી જાય! પછી તમારી સેવાની એને ગરજ નહિ રહી જાય, તે પોતાની મેળે બધું કરી લેશે. તમને તમારો સ્વામી લાગે છે કે નહિ એ નગદ સોદાની વાત કરો. તેથી જ યશોદાજી પદમાં કહે છે: ''આંગન ખેલિયે ઝનકમનક લરિકાયૂથ સંગ મનમોહન બાલક તનકતનક, પૈયાં લાગું પરઘર જૈહોં છાંડો છિનકછિનક પરમાનંદ કહત નંદરાની બાની તનકતનક.'' તમને આ બાની નથી સંભળાતી? તો તમે પુષ્ટિમાર્ગી કેવા? જ્યારે યશોદાની વાણી તમને નથી સંભળાતી ત્યારે કેવી રીતે તમે યશોદોત્સંગલાલિતનું લાલનપાલન કરી શકશો? એ વાણીના પડઘા તમારા હૃદયમાં ન પડતા હોય તો પુષ્ટિમાર્ગમાં ન આવો, કરોડોનો જે પ્રવાહમાર્ગ છે તેમાં આનંદથી રહો. પ્રભુ તમને ત્યાં ય મળશે. પ્રવાહને પ્રવાહી રીતિથી મળશે, પુષ્ટિને પુષ્ટિરીતિથી મળશે, મર્યાદાને મર્યાદારીતિથી મળશે; પ્રભુ તો સર્વને મળે છે પણ પુષ્ટિમાર્ગમાં જો પ્રભુને મેળવવા હોય તો શ્રીયશોદાજીની વાણીનો પડઘો તમારા હૃદયમાં પડવો જોઈએ કે ''પૈયાં લાગો પરઘર જૈહોં છાંડો'' એ જો તમારા આંગણામાં નથી રમી શકતો તો પછી કાંઈક ગડબડ છે પુષ્ટિમાર્ગના હિસાબે. પછી તમે કાંઈક ગુમાવી દેશો, આત્મનિવેદનની પ્રક્રિયાથી તમારે ત્યાં જે યશોદોત્સંગલાલિત જન્મ્યો છે તેને તમે ગુમાવી બેસશો.

તેથી શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે ''તેન સેવકાઃ સર્વે યથા યથા પ્રપન્નાઃ, તથા તથા પ્રભુરપિ તેષુ અંગીકૃતસ્વામિત્વમ્ આત્મીયત્વમેવ તેષુ મનુત ઇતિ તદ્દ્હિતકૃતૌ ન પ્રાર્થનામ્ અપેક્ષતે ઇતિ જ્ઞાપ્યતે.'' કેટલી સુંદર વાત સમજાવે છે કે જ્યારે આપણે આપણા પ્રભુને



આપણો માનશું; કરોડોનો નહિ, કેવળ મારો જ છે એવો આત્મીયતાનો ભાવ પ્રભુમાં કેળવશું, ત્યારે પ્રભુ પણ એમ જ કહેશે કે તું મારો જ છે, મારા સિવાય બીજા કોઈનો નથી. તે પુષ્ટિમાર્ગ છે. પણ જ્યાં આપણે જ એમ કહેતા હોઈએ કે તું કરોડોનો સ્વામી છે તો પ્રભુ પણ કહેશે કે તારા જેવા કરોડો મારા છે. ''તૂ હૈ હરજાઈ તો અપના ભી યહી તૌર સહી તૂ નહિ ઔર સહી ઔર નહિ ઔર સહી'' કેમકે ''યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્'' ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે ''તં યથા યથોપાસતે તથૈવ ભવતિ.'' એની જેવી રીતે તમે ઉપાસના કરો તેવો એ થઈ જાય છે. તમે એને કરોડોનો સ્વામી માનો, એ કરોડોનો થઈ જશે, તમારો નહિ રહી જાય. તમે એને પોતાનો સ્વામી માનો અને જુઓ કે એ તમારો સ્વામી થઈ જાય છે કે નહિ. તેથી ''નિજેચ્છાતઃ કરિષ્યતિ''નો અર્થ શ્રીગુસાંઈજી કરે છે કે એ નિજેચ્છાથી કરે છે, જ્યારે એ કરોડોનો સ્વામી હોય છે. પણ જ્યારે એ તમારો સ્વામી છે ત્યારે એ તમારી ઈચ્છા મુજબ કરે છે. એ તમારા મનોરથોને પૂર્ણ કરે છે.

તેથી કહ્યું છે ''મનોરથાન્તં શ્રુતયો યથાસ્યુ'' તમારો મનોરથ હોય તો પૂર્ણ કરે છે, કરોડોનો મનોરથ કાંઈ પૂર્ણ નથી કરતો. એને કરોડોનો મનોરથ પૂર્ણ કરવાના કરોડો રસ્તાઓ ખબર છે. કરોડોનો મનોરથ પૂર્ણ થતો નથી, કેમકે કરોડોનો મનોરથ કદી એક હોતો નથી, દરેકનો મનોરથ પોતાના મનનો હોય, બીજાનું મન બીજાના મનોરથ કરી શકે નહિ, મનોરથ તો મનનો હોય. તમે જ્યારે એ ભાવ કેળવી શકતા નથી ત્યારે પ્રભુ પણ આ જીવ મારો છે એ ભાવ કેળવી શકતા નથી. તેથી શ્રીગુસાંઈજી કહી રહ્યા છે: ''નિજાઃ સ્વીયત્વેન અંગીકૃતાઃ સેવકાઃ તેષાં પ્રચુરેચ્છાતઃ સ્વયમેવ અપેક્ષિતં કરિષ્યતિ.'' એટલે કે જે પ્રભુને પોતાનો માને છે તેને પ્રભુ પોતાનો માને છે, અને જેને પ્રભુ પોતાનો માને છે એની ઈચ્છા મુજબ પ્રભુ પોતાની લીલા કરે છે, પોતાની ઈચ્છા મુજબ નહિ. 'ભક્તમનોરથપૂરકાય નમઃ' પણ એમાંય એક શરત છે, શ્રીગુસાંઈજી કહે છે, કે જે અવિકૃત ઈચ્છાઓ છે તે પૂરી કરશે. અવિકૃત ઈચ્છા એટલે? સિદ્ધાંતવિહોણી ઈચ્છાઓને કદી પૂરી નથી કરતા, સિદ્ધાંત-વિહોણા મનોરથોમાં પ્રભુ કદી બિરાજતા નથી; તમારો મનોરથ અવિકૃત હશે - કોઈને દેખાડવા માટે નહિ, કોઈની સ્પર્ધામાં નહિ, કશું કમાવા માટે નહિ - તો તેવા મનોરથમાં પ્રભુ બિરાજીને વિહરે છે. પણ જો તમે એવા મનોરથ નથી કરતા અને સિદ્ધાંતવિહોણા મનોરથ કરો છો તો પ્રભુ તેમાં કોઈ દિવસ બિરાજતા ને વિહરતા નથી, જે કાંઈ તમને ભાસ થઈ રહ્યો છે તે મિથ્યા ભાસ છે. શ્રીમહાપ્રભુજી ગુસાંઈજીનો સિદ્ધાંત આવો છે. ગમે તો ય આવો છે, ને ન ગમે તો ય આવો છે! લખેલો સિદ્ધાંત તો આવો જ છે, કરતા આપણે કાંઈ પણ હોઈએ.

આમ બીજો શ્લોક પૂરો થયો. હવે આ તબક્કે તમારે એક વાત સમજી લેવી જોઈએ. નવરત્નના નવ શ્લોકમાં નવ જાતના ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ આપ્યા છે શબ્દતઃ; અને જે

નવ ઉપદેશ આપ્યા છે તે કોઈ કોઈ જાતની ચિંતાને નિવૃત્ત કરનારા છે અને તે દરેક ઉપદેશ સ્વયં એક નોખો ઉપદેશ છે. નોખો કે અનોખો કહો, તે અર્થમાં કે દરેક જાતની ચિંતાના પ્રકાર નોખા નોખા છે. બધી ચિંતાઓ એક જાતની નથી, ત્યારે તેમને નિવૃત્ત કરવાના ઉપાય પણ નોખા નોખા હશે અને તે પૈકી જે ચિંતા આપણને થતી હોય તે ચિંતાની નિવૃત્તિ માટે તેવો શ્લોક આપણને ઉપકારી હોય છે, કંઈ નવેનવ શ્લોક આપણને એકસાથે ઉપકારી નથી, કેમકે જે ચિંતા તમને ન થતી હોય તેવી નિવૃત્તિનો ઉપદેશ તમને આપવો મહાપ્રભુજીને વિવક્ષિત નથી. તમે તમને અપાયેલા ઉપદેશને વાગોળો, ચિંતનથી, મનનથી, એને જીવનમાં અમલમાં લાવવાનો પ્રયાસ કરો તો ખરેખર એ જાતની તમારી ચિંતા નિવૃત્ત થઈ શકે.

સમગ્ર રીતે તો નવરત્નનો જ નહિ, શ્રીમહાપ્રભુજીના શબ્દમાત્રનો આપણે પાઠ કરવો જોઈએ, કેમકે મહાપ્રભુજીના પ્રત્યેક શબ્દમાં એવા અમૂલ્ય ઉપદેશો ભરેલા છે કે જેના આપણે કદી ઉઋણ થઈ શકતા નથી. પુષ્ટિસૃષ્ટિમાં પ્રકટેલ દરેક જીવ સદા મહાપ્રભુજીનો ઋણી છે અને રહેવાનો જ છે. જે સુદૂર દૃષ્ટિ રાખી શ્રમ લઈ આપે પુષ્ટિસૃષ્ટિની કાળજી રાખી જીવની સરળતા, શાસ્ત્રની સંગતિ, દેશકાળની મર્યાદા અને ભગવત્સુખ એ ચારે વાતનો વિચાર કરી જેવો ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ આપણને આપ્યો છે એ ઉપદેશ બીજો કોઈ ન આપી શકે. તેથી શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે "ન હિ અન્યો વાગધીશાચ્છ્રુતિગણવચસાં ભાવમાજ્ઞાતુમિષ્ટે યસ્માત્ સાધ્વીસ્વભાવં પ્રકટયતિવધૂરગ્રત પત્યુરેવ ॥" વાક્પતિ સિવાય ભગવદ્વાણીનું સાચું તાત્પર્ય આપણને કોણ સમજાવી શકે ? એટલે દરેકેદરેક ગ્રંથનો પાઠ કરવો જોઈએ, ચિંતન કરવું જોઈએ.

નવરત્ન આખો એક ઉપદેશ નથી, તેમાં નવ ઉપદેશ છે અને તે નવ જાતની ચિંતાને નિવૃત્ત કરવાના ઉપદેશ છે. જેમ ડોક્ટરના દવાખાનામાં સો જાતની દવા હોય તે સો જાતના રોગને નિવૃત્ત કરવા માટે હોય, પણ એમાં કાંઈ બધી એક જ રોગીને લાગુ પડતી હોય તેવું નથી. જે આપણો રોગ તદનુસાર દવા આપણને લાગુ પડતી હોય છે. એટલે નવરત્નમાંથી આપણે દવા લેવા જઈએ ત્યારે એ વિવેક અપેક્ષિત હોય છે કે આપણને કઈ જાતની ચિંતા થઈ રહી છે અને તે ચિંતાનું નિવારણ મહાપ્રભુજીએ ક્યા શ્લોકમાં કઈ લીટીમાં કર્યું છે. તે ઉપદેશનું આપણે અનુસંધાન રાખીએ, તેને જીવનમાં અમલમાં લાવવાનો પ્રયાસ કરીએ તો આપણી ચિંતા નિવૃત્ત થાય, નહિ તો નિવૃત્ત થાય નહિ. અહીં બે જાતના ઉપદેશ છે. અમુક ઉપદેશ મહાપ્રભુજીએ શબ્દથી આપ્યા છે અને અમુક ઉપદેશ શબ્દથી નથી આપ્યા પણ તે ઉપદેશોની ધ્વનિ કે સૂચન કે તાત્પર્ય મહાપ્રભુજીની વાણીમાંથી નીકળી રહ્યું હતું તે શ્રીગુસાંઈજીએ આપણને સમજાવ્યું છે.

તે પૈકી પહેલાથી લઈને સાતમા શ્લોક સુધીમાં એવી ચિંતાનો મહાપ્રભુજીએ ઉપાય



બતાવ્યો છે કે જે ચિંતા આપણે કરતા હોઈએ, જેને આપણે કહીએ કે પેટ મસળીને દુઃખ પેદા કરવું, તેને કેવી રીતે દૂર કરવી. હવે એમ તો મહાપ્રભુજી ન કહે કે તમે ચિંતા કરી રહ્યા છો તે નહિ કરો. બાળમનોવિજ્ઞાનમાં એક વાત સમજાવવામાં આવે છે કે બાળક હાથમાં કોઈ રમકડું લઈ લે ને રમવા માંડે અને તમે એને તમાચો મારો કે આ રમકડાથી ન રમાય અને ઝૂંટવી લો તો તે બાળક રડવા મંડે. એટલે એમ પાંચ-દસ વખત તમાચા ખાય તો બાળકની માનસિકતા બગડી જાય. આપણને એવું લાગે કે તે વસ્તુથી બાળકને રમવા દેવું નથી, તે વસ્તુ હાનિકારક છે, તો તમાચો મારીને એના હાથમાંથી રમકડું ઝૂંટવી ન લેવું જોઈએ પણ કાંઈ બીજી વસ્તુ એવી આપવી જોઈએ કે જેનાથી એ રમી શકે અને જેનાથી એ રમવા માંગતો હતો તે વસ્તુને ભૂલી જાય. દર વખતે તમાચો મારવો પડતો હોય તો આપણે બાળકને ઉછેરવાને લાયક વડીલ નથી. એટલે મહાપ્રભુજી તમાચો લગાવીને એમ નથી કહેતા આપણને કે આ ચિંતા કરતા નહિ, આવી ચિંતા કરશો તો તમે નરકમાં પડશો, તમારું સત્યાનાશ થશે. મહાપ્રભુજી દરેક ચિંતાની તમને એક Counter ભાવના બતાવે છે કે જો આવી ભાવના તમે કરશો તો આ ચિંતા એની મેળે તમારા મનમાંથી નીકળી જશે. દરેક ચિંતાની કોઈ Counter પ્રેરણા, ભાવ, સિદ્ધાંત તમને આપી રહ્યા છે. એમ નથી કહેતા કે ચિંતાને છોડી દો, કેમકે મહાપ્રભુજીને ખબર છે કે આપણે બધા બાળક છીએ.

તો પહેલાથી લઈને સાતમા શ્લોક સુધી એ ચિંતાઓને નિવૃત્ત કરવાના ઉપાય બતાવ્યા છે જે ચિંતાઓ આપણે કરતા હોઈએ છીએ. બાકી બચ્યો આઠમો અને નવમો શ્લોક. તેમાં જેનો ઉપાય છે તે ચિંતાઓ આપણે કરતા નથી હોતા, પણ થઈ જ જાય છે, આપણો કાબૂ હોય કે ન હોય. જેમ મને સોય ચૂભે તો દુઃખાવો થશે જ, તે કાંઈ હું કરી રહ્યો છું તેથી થાય છે તેવું નથી. પણ હું જાણીજોઈને સોય ચૂભાવતો હોઉં તો કહી શકાય કે તેમ ન કરો. મને એક ફૂલ હાથમાં આપી દેવામાં આવે તો હું સોય ચૂભાવવાનું બંધ કરી દઉં.

આ એકથી સાત શ્લોકમાં વર્ણિત ચિંતાઓના પાછા બે વિભાગ : એક લૌકિકી ચિંતા અને એક અલૌકિકી ચિંતા. લૌકિકી માટે મહાપ્રભુજીએ એક જ વાત કહી : "ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્." જો તમને લૌકિક ચિંતાઓ થઈ રહી છે તો આત્મનિવેદનનો ભાવ યાદ કરી તમારા લૌકિકમાં ઈષ્ટ-અનિષ્ટનો વિચાર પ્રભુ પર છોડી દો, પ્રભુને જેમ કરવું હશે તેમ કરશે. આ ભાવ રાખો તો લૌકિક ચિંતા નિવૃત્ત થઈ જશે એ વાત પહેલા શ્લોકમાં કહી.

બીજા શ્લોકમાં જેનો ઉપાય છે કે અલૌકિકી ચિંતા છે, ધરધંધાની, પરણવાની, નફાનુકસાનની ચિંતા નહિ. તે અલૌકિકી ચિંતાના બે પ્રકાર હોઈ શકે કે આપણે પોતાના માટે ચિંતા કરતા હોઈએ સેવક કે ભક્ત તરીકે, અથવા પોતાના સ્વામી માટે કોઈ ચિંતા કરતા હોઈએ. સેવક તરીકેની ચિંતા સ્વાર્થ ચિંતા કહેવાય; પણ આ સ્વાર્થ લૌકિક સ્વાર્થ

નહિ, ભક્તનો સ્વાર્થ, સેવકનો સ્વાર્થ, ઊંચી કક્ષાનો સ્વાર્થ અને બીજી ભગવદર્થ ચિંતા, એટલે પોતાના સ્વામીની ચિંતા. સ્વાર્થ ચિંતામાં બે પ્રકાર હોઈ શકે : એક તો આપણા ધર્મ, અર્થ, કામ, મોક્ષની આપણે ચિંતા કરીએ તે. દા.ત., ધર્માચરણ શાસ્ત્રોક્ત પ્રકારે કેવી રીતે નભાવવું ? શાસ્ત્રના વચન જોઈએ તો બીક જ લાગે. એક સામાન્ય દાખલો તમને આપું. એકાદશી માટે શાસ્ત્રમાં એમ કહ્યું છે કે જે વ્યક્તિ એકાદશીના દિવસે જમે છે તે અન્ન નથી ખાતો, વિષ્ટા ખાય છે. હવે આટલી કઠોર આજ્ઞાથી માણસ ગભરાઈ જાય કે નહિ ? એક બાજુ આવી શાસ્ત્રાજ્ઞા, ને બીજી બાજુ આપણી એવી સ્થિતિ કે જમીએ નહિ તો ચક્કર જ આવે ! હવે જો શાસ્ત્રને ભૂલી જઈએ તો જીવનમાં સ્વચ્છંદતા આવે, નિરંકુશતા આવે; અને શાસ્ત્રને વળગી રહીએ તો કોઈ કામ સરખું થઈ શકે નહિ, જીવનમાં આપણને માફક ન આવે. બંને બાજુથી ઘેરાઈ ગયા, તો ચિંતા થાય કે ન થાય ? કદાચ કાલ સુધી તમને એકાદશીની ચિંતા નહિ થતી હોય પણ આજે મેં બીજ રોપી દીધું. ચિંતા થાય, સહજ રીતે થાય.

તેમ જ અર્થની ચિંતા થાય કે પૈસા કમાયા વિના તો સેવા કરી શકવાના નથી. હવે ઠાકોરજીના પ્રદર્શન દ્વારા પૈસા કમાવા છે કે કથા કરીને કમાવા છે – ભગવત્સ્વરૂપને વેચવું છે કે ભગવલ્લીલાને વેચવી છે – કે કોઈ એવી વ્યાવૃત્તિ કરવી છે જે શાસ્ત્રતઃ મને કરવી યોગ્ય હોય. હવે શાસ્ત્ર તો સ્પષ્ટ વાત કહે છે : ''મન્નામવિક્રયી વિપ્રો ન હિ મુક્તો ભવેત્ ધ્રુવં મૃત્યુકાલે ચ મન્નામસ્મૃતિમાત્રં ન વિદ્યતે.'' મારા નામરૂપાદિનો વિક્રય કરનાર પોતાને કેટલો ય મોટો ભગતડો કહેવડાવતો હોય, તે મને નથી ગમતો; ને ખરેખર તો હું ય તેને નથી ગમતો. મારા નામ, રૂપ, મનોરથની ઝાંખીઓ વેચાય છે તેથી હું તેને ગમી રહ્યો છું. જો હું વેચાતો બંધ થઈ જાઉં તો એ મને છોડી જેનાથી કમાણી થતી હોય તેને પકડી લેશે. શાસ્ત્ર આમ કહે છે અને આપણે કથા તો કરવી જ પડે, મંદિરમાં મનોરથોનું આયોજન તો કરવું જ પડે, તો ચિંતા થયા વિના રહે કેવી રીતે ? આ અર્થની ચિંતા છે, આપણે અર્થનું અર્જન કરવા માટે ક્યો ઉપાય કરશું ? શાસ્ત્રે બતાવ્યું છે કે આપણે આ વૃત્તિઓ કરી શકીએ; પણ આપણને એ ધંધાઓ ફાવતા નથી હોતા. આપણે મનગમતો ધંધો કરી લઈએ. લોટરી બધાને પસંદ હોય છે પણ લાગતી નથી હોતી. જો લાગવાની કોઈ બાંહેધરી આપે તો બધા લોટરી જ કરશે, ધંધો કોઈ કરશે જ નહિ. સંસ્કૃતમાં કહેવત છે કે ''અર્કે ચેત્ મધુ વિન્દેત્ કિમર્થં પર્વતં વ્રજેત્.'' મધપૂડો અહીંયાં જ મધ ટપકાવતો હોય તો પછી જંગલમાં કોણ જાય એનો સ્વાદ લેવા ? એટલે ઠાકોરજીની મનોરથની ઝાંખીઓ રેડીમેડ વેચાતી હોય તો કોણ પોતાના ઘરે એટલી સામગ્રી અને સજાવટની ભાંજગડમાં પડે ! કથા રેડીમેડ વેચાતી હોય તો કોણ સત્સંગની ભાંજગડમાં પડે, કોણ ગ્રંથોના સ્વાધ્યાયની ભાંજગડમાં પડે ! એવું છે. તો શાસ્ત્રે તે તે વ્યક્તિ માટે મર્યાદા નિર્ધારિત કરી છે કે બ્રાહ્મણે ક્યો ધંધો કરવો, ક્યો ધંધો ન કરવો.



એક તરફ શાસ્ત્રનું આ વચન અને એક તરફ આપણા જીવનની સગવડ-ચિંતા થયા વિના રહે નહિ વિચારીએ તો.

ત્રીજી વાત કામની. કઈ વસ્તુનો ઉપભોગ કરવો અને કઈનો ન કરવો એની ચિંતા થયા વિના રહે નહિ. ગમતું કાંઈ હોય, જમતા કાંઈ હોઈએ આપણે. ગમતું હોય કે પ્રસાદ લઈએ પણ જમતાં આપણે પ્રસાદ હોતા જ નથી, દેવદ્રવ્ય જમતા હોઈએ છીએ. એટલે એવી બધી જે કફોડી સ્થિતિમાં આપણે સપડાઈ ગયા તો આત્માને ચિંતા થયા વિના રહે કે ન રહે ? શ્રીમહાપ્રભુજી કહે છે કે આ ત્રૈવર્ગિક આયાસ માટે ચિંતા ન કરો. વળી ધર્મ, અર્થ, કામ સંપાદન કરવા માટે તમે ભક્તિ કરશો તો તમને ભક્તિમાં વિઘ્ન આવવાના છે, છે ને છે. એટલે ભક્તિને ત્રૈવર્ગિક આયાસ અને તેની ચિંતાથી થોડીક વેગળી મૂકો. નરોડાવાળા ગોપાલદાસની વાર્તામાં આવે છે કે તેમને માથે મહાપ્રભુજીએ ઠાકોરજી પધરાવ્યા. પછી એક વખત આપ તેમને ઘેર પધાર્યા તો ગોપાલદાસ ઘેર નહોતા, તેમનો પુત્ર મળ્યો. તેને પૂછ્યું કે તારા પિતા ક્યાં છે ? તેણે કહ્યું કે આપે ઠાકોરજીની સેવા પધરાવી દીધી એટલે કમાવા ગયા છે. મહાપ્રભુજીને એટલી બધી ગ્લાનિ થઈ કે આવા ઘરમાં મારાથી રહેવાય કેમ જે ઘરમાં છોકરો ઠાકોરજીની બદનામી કરતો હોય ? એટલે હમણાં જ હું અહીંથી રવાના થઈ જાઉં. પછી મહાપ્રભુજીને થયું – આ તો બાળક છે, બાલિશ છે, ભળતી વાતો કરે, ગોપાલદાસને આવવા દો. એ આવ્યા ત્યારે પૂછ્યું 'ક્યાં ગયો હતો.' તેણે કહ્યું ''કૃપાનાથ પેટ લાગ્યું છે તેથી વ્યાવૃત્તિ કરવા ગયો હતો.'' ત્યારે મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે હવે તે સાચી વાત કીધી. પેટને માટે કમાવા જાય તેમાં ઠાકોરજીને કેમ સંડોવવા જોઈએ ? અને જો આપણે સંડોવ્યા તો મહાપ્રભુજી આપણા ઘરમાં નહિ બિરાજે, પધારી જશે.

તમે વલ્લભીયન હોવાનો દાવો કરો છો, પણ તમે વલ્લભીયન નહિ, ગંગોજ છો. આ શ્યામુબાવા કહે તો શ્યામુબાવા ગુનેગાર, વાર્તામાં છે કે મહાપ્રભુજીને તત્કાલ પધારી જવાની ઈચ્છા થઈ. ઠાકોરજીનું નામ સંડોવાય ! તેથી ત્યાં વાર્તામાં આવે છે કે મહાપ્રભુજીએ કહ્યું 'તેં ભલી કીની.' આમ કોઈ દિવસ ન કહેવાય કે અમે ઠાકોરજી માટે કમાવા જઈએ છીએ. કમાવું જોઈએ આપણા પેટ માટે, અને જે કમાયા તેનો ભોગ કરીએ તે વખતે પહેલાં ઠાકોરજી યાદ આવવા જોઈએ. ત્યારે તમે સાચું કમાયા, ત્યારે તમે કમાણીનો પ્રભુમાં વિનિયોગ કર્યો, તો એ સાચો ભક્તિનો પ્રકાર છે. એટલે તમારા ધર્માર્થ કામના જે ત્રૈવર્ગિક આયાસ છે તેમાં ભક્તિને વચ્ચે ન લાવો. તેમાં તમારી અહંતા-મમતાને રાખો અને ત્રૈવર્ગિક આયાસને પૂર્ણ કરો અને એ પૂર્ણ થઈ જાય પછી તમે જે ધર્મનું, કામનું, અર્થનું ઉપાર્જન કર્યું હોય તેનો તમે ભક્તિમાં વિનિયોગ કરો. તમારા ધર્માર્થકામમાં ભક્તિનો વિનિયોગ નહિ, પણ તમારા ધર્માર્થકામનો ભક્તિમાં વિનિયોગ કરો. આપણે નાહીને અપરસમાં સેવા કરીએ છીએ કે નાહવાથી મારી જે કાંઈ શુદ્ધિ થતી હોય તેનો હું મારી ભક્તિમાં વિનિયોગ કરીશ.

ભક્તિ કર્યા પછી નથી નાહતા, નાહીને ભક્તિ કરીએ છીએ. અમારે ત્યાં તેથી જ સ્નાન કરતી વખતે એક શ્લોક બોલવાનો નિયમ છે કે, ''બધા તીર્થોમાં સ્નાન કરવાથી મારી જે શુદ્ધિ થતી હોય તેનો કૃષ્ણસેવામાં વિનિયોગ થાઓ.'' મારી સ્નાનથી, સંધ્યાથી, વ્રતથી, પ્રાયશ્ચિત્તથી, તપથી જે કાંઈ શુદ્ધિ થતી હોય તે કૃષ્ણસેવા માટે.

આજે તો બધી પરંપરા લીન થતી જાય છે, પણ પ્રાચીનકાલમાં વૈષ્ણવોને ત્યાં પણ એવો નિયમ હતો કે જે કાંઈ વ્રત કરીએ, દાન કરીએ કે તીર્થસ્નાન કરીએ કે શ્રાદ્ધ કરીએ તેના સંકલ્પમાં એમ કહેવાતું કે શ્રીગોપીજનવલ્લભપ્રીત્યર્થમ. હું મારા આત્મોદ્ધાર માટે આ બધું નથી કરતો, જે કાંઈ કરું છું તે શ્રીગોપીજનવલ્લભની પ્રીતિ માટે કરી રહ્યો છું, એટલે આનાથી જો કાંઈ લાભ થતો હોય તો એ મને નથી જોઈતો, મારી ભક્તિને એ લાભ મળવો જોઈએ. શુદ્ધિ થાય તો એવી કે જેનાથી મારી ભક્તિ ખીલી ઊઠે. મારું કમાવેલું દ્રવ્ય એવું દૈવીદ્રવ્ય હોવું જોઈએ કે જેનાથી મારી ભક્તિ વધે. જે દ્રવ્ય ભક્તિમાં મને બાધક હોય તે મને ન જોઈએ. તેથી વાર્તામાં આવે છે કે શ્રીગુસાંઈજી સેવા કરતા હતા ને ખબર આપવામાં આવી કે અમુક દ્રવ્ય આવ્યું છે, તો શ્રીગુસાંઈજીએ કહ્યું કે સેવામાં મને વ્યાઘાત ઉત્પન્ન કર્યો એટલે એને નહિ રાખો. અધિકારીજીને થયું 'એમ કાંઈ દ્રવ્ય જવા દેવાય ?' એટલે એક મંદિરની છત ઉપર તે દ્રવ્ય ચણી દીધું. એ વાત કોઈ મોગલ અફસરના ધ્યાનમાં આવી ગઈ, અને એનું દુષ્પરિણામ એવું આવ્યું કે મથુરામાં જેટલા મંદિર હતા તે બધાની છત ખોદવામાં આવી. તે વખતે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે જુઓ કેવું દુષ્પાપ થયું આ. એક મંદિરની છતમાં પૈસા ચણ્યા તેથી બધા મંદિરની છત ખોદાઈ. તે પાપ પેલા આસુરી દ્રવ્યને સંઘરવાની વૃત્તિના લીધે લાગ્યું. આસુરી દ્રવ્યના સંરક્ષણ માટે મંદિરની છતનો વિનિયોગ કર્યો ! પોતાના ઘરનો વિનિયોગ કરવો જોઈતો હતો ઓછામાં ઓછું. એક મકાન બનતું હતું તે હું જોવા ગયો હતો તો તેમણે પોતાના સંડાસમાં તિજોરી બનાવી હતી. મને ય આઈડિયા બહુ ગમ્યો, તે જગ્યા ઠીક છે.

તો આસુરી દ્રવ્ય કેવું નુકસાન પહોંચાડે છે તેનો બોધપાઠ શ્રીગુસાંઈજીએ આપ્યો. મંદિર દ્રવ્ય સાચવવા માટે નહિ, ભગવત્સેવા માટે જ હોવું જોઈએ. પણ જ્યારે આપણે આવો દુરૂપયોગ કરીએ ત્યારે મંદિર ખોદાઈ જાય બધા. માટે કાળજી રાખવી જોઈએ. તેથી શ્રીમહાપ્રભુજી, ગુંસાઈજી આજ્ઞા કરે છે કે જે આપણા ત્રૈવિર્ગિક આયાસ છે તેની સુરક્ષા માટે ભક્તિ નહિ કરો, ભક્તિ કરવા માટે આવશ્યક ત્રૈવિર્ગિક આયાસ કરો. તમે જે કાંઈ ત્રૈવર્ગિક આયાસ કરતા હો તેને ભક્તિમાં વાપરી નાખો, પણ ભક્તિને ત્રૈવર્ગિક આયાસમાં નહિ વાપરતા. જો મારી ભક્તિને હું ધર્મ કરવા માટે કે ધન કમાવા માટે કે મારી કોઈ ક્ષુદ્રકામનાઓ માટે વાપરું તો મેં આત્મનિવેદન નથી કર્યું, મારું આત્મનિવેદન લજાય છે. એટલું જ નહિ, જે શ્રીમહાપ્રભુજીએ મને દીક્ષા આપી છે તેમને પણ મારી કુપાત્રતા જોઈને



લજ્જા આવે છે કે આ ક્યા જીવને મેં ભગવાનની સામે મૂક્યો ! અનુયાયી જો આત્મનિવેદન જેવા પવિત્ર સંબંધને આવી રીતે લજાવતો હોય, પોતાના ત્રૈવર્ગિક આયાસ માટે ભક્તિને વાપરતો હોય તો મહાપ્રભુજીને ય ઠાકોરજીની સામે જતાં થોડીક શરમ આવે કે આવાનો હાથ તમને પકડાવી પ્રભુ મેં મોટી ભૂલ કરી. સમાચાર બધા એવા જ આવે કે આ ગામમાં છપ્પનભોગ થયો. શા માટે ? ચડસાચડસી માટે, બાજુના ગામમાં છપ્પનભોગ થયો ને આ ગામમાં ન થાય તે ચાલે ? તો મહાપ્રભુજી ક્યા મોઢે સન્મુખ પધારે ? જે પ્રભુની ભક્તિનો અધિકાર આત્મારામ મુનિઓને છે તે આપણને શ્રીમહાપ્રભુજીએ આપ્યો તે શું આવી હલકી કામનાઓની પૂર્તિ કરવા ? શ્રી મહાપ્રભુજીને ય થતું હશે કે ક્યાં આનું બ્રહ્મસંબંધ કરાવ્યું !

ત્રૈવર્ગિક આયાસ પાછા બે જાતના હોય છે : સેવોપયોગી અને સેવામાં અનુપયોગી. ભક્ત થઈને સેવકની હેસિયતમાં જે ત્રૈવિર્ગિક આયાસ આપણે કરતાં હોઈએ છીએ તેના બે રૂપ : એક સેવક તરીકેનો મારો મોભો જાળવવા માટે અને એક સેવા માટે. ઘણી વખત આપણને એવી ભ્રાંતિ થઈ જાય છે કે મને કાંઈ ગરજ નથી પણ સેવા માટે ભેટ લઉં છું ! એવા ખરેખર ઘણા નિસ્પૃહ લોકો છે - નથી એવું નથી - કે જેમનો વ્યક્તિગત કશો ય સ્વાર્થ હોતો નથી, પણ સેવા માટે માંગતા હોય છે, કેમકે એમને એવી ભ્રાંતિ થઈ ગઈ હોય છે કે સેવામાં આવી નેગ-ભોગ-રાગની રીત જળવાવી જોઈએ. ખરેખર દુઃખની વાત છે કે જે વાતની મહાપ્રભુજી આપણી પાસેથી બહુ કઠોરતાથી અપેક્ષા રાખે છે - કે આપણે સેવામાં કે પોતા માટે દેવદ્રવ્ય ન વાપરવું જોઈએ, સેવા માટે પારકાની પાસેથી દ્રવ્ય ન લેવું જોઈએ, ભાવથી જેટલી સેવા થાય તેટલી કરવી જોઈએ. પોતાના તનથી, પોતાના ધનથી, પોતાના પરિવારજનો સાથે જ સેવા કરવી જોઈએ, લોકાર્થિતા માટે ભક્તિ ન કરવી જોઈએ-તેને આપણે હળવાશથી લઈએ છીએ કે ચાલે એ તો, કાંઈ વાંધો નહિ અને જે વાત આપે હળવાશથી કીધી છે કે પ્રેમપૂર્વક પ્રભુને ભોગ ધરો, પ્રેમથી સન્મુખ કીર્તન કરો, પ્રેમથી શૃંગાર ધરાવો-એવા ચિત્તવૃત્તિને પ્રેમમય કરનારા નેગભોગરાગના હળવા નિયમ હતા તેને આપણે અતિગંભીરતાથી લઈ લઈએ છીએ ! મહાપ્રભુજી કહે છે 'અલંકુર્વીત સપ્રેમ' 'સપ્રેમ ઈતિ સર્વત્રાનુષજ્યતે' પ્રભુને ભોગ ધરો, શણગારો, સન્મુખ કીર્તન કરો તે બધું સપ્રેમ કરો, કેમકે પ્રભુની એવી સેવા કરવાની છે કે જેથી આપણો પ્રેમ વધે. ન ધરી શકીએ તો ય ધરવા ? તો કહે છે ના, 'ચિત્તક્લિષ્ટં આત્મક્લિષ્ટં લોકક્લિષ્ટં ન સમર્પયેત્' જે નેગભોગરાગને પ્રભુને સમર્પિત કરવામાં ચિત્તને કલેશ થતો હોય, પ્રભુને કલેશ થતો હોય કે મારા નામે ભીખ માંગી મારી બદનામી કરે છે, અથવા લોકમાં જે કરવાથી કલેશ થતો હોય તેમ મનાય તે ન સમર્પવા.

એક મજેદાર વાત તમને બતાવું. હું એક વખત વ્રજયાત્રામાં ગયો હતો, ત્યાં ઠકુરાણીઘાટ પર બેઠો હતો. ત્યાં ચોબાઓ યાત્રીઓ પાસે માંગામાંગ કરે. હવે આપણે શાસ્ત્ર

વાંચેલા તે કોઈ વખત પંડિત જાગી જાય મનમાં. તો મારા હૃદયમાંય પંડિત જાગી ગયો. એક વ્રજવાસી પંડાને મેં બોલાવીને કહ્યું ''તું આવી રીતે માંગામાંગ કરે છે તે શરમ નથી આવતી ? ન માંગો તો આવનાર યાત્રી તમને વધારે આપે.'' મને શું ખબર કે મારી દુર્ગતિ થશે ! એ કહે ''મહારાજ, અમારી પાસે સમાધાની નથી તેથી અમે માંગીએ છીએ. તમારી પાસે સમાધાની છે એટલે તમે નથી માંગતા ને તમારો સમાધાની માંગે છે.'' મેં કહ્યું ભાગો હવે અહીંથી. હું નોકર રાખી તેના દ્વારા મંગાવું અને મારો મોભો કાયમ રાખું તો એવો મોભો શું કામનો ? સદંતર માંગવું જ ને જોઈએ, પોતે કે પોતાના એજન્ટ દ્વારા. હવે મારી બદલે એજન્ટ માંગે તો તેને માંગવાની એજન્સી આપી કોણે ? મેં જ ને ? હું કતલ ન કરું ને કોઈ ગુંડાને પૈસા આપી ખૂન કરાવડાવું તો આરોપ તો મારા પર આવ્યો કે નહિ ? પુરાણી ભાષામાં સમાધાની કહેવાય, નવીમાં એજન્ટ કહેવાય. વાત તો એક જ છે. પ્રભુસેવા માટે ન માંગવું જોઈએ. માંગ્યું એટલે ખાતું ચોપટ. પછી આપણે પંડા જ થઈ ગયા ગોકુલના.

જેમ સમાધાની આપણા માટે માંગે તેમ આપણે પ્રભુના માટે માંગીએ તો અંતે પ્રભુએ આપણા દ્વારા માંગ્યુ કહેવાય. તો કોનો મોભો વગોવાયો ? જેમ અમારા સમાધાની માંગતા હોય તો મહારાજનો મોભો ઘવાય તેમ પ્રભુનો ભક્ત કોઈની પાસે હાથ પસારે તો પ્રભુનો મોભો ઘવાય. મહાપ્રભુજી કહે છે ''લક્ષ્મીકલત્રાય કિમસ્તિ દેયમ્.'' લક્ષ્મી તેની પત્ની છે, તે શ્રીનાથ છે, તેના માટે શ્રી મંગાય ? પ્રભુનિ ગરિમા ન જળવાઈ, આપણને તેમની મજા માણતા ન આવડી. અયાચિતવૃત્તિથી જે આપનારા હોય તે આપે, તેમાં આપણે માંગીને શું કરવું છે ? પણ આપણે જ્યારે પ્રભુના નામે માંગ્યું ત્યારે ગરિમા ન જાળવી, પછી આપણે તેમને ઠાકુર કેવી રીતે કહી શકીએ ? તેનો મોભો જાળવવો એ તેના સેવક તરીકે આપણું કર્તવ્ય હતું, તે ન જાળવ્યો તો આપણે સેવક નથી, તેના દ્વેષી છીએ. આપણે સેવક રહીએ તો સેવાનો અધિકાર મળે; આપણે તો ભીતરથી શત્રુ છીએ ને બહારથી સેવકપણાનો ડોળ કરીએ છીએ. એટલે સ્વામી માટે કદી માંગવું ન જોઈએ, સ્વામીના સ્વરૂપનો, ગરિમાનો વિચાર કરવો જોઈએ કે મારો સ્વામી શ્રીનો નાથ છે. શ્રીનાથના નામે શ્રી ન મંગાય, રસીદો ન ફડાય. આજે ફાડવા માંડ્યા તે આપણા ગોટાળા છે, તેને સિદ્ધાંત સાથે કોઈ સ્નાનસૂતકનો સંબંધ નથી.

તો ત્રૈવર્ગિક આયાસ સેવોપયોગી હોય કે અનુપયોગી, તે બંને કરવા નહિ. આપણે સેવા કરીએ તેમાં ધાર્મિક, આર્થિક કે આપણી ઈચ્છાઓની પૂર્તિની અડચણ આવતી હોય, અથવા મને ઈચ્છા હોય કે છપ્પનભોગ ધરવો છે પણ મારી ગાંઠમાં નાણાં નથી, કેસરનો હિંડોળો કરવો છે પણ ગાંઠમાં નાણાં નથી – તો મહાપ્રભુજી એક જ આજ્ઞા કરે છે : 'નિવેદનં તુ સ્મર્તવ્યમ્.' તમારા આત્મનિવેદનના ભાવને યાદ રાખો કે પ્રભુએ તમને જે કાંઈ આપ્યું તે તમે સમર્પિત કર્યું, હવે પ્રભુની ઈચ્છા. તેને તમારા ઘરમાં કેસરના હિંડોળા ઝૂલવાની



ઈચ્છા હશે તો કેસર આપશે, છપ્પનભોગ આરોગવાની ઈચ્છા હશે તો છપ્પનભોગ ધરી શકો તેટલું આર્થિક સામર્થ્ય તમને આપશે, એટલું શારીરિક સામર્થ્ય તમને આપશે કે તમે સામગ્રી કરી શકો. પુરુષોત્તમદાસ શેઠની વાર્તા વાંચો કે તેમના પુત્રને થયું કે પિતાજી ઘરડા થયા તો હવે હું સેવા કરું, તો એમણે પોતાનું યુવાન રૂપ દેખાડ્યું ને કહ્યું ''હું પ્રભુસેવામાં ઘરડો નથી, દેહથી ઘરડો છું.'' એટલે એવું શરીરનું સામર્થ્ય, એવું હૃદયનું સામર્થ્ય, એવું અર્થનું સામર્થ્ય, એવું ઈચ્છાનું સામર્થ્ય—બધું પ્રભુ તમને આપશે જો તમારી પાસેથી તેને સેવા લેવી હશે તો. તમે ખોટી ભાંજગડમાં પડતા નહિ કે પ્રભુને આ જોઈએ જ છે અને મારી પાસે નથી તો ગામથી માંગીને ધરવું. માંગ્યું એટલે તમે 'સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ'ના સિંઘાસન પર બિરાજતા પ્રભુને નીચે પટકી દીધા. તેવું ન થાય. એ સર્વેશ્વર છે, તમારી પાસેથી જે સેવા લેવી છે તેને અનુકૂળ સામર્થ્ય તમને આપવા તે સમર્થ છે. તમને જે આપ્યું છે તેના થકી થતી સેવા તે લેવા માંગે છે એવું જો વિચારશો તો તમને ક્યારેય એવી ચિંતા નહિ થાય કે મારે કેસરના હિંડોળા કરવા છે તો કેસર ક્યાંથી લાવું ? તમે શું લાવવાના, પ્રભુને ઝૂલવું હશે તો પ્રભુ પોતે લાવી દેશે, અને નહિ ઝૂલવું હોય તો નહિ આપે. પછી તમે ગામથી માંગીને લાવો તો તમે ભક્તિમાર્ગમાં ન રહ્યા, કર્મમાર્ગમાં ચાલ્યા ગયા – એ વિવેક સમજો. તમારા હૃદયમાં અવિકૃત મનોરથની ઈચ્છા રાખો, પ્રભુના માહાત્મ્યને ધ્યાનમાં રાખો; પ્રભુ તમારા મનોરથને પૂર્ણ કરશે, તમને કોઈની પાસે હાથ પસારવાની જરૂર નહિ પડે. આ વાત આપ બીજા શ્લોકમાં કહે છે.

## ત્રીજો—ચોથો શ્લોક

હવે કોઈકને જો એવી ચિંતા થતી હોય કે દેહ, વગેરે સર્વનું સમર્પણ તો ભગવાનને કર્યું છે છતાંય તેમનો વિનિયોગ તો સ્ત્રીપુત્રાદિમાં થતો હોવાથી સ્વધર્મની હાનિ થાય છે-તો ખુલાસો કરતાં શ્રીમહાપ્રભુજી કહે છે –

**મૂલ :** સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।

અતોન્યવિનિયોગેપિ ચિંતા કા સ્વસ્ય સોપિ ચેત્ ॥ ૩ ॥

અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્ ।

યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ તેષાં કા પરિદેવના ॥ ૪ ॥

**અન્વયાર્થ :**

પ્રભુસમ્બન્ધો સર્વેષાં – આત્મનિવેદન દ્વારા આત્મીય સકલ વસ્તુઓનો એકીસાથે પ્રભુસંબંધ સ્થાપિત થાય છે.

ન પ્રત્યેકં – તે તે વસ્તુઓનો કાંઈ છૂટો છૂટો સંબંધ સ્થાપિત થતો નથી.

ઈતિ સ્થિતિઃ - આવો આપણો સિદ્ધાંત છે.

અતઃ - તેથી

અન્યવિનિયોગેપિ - સ્ત્રીપુત્રાદિનો અન્ય વિનિયોગ થતો હોય તો પણ

કા ચિંતા - શેની ચિંતા કરવી !

સ્વસ્યાપિ સોપિચેત્ કા ચિંતા - તેમજ પોતાનો અન્ય સ્ત્રીપુત્ર, વગેરેમાં વિનિયોગ થતો હોય તો પણ ચિંતા કરવી નહિ.

યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ - જેઓએ પોતાના પ્રાણ કૃષ્ણસાત્ કરી લીધા હોય તેવાઓએ

જ્ઞાનાદ્ અથવા અજ્ઞાનાદ્ - જ્ઞાનપૂર્વક અથવા અજ્ઞાનપૂર્વક

આત્મનિવેદનં કૃતં તેષાં - આત્મનિવેદન કર્યું હોય તેઓને

કા પરિદેવના - શેની ચિંતા હોઈ શકે ॥ ૩ - ૪ ॥

**ભાવાર્થ :** પોતાનું આત્મનિવેદન કરતી વેળાએ જે કાંઈ પદાર્થોનું આપણે નિવેદન કર્યું હોય તે બધાની સાથે જ પ્રભુ આપણો અંગીકાર કરતા હોય છે. તેથી આત્મીય સકલ વસ્તુઓનો પ્રભુસંબંધ સ્થાપિત થઈ જાય છે. આત્મનિવદેન દ્વારા ફક્ત નિવેદનકર્તાનો જ પ્રધાનતયા પ્રભુસંબંધ થતો હોય છે તેવું ન માની લેવું. તેથી સ્ત્રીપુત્રાદિમાં પોતાનો વિનિયોગ થતો હોય તો પણ ચિંતા કરવા જેવું કશું નથી. જેવી રીતે પ્રભુને નિવેદિત પુત્ર, વગેરેનો અન્ય-વિનિયોગ થાય તેમાં ચિંતા કરવાની હોતી નથી તેમ જ, કેમકે જે મધ્યમ કે નિમ્ન કક્ષાના આત્મનિવેદનના અધિકારીઓ છે તેમને પણ ચિંતા કરવી જરૂરી નથી, ત્યારે જેઓએ પોતાના પ્રાણ કૃષ્ણસાત્ કર્યા હોય એવા આત્મનિવેદનના ઉત્તમ અધિકારીઓને તો વળી ચિંતા કરવાની હોય જ શેની ? એમાં કહેવાપણું જ ક્યાં છે? વાસ્તવમાં તો ફક્ત પ્રભુને આધીન જેઓના પ્રાણ હોય છે તેમને તો ચિંતા કરવાનો કાંઈ વિષય જ રહી જતો નથી. તેથી ચિંતા થતી જ નથી. ॥ ૩ - ૪ ॥

**વ્યાખ્યાન :** પછી આવે છે ભક્ત્યર્થ ચિંતા. પ્રભુની બાબતમાં નહિ, પણ મારાથી ભક્તિ થતી નથી તેની ચિંતા. તે કેવી, કે પ્રભુમાં મારું ચિત્ત ચોટતું નથી, બ્રહ્મસંબંધ લીધું પણ સેવા સરખી રીતે થતી નથી, મેં તો બ્રહ્મસંબંધ લીધું પણ મારી પત્ની / પતિથી સેવા નથી નભતી. હવે તે ચિંતા પણ ન કરવી એવો ઉપદેશ આપ આપે છે. એ ભાવ રાખો કે જે કરે છે તેની સેવા પ્રભુ લેવા માંગે છે, જે નથી કરતો તેની સેવા નથી લેવા માંગતા. તમે એમ કેમ નથી વિચારતા કે પરિવારની એક વ્યક્તિ સેવા કરે છે અને બીજાઓ તેને સહયોગ આપે છે તો એ સેવા જ છે ? પરિવારના બધા ચૂલા પર બેસી જાય તો જમશે કોણ ? બધા મસાલો નાખવા મંડશે તો સ્વાદ કેવો થઈ જશે ? એટલે એક વ્યક્તિ જે કામ કરી રહ્યો છે તેને તે કામ કરવા દો. પરિવારમાં દરેક કામની આપણે વહેંચણી કરી લઈએ છીએ, તેમાં કોઈ સેવા



કરશે તો કોઈ શાક લાવશે તો કોઈ કમાવા જશે તો કોઈ ખરચવા જશે. જ્યારે પરિવારના ભાવથી સેવા કરી રહ્યા છીએ તો જરૂરી નથી કે દરેક વ્યક્તિ સેવા નાહીને સેવા કરે. કોઈ સેવાની સામગ્રી સંપાદન કરીને પણ સેવા કરી શકે છે. એવો ભાવ રાખીને ચિંતા ન કરવી.

હવે વિચારવાનું આમાં આટલું જ છે, જુઓ. આ ઉપદેશ કોને આપી રહ્યા છે મહાપ્રભુજી ? જેને ચિંતા થઈ રહી છે કે હું સેવા કરું છું પણ પરિવારના સભ્યો નથી કરતા તેને. આનો અર્થ કોઈએ એમ ન લેવો કે છુટ્ટી મળી ગઈ, ઘરમાં નરમ બાયડી આવી ગઈ તો તેને નવડાવી દેવાની, આપણે છુટ્ટા ! તમારે પોતે સેવા કરવી જોઈએ, કોઈથી કરાવવી જોઈએ નહિ. શ્રીમહાપ્રભુજી કહે છે. પત્ની, સંતતિ કે ઘરમાં જે બંધુબાંધવ હોય એ જો તમને અનુકૂળ હોય; એટલે કે તેમની પોતાની સેવા કરવાની ઈચ્છા હોય, ઉમળકો હોય; તો એમને સેવામાં તમારે સહયોગી બનાવવા. તમે ઘરના વડીલ થઈ ગયા એટલે જબરદસ્તી એમને 'મારીને મુસલમાન' નથી બનાવી શકતા, મનાઈ છે. ''ભાર્યાદિ રનુકૂલશ્ચેત્ કારયેદ્ ભગવત્ક્રિયામ્.'' પરિવારજનો અનુકૂળ હોય, તમારા હૃદયમાં જેવો ભાવ અને ઉમળકો છે તેવો તેમના હૃદયમાં પણ હોય, તો એમને સેવામાં સહયોગી બનાવો. 'ઉદાસીને સ્વયં કુર્યાત્' એને ઉમળકો નથી તો તમે પોતે જ સેવા કરો, એને કરવાનું ન કહો, કેમકે સેવા એ તમારું કર્તવ્ય છે. સેવા કરવાની છે, સેવા કરાવવાની નથી.

તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે 'કૃષ્ણસેવા સદા કાર્યા,' એમ નથી કહેતા કે 'કૃષ્ણસેવા સદા કારયિતવ્યા.' કરાવતા રહેવી જોઈએ એવી આજ્ઞા નથી કરી; એવી આજ્ઞા કરી છે કે હંમેશા કૃષ્ણસેવા કરવી જોઈએ. શા માટે નથી કરી ? કેમકે મહાપ્રભુજીને ખબર છે કે આપણે એવા બદમાશ છીએ કે એક વખત એવી આજ્ઞા આપી દીધી તો પછી કોઈ નહાશે જ નહિ સેવામાં. ઘરમાં જે નરમ માણસ હોય તેને કહેશે ''ચઢ જા બેટા શૂલી પર ખુદા ભલા કરેગા'' તું સેવા કરતો રહે, અમે આનંદમાં છીએ. કેમકે મહાપ્રભુજીએ ક્યાં કહ્યું છે કે કરવી જોઈએ; કરાવવી જોઈએ કહ્યું છે એટલે અમે કરાવીએ છીએ. નોકર રાખી દીધા છે પચાસ, બીજું કેટલું જોઈએ કરાવવા માટે ! પણ એવી આજ્ઞા મહાપ્રભુજીએ નથી કરી. મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે 'કૃષ્ણસેવા સદા કાર્યા' તમે કરો. પરિવારનાને ઉમળકો હોય તો તેમને ય સાથે સેવા કરવા દેજો; તમે એવા એકલવાયા નહિ થઈ જતા કે હું જ બધું કરીશ; કેમકે પરિવારમાં તમે એવા એકલવાયા નહિ થઈ જતા કે હું જ બધું કરીશ; કેમકે પરિવારમાં તમે સેવા પધરાવી છે તો તેને એક કૌટુંબિક વિષય ગણો, તેમાં બધાનો સહયોગ સદા આવકાર્ય હોવો જોઈએ. પણ કોઈ સહયોગ ન આપે તો આપણે કોઈના પર જબરદસ્તી ન કરી શકીએ કે તમારે સેવા કરવી જ પડશે કેમકે તું મારી બાયડી છે, મારો છોકરો છે. જેમ કોઈ નોકર બીજા નોકરને કહી નથી શકતો કે તારે આ કામ કરવું પડશે, માલિક જ કહી શકે,

તેમ આપણે કોઈ ને કોઈ કામ કરવા જોતરી ન દઈ શકીએ કે તારે આ કામ કરવું પડશે. પ્રભુ સ્વામી છે, કોનાથી કેટલી સેવા લેવી એ પ્રભુની મુન્સફીની વાત છે.

હવે તમે એકલા સેવા કરતા હો અને ચિંતા કરો કે મારા પરિવારના લોકો સેવામાં સહયોગી નથી, તો એ ચિંતાથી તમે જે સેવા કરી રહ્યા છો એનો લહાવો તો મળશે નહિ ને વ્યર્થમાં કલેશમયી સેવા થઈ જશે. તમને સેવા મળી એ કાંઈ ઓછી ધન્યતાની વાત છે કે તેમાં પાછી આવી ચિંતા વહોરવી ? તમે આત્મનિવેદન કર્યું છે તો પછી જે સેવા નથી કરતા તેની ચિંતા છોડી દો. આત્મનિવેદન કર્યા પછી તમારો પતિ ક્યા રહ્યો ? તમારો પુત્ર ક્યાં રહ્યો ? બધા પ્રભુના થઈ ગયા અને તમેય પ્રભુના થઈ ગયા. હવે જેનાથી પ્રભુને જે કામ લેવું હશે તે લેશે. તમે મારી બાયડી સેવા નથી કરતી ને મારો છોકરો સેવા નથી કરતો એ બધું તારીમારી કરવાનું છોડી દો, પ્રભુને જેનાથી જે કરાવવું હશે તે થશે. તમે સેવા કરો છો કે નહિ ? બસ તે વાત કરો સીધી. આ વાત ત્રીજા શ્લોકમાં છે.

તેમાં શ્રીગુસાંઈજી વિષયપ્રવેશ કરે છે; મેં દેહ અને દેહથી સંબંધિત પુત્ર, ધન, ગૃહ બધી વસ્તુને-મારા સર્વસ્વને પ્રભુને સમર્પિત કરી દીધું છે, પણ દરેકેદરેક વસ્તુ સેવામાં કામમાં નથી આવી રહી એટલે ચિંતા થાય છે. તેના જવાબમાં મહાપ્રભુજી કહે છે ચિંતા નહિ કર, ચિંતન કર. ક્યું ચિંતન ? આ કે ''સર્વેષાં પ્રભુસંબંધઃ ન પ્રત્યેકમ્.' જ્યારે તમે સર્વસમર્પણ કર્યું ત્યારે શું ભગવાનથી Counter Signature લીધી હતી કે હું મારું સર્વસ્વ સમર્પી રહ્યો છું તો તે દરેક વસ્તુ તમારે સેવામાં વાપરવી જ પડશે ? નિવેદન તો આપણે સમર્પણના ભાવથી, દાસભાવથી કરતા હોઈએ છીએ કે પ્રભુ મેં બધું તને નિવેદિત કર્યું, હવે જે તને ગમતું હોય તેનો તું સ્વીકાર કર. તો પછી હવે તમારે શેની ચિંતા કરવાની ? આપણે સર્વ વસ્તુનું નિવેદન કર્યું છે, કાંઈ દરેક વસ્તુ નથી ગણાવી કે આ છોકરો છે, આ છોકરી છે, આ ધન છે. જે ગણાવ્યું છે તે ઉપલક્ષણ તરીકે ગણાવ્યું છે કે બધું એટલે કે આવું. કંઈ Itemvise inventory કરીને આપણે બ્રહ્મસંબંધ નથી કર્યું. નહિ તો એકાદ વસ્તુ ગણાવવાની રહી જાય તો તેનું નિવેદન થયું જ નહિ. પણ આવો એકાઉન્ટનો વ્યવહાર નથી; જે કાંઈ છે તે તારું છે, જે હતું તે પણ તારું હતું અને જે આવનારું છે તે પણ તારું છે. જે ગણાવ્યું છે તે તારું છે અને જે નથી ગણાવ્યું તે ય તારું છે. પછી આપણે ઝઘડવાનું ન હોય કે મેં આ તને આપ્યું તેનો વિનિયોગ તે સેવામાં કર્યો કેમ નહિ. જેનો ઉપયોગ કર્યો તેનો તમે આનંદ કેમ નથી માણતા ? એટલે પોતાના ભાણામાં જે હોય તેનો સ્વાદ લેવો નહિ અને બીજાના ભાણાને જોઈને દુઃખી થવું એવી વૃત્તિ થઈ ગઈ ને ? પ્રભુ મારાથી સેવા લઈ રહ્યા છે એ કાંઈ ઓછા આનંદનો વિષય છે ? હવે જેનો વિનિયોગ થવાનો હોય તેનો થાય, મારે ચિંતા ન કરવી જોઈએ.

મારે એવી સેવા કરવી જોઈએ કે મારા સંગનો રંગ મારા પરિવારને લાગે. એવા



ઉમળકાથી મારે સેવા કરવી જોઈએ કે બધાને તેનું જોશ આવી જાય. આપણે ટી.વી. એવા ઉમળકાથી જોઈએ છીએ કે મહેમાન આવે તો લાગે કે રવિવારે ફિલ્મ ચાલી રહી છે ત્યારે ક્યાં આવી ચઢ્યા ! અસલમાં તો કહેવાતું કે બાળક વૃદ્ધ એકસાર બધા હોળીમાં થતા, બાકી નહિ, પણ હવે તો ટી.વી.માં દર રવિવારે થાય છે ! એવા આનંદથી, એવી પ્રસન્નતાથી, એવા ઉમળકાથી તમે સેવા કરો, પછી જુઓ કે છોકરાઓ પણ સેવા કરવા બેસી જાય છે કે નહિ, ઘરવાળાઓને રંગ લાગે છે કે નહિ. પણ તમે મરજાદના, નેગના, ભોગના, રાગના એવા બધા અસ્વાભાવિક કૃત્રિમ ક્રોધથી સેવા કરતા હો કે આ કેમ નહિ થયું, તે કેમ નહિ થયું, અહીંયાં છોવાઈ ગયું, ત્યાં છોવાઈ ગયું–તો બાળક આવતો હોય રુચિથી તો ય ભાગી જાય. એટલે મોટે ભાગે હું કહેતો હોઉં છું કે અપરસના બે અર્થ હોય છે : એક તો અ+પરસ, એટલે કે કોઈને સ્પર્શ નહિ કરવાનો, અને એક અપ+રસ હોય છે જેમાંથી સેવાનો, ભક્તિનો બધો રસ જ નીકળી જાય. અપરસમાં નાહ્યા નહિ કે દુર્વાસાનો આવેશ આવી જાય પછી આપણને ચિંતા થાય કે હું તો સેવા કરું છું પણ છોકરા નથી કરતા. કળિયુગ આવી ગયો. પણ કળિયુગ તમે લાવ્યા. તમે દુર્વાસાના અવતાર થયા, તમે બાળકોની હકાલપટ્ટી કરી, તમે ઉમળકાથી સેવા ન કરી. એવા હાયપર ટેન્શનથી ક્રોધયુક્ત થઈને સેવા કરી કે બધા ભાગી ગયા. એક વખત તમને ટી.વી. જોતા કે ઢોકળા ખાતા જેવો ઉલ્લાસ આવે છે તેવા ઉલ્લાસથી સેવા કરો, પછી જુઓ કે ઘરના બધા સેવા કરે છે કે નહિ. તમને લાગશે કે બધા જ સેવા કરવા માટે આતુર છે.

તમે સર્વનું સમર્પણ કર્યું છે તો પ્રભુ સર્વનો અંગીકાર કરશે, પણ તમે આત્મનિવેદનની ગરિમા જાળવો. તમે લીલાના ભાવથી આત્મનિવેદન કર્યું છે, લીલાના સિદ્ધાંત મુજબ આત્મનિવેદન કર્યું છે, ત્યારે એ લીલાનો ભાવ તમારા હૃદયમાં કેળવો, તમારા જીવનમાં કેળવો. તમારી બુદ્ધિમાં એટલી આશ્વસ્તતા હોવી જોઈએ, તમારા હૃદયમાં એટલી ઋજુતા, કોમળતા હોવી જોઈએ જેટલી આત્મનિવેદન કરનાર ભક્તની હોય, તમારું મુખ એવું પ્રસન્ન હોવું જોઈએ. પછી જુઓ કે બધાને તમારા સંગનો રંગ લાગે છે કે નહિ. પણ જ્યારે આપણે લીલાના ભાવને કેળવતા નથી. કઠોર થઈને સેવા કરીએ છીએ તો આ ખોટના ધંધામાં કોણ ભાગીદાર થશે ? બધાને થશે કે આ ઘડપણની ઘેલછા છે. તમારી સેવાને ઘડપણની ઘેલછા નહિ, જીવન જીવવાની ઢબ બનાવો. એને આત્મનિવેદનના, લીલાના ભાવથી સ્વીકારો. તમે કરેલા ગોટાળાને સુધારી લો. એ ભાવ કેળવો કે ''સર્વેષાં પ્રભુસંબંધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ'' તેની વ્યાખ્યા કરતાં ગુસાંઈજી ખૂબ જ સુંદર રીતે સમજાવે છે : સ્વાત્મના સહ યાવન્તો નિવેદિતા તૈ સહૈવ સ્વસ્ય અંગાકારાત્ તેષાં સર્વેષામેવ પ્રભુસંબંધો, ન તુ પ્રાધાન્યાત્ સ્વસ્યૈવ ઈતિ તત્રોપયોગે સ્વસ્ય કા ચિંતા, ન કાપિ ઈત્યર્થઃ'' તમે એમ નહિ ધારી લેતા કે તમે કેવળ તમારી જાતનું જ નિવેદન કર્યું છે; તમે તમારી લાગતીવળગતી

ચેતનઅચેતન દરેક વસ્તુનું પ્રભુને નિવેદન કર્યું છે. હવે તમે બીજે ક્યાંય કામમાં આવતા હો તો તમારે ચિંતા ન કરવી જોઈએ અને કોઈ વસ્તુ બીજે કામમાં આવતી હોય તો ય તમારે ચિંતા ન કરવી જોઈએ. તમારે તો એ આનંદ લેવાનો છે કે મેં નિવેદન કર્યું છે અને હું પ્રભુની વસ્તુના કામમાં આવી રહ્યો છું.

કોઈને જમવા બોલાવો ને દસ વાનગી પીરસી પાછળ પડી જાઓ કે શું ખાધું, શું ન ખાધું તો ખાવામાં ય ટેન્શન થઈ જાય. તમારું કામ છે પીરસવાનું. પીરસી દીધી પછી મને જે ગમશે તે હું ખાઈશ. તેવી રીતે આત્મનિવેદનમાં દરેક વસ્તુનું નિવેદન કરી દેવું તે ભક્તનું કામ છે, અને સેવામાં કઈ વસ્તુ કે વ્યક્તિનો કેટલો ઉપયોગ લેવો તે પ્રભુની મરજીની વાત છે. તમે તેની ચિંતા નહિ કરો. તમે આત્મનિવેદન કર્યું છે કે નહિ ? જો કર્યું છે તો હજી તમે તમારો અહંકાર કેમ નથી છોડી રહ્યા કે મારો છોકરો સેવામાં નથી નહાતો ને મારી છોકરી નથી નહાતી. તમારું કાંઈ નથી, બધું એનું છે, એને જેને સેવામાં લેવા હશે તેને લેશે. આત્મનિવેદન મેં કર્યું છે તેવો અહંકાર નહિ રાખો, તમારી પ્રધાનતા ન માનો. ''હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે.'' આત્મનિવેદનનો ભાવ રાખશો તો તમારી સેવા નિશ્ચિત થશે.

આપણે ત્યાં તેથી જ એમ નથી કહેવાતું કે હું દર્શન કરું છું; પ્રભુ દર્શન આપે છે ! હું સેવા કરું છું એમ નથી કહેવાતું, પ્રભુ સેવા લે છે એમ કહેવાય છે. વાત બહુ નજીવી છે, અંતે સ્થિતિ એકની એક છે, પણ એક ભાષામાં અહંકારની દુર્ગંધ છે, તો બીજીમાં આત્મનિવેદનની સુગંધ છે. તો સમજવા પ્રયાસ કરશો તો ખ્યાલમાં આવશે કે કેવી ભાષા ભગવદીયોએ ઘડી હતી કે એ ભાષાને આપણે બોલવા માંડીએ તો આપણા સંસ્કાર સુધરવા માંડે. આપણે એ ભાષાને બોલીએ તો છીએ પણ સંસ્કારને ઘૂસવા જ નથી દેતા કેમકે જે બોલ્યા તેના અર્થનો વિચાર જ નથી કરતા. હૃદયનું દાબડું બંધ કરીને ભાષા બોલીએ છીએ. એને જરા ખોલો. આપણે એમ જ કહીએ કે આજે પ્રભુએ સુંદર શૃંગાર ધર્યા, આજે પ્રભુ રુચિથી આરોગ્યા. આવી જીવંત ભાષા બોલો તો હૃદયનાં જાળાં સાફ થઈ જાય, હૃદય નિર્મળ અને ભક્તિલાયક થઈ જાય. તમે આ ભાષા બોલો તો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ કોઈ ગ્રંથ ભણ્યા વગર સમજમાં આવી જાય પણ ''તીર્થક્ષેત્રેકૃતં પાપં વજ્રલેપાયિતં ભવેત્'', તેમ આવી ભાષા બોલતાં બોલતાં આપણે પાછા એવા જ ચિંતાના, ઉદ્વેગના, ત્રાસના દુર્ભાવ કેળવીએ તો પછી કેવી રીતે હૃદયમાં ભક્તિ આવે ?

આપણે એવા ઉત્પાતી જીવ કે ટોકતા રહીએ. ઘણી વખતે શું થાય કે નાના વૈષ્ણવ બાળકો અમને જયશ્રીકૃષ્ણ કહે. હવે ખરેખર મને ખૂબ ગમતું હોય છે કોઈ વૈષ્ણવ જયશ્રીકૃષ્ણ કહે તો, કેમકે કૃષ્ણના જયની કામના તો એમના હૃદયમાં છે ! વડીલ શું કરે કે ''એઈ, મહારાજને જયશ્રીકૃષ્ણ ન કહેવાય.'' તો મહારાજને શું કૃષ્ણનો પરાજય થાઓ



એમ કહેવાય ? કૃષ્ણનો પરાજય થશે તો મહારાજની મહારાજિયત જ ખતમ થઈ જશે, પછી શેનો મહારાજ ? એ તો વ્યવહારની વાત હતી કે આપણે એકબીજાને મળીએ તો કોણ કોને નમસ્કાર કરે અને કોણ કોને આશીર્વાદ આપે. વૈષ્ણવો બધા સરખા. જેમ તમને ખ્યાલ હોય તો મીરાંબાઈ જ્યારે વૃંદાવનમાં ગયા ત્યારે એમણે રૂપગોસ્વામીને કહેવરાવ્યું કે હું તમને મળવા માગું છું. ત્યારે રૂપગોસ્વામીએ કહેવડાવ્યું કે ના, હું સ્ત્રીનું મુખ જોતો નથી. ત્યારે મીરાંબાઈએ કહ્યું કે મને ખબર નહોતી કે વૃંદાવનમાં કૃષ્ણ સિવાય બીજો પણ કોઈ પુરુષ છે. ત્યારે રૂપગોસ્વામીને થયું કે મારી ભૂલ થઈ ગઈ. એટલે એ કૃષ્ણના પુરુષત્વની ભાવનાને અનુરૂપ આપણે આવો પ્રકાર રાખીએ છીએ. જયશ્રીકૃષ્ણની જે મૂલ ભાવના હતી તે આ જ કે નથી કોઈ મોટો, નથી કોઈ નાનો. નથી કોઈ પ.ભ. કે નથી કોઈ અ.ભ., બધા જ ભગવદીય છે. બધા ભગવાનના, એમાં કોઈ ભેદભાવ નથી. હવે જ્યારે તારતમ્ય નથી ત્યારે કોણ કોને આશીર્વાદ આપે ને કોણ કોને વંદન કરે ? એટલે આપણે કહેતા 'કૃષ્ણનો જય થાઓ.' જે વૈષ્ણવને આપણે મળ્યા તેના હૃદય પર અને જીવન પર કૃષ્ણનો જય થાઓ. એ શુભકામના જ આપણા માટે સૌથી મોટા વંદન અને સૌથી મોટા આશીર્વાદ.

હવે મહારાજમાં ગુરુભાવના રાખીને થોડા પોતાના કરતાં ઊંચા ગણતા હતા એટલે જયશ્રીકૃષ્ણ ન કહેતા, પણ કોઈપણ મહારાજ એટલો ઊંચો તો ન હોઈ શકે કે તેના હૃદય પર કૃષ્ણનો જય ન થાય. કૃષ્ણના જયની તો એને ય જરૂર છે. એટલે કહી દે તો સિદ્ધાંતની દૃષ્ટિથી કાંઈ વાંધો નથી આવતો, વ્યવહાર આપણે ઘડી દીધો એટલે વ્યવહાર પૂરતો જ વાંધો હોય છે. પણ એક બિચારો બાળક જયશ્રીકૃષ્ણ બોલતો હોય તેને તમે ટોકો તો બિચારાને સમજ જ નહિ પડે કે મહારાજને શું કહેવાય. આપણે લડીને વાત કહેવાની ટેવ પાડી હોય છે, સ્નેહથી સમજાવવાની નહિ. બાળકને સમજાવવું જોઈએ કે જયશ્રીકૃષ્ણનો અર્થ શું અને તે ક્યા ભાવથી કહેવામાં આવે છે અને મહારાજને કેમ કહેવામાં નથી આવતું. હવે તે છતાંય એ મહારાજને જયશ્રીકૃષ્ણ કહી દે તો મહારાજે ખોટું ન લગાડવું જોઈએ, કેમકે કૃષ્ણનો જ જય છે. તો લઢ્યા વિના આપણે સેવા, આદિની સૂચના ન આપી શકતા હોઈએ, લઢવાથી જ વડીલ થતા હોઈએ તો કાંઈ ગડબડ છે હોં. વડીલ શું વહાલથી ન સમજાવી શકે ? પણ આપણે આવી ધાંધલ કરી દીધી, તેના લીધે આજે આપણને ખબર પડતી નથી કે કેમ પરિવારના લોકો સેવામાં નાહતા નથી. પ્રસન્નતા જાળવી રાખો, લીલાનો ભાવ જાળવી રાખો, પછી તમને ક્યારેય ચિંતા નહિ થાય કે કેમ પરિવારજનો સેવામાં નથી નાહતા. બધા રુચિથી સેવા કરશે અને તમને પણ આનંદ જ આનંદ અનુભવાશે.

**પ્રશ્ન :** પ્રભુને દાન ન આપી શકાય તો શું સન્મુખ ભેટ ન ધરી શકાય ?

**ઉત્તર :** એવું છે કે અમે અમારા ઠાકોરજીને ક્યારે પણ સન્મુખ ભેટ નથી ધરતા, અને આજથી ૫૦-૭૦ વર્ષ પહેલાં ક્યાંય એ પદ્ધતિ જ નહોતી. મંદિરમાં, એટલે કે અમારા

ઘરમાં એવી પ્રણાલી હતી કે સન્મુખ ભેટ આવે તે મંદિર બહાર બેઠેલ ભિક્ષુક લઈ જાય કાં તો કીર્તનિયાને ન્યોછાવર કરીને આપી દેવાય. કાં ગૌગ્રાસમાં જાય-પોતાના કામમાં નહોતી આળતી. આ જે કાંઈ ચક્કર ચાલ્યું છે સન્મુખ ભેટ લેવાનું તે આ ૭૦-૮૦ વર્ષની લીલાઓ છે. બાળકો પોતે બ્રાહ્મણ હોવાથી બ્રાહ્મણ વૃત્તિતિ જે મળે તેનાથી સેવા કરતા. શાસ્ત્રે બ્રાહ્મણને પોતાનું જ્ઞાન વેચવાની છૂટ આપી છે પણ ધર્મ વેચવાની નહિ. સેવા અમારો સ્વધર્મ છે, તે અમે ન વેચી શકીએ. ધર્મને છોડીને જેની પાસે જે સામર્થ્ય હોય તે એ વેચી શકે. જેમ વાણિયા માટે દુકાન પર બેસવું એ વ્યાવૃત્તિ, કારીગર માટે કારીગરી કરવી એ વ્યાવૃત્તિ, શ્રમિકની શ્રમ એ વ્યાવૃત્તિ, તેમ બ્રાહ્મણને વિદ્યાધ્યાપનની શાસ્ત્રે છૂટ આપી છે. હું મારા શિષ્યોને ભણાવીને મારી રોજીરોટી કમાઈ શકું. પણ જ્ઞાનોપદેશ ન કહી શકાય. તેથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે ''પરમત્ર એકો મહાન દોષ:'' ભાગવતકથામાં ગુણ જ ગુણ છે, પણ એક મહાન દોષ છે કે કમાવા માટે કહી શકાતી નથી, કોઈ જાતના હેતુથી ભાગવતકથા ન કરાય. મહાપ્રભુજી સ્પષ્ટ કહે છે : ''પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્ વૃત્યર્થે નૈવ યુંજીત પ્રાણૈકંઠગતૈરપિ'' પ્રાણ ગળે આવીને અટકે તો ય વૃત્યર્થ ભાગવૃતકથા ન કહેવાય.

આમ માર્ગની મર્યાદા અનુસાર માર્ગમાં દીક્ષિત વૈષ્ણવે શું કરવું ને શું ન કરવું એનો ઉપદેશ મારી રોજીરોટી કમાવાના સાધન તરીકે હું આપી શકું, પણ ભગવત્કથાની હું વ્યાવૃત્તિ ન કરી શકું. કરું તો મેં ભગવદ્નામવિક્રયનો અપરાધ કર્યો કહેવાય. તેવી જ રીતે ભગવદ્સ્વરૂપસેવાનો પણ વિક્રય ન થઈ શકે. હું મારી સેવા કોઈને વેચી ન શકું. તેથી વૈષ્ણવો ગોસ્વામી આચાર્ય પાસે જ્ઞાનોપદેશ સાંભળવા આવતા અને આચાર્યબુદ્ધિથી ભેટ ધરતા, અમારા ઠાકોરજીને ભેટ નહોતા ધરતા. કોઈક સિદ્ધાંતને ન જાણનારા ભેટ ધરી દેતા તો તે સ્વીકારવામાં નહોતી આવતી. હજી ય ગોકુલ, કામવન વગેરે જૂજ સ્થળોએ આ પ્રણાલી અનુસરાય છે, જીવિત છે, જે પહેલા દરેક ઘરમાં અનુસરાતી. મારા ઘરે કોઈ ગોસ્વામી મહારાજ પધારે તો તે પણ મારા ઠાકોરજીને ભેટ ન ધરી શકે. એમને બહુ ઉમળકો આવ્યો હોય તો મારે ઘેર જે પાદુકાજી બિરાજતા હોય તેમને ભેટ ધરી શકે. હું પોતે મારા ઠાકોરજીને ભેટ નથી ધરી શકતો. ઉત્સવની ભેટ નિયમની ભેટ હોય છે, એ હું મારા વતી ધરતો જ નથી હોતો, વ્રજભક્તો ઠાકોરજીને કરે છે. મારો જન્મદિવસ આવ્યો હોય અને મને ઉમળકો થાય તો હું મહાપ્રભુજીને ભેટ કરી શકું, ઠાકોરજીને કોઈ ભેટ ન ધરી શકું.

આજે ગોટાળા કેમ થયા એના ઈતિહાસમાં જવું હોય તો એનો સ્પષ્ટ પ્રકાર એવો છે કે પ્રાચીન બાળકો સેવામાં જ બિરાજતા. કેટલાક વૈષ્ણવો ઉતાવળમાં ત્યારે જ ભેટ ધરી દેતા. તો બાળકો એટલી કાળજી રાખતા કે અનોસરમાં ભેટ ધરી જાય તે રાખવી અને સન્મુખમાં ધરી જાય તે ન લેવી. જતેદહાડે બાળકોની ભેટ ઠાકોરજીની ભેટમાં પરિણત થઈ ગઈ અને તેમાં એવી એવી પ્રથા વિકસી કે બાળકો ન બિરાજતા હોય તો ય ભેટ ધરવી, ભેટ ધરી તેની



રસીદ લેવી, તે ભેટની બદલીમાં પ્રસાદ લેવો અને પછી વૈષ્ણવો દાવો કરી દે કે આ તો બાળકના ઠાકોરજી જ નથી, આ તો પબ્લિકના ઠાકોરજી છે, કેમકે પબ્લિક એમની સેવાનો ખર્ચો આપે છે. ગાલિબે એક શેર કહ્યો છે : ''જિક્ર ઉસ પરીવશકા ઔર ફિર બયાં અપના બન ગયા રકીબ આખિર થા જો રાજદાં અપના.'' એટલે કે મારી પ્રિયતમાના સૌંદર્યનું મેં મારા મિત્રોની વચ્ચે એટલું બઢાવીચઢાવીને વર્ણન કર્યું કે મારા મિત્રો તેના પ્રેમી થઈ ગયા અને મારી પ્રિયતમાને મારાથી ઝૂંટવી ગયા. એમ જે વૈષ્ણવો મહારાજોથી સિદ્ધાંતોપદેશ સાંભળવા આવતા હતા એ વૈષ્ણવો આજે કોર્ટમાં દાવા માંડતા થઈ ગયા કે ઠાકોરજી મહારાજના શેના? એ તો કરોડોના સ્વામી છે. અરે ભાઈ તમારા સ્વામી તમારે ઘેર બિરાજે તેમ મારા સ્વામી મારે ઘેર; પણ વૈષ્ણવ મહારાજનો રકીબ-દ્વેષી થઈ ગયો એવા રવાડે આજે ચઢી ગયો. પણ વર્ણન અમે કર્યું અમારા ઠાકોરજીનું, તે અમારો દોષ.

હું જ્યાં જાઉં ત્યાં પૂછું કે ગામમાં મંદિર છે? તો કહે 'છે.' હું કહું 'શું ચાલે છે?' તો કહે ''વૈષ્ણવોએ મહારાજ પર કોર્ટમાં દાવો માંડ્યો છે કે મંદિર પબ્લિક છે, ઠાકોરજી કરોડોના છે.'' જરા સિદ્ધાંત સમજો, ભાવ સમજો કે તમારે તમારા ઘરે તમારા ઠાકોરજીની સેવા કરવાની છે અને તેમ અમારે અમારા ઘરે અમારા ઠાકોરજીની સેવા કરવાની છે. પરિવારના ભાવથી સેવા કરવાની છે. આજે આપણે છીનાઝપટી કરતા થઈ ગયા કેમકે મહારાજો અને ટ્રસ્ટીઓએ મળીને સેવાને ધંધો બનાવી દીધો છે અને વૈષ્ણવો સેવાને રેડીમેડ લેવા માંગે છે વેચાતી. જેમ ચોપાટી પર ફરવા જઈએ ને તૈયાર મળતી ભેલપૂરી ખાઈ લઈએ તેમ આપણે ભગવાનના દર્શનને સમજી રહ્યા છીએ. ''મંદિરમાં જઈ બે-ચાર રૂપિયા ખર્ચ્યા તો પ્રસાદે ય મળી જશે ને દર્શન પણ મળી જશે!'' થાય શું કે સવારે શાકની થેલી લઈને નીકળે, તે શાક ખરીદતા આવે ને દર્શન કરતા આવે. એટલે શાકભાજીથી વધારે આજે ભગવાનની કિંમત રહી નથી ગઈ પુષ્ટિમાર્ગીઓના હૃદયમાં. એવા જૂજ વૈષ્ણવો હશે જે હાથમાં શાકભાજીની થેલી લીધા વગર દર્શન કરવા જતા હોય. કેવું દુર્ભાગ્ય કે આપણે શાકભાજીમાં ખપાવીએ છીએ આપણા પ્રભુને! તમે જરા વિચારશો તો તમને ય થશે કે આ બ્રાહ્મણ ખોટું નથી કહી રહ્યો. બધા શાક વેચનારાય આ રહસ્યને જાણતા હોય છે, એટલે મંદિરની બહાર આવીને જ ઊભા રહેતા હોય છે સવારે, કેમકે દર્શન દર્શન કરવા આવ્યા છે તો શાકભાજી લીધા વિના જશે નહિ! આપણે કેટલો ઉઘાડો પાડી દીધો છે સંપ્રદાયને! એટલે સન્મુખ ભેટ ન ધરાય ન લેવાય.

**પ્રશ્ન :** આપણે કોઈને આપણું પ્રારબ્ધ પૂછીએ તો અન્યાશ્રય થાય ખરો?

**ઉત્તર :** પ્રભુ પરથી વિશ્વાસ છોડીને પૂછો તો ગણાય. જેમ કે ઓડિટરને તમે પૂછો કે એકાઉન્ટ્સ કેવી રીતે રાખવું તો અન્યાશ્રય ન ગણાય, પણ તમે ઓડિટરને એમ કહો કે તું જ મારો સર્વસર્વા છે, તારા વિના મારું શું થશે? ભગવાન તો હશે વૈકુંઠમાં, પણ મારા માટે

તો તું જ ભગવાન-તો ઓડિટરનો ય અન્યાશ્રય કહેવાય હોં. તેવો ભાવ હોય તો ડૉક્ટરનો ય અન્યાશ્રય કહેવાય. એટલે પ્રભુનો ભાવ તમે ક્યાંય પણ લાવ્યા તો અન્યાશ્રય છે અને વ્યવહારને વ્યવહારની રીતે નભાવો તો કશો અન્યાશ્રય નથી. સ્કૂલમાં જેમ ભણવા જઈએ શિક્ષક પાસે તો અન્યાશ્રય નથી. આપણે એવો દુર્વ્યવહાર ન કરી શકીએ કે અમે પુષ્ટિમાર્ગીય છીએ તેથી કૃષ્ણને જ નમસ્કાર કરશું, તમે શિક્ષક હો તો તમારા ઘરના. તો શિક્ષકને, માતા-પિતાને, અતિથિને, વગેરેને સન્માન આપીએ તેમાં પુષ્ટિમાર્ગની દૃષ્ટિએ બાધ નથી આવતો. એ તો વ્યવહારની વાત છે. પણ તમારો ભાવ સ્પષ્ટ હોવો જોઈએ કે ડૉક્ટર કે શિક્ષક કે જ્યોતિષી આશ્રય કરવા લાયક નથી. તે નિશ્ચય પછી તો જેમ તમે દુકાનમાંથી ઘઉં ખરીદો તેમ જ્યોતિષી પાસેથી તમારા ભવિષ્યનો વર્તારો ખરીદો, બેમાં બહુ અંતર નથી. પણ તમે આશ્રયભાવથી લો તો ડૉક્ટરથી દવા લેવી કે ગુરુથી જ્ઞાન લેવું પણ અન્યાશ્રય છે, અને તેમ જ પ્રારબ્ધ પૂછવું પણ અન્યાશ્રય છે.

**પ્રશ્ન** : સગપણ વખતે છોકરાછોકરીના જન્માક્ષર મેળવવા આપણા ધર્મથી વિરુદ્ધ છે ?

**ઉત્તર** : વિરુદ્ધ નથી, કેમકે શાસ્ત્રની આજ્ઞા જ છે કે જન્માક્ષર મેળવીને વિવાહ કરવા જોઈએ.

# પ્રવચન તા. ૩૧-૮-૮૪

**પ્રશ્ન** : શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે કૃષ્ણસેવા સિવાય બીજા કોઈ વિષયની ચિંતા ન કરવી, અને નિવેદનાનુસંધાન સિવાય બીજા કોઈ વિષયની ચિંતા ન કરવી-તો ચિંતા ન કરવી અને કરવી એ બંને વાત કેમ કહેવાઈ રહી છે ?

**ઉત્તર** : સંસ્કૃતમાં ચિંતા શબ્દ ઉદ્વેગ અને ચિંતન એ બંનેના અર્થમાં વપરાય છે. તો ચિંતાનો નિષેધ કરવામાં આવે છે ત્યારે ઉદ્વેગના અર્થમાં હોય છે; પણ જ્યારે ચિંતા કરવી એમ વિધાન કરવામાં આવે છે આપણા સંપ્રદાયમાં ત્યારે ઉદ્વેગના કે કકળાટના અર્થમાં નહિ પણ એ અર્થમાં કે એનું ચિંતન આપણે કરવું જોઈએ. એટલે હરિરાયજીની આજ્ઞાનો એ અર્થ નહિ કે કૃષ્ણસેવાની ચિંતા કરવી, પણ એ અર્થ કે કૃષ્ણસેવાનું ચિંતન કરવું. સંસ્કૃતમાં ગતિનો અર્થ ફલ પણ થાય અને ગમન પણ થાય. 'એમની શી ગતિ થઈ ?'નો મતલબ એમને શું ફલ મળ્યું, અને ગતિ એટલે ગમન. આમ સંસ્કૃત ભાષા બહુ ફ્લેક્સીબલ છે, એટલે બંને જાતના પ્રયોગો એમાં છે. પ્રસંગનો વિચાર કરી અર્થ નક્કી કરવો જોઈએ. શ્રીહરિરાયજીએ પહેલા જ શ્લોકમાં ખુલાસો કરી દીધો છે કે ''આચાર્યશરણં તસ્ય ચિંતા ક્લેશોપિ નૈવ હિ'' તો એવી ચિંતા કે જે કરવાથી કલેશ થતો હોય તે ન કરવી. પણ જે ચિંતા કરવાથી આપણા ધર્મનો ભાવ વધતો હોય, ધર્મમાં પ્રવૃત્તિ વધતી હોય તે ખરેખર ચિંતા નથી, તે તો ચિંતન છે, અને તેવું ચિંતન તો કરવું જ જોઈએ. ચિંતનનો નિષેધ આપણે ત્યાં નથી કરવામાં આવ્યો, ચિંતાનો નિષેધ કરવામાં આવે છે.

**પ્રશ્ન** : બધા ગોસ્વામી બાળકો ગુરુ છે તો સેવા પુષ્ટાવવા કોઈ પણ બાળકની આજ્ઞા કેમ ન ચાલે ? પોતાના ગુરુદેવનો આગ્રહ શા માટે ?

**ઉત્તર** : એવું છે કે ધારો કે દેના બેંકની એક શાખામાં તમે ખાતું ખોલાવો અને બીજી કોઈપણ શાખામાં જઈ ચઢો ને કહો કે દેના બેંકમાં જ ખાતું છે ને, લાવો પૈસા ! તે જ શાખામાથી પૈસા મળે કે જ્યાં જઈ ચઢો ત્યાંથી પૈસા મળે ? એડમિશન એક શાળામાં લો અને ક્લાસ એટેન્ડ કરવા તે જ સંસ્થાની બીજી શાળામાં જાઓ તો ચાલે ? ના, કેમકે આ કંઈ વ્યક્તિવાદ નથી; સંપ્રદાય છે, સંસ્થા છે, સંસ્થાના બંધારણ મુજબ વર્તવું જોઈએ. બંધારણને

તોડનારા મોટે ભાગે સંપ્રદાયના દ્વેષી હોય છે, છદ્મ શત્રુ હોય છે, એટલે તેમને ગમતું નથી કે સંસ્થા બંધારણની રીતે જીવી શકે. હવે એમ ખુલ્લેઆમ ન તોડી શકે એટલે પછી આવી અવ્યવસ્થા ઊભી કરે.

એક ભાઈ મને કહેતા હતા કે એમ તો હું ખાદી નથી પહેરતો, પણ જ્યારે જૂઠું બોલવું હોય ત્યારે ખાદી પહેરું છું ! આમ જૂઠું બોલવા ખાદી પહેરનારા અસલી જૂના કોંગ્રેસી ન હોઈ શકે, તેઓ તો કોંગ્રેસના શત્રુ જ હોય. કોંગ્રેસને તોડવા માંગતા હોય, એટલે ખાદી પહેરીને કોંગ્રેસમાં ઘૂસી જૂઠું બોલવા માંડે. ખુલ્લેઆમ ન તોડી શકે એટલે સંસ્થાના કંઈ કંઈ કાર્યક્રમોમાં સક્રિય રહે, પણ બધા કાર્યક્રમ એવા પાઠવે કે જેનાથી સંપ્રદાયનું બંધારણ તૂટે. તમે પણ શત્રુ હો તો તોડી દો બંધારણ, પણ એમ કાંઈ સંપ્રદાય નહિ તૂટી જાય. એ તો મહાપ્રભુજીની, ઠાકોરજીની ઇચ્છાની વાત છે, જો જાળવવો હશે તો જાળવશે, ને નહિ જાળવવો હોય તો નહિ જાળવે. અમારે હિંદીમાં કહેવત છે કે બિલાડીના છીંકવાથી છીકો ન તૂટી જાય. અંતે ભગવદિચ્છાની વાત છે, તમને તોડવો હોય તો તોડવાના પ્રયાસ કરો, જેને જોડવાનું હશે તે જોડવાના પ્રયાસ કરશે; પણ એટલું ચોક્કસ સમજી લેજો કે બંધારણ તોડવાની વૃત્તિ સંપ્રદાયના, શ્રીમહાપ્રભુજીના અનુયાયીઓની નથી હોતી. ભીતર ખાને જેમને મહાપ્રભુજી પ્રત્યે યા આપના સિદ્ધાંતો પ્રત્યે યા આપના માર્ગ કે સંપ્રદાય પ્રત્યે અણગમો છે તેઓ તે અણગમાને વ્યક્ત નથી કરી શકતા, એટલે પછી ધોળા કપડાં પહેરીને ભીતર આવીને ખોટું બોલવા મંડી જાય ને તોડી નાખે. બંધારણની બાબતો પર છૂટછાટ લે કે આમ નહિ કરવું ને આમ કરવું, આમ કેમ ન કરી શકાય ? ભાઈ બધું જ કરી શકાય, તોડવું જ છે પછી શું ન કરી શકાય ! જોડવું હોય તો નિયમ હોય છે. એક વ્યક્તિને મકાન બનાવવું હોય તો નિયમ હોય છે કે કેમ ભીંત મૂકવી, ક્યાં સપોર્ટ આપવો. તોડવું હોય તો કાંઈ નિયમ હોય ? દંડાથી તોડો, પથ્થરથી તોડો, ઊધઈ લગાડી દો, આગ લગાડી દો, બોમ્બથી તોડો કોઈ નિયમ નથી. તો સંપ્રદાયના બંધારણના નિયમો છે તે સંપ્રદાયને જીવાડવાના, ટકાવી રાખવાના નિયમો છે. જેને સંપ્રદાયથી સ્નેહ નથી તે બધા નિયમો તોડી શકે છે.

તો બધા જ ગુરુ છે પણ ભાષ્યમાં ચોખ્ખી આજ્ઞા કરી છે ત્યારે એ બંધારણને આપણે તોડી ન શકીએ, અભેદનો સિદ્ધાંત સ્થાપીને કે બધા જ ગોસ્વામી બાળકો વલ્લભકુલના છે. લાલાજીઓમાં પણ વલ્લભકુલનું જ લોહી વહી રહ્યું છે, એ કાંઈ વલ્લભકુલના નથી ? વલ્લભકુલના તો અનેક હોઈ શકે, પણ બંધારણ નથી. બાવાએ પણ જ્યાં સુધી જનોઈ ન લીધી હોય ત્યાં સુધી બ્રહ્મસંબંધની દીક્ષા ન આપી શકે એવું બંધારણ છે. તોડવાવાળા ભલે તોડે. જો સંપ્રદાય તરીકે આપણે જીવવા માંગતા હોઈએ તો બ્રહ્મસંબંધ લેવા માટે, સેવા પધરાવવા માટે, સેવાની આજ્ઞા માટે ગુરુઘરનો જ આગ્રહ રાખવો જોઈએ.

**પ્રશ્ન :** કોઈ વૈષ્ણવ પ્રેમથી સ્વરૂપ પધરાવી આપે તો તે સ્વરૂપને પધરાવી શકાય કે કેમ ?



**ઉત્તર :** પધરાવી શકાય, પણ ગુરુઆજ્ઞા લઈ લેવી જોઈએ.

**પ્રશ્ન :** પ્રભુ પર ઘણો સ્નેહ છે, માથે ઋણ છે અને તે વધતું જ જાય છે; તેવામાં પ્રભુને નવીન નવીન સામગ્રી આરોગાવવાનો આગ્રહ પણ છે, આરોગાવે છે, પ્રભુ પર પૂર્ણ વિશ્વાસ છે કે બહુ પાર પાડશે-તે શું બરાબર છે ?

**ઉત્તર :** અમુક માણસોને નોકરી કરવાની ધગશ હોય, કોઈને ધંધો કરવાની ધગશ હોય, કોઈને બેઠી આવક ગમતી હોય, કોઈકને ભિક્ષા માંગવા સિવાય કોઈ ઉપાય ન હોય, કોઈકને લોટરીની આદત હોય-તેમ કોઈકનો ધંધો જ ઉધાર લેવાનો હોય તો પછી વાંધો ન આવે. અમારા એક પરિચિત ઘેર આવે તો ઓછામાં ઓછા પાંચ રૂપિયા ઉછીના લીધા વિના જાય જ નહિ. એક વાર મારા ૪૦ રૂપિયા લઈ ગયેલા, તો બીજી વાર આવ્યા તો કહે ''આવતી વખતે તે જરૂર પાછા આપી દઈશ, જરા ૧૫ રૂપિયા ઉછીના આપોને.'' મેં કહ્યું ''૪૦ રૂપિયા તો લોટાવતા નથી ને પાછા ઉછીના માંગો છો ?'' તે બોલ્યા ''કંઈ તમારા રૂપિયા લઈને હું ખાઈ જઈશ ? તમારા રૂપિયા ખાઈ જાઉં તો મારે નરકમાં જવું પડે.'' મેં કહ્યું ''નરકમાં જશો તો તો યમરાજથી ય પાછા ઉછીના લેશો, તો એ ય ગભરાઈને પાછા અહીં મોકલશે !'' તો કોઈકના ધંધા જ એવા હોય તો પછી આપણે નિષેધ ન કરી શકીએ, કેમકે તે તો માણસનો સ્વભાવ છે, તેને કેવી રીતે રોકી શકાય ? પણ એટલું ચોક્કસ કહી શકાય કે સેવા માટે ઉછીના ન લેવા જોઈએ. સેવા સહજ વૃત્તિથી કરવી જોઈએ, જે આપણી પાસે છે તેનાથી કરવી જોઈએ, ઉછીના લઈને નહિ.

**પ્રશ્ન :** સત્સંગ મોટો પદાર્થ કે સેવા ? વધારે પ્રીત શેમાં કરવી ?

**ઉત્તર :** એવું છે કે સત્સંગમાં પ્રીતિ કરવી જોઈએ, પણ એવા સત્સંગમાં કે જેનાથી સેવાનો ભાવ વધતો હોય. એવા સત્સંગમાં ક્યારેય પ્રીતિ ન કરવી કે જેથી સેવાનો ભાવ ઘટતો હોય. બસ આટલાથી સમજી જાઓ.

**પ્રશ્ન :** ઠાકોરજી સાથે શ્રીગુરુદેવ બિરાજતા હોય તો બંનેને સાથે ભોગ ધરવા કે અલગઅલગ ? માલાજી એક ધરાવવા કે અલગઅલગ ?

**ઉત્તર :** એવું છે કે ઠાકોરજીની સેવામાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને સાત બાળકો સિવાય ઠાકોરજીની સાથે બીજા કોઈ પણ ગુરુની કાંઈ પણ વસ્તુ ન પધરાવી શકાય. બંધારણની વાત છે હોં, પછી તો જેની જેવી શ્રદ્ધા અને જેવી ગુરુની આજ્ઞા. અમારે ગોસ્વામી બાળકોને ત્યાં તો એવી પદ્ધતિ જ છે, કે મહાપ્રભુજી ઠાકોરજીની સાથે ન બિરાજે. ઠાકોરજી સિંઘાસન પર બિરાજે અને મહાપ્રભુજી પલંગડી પર બિરાજે. ભોગ પણ મહાપ્રભુજીને ન આવે, ઠાકોરજીને જ આવે. મહાપ્રભુજીને જગાડવામાં આવે, ઝારી ભરવામાં આવે, ઠાકોરજીથી પહેલાં જગાડવામાં આવે, જેથી કરીને મહાપ્રભુજીની કાનિથી આપણે જગાડી

શકીએ; અને ઠાકોરજી પોઢે પછી પોઢાડવામાં આવે, જેથી મહાપ્રભુજીની કાનિથી ઠાકોરજીને પોઢાડી શકીએ. ભોગ તો શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ, ગુસાંઈજીનો ઉત્સવ અને અમે જેમ ગિરિધરજીના ઘરનાં છીએ તો શ્રીગિરિધરજીનો ઉત્સવ-એ ત્રણ દિવસ જ આવે, બાર મહિના ભોગ ન આવે. ઝારી ધરાવાય, ફૂલની માલા નોખી ધરાવાય અને પલંગડી પર બિરાજે. અમારે ત્યાંનો ક્રમ તો એ છે, બાકી તો જેમ ગુરુદેવ આજ્ઞા આપે તેમ.

**પ્રશ્ન :** બ્રહ્મસંબંધ ન લીધું હોય અને તુલસીમાલા ધારણ ન કરી હોય તો વૈષ્ણવ મટી જાય છે ? આ બે શું જરૂરી છે ?

**ઉત્તર :** વિષ્ણુની આરાધના માટે જે સંપ્રદાયો પ્રવૃત્ત થયા તે સંપ્રદાયમાં દીક્ષિત વ્યક્તિ વૈષ્ણવ કહેવાય. તેવો સંપ્રદાય આપણો જ છે તેવું નથી. રામાનુજ સંપ્રદાય છે શ્રીરામાનુજાચાર્યએ પ્રવર્તાવેલો, માધ્વ સંપ્રદાય છે શ્રીમધ્વાચાર્યએ પ્રવર્તાવેલો, શ્રનિમ્બાર્કાચાર્યે પ્રવર્તાવેલો સંપ્રદાય છે, એવા ઘણા વૈષ્ણવ સંપ્રદાયો છે જે વિષ્ણુની આરાધના માટે પ્રવૃત્ત થયા છે. કોઈ કૃષ્ણના પ્રાધાન્યથી આરાધના કરે, કોઈ રામના પ્રાધાન્યથી આરાધના કરે, કોઈ શ્રીનૃસિંહના પ્રાધાન્યથી આરાધના કરે, કોઈ હયગ્રીવના પ્રાધાન્યથી આરાધના કરે, પણ છે તો બધા જ વૈષ્ણવ સંપ્રદાયો. એટલે ''બ્રહ્મસંબંધ ન લે તો વૈષ્ણવ મટી જાય'' એમ આપણે કેમ કહી શકીએ ? પણ એક વાત સ્પષ્ટ સમજો કે આપણે ત્યાં શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં વૈષ્ણવ થવું હોય તો અષ્ટાક્ષરની દીક્ષા અને બ્રહ્મસંબંધની દીક્ષા - એ બે પૈકી ઓછામાં ઓછી એક દીક્ષા તો હોવી જ જોઈએ. જે એકે દીક્ષા લેતો નથી અને એકે દીક્ષાની કંઠી પહેરતો નથી તેને આપણા સંપ્રદાયમાં આપણે વૈષ્ણવ ન ગણીએ- તે આપણા સંપ્રદાયનો સિદ્ધાંત છે.

હવે તમે હોસ્પિટલમાં કામ કરો તો હોસ્પિટલના કપડા તમારે પહેરવા પડે, સ્કૂલમાં સ્કૂલના યુનિફોર્મ પહેરવા પડે, તેમાં ઝઘડો નથી થતો પણ સંપ્રદાયમાં આવીને કંઠી પહેરવામાં ઝઘડો થતો હોય તો આવવું જ ન જોઈએ; અને જો આવવું જ હોય તો જે સંપ્રદાયનું બંધારણ છે, જે સંપ્રદાયની શિસ્ત છે તે જાળવવી જોઈએ. આપણે કહીએ કે આવી તો ચઢ્યા છીએ પણ પહેરશું નહિ. એટલે સમજી લેવું કે ભીતરમાં થોડોક તમે સંપ્રદાય સાથે ભેદ રાખો છો. જન ગણ મન અધિનાયક ગવાતું હોય ત્યારે તમે ઊભા ન થાઓ તેનો મતલબ કે ભારત માટે આદર નથી. જો આદર હોય તો ભારતીય બંધારણની જે શિસ્ત છે કે રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે ઊભા થઈ તેને આદર આપવો જોઈએ તેનું તમારે અનુસરણ કરવું જોઈએ. તેવી રીતે આપણા સંપ્રદાયમાં શિસ્ત છે કે સંપ્રદાયમાં દીક્ષિત થયા હોઈએ તો કંઠી પહેરવી જોઈએ, તેમાં શી તકલીફ ? કોઈ સોસાયટીમાં જોડાઓ તો તેના નિયમો પાળો છો કે નહિ ? ઘણાબધા માણસો હોય છે તે 'લાયન' બનીને ફરતા હોય છે. ભાઈ ભગવાને તમને મનુષ્યયોનિ આપી તો લાયન કેમ થઈ ગયા ? તો સંસ્થા સાથેના એસોસિયેશન માટે



લાયન બનીને ફરવામાં વાંધો ન આવે પણ કંઠી પહેરવામાં વાંધો આવે એવું હોય તો પછી જોડાવું ન જોઈએ. માલા ધારણ કરવી એ તો ઠીક, પણ તમે વૈષ્ણવ થયા છો કે નહિ ? જો થયા છો તો સંપ્રદાયની શિસ્ત પાળવામાં તમને આભડછેટ હોવી જ ન જોઈએ. અને નહિ તો કંઠી તમને આપવી જ ન જોઈએ, એ આપનારની ભૂલ છે.

હવે ગ્રંથ પર આવીએ. કાલના પ્રસંગમાં દ્વિતીય શ્લોક સુધી આપણે જોયું કે જે આપણા ત્રૈવર્ગિક આયાસ છે તદર્થ, એટલે કે ધર્મસંબંધી, અર્થસંબંધી કે કામસંબંધી ઇચ્છાઓ પૂર્ણ કરવા આપણે ભક્તિ નહિ કરીએ, પણ ત્રૈવર્ગિક આયાસ આપણે કરીશું અને તેનાથી જે કાંઈ ધર્મ, અર્થ, કામનું ઉપાર્જન થયું હશે તેનો આપણે આપણી ભક્તિમાં વિનિયોગ કરીશું. એ જે આપણો સિદ્ધાંત તે મુજબ આપણે કોઈ ચિંતા ન કરવી જોઈએ. પ્રભુ આપણને જે કાંઈ ધર્મ, અર્થ, કામનું સામર્થ્ય આપે તે સામર્થ્યને પ્રભુ દ્વારા મળેલ ભેટ તરીકે સ્વીકારીને જે મળ્યું છે તેનાથી પ્રભુસેવામાં તત્પર થવું જોઈએ. આ આપણું કાલે જોયું.

જ્યારે મેં આત્મનિવેદન કર્યું ત્યારે મેં મારા ઘરનું, મારા પરિવારનું, મારી સંપત્તિનું પ્રભુને સમર્પણ કર્યું છે એવો અહંકાર ભરેલો ભાવ જો આપણે રાખીએ તો આપણને અમુક જાતની ચિંતા સતાવતી હોય છે કે મારા પરિવારના લોકો સેવામાં સહાયક નથી થઈ રહ્યા, મારે પ્રભુસેવા છોડીને મારા પરિવારની પણ સેવા કરવી પડે છે. હવે પ્રભુસેવા કરતા હોઈએ તે વખતે પરિવારના માટે પણ થોડું આપણને ખપવું પડે તો આપણને એમ લાગે કે ના, ના આ તો ભક્તિવિરોધી ભાવ છે, પ્રભુસેવા છોડીને પરિવાર માટે ક્યાં, ખપવું ? તો ત્રીજા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે મૂલતઃ આ ભાવ આત્મનિવેદનવિરોધી ભાવ છે. શા માટે ? કેમકે જ્યારે તમે તમારા પરિવારનું, તમારા ઘરનું, તમારી સંપત્તિનું પ્રભુને સમર્પણ કર્યું ત્યારે તમે પોતાની જાતને ફુલાવો નહિ એ સમર્પણની કે આત્મનિવેદનની પ્રક્રિયાને લીધે, કે બીજાને તમે એટલાં હલકાં ગણો પોતાની તુલનામાં કે તમને થાય કે પ્રભુસેવા સિવાય બીજા કોઈ કામમાં હું વપરાઈશ નહિ. ''મારે ઘરનું કામ નથી કરવું, મારે તો કેવળ સેવા જ કરવી છે, પરિવારનું જે થતું હોય તે થાય'' એવો વૈરાગ્યવાદી ભાવ ભક્તિને અનુકૂળ ભાવ નથી. ભક્તિના ઘણાબધા પ્રકારો પૈકી એક પ્રકાર વૈરાગ્યવાદી પણ હોઈ શકે છે; પણ આપણે ત્યાં જે ભક્તિનો પ્રકાર સમજાવવામાં આવ્યો છે તે વૈરાગ્યવાદી ભક્તિનો નહિ, આત્મસમર્પણવાદી ભક્તિનો. મારી ભક્તિ જો આત્મસમર્પણમૂલક હોય તો તેવો અહંકાર મારે કેળવવો જ ન જોઈએ. મેં ઠાકોરજીની ભક્તિનો નિયમ લીધો છે તેથી મારા પરિવારનું કામ હવે હું નહિ કરું; કેમકે આવો અહંકાર આત્મનિવેદનવિરોધી ભાવ છે.

કોઈ સંસારી જીવ 'મારો પરિવાર છે' કહીને એની પાછળ પોતાની જાતને ઘસતો હશે તો તેને કશો લાભ નહિ મળે એવું એક ઠેકાણે નહિ, અનેક ઠેકાણે શાસ્ત્રમાં વૈરાગ્યના ઉદબોધન માટે કહેવામાં આવ્યું છે, અને વાત ખરી છે. પણ એટલું તો ચોક્કસ કે જે વ્યક્તિ

આવી રીતે પોતાના પરિવાર માટે પોતાની જાતને ઘસી રહ્યો હશે એને પરિવારમાં જબરદસ્ત મમતા છે. જે વ્યક્તિ એમ કહી રહ્યો છે કે હું મારા પરિવાર માટે ઘસાઇશ નહિ, હું તો કેવળ ભક્તિ જ કરીશ - તો એમ નહિ સમજતા કે એને પરિવારમાં મમતા નથી. નેગેટિવ મમતા છે, પણ મમતા તો છે જ કે મારો પરિવાર છે, એને માટે હું ઘસાઈશ નહિ. એટલે હજી 'મારું' તો બોલી જ રહ્યું છે, પછી પરિવાર માટે ઘસાય કે ન ઘસાય. આ તો ભક્તિરૂપી છટકબારી શોધી કાઢી છે. ''મારા પરિવાર માટે હું ઘસાઈશ નહિ'' કહેતાં અહંકાર બોલી રહ્યો છે અને મમતા પણ વધારે સડીને સામે આવે છે. જે માણસ પરિવાર માટે ઘસાતો હશે તેની મમતા સ્વસ્થ હશે ઓછામાં ઓછી પણ આવી નિષેધાત્મિકા વૃત્તિ અપનાવી ત્યારે મમતા સડી ગઈ.

વૈરાગ્ય સિદ્ધ થયો હોય અને સંન્યાસ લેવા હોય તે સ્થિતિમાં શાસ્ત્ર કહે છે કે પરિવારની ચિંતા છોડી દો; પણ એનો એક તબક્કો શાસ્ત્રે બતાવ્યો છે કે બ્રહ્મચર્યાવસ્થામાં પોતાના શાસ્ત્રના જ્ઞાનનું, સિદ્ધાંતનું અર્જન કરીને આપણા ઋષિઓનું ઋણ ચૂકવવું જોઈએ, યુવાવસ્થામાં વિવાહ કરીને સંતતિને જાળવીને ઉછરીને એમને યોગ્ય બનાવીને તમારે તમારા પિતૃઓનું ઋણ ચૂકવવું જોઈએ અને પ્રૌઢાવસ્થામાં જે દેવની કૃપાથી તમને આ સગવડો મળી તે દેવનું ઋણ તમારે ચૂકવવું જોઈએ એમના ભજન, આરાધનથી-એમ દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ એ ત્રણે ઋણ આપણે ચૂકવી દઈએ પછી આપણે આત્મોદ્ધારની ઈચ્છા રાખવી જોઈએ, પછી વૈરાગ્યપથ ઉપર આગળ વધવું જોઈએ; અને જે દિવસે વૈરાગ્ય આવે તે દિવસે ત્યાગ કરીને પછી તમારા પરિવારની જવાબદારી તમે છોડી શકો છો. એવી પ્રણાલી ક્યારેય પ્રાચીનકાળમાં નહોતી કે ''તિયા ગયી ગૃહ સંપતિ નાસી, મૂંડ મૂંડાય ભયે સંન્યાસી.'' બાયડી મરી તેમાં આવેલો વૈરાગ્ય કેટલું ટકવાનો ? બીજી સુંદર મળી જશે તો પાછો એવો ક્ષુદ્ર વૈરાગ્ય જતો રહેશે. આવા સ્મશાનિયા વૈરાગ્યથી કોઈ દિવસ ત્યાગ કરવાની ધાંધલ ન કરવી જોઈએ, કેમકે શાસ્ત્ર કહે છે : 'મોક્ષમિચ્છન્ પતત્યધઃ'. પિતૃઋણ, ઋષિઋણ, દેવઋણ ચૂકવ્યા વગર જો તમે ભાગી જવા માંગો છો તો તમે દેવાળિયા છો. આમ ઋણ ચૂકવ્યા વગર મોક્ષની ઈચ્છા રાખશો તો મોક્ષ થવાને બદલે અધઃપાત થશે એમ મનુ આજ્ઞા કરે છે.

તો એ ત્યાગથી વૈરાગ્ય કેળવવાની પદ્ધતિ આપણે ત્યાં હતી નહિ. આપણી જૂની પદ્ધતિ હતી 'યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્' જે દિવસે ખરેખર સાચો સ્વસ્થ વૈરાગ્ય હૃદયમાં આવે તે દિવસે ત્યાગ કરવો જોઈએ; ત્યાગ કરીને વૈરાગ્ય કેળવવો એ આપણી પદ્ધતિ નહોતી. વિરક્તે ત્યાગની સાધના કરવી જોઈએ, ત્યાગીએ વૈરાગ્યની સાધના નહિ, કેમકે પહેલાં જો તમે છોડી દીધું તો અનુરાગની તમારી જે વૃત્તિ છે તે વધારે વિકૃત થઈ જશે. પછી તમે ઘર છોડીને આશ્રમ બંધાવી લેશો, પરિવાર છોડ્યો તો ચેલાની શોધમાં નીકળી પડશો- તે વાત તો ત્યાંની ત્યાં જ રહીને ! શાસ્ત્ર એમ કહે છે કે પુત્રૈષણા=પુત્રકામના,



લોકૈષણા=લોકમાં પૂજાવાની કામના અને ધનકામના. એ ત્રણે કામનાઓ જ્યારે હૃદયમાં પેદા થવી બંધ થઈ જાય ત્યારે આપણે સંન્યાસ લેવો જોઈએ, ત્યારે ત્યાગ કરવો જોઈએ. એમાંની એક પણ કામના હૃદયમાં ઘડિયાળની માફક ટકટક કરતી હોય તો પછી ત્યાગની ધાંધલ કરવી ન જોઈએ. હજી ખમી લેશો તો વાંધો નહિ, પણ ભાગશો તો શું થશે કે પેલા ચેલાને 'બેટા' કહેવો પડશે. પચાસ હજારનું ઘર છોડીને લાખ રૂપિયાનો આશ્રમ બાંધો ને ત્યાં પણ ઝંઝટ તો એ ની એ જ. આશ્રમમાં જે શિષ્યો ભેગા થયા તેમાં તમારી પુત્રૈષણા પણ આવી ગઈ, લોકૈષણા પણ આવી ગઈ અને વિત્તૈષણા પણ ડોનેશનમાં આવી જ ગઈ; એટલે એના રૂપ ફેરવાઈ ગયા પણ એષણા બંધ નથી થઈ. અનુરક્તિ આવી રીતે તમને છેતરી જશે.

એટલે આપણે એમ સમજીએ છીએ કે ચાંદ ઘૂટાવાથી વૈરાગ્ય આવી જશે, પણ એ વાત ખોટી છે. તેમ હોય તો બધા ટાલિયા વિરક્ત હોવા જોઈએ. વૈરાગ્ય ભીતરની વસ્તુ છે, આવે ત્યારે આવે, એટલું સરળ કામ નથી. તેથી શાસ્ત્ર કહે છે કે જે દિવસે વૈરાગ્ય આવે તે દિવસે ત્યાગ કરવો જોઈએ. આપણી આર્યપરંપરા આ હતી. પછી ચડસાચડસી થઈ, તેમાં આ કહે 'અમારા ત્યાગી સાધુઓ છે' તો પેલા કહે 'ત્યારે અમારા ય ત્યાગી સાધુઓ છે.' પછી તેમના માટે મઠ, આશ્રમો બનાવે. હવે તો સાધુ વિમાનમાં ય ફરે છે, ટેલિવિઝન પણ આશ્રમમાં રાખે છે, વિડિયો ય જુએ છે, ફ્રીજ રાખે, પિસ્તોલ પણ રાખે, ગનફેક્ટરી ચલાવે તે કાંઈ ત્યાગવૈરાગ્યની સાધના નથી. શાસ્ત્ર એમ નથી કહેતા કે ગૃહસ્થીઓ બધા નરકમાં પડે છે. ગાર્હસ્થ્યમાં પણ તમે તમારા પિતૃઓનું ઋણ ચૂકવી શકો છો. પણ આવો ત્યાગ કરશો તો ક્યાંયના નહિ રહો, અધઃપાત થશે.

એ જે શાસ્ત્રની ધીરજ હતી તે મુજબ આપણે વર્તવું જોઈએ. જેમ જ્ઞાનમાર્ગમાં મુક્તિ માટે ધાંધલ ન થાય તેમ આપણા ભક્તિમાર્ગમાં આપણે ભક્તિ માટે ધાંધલ ન કરવી જોઈએ કે આજે અમે આત્મનિવેદન કર્યું તેથી આજ દિ પછી પરિવારના કોઈને અમે અમારા નહિ માનીએ, આ પરિવાર માટે અમે કશું જ નહિ કરીએ. તો વાત તો ત્યાંની ત્યં જ રહીને. તમે બીજાને ભેગા કરશો અને પ્રદર્શનો કરશો, ધંધો નહિ કરો તો ભાગવત્કથા કરશો, નોકરી નહિ કરો તો ઠાકોરજીના ભવાડા કરશો. સાચી વૃત્તિ એ છે કે તમારા પરિવારનું જ્યારે તમે આત્મનિવેદન કર્યું ત્યારે એ પરાયો પરિવાર છે એમ તમારે નથી ગણવાનું; તમારે એમ ગણવાનું છે કે જે પ્રભુને મેં આ આત્મનિવેદન કર્યું છે એમની ઝારીને હું સાચવું, એમના ખંડપાટને હું સાચવું, એમના શૃંગારને સાચવું તો આ એમની સેવા માટેના પરિવારને, આ એમને બિરાજવાના ઘરને પણ હું સાચવું. તો ઘરની જાળવણી એ ભાવનાથી નથી કરવી કે મારું ઘર છે; પ્રભુની સેવા માટે ઉપયોગી આ ઘર છે. તે ભાવથી જેવી રીતે હું ઘરને જાળવું તેવી રીતે પરિવારને જાળવતા આવડવું જોઈએ, તેમાં જે કાંઈ મારાથી થઈ શકતું હોય તે મારે

કરવું જોઈએ. હું એમ કહીને છટકું કે હું આત્મનિવેદન કરીને ભગત થઈ ગયો તો જેમ મનુ મહારાજ સંન્યાસની બાબતમાં 'મોક્ષમિચ્છન્ પતત્યધઃ' કહે છે તેમ મહાપ્રભુજી પણ આપણને કહેશે કે આટલી બધી ધાંધલ કરશો, આટલું બધું દોડશો તો તમારી લપસી જવાની શક્યતાઓ વધી જશે.

થોડી ધીરજ રાખો. તમને તમારા હૃદયમાં પ્રભુની તત્પરતા એટલી સ્પષ્ટ થાય અને પ્રભુના અનુરાગને લીધે પરિવારમાં વૈરાગ્ય આવે તો સાચો વૈરાગ્ય છે. પણ પરિવારમાં વૈરાગ્ય કેળવીને તમે કહો કે અમે પ્રભુના અનુરાગ કેળવી લઈએ, તો પરિવારમાં વૈરાગ્ય કેળવવા માટે તેમાં તમારે દોષ જોવા પડશે, પરિવારને હેય માનવો પડશે. હવે જે પરિવાર તમે પ્રભુને સોંપી દીધો, નિવેદિત કર્યો એમાં તમે હેયબુદ્ધિ રાખો છો એટલે કાલે તમે ઠાકોરજીના સિંઘાસનમાં પણ હેયબુદ્ધિ રાખશો, ભોગમાં પણ હેયબુદ્ધિ રાખશો. તો જો ઠાકોરજીના સિંઘાસનમાં હેયબુદ્ધિ ન રાખીએ, ભોગ ધરવામાં હેયબુદ્ધિ ન રાખીએ, તો એ પરિવારમાં કેવી રીતે હેયબુદ્ધિ રાખીએ જે પરિવાર મેં પ્રભુને સોંપી દીધો છે ? એટલે મારે ઠાકોરજીના સેવોપકરણ સમજીને પણ જાળવવો જોઈએ, મનમાં ખોટો ધાંધલનો ભાવ ન લાવવો જોઈએ કે મેં તો આત્મનિવેદન કર્યું, હવે પરિવારનું કામ હું નહિ કરું. એ વૃત્તિ ભક્તિમાર્ગમાં અપેક્ષિત નથી, ત્યાગ કે વૈરાગ્યમાર્ગની કથા નોખી છે. ભક્તિમાર્ગમાં આવી વૃત્તિને કારણે વધારે ચિંતા થતી હોય છે.

ઠાકોરજીને ભોગ ધરી તમે જ સખડી ખાઈ જાઓ ને પરિવારને ન આપો એમ કેમ ચાલે ? સાચા છો તો તમે પણ ન ખાઓ, આ જીભના ચટકારા છોડી દો. પોતાની બધી વાત કાયમ રાખો અને પરિવારની ચિંતા છોડી દો તો તમે કાંઈ ડોળ કરી રહ્યા છો, ભક્તિને નામે કાંઈ ગડબડાધ્યાય કરી રહ્યા છો. આવી ભક્તિ ન થાય. ભક્તિને સહજતાથી સ્વીકારવાની શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. તેથી જ જુઓ શ્રીગુસાંઈજી ત્યાં કહે છે કે, 'નનુ ભગવતે સમર્પિતદેહાદેઃ સ્ત્રીપુત્રાદિષુ વિનિયોગેન સ્વધર્મહાનિચિન્તા બાધતે.' જે દેહ, જે મારું અહંતામમતાનું સામર્થ્ય મેં ભગવાનને સમર્પિત કર્યું એ દેહ અને સામર્થ્યને શું ભગવાનને છોડી પરિવારમાં લગાડવા ?' આવી ચિંતા શરૂ કરી દે અને પરિવારમાં ઝઘડો કરવાનો મુદ્દો ઊભો કરી દે. કોઈક પછી બે-ચાર ચેલા ભેગા કરીને બાપા બની જાય. એવા ચેલા ભેગા ન કરે તો શું કરે કે પ.ભ. બની જાય, પોતાની સેવા કરાવવા માંડે. ઘર છોડવાથી પ.ભ. નથી થવાતું, પ્રભુને પકડવાથી સાચા પ.ભ. થશો. છોડવાથી પ.ભ. થવાતું હોય તો બધા ત્યાગી લોકો પ.ભ. થઈ જાય. પકડવું તે કેવી રીતે, કે જે કાંઈ આપણે પ્રભુને સમર્પિત કર્યું છે તેમાં હેયબુદ્ધિ ન લાવીએ, તેને પ્રભુનું સમજીએ. 'ક્રીડાર્થમાત્માનઃ ઈદં ત્રિજગત્કૃતં તે સ્વામ્યં તુ તત્ર કુધિયો પરઈશ કુર્યુઃ' ભાગવત્ કહે છે કે આ સૃષ્ટિ ક્રીડાર્થમાત્ર પ્રકટ થઈ હોય તો એને



છોડવાની વૃત્તિ કે માલિક તરીકે પકડવાની વૃત્તિ-બંને વૃત્તિ પોતાની બુદ્ધિની ખરાબીને લીધે પેદા થતી હોય છે. હું એને છોડનાર કોણ જે પ્રભુએ પ્રકટ કર્યું હોય ?

એક દાખલો આપું કે ધારો કે એક નાટક કંપનીનો દિગ્દર્શક છે તેણે નાટક શરૂ કર્યું અને ઓચિંતું પેલું પાત્ર સ્ટેજ ઉપર આવીને કહે કે હવે મારે નાટક નથી કરવું, તો નામ કેમ નોંધાવ્યું ? નાટક શરૂ થયા પછી તમે કહો કે હવે વૈરાગ્ય આવી ગયો છે. નાટક નથી કરવું; તો પરણવું ન હોય તો મંડપમાં આવવું જ ન જોઈએ ને ? મંડપમાં બેસી જાય અને પછી વૈરાગ્ય જાગે કે હવે મારે પરણવું નથી તે વૈરાગ્ય નથી જાગી રહ્યો, તમને પરણવામાં બીક લાગી રહી છે અને એ બીકને તમે વૈરાગ્યનું નામ આપી રહ્યા છો. એવું અયુક્ત અવિવેકી કાર્ય આપણાથી ન થાય. એટલે ભક્તિમાર્ગમાં આપણે પ્રવૃત્ત થયા તેનો મતલબ એક નહિ કે હું મારો અહંકાર એટલો બધો વધારી લઉં કે 'મેં પ્રભુને આત્મનિવેદન કર્યું છે તેથી પરિવારના કામમાં હું નહીં આવું.' એ પણ એક જાતિનો, પોતાના ભક્તપણાનો અહંકાર છે. એ અહંકારને ખતમ કરો. તેથી શાસ્ત્રમાં કહ્યું છે 'યેન ત્યજસિ તત્ ત્યજ.' દરેક વસ્તુને છોડવામાં તમને અહંકાર કામ આવશે, પણ અંતે તે અહંકાર તમે ન છોડી શક્યા તો બધી છોડેલી વસ્તુ પાછી તમને વળગી જશે અને તમે વધારે અહંકારી થઈ જશો.

એ કાળજી લેવાની છે કે અહંકાર અને ભક્તિ સાથે ન ચાલે. અહંકાર ઓગાળી જવો જોઈએ. જેમ બરફ કઠોર હોય પણ પાણીના પ્યાલામાં નાખતાં ઓગળીને પાણી થઈ જાય, તેમ આપણા અહંકારની જે કઠોરતા છે તે ભક્તિરસરૂપે પીગળી જવી જોઈએ. એ અહંકારને આપણે ખતમ નથી કરવો, ફેંકી નથી દેવો, એને ભગવદ્સેવાના પ્યાલામાં ભરી દો તો એ પોતાની મેળે પીગળીને ભક્તિ થઈ જશે. એટલે કઠોર અહંકારનો મહાપ્રભુજી નિષેધ કરી રહ્યાઁ છે. મારી જાતને ઊંચી સિદ્ધ કરવા, પ.ભ. સિદ્ધ કરવા મેં આત્મનવેદન નથી કર્યું. એવા કુભાવથી હું આત્મનિવેદન કરું તો ખરેખર મેં આત્મનિવેદન જ નથી કર્યું. આત્મનિવેદનનો મતલબ એ કે મારી પાસે જે કાંઈ છે તે પ્રભુ તારી સેવા માટે છે; આ દેહ તારી સેવા માટે છે, આ પરિવાર તારી સેવા માટે છે, મારાથી સંબંધિત દરેક વસ્તુ તારી સેવા માટે છે. એ ભાવ કેળવીને જ્યારે સમર્પિત દેહની કાળજી રાખીએ ત્યારે સમર્પિત પરિવારની કાળજી ન રાખીએ તે કેમ ચાલે ? જો એવો વૈરાગ્ય કેળવાય કે તમારા દેહની પણ તમે કાળજી ન રાખતા હો તો પછી વાત કાંઈ વિચારવા જેવી ખરી; પણ દેહની કાળજી પૂરી રાખે, પોતાના પ.ભ.ના મોભાની કાળજી પૂરી રાખે અને પરિવારની જ કાળજી ન રાખે તો કાંઈક ગોટાળો છે. વૈરાગ્ય નથી પણ બીક લાગે છે. ઘણા મારામારીનો ડર લાગે તો કહે 'જોયા જોયા હવે. જોઈ લઈશ, જોઈ લઈશ.' ને પાછળ સરકતા જાય ! અરે પણ જોવા છે તો પાસે જઈને જો ને ! આ કાંઈ શૌર્ય નથી. આવા બીકણ હો તો ઝઘડો કરવો જ ન જોઈએ.

આપણે પરિવારમાં વૈરાગ્ય નથી કેળવવો, સાંસારિક અનુરાગ નથી કેળવવો,

આત્મનિવેદનથી પરિવારમાં ભગવદ્દુપયોગિતાનો ભાવ કેળવવો છે; અને તે ભાવ કેળવીએ ત્યારે જે સેવામાં ઉપયોગી હોય તેની પણ આપણે તેવી જ જાળવણી કરીએ. દા.ત. નંદમહોત્સવની પિછવાઇ વર્ષમાં એક દિવસે આવે, પણ આપણે વર્ષભર તેની જાળવણી કરીએ છીએ. તેમ પરિવારની જે વ્યક્તિ કે પરિવારના જે કાર્ય સેવામાં નિત્ય ઉપયોગમાં આવી રહ્યા છે તેને ય જાળવવા જોઈએ, અને નથી આવી રહ્યા તે કાલે આવશે એવો હૃદયમાં સદ્ભાવ રાખીને દરેક વસ્તુને જાળવતા રહેવું જોઈએ, કેમકે દરેક વસ્તુ પ્રભુની છે; તેમાં ન તો અહંતામમતાની સ્વાર્થબુદ્ધિ હોવી જોઈએ અને ન એવી ત્યાગમય વૃત્તિ હોવી જોઈએ કે ફેંકી દો બધાને, મારું કશું જ નથી. અરે પણ તારા સ્વામીનું તો છે કે નહિ? ઘરમાંથી રામો એક એક વસ્તુ ફેંકવા માંડે કે મારા કામનો આ સોફા નથી, મારા કામનું આ ટી.વી. નથી- તો તમને ગુસ્સો આવશે કે નહિ? એવી રીતે ભક્તિના અભિમાનને લીધે તમે પરિવારના બીજા સભ્યોની દરકાર નથી કરતા તો પ્રભુને પણ ગુસ્સો આવે. એક વસ્તુ કે વ્યક્તિ બીજી સેવોપયોગી વસ્તુ કે વ્યક્તિના ઉપયોગમાં આવતી હોય તો ચિંતા શું કરવાની હોય? ચોકી ભોગ ધરવામાં કામ આવી રહી છે એ તેની ભગવદ્દુપયોગિતા છે. ભોગ આરોગવાના કામમાં આવે છે, ચોકી સાજવાના કામમાં આવે છે. જે વસ્તુ જેવી રીતે કામમાં આવતી હશે તેવી જ રીતે લેવાશે ને? તો પરિવારમાં પોતાની જે ભૂમિકા છે તે ભજવીને આપણી સેવાપયોગિતા કેળવી શકીએ તે ભક્તિ કહેવાય.

એક ભાઈ કહી રહ્યા છે કે આપણે તો કાંઈ કર્મ કરવાના નથી, કર્મ તો મહાપ્રભુજી બધા આપણા વતી કરે છે, કેમકે 'સ્વદાસાર્થકૃતાશેષસાધન' છે. અરે પણ ભોજન તો તમે કરો છો, સૂઈ તો તમે જાઓ છો, બધી વાત તો તમે કરી રહ્યા છો, મહાપ્રભુજીને ક્યાં પરિશ્રમ આપો છો તે માટે! તમારો સ્વાર્થ છે ત્યાં મહાપ્રભુને કાંઈ આપતા નથી, જ્યાં તમને કરવાની કાંઈ જવાબદારી આવે છે ત્યાં મહાપ્રભુજી તરફ. એટલે ગળ્યું ગળ્યું બધું ગળી જવું અને કડવું આવે તે થૂ થૂ બધું મહાપ્રભુજી તરફ! આવો ડોળ ન ચાલે. જ્યારે સ્વાર્થનું બધું આપણે જ કરી રહ્યા છીએ ત્યારે શાસ્ત્ર મુજબ જે કાંઈ આપણું કર્તવ્ય છે તે આપણે જ કરવું પડશે, મહાપ્રભુજી નહિ કરે. તમારા કોઈક અસામર્થ્યના લીધે તમારા કર્તવ્યના નિર્વાહમાં તમે અજાણતાં ચૂકી ગયા તો મહાપ્રભુજી તમને બાંહેધરી આપે છે કે ચિંતા નહિ કરતા, હું સાંભળી લઈશ. પણ જાણીજોઈને તમે ન કરો તો મહાપ્રભુજી કાંઈ નથી કરવાના તમારા માટે. તો જ્યારે આવા ભાવ જાગી રહ્યા છે ત્યારે આપણે આપણી જાત સાથે કાંઈ છેતરપિંડી કરી રહ્યા છીએ. ભક્તિ પણ તમારે જ કરવાની છે, મહાપ્રભુજીએ નથી કરવાની તમારા વતી, મહાપ્રભુજીને તો છે જ સિદ્ધ. ''આપ સેવા કરી શીખવે શ્રીહરિ ભક્તિપક્ષ વૈભવ સુદૃઢ કીધો.'' આપને સેવા કરવાની જરૂર નહોતી છતાંય સેવા કરીને દેખાડી, એટલા માટે કે તમે એવા આળસુ ને નિકમ્મા ન થઈ જાઓ કે ''મહાપ્રભુજીએ અમારા વતી સેવા કરી



લીધી, હવે અમારે કરવાની શું જરૂર?'' મહાપ્રભુજીએ તો ભક્તિ કરી જ છે, તમારે ભક્તિ કરવાની ય શું જરૂર? મહાપ્રભુજીએ તો બધું જ કર્યું છે, મહાપ્રભુજી તો લીલામાં પધાર્યા, તમે પણ પધારો ત્યારે? એ છેતરપિંડી ન ચાલે, આપણે કાંઈક ખોટું સમજી ગયા છીએ ભક્તિના નામે.

સહજભાવથી આત્મનિવેદન કરવું જોઈએ કે હું અને મારું બધું તારી સેવા માટે પ્રસ્તુત છે, હવે તું જેનો નિત્યસેવામાં ઉપયોગ કરીશ તેની નિત્યસેવાક્રમમાં જાળવણી કરીશું અને જેનો નિત્યસેવામાં ઉપયોગ નહિ હોય તેની જન્માષ્ટમીની પિછવાઈની માફક નૈમિત્તિકસેવાક્રમ માટે જાળવણી કરશું કે જ્યારે તને સેવામાં લેવાની ઇચ્છા થાય ત્યારે એ એટલી ને એટલી જ સુરક્ષિત તને મળે. પ્રભુ એટલે જે બધું કરવા સમર્થ છે. જે જોઈતું હશે તે પોતાની મેળે લઈ લેશે, તમારી ગરજ નહિ રાખે. તમે કઈ રીતે ચિંતનથી, વાણીથી, વ્યવહારથી ભગવત્પર થઈ શકો છો તે બાબત તમારો Positive approach રાખો. બીજો કરે છે કે નહિ તેની ચિંતા Negative approach છે, અને ભક્તિમાર્ગમાં તે ખોટી ચિંતા કહેવાય, તે ન કરવી જોઈએ.

હવે કહે છે કે આ બે વાત તો સમજમાં આવી કે મારે જો પરિવારને માટે ખપવું પડતું હોય તો મારે ચિંતા ન કરવી અથવા મારો પરિવાર મારી સેવામાં સહયોગી ન થતો હોય તો મારે ચિંતા ન કરવી પણ મારા પરિવારના કોઈ સભ્યને મેં સમર્પિત કર્યો અને તે પ્રભુભજન ન કરીને ધારોકે શિરડીના સાંઈબાબાનું ભજન કરે છે, તો ચિંતા કરવી કે નહિ? તમે જુઓ કે મહાપ્રભુજી આ સ્તર ઉપર જઈને કહી રહ્યા છે કે તોય ચિંતા ન કરવી! આ પણ ચિંતા ન થાય તો તમારું આત્મનિવેદન સાચું. વાર્તામાં આવે છે કે બાદશાહે આવીને શ્રીગુસાંઈજીને મોતીની માળા ભેટ કરી, અને શ્રીગુસાંઈજીએ તેને ધારણ કર્યા વિના શ્રીયમુનાજીમાં પધરાવી દીધી. બાદશાહને થયું કે આટલી કીમતી માળા શ્રીયમુનાજીમાં પધરાવી દીધી? આ તે કેવો વ્યવહાર! તો એવી દસ માળા કાઢીને શ્રીગુસાંઈજીએ બતાવી! કહેવાનો મુદ્દો શું કે મેં સમર્પિત કરી દીધું પછી એ મારા કામમાં આવે કે બીજાના કામમાં આવે; એની ચિંતા મારે કરવાની રહી નથી જતી. જો હું ચિંતા કરી રહ્યો છું તો તેનો અર્થ એ કે મેં સમર્પિત નથી કર્યું, કેમકે હું મારી માલિકી કાયમ રાખું છું, અને તે જો કાયમ રાખું છું તો કોઈકને સમર્પણ કરવું જ ન જોઈએ. મહેમાનને ફરવા ગાડી આપો, ને પછી ગુસ્સો કરો કે છ વાગી ગયા પણ હજી આવ્યા નહિ, તો પહેલેથી જ નહોતી આપવી કે છ વાગ્યા સુધીમાં આવી જવાના હો તો લઈ જાઓ નહિતર નહિ. પણ પહેલાં ઉદારતા દેખાડો અને પછી ગુસ્સો-આવો વ્યવહાર આપણે કરીએ છીએ મહેમાન સાથે? ના. તો પ્રભુ સાથે આવો વ્યવહાર કેવી રીતે થાય?

મારી અહંતામમતાંસંબંધી દરેક વસ્તુ મેં પ્રભુને સમર્પિત કરી, પ્રભુને સેવામાં વાપરવી હોય તો સેવામાં વાપરે, બીજે વાપરવી હોય તો બીજે વાપરે. આટલું સ્વાતંત્ર્ય પ્રભુનું આપણે ન સ્વીકારીએ તો પ્રભુને સમર્પિત જ નહોતી કરવી જોઈતી તે વસ્તુ કે વ્યક્તિ. એટલી મોકળાશ હૃદયમાં ન હોય તો પ્રભુને તે વસ્તુ સમર્પિત કરતા જ નહિ. તેથી મહાપ્રભુજી કહે છે કે પુત્રાદિનો અન્યવિનિયોગ થાય તો પણ ચિંતા ન કરવી.

મૂળ તો દુર્વાસાનો અવતાર બની તમે પુત્રને સેવા કરવા દો નહિ અને પછી એ બીજાનું ભજન કરવા લાગે ત્યારે તમે ચિંતા કરો કે કળિકાળ આવી ગયો, છોકરા મા-બાપનું કહ્યું માનતા નથી, અમારા ગયા પહેલાં ઠાકોરજી મહારાજની ગ્વાલમંડલીમાં પધરાવવા પડશે, નહિ તો કાંઈક ટ્રસ્ટ બનાવવું પડશે ! ઠાકોરજીનું ટ્રસ્ટ બનાવો એટલે વાત જ બધી ચોપટ થઈ ગઈ. આપણા બાળકોને મરતા પહેલાં અનાથાલયમાં જમા કરાવવા પડશે તેવી જાતની જે અસ્થિર ચિત્તવૃત્તિ, તેવી અસ્થિર ચિત્તવૃત્તિથી આપણે ઠાકોરજીની સેવા કરવા માંગતા હોઈએ છીએ કે ગયા પહેલા ટ્રસ્ટ બનાવી દેશું, જેથી ઠાકોરજી ભૂખે ન મરે ! અરે તમારા ઠાકોરજી તમારા ભોગના ભૂખ્યા જ નથી, એ તો ભાવના ભૂખ્યા છે. તમે તમારા છોકરાઓમાં એ સંસ્કાર ન રેડી શક્યા. તમારા ભક્તિના આવેશથી કે તમારા છોકરા તમારા ઠાકોરજીને એટલા ચાહે જેટલા તમારી સંપત્તિને ચાહી રહ્યા છે. તમે છોકરામાં સંપત્તિ લેવાની તો પૂરી લાલસા પેદા કરી દીધી પણ તમારા ઠાકોરજીની સેવા કરવાની લાલસા કેમ પેદા ન કરી શક્યા ? કેમકે છોકરાઓ ચતુર છે, તેમણે જોયું કે તમારી લાલસા સંપત્તિમાં જ વધારે હતી, ઠાકોરજીમાં વધારે નહોતી, એટલે તેમને થયું કે આ તો ઘડપણની ઘેલછા છે. અમે ય ઘરડા થશું ત્યારે ગુરુમહારાજને ત્યાં જઈ ઠાકોરજી પધરાવી લેશું, હમણાંથી જ ભાંજગડમાં શા માટે પડીએ ? તમે જેટલા ઉમળકાથી તમારી સંપત્તિની જાળવણી અને મેનેજમેન્ટ માટે તમારા છોકરાને તૈયાર કરો છો તેટલા ઉમળકાથી ઠાકોરજીની સેવા માટે કેમ તૈયાર નથી કરતા ? મહાપ્રભુજી આપણાથી એ અપેક્ષા રાખે છે કે સેવા આપણે એવી રીતે કરીએ કે જેમ સંપત્તિનો વારસો લેવાની છોકરાઓને પ્રબળ ઇચ્છા થઈ જાય છે તેમ એ આપણને કહે કે અમને ભગવદ્સેવા પધરાવી દો, સંપત્તિ છો ન આપતા. તો તમે ખરા વૈષ્ણવ. 'તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તું કાચો.'

એ ત્યારે થશે કે જ્યારે તમે ઉત્સાહ અને ઉમળકાથી સેવા કરશો. તો છોકરાઓને સમજ પડશે કે આમાં વારસો લેવા જેવો છે. તમે ઉદ્વેગથી, Frustration થી, હાયપર ટેન્શનથી સેવા કરતા હશો તો એ વારસો લેવા જ નહિ માંગે. તો ગુનેગાર આપણે કે આપણા છોકરાઓ ? તમે ધર્મ જીવ્યા નહિ તો પછી તમને ધર્મની ચિંતા કરવાનો અધિકાર નથી. ધર્મની ચિંતા તે કરી શકે છે કે જેણે જીવનમાં ધર્મ જીવ્યો હોય. આજે ઘણા જણ કંઈ કરતા-ધરતા નથી અને ચિંતા કરે છે કે વૈષ્ણવ ધર્મનું શું થશે ? અરે તમે જીવો છો કે નહિ તે બતાવોને ? તમે વૈષ્ણવ ધર્મનો ડોળ કર્યો છે, વૈષ્ણવ ધર્મ જીવ્યો નથી. ઘરમાં સેવા ઉત્સાહ



ઉમંગથી કરી નથી - તો તમને છોકરાઓ પાસેથી વૈષ્ણવ ધર્મ જીવવાની અપેક્ષા રાખવાનો અધિકાર નથી. જે કામમાં તમારો જ ફિયાસ્કો થયો હોય એ તેઓએ શા માટે કરવું જોઈએ ? તમે બરાબર અનુસરો અને પછી અપેક્ષા રાખો તો તો એ સ્વસ્થ અપેક્ષા કહેવાય; પણ તમે પોતે પોતાનો, પોતાના સંપ્રદાયનો, પોતાના આચાર્યનો, પોતાના આચાર્યના સિદ્ધાંતોનો, બંધારણનો ફિયાસ્કો કર્યો હોય અને પછી કહો કે હવેની પેઢી નહિ પાળે-તો તે બેવકૂફ છે કે તમારા ધતિંગને પાળે ? એટલે મહાપ્રભુજીના સિદ્ધાંત મુજબ એ બાબતની ચિંતા આપણે કરવાની ન હોય, પ્રભુ કરશે.

હવે કહે છે ચાલો, એક ચિંતા તો છુટ્ટી થઈ કે પુત્રના અન્ય વિનિયોગમાં ચિંતા ન કરવી, પણ કોઈક વાર અમે પોતે એવા સપડાઈએ કે અમારે સેવા છોડી બીજું કશું કાર્ય કરવું પડતું હોય, તો ચિંતા કરવી કે નહિ ? મહાપ્રભુજી કહે છે : આત્મનિવેદનનું ચિંતન કરો, પણ ચિંતા ન કરતા. ચિંતન કરશો તો તમને પોતાની મેળે એ સમજમાં આવી જશે કે તમારું કાર્ય હતું આત્મનિવેદન. પ્રભુને તમે બધું સમર્પિત કરી દીધું પછી તમારો ઉપયોગ ક્યારે સેવામાં લેવો એ પ્રભુની મુન્સફીની વાત છે, એની ચિંતા કરી સ્નેહની કોમળ ઊર્મિને તમે કચડી નહિ નાખતા. એટલે એક તો બીમાર પડો અને પછી રડ્યા કરો તો બમણો રોગ થાય હોં. એવી સ્થિતિમાં દર્દીને ઘેનનું ઇંજેક્શન આપી સૂવડાવી દેવો પડે છે. તેમ જે લોકોને આવી ચિંતા થતી હોય તેમને મહાપ્રભુજી કહે છે કે થોડો Bed rest લો. અને આપણે ત્યાંનો Bed rest કેવો, તો એ શ્રીમહાપ્રભુજી સમજાવે છે. 'અજ્ઞાનાત્ અથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવદનં યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના.' તમે સમજીને આત્મનિવેદન કર્યું કે વિના સમજ કર્યું, મને એક વાત કહો કે તમને ખરેખર ચિંતા થઈ રહી છે ? તો તમે સેવા કરી જ શકશો, નિશ્ચિત માનો. પણ ખરેખર ચિંતા નથી તો ચિંતા કરવાનો ડોળ નહિ કરો.

ઉદ્ધાર કોઈને જોઈતો નથી. હમણાં ખરેખર ભગવાન પ્રકટ થઈ જાય તો બધા જ ભગત ભાગી જાય ! એક ભગત દર્શન કરવા ઊભો ન રહે, જો ભગવાન એવી નોટિસ આપીને આવે કે હમણાં જ ઉદ્ધાર થઈ જશે. ખરેખર એટલો જલદી ઉદ્ધાર થતો હોય તો આટલી ભીડ જ ભેગી ન થાય. બધાને આશ્વાસન છે કે કથા સાંભળીને પાછા ઘર ભેગા થઈ જશું. કોણ સાંભળે એવી કથા કે જેમાં ઉદ્ધાર થઈ જતો હોય, કોણ જોખમ લે ! ખોટી જીદ્ ન પકડો, પ્રશ્ન ઉદ્ધારનો નથી, પ્રશ્ન ભૂતલ ઉપર જીવન જીવવાની ઢબનો છે; જીવન સરખી રીતે જીવવું છે કે વેડફવું છે તે પ્રશ્ન છે. પ્રશ્ન તમારી સાધનાની ગંભીરતાને, ગરિમાને જાળવવાનો છે. તેથી ખરેખર ચિંતા થતી હોય કે મેં આત્મનિવેદન કર્યું છે અને મારે સેવારહિત નથી રહેવું તો પછી કોઈની તાકાત નથી કે તમને રોકી શકે. આપણી અડધી-પડધી વૃત્તિ આપણને રોકતી હોય છે. એક પ્રસિદ્ધ ટુચકો છે કે એક માણસને ખબર પડી કે દુકાનમાં ખોટ જવાની છે તો તેને મરવાની ઇચ્છા થઈ. તે રાતના પૂલ ઉપર જઈને ઊભો

રહ્યો કે નદીમાં ડૂબી જાઉં. પોલીસે આવીને પકડ્યો કે શું કરે છે ? એણે કહ્યું 'પડીને મરવું છે મારે.' પોલીસે કહ્યું 'તો પડતો કેમ નથી ?' તો કહે 'નીચે પાણી બહુ ઠંડું વહેતું લાગે છે.' ખરેખર જેને આપઘાત કરવો છે તેને પાણી ગરમ છે કે ઠંડું તેની ચિંતા થાય ખરી કોઈ દિવસ ? ચિંતા થઈ રહી છે એ એ વાતનું પ્રમાણ છે કે મન ડામાડોળ છે. આપઘાત વખતે જીવવાનો વિચાર આવે, જીવતી વખતે આપઘાતનો વિચાર આવે, અને તે ભેળસેળથી આવી પરિસ્થિતિ ઊભી થાય; જો પાકો નિર્ધાર હોય તો પોલીસ કાંઈ રોકી શકે ? આત્મઘાતની સાચી વૃત્તિ ન હોય તેને પોલીસ પકડી શકે, તેના પર કેસ કરી શકે. મરનાર તો મરીને જ રહે.

તેથી જ કહેવાય છે કે ઘરને તાળું લગાડવામાં આવે છે તે ચોરડાકૂથી બચવા નહિ, શાહુકારથી બચવા નહિ, પણ ઉઠાવગીરથી બચવા. એવી જ રીતે આપણી અડધી કમજોરી ઉઠાવગીરપણાને લીધે હોય છે, આપણામાં એટલું બુદ્ધિબળ કે ગણતરી નથી કે ખરેખર આપણે ધર્મને ચોરી શકીએ કે આપણામાં એટલું શૌર્ય નથી કે ડાકૂની માફક સંસારને છરી મારી ધર્મને એનાથી તફડાવી લઈએ. આપણામાં એટલી શાહુકારી નથી કે ધર્મને જીવવાની ઈચ્છા ન હોય તો એને પકડીને જ નહિ, ભૂલી જઈએ. આપણે વહેતી ગંગામાં હાથ ધોઈએ તેમ ધર્મ કરીએ, પણ બહુ ગંભીરતાથી લઈએ નહિ કે ક્યાંક ઉદ્ધાર થઈ જાય તો પંચાત થઈ જાય ! તો આવી વૃત્તિથી ધર્મ કરતા હોઈએ તો આપણને ચિંતા કરવાનો અધિકાર નથી.

મહાપ્રભુજી કહે છે : 'યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ તેષાં કા પરિદેવના.' તમે તમારા દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ દરેકનું સમર્પણ કર્યું છે કે નથી કર્યું ? જો કર્યું છે તો બસ, તમને ચિંતા કરવાનો પ્રસંગ પ્રાપ્ત નથી થતો. જો તમારાથી સેવા નભતી હોય તો અને ન નભતી હોય તો ય. શ્રીગુસાંઈજી બહુ સુંદર આજ્ઞા કરે છે : ''હીનમધ્યમાધિકારિભિરપિ નિવેદિતાત્મભિશ્ચિન્તા ન કાર્યા ભવતિ યત્ર. તત્ર કૃષ્ણાસાત્કૃતપ્રાણૈશ્ચિન્તા ન કાર્યા ઇતિ કિમુ વાચ્યં.'' જે લોકો આત્મનિવેદનના ઉત્તમાધિકારી નથી પણ હૃદયમાં આત્મનિવેદનના ભાવનો થોડો સ્પર્શ અનુભવે છે કે મેં મારું બધું પ્રભુને અર્પી દીધું, તેમને પણ ચિંતા કરવાની નથી, કાનૂનની ભાષામાં કહેવાનું હોય તો As per their statement, એમણે કહ્યું તે મુજબ. જે લોકો ચિંતા કરી રહ્યા છે કે અમારું આત્મનિવેનદ થઈ ગયું પણ સેવામાં વિનિયોગ નથી થઈ રહ્યો, તો આત્મનિવેદન કર્યું હોવાની આટલી પ્રબળ ભાવના હોય તો પછી ચિંતા કરવાની જરૂર જ રહી નથી જતી. કેમકે તે આત્મનિવેદન કરી દીધું છે, હવે શેની ચિંતા ? કૃષ્ણ બધું કરશે. 'મારે શું કરવાનું ? બસ એક જ ભાવ હૃદયમાં રાખો કે મેં આત્મનિવેદન કર્યું છે.

તેથી જ એક કવિ કહે છે : 'અહમિહસ્થિતવાનપિ તાવકઃ ત્વમપિ તત્ર વસન્નપિ મામકઃ' હું અહીંયાં છું છતાંય તારો છું, તું મારી પાસે મારા સેવ્ય તરીકે ન બિરાજતો હોય



ને ગોકુલમાં કે વૈકુંઠમાં કે મથુરામાં કે દ્વારકામાં બિરાજતો હોય છતાંય તું મારો છે. હું અહીંયા સંસારમાં પડેલો છું. છતાંય તારો છું તું જ્યાં રહેતો હોય ત્યાં રહે. આનંદથી પણ તું મારો છે, એમાં કોઈ બેમત નથી. અહીં સર્વની વાત નથી હોં કે ભગવાન સર્વનો છે. જે સર્વનો છે તે કરોડોનો છે, આ તો તારા-મારાની વાત છે. ''હૃદયસંગતમેવ સુસંગતં ન તનુસંગતમેવ હિ સંગતમ્.'' જે હૃદયથી જોડાયેલા છે તે સાચા જોડાયેલાં છે, દેહથી જોડાયા હોય પણ હૃદયથી ન જોડાયા હોય તો એ સરખા જોડાયેલા ન કહેવાય. જેમના હૃદય એકબીજાથી જોડાયેલા છે તે સરખા જોડાયેલા છે. શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે : હે પ્રભુ, તું જેવો છે તેવો મારા માટે નમસ્કરણીય છે, અને હું જેવો છું એવો તારો છું. પ્રભુ, તારે જ મને પાળવાનો છે. મારે શું ચિંતા ? મને સેવા કરાવીને પાળવો હોય તો તારી સેવા કરાવીને પાળ, સેવા કરાવ્યા વિના પાળવો હોય તો તારી સેવા કરાવ્યા વિના પાળ. પૈસા આપણે બધા કરન્ટ એકાઉન્ટમાં નથી મૂકતા, થોડા ફિક્સમાં મૂકીએ છીએ, થોડા સેવિંગ્સમાં મૂકીએ છીએ. તો આપણને પ્રભુએ કરન્ટમાં નથી મૂક્યા તો કાંઈ વાંધો નહિ, વેડફાઈ નથી રહ્યા, જેણે આત્મનિવેદન કર્યું છે તેને ચિંતા ન હોવી જોઈએ કે હું વેડફાઈ જઈશ. તમે તમારા આત્માને પ્રભુમાં ઈન્વેસ્ટ કરી દીધો, હવે કરન્ટ એકાઉન્ટમાં કર્યો કે સેવિંગ્સમાં કર્યો કે ફિક્સમાં કર્યો એ બધી ચિંતા એના પર છોડી દો. એને જે એકાઉન્ટમાં રાખવું હશે તેમાં રાખશે. તમારું કામ છે કે બહાર સંસારમાં મૂકીને ન રાખવી, પ્રભુની ભક્તિની બેંકમાં જમા કરાવી દેવી.

આવી રીતે ૧ થી ૪થા શ્લોકમાં પોતાનો અન્યવિનિયોગ કે પોતાના પરિવારનો અન્યવિનિયોગ કે પોતાનો સેવામાં અવિનિયોગ કે પોતાના પરિવારનો સેવામાં અવિનિયોગ અથવા ભક્તિ માટે ત્રૈવર્ગિક આયાસ કરવો કે ન કરવો તે બાબતની ચિંતા - એવી ઘણી બધી ચિંતાના નિવારણના શ્રીમહાપ્રભુજીએ ઉપાય દેખાડ્યા છે. જેમ બાળકના હાથમાંથી ખરાબ વસ્તુ તમાચો મારીને નહિ પણ બીજું સુંદર રમકડું આપીને સાવધાનીથી છોડાવીએ, તેમ 'ચિંતા કરશો તો નરકમાં પડશો' એમ ડરાવી-ધમકાવીને નિષેધ ન કરતાં કઈ ચિંતાને દૂર કરવા હૃદયમાં કેવો ભાવ હોવો જોઈએ, કઈ ચિંતા થતી હોય તો ક્યા ભાવનું ચિંતન કરવું જોઈએ તેના માટે વૈચારિક અને વ્યાવહારિક ઉપાયો બતાવ્યા છે.

## પાંચમો શ્લોક

હવે કોઈકને શંકા થાય કે નવધાભક્તિ પૈકી અંતિમ બે-સખ્ય અને આત્મનિવેદન તો પ્રભુ સ્વીકારે તો જ સંભવે, ત્યારે પોતે આત્મનિવેદન કર્યું તે તો ઠીક પણ પ્રભુએ સ્વીકાર્યું કે નહિ ? તેવી ચિંતા થતી હોય તો તેના નિરાકરણનો ઉપાય શ્રીમહાપ્રભુજી સૂચવે છે -

મૂલ : તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે।

વિનિયોગેપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ॥ ૫ ॥

**અન્વયાર્થ :** શ્રીપુરુષોત્તમે - શ્રીપુરુષોત્તમની બાબતમાં તેઓએ
નિવેદને - મારું આત્મનિવેદન સ્વીકાર્યું કે નહિ
ચિંતા ત્યાજ્યા - તેવી ચિંતા છોડી દેવી જોઈએ,
તથા - તેમ જ
વિનિયોગેપિ - આપણું નિવેદન સ્વીકાર્યું હોય તો પોતાની સેવામાં વિનિયોગ કેમ થવા દેતા નથી તે બાબતની પણ
સા ત્યાજ્યા - તે ચિંતા છોડી દેવી જોઈએ,
હિ - કેમકે
હરિઃ - ભગવાન શ્રીહરિ
સ્વતઃ સમર્થઃ - પોતે બધી રીતે સમર્થ છે. ॥ ૫ ॥

**ભાવાર્થ :** પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણે મારો અંગીકાર કર્યો છે કે નહિ એવી આત્મનિવેદન બાબતની જે ચિંતા છે તે છોડી દેવી જોઈએ. શ્રીમદ્‌ભાગવતના દશમસ્કંધમાં નિરોધલીલામાં વર્ણવાયું છે કે ભગવાને પોતે અન્ય ભજન કરનાર ભક્તોને અન્ય ભજન છોડાવીને પોતે સ્વીકાર્યા. ત્યારે જે જીવે પોતે સર્વાત્મના શ્રીપુરુષોત્તમની સમક્ષ આત્મનિવેદન કર્યું હોય તેને શ્રીપુરુષોત્તમે સ્વીકાર્યું કે નહિ એવી ચિંતા કરવાનું કોઈ ઉચિત કારણ રહી જતું નથી. વળી શ્રીપુરુષોત્તમના પોતાના સ્વરૂપાનંદના દાનથી સતત પોષિત થનારા ભક્તોનો ભગવાન સિવાય બીજે કશે ઉપયોગ સંભવ જ ન હોવાથી આવી શંકા ઉદિત થતી નથી. ક્યારેક લોકભયને લીધે અથવા જીવસ્વભાવને લીધે પણ અન્યત્ર વિનિયોગ થતો હોય તો પણ ચિંતા ન કરવી જોઈએ, કેમકે આપણે કદાચ પ્રમાદથી આવું કરી શકીએ છતાં ય પ્રભુ કદી પણ આપણો ત્યાગ કરશે નહિ. તે તો પોતાના કરુણાપૂરિત સ્વભાવને લીધે તેવા પ્રમાદી જીવનો પણ ઉદ્ધાર કરવા તેના સાધનોની દરકાર કરતા નથી. ॥ ૫ ॥

**વ્યાખ્યાન :** એ પછી ૫મા શ્લોકમાં એક મોટી ચિંતાનો ઉપાય કહે છે. હજી સુધી જેટલી ચિંતાનું વર્ણન થયું એ તો જે આત્મનિવેદન કર્યું છે તેથી જે ચિંતા થઈ રહી છે તેનું, પણ ચિંતા કરનાર કોઈ એવો શૂરો હોય કે જે કહે કે આત્મમિવેદનનું ચિંતન કરી કરીને આ ચિંતાઓ ભૂલી નથી શકતો કેમકે એને ચિંતા થઈ રહી છે કે આત્મનિવેદન થયું છે કે નથી થયું? તુલસી સમર્પી, બધું કર્યું પણ ભગવાને તો કાંઈ હામી ભરી નહિ, ત્યારે કેમ માની લેવું કે તુલસી સમર્પવાથી આત્મનિવેદન થઈ ગયું કે બ્રહ્મસંબંધમંત્ર બોલવાથી આત્મનિવેદન થઈ ગયું? આ ચિંતા કરવી કે ન કરવી?

ખરેખર તમે જોશો તો તમને આશ્ચર્ય થશે કે જેટલી ચિંતા અહીં વર્ણવી છે એમાંની



એક પણ ચિંતા એવી નથી કે ધંધો ન ચાલતો હોય તો નવરત્નનો પાઠ કરવો કે છોકરી ન પરણતી હોય તો નવરત્નનો પાઠ કરવો. કોઈ એવો વિષય આવ્યો છે હજી સુધી? મળશે પણ નહિ. લોકો આવી બધી ચિંતાને દૂર કરવા નવરત્નનો પાઠ કરે છે તે મને પણ સમજ નથી પડતી. ખરેખર નવરત્નનું એકે રત્ન એવું નથી કે જે આવી ચિંતાઓનો ઉપાય હોય. બધી ભગવદ્‌ભક્તિસંબંધી ચિંતાઓના ઉપાયોનું અહીંયાં વર્ણન કરવામાં આવ્યું છે. કઈ ભાષાના ક્યા વ્યાકરણ મુજબ આવા અર્થો લોકો કાઢે છે એ જ ખબર નથી પડતી મને તો.

કહે છે 'નનુ સરવ્યાત્મનિવેદને હિ ભગવદંગીકારેણૈવ સમ્પદ્યેતે, તથા ચ સ્વયમાત્મનિવેદને કૃતેપિ પ્રભુઃ અંગીકૃતવાન્ ન વા ઈતિ ચિંતા ભવત્યેવ.' એટલે હું કહું કે હું ફલાણા ભાઈનો મિત્ર. એક ભાઈએ મને કહ્યું કે અમે નહેરુજીને ઓળખતા હતા. મેં કહ્યું 'તમારી કેવી રીતે ઓળખાણ થઈ?' કહે 'ના, ના, મારા ગામમાં ચૂંટણી વખતે નહેરુજી આવ્યા હતા તે વખતે ભાષણ આપીને જ્યારે જતા હતા ત્યારે ઝાડ પર ઊભા રહી અમે નહેરુજીને જોયા હતા, અને પછી નહેરુજીએ હસીને અમને નમસ્તે કર્યા હતા.' હવે તમને તો ખ્યાલ છે, પણ નહેરુજીને ખ્યાલ હશે કે નહિ એ વાતનો? મોટી પંચાત. આવી ઓળખાણ કામ આવે કોઈ દિવસ? એમ આપણે કહીએ કે અમે તો આત્મનિવેદન કર્યું, પણ પ્રભુએ સાંભળ્યું કે ન સાંભળ્યું? તો ખરેખર ચિંતાનો વિષય થઈ જાય. હવે આવી ચિંતા કરવી કે નહિ? હવે આપણે એમ તો ન કહી શકીએ કે આત્મનિવેદનના ભાવનું ચિંતન કરો તો ચિંતા નિવૃત્ત થઈ જશે. કેમકે 'મૂલં નાસ્તિ કુતો શાખા.' મૂલ આત્મનિવેદનકે જેના આધારે હજી સુધીની ચિંતાનું નિવારણ કર્યું એ આત્મનિવેદનની બાબતમાં જ ચિંતા થઈ ગઈ.

ત્યારે મહાપ્રભુજી કહે છે કે વાંધો નહિ, તો ય ચિંતા ન કરવી તમારે. તો શું કરવું? તમે એ તો સ્વીકારો છો કે નહિ, કે જેની પાસે આત્મનિવેદન થયું કે નહિ તેની ચિંતા કરી રહ્યા છો તે પુરુષોત્તમ છે?' એ કાંઈ સામાન્ય પુરુષ નથી. ''યસ્માત્ ક્ષરમતીતોહમ્ અક્ષરાદપિ ચોત્તમઃ અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ'' ક્ષર અને અક્ષરથી ઉપર હું છું, અને તેથી પુરુષોત્તમ છું. અને કેવળ પુરુષોત્તમ નહિ, શ્રી-પુરુષોત્તમ્ છે. એટલે? શોભાવાળો પુરુષોત્મ. કેવી શોભા? એવી શોભા કે ''મલ્લાનાં અશનિઃ નૃણાં નરવરઃ, સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્ ગોપાનાં સ્વજનોસતાં ક્ષિતિભુજાં શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ મૃત્યુર્ભોજપતેઃ વિરાડવિદુષાં તત્ત્વં પરં યોગિનામ્ વૃષ્ણીનાં પરદેવતેતિ વિદિતો રંગ ગતઃ સાગ્રજઃ'' એક કોઈ નટ કે એક્ટર એક રાજાનો મેકઅપ કરીને રાજા જેવી છટા બતાવે, ભિખારીની વેશભૂષા ધારણ કરી ભિખારીની એક્ક્ટિંગ કરી શકે, આંધળાની એક્ટીંગ કરી શકે, પણ આ જે બધી એક્ટિંગ છે તે પૌરુષ અભિનય હોય છે, એટલે તેની મર્યાદા છે. એક વખતે સાંગોપાંગ એક જ અભિનય કરી શકે. એકસામટા દશ અભિનય કરી શકે કે એક માણસને

રડાવી શકે, એક માણસને હસાવી શકે. બીવડાવી, નાખુશ કરી, વૈરાગ્ય ઉત્પન્ન કરી, કામ ઉત્પન્ન કરી એક વખતે એક મંચ પર એક વેશભૂષામાં તે તો ભગવાન જ કરી શકે છે. મથુરામાં કંસના દરબારમાં આપ પધાર્યા ત્યારે મલ્લોને એવા દર્શન થયા કે જાણે અમારા પર વીજળી આવી પડી. જે પુરુષો હતા તેમને લાગ્યું કે કોઈ શ્રેષ્ઠ પુરુષ - વી. આઈ. પી. આવ્યો. સ્ત્રીઓને લાગ્યું કે સાક્ષાત્ કામદેવ પધાર્યા. એવી છટાથી જતા હતા છતાંય જે ગોપબાળકો ગોકુલથી સાથે આવ્યા હતા તેમને હસવું આવતું હતું એ જોઈને, કે કાલે તો ગાયો ચરાવતો હતો તે આજે આમ કેવો છટાથી જઈ રહ્યો છે ! જે રાજાઓ બેઠા હતા તેમને લાગ્યું કે હવે આપણી ખેર નથી, આપણે ગામને દંડ આપતા હતા પણ આ આપણને દંડનારો કોઈ ચક્રવર્તી સમ્રાટ આવી ચડ્યો. તે જ વખતે દેવકી-વસુદેવને લાગતું હતું કે કંસ ક્યાંક મારી ન નાખે આવા કોમળ નિર્દોષ બાળકને. એમને તો બાળક પણ નહિ, શિશુ લાગ્યા. એટલે કે જાણે ઘૂંટણિયે ચાલતા હોય તેવા લાગ્યા. તેમને જ્યારે ભગવાનના મૃત્યુનો ભય લાગતો હતો ત્યારે કંસને લાગતું હતું કે આ તો મૃત્યુ જ આવ્યું સાક્ષાત્, મારો કાળ જ આવ્યો. જે ભીડમાં ઊભેલા હતા એ કાંઈ સમજી ન જ શક્યા કે કોણ આવ્યા ને શું છે, પણ જે યોગીઓ હતા તેમને લાગ્યું કે ન સમજમાં આવે એવું કશું નથી. આજ દિવસ સુધી અમે જેની ધારણા, ધ્યાન, સમાધિ કરતા હતા તે તત્ત્વ સાક્ષાત્ મૂર્તિમાન થઈને અમારી પાસે આવ્યું છે તો જે યાદવો હતા તેમને લાગ્યું કે ના, ના, સાક્ષાત્ પરદેવતા અમારા કુલમાં પ્રકટ થઈને આજે પધારે છે. આવી છટાથી પ્રભુએ રંગમંચ પર પદાર્પણ કર્યું.

તો પ્રભુ કેવા અભિનેતા છે એનો તમે વિચાર કરો કે તમારે ન જોવું હોય તો ય જોવું જ પડે, અને એને ઈચ્છા ન હોય તો જોઈને ય ન સમજી શકનારા કરોડો મૂર્ખાઓમાં તમે ખપી જાઓ. તો જ્યારે તમારા હૃદયના રંગમંચ પર પદાર્પણ કરવાની એની ઈચ્છા હશે તો નિશ્ચિત સમજો કે સંસારની એ શક્તિ નથી કે એને રોકી શકે, માયાની એ શક્તિ નથી, તમારા દુષ્કર્મોની એ શક્તિ નથી, તમારી ભીતર રહેલી અસદ્‌વાસનાઓની એ શક્તિ નથી કે જે વખતે એ તમારા હૃદય પર કાબૂ મેળવવા આવતો હોય એ વખતે એને અટકાવી શકે. અંગ્રેજીમાં એના માટે કહેવાય Irresistable તો ભગવાનનું પદાર્પણ Irresistable છે. એ પુરુષોત્તમ છે, દસ અભિનય કરીને આવશે. દુનિયાનો કોઈ એવો રસ નથી કે જેને અનુરૂપ અભિનય કરતાં એને ન આવડતું હોય. તમારું વાત્સલ્ય તમને સંસારાભિમુખ કરતું હશે તો એ બાળક થઈને તમારા વાત્સલ્યભાવને વાત્સલ્યમયી ભક્તિમાં પરિણત કરી શકે છે. તમારી બીવાની વૃત્તિ હશે તો એ સાક્ષાત્ કાલ બનીને એટલો બધો તમને બીવડાવશે કે ભાગવતમાં આવે છે કે કંસને ચિત્તની એટલી બધી એકાગ્રતા સિદ્ધ થઈ ગઈ કે સૂતા, જાગતા એને ચોમેર કૃષ્ણ જ કૃષ્ણ દેખાતા, 'અપશ્યન્ તન્મયં જગત્' એને કોઈ રોકી શકતું નથી. એ જ્યારે ગોકુલ પધારવા માંગે છે ત્યારે બધા જ બારણાં ઊઘડી જાય છે. એ તમારા હૃદયમાં



પધારવા માંગશે તો તાળું પોતાની મેળે ખૂલી જશે, બધી શૃંખલાઓ તૂટી જશે. ''ભિદ્યન્તે હૃદયગ્રંથિ છિદ્યન્તે સર્વ સંશયાઃ ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન્ દૃષ્ટે પરાવરે'' એમ ઉપનિષદ કહે છે. એ જે વખતે તમને દર્શન આપવા આવશે ત્યારે તમારા સત્કર્મના, દુષ્કર્મના, સદ્‌વાસનાના, અસદ્‌વાસનાના, સત્ જન્મના, અસત્ જન્મના, સદ્‌યોનિના, અસદ્‌યોનિના-કોઈ ભેદ નડતા નથી. તે છપ્પર ફાડીને આવે છે, કોઈ તેને રોકી શકતું નથી, તેની ગતિ અપ્રતિહત છે.

બસ એ પુરુષોત્તમનો તમે વિચાર કરશો પછી તમને ચિંતા નહિ થાય કે મારું આત્મનિવેદન થયું છે કે નથી થયું. કેમકે જે એકસામટા બધાના ચિત્તને પોતાના અભિનયથી પોતાના તરફ કેન્દ્રિત કરી શકે છે તે શું તમારે એકના ચિત્તને આકર્ષિત ન કરી શકે ? તમારો જો એટલો પણ ભાવ હોય કે તમને ચિંતા થઈ રહી છે કે મારું આત્મનિવેદન થયું કે નહિ, તો જેને સર્વથા ભાવ જ નહોતા તેનાથી તો બહેતર છો ને ? જેણે નહોતા બોલાવ્યા એને ત્યાંથી એ જબરદસ્તી માખણ ચોરી જાય છે, તો તમે ઓછામાં ઓછા બોલાવી તો રહ્યા છો ને ? પછી ચિંતા નહિ કરો. એ તમારા હૃદયનું નવનીત ચોરી જશે ક્યારે પણ, જો તમે એને પુરુષોત્તમ માનતા હો તો. તે પુરુષોત્તમ છે, દરેક રીતે તમારી ચિત્તવૃત્તિને પોતાનામાં આકૃષ્ટ કરવામાં સમર્થ છે, કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુંસમર્થ છે, તેથી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ''અસાધનમપિ સાધનં કરોતિ, 'નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્‌ભૂતકર્મણે રુપનામવિભેદન જગત્ક્રીડતિ યો યતઃ'' એવો અદ્‌ભુતકર્મા છે કે જે સાધન હોય તેને ય સાધન બનાવી શકે છે. તમે સંસારી હશો તો એ તમારે માટે એવું રૂપ ધારણ કરી લેશે કે તમને ખબર જ નહિ પડે તમારા સંસારે ક્યારે ભક્તિનું રૂપ ધારણ કરી લીધું.

વ્રજલીલા બીજું શું હતું ? ''અહન્યાપૃતં નિશિ શયાનમતિશ્રમેણ લોકંવિકુંઠમુપનેષ્યતિ ગોકુલં સ્વમ્.'' સવારે કામ કરતા હતા અને સાંજે થાકીને સૂઈ જતા હતા, પણ કૃષ્ણ એ વ્રજમાં પ્રકટ થયા. એમને ખબર ન પડી કે કોણ વ્રજમાં પ્રકટ થયું, પ્રભુને પોતાનું મુખારવિંદ ખોલીને ખબર આપવી પડી કોઈક વખત. ત્યાં આવે છે કે પ્રભુએ બ્રહ્માંડ બતાવ્યું ત્યારે ખબર પડવા માંડી. પણ એનું બાળકરૂપ જોયું ને, ત્યારે યશોદાજીને થયું. કે ના, ના, આવા બાળકના મુખમાં કંઈ બ્રહ્માંડ હોય ? એટલે ગર્ગને બોલાવ્યા કે આવીને શાંતિ કરો, કંઈ ભૂત, પ્રેત બાધા તો નથી વળગી ગઈ ! એટલે પૂજા કરાવી, સ્વસ્તિવાચન કરાવ્યું. એ ભાવ યશોદાજીનો કે મુખમાં બ્રહ્માંડ દેખાડે છતાં પણ એમનો વાત્સલ્યભાવ ખંડિત થઈ શકતો નથી. તો કેવું બાળકરૂપ ધારણ કર્યું હશે પ્રભુએ ! અર્જુનના ભાવ સાથે એને સરખાવો. અર્જુને સખ્યભાવ રાખીને ભૂલથી પૂછી લીધું કે તમે બ્રહ્માંડનાયક છો,આખું ય જગત તમારા દેહમાં છે, તો મને ય થોડુંક દેખાડો. અને જે વખતે ભગવાને દેખાડ્યું તે વખતે હાંજા ગગડી ગયા, અને કહેવું પડ્યું કે મને કાંઈ સૂઝતું નથી તમારું આવું રૂપ જોઈને, ''તેનૈવ રૂપેણ

ચતુર્ભુજેન સહસ્રબાહો ભવ વિશ્વમૂર્તે.'' આ રૂપનું ઉપસંહરણ કરો. અને તે બાજુ યશોદાજીને જુઓ કે કૃષ્ણના તે રૂપને જોયા પછી પણ સ્વીકારવા તૈયાર નથી કે આના મોઢામાં બ્રહ્માંડ હશે. તેઓ સમજે છે ક આ ય પૂતના જેવી બાધા ન હોય કોઈક, કરો સ્વસ્તિવાચન. મારે એ મુખારવિંદ ન જોઈએ કે જેમાં કરોડો બ્રહ્માંડ દેખાતા હોય, મારે તો એ મુખારવિંદ જોઈએ કે જે મેં જણ્યો છે. આ ભાવ હોય તો પુષ્ટિમારગ પર ચાલજો, નહિ તો ગુડબાય.

તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે ''તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે'' - બસ વાત પૂરી થઈ ગઈ. ''ઉનકી મરજી ન હો તો ક્યા દે તૂલ દાસ્તાં ખત્મ એક આહમેં હૈ.'' એમને જો અમારી કથા વધારે સાંભળવી ન હોય તો કાંઈ કહેવાની જરૂર નથી, એક ઊંડો વિશ્વાસ લેશું ને બધી કથા બધી વ્યથા અમારી વ્યક્ત થઈ ગઈ. એમ તમારે કશું સમજવાની જરૂર નથી કે ચિંતા કરવી છે કે નથી કરવી. એક વખત 'શ્રી પુરુષોત્તમ' એટલું સમજી જાઓ, બસ બધી ચિંતા નિવૃત્ત થઈ જશે.

હવે તમને થાય કે શ્રીપુરુષોત્તમને સમજતાં નિવેદનની ચિંતા તો નિવૃત્ત થઈ ગઈ, પણ એવા પુરુષોત્તમમાં અમારો વિનિયોગ ક્યારે થશે એ ચિંતા તો કરવી પડશે, તો કહે છે કે ''વિનિયોગેપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિ સ્વતઃ'' વ્રજલીલામાં જૂઓ કે વ્રજભક્તો તો ઈન્દ્રની પૂજા કરવા માંગતા હતા, ઈન્દ્રનો યાગ કરવા માંગતા હતા, એમને કોઈ જ્ઞાને ય નહોતું કે ઘરમાં પરબ્રહ્મ સાક્ષાત્ પ્રકટ થઈ ગયો તેને છોડીને ઈન્દ્રને ભજવાનો ન હોય. કૃષ્ણને છોડીને ઈન્દ્રને ભજવાની કશી ય ગરજ નહોતી, છતાંય ઈન્દ્રના યાગ માટે તૈયારી કરી રહ્યા હતા. ભગવાને જઈને ઝઘડો કર્યો કે મારે જમવું છે આમાં. તો કીર્તનમાં આવે છે તેમ યશોદાજીએ કહ્યું ''તને કેમ આપીએ ? આ તો દેવતાના માટે બનાવેલ સામગ્રી છે.'' ભગવાન કહે કાંઈ વાંધો નહિ, તમે ભલે દેવતા માટે તૈયાર કર્યું, પણ હવે દેવતા નહિ જમી શકે, હું આવી ગયો પછી દેવતા નહિ જમી શકે. ભગવાને કહ્યું કે ગિરિરાજજીને ભોગ ધરો, તેઓ આપણને બધું આપશે. અન્તે ગિરિરાજજીના રૂપે આરોગ્યું કોણે ? પોતે પ્રભુએ આરોગ્યું. તે તરફ દર્શન થયા કે કૃષ્ણ તો આરોગાવનાર છે અને આ તરફ આરોગનાર પણ કૃષ્ણ હતા.

તો જે વખતે એને તમારો પોતાની સેવામાં વિનિયોગ કરવો હશે તે વખતે તમે વિરોધ કરતા રહી જશો કે અમે ઈન્દ્રનો યાગ કરશું અને એ ગિરિરાજજીરૂપે, કહેવામાં વાંધો નથી કે તમને છેતરીને પણ, અન્નકૂટ આરોગી જશે. નંદરાયજી, ગોપબાળકો બધાને એમ જ ખ્યાલ રહ્યો કે અમે તો ગરિરાજજીને ભોગ લગાવ્યો પણ ભાગવત્ કહે છે કે ગિરિરાજજીરૂપે પ્રભુ આરોગ્યા, કેમકે એમણે નિશ્ચય કર્યો કે હું અહીંયાં પ્રકટ થયો પછી હું ઈન્દ્રને આરોગવા નહિ દઉં, હવે હું જ આરોગીશ. પ્રભુ કહે છે 'તસ્માત્ મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્'



આ વ્રજ આખું ગામ અને ગામવાસીઓ મારા છે, હું જ તેમનો સ્વામી છું, હું એમને મારી પાસેથી બીજા પાસે નહિ જવા દઉં.

તેથી શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે વિનિયોગની ચિંતા પણ છોડી દો. તમે અન્યાશ્રય કરવા જતા હશો પણ જે દિવસે એ તમને રોકવા માંગતો હશે તે દિવસે અન્યાશ્રય નહિ થવા દે. તમે જે દેવને ભજવા જતા હશો તે દેવનું રૂપ ધારણ કરીને તમને છેતરી જશે પણ તમને અન્યાશ્રય નહિ કરવા દે, નહિ કરવા દે ને નહિ કરવા દે - એટલો એ સમર્થ છે. એ તો વ્રજભક્તોએ જીદ્દ ન રાખી તેથી ગિરિરાજજીનું સ્વરૂપ ધારણ કરી આરોગ્યા. પણ જીદ્દ રાખી હોત કે ઈન્દ્રને જ અમારે ભોગ ધરવો છે તો પ્રભુ એટલા સમર્થ છે કે ઈન્દ્રને રોકી શક્યા હોત કે આજે તું નહિ આવતો આજે તારું રૂપ ધારણ કરીને હું જઈશ અને હું આરોગીશ. અને કોણ પ્રભુને રોકી શકે ? વૃંદા ક્યાં રોકી શકી પ્રભુને, જ્યારે તેના પતિનું રૂપ ધારણ કરી પ્રભુ તેની પાસે પહોંચ્યા ત્યારે ? તેથી આપણે રાજભોગ ધરતી વખતે તુલસીનો વિનિયોગ કરીએ છીએ કે તુલસી resist કરતી હતી તો તમે એટલા irresistable થઈ ગયા, તો જેમ વૃંદાને treat કરી તે રીતે અમારી સામગ્રીને treat કરો કે અમે તમને ચિત્તની એકાગ્રતાથી ભોગ નહિ ધરી શકતા હોઈએ, સ્વાર્થના ભાવવશ, તો ય તમે આરોગો.

એક ભાઈએ પ્રશ્ન પૂછ્યો છે કે ઘેર વૈષ્ણવ આવે તો તેમને ગણતરી કરી ઠાકોરજીને ભોગ ધરીએ તો ઠાકોરજી આરોગે કે નહિ ? બસ એ વાત સમજી જાઓ કે તુલસી સમર્પી હોય તો આરોગે, નહિ તો નહિ આરોગે. કેમકે તુલસી સમર્પતાની સાથે જ ભગવાન કહેશે કે તમે વૃંદા જેવા હશો, તમે એવી ગણતરી કરીને ભોગ ધર્યો હશે, પણ જેને ગણતરી કરીને ભોગ ધર્યો એ પોતાની ગણતરી કરવા સમર્થ છે, ''સમર્થો હિ હરિઃ સ્વતઃ'' તેથી આત્મનિવેદનની કે આત્મવિનિયોગની ચિંતા આપણે પુષ્ટિભક્તિમાર્ગમાં કરવાની હોય નહિ. તેથી શ્રીગુસાંઈજી કહે છે કે ''પુરુષોત્તમેન નિરોધલીલાયાં સ્વતોન્યભજનં ક્રિયમાણા ભક્તાઃ નિવાર્ય સ્વયમ્ આત્મસાત્કૃતા.'' નિરોધલીલામાં-વ્રજલીલામાં ભક્તો જે અન્ય માર્ગ પર પ્રવૃત્ત હતા એમને તે તે માર્ગ છોડાવીને પોતાનામાં નિરુદ્ધ કર્યા, અને એવા શ્રીપુરુષોત્તમના સ્વરૂપ ઉપર ધ્યાન આપશો તો તમને કદી ચિંતા સતાવશે નહિ કે મારું આત્મનિવેદન થયું છે કે નથી થયું.

કાલે એક ભાઈ ધમકાવતા હતા કે મને દશ જન્મનો અંતરાય પડી જશે, જો ઠાકોરજીને જાહેર પ્રદર્શનોમાં જતા હું અટકાવીશ તો. અરે દશ ભવ પછી મળશે એ કાંઈ સાધારણ વાત છે ? એવા કેટલા ય જીવ હશે કે જેમને હજી દશ હજાર ભવ પછી ય એ મળવાનો નથી, તો મને દશ ભવનો અંતરાય થાય તો આનંદ છે મારે તો. હું દસ ભવ તો બહુ જલદી વીતાવી દઈશ હોં ! કેમકે કલિમાં તો આયુષ્ય પણ ક્ષીણ થઈ ગયું છે. કોઈક જમાના એવા હતા કે લોકો લાંબું આયુષ્ય ભોગવતા હતા. આજે આયુષ્ય કેટલું ? એટલે

મહાપ્રભુજીના સિદ્ધાંત તમને સમજાવતાં જો મને દસ ભવનો અંતરાય થતો હોય તો હું એને સહર્ષ સ્વીકારું છું. મારે તો ભૂતલ ઉપર ભગવત્સેવા કરવી છે, મારે ઉપર જવું નથી અને જેની સેવા કરી રહ્યો છું એનો મને અંતરાય ન હોય તો હું કોઈ બીજા સ્વરૂપને શોધવા જવા માંગતો નથી. કેમકે જેની સેવા કરી રહ્યો છું તેનો મને અંતરાય છે જ નહિ. મારો સ્વામી મારે માથે બિરાજતો હોય તો હું ભવને અંતરાય શા માટે ગણું ? જે એને તાંબા-પિત્તળ-પથ્થરનો ગણતો હોય તે ભવનો અંતરાય ગણે. મને તો આ જન્મમાં મળી ગયા છે, પછી અંતરાય શેનો ? જે પથ્થરનો ગણતો હોય તેને અંતરાય હોય, જે એનું પ્રદર્શન કરતો હોય તેને ભવનો અંતરાય હોય, મારો ઠાકુર સાક્ષાત્ સ્વરૂપે મારે ઘેર બિરાજતો હોય તો મને ભવનો શેનો અંતરાય ? મને તો મળી ગયો છે. મને હવે અંતરાયની ચિંતા નથી, દસ ભવની ચિંતા નથી અને દસ હજાર ભવની પણ ચિંતા નથી.

જો મહાપ્રભુજીનો સિદ્ધાંત મારે કહેવાનો હોય તો દશ નહિ, દશ હજાર ભવનો અંતરાય થતો હોય તો એ મારા ભવ ન્યોછાવર છે. કેમકે આત્મા તો અનાદિ અનંત છે, એમાં દશહજાર ભવની ય કોઈ વધારે કિંમત નથી. આપણે 'સહસ્ર પરિવત્સર' કહીએ છીએ. સહસ્ર પરિવત્સર એટલે કેટલો કાળ ! લાખો - કરોડો - અબજો વર્ષનો કાળ, એટલો બધો સમય તો જતો રહ્યો, હાથી પસાર થઈ ગયો, પછી પૂંછડીની ચિંતા કરવાની હોય ? દસ ભવનો અંતારય તો હાથીની પૂંછડી જેવો, શ્રીમહાપ્રભુજીના વિશ્વાસ ઉપર ૮૪ લાખ યોનિમાંથી પસાર થઈ ગયા તેની આપણે ચિંતા નથી કરી, તો દસ ભવ શું ચીજ છે ? હું અતિશય આશ્વસ્ત છું, છો દસ ભવ થતાં, અને દસ ભવ મારે તો એવા જ જોઈએ છીએ, મારે તો મુક્તે ય નથી થવું. આપણા સિદ્ધાંત મુજબ તો આપણે ભવ જ યાચીએ જો ભગવત્સેવા મળતી હોય તો, પણ ઘરમાં, જાહેરમાં નહિ, પ્રદર્શનમાં નહિ, પૂજાના અરિ થઈને નહિ. શ્રીમહાપ્રભુજી કહે છે ''બ્રહ્મભાવાત્તુ ભક્તાનાં ગૃહ એવ વિશિષ્યતે'' એટલે મને કોઈ દસ ભવના અંતરાયથી બીવડાવી નથી શકતો. મને મહાપ્રભુજીએ ચોખ્ખી રીતે સમજાવ્યું છે કે ''તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે. વિનિયોગેપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ'' એને જ્યારે મારો ઉદ્ધાર કરવો હશે ત્યારે કરશે. ખરેખર ઉદ્ધાર કરશે એ દિવસે તો મને દુઃખ જ થશે હોં. મને ઉદ્ધાર નથી જોઈતો, મને આ ભૂતલ પર મહાપ્રભુજીના સિદ્ધાંત મુજબ જીવવાનું ગમે છે, ઉદ્ધાર કોઈ મુક્તિમાર્ગીને ગમતો હશે. ''રીઝે રાબડી થકી ગરબી લોક, ભોગીને ન ભાવે રે. અમે તો રાજના ખાસા ખવાસ મુક્તિ મન ન આવે રે.'' જ્યારે હું મહાપ્રભુજીનો સિદ્ધાંત કહી રહ્યો છું ત્યારે મન ક્યા ભવની ભીતિ હોય ? મને આ ભવની જ બીક નથી તો ક્યા ભવની બીક હોય ? મને તો ખરેખર આ ભવ ગમે છે મારો, તો હું શા માટે દસ ભવના અંતરાયથી બીઉં ?

એટલે શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે ''કદાચિત્ લોકભયાદ્યુપસ્થિતૌ તન્નિવારણાય



જીવસ્વભાવવશાદન્યવિનિયોગેપિ તથા ઈત્યાહુઃ વિનિયોગેપિ ઈતિ. પ્રમાદાત્ તથા સંભવેપિ પ્રભુઃ ન ત્યક્ષ્યતિ. યતઃ તત્સ્વભાવવશાત્ તથાભૂતમ્ અપિ ઉદ્ધર્તું તત્સાધનાનપેક્ષઃ'' કહે છે કે પ્રમાદથી, ક્ષતિથી, મારા વૈચારિક સ્ખલનથી કે મારા ભાવના સ્ખલનથી કે મારી કૃતિના સ્ખલનથી મારાથી અન્યાશ્રય થઈ જાય કે અન્યાસક્તિ થઈ જાય કે વિષયાસક્તિ થઈ જાય કે અધર્માચરણ થઈ જાય એ બધું માફ કરવા એ સમર્થ છે. તેથી જ ભક્ત કહે છે : ''અહમસ્મિ અપરાધચક્રવર્તી કરુણે ત્વં ચ ગુણેષુ સાર્વભૌમિ. વિદુષીસ્થિતિમીદશી સ્વયંમાં વૃષશૈલેશ્વરપાદસાત્કુરુ ત્વમ્'' જેટલા અપરાધ કરનારાઓ હશે તેનો હું ચક્રવર્તી હોઈશ, પણમને શું બીક ? પ્રભુની દયાને સંબોધીને કહે છે કે હે દયા, પ્રભુના જેટલા ગુણો છે તે ગુણોમાં ચક્રવર્તી તું છે. જેમ અપરાધ કરનારામાં હું ચક્રવર્તી છું તેમ પ્રભુના અનંત ગુણોમાં દયાનો ગુણ ચક્રવર્તી છે. તો આ સંબંધ જ્યારે સ્પષ્ટ છે ત્યારે મારે ચિંતા ન કરવાની હોય, દસ ભવનો કે દસહજાર ભવનો, જે કાંઈ અંતરાય આવે. જ્યાં સુધી દયાનો ગુણ પ્રભુના સર્વ ગુણોમાં ચક્રવર્તી હોવાનો છે ત્યાં સુધી મને બીવાની જરૂર નથી. ''યાદશોસિ હરે કૃષ્ણ તાદશાય નમોસ્તુ તે યાદશોસ્મિ હરે કૃષ્ણ તાદશાં માં હિ પાલય.'' જ્યારે મારી સાથે મારો સ્વામી બિરાજતો હોય ત્યારે મને શેની ભવાટવીની બીક હોય ? મારું સ્ખલન થાય તો ય એનો દયાનો ગુણ એવો છે કે બધુ માફ કરી શકે છે. શ્રીગુસાંઈજી બહુ સુંદર કહે છે : ''ક્રિયાન્ પૂર્વ જીવો તત્કૃતિશ્ચાપિ કિયતી.'' આ જીવ કેટલો નાનકડો ! આ જીવ અપરાધ કરે તો ય કેટલો કરી શકે ? અને આ જીવથી પરમાત્મા કેટલો મોટો ! અને પરમાત્મા જ્યારે કૃપા કરવા બેસે ત્યારે કેટલી કૃપા કરી શકે ! બસ આ બે વાતનો સંબંધ મારી સામે સાફ હોય તો પછી બીવાની જરૂર શેની ? એક પાંજરાનો પોપટ કેટલો અપરાધ કરી શકે ?

''વિનિયોગેપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ'' - ''પ્રભુઃ ન ત્યક્ષ્યતિ.' પ્રભુ કદી આપણો ત્યાગ કરવાના નથી એવો વિશ્વાસ રાખવો જોઈએ. પણ એ વિશ્વાસ આપણે અહીંયાં વાપરીએ તો તેનો દુરુપયોગ થાય કે તેથી સેવા ન કરવી, મન ફાવે તેમ કરવું, સિદ્ધાંત કે બંધારણને પાળવા નહિ. જેમ ડોક્ટરને છરી આપવામાં આવે તેનો એ ખૂન કરવામાં ઉપયોગ કરે તો એ ખોટું કહેવાય, પણ તેનો એ ઓપરેશનમાં ઉપયોગ કરે તો એ સદુપયોગ કહેવાય. એ જ છરીથી કોઈનો જાન લઈ પણ શકાય છે અને ઉપયોગ તેનો ઓપરેશનમાં કરી કોઈના પ્રાણ પણ બચાવી શકાય છે. તો પ્રભુની દયા પર જે વિશ્વાસ છે તેનો ઉપદેશ ભક્તિના સાધનથી કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિમુખ થવા માટે નથી. જે લોકો વિમુખ થવા માટે એનો ઉપયોગ કરે છે તે લોકો પ્રવાહી જીવ છે; પુષ્ટિ જીવો પ્રભુ પ્રતિની પોતાની ભક્તિની વૃદ્ધિ કરવા તેનો ઉપયોગ કરે છે, એ વાત સમજી લેવી જોઈએ. તેથી નવરત્નના પ્રવચનમાં પ્રારંભમાં મેં તમને કહી દીધું કે અહીંયાં નવ સિદ્ધાંત કહેવામાં આવ્યા છે અને જે સિદ્ધાંત જે જાતની ચિંતાની નિવૃત્તિ માટે કહેવામાં આવ્યો છે તે સિદ્ધાંતને તે વખતે જ વાપરવો જોઈએ, દરેકને દરેક વખતે જ વાપરવો જોઈએ. એટલે મને જો

નિવેદનની બાબતમાં ચિંતા થતી હોય તો હું ત્યાં જઇને ટકીશ કે "તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે." જો મને ભક્તિની બાબતમાં ચિંતા થતી હશે તો હું પુરુષોત્તમને પરિશ્રમ નહિ આપું, આત્મનિવેદન ઉપર ટકી જઈશ. જ્યારે મને ભક્તિની, ભગવદ્વિનિયોગની ચિંતા થઈ રહી છે તે વખતે હું પુરુષોત્તમને પરિશ્રમ નહિ આપું પણ જે વખતે મારો આત્મવિશ્વાસ આટલો ડગી ગયો કે આત્મનિવેદન થયું છે કે નથી થયું, તે વખતે મારે પ્રભુને પરિશ્રમ આપવો પડશે, કેમકે શ્રીપુરુષોત્તમ પર વિશ્વાસ રાખ્યા વિના હવે મારાથી રહી શકાય તેમ નથી. પણ વારેઘડીએ પ્રભુને પિરશ્રમ ન અપાય, એટલે જ્યાં સુધી મારા આત્મનિવેદનને વિચારી હું ચિંતાને નિવૃત્ત કરી શકતો હોઉં ત્યાં સુધી પુરુષોત્તમનો વિચાર કરી હું પુરુષોત્તમને પરિશ્રમ નહિ આપું. પણ જે વખતે મારો આત્મનિવેદનનો પાયો ડગમગતો હશે તે વખતે હું પુરુષોત્તમને પરિશ્રમ આપીશ. તે વખતે પરિશ્રમ આપવામાં વાંધો નથી.

અમારા દાદાજીના કૃપાપાત્ર એક વૈષ્ણવે મને એક ગજબની વાત કહી જે સાંભળીને મને ય બહુ આનંદ થયો. દાદાજી દરરોજ પાર્લા પ્રવચન કરવા પધારતા. એમને હાર્ટની ટ્રબલ. ને એક વખત ખરેખર પ્રવચન કરતાં એમને હાર્ટએટેક આવી ગયો હતો. આ વૈષ્ણવ દાદાજીના કૃપાપાત્ર, એટલે એમણે દાદાજીને કહ્યું કે આપ આટલો બધો પરિશ્રમ લઈને દર વખતે અહીંયાં પધારો છો તેની જરૂર શું ? એટલે દાદાજીએ એવો સુંદર જવાબ આપ્યો, કે જન્મ્યા એ જ સૌથી મોટો પરિશ્રમ છે, હવે એ જન્મનો હાથી પસાર થઈ ગયો તો આ પ્રવચનનું પૂંછડું બહું તકલીફ નહિ આપે. મને બહુ ગમી વાત. ખરેખર જન્મ્યા એ જ મોટો પરિશ્રમ છે. ગાલિબ કહે છે : "ન મૈં કુછ થા તો ખુદા થા ન મૈં કુછ હોતા તો ખુદા હોતા. ડુબાયા મુજકો હોનેને ન મૈં હોતા તો ક્યા હોતા." એટલે જન્મી ગયા તે પરિશ્રમ લઈ લીધો તો હવે પ્રવચનનો પરિશ્રમ તે કાંઈ બહુ વધારે પરિશ્રમ નથી. પછી તે વૈષ્ણવે કહ્યું કે તો આપ આનંદથી પધારો. એવી રીતે પ્રભુને આપણે અનેક પરિશ્રમ આપી જ દીધા છે. એક વધુ પરિશ્રમ આપવામાં વાંધો નથી. આપણે પુષ્ટિમાર્ગમાં પ્રકટ થયા, પ્રભુના નામની કંઠી લીધી, પ્રભુને આત્મનિવેદન કર્યું અને છતાંય આત્મનિવેદન પર પૂરતો વિશ્વાસ ન હોય તો થોડો પ્રભુને ય પરિશ્રમ આપતા આવડવો જોઈએ. શ્રીમહાપ્રભુજી કહે છે "સૂર વ્હૈકે કાહે ધિધિયાત હૈ, કછુ ભગવલ્લીલા ગા." પુરુષોત્તમની એવી લીલા ગા કે તારી બધી બીક હૃદયમાંથી નીકળી જાય, તું આશ્વસ્ત થઈને પુરુષોત્તમને વળગી શકે. પણ જ્યાં સુધી મારા આત્મનિવેદનના ચિંતનથી હું ચિંતાને નિવૃત્ત કરી શકતો હોઉં ત્યાં સુધી વ્યર્થમાં પુરુષોત્તમને પરિશ્રમ નહિ આપું. એ વાત સમજો કે બે કક્ષામાં ઉપદેશ આપ્યો છે શ્રીમહાપ્રભુજીએ.

## છટ્ઠો શ્લોક

પુરુષોત્તમ શ્રીહરિએ આપણો અંગીકાર કર્યો છે કે નહિ તેના જ્ઞાન માટે અંગીકારનું બીજું લક્ષણ પણ કહે છે -



**મૂલ :** લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ।

પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલાઃ ॥ ૬ ॥

**અન્વાયર્થ :**

| | |
|---|---|
| યસ્માત્ | - કેમકે |
| પુષ્ટિમાર્ગસ્થિતઃ | - પુષ્ટિમાર્ગમાં સ્થિત છે તેથી |
| હરિસ્તુ | - પુષ્ટિપુરુષોત્તમ શ્રીહરિ તો |
| લોકે તથા વેદે | - આપણા લૌકિક તેમજ વૈદિક ક્રિયાકલાપોમાં |
| સ્વાસ્થ્યં ન કરિષ્યતિ | - આપણને સ્વસ્થ નહિ જ થવા દે |
| અખિલાઃ સાક્ષિણો ભવતઃ | - બધા પુષ્ટિજીવો ! તમે આ વાતના સાક્ષી-ઉદાહરણ બનો ! ॥૬॥ |

**ભાવાર્થ :** આપણે પ્રવાહિક આવેશને લીધે ક્યારેક લૌકિક ધંધા, વેપારમાં કે પરિવારની ખટપટમાં, અથવા તો માયાદિક આવેશને લીધે વર્ણ કે આશ્રમસંબંધી ધર્મોમાં અટવાયેલા રહેવા માંગતા હોઈશું ત્યારે આપણે પુષ્ટિજીવો છીએ તેથી પુષ્ટિપ્રભુ તેમાં વિઘ્ન જ કરશે; આપણને સફળ નહિ થવા દે. કેમકે સર્વસમર્થ પ્રભુ પુષ્ટિમાર્ગીય સંબંધથી જોડાયેલા છે, તેથી પુષ્ટિજીવ તરીકે આપણને જેટલી લૌકિક કે વૈદિક સિદ્ધિઓ અપેક્ષિત હશે તે, તે તેના લૌકિક વૈદિક પ્રયાસો વિના પણ પ્રદાન કરવા સમર્થ છે, પુષ્ટિમાર્ગીય સંબંધ સ્વીકાર્યા પછી લૌકિક વૈદિક મર્યાદાઓના બંધનમાં બંધાવું પ્રભુને ગમતું નથી. તેના સાક્ષી આપણે જ બનવું જોઈએ. એટલે કે સાક્ષીની માફક નિર્લિપ્તભાવથી દરેક વસ્તુને કે ઘટનાને જોવાનો ભાવ કેળવવો જોઈએ ॥ ૬ ॥

**વ્યાખ્યાન :** પછી છઠ્ઠા શ્લોકમાં આજ્ઞા કરે છે "લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ. પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિતો ભવતાખિલા." કહે છે કે ભક્તિના ભરોસે અમે લૌકિકતાને છોડવાનો પ્રયાસ કર્યો, ભક્તિના ભરોસે અમે વૈદિકતાને - દેહના, વર્ણના, આશ્રમના અભિમાનોને છોડવાનો પ્રયાસ કર્યો. હવે આ દેહ વર્ણ આશ્રમના અભિમાનો છૂટતા ન હોય અને ભક્તિ પણ સરખી ન થતી હોય. "દુવિધામેં દોનો ગયે માયા મિલી ન રામ" એવી કફોડી સ્થિતિ જો થાય તો ચિંતા કરવી કે નહિ ? "કદાચિત્ પ્રવાહશાત્ લૌકિકે વાણિજ્યાદૌ વૈદિકે આશ્રમધર્માદૌ વા સ્થિતૌ તત્ર વિઘ્ન એવ ભવતિ, ન તુ તત્ફલમ્."

આપણે બંધારણ તોડવા કેવી મીટ માંડીને બેઠા હોઈએ છીએ તેનું ઉદાહરણ જુઓ. શ્રીગુસાંઈજી સમજાવે છે કે વૈદિક વર્ણાશ્રમધર્મમાં આપણે સ્થિત થશું તો આપણને વિઘ્ન આવશે, એનું ફલ નહિ મળે. આપણે કહ્યું કે તેથી આપણે વૈદિક વર્ણાશ્રમધર્મ નભાવવાની કોઈ જરૂર નથી, કરીએ તો વિઘ્ન થાય ને ! આપણે તો કેવળ ભક્તિ જ કરવાની છે. પણ ભૂલી જાઓ છો હોં. ગુસાંઈજી એવા કાચાપોચા Statement આપનારા નથી. ગુસાંઈજી

બહુ પાકું સ્ટેટમેન્ટ આપી રહ્યા છે કે વૈદિક વર્ણાશ્રમધર્મ પહેલાં ''લૌકિકે વાણિજ્યાદૌ'' પૈસા કમાવાના ઉપાયો છોડ્યા છે કે નહિ ? એ છોડ્યા નથી ને વર્ણાશ્રમધર્મ છોડી દેવો છે ! કેમ ? 'એ મહાપ્રભુજી કરશે, સ્વદાસાર્થ કૃતાશેષસાધનઃ સર્વશક્તિધૃક્ !' તો ધંધો ય છોડી દોને ભાઈ સા'બ ! પૈસા કમાવા ઊભા કરેલા છલછદ્મ પણ બંધ કરો. એ બંધ નથી કરવા અને વર્ણાશ્રમધર્મ છોડી દેવો છે; આચારવિચાર અમે નહિ પાળીએ, આ અમે નહિ કરીએ, તે અમે નહિ કરીએ, કેમકે મહાપ્રભુજી બધું કરી રહ્યા છે ! તો ધંધો બંધ કરી દો, મહાપ્રભુજીને જેટલું તમને આપવું હશે તેટલું આપશે, જે સહજ અયાચિત વૃત્તિથી મળે તેનાથી મનોરથો કરો, પેમ્ફલેટ કેમ છપાવો છો પછી ? પેમ્ફલેટ છપાવી રહ્યા છો એટલે વાણિજ્યના આયાસ તો કરી જ રહ્યા છો તમે. અને જ્યારે પૈસા કમાવાનું સાધન તમે કરી રહ્યા છો ત્યારે તમે એમ નથી કહી શકતા કે મહાપ્રભુજી અમારા વતી બધા સાધન કરે છે તેથી અમારે સાધન કરવાની જરૂર નથી.

શ્રીગુસાંઈજી બહુ સાવધાનીથી તેથી વર્ણાશ્રમ ધર્મ પહેલાં લૌકિકને મૂકે છે ''કદાચિત્ પ્રવાહવશાત્ લૌકિકે વાણિજ્યાદૌ'' કહીને. જ્યારે તમે લૌકિક વિષયોની પૂર્તિના છલછદ્મ રચી રહ્યા છો તો નિશ્ચિત સમજો કે એ તમારી ભીતર રહેલી પ્રવાહિકી વૃત્તિ છે, અને તેનાથી ઉપર જઈને મર્યાદાની વૃત્તિ આવે છે. મર્યાદાવૃત્તિમાં તમે તમારા શાસ્ત્રીય ધર્મકર્મને નભાવવાનો પ્રયાસ કરો. ભક્તિનો માર્ગ એમને છોડવાનો માર્ગ નથી, ભક્તિનો માર્ગ એમને ભક્તિમાં અંગ બનાવી દેવાનો માર્ગ છે. જ્યારે તમારા લૌકિક વ્યવહાર અને શાસ્ત્રીય વ્યવહાર ભગવદ્ભક્તિના અંગ નથી બનતા ત્યારે તે બાધક થાય છે. જ્યારે એ ભક્તિના અંગ બની જાય છે ત્યારે બાધક થતા જ નથી, એ મહાપ્રભુજીનો સિદ્ધાંત છે, એ મહાપ્રભુજીનું બંધારણ છે. તમે ગ્રંથ ન વાંચ્યા હોય તો વાંચી લો, સરખી રીતે સમજો. મહાપ્રભુજીના નામે જે આવે તે ગબડાવી દેવું એ મહાપ્રભુજીનો અપરાધ કહેવાય, તેવું આપણાથી ન થાય. મહાપ્રભુજીનો સિદ્ધાંત સરખી રીતે સમજો. એક વચન મળે ને આપણે ઝંડો લઈને દોડવા મંડીએ કે વચન મળી ગયું, મળી ગયું, એમ નથી. મહાપ્રભુજીનો સિદ્ધાંત આ બાબતમાં સ્પષ્ટ છે કે, ''યાવદ્ દેહાભિમાનઃ તાવત્ વર્ણાશ્રમધર્મ એવ સ્વધર્મઃ, ભગવદધર્મઃ અપિ વિધર્મો પરધર્મો વા.'' જ્યાં સુધી આ દેહનું તમને અભિમાન છે કે હું પોપટભાઈ છું, ચીમનભાઈ છું, રમણભાઈ છું ત્યાં સુધી તમે ભગવદ્ધર્મના અધિકારી થઈ શકતા નથી. જ્યારે તમને દેહાભિમાન શિથિલ થાય, જ્યારે તમને ભગવદભિમાન દૃઢ થાય કે ના, મારા અને ભગવાનની વચ્ચે દેહનો કોઈ પ્રશ્ન નથી, લૌકિક કામનાઓની પૂર્તિઓનો કોઈ પ્રશ્ન નથી, પૈસા કમાવાનો કોઈ પ્રશ્ન નથી, પ્રભુની સેવા કેવળ પ્રભુના સુખ માટે કરવી છે, મારી રોજીરોટી કે કોઈ ધનલાભપૂર્તિ માટે નથી કરવી, મારી જાતને



પૂજાવા માટે નથી કરવી - એ ભાવ દૃઢ થાય ત્યારે ભગવદ્ધર્મ સ્વધર્મ થાય છે, તેના પહેલા નહિ.

આ મહાપ્રભુજીની વાત આપણે વાંચતા નથી ને એક વાત વાંચી મહાપ્રભુજીના નામે બધું ગબડાવીએ છીએ. આ ન ચાલે. જો તમે મહાપ્રભુજીને વફાદાર હો તો મહાપ્રભુજીના દરેક વચનને વફાદાર રહો અને એ વચનોની સંગતિ વિચારે, મહાપ્રભુજીના નામે મનઘડંત સિદ્ધાંતો પ્રચલિત ન કરો. મહાપ્રભુજીએ દરેક વાત સુસંગત કીધી છે, ક્યાંક પણ કોઈ જાતની અસંગતિ રહેવા દીધી નથી- લોકની, શાસ્ત્રની, ભક્તિની, પરમાત્માની. તેથી પહેલા લૌકિકતા છૂટવી જોઈએ, પછી શાસ્ત્રીયતા છૂટવી જોઈએ. પછી તમે ભક્તિના નિખાલસ અધિકારી થઈ ગયા. પણ તમે તે પહેલાં જ શાસ્ત્રીય કર્તવ્યો છોડી દેવાનું કહેતા હો તો તમારી ભક્તિને તમારી લૌકિક વૃત્તિને સંતોષવાના સાધન તરીકે નહિ કરતા હો તેની શું ખાતરી ? અને તેની ખાતરી ન હોય તો તમને ભગવદ્ભક્તિનો અધિકાર નથી. એ વાત સ્પષ્ટ સમજી જાઓ કે શું કરવું છે, ક્યા આદેશ મુજબ કરવું છે અને ક્યા બંધારણ મુજબ કરવું છે. મહાપ્રભુજીના સિદ્ધાંતો વાંચ્યા વિના જ મન ફાવે તેમ ન કરવું જોઈએ.

## સાતમો શ્લોક

**મૂલ :** સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા ।
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ॥ ૭ ॥

**અન્વયાર્થ :**

| | |
|---|---|
| સેવાકૃતિઃ ગુરોરાજ્ઞા | - ગુરુની આજ્ઞા મુજબ સેવા કરવી જોઈએ |
| બાધનં વા હરીચ્છયા | - હરિની ઈચ્છાથી ગુરૂપદિષ્ટ સેવાની રીતિથી વિપરીત પ્રકારે પણ સેવા થઈ શકે છે. |
| અતઃ | - તેથી |
| ચિત્તં સેવાપરં વિધાય | - ચિત્તને જેમ બને તેમ ભગવત્સેવાપરાયણ બનાવીને |
| સુખં સ્થીયતામ્ | - સુખી રહેવું જોઈએ ॥ ૭ ॥ |

**ભાવાર્થ :** પ્રાથમિક કક્ષામાં તો સામાન્યતયા ગુરુએ ઉપદેશેલ પ્રકારનું ઉલ્લંઘન ન થાય તે મુજબ જ ભગવત્સેવા કરવી જોઈએ. આમ કરતાં કરતાં ક્યારેક કોઈક વિશેષ ભગવદાજ્ઞા ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ થાય તો ચિંતા કરવી નહિ. અને ભગવદાજ્ઞા મુજબ વર્તવું. ગુરુની આજ્ઞાનું પાલન કે ઉલ્લંઘન મુખ્ય વાત નથી, મુખ્ય વાત છે ભગવત્સેવા. તેથી જેમ બને તેમ ચિત્તને ભગત્સેવાપરાયણ રાખવું જોઈએ. ભગવત્સેવાપરાયણતાથી જ અંતે સાચું સુખ પુષ્ટિજીવને મળે છે. ॥ ૭ ॥

**વ્યાખ્યાન :** હવે કહે છે 'સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા. અતઃ સેવાપરં

ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્'' સેવા કેમ કરવી ? જેમ શ્રીગુરુદેવે આજ્ઞા આપી તેમ. અને ગુરુ આપણા શ્રીમહાપ્રભુજી છે, મહાપ્રભુજીએ જે વાતનો નિષેધ કર્યો હોય તે આપણાથી ન થાય, ન થાય ને ન થાય. દા.ત., મહાપ્રભુજીએ નિષેધ કર્યો છે કે વૃત્યર્થ ભાગવતકથા ન થાય તો ન જ થાય. એ ગુરુ આજ્ઞાનું ઉલ્લંઘન એક સ્થિતિમાં થઈ શકે : ''બાધનં વા હરિઇચ્છયા'' સેવા અંતે કોની છે ? પ્રભુની. પ્રભુ તમને સાક્ષાત્ આજ્ઞા આપે તો જ ગુરુ આજ્ઞાનું ઉલ્લંઘન થઈ શકે. બાકી કોઈકે પ્રવચન કે પ્રવંચનમાં કાંઈક કીધું અને તમે માની લીધું - એમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન ન થઈ શકે. પ્રવચનકર્તા ગમે તેટલો મોટો હોય, પ.ભ. હોય કે પ.ભા. હોય, કોઈના કહેવાથી આપણે મહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરી શકીએ. મહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન સાક્ષાત્ હરિ પ્રકટ આપણને આજ્ઞા આપે તો જ થાય.

માનવનું મન કેવું છે તે આચાર્યચરણને પિતાપુત્રને બંરાબર ખબર છે, તેથી આ જ સ્ટેટમેન્ટમાં શ્રીગુંસાઈજી પાછી સ્પષ્ટતા કરે છે કે 'એવં સતિ ગુર્વાજ્ઞાયા બાધને અબાધને વા સેવૈવ મુખ્યા'. એમને ખબર છે કે હરિઆજ્ઞા થતાં છૂટ આપશું ગુરુઆજ્ઞા તોડવાની તો અકાંડતાંડવ થશે. એક ભાઈ જાહેરમાં કહેશે કે મને હરિએ સાક્ષાત્ આજ્ઞા આપી કે તોડી દો મહાપ્રભુજીના સિદ્ધાંત. કાલે રાતના બાર વાગ્યાને ત્રણ મિનિટે પ્રકટ થઈ ઠાકોરજીએ આજ્ઞા આપી કે મારું પ્રદર્શન કરો, ભવાડો કરો ! ગુસાંઈજીને ખબર છે કે તમે આવું કહેશો. તમે જાગતા હશો તો ય કહેશો કે રાતના સ્વપ્રમાં આજ્ઞા કરી ! એમને ખબર છે આ બધા રહસ્યો, કે મનગમતી ભગવદાજ્ઞા મેળવવા તમે કેવા ષડયંત્રો કરશો. એટલે આપ કહે છે કે એની કસોટી છે. મહાપ્રભુજીની આજ્ઞા મુજબ સેવા કરવી અને ભગવદાજ્ઞા મુજબ તેમાં પરિવર્તન કરવું તેની કસોટી શું ? જેનાથી હૃદયમાં ભગવત્સેવાપરતા વધે તે આજ્ઞા, બાકી બધું તમારા મનનું બખડજંતર. ભગવાન પણ પ્રકટ થઇ એવી આજ્ઞા આપતા હોય કે જેનાથી સેવા - પરતા ન વધતી હોય તો ચકાસવું કે મનમાં કોઈ તૂત તો ઊભું નથી થયું ભગવદાજ્ઞાનું ? કેમકે મન તો બહુ વિચિત્ર છે ને ! ભગવાન કહે છે : ''મન એવ મનુષ્યાણાં કારણં બન્ધમોક્ષયો:'' આ મન જ તમને ફસાવે છે, મન જ તમને રવાડે ચઢાવે છે; અને મન જ તમને ભગવાન તરફ લઈ જશે. જે ભગદાજ્ઞાથી તમારામાં સેવાપરતા વધતી હોય તે આજ્ઞા મહાપ્રભુજીના સિદ્ધાંતથી વિરુદ્ધ હોય તોપણ તેને અનુસરવી. જો સેવાપરતા ન વધતી હોય તો ન અનુસરવી, ભલે સાક્ષાત્ ભગવદાજ્ઞા હોય. મહાપ્રભુજીની આજ્ઞાઓનું ઉલ્લંઘન એ ભગવદાજ્ઞાથી જ થઈ શકે જે તમારી ભીતર સેવાપરતા વધારતી હોય.

અને સેવાનો અર્થ મહાપ્રભુજીએ સ્પષ્ટ સમજાવી દીધો છે કે નેગ-ભોગ-રાગના બખડજંતરનું નામ સેવા નથી, તમારા ધન અને તમારા તનથી તમારે ઘેર તમારા ઠાકોરજીની સેવા તે સેવા છે, બાકી બધું તો સેવા જ નથી, અસેવા છે. બીજાના ધનથી કરેલી



સેવા સેવા છે જ નહિ. તો સેવામાં પરાયણતા વધતી હોય તો મહાપ્રભુજી તમને છૂટ આપે છે કે ભગવદાજ્ઞાને અનુસરી મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી દો, તમને કાંઈ વાંધો નહિ આવે. પણ જે ભગવદાજ્ઞા તમારી સેવાપરતા ઘટાડતી હોય, તમારી સેવાને વ્યાવૃત્તિની, સ્પર્ધાની, સંઘર્ષની એવી બધી વૃત્તિમાં વિકૃત કરતી હોય તેને પાળવા તમે બંધાયેલા નથી. તમે કહો કે અપરાધ પડશે તેવી ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન કરતા. તો મહાપ્રભુજી કહે છે કે હું સંભાળી લઈશ. હું પ્રભુને વિનવીશ કે આણે મારી આજ્ઞા પાળતાં આપની આજ્ઞા ઉથાપી છે, તેને માફ કરો. અને વાર્તામાં સ્પષ્ટ એવો પ્રસંગ આવે છે કે જયારે અનવસરમાં પંખાની સેવા કરતા હતા ત્યારે પ્રભુએ આજ્ઞા કરી કે તું મારા દર્શન કર. તો એમણે ના પાડી કે મારા ગુરુની મને આજ્ઞા નથી, હું આંખ નહિ ખોલું. કેમેકે એમાં પોતાના સુખનો વિચાર છે, પ્રભુના સુખનો વિચાર નથી. એનાથી સેવાપરતા વધતી નથી, સેવા તો દર્શન કર્યા વિના પણ પંખો કરીને કરી શકાય છે. તો પોતાના સુખ માટે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન નથી કરી શકાતું.

તેથી સમજો, કે જે ભગવદાજ્ઞાથી સેવાપરતા વધતી હોય તેનું અનુસરણ થાય, ભલે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી તે વિરુદ્ધ હોય. સેવાપરતા ન વધારે તેવી ભગવદાજ્ઞાને અનુસરવું બંધારણ મુજબ કર્તવ્ય નથી; બાકી તો પ્રભુ તમને જેવી બુદ્ધિ આપે તેમ કરો. પણ બંધારણ એ છે : 'અત: સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્.' તમારા ચિત્તમાં સેવાપરતા જેવી રીતે જળવાય તેવી રીતે કરો. જો તમે આમ કરી શકો, મહાપ્રભુજીની કે પ્રભુની આજ્ઞાથી તમે ચિત્તની સેવાપરતા નિભાવી શકો, તો શ્રીગુસાંઈજી સુંદર આજ્ઞા કરે છે : 'એવં સતિ પર્યવસિતં સુખમેવ.' પછી તમને સુખ જ સુખ છે પુષ્ટિમાર્ગમાં, પછી તમને ચિંતા નહિ થાય, ઉદ્વેગ નહિ થાય, કલેશ નહિ થાય. તમે આનંદથી પુષ્ટિમાર્ગ પર ચાલી શકશો, તમને કોઈ વાંધો નહિ આવે, 'યાનાસ્થાય નરો રાજન્ ન પ્રમાદ્યેત કર્હિચિત્ ધાવન્નિમીલ્યા વા નેત્રે ન પતેત્ ન સ્ખલેદિહ.' મહાપ્રભુજી બહુ સુંદર ઉદાહરણ આપે છે કે આપણે પહાડ ઉપર આંખ મીંચીને દોડીએ તો નીચે ગબડ્યા વિના રહીએ નહિ; પણ દરિયાકાંઠે રેતી એવી હોય છે કે આંખ મીંચીને દોડતા પડો તો પણ વાગે નહિ. તો ભગવન્માર્ગ એવો છે. પરમાનંદના સાગરના કાંઠે તમે આંખ મીંચીને દોડશો તો જેમ યમુનાષ્ટકમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે તેમ ત્યાં વાલુકા વધારે છે, 'રેણૂત્કટામ્'; એટલે તમે પડી જશો તો પણ વાગશે નહિ. દોડશો તો ય લીલા જ કહેવાશે. પણ એ બાંહેધરી તમે મહાપ્રભુજીની આજ્ઞા મુજબ જ્યારે સેવા કરો છો ત્યારે આપવામાં આવે છે. જો તમે સેવાને વિકૃત કરો છો તો પછી મહાપ્રભુજી લાચાર છે તમારી સામે. મહાપ્રભુજી કહે છે 'તદા સેવા ત્યક્તવ્યા' તમે સેવા છોડી દો, તમારાથી સેવા નભતી નથી, તમે પ્રભુને પરિશ્રમ આપવા માટે સેવા કરી રહ્યા છો, પ્રભુના સુખ માટે સેવા નથી કરી રહ્યા.

આમ આપણે જોયું કે ૧ થી ૭ શ્લોક સુધી જે ચિંતા આપણે કરતા હોઈએ છીએ તેના ઉપાયો બતાવ્યા. તદંતર્ગત ગુરુઆજ્ઞા મુજબ સેવા કરવી કે ભગવદાજ્ઞા મુજબ એ પણ એક ચિંતાનો વિષય હતો. કેમકે ગુરુઆજ્ઞા તોડી ભગવદાજ્ઞા પાળીએ તો પણ અપરાધ થાય અને ભગવદાજ્ઞા તોડી ગુરુઆજ્ઞા પાળીએ તો પણ અપરાધ થાય. તેનું નિવારણ ૭મા શ્લોકથી કર્યું.

પરિવારના પ્રિયજન, પુત્ર કે તેવા બીજા કોઈના વિયોગથી આશંકાને લીધે થતા દુઃખથી પુષ્ટિજીવને ક્યારેક ચિંતા થતી હોય તો શું કરવું ? આના જવાબમાં શ્રીમહાપ્રભુજી કહે છે -

**મૂલ :** ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્ કરિષ્યતિ ।

તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્ ॥ ૮ ॥

**અન્વયાર્થ :**

હરિઃ - ભગવાન શ્રીહરિ

ચિત્તોદ્વેગં - ચિત્તમાં ઉદ્વેગ

વિધાયાપિ - પેદા કરીને પણ

યદ્ યદ્ કરિષ્યતિ - જે જે કાંઈ કરવા માંગતા હોય

તસ્ય લીલા - તે હરિની લીલા જ

તથૈવ ઇતિ - તેવી જ છે એવું

મત્વા - માનીને

ચિંતાં - ચિંતાને

દ્રુતં - વહેલી તકે

ત્યજેત્ - છોડીને દેવી જોઈએ. ॥ ૮ ॥

**ભાવાર્થ :** ભાવાર્થ સ્પષ્ટ હોવાથી આ શ્લોક ઉપર શ્રીપ્રભુચરણે વ્યાખ્યા લખી નથી.

**વ્યાખ્યાન :** હવે આઠમા અને નવમા શ્લોકમાં કરીએ છીએ તે ચિંતાના ઉપાયનું વર્ણન નથી આવતું પણ એવી ચિંતાના ઉપાયનું વર્ણન આવે છે કે જે જાણેઅજાણે થઈ જતી હોય છે. શ્રીગુંસાઈજી કહે છે ''કદાચિત્ પુત્રાદિવિયોગશંકા જનિતદુઃખેન ચિંતાસંભવે.'' પુત્ર કે પતિ કોઈપણ આપણો સ્નેહી, જેની સાથે મળીને આપણે સેવા કરતા હોઈએ, તે ચાલ્યો જાય તો ચિંતા અને ઉદ્વેગ થાય કે નહિ ? આવી ચિંતા આપણે કરતા નથી. આ તો ઉદાહરણ છે. એવી કોઈ વસ્તુ કે જેનાથી આપણો પરિવાર સરખો ચાલતો હોય ને આપણે



આનંદથી ભક્તિ કરતા હોઈએ, તેના જવાથી પરિવારમાં કોઈ જાતનું ભંગાણ ઊભું થાય, તો ત્યારે આપણે ચિંતા કરતા નથી હોતા, ચિંતા થતી જ હોય છે. ''માન ન માન મૈં તેરા મહેમાન." હવે ચિંતા આપણે કરતા હોઈએ તો તો ન કરો તેમ કહેવાય, પણ થતી જ હોય તો ન કરો કહેવાથી તે રોકાતી નથી. ત્યારે શું કરવું ? તો મહાપ્રભુજી ચોથો ઉપદેશ આપે છે. પહેલો ઉપદેશ આત્મનિવેદનના ચિંતનથી ચિંતા દૂર કરવાનો હતો. બીજો ઉપદેશ પ્રભુના સ્વરૂપનો વિચાર કરી ચિંતા ન કરવાનો હતો. ત્રીજો ઉપદેશ ગુરુઆજ્ઞા અને પ્રભુઆજ્ઞાના વિવેકનો વિચાર કરી સેવાપરતાની વૃત્તિ રાખી ચિંતા ન કરવાનો હતો. હવે ચોથો ઉપદેશ આપે છે : ''ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિઃ યદ્યત્ કરિષ્યતિ. તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્.''

મહાપ્રભુજીનું હૃદય વહાલથી, દયાથી ભરી આવે છે, જ્યારે કોઈ પુષ્ટિજીવ આવા સંજોગોમાં મુકાઈ જાય છે. એટલે એ સહાનુભૂતિ આપની વાણીમાં અનુભવાઈ રહી છે. ગાલિબ કહે છે : ''દિલ હી તો હૈ ન સંગો - ખિશ્ત, દર્દ સે ભર ન આયે ક્યોં. '' આ દિલ છે, કાંઈ ઈંટ કે પથ્થર કે મશીન નથી જે ધડધડ કરે છે. તો એ દિલ જ્યારે દર્દથી ભરાઈ જાય ત્યારે શું કરવું ? કાંઈ વાંધો નહિ. આજે જે ચિંતા થઈ રહી છે તે સંભવ છે કે કાલે નિવૃત્ત થઈ જશે. કેમકે કોઈપણ હૃદય એવું પ્રભુએ નથી બનાવ્યું કે જેમાં કોઈપણ વસ્તુ સ્થાયી રહે. જેમ પાણીમાં સોટી મારીએ તો એક રેખા દેખાય, પણ કેટલા વખત માટે ? તે નિશાન લાંબું ટકતું નથી. તેનાથી જલમાં ઊઠેલી લહેર પણ થોડીવારમાં શમી જાય. તેમ આપણું હૃદય પણ પાણી જેવું છે. તેને સોટી વાગે તો ભાંગી જાય. પણ હૃદયમાં પ્રભુએ સામર્થ્ય મૂક્યું છે વિસ્મૃતિનું. આજે થયેલો આઘાત કાલે આપણે ભૂલી જઈશું. તેથી મહાપ્રભુજી કહે છે કે તે ઉદ્વેગને મારી - મચડીને જીવતી રાખવાના પ્રયાસ નહિ કરતા, એને તમે જલદી ભૂલી શકો તેવા પ્રયાસ કરો, ભૂલાઈ જશે પછી વાંધો નહિ આવે.

તેથી જ આપણે ત્યાં સૂતકમાં સેવા નથી કરતા, કેમકે રડતાં મોઢે પ્રભુની સેવા કરવી ? હૃદયમાં શોક હોય અને પરમાનંદ પ્રભુની સેવા કરાય ? જ્યારે આપણા હૃદયમાં જ શોક છે ત્યારે આપણે તેને કેવી રીતે પ્રસન્ન કરવાના ? તેથી જ આવો નિયમ છે. તે વખતે તમે નામ લો, સ્મરણ કરો તેમાં કાંઈ વાંધો નથી, પણ સેવા ન થાય. આપણે આપણા બાળકની એટલી કાળજી લઈએ છીએ કે ઘરમાં બધા રડતા હોય ને ગમગીની હોય તો તેને બીજા રૂમમાં લઈ જઈએ છીએ કે મોકલી દઈએ છીએ. એ જ ભાવ પ્રભુ પ્રત્યે રાખો. પ્રભુને તમારા ગમનો સ્પર્શ ન થાય, તમારા આનંદનો સ્પર્શ થાય, તમારા ભાવનો સ્પર્શ થાય તેવું કરો. તમારા ગમને તમે પોતે ઝીલી લો, એને પ્રભુ તરફ નહિ વાળો. જે ફૂંકવાની વસ્તુ છે તેનું સમર્પણ ન થાય; ગમ, ચિંતા, ઉદ્વેગ કે દવાની ગોળીઓનું સમર્પણ ન થાય; પણ જે માણવાની વસ્તુ છે - ભોજન, વસ્ત્રાદિ - તે પ્રભુને ધરાવીને લેવાની હોય. ''યદ્યત્ ઈપ્સતમં

લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ યેન સ્યાત્ નિર્વૃત્તિશ્ચિતે તત્કૃષ્ણે સાધયેત્ ધ્રુવમ્.'' જે તમને ગમે છે, જે તમને સહજ રીતે ઉપલબ્ધ છે, જે મેળવતા તમે આનંદ અનુભવો છો, તેને ભોગવવાનું થોડીવાર મુલતવી રાખો , પ્રભુની સેવામાં એનો વિનિયોગ કરી પ્રસાદરૂપે એનો આનંદ મેળવશો તો તમે ભક્તિમાર્ગ પર આંખ મીંચીને દોડશો તો ય તમારું સ્ખલન નહિ થાય. એટલે મહાપ્રભુજી કહે છે કે દર્દ વધી ન જાય તેવો પ્રયત્ન કરો. તે સેવામાં બાધક ન થાય તે માટે વહેલી તકે તેના પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરો. જ્યારે કાબૂ મેળવી લો ત્યાર પછી સેવામાં તત્પર થઈ જાઓ.

એ કાબૂ મેળવવો કેવી રીતે ? સમજો, કે જે કાંઈ થઈ રહ્યું છે તે પ્રભુની લીલા છે. દરેક વસ્તુને પ્રભુલીલા તરીકે સ્વીકારવાની માનસિક, બૌદ્ધિક અને ભાવનાત્મિકા શિસ્ત કેળવશો, દર્દને ભૂલાવવાનો પ્રયાસ કરશો, તો જતેદહાડે ઉદ્વેગ પર કાબૂ આવી જશે. બુદ્ધચરિત્રમાં આવે છે કે એક સ્ત્રી રડતી રડતી બુદ્ધ પાસે આવી, કે આજે જ મારો છોકરો મરી ગયો, એને જીવતો કરી આપો. બુદ્ધે કહ્યું કે મને ભૂખ લાગી છે, તું કોઈ એવા ઘરમાંથી મારા માટે ભિક્ષા લઈ આવ કે જે ઘરમાં કોઈનું મૃત્યુ ન થયું હોય. પણ એવું તો ગામમાં કોઈ ઘર જ નહોતું. તો તે સ્ત્રીનું ઘર તેમાં અપવાદ કેમ થઈ શકે ? આ વાત બુદ્ધે સમજાવી. આ વૈરાગ્યમાર્ગી ઉપદેશ છે. આપણે વૈરાગ્ય કેળવવા નથી માંગતા, દરેક વાતમાં ભગવદનુરાગ કેળવવા માંગીએ છીએ; તેથી મહાપ્રભુજી કહે છે કે ભગવાનની કાંઈક આવી લીલા હશે, આપણે ત્યાં રુદન પણ એ દુઃખથી થાય છે કે વાર્તામાં આવે છે કે ''ઠાકોરજીના ખિલોના જેવા મારા છોકરા જતા રહ્યા તેનું દુઃખ થાય છે, હવે રમશે શેનાથી ?'' એવું રડવું આવશે તો તમારો ભક્તિભાવ કદી ખંડિત નહિ થાય, કેમકે તેવું રડવું પણ ભક્તિમય રડવું છે, તેવા રુદનમાં કાંઈ વાંધો નથી. પ્રભુના સંબંધના વિચારથી રડવું આવે કે ''આવી પ્રભુએ શું લીલા કરી કે પોતાનાં રમકડાં તોડી દીધાં.'' તો કોઈ વાંધો નથી. પણ રડવાનો ખોટો ડોળ નહિ કરતા, નહિ તો પાખંડ થઈ જશે.

એક બહેન મને કહે, ''મારો છોકરો બહુ તોફાની છે.'' મેં કહ્યું ''છોકરા તો તોફાની જ હોય ને.'' એ કહે ''પણ મારે એને પીટવો પણ પડે છે.'' મેં કહ્યું ''તેમાં શું ? માને તો અધિકાર છે પીટવાનો.'' એ કહે ''ના, પણ એને પીટ્યા પછી મને રડવું આવે છે, એટલે એ બદમાશ સમજીને હરખાય છે કે પીટાઈ ભલે મારી થશે પણ રડવું માને પડશે !'' માનું હૃદય તો એવું જ હોય કે જેને પીટ્યો તેને રડવું ન આવે ને પીટનારને રડવું આવે. એ રુદન સ્નેહનું રુદન છે એ કોઈ ગ્લાનિનું રુદન નથી, એ કોઈ રડવાનો ઢોંગ નથી. ઢોંગના રડવામાં વ્યવહારની, આડંબરની દુર્ગંધ આવે છે. સહજ રડવું ય સુગંધયુક્ત હોય છે અને ખોટું પ્રસન્ન થવું ય દુર્ગંધયુક્ત હોય છે. ખોટું રડવાનો ઢોંગ ન કરશો. 'સહજ પ્રીત ગોપાલ હિ ભાવે .' સહજ રીતે પ્રભુનો સંબંધ વિચારી તમને રડવું આવતું હોય તો મહાપ્રભુજી કહે છે કે વાંધો નહિ આવે.



## નવમો શ્લોક

ઉપર કહેલ બધી વાતો અશક્ય જ લાગે છે, કેમકે નવધાભક્તિ પૈકી પ્રથમ શ્રવણભક્તિથી શરૂ કરીને જે સખ્યભક્તિ સુધી ઉપર ચઢી શકે તેને આત્મનિવેદનની વાત કહી શકાય. આ નવધાભક્તિમાંથી પ્રત્યેક ભક્તિ દુરાપ છે તો અન્તિમ આત્મનિવેદનની દિશા પણ મળવી મુશ્કેલ લાગે છે. ત્યારે આત્મનિવેદીને થતી ચિંતા, અન્ય, અન્યવિનિયોગની ચિંતા અને તેઓના નિરાકરણના ઉપાયો – બધા અનાવશ્યક જ લાગે છે. આવી આશંકાના નિરાકરણ માટે સાધનફલને એકસામટા કહીને બધાનું સમાધાન એકીસાથે આપે છે.

**મૂલ :** તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥ ૯ ॥

**અન્વયાર્થ :**

| | |
|---|---|
| તસ્માત્ | – તેથી |
| નિત્યં | – હંમેશા |
| સર્વાત્મના | – દરેક રીતે કે દરેક પરિસ્થિતિમાં |
| શ્રીકૃષ્ણઃ શરણં મમ | – શ્રીકૃષ્ણ મારા આશ્રય છે |
| એવં સતતં | – આમ સતત |
| વદદ્ભિરેવ સ્થેયં | – બોલતા જ રહેવું જોઈએ |
| ઈત્યેવ | – આ જ |
| મે મતિઃ | – મારો નિર્ણય છે. ॥ ૯ ॥ |

**ભાવાર્થ :** કેમકે કહેવાયેલી રીતે તો બધું જ અશકય લાગે છે તેથી સર્વાત્મના પ્રભુની શરણમાં જવાથી પ્રભુ જ પોતે બધું સંપાદિત કરી દેશે – આવો શ્રીમહાપ્રભુજીનો ભાવ છે. બધા ભક્તિમાર્ગીય ઉપાયોનો વિચાર કરતાં જો ત્યાં પ્રતિબંધ અને પોતાની અશક્તિ જ ફકત ખ્યાલમાં આવતી હોય તો પ્રભુની શરણમાં સર્વાત્મના જવું જોઈએ. આ મંત્રનું નિત્ય એટલે કે નિરંતર ઉચ્ચારણ કરતા રહેવું જોઈએ, નહિ તો કલિકાલના લીધે આસુરાવેશ થયા વિના રહે જ નહિ. અન્તઃકરણમાં આત્મનિવેદન, વગેરે ભક્તિના ભાવો સ્થિર હોય કે ન હોય, પણ અષ્ટાક્ષરનું ઉચ્ચારણ કરતા રહેવું આવશ્યક હોય છે. આપણે અષ્ટાક્ષરનું ઉચ્ચારણ કરતા રહીશું તો સાંભળનારને પણ ભગવદાશ્રય દઢ થશે. અથવા ગ્રંથમાં કહ્યું તેવી રીતે સેવામાં પરાયણ થઈને રહેવું એમ અર્થ કરી લેવો. કોઈક જો આશંકા કરે કે આ પણ પોતાની મેળે શકય નથી, તો તેના ઉત્તરરૂપે કહે છે : ''જે જીવનું એ પરમાત્મા વરણ કરે છે તે જીવ જ પરમાત્માને મેળવી શકે છે.'' આ શ્રુતિવચનના આધારે મારો નિર્ણય આ જ છે ॥ ૯ ॥

**વ્યાખ્યાન :** ''તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ. વદદ્ભિરેવ સતતં સ્થેય મિત્યેવ મે મતિ.'' તમારાથી ચિંતા નિવારણ ન થઈ શકતું હોય તો ''અશકયે વા

સુશકયે વા સર્વથા શરણં હરિઃ." મનથી, વાણીથી, કૃતિથી જેનાથી બની શકે તેનાથી "શ્રીકૃષ્ણઃ શરણં મમ" ની ભાવના કરો. તમારું બધુ પ્રભુ સંભાળી લેશે : "અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ."

આ શ્લોકનો કેટલાક લોકો એવો અર્થ કરે છે કે ઠાકોરજીની સન્મુખ અષ્ટાક્ષર જપવા ! કેમકે મહાપ્રભુજીએ કહ્યું છે. ઠાકોરજીને ય કંટાળો આવે હોં. તેમને થાય કે વારંવાર એકનું એક શું કાવ કાવ કરે છે, હું સાંભળતો નથી ? શું બહેરો સમજ્યો છે મને ? આપણે આવા બધા વિચિત્ર વિચિત્ર પ્રયોગો ઠાકોરજી સામે કરતા હોઈએ છીએ. ઠાકોરજીને ગીતા સંભળાવીએ કે "બહૂનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુનઃ તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરંતપ." તમે અને મેં ઘણા જન્મો વીતાવ્યા છે, તેની તમને જાણકારી જરાય નથી પણ હું બધું જાણું છું ! ભગવાન કહેશે "અલ્યા ગીતા મેં તને સંભળાવી કે તારે મને સંભળાવવાની ?" ઘરમાં કોઈ મહેમાન આવે ને તમે શરૂ કરી દો 'ચીમનભાઈ. ચીમનભાઈ... ચીમનભાઈ...' કેટલી વાર એ બેસે ? એને કેમ મજા આવે આવી રીતે તમે રટણ કરો તો ? મહાપ્રભુજી આવું કરવાનો આદેશ નથી આપી રહ્યા; મહાપ્રભુજી કાંઈ જુદી વાત સમજાવી રહ્યા છે કે જ્યારે તમારાથી સેવા ન થતી હોય, જ્યારે તમારાથી આત્મનિવેદનના ભાવ પર ટકી ન શકાતું હોય, જ્યારે તમારા હૃદયમાં પુરુષોત્તમના સ્વરૂપની નિષ્ઠા ન કેળવાતી હોય, જ્યારે ગુરુઆજ્ઞા કે ભગવદાજ્ઞાનો વિવેક કરવાનું તમારામાં સામર્થ્ય ન હોય, જ્યારે દરેક ઘટનાને ભગવલ્લીલા સમજવાનો વિવેક તમારા હૃદયમાં કે બુદ્ધિમાં ન હોય ત્યારે શું કરવું ? જ્યારે જ્યારે ચિંતા ઉદ્વેગ થાય ત્યારે, અથવા નિત્ય જ જે વખતે જે રીતે તમે બોલી શકતા હો તે રીતે અષ્ટાક્ષર બોલો. કૃષ્ણ મારો રક્ષક છે, હું કૃષ્ણના શરણમાં છું એ ભાવ કેળવશો તો ધીમે ધીમે તમારો ચિંતા પર કાબૂ આવશે. આમ કરવાનો ઉપદેશ છે આ, ઠાકોરજીની સામે માળા લઈને બેસી જવાનો ઉપદેશ નથી. ઠાકોરજી સામે જપ કરવાનો ન હોય, ઠાકોરજીને ગીતા સંભળાવવાની ન હોય, ઠાકોરજીથી ગીતા સાંભળવાની હોય. આપણા ભક્તિમાર્ગમાં તો આપણા ઠાકોરજીને પદો સંભળાવવાના હોય. કીર્તન કરવાના હોય. જે સાંભળતા પ્રભુને પણ આરોગવાની રુચિ ઊપજે એવા પદ સંભળાવીએ. એવા પદ ગાઈને પ્રભુને જગાડીએ કે જાગવાનો આનંદ પ્રભુ પણ માણી શકે. હું બધા પતિતોનો નાયક અને અધમાધમ જીવ તમને જગાવવા આવ્યો છું એવું નથી કહેતા, આપણી જાતને ધિક્કારવાના ભાવથી પ્રભુને નથી જગાવતા, કેમકે જાગવામાં ય પ્રભુને મૂડ આવવો જોઈએ.

ભક્તિમાર્ગમાં થતી ચિંતાની નિવૃત્તિના કોઈપણ ઉપાય આપણે ન અપનાવી શકતા હોઈએ ત્યારે શું કરવું તેના ઉપદેશરૂપે મહાપ્રભુજીએ આ નવરત્નનો છેલ્લો શ્લોક કહ્યો છે કે કાંઈ ન થાય તો અષ્ટાક્ષર તો જપી શકો છો કે નહિ ભાઈસા'બ ? જો શ્રી કૃષ્ણઃ શરણં મમ બોલતા રહેશો તો બોલવાની પ્રક્રિયાથી જ તમે ચિંતા પર કાબૂ મેળવી લેશો. અષ્ટાક્ષર પ્રભુને



ત્રાસ આપવા ન જપો, તમારા ચિત્તને ઉદ્વેગરહિત કરવા જપો, તમારા આત્માને ભગવદાશ્રયથી સુદૃઢ બનાવવા જપો, તમારી બુદ્ધિમાં મહાપ્રભુજીએ ઉપદેશેલ સિદ્ધાંતને સર્વદા જાગૃત રાખવા માટે જપો, વિવેક, ધૈર્ય અને આશ્રયને નિરંતર જાળવવા માટે જપો.

## સમાપ્તિ શ્લોક - ભાવાર્થ

ભક્તિમાર્ગમાં જે પ્રવૃત્ત હોય તેને માટે આ બધું કહેવાયું છે. અંધપુરુષને જેમ સૂર્યની ગરજ રહી નથી જતી તેમ જ ભગવદ્‌વિમુખ જીવને આ નવરત્નમાં ઉપદિષ્ટ સિદ્ધાંતોને સમજવાની ગરજ નથી. ॥ ૧ ॥

ભક્તિમાર્ગરૂપી અમૃતના સિન્ધુનું પોતાના વિચારથી મંથન કરનાર શ્રીમહાપ્રભુજીએ આ નવરત્ન સમા ઉપદેશો પ્રકટ કર્યા છે. શ્રીવ્રજાધિપને હૃદયમાં ધારણ કરીને તે નવરત્નોને મેં પણ આમ ઉજ્જ્વલ કર્યા છે, જેથી ભક્તો વ્રજાધિપનું ભજન એવી રીતે કરે કે તે ક્યારેય પુષ્ટિજીવોનો ત્યાગ કરશે નહિ. ॥૨-૩॥

આમ શ્રીવિઠ્ઠલદીક્ષિત દ્વારા વિરચિત નવરત્ન પ્રકાશનો ભાવાર્થ સમાપ્ત થયો.

**વ્યાખ્યાન :** આમ આપણે જોયું તે નવરત્નમાં ભક્તિમાર્ગને અનુલક્ષીને બધી વાત કહેવાઈ છે, ભક્તિ સિવાય બીજો કોઈ વિષય આમાં નથી. એનો કોઈ લૌકિક હેતુ નથી અને લૌકિક હેતુ નથી તેથી આપણે કોઈ લૌકિક હેતુ વિચારવો ન જોઈએ. તેથી જ શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે "ભક્તિમાર્ગે પ્રવૃત્તસ્ય દાઢર્યાર્થમિદમુચ્યતે અન્ધસ્ય સૂર્ય ઇવ તદ્વિમુખસ્યાત્ર નાર્થિતા." જે ભક્તિમાર્ગ પર પ્રવૃત્ત થયા છે તેમની ભીતર ભાવની દૃઢતા માટે નવરત્ન તેમને સોંપવામાં આવ્યા છે કે એક એક રત્ન તમે લો ને ઉદ્વેગના ચિંતાના તમારા બધા દારિદ્રય દૂર થઈ જશે. પણ જે ભક્તિમાર્ગથી વિમુખ હોય, જેને ભક્તિમાર્ગ પર ચાલવું નથી, જેને ભગવાન માટે કોઈ જાતનો ભાવ નથી તેણે નવરત્નોનો સ્પર્શ કરવો નહિ, કેમકે તે નવરત્નોને જાળવી નહિ શકે, ખોઈ દેશે. ભક્તિમાર્ગ પર ચાલવા તમારા આત્માને શણગારવા માટે આ નવરતનિયો હાર તમને મહાપ્રભુજીએ આપ્યો છે કે ભક્તિમાર્ગ પર આને સરખી રીતે ધારણ કરીને ચાલો તો તમે બહુ સુંદર રીતે ચાલી શકશો. પણ તમે ભક્તિમાર્ગથી વિમુખ હો તો આ નવરત્ન તમારા માટે નથી. આંધળાને સૂર્યના પ્રકાશની ગરજ હોતી નથી, કેમકે તે તો લાકડી થપથપાવીને જ ચાલવાનો છે; તેને સૂર્ય ઊગે તો શું ને આથમે તો શું ? તેમ શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે ભક્તિમાર્ગથી વિમુખને આ નવરત્નની ગરજ નથી. જે ભક્તિમાર્ગના સિદ્ધાંતને જોઈ શકે છે તેને આ નવરત્નો પથ દેખાડનારા છે.

"ભક્તિમાર્ગસુધાસિન્ધોઃ વિચારમથનૈઃ સ્વયમ્ સ્ફુટિકૃતાનિ રત્નાનિ શ્રીમદાચાર્યપંડિતૈઃ મયોજ્જ્વલીકૃતાનીત્થં હૃદિ ધૃત્વા વ્રજાધિપમ્ ભજન્તુ ભક્તા યેનાસૌ ન વિમુંચતિ કર્હિચિત્." શ્રી ગુસાંઈજી કહે છે કે આખું નવરત્ન કહેવાનું પ્રયોજન એ છે કે તમે ભજન કરો તે એવા ચિત્તના ઉમંગથી આહ્‌લાદથી, નિશ્ચિત અને નિશ્ચલ થઈને, કે તમારું મુખ જોઈને પ્રભુને તમારાથી સેવા લેવાની ઇચ્છા થઈ જાય. આપણને પીરસનારો ચિંતાગ્રસ્ત હોય ને રડતે મુખે ભાણામાં રોટલા મૂકે તો જમવાનો આનંદ આવે ? ન આવે.

હસતો આવે, સ્નેહથી આપણને અનુનયવિનય કરતો આવે કે હજી એક લો, હજી એક લો, તો ભૂખ ન હોય તો ય આપણને ના પાડવામાં થતા સંકોચને લીધે ખાવા જ પડે. પણ રડતો આવે, ક્રોધ કરતો આવે કે ''પાછી રોટલી માંગી ? લો'', ગામથી લોટ ભેગો કરીને આવે કે તમારો તો ખોરાક એટલો વધી ગયો છે કે ઘરમાં લોટ જ નથી રહ્યો, તે પાડોસીને ત્યાંથી માંગી લાવેલ લોટની રોટલી બનાવી, લો ખાઓ - આવી રીતે રોટલા ફેંકો તો પરમાત્મા કોઈ દિવસ ભૂખ્યો નથી તમારા રોટલાનો, એ નિશ્ચિત સમજો.

હૃદય તો આપણા કદાચ પાષાણ જેવા જ છે, કે આવો સ્પષ્ટ સિદ્ધાંત સાંભળ્યા પછી પણ હૃદયમાં ભાવ પ્રકટ થતો નથી, હૃદય પીગળતું નથી, આપણી જીદ, આપણી હઠ, આપણા દુરાગ્રહ આપણે છોડતા નથી. મહાપ્રભુજી કહે છે કે ઘરમાં સેવા કરો, આપણે કહીએ છીએ 'નહિ જ કરીએ.' મહાપ્રભુજી કહે છે કે જાહેરમાં મંદિરમાં સેવા ન થાય; આપણે કહીએ કે મંદિરે જવાનો તો અમારો નિત્યનિયમ છે ! કેવા પાષાણ જેવા હૃદય છે આપણા ! આવા હૃદયમાં ભાવનો આકાર કંડારતા ભૂલથી કોઈ ઘા લાગી ગયો હોય તો મારે માફી માંગવાની રહી તમારી. મારો એ હેતુ નથી કે તમારા હૃદયને કોઈકના પ્રતિ દ્વેષયુક્ત કે અનાદરયુક્ત કરું. મારું એવું કોઈ તાત્પર્ય નથી. આપણે બધા પુષ્ટિમાર્ગીઓ છીએ, શ્રીમહાપ્રભુજીના અનુયાયીઓ છીએ. ઘરમાં, પરિવારમાં કોઈ માણસ માંદો થઈ ગયો હોય તો આપણે તેને ધિક્કારતા નથી, તિરસ્કારતા નથી; આપણે સાવધાનીથી એની સેવા-સુશ્રૂષા કરીએ છીએ. તેમ મહાપ્રભુજીના સંપ્રદાયમાં કોઈ મહારાજ હોય કે બેટીજી હોય કે શાસ્ત્રીજી હોય કે વૈષ્ણવ હોય, જે મહાપ્રભુજીના સિદ્ધાંતને જીવી નથી શકતો તે મહાપ્રભુજીના સંપ્રદાયમાં માંદો છે, તેને ધિક્કારવા કે તેની નિંદા કરવા આપણે કશું નથી વિચારી રહ્યા. જો આપણો સંપ્રદાયનો ભાવ દઢ હોય તો જે માંદો છે તેને બેડરેસ્ટ લેવાનું કહેવું જોઈએ કે તમને હાર્ટએટેક આવ્યો હોય કે માર્ગ ઉપર ચાલવામાં લકવા આવી ગયો હોય તો બેડરેસ્ટ લો, ઉતાવળ નહિ કરો. તમારે જે કાંઈ કરવાનું હશે તે અમે કરશું. કોઈ વ્યકિત મહાપ્રભુજીમા સિદ્ધાંતથી કાંઈ વિપરીત કરી રહી છે તેમ આપણને અનુભવાતું હોય તો તેને ધિક્કારીએ નહિ, તિરસ્કારીએ નહિ, કેમકે તે આપણા સંપ્રદાયમાં છે.

આ સિદ્ધાંતનો અનુવાદ મેં તમને એટલા માટે સંભળાવ્યો છે કે આપણે સમજી શકીએ કે મહાપ્રભુજીનો સિદ્ધાંત શું છે. આપણી શ્રદ્ધાનો કોઈ ગેરલાભ ન લઈ જાય કે આપણી જાતને આપણે ક્યાંક છેતરતા ન થઈ જઈએ. શ્રદ્ધા બહુ સારી વસ્તુ છે; પણ શ્રધ્ધાનો અતિરેક થાય તો કોઈક વખત ગોટાળા થાય છે. અમારા મોટા મંદિરની સામે એક દરજીની દુકાનમાં આગ લાગી ગઈ. તે રાતના બધા સૂતા હતા તેમની ઊંઘ ઊડી આગ લાગી એટલે, અને કોઈકે કોઠી ભરી રાખી હતી, કોઈકે માટલી ભરી રાખી હતી તે બધા નાખવા માંડ્યા. તે આગ બંબાવાળા આવ્યા તે પહેલાં બુઝાઈ ગઈ. બંબાવાળા આવીને બેટરીથી જોતા હતા તો તેમના પર પાણી ! એકે કહ્યું ''ભાઈઓ થોભો, આગ બુઝાઈ ગઈ છે'', તેના પરે ય પાણી ! બેટરી જોડી તો એક ભાઈએ આવીને બેટરી પર જ પાણી નાખી દીધું !



ગભરાઈ ગયા બધા. એમ આપણે બધા ગભરાઈ ગયા છીએ કે હવે આપણા માર્ગનું શું થશે ? હવે આપણું શું થશે ? ક્યાં જશું ? કોણ બચાવશે ? આવી કેમ આસ્થાહીનતા આપણી ભીતર પેદા થઈ ગઈ ? આપણો માર્ગ બહુ સુદૃઢ સિદ્ધાંતના પાયા પર ઊભો કર્યો છે શ્રીમહાપ્રભુજીએ, ગભરાવાની કોઈ જરૂર નથી, મહાપ્રભુજીના સિદ્ધાંતના બંધારણ મુજબ આપણે હજી પુષ્કળ જીવી શકીએ છીએ.

આપણો પુષ્ટિમાર્ગ છે. પુષ્ટિમાર્ગ એટલે પ્રભુની કૃપાથી મળતો માર્ગ. એટલે જો કેવળ ૫૦૦ વર્ષ જ ભગવાન કૃપાળુ રહેતા હોય તો આપણો માર્ગ ૫૦૦ વર્ષ સુધી સીમિત હોય. પણ આપણે બધા રઘવાયા થઈને ભાગંભાગ કરી રહ્યા છીએ, માર્ગ ઉપર ચાલી નથી રહ્યા સરખી રીતે. મહાપ્રભુજીના બંધારણનો વિચાર કરો, તદનુસાર ચાલો, અને એ માર્ગ પર ચાલતાં કોઈ માંદો હોય, કોઈ સરખી રીતે ચાલી ન શકતો હોય, તો એને સમજાવો કે તારે માટે પથ્ય શું છે અને કુપથ્ય- વર્જ્ય શું છે. એને ધિક્કારો નહિ, તિરસ્કારો નહિ, એની સાથે આભડછેટ નહિ રાખો, વ્યક્તિનિંદાનો ભાવ નહિ રાખો; એ વ્યક્તિ પ્રત્યે સહાનુભુતિ રાખો.પણ સહાનુભૂતિનો મતલબ એ નહિ કે બીમાર પ્રત્યે સહાનુભૂતિ રાખી બીમારને આપણે ઝેર પીવડાવવી દઈએ. બીમાર પ્રત્યે સહાનુભૂતિ રાખવાનો સીધેસીધો મતલબ એ છે કે ઔષધિ પીવડાવવી અને પુષ્ટિમાર્ગ પર સ્વસ્થ થઈને ચાલવા માટે સૌથી મોટી ઔષધિ મહાપ્રભુજીનો સિદ્ધાંત અને મહાપ્રભુજીની વાણી છે. તેનું આપણે નિરંતર અનુમાન કરતા રહીએ એવી શ્રીમહાપ્રભુજી આપણા પર કૃપા કરે તેવા સદ્ભાવ સાથે સમાપન કરું છું.

પ્રવચનમાં એવો એક પ્રાચીન નિયમ છે કે આદિ અને અંતમાં ગુરુવંદના કરવી. આદિમાં તો આપણને બધાને ગુરુને વંદન કરવા ગમે, પણ અંતમાં ન ગમે, કેમકે છૂટા થયા એટલે ભાગી જઈએ. પણ તે નિયમ આપણે પાળીએ :

**ચિંતાસંતાનહન્તારો યદપાદામ્બુજરેણવઃ ।**
**સ્વીયાનાં તાન્નિજાચાર્યન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ॥**
**યદનુગ્રહતો જન્તુ સર્વદુઃખાતિગો ભવેત્ ।**
**તમહં સર્વદા વન્દે શ્રીમદ્વલ્લભનંદનમ્ ॥**
**અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।**
**ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**
**નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।**
**લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ॥**
**ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।**
**ષડ્ભિર્વિરાજતે યોસૌ પંચધા હૃદયે મમ ॥**

# સમાપન આશીર્વચન

**વક્તા : ગો. શ્રીલાલમણિ બાવા**

સબસે પહેલે તો મૈં ગુર્જર ભાષામેં પ્રવચન નહીં કર રહા હૂં ઈસલિએ આપ સબકી ક્ષમા ચાહતા હું. શ્રીમહાપ્રભુજીકે ચરણારવિંદકી કૃપાસે હમને વાગીશ શ્રીશ્યામુબાવાકી વાણીસે શ્રીમહાપ્રભુજીકે સિદ્ધાંતોંકા અવગાહન નવરત્નકે પ્રકાશમેં કિયા. ઈસ પ્રકાશમેં હમને પુષ્ટિપથ પર ચલનેકા અનુકરણીય સિદ્ધાંત શ્રીશ્યામુદાદાસે સુના. ઈસ પુષ્ટિપથ પર ચલતે ચલતે કંઈ ચિંતાઓકા હમને નિવારણ કિયા ઔર કંઈ કુરુચિપૂર્ણ વેદનાઓસે હમને છૂટકારા પ્રાપ્ત કિયા, પરંતુ મૈં અપની બાત કહૂં તો ઉન ચિંતાઓંસે છૂટકારા પાતે પાતે કહીં મુઝે એક નઈ ચિંતાકા ઉદય હોગયા ઔર વો હિંમત કરકે મૈં શ્યામુદાદાસે કહ હી દે રહા હૂં કિ જહાં શ્રીમહાપ્રભુ ''કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા'' ઉપદેશ સે હમેં દેહેન્દ્રિયપ્રાણાંતઃકરણકે અધ્યાસસે છૂટકારા દેતે હૈં, વહીં હમને એક નયે કેન્સરકો કહાં જન્મ દે દિયા યે હમારી સમજમેં નહીં આયા ! દેહેન્દ્રિયપ્રાણાંતઃકરણાધ્યાસસે હમ સેવા કરતે કરતે છૂટે હી નહીં થે કિ મનોરથાધ્યાસ, ભગવત્પ્રદર્શનાધ્યાસ, પ્રસાદાધ્યાસ, અસત્સંગાધ્યાસ ઈન્ન સબ અધ્યાસોંને મિલકર હમેં હમારે સિદ્ધાંતોકી વિસ્મૃતિ કરા દી. અધ્યાસકા મતલબ યહ હોતા હૈ કિ જો ચીજ જૈસી હૈ વૈસી નહીં દિખકર કુછ ઔર દીખના. જૈસે યહાં અંધેરા હો ઔર એક રસ્સી પડી હો તો હમેં રસ્સી ન દિખકર સાંપકા દિખના મતલબ અધ્યાસ, યાનિ ભ્રમ. તો મનોરથોંકો હમેં અધ્યાસ હો ગયા.

હમ જિન્હેં મનોરથ સમઝતે થે આજ તક, તો શ્યામુદાદાકી વાણીસે હમેં યહ પ્રાપ્ત હુઆ કિ યે મનોરથ હી નહીં હૈં. પરંતુ કુછ ઔર હૈં, જો હમેં અહંતા ઔર મમતાકી ઔર ધકેલ રહે હૈં. જિન્હેં આજ તક હમ પ્રસાદ સમઝ રહે થે ઔર એક રુપયેમેં ખરીદતે થે, વે કેવલ ઘસીટારામકી હલવાઈકે લડ્ડુ હૈ, ઔર કુછ નહીં, યે હમને શ્યામુદાદા કે વચનામૃતોંસે સમઝા. યાનિ હમ કેવલ લડ્ડુ હી ખરીદકે લાતે હૈ, પર ઉનમેં હમેં પ્રસાદકા ભ્રમ હો ગયા હૈ. જહાં હમ ડોલડોલકર સત્સંગ કરને જા રહે થે, જિન્હેં હમ સત્સંગ સમઝતે થે, વો દુસંગ થા, વો મહાપ્રભુજીકી વાણી નહીં થી. જિન ભગવદ્દર્શનનોંકો હમ હમારી અહંતામમતા



નિચોડકર ભગવત્પ્રાપ્તિકી ઓર લે જાનેવાલે સમઝતે થે વહી વ્યાવસાયિક પ્રયોજનવશ કરાયે જાતે ભગવદ્દર્શન હમારે લિએ અપસિદ્ધાંતકા ફંદા હૈ યે આજ જાના.

પૂતનાકા અર્થ શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીમેં કરતે હૈં ''પૂતાં નયતિ ઈતિ પૂતના.'' જો પુત્રોંકો લે જાયે, હમારી પવિત્ર વસ્તુઓંકો હમારે યહાંસે લે જાયે ઉસે હમ પૂતના કહતે હૈં તો યહ જો લોકૈષણા ઔર વિત્તૈષણા રૂપી પૂતનાએ હૈં વો હમારે ''વ્રજ ભયો મહરિકે પૂત'' કો કબ યહાંસે ઉઠાકે લેકે ગઈ, હમને કબ ઉસે ધનલિપ્સા કે તૃણાવર્તકો સૌંપ દિયા યહ હમેં પતા હી નહીં ચલા.

પરંતુ ફિર ભી ઈન આઠ દિનોંકે પ્રવચનકો સુનકર મુજે દમલાકી વાર્તા યાદ આ રહી હૈ. મહાપ્રભુજીને જબ પૂછા કિ શ્રીનાથજીકી આજ્ઞા તૂને સુની ? તો દમલાને કહા ''સુની, પર સમજી નહીં.'' અગર હમ ભી દમલાકી તરહ શ્યામુદાદાકી આજ્ઞા સુનકર બાહર ચલે જાએ કિ 'સુની, પર સમજી નહીં. ઔર ફિરસે મનોરથાધ્યાસ, પ્રસાદાધ્યાસ ઔર ભગવત્પ્રદર્શનાધ્યાસમેં લગ જાએ તો હમ મહાપ્રભુજીકી નિગાહોમેં ગદ્દાર હોંગે, ઔર મહાપ્રભુજીકે વલ્લભ પીનલ કોડમેં ''યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથંચન તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુતઃ સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્'' કે અધિકારી હોંગે ઔર શ્યામુદાદાકે શબ્દોમેં પતિતતાકા હમ પર ચાર્જ હોગા. કેવલ સુન લિયા પ્રવચન તો હમને દમલાકી વાર્તા પૂરી પઢી નહીં કહલાયેગી. સંપૂર્ણ વાર્તા પર દૃષ્ટિપાત કરેં તો હમેં દિખતા હૈ કિ બાદમેં ઉન્હોંને મહાપ્રભુજીકી વાણીસે મહાપ્રભુજીકે સિદ્ધાંત સમઝે, ઔર શ્રીગુંસાઈજીકો ભી ઉનકે ઘર સિદ્ધાંત સમઝને પધારના પડા. ઔર શ્રીગુસાંઈજી એકબાર હાંસીખેલ કર રહે થે તો દમલાને ટોક દિયા જાકર અપની પુષ્ટિકી પ્રૌઢીસે કિ મહારાજ યહ હાંસીખેલકો મારગ નાહીં, યહ તાપકલેશકો મારગ હૈં આજ અગર હમારે મેં મહાપ્રભુજી બિરાજમાન હૈ, તો આપમેં ભી દમલા બિરાજમાન હૈ. ઔર જિસદિન આપકે ભીતર દમલા પ્રકટ હોગા ઉસ દિન હમારે ભીતર મહાપ્રભુજી પ્રકટ હોંગે. ઈસલિએ આપ અગર બાહર જાકર યહ કહ દેં કિ સુને પર સમઝે નહીં તો આપમેં દમલાકા નહીં, પતિતાકા પ્રાકટ્ય હૈ. આપ ઈસે પ્રકટ કરો, બાહર જાકર અપને ગુરુસે કહો કિ મહારાજ, યહ હાંસીખેલકો મારગ નાહીં, મનોરથ ઔર પ્રદર્શનકો મારગ નાહીં, યે ''નીકે રાખી યશોમતિ મૈયા નારાયણ વ્રજ આયો'' કો ગુપ્ત રખનેકો માર્ગ હૈ.

॥ અગ્ને ! ત્વ પારયા નવ્યો અસ્માન્ સ્વસ્તિભિઃ અતિદુર્ગાણિ વિશ્વા ॥

## ભક્તિવર્ધિનીનો સાચો પાઠ ક્યો ?

તાજેતરમાં મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ દ્વારા વિચરિત 'ભક્તિવર્ધિની' ગ્રન્થનો સાવ અગડં-બગડં પાઠ અમારી નજરે ચઢ્યો. જો આવા અગડં-બગડં પાઠ પ્રચલિત થાય તો આપણા માર્ગમાં ભારે ગરબડ ઊભી થઈ ગણાશે. નિષ્ઠાશીલ વૈષ્ણવો આવા અગડં-બગડં પાઠથી છેતરાઈ ન જાય તેવા હેતુથી તે સર્વથા અશુદ્ધ પાઠની સાથોસાથ શુદ્ધ પાઠ અમે અહીંયા આપીએ છીએ.

### અશુદ્ધ પાઠ

યથા ભીતિઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે ॥
બીજભાવે દ્રઢે તું સ્યાદ્ વૈભવાચારદર્શનાદ્ ॥ ૧ ॥
બીજદાઢર્યપ્રકારસ્તુ ગૃહે સંપ્રેષિતાત્ સદા ॥
બીડાપેંડાસમાધાનાત્ મંદિરે દર્શનાત્ તથા ॥ ૨ ॥
અત્રાશકતો ન્યસેદ્ વિત્તં કથાયાઃ શ્રવણાદિષુ ॥
તતો ભીતિશ્ચારુંચિશ્ચ વ્યસનં ત યદા ભવેત્ ॥ ૩ ॥
બીજં તદુચ્યતે શાસ્ત્રે દ્રઢં યન્નાપિ નશ્યતિ ॥
ભીત્યા સ્વગૃહસેવાયાં રાગનાશઃ સદા મતઃ ॥ ૪ ॥
અરુચ્યા સ્યાત્તુ સપ્તાહે યજમાનો ધનપ્રદઃ ॥
યદા સ્યાદ્ વ્યસનં તત્ર કૃત્રાર્થઃ સ્યાત્ તદૈવ હિ ॥ ૫ ॥
તાદશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્ ॥
પરિક્રમાયાં ચૌરાસ્યાં તત્પરો વિત્તદો ભવેત્ ॥ ૬ ॥
લભતે સુદ્રઢાં ભીતિં સર્વતોપ્યધિકાં પરામ્ ॥
વ્રજે બાધકભૂયસ્ત્વં ચોબાદીનામુપદ્રવાત્ ॥ ૭ ॥
અતઃસ્થેયં હવેલીષુ મનોરથપરૈઃ સહ ॥
અદુરે વિપ્રકર્ષે વા યથાં ચિત્તં ન દુષ્યતિ ॥ ૮ ॥
મનોરથે વા સામગ્રાં સન્મુખે ભેટકૃદ્ હિ યો ॥
યાવજ્જીંવ તસ્ય નાશો ન કવાપીતિ મતિર્મમ ॥ ૯ ॥
બાધસંભાવનાયાં તું નૈકાંતે વાસ ઈષ્યતે ॥
ભીતિસ્તુ સર્વતો શિક્ષા કરિષ્યતિ ન સંશયઃ ॥ ૧૦ ॥
ઈત્યેવં ભીતિશાસ્ત્રં હિ ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ॥
ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દ્રઢં ભયમ્ ॥ ૧૧ ॥
ઇતિ ભીવલ્લભાચાર્યવિરચિતા ભીતિવર્ધિની સમાપ્તા ॥



### શુદ્ધ પાઠ

યથા ભક્તિઃ પ્રવૃદ્ધ સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે ॥
બીજભાવે દ્રઢે તું સ્યાત્ ત્યાગાત્ શ્રવણકીર્તનાત્ ॥ ૧ ॥
બીજદાઢર્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ॥
અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ ॥ ૨ ॥
વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ ન્યસેત્ સદા ॥
તતઃ પ્રેમ તથાસક્તિઃ વ્યસનં ચ યદા ભવેત્ ॥ ૩ ॥
બીજં તદુચ્યતે શાસ્ત્રે દ્રઢં યન્નાપિ નશ્યતિ ॥
સ્નેહાદ્ રાગવિનાશઃ સ્યાદ્ આસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ ॥ ૪ ॥
ગૃહસ્થાનાં બાધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે ॥
યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થં સ્યાત્ તદૈવ હિ ॥ ૫ ॥
તાદશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્ ॥
ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ ॥ ૬ ॥
લભતે સુદઢાં ભક્તિં સર્વતોપ્યધિકાં પરામ્ ॥
ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્ તથાન્નતઃ ॥ ૭ ॥
અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ॥
અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ॥ ૮ ॥
સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દ્રઢા ભવેત્ ॥
યાવજ્જીવં તસ્ય નાશો ન કવાપીતિ મતિર્મમ ॥ ૯ ॥
બાધસંભાવનાયાં તુ નૈકાંતે વાસ ઈષ્યતે ॥
હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ॥ ૧૦ ॥
ઈત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ॥
ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દ્રઢા રતિઃ ॥ ૧૧ ॥
ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતા ભક્તિવર્ધિની સમાપ્તા ॥

# અનુવાદ

ભીતિ (ભય) વધે તેના ઉપાયો કહીએ છીએ. વૈભવ અને આચાર દેખાડવાથી ભયનો બીજભાવ દૃઢ થાય છે.

બીજને દૃઢ કરવાનો પ્રકાર સદા ઘરે બીડા, પેંડા અને સમાધાન મોકલાવવા અને મંદિરમાં દર્શન કરવા તે છે.

જે મંદિર દૂર રહેતા હોવાથી કે અન્ય કોઈ કારણોસર સમાધાન પ્રાપ્ત કરવા કે દર્શન કરવા સમર્થ ન હોય તેમણે પોતાનું ધન કથાના આયોજનમાં લગાડવું. તેમ કરવાથી જ્યારે ભીતિ, અરુચિ અને વ્યસન થાય ત્યારે તેના ભયનું બીજ શાસ્ત્રમાં દૃઢ કહેવાય છે, કે જેનો ક્યારેય નાશ નથી થતો.

ભીતિ થતાં પોતાને ઘેર બિરાજતી સેવામાં સદા માટે અનુરાગનો નાશ નિશ્ચિતપણે થાય છે. અરુચિ થતાં તે મહાન વિત્તદાતા સમાહમાં યજમાન થાય છે. જ્યારે તેમાં વ્યસન થાય ત્યારે અસંદિગ્ધપણે કૃતાર્થ થાય છે. (તા. ક. કૃતાર્થ કોણ થાય છે તે સમજમાં નથી આવતું.)

વ્યસનભાવવાળા માટે પણ સતત ઘરમાં રહેવું ભયના ભાવનો નાશ કરનારું છે. તેથી તે ધનદાતાએ ચૌરાસી કોસ પરિક્રમામાં જવું જોઈએ. તેમ કરતાં બધાથી ઉત્કૃષ્ટ એવા સુદૃઢ અને પરમ ભયને તે પ્રાપ્ત કરે છે.

વ્રજમાં ચોબાઓનો ઉપદ્રવ વગેરે અનેક બાધકો છે. તેથી હવેલીમાં મનોરથ કરનારાઓ સાથે રહેવું. તેમનાથી યોગ્ય અંતર રાખવું કે જેથી આપણું ચિત્ત દૂષિત ન થાય.

મનોરથમાં, સામગ્રીમાં અથવા સન્મુખ જે વ્યક્તિ નિયમપૂર્વક ભેટ કરે છે તેનો આજીવન કોઈપણ રીતે ભયનાશ થતો નથી એવી મારી મતિ છે.

જો બાધની સંભાવના હોય તો એકાંતમાં વાસ કરવો હિતાવહ નથી. ભય બધી રીતે શિક્ષા કરશે, તેમાં સંશય નથી.

આમ ભીતિશાસ્ત્રના ગૂઢ તથ્યનું નિરૂપણ કર્યું. જે આને સમજશે તેને પણ દૃઢ ભય સિદ્ધ થઈ જશે.

॥ આમ ભીતિને ચાહનારા આચાર્ય દ્વારા રચિત ભીતિવર્ધિની સંપૂર્ણ થઈ ॥

ભક્તિ વધે તેના ઉપાયો કહીએ છીએ. અન્યભજનાદિના ત્યાગ અને શ્રવણકીર્તનથી ભક્તિનો બીજભાવ દૃઢ થાય છે.

બીજને દૃઢ કરવાનો પ્રકાર ઘરમાં રહી સ્વધર્મનું પાલન કરતાં અન્ય કાર્યોમાં વ્યસ્ત ન રહેતાં પરિચર્યા અને શ્રવણાદિ વડે કૃષ્ણનું ભજન કરવું તે છે.

જે અન્ય કાર્યોમાં વ્યસ્ત હોય તેમણે પણ પ્રભુના શ્રવણાદિમાં ચિત્તને સદા સ્થિર કરવું. તેમ કરવાથી જ્યારે પ્રેમ, આસક્તિ અને વ્યસન થાય ત્યારે તેની ભક્તિનું બીજ શાસ્ત્રમાં દૃઢ કહેવાય છે, કે જેનો ક્યારેય નાશ નથી થતો.



પ્રેમ થતાં લૌકિક અને વૈદિક પદાર્થોમાં રાગ નથી રહી જતો. આસક્તિ થતાં ઘરમાં અરુચિ થાય છે અને ઘરમાં રહેનારા બાધક અને અનાત્મીય લાગે છે. જ્યારે કૃષ્ણમાં વ્યસન થાય ત્યારે જ ખરેખર જીવ કૃતાર્થ થાય છે.

વ્યસનભાવવાળા માટે પણ સતત ઘરમાં રહેવું ભક્તિના ભાવનો નાશ કરનાર છે, તેથી ગૃહત્યાગ કરી જે પ્રભુરૂપી ધનને પ્રાપ્ત કરવાનો જ એકાગ્ર ચિત્તથી પ્રયાસ કરે છે તે સર્વથી ઉત્કૃષ્ટ પરમ અને સુદૃઢ ભક્તિને પ્રાપ્ત કરે છે.

ગૃહત્યાગ કરતાં દુઃસંગ, અસમર્પિત અન્નભક્ષણ વગેરે અનેક બાધકો નડે છે. તેથી સેવાકથાપરાયણ ભગવદીઓ સાથે જઈને રહેવું. તેમનાથી યોગ્ય અંતર રાખવું કે જેથી આપણું ચિત્ત દૂષિત ન થાય.

સેવામાં અથવા કથામાં કે બંનેમાં જેની દૃઢ નિષ્ઠા થાય છે તેનો આજીવન કોઈ પણ રીતે ભાવનાશ થતો નથી એવી શ્રી મહાપ્રભુજીની મતિ છે.

બાધની જો સંભાવના હોય તો એકાંતમાં વાસ કરવો હિતાવહ નથી, હરિ તો બધી રીતે રક્ષા કરશે, તેમાં સંશય નથી.

આમ ભગવત્‌શાસ્ત્રના ગૂઢતત્ત્વનું નિરૂપણ કર્યું. જે આને સમજશે તેને પણ પ્રભુમાં દૃઢ રતિ થશે.

॥ આમ શ્રીવલ્લભાચાર્ય દ્વારા રચિત ભક્તિવર્ધિની સંપૂર્ણ થઈ ॥